હરિઃૐ

# ભગતમાં
# ભગવાન

## आत्मकथन

શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ हरि:ॐ ॥

ભગતમાં

# ભગવાન

ॐ

ॐ

।। हरि:ॐ ।।

# ભગતમાં
# ભગવાન

आत्मकथन

श्रीमोटा

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

## ॥ हरिःॐ ॥


**સંપાદક :**
રમેશ ભટ્ટ

**સહયોગ :**
પ્રભુદાસ જાની
કમલેશ શેઠ

**મુદ્રણશુદ્ધિ :**
જયંતીભાઈ જાની

**ડિઝાઈનર :**
મયૂર જાની

❑ **પ્રકાશક :** ટ્રસ્ટીમંડળ,
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫,
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org



❑ © હરિઃૐ આશ્રમ, સુરત-નડિયાદ.



| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૨૦૦૦ | ૩૦૦૦ | ચોથી | ૨૦૦૬ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૧ | ૧૦૦૦ | પાંચમી | ૨૦૦૮ | ૫૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૩ | ૧૦૦૦ | છઠ્ઠી | ૨૦૧૪ | ૧૫૦૦ |

❑ **પૃષ્ઠ :** ૩૨+૫૪૮=૫૮૦

❑ *કિંમત : રૂ. ૧૦૦/-*

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ **ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૯૩૨૭૦ ૩૬૪૧૪

❑ **મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# श्रीप्रभुपादपद्मे

# સમર્પણાંજલિ

અનુષ્ટુપ

હરિ વ્હાલો મને કેવો તે કહું હું કઈ રીતે ?
ઠાઠવેઠ બધી મારી હરિ શો કરતો જ છે !
બધી સંભાળ મારી શો હરિ લેતો સદા રહે !
જોઈતું કરતું જે જે હરિ આપ્યા કરે મને. ૧-૨

હરિને હું બધી વાત મારી જણાવતો રહું,
હરિથી છાનું ના રાખું, સાચો સગો હરિ જ શું !
હરિ વિના બીજો કોઈ મારો બેલી નથી જગે,
હરિને અળગો સ્હેજે દિલથી ના કરું કશે. ૩-૪

મારો આધાર તો માત્ર હરિ શો એકલો જ છે !
હરિ વિના ન મારાથી શક્ય છે જીવવું જ તે,
જેમાં તેમાં હરિને હું આપ્યા મહત્ત્વ શો કરું !
હરિનો આશરો લૈને હરિનાં કામ હું કરું. ૫-૬

બધું જોતો રહે છે શો જે તે મારું હરિ જ તે !
એકલો હરિ તો માત્ર શો રખેવાળ મુજ છે !
હરિનું જે બતાવેલું પ્રેમથી સર્વ તે કરું,
આજ્ઞા હરિની ઉલ્લંઘી હું કદી પણ ના શકું. ૭-૮

હરિ મને નચાવે છે કેવી કેવી રીતે જગે,
હરિ ક્હે તેમ વર્તું છું, આજ્ઞામાં તેની હું ખરે. ૯

॥ हरि:ॐ ॥

## श्रीप्रभुपादपद्मे

# સમર્પણાંજલિ

અનુષ્ટુપ

પૂછ્યા વિના હરિને કૈં મારાથી કશું થાય ના,
જેમાં સંમતિ પૂરી છે હરિની તે જ થાય ત્યાં. ૧૦

ભૂલેચૂકે જરાયે કૈં હરિને ના ભુલાય છે,
હરિ કેવો વસેલો છે ઊંડે ઊંડે શું અંતરે ! ૧૧

થતું હરિકૃપાથી સૌ થાય તે ચરણે ધરું,
પાસે કશું ન રાખું છું, હરિને સોંપીને જીવું. ૧૨

હરિની દિલ ભક્તિ છે, સેવા હરિની ભાવથી
-થવા ઉમળકો કેવો છે ઊછળેલ દિલથી ! ૧૩

સંતોષ હરિને થાય, રાજી જેથી હરિ થતો,
એવાં સૌ કર્મનાં પુષ્પો હરિપદે ચઢાવતો. ૧૪

ઘડ્યો સદ્‌ગુરુએ ભાવે કેવો ! બનાવિયો મને
-મૂળના રૂપથી સાવ શો પલટાવિયો હૃદે. ૧૫

હરિ સર્વસ્વ મારું છે હરિને અર્પણ સમું
-મારી કને કશું ના છે કે જે એને ધરી શકું. ૧૬

સ્ફુરાવેલું કૃપાથી જે,પ્રેરાયેલું કૃપાથી જે
-લખાયેલું, ધરું છું આ સમર્પણાંજલિ પદે. ૧૭

શ્રીસદ્‌ગુરુ
૫-૬

**श्रीमोटा**

**हरि:ॐ आश्रम**
સુરત, તા. ૧૭-૨-૧૯૭૩

॥ हरिःॐ ॥

# પ્રસાદ

**'ભગતમાં ભગવાન'** એ પૂજ્ય શ્રીમોટાના જ શબ્દોમાં સંકલિત થયેલું આત્મકથન છે. અનુભવી પુરુષનું જીવન અન્ય કોઈ જાણી કે સમજી શકે નહિ. તેઓશ્રીએ એક સ્થળે લખ્યું છે તેમ 'કોઈપણ ચેતનાનિષ્ઠના જીવનને યોગ્યપણે આલેખવાને જો કોઈ પાત્રતા ધરાવતું હોય તો તે માત્ર પોતે એકલો જ છે.' કેમ કે એમનું જીવન આંતરિક હોય છે. તેઓશ્રીએ લખ્યું છે :-

*'અમારું જે જીવન સાચું બધું અંતરનું જીવન તે,*
*શકે જાણી ન કોઈયે, અવરને ના ગતાગમ છે.'*
*'જીવન સ્મરણ', પ્રથમ આ; પૃષ્ઠ, ૨૫૪*

એવું અંતરનું સમગ્ર જીવન અત્યંત ગૂઢ અને હંમેશાં રહસ્યમય હોય છે. આમ છતાં પૂજ્ય શ્રીમોટા એવી હકીકતોને સૂચક રીતે તથા સાંકેતિક રીતે વ્યક્ત કરે છે. 'જીવન તપ'માં એમણે લખ્યું છે :-

*'અનુભવની હકીકતને અનુભવી માત્ર જાણે છે,*
*અનુભવ જે વિશે જેનો ખબર તેની જ તેને છે.'*
*'જીવન તપ', પ્રથમ આ; પૃષ્ઠ, ૨૬૯*

આવા અનુભવી પોતાના દિવ્ય અને ગૂઢ અનુભવની હકીકત લખે એ સૌ કોઈને માટે આશ્ચર્યની હકીકત બની રહે. એવાં અનેક આશ્ચર્યોથી ભરપૂર છતાં આપણા જીવનને પ્રેરક બને એવી હકીકત અને ઘટનાઓ પૂજ્ય શ્રીમોટાએ આલેખેલી છે. એમાંથી એક ચોક્કસ દૃષ્ટિબિંદુને લક્ષમાં રાખીને આ ગ્રંથ તૈયાર કરાયો છે.

'ભગતમાં ભગવાન' એ શીર્ષકથી માંડીને એના ખંડોનાં મથાળાં તથા પ્રસ્તાવના (ભાગવતી હેતુથી પ્રગટન) સુધ્ધાં પૂરેપૂરું લખાણ તેઓશ્રીના શબ્દોમાં જ રજૂ થયું છે. દેખીતી રીતે 'ભગત' અને 'ભગવાન' એ અલગ શબ્દો જણાય છે, પરંતુ ખરેખર તો એ બે એક જ છે. જો ભેદ હોય તો માત્ર એટલો જ કે ભગવાન અવ્યક્ત છે અને ભક્ત વ્યક્ત છે. જેનામાં અવ્યક્ત ભગવાન પૂર્ણ રીતે અનુભવમાં પ્રગટ થયા છે એવા ભગત ભગવાનનું વ્યક્તરૂપ છે. આથી, એમ કહેવત છે કે 'ભગવાન કરતાં ભક્ત ચડે'. ભગત દેહધારી હોવાથી એનાથી જે કંઈ થાય છે, એ ભગવાનનું કામ થાય છે. જે ભગવાનથી અવિભક્ત છે, એ ભગવાનનો સર્વોત્તમ

કક્ષાનો ભક્ત છે. ભક્ત અને ભગવાનની ભાવના વિશે પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે, તે આ બાબતમાં ચિંતનીય છે. 'ભક્ત અને ભગવાન' એવી ભાવના એ માત્ર કલ્પના નથી. મારે મન તો તે હકીકતની વાત છે. એમાં જે રસાસ્વાદ છે અને મીઠી મીઠી મધુરી લહેજત છે, તે કોઈ ઑર છે. સંસારમાંના કોઈપણ બે ઉત્કટમાં ઉત્કટ પ્રેમીજનોનાં જીવન કરતાંય એ ભૂખ, એ પ્યાસ, એ તડફડાટ, એ ફાટફાટ થતું હૃદય, એવા ઉરનું એ સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમભાવે રહેંસાવું, એ સ્થિતિમાં વહાલાનું જરીક મિલન અને પછી અલોપ થવું અને તે પછીની ન વર્ણવી જાય એવી વિરહવેદના-એ બધું-સંસારની કોઈ ઘટનાથી સમજાવી કે સરખાવી શકાય એમ નથી. સામાન્ય માનવીને મન તો એવી વાતો તે ખાલી તરંગી કલ્પના જ લાગે એવું છે, કિંતુ તે તો સર્વોત્તમ કક્ષાના ભક્તની સાચી હકીકત છે.' પ્રવેશ ૧૫૬-૧૫૭

આમાં ભક્ત અને ભગવાનનું દ્વૈત હોય એવું ભાસે છે, પરંતુ ભક્તનો જે અનુભવ પૂજ્ય શ્રીમોટાએ વર્ણવ્યો છે, એ ભક્ત અને ભગવાનનું ઐક્ય સિદ્ધ કરે છે. એવો યોગાનુયોગ બન્યો કે પૂજ્ય શ્રીમોટાની ભગત અટકનો ઉપયોગ આ પુસ્તકના શીર્ષક માટે ભાવાત્મક બની ગયો.

પૂજ્ય શ્રીમોટાના આ આત્મચરિતના પંદરેય ખંડના નામકરણ માટે ઉપયોગમાં લેવાયેલા શબ્દો તેઓશ્રીના જ છે. કોઈ વિલક્ષણ સંકેતથી આ ખંડોના ક્રમ દ્વારા ભગવાનના પ્રગટ થવાનો એક પ્રકારનો સંકેત ઊભો થઈ ગયો છે. પૂજ્ય શ્રીમોટામાં ભગવાનના પ્રગટ થવા માટે બનેલી ઘટનાઓને આ ખંડોમાં આપોઆપ યોગ્ય અનુક્રમ પ્રાપ્ત થયો છે. આ રીતે ભગતમાં ભગવાનના પ્રગટરૂપનાં દર્શન પમાય છે.

ભગવાન અનંત ગુણવાળા છે અને અપાર સામર્થ્યવાળા છે. એક શિવસ્તુતિમાં ભક્ત પુષ્પદંતે ગાયું છે કે 'પૃથ્વી જેટલો કાગળ લઈ સમુદ્રનાં જળ જેટલી શાહીમાં કલમ બોળી ભગવતી સરસ્વતી અનંતકાળ લગી લખ્યા કરે તોપણ, હે પ્રભુ ! તારા ગુણોનો પાર પામી શકાય નહિ.' પૂજ્ય શ્રીમોટાના જન્મથી જ ભાગવતી ગુણોનો આવિર્ભાવ અને અનુભવ જોઈ શકાય છે. પૂજ્ય શ્રીમોટાએ યોગ્ય જ કહ્યું છે કે 'અનુભવી પુરુષ શરીરધારી હોવાથી તે ભગવાનની તોલે ન આવે અથવા તે પોતે જ ભગવાન છે એમ ન કહેવાય, કેમ કે ભગવાનના ગુણો અને સામર્થ્યનો પૂરેપૂરો અનુભવ હોવા છતાં એનું જીવન નિમિત્તોને લીધે છે.' આથી, પૂજ્ય શ્રીમોટાએ સંસારમાં ગુણો દ્વારા ભગવાનનાં દર્શનની રીત સૂચવી છે, પણ ગુણોની સાથે સાથે 'બધું ભગવાન જ છે અને જે તે કંઈ એની શક્તિથી જ બની રહ્યું છે' એવો ભાવ જોડેલો રાખવો જોઈએ. આથી, એમણે સમાજમાં 'ગુણ અને ભાવ' દ્વારા ભગવાનના વિરાટરૂપને પ્રગટ

થવા દેવાનું કર્યું. તેઓશ્રીના સમગ્ર જીવનમાં ભાગવતી ગુણો અને ભગવાનનો ભાવ અનેક રીતે પ્રગટ્યા જ કરે છે. આ અર્થમાં 'ભગતમાં ભગવાન' પ્રગટ થઈ રહ્યા છે, એ સિદ્ધ થાય છે.

બાળપણથી જ એમનામાં નોખી ભાતના મનુષ્યત્વના ગુણોનાં દર્શન થાય છે. પોતાના પરિવારની કારમી ગરીબીની વાત કરતા હોવા છતાં એમાં ક્યારેય પરવશતા કે લાચારીનો ભાવ આવતો નથી. સાત વર્ષની ઉંમરે ખેતરમાં ધરુ રોપવાની મજૂરીના પૈસા ઓછા મળવા છતાં એનો એમણે સ્વસ્થતાથી પ્રતિકાર કર્યો છે. એમણે પોતે નોંધ્યું છે તેમ જીવનમાં આવી પડતાં દુઃખો એ જીવન વિકસાવનારાં છે, એ દૃષ્ટિ એમને આઠ વર્ષની ઉંમરથી પ્રાપ્ત થઈ હતી. કિશોર અવસ્થામાં આકરી મજૂરી કરવામાં ક્યારેય લાચારી અનુભવી નથી. ભણતાં ભણતાં પટાવાળા તરીકે કામ કરતા એમણે નાનમ અનુભવી નથી. આ રીતે સહનશક્તિ, કુટુંબને મદદરૂપ થવાની પ્રેમભાવના, હિંમત, સમયસૂચકતા, અન્યાય કરનારને યોગ્ય જવાબ આપવાની શક્તિ વગેરે ગુણો કિશોર અવસ્થામાં પ્રગટી ચૂકેલા હતા.

મુક્તિ સંગ્રામનો ગાંધીજીએ પેગામ આપ્યો ત્યારે વડોદરા કૉલેજમાંથી દેશસેવા માટે કૉલેજ છોડીને ઝંપલાવનાર એ પહેલા હતા. ગરીબી ફેડવા માટે ભણીને મોટા માણસ થવાનો નિશ્ચય દેશની સેવામાં હોમી દેવા જેવું મહાન પરાક્રમ કરવા છતાં એ હકીકત નમ્રતાથી રજૂ કરી છે. ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થનાર તથા હરિજન સેવા માટે વિદ્યાપીઠ છોડીને ઝંપલાવનાર પણ એ પહેલા જ હતા. દેશની સેવા ખાતર એક ગરીબ ઘરના યુવાનનું આવું ભવ્ય બલિદાન એ દેશના સ્વાતંત્ર્ય ઈતિહાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ અને અજોડ છે. જેની ક્યાંય નોંધ ન લેવાઈ હોવા છતાં પૂજ્ય શ્રીમોટાએ એ માત્ર હકીકતરૂપે જ હકીકતને રજૂ કરી છે. સેવાની ગુપ્તતા અને નમ્રતાનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

દેશસેવામાંથી અન્ય પ્રલોભનોને કારણે ચલિત ન થવાય એ માટે એમણે હાથમાં ગંગાજળ લઈને સેવા કરવાની પ્રતિજ્ઞા કરી હતી. એ પછી એમને આફ્રિકામાં ઊંચા પગારની શિક્ષક તરીકેની નોકરીની ઑફર થઈ હોવા છતાં એ સ્વીકારી ન હતી. નિશ્ચયમાં આટલી તીવ્ર નિશ્ચળતા એ જ ભગવાનને અનુભવવા માટે પાયાનો ગુણ છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં સ્વજનોને જીવનના વિકાસ માટે સમજાવતાં આ અંગે ઘણું લખ્યું છે. એક જગાએ તો ભક્ત કવિ દયારામના ભજનની પંક્તિ 'નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો.' ટાંકી છે. પોતાને ફેફરુંનો રોગ મટે એવો નથી એમ લાગતાં શરીર સેવા માટે નકામું છે એવું વિચારીને નર્મદાનાં ઊંડાં પાણીમાં જીવન સમાપ્ત કરવા ભૂસકો મારવો એ પણ એક પ્રકારની શક્તિનાં દર્શન કરાવે છે.

કશાથી અંજાઈ ન જવું અને કોઈપણ સમસ્યાનું સમાધાન કર્યા વિના આગળ ન વધવું એ પૂજ્ય શ્રીમોટાની વિશેષતા છે. આ માટે ગાંધીજીને રૂબરૂ મળીને જે કહેવું જોઈએ તે સ્પષ્ટ કહ્યું હતું. ભગવાનનું નામ લેવાની બાબતમાં પણ એમણે પ્રયોગાત્મક સમાધાન કર્યું હતું. બાળયોગીજી, ધૂણીવાળા દાદા અને ઉપાસની મહારાજ જેવા મરમી અવધૂતોનું શરણું પણ પોતાને થયેલા અનુભવના આધારે સ્વીકાર્યું હતું. પૂજ્ય શ્રીમોટાના આ બધા ગુણો એ ભાગવતી ગુણો છે.

સાધનામાં પ્રવેશ કરતાં જ એમણે પ્રત્યેક તબક્કાને લક્ષણથી સમજવાનું રાખ્યું હતું. અને એનાં પરિણામોને વૈજ્ઞાનિક દૃષ્ટિથી સ્પષ્ટ કર્યાં છે. ભાગ્યે જ કોઈ સાધક સાધનાના ક્ષેત્રમાં આટલો સ્પષ્ટ હોઈ શકે. નામસ્મરણથી રોગ કેવી રીતે મટે છે તથા નિરંતર નામસ્મરણથી કામ, ક્રોધ વગેરે કેવી રીતે મોળા પડે છે, એ વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્પષ્ટ કર્યું છે. ભારતીય આધ્યાત્મિક ક્ષેત્રમાં પૂજ્ય શ્રીમોટાની આ રજૂઆત વિરલ છે. ગાંધીજીએ આ હકીકત સમજીને કહેલું કે 'તું આધ્યાત્મિક વિજ્ઞાનનો વિજ્ઞાની થઈશ.'

પૂજ્ય શ્રીમોટાએ દિવ્યજીવન માટેની સાધના સંસારમાં પ્રાપ્ત ફરજો બજાવતાં બજાવતાં અત્યંત ગુપ્ત રીતે કરી. એમના કાર્યસંગી પણ આ જાણી શક્યા ન હતા. જીવનમાં અકસ્માત, દુઃખ અને પડકારોમાં એમણે પ્રભુકૃપાનાં દર્શન કર્યાં છે અને એ કૃપાને યોગ્ય બનીને જીવ્યા છે. સર્પદંશને પ્રભુકૃપા ગણી અને ન પરણવાનો નિશ્ચય હોવા છતાં પરણાવવા માટેની માતાની ઈચ્છામાં ગુરુનો આદેશ સાંભળી પોતાના આદર્શના આગ્રહનું પણ સમર્પણ કર્યું અને જીવનની ઉન્નત ભાવનાને પ્રતિષ્ઠિત કરવા જબરજસ્ત સંગ્રામ આપ્યો. પરિણામે સર્પદંશ બાદ અજપાજપની સિદ્ધિ મળી અને લગ્નના મંડપમાં જ સમાધિનો અનુભવ પ્રાપ્ત થયો.

પૂજ્ય શ્રીમોટાના જીવન લક્ષ્યમાં ભગવાનનું અમૂર્તરૂપ હતું એ અમૂર્તરૂપનું બીજું નામ જીવન હતું. રાગદ્વેષયુક્ત સંસારીજીવન-જીવદશાવાળાનું જીવન-સર્વ પૂર્વ કર્મોનાં પરિણામોને ખપાવીને મુક્ત બની શિવદશામાં રૂપાંતર પામે એવી દશાવાળું જીવન એ પૂજ્ય શ્રીમોટાના ભગવાન હતા. આવા અમૂર્ત ભગવાનને પ્રગટ કરવા એમણે ભજન, કીર્તન, આત્મનિવેદન, પ્રાર્થના જેવાં ભક્તિમાર્ગનાં સાધનો હૃદયના ઊંડા ભાવથી કર્યાં છે. આ પણ ભારતીય આધ્યાત્મિક સાધનાની પરંપરામાં એક નોંધપાત્ર બાબત ગણાય. અમૂર્તની ભક્તિ મતલબ કે જ્ઞાનભક્તિ એકસાથે એમણે જીવતી રાખી છે. સાધનાનો આરંભ થયો ત્યારથી દેહત્યાગ સુધી એમનું પ્રગટરૂપ 'ભગત' તરીકે જ રહ્યું છે.

પૂજ્ય શ્રીમોટાની સાધનામાં જો કોઈ મૂર્તસ્વરૂપ દૃષ્ટિ સમક્ષ હોય તો એ સદ્ગુરુની આકૃતિ છે, પણ આગળ જતાં સદ્ગુરુનું મૂર્તરૂપ અમૂર્ત ભાવરૂપ બની રહે છે. શ્રીસદ્ગુરુ પ્રત્યેની ભક્તિ તો અત્યંત આશ્ચર્યકારક ઘટનાઓ દ્વારા વ્યક્ત થયેલી છે. શ્રીસદ્ગુરુના હુકમનું પાલન એ તો પૂજ્ય શ્રીમોટાની સાધનાનો એક પ્રચંડ ઉન્મેષ છે. એવી સાધનાના કેટલાક પ્રસંગો દ્વારા આ ગ્રંથમાં પૂજ્ય શ્રીમોટામાં-'ભગત'માં-'ભગવાન'-ભગવાનના ગુણધર્મોનો આવિષ્કાર થયા કરે છે. પૂજ્ય શ્રીમોટાએ તબક્કાવાર થયેલા સાક્ષાત્કારોને અત્યંત સ્પષ્ટ રીતે આલેખ્યા છે. મનની નીરવતા, સગુણ દર્શન તથા નિર્ગુણ સાક્ષાત્કારની ભેદરેખાઓ એમણે રજૂ કરી છે. એમણે ૧૯૨૨ થી ૧૯૩૯-માત્ર અઢાર વર્ષમાં પૂર્ણ પુરુષોત્તમના સાક્ષાત્કાર સુધીનાં દિવ્ય શિખરો સર કર્યાં હતાં. પરમાત્માનું અણુ પરમાણુમાં પ્રસરેલું પ્રેમરૂપ તેઓશ્રીમાં પ્રગટ થયું અને ૧૯૩૯ પછી એ પરમ પવિત્ર પ્રેમગંગા અનેક જીવોના ઉદ્ધાર માટે પૃથ્વી પર વહેતી થઈ.

સાક્ષાત્કાર પછી પૂજ્ય શ્રીમોટાની સમગ્ર પ્રવૃત્તિ ખરેખર તો ભગવાનની લીલારૂપે હતી. પૂજ્ય શ્રીમોટાએ પોતાના જીવનના પલટાયેલા આ વહેણને બુદ્ધિગ્રાહ્ય બને એ રીતે રજૂ કર્યું છે. પોતાની સંપૂર્ણ મુક્તિ પછીનું એમનું જીવન એ 'નિમિત્તોનું જીવન' છે. આ નિમિત્ત જીવન એટલે તેઓશ્રીના અગાઉના જન્મોના જીવનના અનેક જીવો સાથેના સંબંધોવાળું જીવન. આવા અનેક જીવોને ભગવાન પ્રત્યે અભિમુખ કરવાના એકમાત્ર હેતુથી એમણે વિલક્ષણ વહેવારો કર્યા છે. નિમિત્તો અનંત છે, કેમ કે જીવન પણ અનંત છે. આખા બ્રહ્માંડમાં જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં અનુભવીનું નિમિત્ત છે. વળી, સ્થૂળ નિમિત્તો એટલે કે પર્વતો, વૃક્ષો, અનેક પશુપંખી અને જળચર જીવો, બધા પ્રકારના મનુષ્યો વગેરે છે. સૂક્ષ્મ નિમિત્તોમાં શરીર વિનાની વિવિધતાભરી વિશાળ જીવસૃષ્ટિ છે. એ ઉપરાંત, સૂક્ષ્મતર-કારણ નિમિત્ત પણ છે. પૂજ્ય શ્રીમોટાએ આવા અનુભવને વૈજ્ઞાનિક રીતે સમજાવવાનો અભૂતપૂર્વ પ્રયત્ન કર્યો છે.

'ઋણમુક્તિ' જેવા શબ્દથી એમણે પોતાનાં નિમિત્તોના દેહાદિનાં કર્મો અને પ્રારબ્ધકર્મો પોતાના ઉપર ભોગવીને ભગવાનનું પરમ કલ્યાણકારી કરુણારૂપ એમનામાં પ્રગટ થવા દીધું છે. 'ભગતમાં ભગવાન'માં પૂજ્ય શ્રીમોટાનું આ પ્રકારનું જીવન ખુલ્લું થતું અનુભવાય એ રીતે સંકલિત કરવામાં આવ્યું છે. એમના જીવનપ્રસંગોના સંકલન દ્વારા ક્રમેક્રમે ઈશ્વરીય ગુણોની ઝાંખી થતી જાય છે. પ્રત્યેક પ્રસંગ લખવા પાછળનો હેતુ તથા એ પ્રસંગ પુસ્તકમાં પ્રગટ કરવાનો હેતુ સ્પષ્ટ કરીને પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક જ્ઞાનમાર્ગની પદ્ધતિ કુશળ શિક્ષકની રીતે સૂચવી છે. એ આ ગ્રંથનું એક વિશેષ મૂલ્ય છે.

૧૯૩૯માં **'હું સર્વત્ર વિદ્યમાન છું'** એવો અદ્વૈતનો અનુપમ અનુભવ થયો એ પછી પોતાનાં નિમિત્તોને ભગવાન પ્રત્યે અભિમુખ કરવાનું એકમાત્ર કર્તવ્ય દર્શનમાં આવ્યું. આ ફળીભૂત થવા દેવા માટે ૧૯૩૯ પછીનું તેઓશ્રીનું કાર્ય જુદી જુદી રીતે ફળાવા લાગ્યું.

૧૯૪૨ અને ૧૯૪૫માં તેઓશ્રીએ હરિજન સેવક સંઘના ઋણમાંથી મુક્તિ અનુભવવા ગુરુ આદેશ પ્રમાણે હરિજન સેવક સંઘ માટે ફાળો ઉઘરાવ્યો. પોતે હરિજન સેવક સંઘના કોઈ હોદ્દા પર ન હોવા છતાં લાક્ષણિક રીતે આ ફાળો ઉઘરાવવાનું કામ કર્યું. એ માટે એમણે ભારે કષ્ટ વેઠ્યું, પોલીસોના માર સહન કર્યા. અવહેલના અને અપમાન પણ વેઠ્યાં, પણ આ અવસ્થામાં તેઓશ્રીને 'વેઠવાનું' ન હતું. પોતાનામાં પ્રગટેલા પરમ અનુભવને વિશેષરૂપે પ્રયોગાત્મકરૂપે-માણવાનો હતો. પોતે અને પોતાનો દેહ એ અલગ છે, એવા અનુભવ કરાવનારા પ્રસંગો પણ બન્યા. હરિજન સેવક સંઘની ઋણમુક્તિ નિમિત્તે અનેક નિમિત્તોને સ્પર્શ કરી એમના જીવનને ઉન્નત બનાવ્યું. વેપારી, ઉદ્યોગપતિ, સામાન્ય વેપારી મંડળો, એ સમયના સુપ્રસિદ્ધ સાહિત્યકાર તથા વેશ્યાઓનાં હૃદયને એમણે દિવ્ય સ્પર્શ આપ્યો. આ બધું જ ઈશ્વરના-ગુરુના-પોતાનામાં પ્રગટેલા પરમાત્માના આદેશ મુજબ થયે જતું હતું.

એ પછીના ગાળામાં પૂજ્ય શ્રીમોટાના શરીરને જુદા જુદા પ્રકારના રોગો થયા કરતા હતા. મોટાભાગના આ રોગો નિમિત્તોના દેહભાવ સાથે તાદાત્મ્યના કારણે ઊપજતા હતા. ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિક સ્થિતિમાં આવું કેવી રીતે બને છે એની બુદ્ધિગ્રાહ્ય સમજૂતી પૂજ્ય શ્રીમોટાએ આપી છે. અનુભવ થયા પછી પણ વિકાસ અનંત હોવાથી પ્રભુકૃપાથી આવું બધું થયે જતું હોય છે.

દેહ સાથેના તાદાત્મ્ય પછી નૈમિત્તિક જીવાત્માઓનાં મન, બુદ્ધિ અને પ્રાણ જેવાં સૂક્ષ્મ કરણો સાથે તાદાત્મ્ય થયા કરે એવો અનુભવ પૂજ્ય શ્રીમોટાને રહ્યા કર્યો. જીવનાં અંતઃકરણો પૂર્વજન્મનાં કર્મોનાં ફળને ભોગવવા માટે શરીરમાં આવ્યા હોય છે. આવાં સૂક્ષ્મ કર્મ પરિણામો એટલે પ્રારબ્ધ. પૂજ્ય શ્રીમોટાએ મૌનએકાંતની સાધનાના પ્રયોગ દ્વારા અનેક જીવોના કર્મપ્રારબ્ધ ભોગવીને તેવા જીવોની ભગવાનના માર્ગ પ્રત્યેની અભિમુખતા ઉપજાવી. પૂજ્ય શ્રીમોટાનું આ દિવ્ય કાર્ય સહજ રીતે નજરે પડે એવું નથી. તેઓશ્રીએ આ અંગે જે કંઈ સમજૂતી આપી છે, તે આ ગ્રંથમાં સંકલિત થઈ છે.

આ પુસ્તકની બીજી એક નોંધપાત્ર વિશેષતા એ છે કે પૂજ્ય શ્રીમોટાએ પોતાના શરીરમાં પ્રગટતા રહેલા રોગોના પ્રકાર તથા તેનાં ગૂઢ કારણો સાંકેતિક રીતે રજૂ કર્યાં છે. ૧૯૬૦ની સાલ પછી સોળ

વર્ષ સુધી પૂજ્ય શ્રીમોટાના શરીરમાં અત્યંત પીડાકારી રોગો પ્રગટતા રહ્યા. આ રોગો માત્ર નિમિત્તોના દેહાદિ કર્મો સાથેના તાદાત્મ્યને લીધે જ ન હતા, પરંતુ ઊર્ધ્વ કક્ષાના સૂક્ષ્મ સંગ્રામોની પ્રતિક્રિયારૂપે અનુભવતા હતા તેમ સૂચવાયું છે. આ પ્રકારના સંગ્રામનો ઇતિહાસ તેઓશ્રીએ ૧૯૭૦ થી ૧૯૭૫ દરમિયાન લખેલાં પુસ્તકોમાં વ્યંજનાથી વ્યક્ત થયો છે. એમણે આ રચનાઓને 'ભજન' તરીકે ઓળખાવી છે. આમાં 'ભજન' શબ્દનો અર્થ રૂઢ નથી. જેને મન ભજે છે એટલે જેની સમગ્ર પ્રકૃતિ ઈશ્વરની સાથે જ રહે છે એ 'ભજન' છે. આથી, આ ભજનો દ્વારા તેઓશ્રીએ પોતાની સાધનાનો ઇતિહાસ આલેખાયાની વાત સ્પષ્ટ કરી છે. અહીં પણ સાધના એટલે નિરંતર થયે જતી દિવ્ય તત્ત્વને પ્રગટ થવાની એક ગૂઢ સૂક્ષ્મ પ્રક્રિયા એમ સમજવાનું છે.

શરીરના અત્યંત પીડાકારી રોગો સાથે આત્માનો દિવ્ય આનંદ કેવી રીતે અનુભવમાં આવે છે, એ વાત પૂજ્ય શ્રીમોટાએ વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજાવી છે. રોગોની વેદના પણ છે અને તે સાથે સાથે આનંદ પણ છે. આ હકીકત 'વેદના સાથે આનંદ' ખંડમાં રજૂ કરાઈ છે. શરીરના રોગો અને એની પીડાનો હેતુ તેઓશ્રીએ રજૂ કર્યો છે. પૂજ્ય શ્રીમોટાએ સમજાવ્યું છે કે ચેતનાનું અવતરણ એટલે કે એની સંપૂર્ણતાનો અનુભવ પાંચ તત્ત્વો પૈકીમાં ત્રણ તત્ત્વોમાં નિરંતર રહે છે, એ ત્રણ તત્ત્વો એટલે આકાશ, તેજ અને વાયુ. બાકીનાં બે તત્ત્વો જળ અને પૃથ્વી ચેતનના અવતરણને સ્વીકારતાં નથી. આનો એક અતિ સૂક્ષ્મ સંગ્રામ ચાલી રહ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે કે હજી સુધી (આ અંગેની વાત કરે છે ત્યાં સુધી) એ બે તત્ત્વો જિતાયાં નથી પણ તેઓશ્રી પોતાનાં દર્શનથી એમ પણ કહે છે કે 'એક સમયે એ જરૂર જિતાશે' મતલબ કે પાંચેય તત્ત્વો ચેતનના અવતરણ માટે સ્વીકારાત્મક બનશે. આ સત્ય પ્રગટ થાય એ માટેનો સૌથી મોટો પ્રયોગ પૂજ્ય શ્રીમોટાએ લાક્ષણિક રીતે કર્યો છે.

'સમાજોત્થાન' એ શબ્દ સૌને કેવળ સમાજસેવારૂપે સમજાયો, પણ ગૂઢ રીતે પરમાત્માના વિરાટરૂપને જાગ્રત કરવાનો પૂજ્ય શ્રીમોટાનો પ્રયોગ હતો. એમણે દૃઢ રીતે અને સ્પષ્ટ રીતે કહ્યું છે કે 'ભગવાન' શબ્દ કોઈને સમજાય નહિ માટે હું 'સમાજ' શબ્દ વાપરું છું. મારા મનમાં 'સમાજ' શબ્દને સ્થાને 'ભગવાન' જ છે. આ હકીકત પુરવાર કરવા તેઓશ્રીએ જળ અને પૃથ્વીતત્ત્વ ઉપર ચેતન કેવી રીતે પ્રગટી રહ્યું છે તે સમજાવ્યું છે. જળ અને પૃથ્વી એ બે તત્ત્વો પોતાનામાં છુપાયેલી શક્તિઓને ખુલ્લી કરવા તત્પર થયાં છે. માનવજાતે એ માટે સ્વીકારાત્મક બનીને તેને સાનુકૂળ પુરુષાર્થ કરવાની જરૂર છે. આટલા માટે તેઓશ્રીએ એમ કહ્યું કે

'આ કુદરત એટલે મારો સર્વ વ્યાપક ભગવાન ખુલ્લો થવા ઊભો છે.' માણસોએ પોતાનાં અંગત સ્વાર્થો, લોલુપતાઓ, ખ્યાલો જેવા સંકડાશમાંથી છૂટા થઈને ભગવાનને ભેટવાનું છે. આ માટે તેઓશ્રીએ પર્વતારોહણ, સમુદ્રતરણ જેવી સ્પર્ધાઓને વેગ આપ્યો અને વિશેષ તો વિજ્ઞાનની પ્રત્યેક શાખાઓમાં સંશોધનો પ્રેરવા યોજનાઓ કરી.

આ ઉપરાંત, 'સમાજોત્થાન'ની પ્રવૃત્તિ નિમિત્તે પોતાના અનંત જન્મોનાં જે નિમિત્તો આ જન્મે જ મળે તે માટે કાળ ટૂંકાવવા આવી યોજનાઓ હાથ ધરી. આધ્યાત્મિક જીવનની આ એક અત્યંત સૂક્ષ્મ બાબત છે. જળતત્ત્વ અને પૃથ્વીતત્ત્વ ચેતનનાં શરણે આવ્યાં છે, એ હકીકત પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ દ્વારા સ્પષ્ટ સમજાય છે. તેઓશ્રીએ તા. ૧૯-૭-૧૯૭૬ના રોજ સૌને સંબોધીને જે લખ્યું છે એ લાક્ષણિક છે. 'પોતાનું શરીર લોકકલ્યાણનાં કામમાં આવે એવું નથી.' એમ દર્શાવીને હવે પછી પોતે અશરીરીરૂપે લોકોનું કલ્યાણ-તાત્પર્ય મનુષ્યજાતમાં આત્મતત્ત્વ પ્રગટાવવાનું કાર્ય કરશે. આ માટે 'આનંદપૂર્વક પોતાની મેળે દેહત્યાગ' કરવાનું જણાવ્યું છે. 'આનંદપૂર્વક' શબ્દ દ્વારા એમ સૂચવાય છે કે દેહ એટલે કે પૃથ્વીતત્ત્વ પરમાત્માના આનંદરૂપને શરણે ગયું છે. પૂજ્ય શ્રીમોટાના છેલ્લા દિવસોમાં કિડ્નીનું કાર્ય નિષ્ફળ જવાથી પેશાબ શરીરમાં ભરાઈ ગયો હતો. ઉપરાંત, દેહત્યાગ માટે યથાસ્થાને જવા માટે કુદરતી રીતે પણ પુષ્કળ પાણીએ અંતરાયો ઊભા કર્યાં હતા. આવા અત્યંત પ્રતિકૂળ સંજોગોને સહેજ પણ ગાંઠ્યા વિના પૂજ્ય શ્રીમોટાથી ચેતનને શરણે દેહ સમર્પિત કરવાની વિધિ યોજાઈ.

આ પરથી પૂજ્ય શ્રીમોટાનો દેહત્યાગ એ પરમાત્માના આનંદ સ્વરૂપનો જળ અને પૃથ્વીતત્ત્વ પરનો વિજયોત્સવ છે, એમ સિદ્ધ કરી શકાય છે.

૧૯૭૦થી પૂજ્ય શ્રીમોટાએ જે સાહિત્ય સર્જન કર્યું છે, એ પણ અજોડ અને અલૌકિક છે. શરીરની અત્યંત પીડાકારી અવસ્થામાં આનંદ, ઉલ્લાસ, મસ્તીવાળો પ્રત્યક્ષ જોઈ શકાય તેવો વહેવાર કરવા સાથે ઉત્તમ પ્રકારનાં શાસ્ત્રો અને ભગવદ્ભાવને વ્યક્ત કરતાં હજારો કાવ્યો (સાત હજાર ઉપરાંત ગઝલો) તેઓશ્રીએ લખ્યાં છે-લખાવ્યાં છે. આ બધું પ્રભુભાવના પ્રાગટ્યનું ખુલ્લું દર્શન છે એ સૂચવવા માટે પોતાની જાતને 'હરિની કલમ' રૂપે ઓળખાવી છે. એમના સાહિત્ય દ્વારા પણ ભગવાનના ભાવનું જ પ્રાગટ્ય છે.

અનુભવી પુરુષના નવા જન્મ અંગે પૂજ્ય શ્રીમોટાએ જે રહસ્યો ખુલ્લાં કર્યાં છે એ અજોડ છે. પોતાના હવે પછીના જન્મની વાત એમણે સ્પષ્ટ કરી છે. આ સ્થળે એક સૂક્ષ્મ વાત સમજવા જેવી છે. ૧૯૩૯ પછી **'હું સર્વત્ર વિદ્યમાન છું'** એવા અનુભવરૂપે દેહધારી પૂજ્ય શ્રીમોટાના

'હું'કારને માત્ર વ્યક્તિલક્ષી સમજીએ તો 'મોટા'ના નવા જન્મ અંગેની હકીકત સમજવામાં ગોથું ખાઈ જઈએ. પૂજ્ય શ્રીમોટાએ પોતે પોતાના સ્વ-રૂપનો પરિચય આપતાં લખ્યું છે કે 'મોટા એ ચેતનનો આવિર્ભાવ છે.' આવું ચેતન નવા શરીરમાં આવીને પોતાની ભાવનાઓને સાકાર કરે એનાં કારણો પૂજ્ય શ્રીમોટાએ રજૂ કર્યાં છે તથા નવા જન્મ માટેના દેહની રચના અને એની અભિવ્યક્તિની લાક્ષણિકતા સ્પષ્ટ કરી છે. એ દ્વારા નવો જન્મ એટલે નવા દેહમાં ચેતનભાવનો આવિર્ભાવ-ચેતનભાવનો અવતાર એમ સમજવાનું છે.

આ રીતે પૂજ્ય શ્રીમોટાના જન્મ, દેહત્યાગ તેમ જ નવા શરીરના જન્મ સુધીની કથા દ્વારા ભગવાનના દિવ્ય અંશોની જ આપણને ઝાંખી થયા કરે છે. આપણે સૌએ એમનાં પૂર્ણરૂપનાં દર્શન માટે તત્પર થયા કરવાનું છે. ● ● ●

પૂજ્ય શ્રીમોટાના જીવન અને કાર્યનો પરિચય પ્રજાને કરાવવા માટે સને ૧૯૬૯માં આર. આર. શેઠની કંપનીએ 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય' ગ્રંથ પ્રગટ કરવાનું વિચારેલું. પૂજ્ય શ્રીમોટાની ૭૦મી જન્મજયંતી પ્રસંગે (૧૯૬૮) 'પૂજ્ય શ્રીમોટા માનાંજલિ-ભાવાંજલિ'ના સંપાદન કાર્યમાં સ્વ. ઈશ્વર પેટલીકર સાથે સામેલ થવાનું બનેલું. તે પ્રસંગે પૂજ્ય શ્રીમોટાના જીવન વિશેના પ્રસંગોનું સંપાદન મારાથી થયેલું. એ અનુભવને આધારે 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય' એ ગ્રંથનું સંપાદન પણ મને સોંપાયું. એમાં પૂજ્ય શ્રીમોટાનું આત્મકથન તથા તેમના સાહિત્યનું સંકલન થયેલું. ૧૯૭૦માં થયેલું આ કાર્ય ૧૯૭૫ના ડિસેમ્બરમાં પ્રગટ થઈ શક્યું હતું. તે દરમિયાન પૂજ્ય શ્રીમોટાનાં બીજાં ૩૨ જેટલાં પુસ્તકો પ્રગટ થયેલાં. છતાં 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'માં કોઈ અંશ સમાવી શકાયા ન હતા. પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પછી મૌનએકાંતની શ્રેણીનાં પાંચ પુસ્તકો તથા પૂજ્ય શ્રીમોટા સાથે સ્વ. રમણભાઈ અમીનના આઠ સત્સંગ ગ્રંથો તેમ જ અન્ય અપ્રગટ પત્રો સંપાદિત થઈ પ્રગટ થયાં. આ બધા ગ્રંથોમાં પૂજ્ય શ્રીમોટાના જીવન વિશેની અત્યંત મહત્ત્વની સામગ્રી હતી. ઈ.સ. ૧૯૯૨ સુધી પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ શ્રેણીના સંપાદન-પ્રકાશનમાં રોકાવાનું થયું. તે પછી તરત જ 'હું સર્વત્ર વિદ્યામાન છું' એવા મથાળે શ્રીમોટાનું આત્મકથન સંકલિત કરવાનો વિચાર આવવા લાગ્યો.

આ વિચારને સાકાર કરવા માટે એ સમયે સન્મિત્ર શ્રી પ્રભુદાસ જાની તથા સ્વ. સુરેશભાઈ સંતનો સહયોગી ઉમળકો જોયો-જાણ્યો આથી, ગ્રંથ સંપાદન માટે શ્રદ્ધા દૃઢ બની. ૧૯૯૬માં સુરેશભાઈનું અવસાન થયું. આ ગ્રંથ તૈયાર થતો હતો એ દરમિયાન સદ્‌ગત સુરેશભાઈ સંતનું ભાવનાભર્યું મધુર સ્મરણ અમને રહ્યા કરેલું. એમની શ્રીસદ્‌ગુરુની

ભક્તિનાં જેમણે જેમણે દર્શન કર્યાં છે એમને સ્વ. સુરેશભાઈની ભાવનાને પ્રમાણી હશે. આ ગ્રંથનિર્માણ તથા એના પ્રકાશન સાથે એમની ભક્તિભાવભરી યાદ સાંકળતાં અમને કૃતજ્ઞતાની લાગણી અનુભવાય છે. એ પછી પૂજ્ય શ્રીમોટાના જન્મ શતાબ્દી વર્ષ-૧૯૯૭માં આવું પુસ્તક પ્રગટ કરવા વિચારાતું હતું, પરંતુ પૂજ્ય શ્રીમોટાના કેટલાક ગ્રંથોનું પુનર્મુદ્રણ તેમ જ બીજાં નાનાંમોટાં સંપાદનો તથા શતાબ્દી વર્ષની ઉજવણીના આયોજનમાં સમય પસાર થતો હતો. છતાં આવા બૃહદ આત્મકથનની ડિઝાઈન તો ચિત્તમાં પડી જ હતી. છેલ્લાં ચાર વર્ષનો સમય પ્રતિકૂળ સ્વાસ્થ્યને લીધે લગભગ આરામમાં જ ગયો. એક વખત એકાએક જ 'ભગતમાંથી ભગવાન' શીર્ષક મનમાં સ્ફુર્યું. અને તરત જ 'ભગતમાંથી' નહિ પણ 'ભગતમાં' એવો ફેરફાર અણધાર્યો સ્ફુર્યો. ૧૯૬૯ની જાન્યુઆરીની ૧લી તારીખે પૂજ્ય શ્રીમોટાએ મને લખી આપેલી એક પંક્તિ યાદ આવી કે 'અણધાર્યું હૃદે ઊગે તે તો ભેટ પ્રભુતણી'. આ પ્રકારનો ગ્રંથ કેવી રીતે તૈયાર થશે એની કોઈ પૂર્વવિચારણા મનમાં હતી જ નહિ. એક વખત હરિઃૐ આશ્રમ તરફથી 'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'ના પુનર્મુદ્રણ માટે દરખાસ્ત આવી. એ વખતના સંપાદનમાં રહેલી કચાશ, અધૂરપ તથા ખંડિત ગોઠવણી વગેરે જોતાં તેમ જ પૂજ્ય શ્રીમોટાના જીવનના ઘણા મહત્ત્વના અંશોનો અભાવ જણાતાં એ ગ્રંથનું પુનર્મુદ્રણ કરવા કરતાં 'ભગતમાં ભગવાન' જેવો એક વિસ્તૃત ગ્રંથ પ્રગટ થાય તો વધુ યોગ્ય લેખાશે એમ લાગ્યું. હરિઃૐ આશ્રમ, સુરતે આ પ્રકારનું પુસ્તક તૈયાર થાય તો છપાવવાની તત્પરતા દર્શાવી. વળી, યોગાનુયોગે એના પ્રકાશન ખર્ચ માટે દાતા પણ મળી ગયા. આથી, મને થયું કે આવું પુસ્તક તૈયાર થશે.

તા. ૧૧-૪-૨૦૦૦ થી તા. ૩૦-૬-૨૦૦૦ના ગાળા દરમિયાન આ ગ્રંથમાં દર્શાવેલાં ઇઠ્યોતેર પુસ્તકોમાંથી સામગ્રી એકઠી કરી. એના વિભાગીકરણ, વર્ગીકરણ અને અન્ય સુયોગ્ય ગોઠવણી માટે શ્રી પ્રભુદાસ જાની અને શ્રી કમલેશ શેઠ સાથે પૂજ્ય દયાનંદ તીર્થ (દાસાનુદાસ)ના પાટડી (જિ. સુરેન્દ્રનગર) મુકામે આવેલા આબુરાજ અન્નક્ષેત્ર જેવા શાંત અને પવિત્ર સ્થાને રહેવાનું ગોઠવાયું. ત્યાં અમારા સૌના આશ્ચર્ય સાથે આટલા ટૂંકા સમયમાં આવો મોટો ગ્રંથ તૈયાર થયો. આ ગ્રંથના નિર્માણમાં શ્રીસદ્‌ગુરુની પરમ પ્રેરકશક્તિ અને કરુણાશક્તિ રહેલી છે અને અમારા ત્રણેનો સહિયારો પુરુષાર્થ પણ એ જ શક્તિને આભારી છે.

પુસ્તકના ખંડોની સંખ્યા તથા એનાં શીર્ષકો પણ આપોઆપ ગોઠવાયાં છે. પૂજ્ય શ્રીમોટાના જ શબ્દોમાં આ આત્મકથન પંદર ખંડોમાં ગોઠવાયું છે. ચંદ્રની વિકસતી કળાની જેમ પંદરમા પ્રકરણે પૂર્ણ પુરુષનું આત્મચરિત્ર અટકે છે. દેહત્યાગના અંતિમ પ્રકરણમાં સંપાદકના

શબ્દો આવતા હોવાથી એ ખંડનો ક્રમાંક ન દર્શાવતાં 'અખંડ' નામ આપી પૂજ્ય શ્રીમોટાના અખંડ જીવનનો સંકેત ઊભો થવા દીધો છે.

આ પુસ્તકના પ્રત્યેક ખંડને નામ આપ્યા પછી એ ખંડની સામગ્રીને અનુરૂપ લખાણ પણ એ ખંડના પહેલા પાને તથા પાછળના પાને નીચે મૂકવા માટે મળી ગયું. પૂજ્ય શ્રીમોટાના જીવનના મહત્ત્વના પ્રસંગોને તેઓશ્રીના આંતરજીવનના વિકાસના ક્રમોમાં ગોઠવ્યા છે. એમાં માત્ર શ્રીસદ્‌ગુરુનો ખંડ કદાચ અપવાદ ગણાય. વળી, દરેકે દરેક પ્રસંગ જે તે પુસ્તકમાંથી લેવાયો છે, તેનો આધારભૂત સંદર્ભ પુસ્તકના પ્રત્યેક પાને ફકરાના અંતે રાખવામાં આવેલી જગામાં છાપવામાં આવેલો છે. એમાં પણ એક અપવાદ છે. પૂજ્ય શ્રીમોટાનો લગ્નનો પ્રસંગ વિસ્તારથી લેવાયો છે. એમાં તેઓશ્રીનું આંતરમંથન અને પડકારને ઝીલીને જે સંગ્રામ ખેલાયો તેની વિગત કોઈ પુસ્તકમાં નથી. આ પુસ્તકના સંપાદકે ૧૯૭૧ના મૌન દરમિયાન પૂજ્ય શ્રીમોટાને એમનાં લગ્ન અંગે પૂછેલા સવાલના જવાબરૂપે તેઓશ્રીએ જે લખી આપેલું એનો આ ગ્રંથમાં સમાવેશ થયો છે. એ લખાણ ૧૯૭૩ના રામનવમી પ્રસંગે 'જીવન સ્ફુલિંગ' નામે જે સ્મૃતિગ્રંથ પ્રગટ થયેલો એમાં છપાયેલું છે. આથી, સૂચિમાં 'જીવન સ્ફુલિંગ'નો ઉલ્લેખ છે. કોઈ વિચક્ષણ વાચકને આ અંશ અંગે કશી શંકા ન ઊપજે એટલા માટે આટલો ખુલાસો કર્યો છે. પૂજ્ય શ્રીમોટાએ લખી આપેલાં જવાબનાં એ પાનાં સંપાદક પાસે સચવાયેલાં છે.

છેલ્લાં ચાર વર્ષ દરમિયાન જેનો વિચાર ક્યારેય પણ નહિ કરેલો, તથા સ્વાસ્થ્યની પ્રતિકૂળતા જોતાં આવા મોટા કાર્ય માટે તેમાં તત્પર થવાશે એવી કલ્પના નહિ, છતાં કોઈક અગોચર અને દિવ્ય ભાવનાએ અમારામાં કામ કર્યું છે, એવો અનુભવ અમે પામ્યા છીએ, એ જ અમારે મન તો આ ગ્રંથનો પ્રસાદ છે.

છેલ્લે એટલું કહેવાનું મન થાય છે કે ભારતીય આધ્યાત્મિક સાહિત્યમાં પ્રગટ થયેલા આધ્યાત્મિક આત્મકથનના ગ્રંથોમાં વૈજ્ઞાનિક નિરૂપણ કરતું આવું પુસ્તક ભાગ્યે જ હશે. પૂજ્ય શ્રીમોટાએ તો તેઓશ્રીનાં સ્વજનોને જુદા જુદા પ્રસંગોએ લખેલા પત્રો દ્વારા કહેવાયેલા પ્રસંગોમાં પોતાની જે હકીકત આલેખેલી એનું આ સંકલન થયેલું છે, એ એની વિશેષતા છે. આથી, આ ગ્રંથમાં આવતા પ્રસંગોમાં ક્યાંય સળંગસૂત્રતા ન જણાય એ સ્વાભાવિક છે.

અમને શ્રદ્ધા છે કે ગુજરાતી અધ્યાત્મરસિકો અને શ્રેયાર્થીઓને માટે આ ગ્રંથ માર્ગદર્શક બનશે.

**રમેશ ભટ્ટ**

તા. ૨૩-૭-૨૦૦૦

॥ हरिःॐ ॥

# ધન્યતા

પૂજ્ય શ્રીમોટાના જીવન અને કાર્ય વિશે સળંગ માહિતીવાળા પુસ્તકની જરૂરિયાત ઘણાં વર્ષોથી લાગ્યા કરતી હતી. ૧૯૭૫માં ‘પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય’ પુસ્તક પ્રગટ થયું હતું. એ પછી એનું પુનર્મુદ્રણ પણ થયું હતું. એની તમામ નકલો ખલાસ થઈ પછીથી વર્ષોથી એવા પ્રકારના પુસ્તકની ખોટ વરતાયા કરતી હતી. એ જ પુસ્તકનું પુનર્મુદ્રણ કરાવવાની માગણી પણ થતી હતી. શ્રી રમેશભાઈ ભટ્ટને આ અંગે વાત કરતાં એમણે પૂજ્ય શ્રીમોટાના એક વિસ્તૃત ચરિત્રનો ખ્યાલ રજૂ કર્યો. સ્વાસ્થ્ય બરોબર ન હોવાથી પોતે આ અંગેનો શ્રમ ઉઠાવી શકે એમ ન હતા. આ રીતે ત્રણચાર વર્ષ પસાર થયાં.

એક દિવસ શ્રી રમેશભાઈએ ‘ભગતમાં ભગવાન’ પુસ્તકની પોતાના મનમાં રહેલી રૂપરેખા રજૂ કરી. એ સાંભળનારાઓને ખૂબ આવકારદાયક લાગી અને એમાંના સુરતનિવાસી સદ્‌ભાવી સ્વજને આવા પુસ્તકની છપામણીનો બધો જ ખર્ચ આપવાની તત્પરતા દર્શાવી. આ પછી શ્રી રમેશભાઈમાં અદમ્ય ઉત્સાહ આવ્યો અને શ્રી પ્રભુદાસ જાની અને શ્રી કમલેશ શેઠની મદદથી આ કામ હાથ પર લીધું. અને પૂજ્ય શ્રીમોટાના પ્રગટ થયેલાં ચુંમોતેર પુસ્તકોમાંથી સામગ્રી એકઠી કરી આ પુસ્તક તૈયાર કર્યું. શ્રી રમેશભાઈ તથા એમના સહાયકો જણાવે છે તેમ શ્રીસદ્‌ગુરુની પરમ કરુણા અને પ્રેરક શક્તિથી જ આ કાર્ય અઢી માસના સમયમાં પૂરું કરી શકાયું. પૂજ્ય શ્રીમોટાના જ શબ્દોમાં આટલું વિસ્તારવાળું તથા તેઓશ્રીના વ્યાપક કર્મને સમાવી લેતું આ પહેલું જ પુસ્તક છે. પૂજ્ય શ્રીમોટાના અગાઉ પ્રગટ થયેલા બધા જ ચરિત્રગ્રંથોની ખોટ પૂરી પાડે એવું આ પ્રકાશન છે.

આ પુસ્તકની એક હજાર નકલના પ્રકાશનનો ખર્ચ મળ્યો. પછી અમદાવાદના એક સદ્‌ભાવી સ્વજને વધારાની બીજી હજાર નકલનો ખર્ચ આપવાની તત્પરતા દર્શાવી. આથી, પુસ્તકની શક્ય તેટલી વધુ નકલો છપાવવાનું યોગ્ય ધાર્યું. આ પુસ્તક પ્રજાનો બહોળો વર્ગ વસાવી શકે એ માટે પડતર કિંમત કરતાં માત્ર પ્રતીક રકમથી પુસ્તકનું વેચાણ કરવાનું ટ્રસ્ટે નક્કી કર્યું છે.

'ભગતમાં ભગવાન'ના સંપાદનકાર્ય માટે શ્રી રમેશભાઈ ભટ્ટ તથા એમના સાથીમિત્રો શ્રી પ્રભુદાસ જાની અને શ્રી કમલેશ શેઠના અમો આભારી છીએ.

આવરણ સજાવટ માટે શ્રી મયૂર જાનીએ ભક્તિભાવથી સેવા આપી છે, તે બદલ અમો એમના આભારી છીએ.

પુસ્તકનાં આરંભનાં પાનાંની કલાત્મક ગોઠવણી કરી આપવા બદલ તથા ગ્રંથની સજાવટમાં સહયોગ આપવા બદલ શ્રી સુધીરભાઈ શાહ (બી.એસ.શાહ ઍન્ડ સન્સ)ના અમો આભારી છીએ.

આ ગ્રંથમાંના ફોટાઓ સુલભ કરી આપવા બદલ શ્રી પંકજ પ્રોસેસ સ્ટુડિયોવાળા શ્રી રમેશભાઈ સરૈયાના અમો આભારી છીએ.

આ ગ્રંથના સંપાદન-લેખનની યોજના ગોઠવાઈ ત્યારથી શરૂ કરીને એના વિતરણ કરવા સુધીના કાર્યમાં સર્વ રીતે સહાયરૂપ થવા બદલ 'હરિવાણી ટ્રસ્ટ' (અમદાવાદ)ના અમો આભારી છીએ. 'હરિભાવ' માસિકે આ ગ્રંથની યોગ્ય જાહેરાત કરીને નોંધપાત્ર સેવા આપી છે, એના સંપાદકને અમો ધન્યવાદ આપીએ છીએ અને આભાર માનીએ છીએ.

આ પુસ્તકના સંપાદનકાર્ય માટે પાટડી (જિ. સુરેન્દ્રનગર)માં પૂજ્ય દયાનંદ તીર્થ (દાસાનુદાસ)ના આશ્રમ-આબુરાજ અન્નક્ષેત્ર-માં જે સુવિધા અને સેવા અપાઈ એનું મૂલ્ય અમારા દિલથી અનેકગણું છે. વળી, આ ગ્રંથને તૈયાર થવા દેવામાં જેમણે જેમણે સરળતા, સાનુકૂળતા, પ્રોત્સાહન અને સહાનુભૂતિ આપ્યાં છે, એ બધાંનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનું આ પુસ્તક પ્રગટ કરતાં અમે ધન્યતા અનુભવીએ છીએ. પ્રજા આ ગ્રંથને આવકારશે એવી શ્રદ્ધા રાખીએ છીએ.

તા. ૨૩-૭-૨૦૦૦

**ટ્રસ્ટીમંડળ,**
**હરિઃૐ આશ્રમ, સુરત**

॥ हरिःॐ ॥

# સમર્પણાંજલિ

## (છઠ્ઠી આવૃત્તિ)

સને ૧૯૨૬ની સાલમાં ભરૂચ જિલ્લાના હાંસોટ ગામે જન્મેલા, કઠોર પરિશ્રમ, અભ્યાસ, ખંત અને આત્મવિશ્વાસના બળે જેમણે આઝાદી પછી ભારત દેશને દવાઓનાં ક્ષેત્રે સ્વાવલંબી કરવાના સંકલ્પ સાથે, એમ. આર. જેવી નાના પાયાની નોકરીથી શરૂ કરીને દવા ઉદ્યોગમાં નામાંકિત વટવૃક્ષ સમી કંપની બનાવીને વિવિધ રોગોની દવાઓનાં સંશોધનક્ષેત્રે નિપુણતા કેળવી છે અને જીવલેણ રોગોની પ્રથમ ભારતીય દવાઓ લોકભોગ્ય સરળ ભાવે દેશમાં ઉપલબ્ધ કરાવી છે. ખેડૂતો માટે કૃષિક્ષેત્રે વધુ ઊપજ મળે તેવાં બિયારણ અને નવી પેદાશોના સંશોધક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક ઍવોર્ડના અધિકારી, અને આ તમામ ભૌતિક ઉપલબ્ધિઓ બાદ જેમણે પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહ અને આધ્યાત્મિક વિચારોથી પ્રેરાઈને 'જીવનમાં બધું મેળવ્યું, હવે હરિ પામવો છે.' અંતરના એ અવાજને અનુસરીને આત્માની જાગૃતિ અર્થે હરિઃૐ આશ્રમ, સુરતમાં નિયમિતપણે દર વર્ષે એકવીસ દિવસના એક એવાં ચૌદ મૌનઅનુષ્ઠાન કરનાર, જીવનની સંધ્યાકાળે શ્રીહરિની લગનીમાં મગ્ન રહેનાર અને પૂજ્ય શ્રીમોટાને હરહંમેશ યાદ કરનાર

કેડીલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક

પરમ આદરણીય સદ્‌ગત

**શ્રી ઈંદ્રવદનભાઈ અંબારામભાઈ મોદી**

અને તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી શિલાબહેન ઈંદ્રવદનભાઈ મોદી**ને

**'ભગતમાં ભગવાન'** પુસ્તકની આ છઠ્ઠી આવૃત્તિનું પ્રકાશન આનંદપૂર્વક સમર્પણ કરીએ છીએ.

તા.૨૪-૧૦-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ,**
નૂતન વર્ષ, સંવત ૨૦૭૧ **હરિઃૐ આશ્રમ, સુરત**

# ભાગવતી હેતુથી પ્રગટન

*મારી સાધનાના પ્રસંગોની હકીકત મારા 'જીવન દર્શન' પુસ્તકમાં મેં વિસ્તૃત રીતે લખી છે. જેમને રસ હોય તેઓ તે જરૂર વાંચે. જેમ મનુષ્યના જીવનમાં બાલ્યવયના ઘડતરને અતિ મહત્ત્વનું ગણ્યું છે તેમ સાધનામાંય શરૂઆતનો કાળ ઘણો જ મહત્ત્વનો હોય છે. એટલા માટે મેં મારી સાધનાના પ્રારંભકાળને આ પુસ્તકમાં ક્રમબદ્ધ આલેખ્યો છે. જેથી, વાચક તે સરળતાથી સમજી શકે. મનુષ્યનાં પ્રકૃતિ અને સ્વભાવ એકસરખાં હોતાં નથી. દરેક માણસનાં પ્રકૃતિ અને સ્વભાવ નોખાં નોખાં હોવાનાં એટલે તે અનુસાર દરેકની સાધના પણ નોખા નોખા પ્રકારે જ થવાની. એકે અમુક પ્રકારે સાધના કરી તો બીજો તે જ પ્રકારે સાધના કરશે એવું નહિ બનવાનું. વળી, ભગવાનનું નામ લીધું એટલે સાધના થઈ ગઈ એવું માનવાની પણ રખે કોઈ ભૂલ કરે. નામસ્મરણ એ તો હૃદયની શુદ્ધિ કરવાનું એક સાધનમાત્ર છે અને તે દ્વારા ભગવાનની ભક્તિમાં સ્થિર અને દૃઢ થવાય છે અને સાધનામાં આગળ વધવા માટે તે પ્રેરણાને મદદરૂપ થાય છે. શ્રેયાર્થીએ આ બધું જાણવાની, સમજવાની અને તેમાં ઊંડા ઊતરવાની જરૂર છે. એમ નહિ બને તો શ્રેયાર્થી જ્યાંનો ત્યાં પડી રહેશે અને સાધનામાં તેની પ્રગતિ થશે નહિ.*

*યુદ્ધમાં જો સૈનિક બરાબર સાવધ રહે અને દુશ્મનની ચાલ પારખીને લડે તો જ તે જીતે છે, તેમ સાધના પણ જીવનના ઊર્ધ્વીકરણ માટેનું એક યુદ્ધ જ છે અને શ્રેયાર્થી તેમાં સતત સાવધ રહીને પાર પડે છે તો જ તે સિદ્ધિને વરે છે, પણ સિદ્ધિ વરવી એમ કંઈ સહેલી નથી.શ્રેયાર્થીની ઘણી વાર એમાં ચડપડ થાય છે અને કોઈ વાર તો સિદ્ધિની મોહામણી ભુલભુલામણીમાં અટવાઈ જઈ તે શ્રેયાર્થી એક માર્ગને બદલે બીજે માર્ગે પણ ચડી જાય છે. આમ, સિદ્ધિ વરવા જતાં*

ભયસ્થાનો પણ ઘણાં આવે છે. ઘણી વાર શ્રેયાર્થીનો કેફ પણ એને સાધનામાં આગળ જતાં રોકી રાખતો હોય છે.

આથી જ ભગવાનના નામ અને ભક્તિનો મેં મહિમા ગાયો છે. આથી, આપણું અહમ્ ટળે છે, રાગદ્વેષ મોળા પડે છે, કશી આશા-અપેક્ષા રહેતી નથી, હૃદય નિર્મળ થાય છે અને ખળખળ વહેતી નદી જેમ સાગરમાં ભળી જાય છે એમ ભગવાનનું નામ લેવાથી આપણો આત્મા પ્લાવિત થઈને ભગવદ્ભાવમાં ભળી જાય છે. આથી, મનમાં જે પ્રસન્નતા રહે છે, શાંતિ પ્રવર્તે છે અને તૃપ્તિ થાય છે તે લાખો રૂપિયા આપવા છતાં પણ સંસારમાં ન મળે એવાં છે. મારી આ વાત જગતને હું કેવી રીતે સમજાવું ?

મારી સાધનામાં ભગવાનના નામને આથી જ મેં મુખ્ય ગણ્યું છે. કોઈ મને પૂછે કે મોટા, ભગવાનના નામમાં તમને શું મળ્યું ? તો હું તેને કહું કે ભગવાનના નામથી મને શું નથી મળ્યું ?

(૧) મને ભગવાને એનો બનાવ્યો એ પહેલું મળતર.

(૨) ભગવાને મને એની ભાવપ્રસાદી આપી અને મેં તે એકલા ન આરોગતાં સર્વને ધરી એ બીજું મળતર.

(૩) બુડથલ જેવા મારી પાસેથી એણે શાસ્ત્રો જેવાં કેટલાંય પુસ્તકો લખાવ્યાં એ ત્રીજું મળતર.

(૪) લોકકલ્યાણનાં કાર્યો માટે લાખો રૂપિયા અપાવરાવ્યા એ ચોથું મળતર.

(૫) આટઆટલી માંદગીઓ છતાં એની છત્રછાયાથી હું સ્વસ્થતાથી જીવી શકું છું એ પાંચમું મળતર.

(૬) આબાલવૃદ્ધ મારા જે ચાહકો છે તેમના દિલમાં મને સ્થાન મળ્યું છે. અને 'મોટા'ને અમુક વસ્તુ જોઈએ છે તેનું નામ પડતાં જ તે મને મળી જાય છે. આવો લોકોનો નિર્વ્યાજ પ્રેમ મળ્યો છે એ છઠ્ઠું મળતર.

આમ, ભગવાનને મેં કશું નથી આપ્યું છતાં ભગવાને મને કેટકેટલું આપ્યું છે ? ભગવાને સર્વોત્તમ ભેટ તો મને ભાવની બક્ષી છે. જે ભાવ દ્વારા સૌની સાથે દોસ્તી કરવાની મને તક મળે છે અને તેમને ભગવાનનો ભાવ પહોંચાડવામાં હું નિમિત્ત બનું છે. તેના રસનો જે સ્વાદ મેં ચાખ્યો છે તેની તોલે જગતનો કોઈ સ્વાદ આવે એમ નથી. જેમ જેમ હું એની સમીપ ગયો છું તેમ તેમ એનું સ્વરૂપ મને નિરનિરાળું લાગ્યું છે, જેને શબ્દોમાં હું વર્ણવી શકતો નથી. એથી જ આ પુસ્તકમાં મેં ગાયું છે કે 'સર્વશ્રેષ્ઠ हरि જ છે.'

ઈશ્વરની આવી બલિહારી છે. એ ઈશ્વરનો થવા માટે મેં જે જે પ્રયત્નો કર્યા છે તેને ટૂંકમાં આ પુસ્તકમાં રજૂ કર્યા છે. મારા ગુરુમહારાજે મને સાધનામાં દીક્ષિત કર્યો ત્યારે કહેલું કે 'ઈશ્વરને માર્ગે જતાં જતાં તને જે જે અનુભવો થાય તેને તું હૃદયમાં સંઘરી ના રાખીશ, પરંતુ જેઓ ભગવાનને માર્ગે જવા માગે છે તેમને તારા અનુભવોની જાણ કરજે. મેં તને જેમ ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કર્યો છે તેમ તું પણ લોકોને ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કરજે.' લોકોને ઈશ્વરાભિમુખ કરવા માટે આથી જ મારી

હર્ષા
૧૬-૧૮

સાધનાના અનુભવોની જાણ હું કરી રહ્યો છું કે જેથી કોઈને પણ એનો રંગ લાગે. મારા ગુરુમહારાજને આ જ મારી ગુરુદક્ષિણા છે.

આ પ્રસંગો લખેલા છે, એટલે તે આત્મશ્લાઘા છે એવું પણ નથી. એક ને એક બે કહીએ એમાં જેમ સંપૂર્ણ વાસ્તવિકતા છે, તેમ જીવનમાં જે જે રીતે જે જે કંઈ બનેલું છે, તેને તે રીતે જ તાદૃશ્યપણે હકીકતના રૂપમાં અમુક ખાસ ભાગવતી હેતુથી જ પ્રગટાવવું તેને આત્મશ્લાઘા ન ગણાય. આટલું લખવું પડ્યું છે તે પણ કોઈકના વિચારને કારણે. જીવનના જે નક્કર, સ્વાભાવિક, વાસ્તવિકપણે બનેલા પ્રસંગો છે તેને તે રીતે કથવા, અને તે પણ એવું નિમિત્ત પ્રગટતાં કથવા, તે અમારે માટે તો તદ્દન યોગ્ય છે. આ તો જીવનની એક હકીકતનું પ્રાગટ્ય ખાસ હેતુપૂર્વક થયેલું છે. વખાણમાં અને આવી હકીકતના પ્રાગટ્યમાં ફરક છે. આત્મશ્લાઘામાં પ્રત્યક્ષ જીવનની વાસ્તવિકતા પ્રગટેલી ન હોય અને અતિશયોક્તિ પણ હોય. આ બધું જેમ ઉપર લખ્યું છે, તે તો બધું જેમ ખરેખરું બન્યું છે, તેમ જ લખ્યું છે. તેમાં એક અક્ષર ઓછોવત્તો નથી કર્યો. નરસિંહ મહેતાને ભગવાને હાથોહાથ હાર આપ્યો, તેવા પ્રકારના આ બધા પ્રસંગો છે, અને તમારું બધાં સ્વજનોનું થોડું ઘણું પણ

દર્શન
૯૩

વળગી રહેવાનું જે બને છે, તેના મૂળમાં તો આવા પ્રકારના પ્રત્યેકને અનુભવમાં પ્રગટેલા કોઈક ને કોઈક નિમિત્ત પ્રસંગો છે.

આ બધું તમને હું લખું છું તે પ્રભુકૃપાથી આ જીવે તેમ આચરણ કરેલું છે તેથી. સેવાના માર્ગમાં અનેક પ્રકારનાં જુદાં જુદાં પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે સુમેળ, પ્રેમ, સહાનુભૂતિ, શુભેચ્છા રાખી રાખીને અને આત્યંતિક છેવટ સુધીની નમ્રતા રાખી રાખી કેળવીને તેવા તેવા જીવો સાથે વર્તવાનું થયેલું છે માટે. વળી, તે તે કર્મમાં કદી પણ હુંપદ ન પ્રગટે એની તો કેટકેટલી જાગ્રતિ પ્રભુકૃપાથી સેવેલી છે ! આ જીવને તેવા સેવાના ક્ષેત્રમાં કર્મમાં કંઈ બીજાથી કરીને

અન્યાય નહિ થયેલા હોય એવું તો મુદ્દલે ન હતું, પરંતુ તેમ છતાં તે બધાંયની ઉપર એકમાત્ર સદ્‌ભાવની જ ભાવના સર્વત્ર જીવતીજાગતી રહ્યા કરે એવું ભાન અને સચેતનતા રાખ્યા કરવાનું પ્રભુકૃપાથી થતું હતું. એકમાત્ર કામ કર્યા કરવાનું જ મૂગે મોઢે કર્યા કરતો અને વિશેષ ને વિશેષ કેમ કરીને મારા પોતાના જ કર્મનું મનનચિંતવન થયા કરે,તેવી રીતે પ્રવર્તમાન થયા કરવાનું બન્યા જતું.

ભગવાનનું સ્મરણ, એની પ્રાર્થના, એનું ભજન એ જ મારું એક મહત્ત્વનું સાધન તે તે કાળે હતું. અને પાછું તેથી કરીને મળેલાં કર્મમાં કોઈપણ જાતની ઊણપ ન પ્રગટી શકે, તે પણ ઉત્તમમાં ઉત્તમ રીતે શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવનાથી થયા કરે અને તે પણ સાધનાની એક પ્રક્રિયા જ છે, એવું ભાન મનાદિકરણોને પ્રગટાવેલું રખાવવાને પ્રભુકૃપાથી બન્યે જતું. આવી બેવડી રીતની સાધના થયા જતી હતી. સ્વભાવ અને પ્રકૃતિને નીચેથી ઉપર લઈ જવાની એક પ્રવૃત્તિ અને સાધનાના સાધનના અભ્યાસમાં પ્રેમભક્તિથી અને તેના જ્ઞાનના હેતુને લક્ષમાં રાખી રાખીને ભાવને અવતરણ થવાની પ્રક્રિયામાં સભાનપણું પ્રગટાવવાનું બન્યા જવું તે બીજી પ્રવૃત્તિ. આમ, જે રીતે પ્રભુકૃપાથી જીવન જીવી જાણ્યું છે, તે જ રીત હું તમને બધાંને બતાવું છું. દર્શન ૧૬૬-૧૬૭

આ ચોપડીમાંના કાગળો કોઈ એક જ વ્યક્તિને સંબોધીને લખાયેલા છે, તેમ છતાં તે કંઈ માત્ર એકલી તે જ વ્યક્તિને ઉદ્દેશીને છે, તેવું કશું નથી. લેખકના જીવનની સાથે સાધનાભાવે સંકળાયેલા જીવોને સંબોધીને તે કાગળો લખેલા છે. કેટલીક વાર પરોક્ષ રીતે કહેવાયેલું આપણને વધારે અસરકારક પણ નીવડતું હોય છે. જે જે એવા જીવો જ્યારે તે લખાણ વાંચશે અને એમાંનું અમુક અમુક મુદ્દાવાળું લખાણ પોતાને જ ઉદ્દેશીને છે એમ જ્યારે તેને સમજાશે, ત્યારે તેને તે વાંચીને ગતિમાં પ્રગટવા કાજે આનંદ ઊપજવાનો.

આ કાગળોમાં જે કેટલીક અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે, તે હકીકત સાચી હોવા છતાં તેવું ગમે ત્યારે ફરી ફરી તેમ બની શકવું જોઈએ એવું એનું કશું ધારાધોરણ નથી હોતું. જોકે એવું બધું કંઈ યદ્વાતદ્વાપણે હેતુ વિના બનતું હોતું નથી. એની પણ કોઈ ગૂઢ સૂક્ષ્મ કાર્યકારણપરંપરા તો હોવી ઘટે. એની કાર્યકારણપરંપરા જાણનાર કોઈ વિરલા હોય છે. આવી અદ્‌ભુત પણ સત્ય ઘટનાઓ જીવનમાં જ્યારે બનતી હોય છે, ત્યારે જે જે જીવને તે તે પળે તે તે હકીકતોને તેના સત્ય સ્વરૂપમાં સમજવાનું બને છે, અને તે યોગ્ય જ્ઞાનભાવે

હૃદયમાં હૃદયથી પૂરું યથાર્થ સ્વીકારવાનું જો બની શકતું હોય છે, તો તેવા જીવનું ઊંચે આવવાપણું સરળ બની જતું હોય છે.

જે જીવથી જીવનમાં મળતી આવી ઉત્તમ કૃપાતકોને ઓળખવાનું, સમજવાનું, એના યથાર્થ ગૂઢ ભાવાર્થથી સ્વીકાર કરવાનું બની શકતું નથી, તે જીવની હજી અંતરની આંખ ઊઘડી નથી એમ નક્કી સમજવું. ચોપડીમાં જણાવેલા છે એવા ચમત્કારિક પ્રસંગો પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થયેલા અનુભવવા તે પણ કંઈ નાનીસૂની વાત નથી. કૃપા હોવા છતાં કૃપાને તેના તેવા યોગ્ય ભાવાર્થમાં જ્યારે હૃદયથી સ્વીકારાતી નથી, ત્યારે કૃપાને વ્યક્ત થવાનાં કારણોને તે પોતાની મેળે થઈને તે પોતે (તેવો જીવ) અફળ બનાવી દેતો હોય છે, તે પણ એક તદ્દન સત્ય હકીકત છે.-ભલેને પછી તેવું તે તે જીવોથી તેના વાસ્તવિકપણામાં સ્વીકારાતું ન હોય !

જીવનવિકાસની ભાવનાર્થે જે જે સ્વજનો મળેલાં છે, તેમને તેમને ચેતાવવા કાજે હૃદયના સાલતા ઊંડા દર્દથી જે વાણી ઉચ્ચારેલી છે, તેને તે તે સ્વજન પૂરેપૂરા ભાવથી વિચારે, સમજે અને તેને યથાર્થ વર્તનપાલનમાં મૂકવાને પ્રભુકૃપાથી કરી જ્ઞાનભક્તિભાવે જાગ્રત પૂરો તનતોડ પ્રયત્ન કરે, એવો આ પત્રોના લખવાપણાનો હેતુ છે. સત્ય, સત્ય હોવા છતાં એનો જ્યારે હૃદયમાં હૃદયથી એના યોગ્ય ભાવાર્થમાં જ્ઞાનપૂર્વક જીવથી પૂરો સ્વીકાર થતો હોતો નથી, ત્યારે તે તેના જીવનમાં કશો ભાગ ભજવી શકતું નથી. આ હકીકતને પ્રત્યેક સાધક-સ્વજન હૃદયમાં હૃદયથી સમજે એવી પ્રાર્થના છે.

પોકાર
પ્રસ્તાવના

આવું બધું લખવાનું કારણ તો એ છે કે હજી પણ આવા લોકો પડેલા છે. આ કાળમાં આવી હકીકતોનું સાચાપણું લોક માનતા નથી, તો તે વિશે શ્રીપ્રભુકૃપાથી જો કોઈક જીવને લાગવાપણું બની શકે તો તેમ બની શકે, એવા સમજણપૂર્વકના હેતુથી આવી બધી હકીકત લખી છે અને છપાવા પણ દીધી છે.

પોકાર
૬૮

આ બધું છપાવવા દેવાની ગંભીરતા અને તેનું મહત્ત્વ પણ ખ્યાલમાં રાખીને તેમ થવા દીધું છે.

તા. ૮-૨-૧૯૫૪ના સમયમાં મારે છતા થવું ન હતું.

આ ચોપડીમાં કોઈક એક મહાત્માની હકીકત લખેલી છે. તે મહાત્મા તે બીજો કોઈ નહિ, પરંતુ આ જીવ જ છે. હવે, જીવનના છેલ્લે આરે છું, ત્યારે મારે શ્રીપ્રભુકૃપાથી છતા થવું એમ હૃદયમાં હૃદયથી લાગવાથી આટલો યોગ્ય ખુલાસો કર્યો છે.

પોકાર
લેખકના બે
બોલ

આ ચોપડીમાં તે મહાત્માની જે જે બનેલી હકીકતો લખેલી છે,

*તે તે પ્રત્યક્ષ અનુભવનાર હજુ બધાં જ જીવતાં છે, તે હકીકત તેના સંપૂર્ણ યથાર્થપણાએ લખાઈ છે. ક્યાંયે મુદ્દલે અતિશયોક્તિ નથી.*

*તા. ૨૮-૧૦-૧૯૭૧*

*મારા જીવનમાં ચમત્કારિક લાગે એવી ઘટનાઓ બની છે, પણ મેં તેને મહત્ત્વ આપ્યું નથી કે તેમાં રાચીને તે વાગોળ્યા કરી નથી કે તેની આળપંપાળ કરી નથી, પરંતુ ભગવાને મારી સાધનાશક્તિને વેગ મળે તે માટે આવા પ્રસંગો યોજ્યા હશે તેમ માનીને હું તો મારી સાધનામાં જ મંડ્યો રહ્યો હતો. શ્રેયાર્થીએ પણ તેની સાધનામાં કદાચિત્ કોઈ ચમત્કારિક ઘટના બને તો તેમાં પડી નહિ રહેતાં પોતાની સાધનામાં જ આગે બઢવાનું રાખવું. તેમ નહિ થાય તો 'નહિ અહીંના, નહિ તહીંના' ત્રિશકું જેવી સ્થિતિ થઈ જશે.*

*આધ્યાત્મિક માર્ગમાં ચમત્કારને લોકોએ બહુ મહત્ત્વ આપ્યું છે તે બિરદાવવા જેવું નથી. જેને પ્રભુ માર્ગે જવું છે તેને બીજા કોઈની શક્તિ કેટલી કામમાં આવવાની ? આપણા જીવનમાં કદાચ કોઈ ચમત્કાર બન્યો તેથી કરીને આપણી સાધનાનું ધ્યેય પ્રાપ્ત થઈ ગયું તેમ આપણે કહી શકીશું ખરાં ?*

*આજે જ્યારે ચમત્કાર વિશે લખવા બેઠો છું ત્યારે મારે મારા ચાહકોને પણ તે વિશે વિનંતી કરવાની કે તમારા જીવનમાં મારી પ્રાર્થનાથી કરીને કોઈ શુભ ઘટના બની હોય તો તે માટે મને ન બિરદાવતાં મારા ભગવાનને બિરદાવજો, કારણ કે મેં તો તમારે માટે પ્રાર્થના કરી હતી, પરંતુ તમારું પાર પાડવાનું કામ તો એના હાથમાં હતું અને એણે તે પાર પાડ્યું તે માટે એનાં ગુણગાન ગાજો. ભગવાને મને એનો ખેપિયો બનાવ્યો છે અને મને તે જે આદેશ અને સંદેશ આપે છે તે તમને હું આપું છું. મને તેમાં આનંદ છે.*

પ્રભાત
૨૦-૨૧

***શ્રીમોટા***

॥ हरिःॐ ॥

॥ हरिःॐ ॥

## અનુક્રમ

### ખંડ-૧ : સર્વથી જુદી ભાતના

(૧) પાંચ વર્ષ સુધી સુખી જીવન-સાવલીથી કાલોલ-ધરુ રોપવાની મજૂરી-મહેનતથી પહેલે નંબરે-ચોરો સાથે પ્રસંગ-ચોરીના લાડુ [૫] (૨) તોલાટની નોકરી-પ્રમાણિકતા ખાતર નોકરી ત્યાગ-ફરી ભણવાનું શરૂ-દળણાં માટે બાને મુશ્કેલી [૧૦] (૩) પિતાને મારઝૂડ-રાવ સાહેબની મદદ-સૌ સલામો ભરે એવા થવાનો સંકલ્પ [૧૩] (૪) શાળામાં પટાવાળાનું કામ-દોઢ વર્ષમાં ચાર ધોરણ [૧૬] (૫) પેટલાદ હાઈસ્કૂલમાં-વીંટી પહેરવાનો પ્રસંગ [૧૮] (૬) જાનકીદાસજીનો પરિચય-સેવા અને આશીર્વાદ-સરયૂદાસજીના આશીર્વાદ-જાનકીદાસનું ચરિત્ર [૧૯] (૭) મૅટ્રિકની પરીક્ષામાં ગેબી મદદ-મહાભારત વિશે નિબંધ [૨૨] (૮) વડોદરા કૉલેજમાં-સિનેમા જોવાનું મન-રસ્તામાં તોફાનનો પ્રસંગ [૨૮] (૯) મુક્તિસંગ્રામનો પેગામ-કૉલેજ ત્યાગ-વિદ્યાપીઠ પ્રવેશ-'નવજીવન' વેચી નિર્વાહ [૩૨] (૧૦) ગાંધીજીના ઉદ્‌બોધનથી વિદ્યાપીઠ ત્યાગ-ગાંધીજીની હાકલથી ડિગ્રીનો મોહ ત્યજી હરિજન સેવા [૩૭] (૧૧) આશ્રમ અને શાળાનાં બેવડાં કામ-બેવડાં વેતન સામે ફરિયાદ-ગાંધીજીની મુલાકાત-ફેફરુંનો આરંભ [૪૦] (૧૨) નર્મદાકાંઠે સાધુની સેવા-હરિઃૐ મંત્ર જપવાની સલાહ-જીવનનો અંત આણવા નર્મદામાં પડવું-ચમત્કારિક બચાવ અને નામસ્મરણનો આરંભ-વડોદરામાં મેડી ઉપરથી ગબડવું-સાધુનાં દર્શન-પ્રયોગ કરી જોવા સલાહ-આધ્યાત્મિક માની પ્રેરણા-નામસ્મરણથી ત્રણ માસમાં રોગ મટ્યો [૪૪] (૧૩) રોગ મટવાનાં કારણોની શોધ-ગાંધીજીને એની જાણ-ગાંધીજીના આશીર્વાદ [૪૮]

### ખંડ-૨ : અહો અહો શ્રીસદ્‌ગુરુ !

(૧) ભૂમિકા [૫૫] (૨) બાળયોગી સાથે અદ્‌ભુત રીતે પરિચય-અમદાવાદમાં એમની લીલાનાં દર્શન-[૫૫] (૩) નડિયાદમાં બાળયોગીનું આગમન-દીક્ષા માટે મકાન-જળાશય-એકાંત વગેરેની માગણી [૫૮] (૪) હાજી મંજિલમાં વસંતપંચમીએ દીક્ષા-બે ભ્રમર વચ્ચે ખીલાના દટ્ટાનો પ્રહાર-ત્રણ દિવસ લગી ભાવાવસ્થા [૬૨] (૫) બીજી વખત બાળયોગીનું આગમન-ડાકોરમાં (મગરમચ્છનાં) દર્શન [૬૬] (૬) ત્રીજી વખત

બાળયોગી-શેઢી નદીના કિનારે વડ ઉપર સાધના- [૬૮] (૭) ધૂણીવાળા દાદાજીનાં દર્શન-દાદાજીનું વિચિત્ર વર્તન-ઈંદોરના રાજાનો પ્રસંગ-અલૌકિક રીતે સૂચનો-શ્રીફળનો પ્રહાર-[૬૯] (૮) બીજી વખતે દાદાજીનાં દર્શને-નિષ્કામ સાધુનો પ્રસંગ-દેશસેવામાંથી હરિસેવાનો આદેશ-ગૂઢ સાધનો-એક વિદ્વાનનો પ્રસંગ-[૭૭] (૯) અચાનક ઉપાસની મહારાજ નડિયાદમાં-વિચિત્ર લીલાઓ-સાકુરી આવવા આદેશ-નડિયાદમાં દસબાર દિવસનો મુકામ [૮૪] (૧૦) ઉપાસનીનું સ્મરણ-સાકુરીમાં અદ્‌ભુત અનુભવ-સમાધિભાવ-સાક્ષીભાવ [૯૪]

## ખંડ-૩ : પ્રભુના પ્રેમ ખાતર

(૧) મોટા ભાઈની બીમારી-સારવાર માટે દેવું, હરિજન સેવામાં મુશ્કેલી-તીવ્ર માનસિક ભીંસ-ગેબી મદદ [૧૦૩] (૨) સ્વપ્નમાં સ્થળ સંકેત-સાધનાનો વ્યવસ્થિત વિકાસ [૧૧૧] (૩) પડકાર ઝીલવાની હિંમત [૧૧૪] (૪) મર્દાનગી-રંજાડનારને પડકાર [૧૧૭] (૫) બોકડની બાવળીમાં સાધના [૧૨૦] (૬) અભયની કેળવણી-ભયંકર એકાંતમાં સાધના [૧૨૩] (૭) સાધનામાં સંગ્રામ [૧૨૮] (૮) પુરુષાર્થ અને પ્રાર્થનાની શક્તિ-અહમ્‌ને ફટકો-લોકનિંદાનો સામનો-નમ્રતાની કેળવણી-અન્યાયનો સ્વીકાર-લાચારીમાંથી વિકાસ [૧૩૦] (૯) અસ્પૃશ્યતા નિવારણ સંમેલન-જ્ઞાતિજનોનો વિરોધ [૧૩૬] (૧૦) લગ્ન-સમાધિ [૧૩૯] (૧૧) બોદાલમાં સર્પદંશ-અખંડ નામસ્મરણ [૧૪૫] (૧૨) ત્રેસઠ ધૂણીની સાધના [૧૪૮] (૧૩) સાધનામાં કટોકટી-હરિદ્વારના કુંભમેળામાં ગુરુમહારાજ પાસે જવું [૧૫૦] (૧૪) જેલવાસ [૧૫૨] (૧૫) એકાગ્રતાના પ્રયોગો- સાધનાનાં રહસ્યો સમજાઈ જવાં-શાળામાંથી રાજીનામું-અન્ય શાળામાં સેવા-તોફાની વિદ્યાર્થીને માર-ધારાસણામાં લાઠીમાર સહ્યો [૧૫૩] (૧૬) સ્વપ્નમાં માર્ગદર્શન-ગુરુની સન્મુખતા [૧૫૮] (૧૭) મનની નીરવતા [૧૬૦]

## ખંડ-૪ : ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ

(૧) જંગલમાં જળાશય પાસે સાધના [૧૬૫] (૨) મેલી વિદ્યાના ઉપાસકનો પ્રસંગ-કમળપૂજાનો પ્રસંગ [૧૬૭] (૩) જેલવાસ-મંત્રીપદે નિમણૂક-સાધનામાં મંદતા-પ્રાર્થનાઓ, ભજનો વગેરે-કવિ સાગરની મુલાકાત-તેમના સૂચનથી ભજન-પ્રાર્થનાની પોટલી તળાવમાં [૧૭૧] (૪) નવસારી આશ્રમમાં સાધના-અને કર્મ-મુશ્કેલીઓ-સદ્‌ગુરુનું પ્રત્યક્ષ થવું-મુશ્કેલીનું નિવારણ [૧૭૪] (૫) સ્વપ્ન દ્વારા માર્ગદર્શન-ભણાવવાની પદ્ધતિ-સાથે સાધના [૧૮૩] (૬) બસ અકસ્માત-સાઈકલ પ્રવાસનો પ્રસંગ [૧૮૭] (૭) ધૂંવાધારના ધોધમાં સાધના-ગુરુમહારાજનાં દર્શન [૧૮૯]

(૮) યમુનાજીની આરતી-ભક્તિ માટે સંગીતનું મહત્ત્વ [૧૯૨] (૯) હિમાલયમાં બરફની ગુફામાં બેઠેલા મહાત્માનાં દર્શન-જેલમાં બીમારી-ગુરુની મદદ-લાઠીમાર-હિમાલયમાં અઘોરી બાવાની મુલાકાત [૧૯૪] (૧૦) સગુણ સાક્ષાત્કાર [૨૦૫]

## ખંડ-૫ : પદરજનો પ્રતાપ

(૧) સાધનામાં ભયંકર અવરોધ-બીજાં ગૂઢ સાધનો [૨૧૧] (૨) સ્વીકારાત્મક ભૂમિકા-હુકમ પાલન-નિરાગ્રહ [૨૧૩] (૩) ઉચ્ચતમ ભૂમિકાઓ-રક્ષણ માટે સૂક્ષ્મ આભામંડળ-અણુને ફોડવાની સાધના [૨૧૫] (૪) લોહીના ઝાડા-ઠક્કરબાપા માટે ફાળો-ચમત્કારિક મદદ-[૨૧૭] (૫) અઘોરી પ્રકારની સાધના [૨૨૦] (૬) કરાંચીમાં કાળી ચૌદસે સાંઈબાબા પ્રત્યક્ષ [૨૨૦] (૭) દરિયામાં ચાલ્યા જવાનો હુકમ-નગ્ન થઈ કરાંચીની સડક ઉપર દોડ-રોજા તોડવાની આજ્ઞા-સંકલ્પના ગુમાનનું સમર્પણ [૨૨૧] (૮) સાંઈબાબાની સદેહે હાજરી-નમાજનો પ્રસંગ-પૂજા માટે રૂપિયાની ભેટ [૨૨૯] (૯) બનારસમાં શરીરની બીમારી-કરાંચીમાં બાબાએ બતાવેલ ધ્યાન ન કરવા ચેતવણી [૨૩૨] (૧૦) નિર્ગુણ-અદ્વૈત સાક્ષાત્કાર-'હું સર્વત્ર વિદ્યમાન છું' એવો નિરંતર અનુભવ [૨૩૫] (૧૧) સાક્ષાત્કાર પછી પ્રેમતત્ત્વનું પ્રાગટ્ય-સાથી મિત્રમાં પ્રગટેલ શિષ્યભાવ-કાનપુરમાં મસ્ત માણસની મુલાકાત [૨૩૭]

## ખંડ-૬ : 'હું સર્વત્ર વિદ્યમાન છું.'

(૧) અખંડ જીવન [૨૪૩] (૨) નિમિત્તનું જીવન-અનેક નિમિત્તો-અનુભવીનું ગૂઢત્વ-શરીર છતાં અશરીરી [૨૪૩] (૩) દ્વંદ્વાતીત અને ગુણાતીતના અનુભવ પછી કાળાતીતના અનુભવ [૨૪૮] (૪) તાદાત્મ્ય-ભાવની સમજ-ગુણાતીતના અનુભવ પછી તાદાત્મ્યભાવ-ઈશ્વરત્વ-અળસિયાંથી માંડી અનેક લોક સાથે તાદાત્મ્ય-સાથે સાથે સાક્ષિત્વ [૨૪૯] (૫) અનુભવીની દશાઓ [૨૫૪] (૬) પોતાના અનુભવની વાત-બધી જ કક્ષાઓથી પર-મળેલાંમાં પ્રકૃતિ દ્વારા પ્રવેશ [૨૫૭] (૭) જન્મ દિવસે હવાઈ જહાજમાં કરાંચી જવાનો આશ્ચર્યકારક આદેશ-અદ્ભુત ધ્યાનાવસ્થા [૨૫૮] (૮) બનારસમાં ઘરેણાં ચોરાયાનો પ્રસંગ [૨૬૦] (૯) માતૃભક્તિ-માનું મહત્ત્વ-મા વિશે તત્ત્વવિચાર [૨૬૪] (૧૦) સંઘમાંથી નિવૃત્તિ-બનારસ જવાના સંજોગો-માની અંતિમ સ્થિતિના સમાચાર-વચન પાલનની મુશ્કેલી-અંત સમયે નડિયાદમાં મા સમક્ષ સદેહે પ્રગટ થવું-અશક્યનું શક્ય [૨૬૮] (૧૧) અનુભવીના સંપર્કથી પુનર્જન્મ વહેલો-મૃત્યુ પછીની ગતિ-માતૃભક્તિ વિશે સમજૂતી [૨૭૮]

## ખંડ-૭ : ધર્મકાર્ય

(૧) ૧૯૪૨માં ગુરુમહારાજનો પહેલો હુકમ-મુંબઈમાં ફાળો ઉઘરાવવાના પ્રસંગ [૨૮૫] (૨) ફાળા માટે સાત દિવસનો સત્યાગ્રહ [૨૮૮] (૩) મારબાવડી પોલીસ ચોકીમાં માર [૨૯૨] (૪) ગાંધીવાદી સેવકનો પ્રકોપ-પ્રત્યુત્તર [૨૯૩] (૫) રમૂજી પ્રસંગ [૨૯૬] (૬) વારાંગનાઓનો ફાળો [૨૯૭]

## ખંડ-૮ : ચેતનભાવનો આવિર્ભાવ

(૧) 'મોટા' સંજ્ઞા વિશે-[૩૦૧] (૨) મોટામાં ચેતન-પ્રેમ દ્વારા પ્રભુત્વ-[૩૦૧] (૩) 'સંત'ની મર્યાદાથી પર-'પોતે કશું નથી' એવી લાક્ષણિક રજૂઆત-[૩૦૨] (૪) સાપેક્ષ પ્રવૃત્તિ [૩૦૪] (૫) ગુરુપદનો ઇન્કાર [૩૦૯] (૬) ભ્રાંતિથી મુક્ત કરવા-[૩૧૪] (૭) પોતાનું દૈવત [૩૧૬] (૮) મૂર્ખ તરીકે જાહેરાત [૩૧૬] (૯) ખરું ધન [૩૧૭] (૧૦) વૈદ્યનું રૂપ [૩૨૦] (૧૧) પોકાર [૩૨૨] (૧૨) મોટાનું કાર્ય [૩૨૪] (૧૩) સદ્‌ગુરુનું કૃપા કાર્ય [૩૨૭] (૧૪) 'મોટા'-અનુપમ [૩૩૧] (૧૫) દરેકમાં एक રૂપે [૩૨૪] (૧૬) પ્રગટ પુરુષ [૩૩૫] (૧૭) અંત સમયના સાથી [૩૩૬]

## ખંડ-૯ : ન્યારું બિરુદ : સ્વજન

(૧) સ્વજનમાં પ્રભુદર્શન [૩૪૧] (૨) સ્વજનને જગાડવાની પ્રવૃત્તિ-સ્વજન ન જાણે તે રીતે તેમને દોરવાનું અંતિમ કાર્ય [૩૪૨] (૩) દરેક સ્થળે 'પોતે' [૩૪૪] (૪) સ્વજનોને નિમંત્રણ અને આવકાર-જન્મોજન્મનો સાથ [૩૪૬] (૫) સ્વજન વિકાસ એ ગુરુનો આનંદ [૩૪૮] (૬) સ્વજનને દર્દભરી વિનંતી અને સધિયારો [૩૪૯] (૭) મદદ માટે ખુલ્લો જાહેર પડકાર [૩૫૪] (૮) ભાવાત્મક જાગૃતિ એ જ સદ્‌ગુરુ [૩૬૨] (૯) મુશ્કેલી વખતે મદદ [૩૬૪] (૧૦) સ્વજનો પ્રત્યે પુણ્યપ્રકોપ [૩૬૯] (૧૧) સ્વજનોને સાવધાની [૩૭૨] (૧૨) સદ્‌ગુરુનું સામર્થ્ય [૩૭૪] (૧૩) પછીથી પસ્તાવા અંગેની ચેતવણી [૩૭૫] (૧૪) ભગવાન કરતાં ભક્તનું મહત્ત્વ વિશેષ-સૌને આશીર્વાદ [૩૭૮]

## ખંડ-૧૦ : જીવમાત્રના કલ્યાણ માટે

(૧) અનુભવી નિમિત્ત સાથે તદ્રૂપ છતાં નોખો-ભગવાન પ્રત્યે અભિમુખતા પ્રગટાવવી એ જ કર્તવ્ય [૩૮૩] (૨) પોતાના અનેક પૂર્વજન્મો અને તેનાં નિમિત્તો [૩૮૪] (૩) ગાંધીજીના જીવનને બચાવવા તટસ્થાયુક્ત તાદાત્મ્ય [૩૮૯] (૪) હિમાલય યાત્રાનો પોતાનો અનુભવ [૩૯૧] (૫) નિમિત્તોનાં દુઃખોનો ભોગવટો [૩૯૩] (૬) હિમાલય યાત્રાના પ્રસંગો [૩૯૭] (૭) કેટલીક અન્ય ઘટનાઓ [૪૦૪]

## ખંડ-૧૧ : અંધારે અજવાળાં

(૧) આદર્શ આશ્રમ-એક સ્થળેથી સર્વત્ર પ્રસરવાનો પ્રયોગ [૪૦૯] (૨) શ્રીસદ્‌ગુરુનું ઋણ ચૂકવવા મૌનમંદિર [૪૧૦] (૩) હરિઃૐ આશ્રમ નડિયાદ-સ્થાપનાની ભૂમિકા [૪૧૧] (૪) કુંભકોણમ્-દક્ષિણ ભારતના આશ્રમની સ્થાપનાનો ઇતિહાસ [૪૧૩] (૫) આશ્રમનો નિભાવ [૪૧૫] (૬) ઋણમુક્તિનો પ્રયોગ [૪૧૬] (૭) સુરત આશ્રમની સ્થાપના-પાંચ સ્થળે આશ્રમો-અંધારાનું મહત્ત્વ-ઓરડામાં ચેતનની પ્રતિષ્ઠા [૪૧૭] (૮) જીવમાંથી શિવ થવાનો અજોડ પ્રયોગ-અનોખી ટેક્નિક [૪૧૯] (૯) દરેક પ્રકારનાં નિમિત્તોના પ્રારબ્ધનો ભોગવટો [૪૨૨] (૧૦)સૂક્ષ્મ ચક્રોના ભેદનની ગૂઢ અને સૂક્ષ્મવિધિ [૪૨૬] (૧૧) ઓરડાઓને અવાજ રહિત કરવાની ભાવના-આશ્રમનો કરકસરભર્યો વહીવટ-મૌનમાં મંથન [૪૨૮] (૧૨) દરેકને માટે ખુલ્લાં દ્વાર-કેટલાક અનુભવ પ્રસંગ [૪૩૧] (૧૩) ડૉક્ટરનો અદ્‌ભુત બચાવ [૪૩૬] (૧૪) દેશભરમાં માત્ર આ અનોખો આધ્યાત્મિક પ્રયોગ [૪૪૧]-(૧૫) અનંત જીવન-શરીર નહિ હોય ત્યારે પણ હાજરી [૪૪૩]

## ખંડ-૧૨ : વેદના સાથે આનંદ

(૧) પોતાની ચેતનાનિષ્ઠ સ્થિતિ-શરીરમાં અનેક રોગ [૪૪૭] (૨) શરીર છતાં અશરીરી-જળ અને પૃથ્વીતત્ત્વમાં ચેતન અવતરણ બાકી-અનુભવી ચેતનમાં લય પામે છતાં ભક્તો માટે સ્વતંત્ર અસ્તિત્વ [૪૪૮] (૩) દુઃખ કે રોગનો હેતુ-સમજાવવું મુશ્કેલ [૪૫૦] (૪) કમળી છતાં દોઢ હજાર માઈલની મુસાફરી [૪૫૨] (૫) અજપાજપ પછી શ્વાસની ઊલટી પ્રક્રિયા-ચેતનનો પ્રાણ જુદો-નિમિત્તના લીધે શરીરની જુદી જુદી અવસ્થાઓ [૪૫૭] (૬) ભજનોમાં સાધનાનો આત્મવૃત્તાંત [૪૫૮] (૭) વેદના સાથે આનંદ-ભજનનું સર્જન એ ‘મોટા’નું અનોખું દર્શન [૪૫૯] (૮) અનુભવીનો પ્રયોગ-ગુરુની પ્રત્યક્ષતા-બાળયોગીજીનો અનુભવ [૪૬૨] (૯) વેદનાનું મહત્ત્વ-વેદના સાથે આનંદ [૪૬૪]

## ખંડ-૧૩ : હરિની કલમ

(૧) સાહિત્યનો ઊંડો સંસ્કાર-ભક્તિમાર્ગમાં સૌ પ્રથમ ભજન-સામાન્ય માણસ સમજે તેવું લખવાનો ગુરુ હુકમ [૪૭૧] (૨) ૧૯૩૨માં ‘જીવનગીતા’નું સર્જન-શરીરના રોગો સાથે લેખન [૪૭૩] (૩) દર્દ-વેદના વચ્ચે મૌલિક સર્જન [૪૭૭] (૪) પત્રલેખનની રીત [૪૭૮] (૫) ચર્ચા-વિવાદમાં રસ નહિ [૪૭૯] (૬) સાધનામાં ચાવીરૂપ બને એવું પત્રસાહિત્ય-અભિવ્યક્તિની આગવી કળા-અનુપમ લખાણ [૪૮૦] (૭) પિંગળશાસ્ત્ર જાણ્યા વિના પદ્યમાં લખવાની સરળતા [૪૮૧] (૮)

હુકમ વિશેનું અનોખું લખાણ [૪૮૧] (૯) સંસાર વિશે મૌક્તિકોનું સર્જન [૪૮૨] (૧૦) ગુજરાતીમાં એકમાત્ર જિજ્ઞાસાનું વિજ્ઞાનશાસ્ત્ર [૪૮૫] (૧૧) ગઝલોમાં સાધનાનો ગૂઢ ઈતિહાસ-અન્ય શાસ્ત્રો અનુષ્ટુપ છંદમાં [૪૮૬] (૧૨) ગૂઢ સાધનો વિશે મૌન-ભજનોની ખૂબી-૧૦૦ વર્ષ પછી કદરની વાત [૪૮૮] (૧૩) 'મનને', 'તુજ ચરણે', 'નર્મદા પદે', 'હૃદયપોકાર', 'કેશવચરણ કમળે', 'ભાવ','ગુણવિમર્શ' વગેરે વિશે નોંધ-ગુજરાતી ભાષામાં આપણી સંસ્કાર વિધિઓની રચના-હવે પછી સાધનામાં પ્રકૃતિ અંગે લખવાનો અપૂર્ણ રહેલો વિચાર [૪૯૧]

## ખંડ-૧૪ : સમાજોત્થાન

(૧) અણુઅણુમાં ભગવાન-સમાજસેવા એ ભગવાનની સેવા-ઋણમુક્તિનો પ્રયોગ [૪૯૯] (૨) પોતાની અંગત તમામ આવક સમાજને ચરણે [૪૯૯] (૩) દેશનું મહત્ત્વ [૫૦૦] (૪) કુદરતની તૈયારી-પોતે 'તે' રૂપ-બાથમાં લેવાનો પડકાર-સંશોધનોનું મહત્ત્વ-ફૉર્ડ ફાઉન્ડેશન જેવી યોજનાનો સંકલ્પ [૫૦૧] (૫) લક્ષ્મીનો યોગ્ય ઉપયોગ-એક પાઈ પણ ન વેડફાય તેની કાળજી [૫૦૩] (૬) દેશમાં કામચોરીની વૃત્તિ-સમૃદ્ધિ માટે એ જ અવરોધ [૫૦૪] (૭) આવા યજ્ઞકાર્ય માટે અનેક વર્ગ પાસેથી મદદ-સાધુ સમાજના વૈભવ સામે પુણ્યપ્રકોપ-લક્ષ્મીની પવિત્રતા [૫૦૫] (૮) કર્મના સંકલ્પ પાછળનું વિજ્ઞાન-સૂક્ષ્મ હકીકત [૫૦૮]

## ખંડ-૧૫ : સંભવામિ

(૧) આકાશ-તેજ અને વાયુ-એ ત્રણ તત્ત્વોમાં અનુભવ-ચેતનાના અવતરણ માટે બીજાં બે તત્ત્વો સાથે લડત ચાલુ-જળ અને પૃથ્વીતત્ત્વ જિતાશે એ વાત નિશ્ચિત [૫૧૩] (૨) અનુભવીના શરીર ધારણ કરવા અંગેની આધ્યાત્મિક-વૈજ્ઞાનિક સમજૂતી-સાંઈબાબાનો પ્રસંગ [૫૧૪] (૩) માતાઓમાં સંસ્કાર-બનારસમાં બહેનોને સંસ્કૃત છંદ શીખવવાનો પ્રસંગ [૫૧૮] (૪) સ્ત્રી શરીરમાં નવો અવતાર-સ્ત્રી શરીરનાં વિશિષ્ટ લક્ષણો [૫૨૦] (૫) નવો જન્મ લેતાં સુધીનું કાર્ય-શરીર વગરના આત્માની શક્તિ-અનુભવીમાં દિલ રાખવાનું રહસ્ય [૫૨૨]

## ખંડ-અખંડ : આનંદોત્સવ

(૧) પૂર્ણ પુરુષની ભાવના-ફાજલપુરમાં 'हरिस्मृति'-પૂર્ણ પુરુષના પ્રકાશિત શબ્દો- (ક) (સૌને આશીર્વાદ) (ખ) (પ્રગટ અક્ષરદેહનો યશ ભગવાનને) (ગ) (ગુરુમહારાજના હુકમનું પાલન) (ઘ) (ગુરુમહારાજનું સામર્થ્ય) [૫૨૭]



## ખંડ-૧

# સર્વથી જુદી ભાતના

છે તારી ભાત જ જુદી જન સર્વથી કો,
છે હેતુ કૈંક તુજ જન્મ વિશે પ્રભુનો.

નર્મદા
૧૦

*શ્રીમોટા*

ઊંચીનીચી લહરી જેમ સમુદ્રકેરી
છે મૃત્યુ જિંદગીતણી પલટાતી વારી,
કિંતુ વહે જ્યમ સમુદ્ર અગાધ નીચે,
તેવું વહે અમર જીવન સર્વ કાળે. ૪૩

તેને જ 'બ્રહ્મ', 'પ્રભુ', 'ચેતન' કે 'પુરુષ',
નામો અનેક થકી ઓળખતા જ એક,
વ્યક્તિત્વને ત્યજી બધું જ સમાઈ જા ત્યાં
તું મારી જેમ કર, એમ કહ્યું મને મા ! ૪૪

**શ્રીમોટા**

૧

જન્મ સ્થળ : સાવલી (જિ. વડોદરા). તા. ૪થી સપ્ટેમ્બર, ૧૮૯૮, ભાદરવા વદ ચોથ સંવત ૧૯૫૪. મારા બાપ (આશારામ ભગત) જીવતા હતા ત્યારે એમની પાસે ઘણી મોટી મિલકત હતી. સાવલીમાં મોટું ઘર હતું. રંગાટીનો ધંધો તૂટી પડતાં એટલાં બધાં દેવાં થયાં કે ઘરબાર વેચાઈ ગયાં અને ખાવાનાં પણ સાંસાં પડ્યાં. આથી, સાવલી છોડી કાલોલમાં આવીને વસ્યા.

વાણી-૧૦ મારી બા-સૂરજ બા મને 'ચૂનિયા' કહીને બોલાવતાં. (પૂરું
૩૨ નામ : ચૂનીલાલ)

પહેલાંના માણસો-આટલાં બધાં શહેરો ન હતાં, યંત્રો ન હતાં ત્યારે ખેતી જ કરતા. બહુ મહેનત કરતા. એમને બહુ ખાવા જોઈએ. હું મારી જ વાત કરું. નાનપણમાં-હું સાડાસાત વર્ષનો હતો ત્યારે-હું ધરુ રોપવા જતો ત્યારે દોઢ રોટલો (આટલો મોટો) ખાવા માટે જોઈએ. હું કામ જોડાજોડ કરું. ખેડૂત ધમકાવે : 'જો તું પેલા બીજા લોકોની જોડાજોડ કામ નહિ કરે તો તને આવતી વખતે નહિ લાવીએ.' પૈસાની લાલચે હું પેલાની જોડાજોડ કામ કરું, પણ મારે કટકો રોટલો વધારે જોઈએ તે ના આપે. આ મારા મનમાં બહુ લાગે. દિવસના છ પૈસા આપે. તેય પંદર દિવસના નેવું થાય. તેને બદલે એંશી પૈસા આપે. હું કહું કે 'ભાઈ, દસ પૈસા મારા હકના છે. આટલું હું કામ કરું છું.' તો કહે, 'તું બહુ બોલ બોલ કરે છે. કાલથી તું આવીશ નહિ. જા.' ખલાસ. આ ન્યાય ! તે વખતે મારામાં
ગ્રહ શક્તિ નહિ. આવો અન્યાય ચાલે. ધર્મ તો એ છે કે અન્યાય
૧૧૩ સામે થવું જોઈએ.

મારે તો મજૂરી જેટલું મળે એના પર જ રોટલા. તોય પેલા મજૂરી કરાવનાર પૈસા કાપી લે. એક દિવસ હું બોલ્યો કે 'સાહેબ, મારા ગરીબ માણસના પૈસા તમે આપ્યા નથી અને શું કરવા કાપી લો છો !' એ વખતે ગરીબનું કોઈ

સાંભળનાર ન હતું. તે વખતે અંગ્રેજ સરકારેય નહિ, પોલીસેય નહિ, કોઈ નહિ. ફરિયાદ કરીએ તો ઊલટા ડૂચા નીકળી જાય. આપણી મહેનતના કમાયેલા પૈસા ક્યાં જવાના હતા ? એવો મારા મનમાં દઢ વિશ્વાસ. હું તો આવતો રહ્યો. બીજે દિવસે ઘેર આવીને મારા ઓટલા પર પૈસા ફેંકી ગયા.

* * *

એ દુઃખને કેમ સ્વીકારવું તેનો આધાર આપણા પોતાના માનસ ઉપર છે, આપણી જીવનની સમજણ ઉપર છે. જીવનની સમજણ સાચી જાગી નહિ હોય તો દુઃખથી માણસ દબાઈ જશે. દુઃખથી એ કદી ઊંચો નહિ આવે. ડાહ્યા માણસો, સમજુ માણસો, જીવનને જે સમજનારા છે, જીવન જેમની સામે તરવરતું છે, તેવાને દુઃખ કેટલી રીતે ઊંચે ચડાવે છે. સુખ કરતાં દુઃખ એવાને બહુ જરૂરી છે. બહુ જરૂરનું છે. ઘણા માણસો માત્ર દુઃખને પોતાના ઉપર લેવા કરતાં એનું આરોપણ બીજા ઉપર કરે છે. અને બીજાને દોષ દીધા કરે-એના વિશે ઊંધું વિચાર્યા કરે, પણ એ માણસ જ વધારે દુઃખી થાય છે.

દુઃખ તમને ઊંડે ને ઊંડે ઉતારે છે અને એ તમને ઊંડામાં ઊંડું સમજાવે છે અથવા જેને જવું હોય છે તેને જ સમજાવટના પ્રદેશમાં લઈ જાય છે. બાકીના તો કંઈ વિચારતા નથી. એમ ને એમ દુઃખમાં રગડાયા કરે છે, પણ દુઃખને જ્ઞાનભાવે સ્વીકાર કરે છે એવા માણસને ઊંડા ઊતરીને દુઃખથી ઘણું સમજાય છે. બહુ નાની ઉંમરનો-આઠ વર્ષનો-હતો ત્યારથી ભગવાને મને આ દૃષ્ટિ આપેલી. આજે હું કહું છું કે ગરીબાઈ ભગવાનનું શરણું છે. ભગવાનનું શરણ એને લીધે મને મળ્યું. જોડ ૫૪-૫૫

જેને ખમીર કહીએ-એટલે જે કંઈ સારા ગુણો કહીએ, એ બધું જ આપણામાં છે, પણ એને ફૂટવા માટે, એને ખીલવવા માટે, એને ક્રિયાશીલ કરવા માટે આગળપાછળનું જે વાતાવરણ જોઈએ તે હોતું નથી. આથી ઊલટું એને દબાવી દે એવું વાતાવરણ હોય છે. કુટુંબનું કહો, સમાજનું કહો, બીજું બધું જે હોય છે-એનામાં જે સદ્‌ગુણો છે તે ખીલવા દે એવું વાતાવરણ હોતું નથી.

મને પોતાને અનુભવ છે. અમારી બાજુમાં જ ચામડાવાળા લોકો રહે. ચામડા કેળવે અને ચામડાના જોડા-ચંપલ બનાવે. એમની સાથે રહેવાનું, હંમેશાં ચામડાની દુર્ગંધમાં રહેવાનું. ઘરનું ભાડું છ આના હતું. મકાનનો નાનો ઓરડો હતો અને આગળ છ ફૂટની રવેશી. બસ, એટલામાં બધું કુટુંબ રહેતું. તેવી સ્થિતિમાં મારે કંઈ પણ કરવાનું આવે તો એમ જ કહે કે 'તારાથી થાય જ નહિ. આપણાથી આવું થતું હશે ! ગરીબ માણસથી ?' ચારેતરફથી એક જ વાત આવે : 'થાય જ નહિ-થાય જ નહિ.' એટલે આ જ જાતના સંસ્કારો પડે. આવી

ગ્રહ
૭૯-૮૦
જાતનો અવરોધ એ આપણી સામે આવે. એવા જ સંસ્કારો પડ્યા કરે.

હું ચોથા ધોરણ સુધી સાવ ડફોળ હતો. પાંચમા ધોરણમાં એક ગણિતનો દાખલો લખાવ્યો. મને નહિ આવડેલો. સ્લેટમાં તદ્દન ખોટી રીત કરેલી અને માસ્તરે મને માર્યો. તે મને એટલું બધું ખરાબ લાગ્યું અને થયું કે 'બધાના દેખતાં આટલો બધો માર ખાવાનો ? માટે મારે એવા થવું કે આ બધાના કરતાં હું ચડિયાતો થઉં. કેમ ન થઉં ?' તે જ વર્ષે પાંચમા ધોરણના આટલા બધા વિદ્યાર્થીઓમાં હું પહેલા નંબરે પાસ થયો. મારા વર્ગશિક્ષક હતા તે માનવાને તૈયાર ન હતા. એટલે ક્યારે

અગ્રતા
૧૧૮
આપણી પરિસ્થિતિ પલટાઈ જાય છે, તે કહેવાય નહિ. માટે, આવા ને આવા રહીશું તેમ માનવામાં આપણું અજ્ઞાન છે.

દરેકના જીવનમાં સંગ્રામ છે અને એનો હેતુ વિકાસ માટે છે, પણ સંગ્રામને એ રીતે કોઈ સ્વીકારતું નથી. એટલે એ હેતુ ફળે કેવી રીતે ? જે હેતુ માટે પરિસ્થિતિ પ્રગટી એ પરિસ્થિતિના હેતુને જ આપણે જાણતાં નથી, સમજતાં નથી. તો પછી એનું ફળ આપણને ક્યાંથી મળે ? એમ જ થાય.

એ તો હું એમ પછીથી સમજ્યો કે આ ગરીબી મને મળેલી છે, એ સમજણપૂર્વક અને જ્ઞાનપૂર્વક છે. વિકાસ થવાને માટે જ આપેલી છે. ભગવાને ગરીબાઈનો પ્રસાદ આપ્યો છે એમ અનુભવાય છે. તેવી રીતે અમીરાઈમાં જે ધનદોલત વગેરે

છે, એમાં જે ઉદારતા છે-એ પણ પ્રસાદ છે. પહેલાંના વખતમાં ધનવાન લોકો ઉદાર હતા, બીજાને માટે ઘસાવાની તત્પરતા હતી, તૈયારી હતી, પણ એ આજે સમાજમાં ઘટતી જાય છે.

મને યાદ છે કે મારા મોટા ભાઈનાં લગ્ન વખતે રાવબહાદુર સાહેબને ત્યાંથી ઘોડાગાડીથી માંડીને જાજમ વગેરે સામાન અમારે ત્યાં આવેલો. કાલોલથી રેલવે સ્ટેશન દોઢેક માઈલ દૂર છે. અને એમની બે ઘોડાગાડીઓ પણ આવેલી. આવે પ્રસંગે ધનવાન લોકો ગરીબોને મદદરૂપ થતા, એ મેં જાતે અનુભવેલી હકીકત છે.



* * *

પહેલાં જ્યારે ચાલીને પરગામ જવાનું હતું, ત્યારે ઢેબરાં તે બધું બાંધી લેતા. મારે ગામ જવાનું હોય, ત્યારે મારી બા મને ઢેબરાં, કોરું શાક બાંધી આપતી. અમે વૈષ્ણવ ખરા, એટલે ઢેબરાં પાણીનાં નહિ પણ દૂધનાં બનાવે, કેમ કે અજીઠાં ન થાય. આપણને ખાવાની મઝા પડે. એક વખત કોઈક કામે હું પરગામ જતો હતો. તે રસ્તામાં એક વેકળો આવ્યો. વેકળો એટલે નાની નદી. રાજીરાજી થઈ ગયો. મને થયું અહીં નાહી લઉં અને બેસું. ત્યાં નાહ્યો, બેઠો અને પેલી પોટલી છોડી. ત્યાં તો ચાર માણસો આવ્યા. મને કહે, 'મને બધું આપી દે.' મેં કહ્યું, 'લઈ લે, મને કશો વાંધો નથી, પણ મારા જેટલું થોડુંક રાખ. ભૂખ્યો છું. મારે આગળ જવાનું છે. તો ભૂખ્યા પેટે મારાથી શી રીતે જવાશે ? તમારે જે જોઈએ તે મારી પાસેથી લઈ લો. આના સિવાય મારી પાસે કંઈ છે નહિ. પૈસા છે નહિ. આ લૂગડાં છે તે જોઈએ તો ઉતારી આપું. એટલે એ લોકોને વિશ્વાસ બેઠો. એ પણ બેઠા. આમાંથી આપણા ભાગ પાડ. મેં સરખા ભાગ પાડ્યા. 'તમારે જે લેવા હોય તે લો. આ ભાગ પાડ્યા છે. સરખા જ છે, જે જોઈએ તે લઈ લો.' મેં મારો ભાગ લઈ લીધો અને હું જરા ધીરે ધીરે ખાઉં. પેલા જલદી ઝાપટી ગયા. મારે અડધા ઉપર ભાગ વધ્યો હતો. પેલા લોકો કહે, 'છોકરા, વાહ ! તેં તારો ભાગ વધારે લીધો છે. અમે બધા ખાઈ રહ્યા અને તું કેમ ખાઈ રહ્યો નથી ? તેં તારો

ભાગ વધારે લીધેલો છે, તે વાત ચોક્કસ. માટે, એ બાકીનો ભાગ અમને આપી દે !' તો ત્યાં આપણું જોર ચાલે નહિ. 'લો ભઈ, તમે લઈ લો. તમે રાજી થાવ.' એમણે પૂછ્યું, 'ક્યાં જાવ છો ?' 'મલાવ જઉં છું. મારા બાપા રહે છે. તે રંગાટીનું કામકાજ કરે છે. ત્યાં જઉં છું.' તો કહે, 'અમે તેમને ઓળખીએ છીએ. ભગત માણસ છે. તને અમે ક્યાં લૂંટ્યો ? અમે તેમનાં ભજનો સાંભળવા જઈએ છીએ. તે અમને સારું લાગે છે. અમને પહેલેથી ખબર હોત તો અમે તને હેરાન ના કરત. હશે-હવે, જે થયું તે ખરું. બાપાની આગળ માફી માગી લઈશું.' હું તો પછી ગયો. મેં બાપાને બધી વાત કરી. મારા બાપાએ કહ્યું, 'ભગવાન એમને માફ કરે, આપણે એટલું ઓછું ખાધું- આપણે એક દિવસ ભૂખ્યાં રહીએ તોય શું ?'

મને મારા બાપા બહુ વહાલા. મારી બા અને બાપુજીને બને નહિ. હું તો મારા બાપાનું ઉપરાણું લઉં. મારી બાને મારા વિના ચાલે નહિ. ઘરમાં કામ કરવાવાળો છોકરો જ હું. મોટા ભાઈ ભાષણો કરવા ફરતા ફરે. આર્યસમાજી થયેલા. તે ભાષણો કરે. બીજા ભાઈઓ મૂળજીભાઈ, સોમાભાઈ મારાથી નાના. એટલે એમને ભણાવવામાં મારું લક્ષ બહુ એટલે મારી બાને મદદ કરવા લાગું. ઘણીવાર તો દળાવાય લાગું અને બીજું જે કહે તે કરું. પાણી ભરવાનું કહે તો પાણી ભરી લાવું. એટલે મારી બાને હું બહુ વહાલો. મારી બાને કહું પણ ખરો કે 'બા, આ તું બરોબર નથી કરતી. મારા બાપાને ગાળો દે છે એ તારો ધર્મ નહિ. તું એની પત્ની ગણાય. કજોડું થોડું છે ? માટે આપણો ધર્મ કયો ?-એ સમજવું જોઈએ. તું જે કરે છે, તે કંઈ અમારા ઉપર ઉપકાર કરે છે ? અમે મોટા થઈશું એટલે તને ભરપૂર બદલો વાળી દઈશું, પણ તારી આ રીત બરોબર નથી.' પણ એ સુધરે નહિ. મારા બાપાને સખત રીતે ટ્રીટ કરેલા. હજીય મને એ સાલે છે. હું મારી બાને વારું ખરો, પણ વધારે કહી શકતો ન હતો. બીજું ગરીબીનું જીવન સારું નહિ. 'ભૂલેચૂકે, ભગવાન, કોઈને ગરીબી ના આપતો.' બહુ પંચાત

છે. બહુ હેરાન થવાય છે. અને ત્રાસ ભારે છે. અન્યાય તો ઠેકાણે ઠેકાણે છે. આપણે એ જીવન જીવ્યાં નથી એટલે ખ્યાલ નથી. તદ્રૂપ ૧૫૯-૧૬૧

* * *

અમારા કાલોલ ગામમાં ન્યાતો થતી અને ન્યાતોમાં લાડુ થાય. અમારે નસીબે લાડુ તો શેના જોવાના હોય ? એટલે યુક્તિ કરી. જ્યારે કોઈ એક જણની ન્યાતમાં લાડુનું જમણ હતું ત્યારે લોકોની પંગતમાં છેડે કોઈ દેખે નહિ એવા ઠેકાણે હું સંતાઈ રહેલો. ગોઠવણ મુજબ મારા એક મિત્રે લાડુ ભરીને એક તપેલું છાનુંમાનું મને આપી દીધું. લાડુ હાથમાં આવતાં ખાવાનું મન થઈ ગયું અને આરોગવાની તૈયારી કરું છું એ વેળા મને મારી મા યાદ આવી. એટલે એ ખાધા સિવાય મોં જી.કાર્ય
સુધી આવેલો કોળિયો પાછો મૂકી દીધો. ૬૨૬

તે તપેલામાં લાડવો પાછો મૂકીને હું ઘેર ગયો. અંદર જઈને મારી બાને લાડવા આપ્યા. બાએ પૂછ્યું કે 'અલ્યા, ક્યાંથી લાવ્યો ?' મેં કહ્યું, 'પેલી પા ગયો હતો ત્યાં બધા છોકરા મને આપી ગયા.' 'મેર, મારા રડ્યા ! તારો તે અવતાર છે ? આ ચોરીના લાડવા આપણાથી ખવાય ?'

એક પણ લાડવો તેણે ખાવા ન દીધો અને તે લાડવા રસ્તા પર વાળતા ભંગીભાઈને આપી દીધા. બીજે દિવસે મારી બાએ વાણી-૧૦
બાજરીના લોટનો ગોળનો લાડુ બનાવીને ખવડાવ્યો. ૩૪

૨

મારો એક બીજો નાનપણના જીવનનો પ્રસંગ ટાંકું છું. (પંચમહાલ જિલ્લાના) કાલોલમાં ત્યારે ગુજરાતી નિશાળમાં ભણતો હતો. હજુ ૭મું ધોરણ પણ પૂરું થયું ન હતું અને ગરીબાઈની તંગીની ભીંસ તો એટલી ભારે સાલતી ! મને એમ થયું કે 'ચાલને, હવે કમાવા માંડીએ, તેથી કરીને જે કંઈ થોડું ઘણું વળતર થશે તેમાંથી આ ભીંસ પ્રભુકૃપાથી કંઈક તો હળવી બની શકશે.' મારા પિતા તે વખતે ગોધરામાં રંગરેજનું કામ કરતા, એટલે હું પણ ત્યાં ગયો. અમારી પડોશમાં એક

વેપારી ભાઈ રહેતા હતા. તેમની દુકાને એકવાર જઈને મને નોકરીએ રાખવાને મેં બહુ વિનવણી કરી. 'થોડાક દિવસો મારું કામ જોઈને જો યોગ્ય લાગે તો રાખજો.' એમ પણ કહ્યું. એટલે તેમણે મને રાખ્યો તો ખરો.

રોજ દુકાન વગેરે વાળવાનું તથા એવું બીજું તદ્દન સાધારણ પરચૂરણ કામ સોંપ્યું. રોજ સવારમાં વહેલો ઊઠીને દુકાનની કૂંચીઓ લઈ જઈને બધું વાળીઝૂડી બરાબર સાફ કરતો. સામાન્ય રીતે તો આવા વેપારીની ગાદી ઉપરનાં ચાદર, તકિયાના ગલેફ વગેરે કેટલાય દિવસો સુધી ધોવાયાં વગરનાં મેલાં અને શાહીના કાળા ડાઘાવાળાં એમ ને એમ પડી રહેતાં હોય છે, પરંતુ મારે તો નાનામાં નાનું મળેલું કર્મ ઉત્તમમાં ઉત્તમ રીતે કરીને શેઠના મનને રીઝવવું હતું, કારણ કે મારે તો નોકરીએ લાગવું હતું. રોજ ચાદર, ગલેફ વગેરે ધોતો. અને તેને એક પણ કરચલી ન પડે એવી રીતે પાથરતો. ક્યાંય પણ જરા સરખી ધૂળ ન રહે તેની દરકાર રાખતો. બધું જ વ્યવસ્થિત રીતે સુંદર લાગે તેવી રીતે ગોઠવતો અને પ્રવેશતાં જ દુકાનને ભાવનાથી પગે લાગતો હતો. ત્યાં કંકુ અને ફૂલ-ચોખા પણ ચડાવતો.

પ્રથમ બેચાર દિવસમાં જ મારું આવા પ્રકારનું કામ જોઈને શેઠ તો આપોઆપ મારી પર બહુ પ્રસન્ન થયા અને મને નોકરીએ રાખી લીધો, પણ તે પગાર કેટલો ? માત્ર માસિક રૂપિયા પાંચ, પણ તે કાળમાં (૧૯૧૫-'૧૬માં) તે સારા ગણાય. એમ કરતાં કરતાં એક પછી એક જવાબદારીવાળું કામ પણ મને સોંપતા ગયા.

દર્શન ૨૫૧-૨૫૨

કામ એવું કે અનાજનાં ગાડાં આવે, પુષ્કળ ગાડાં આવે. તે ગાડાંમાં જે અનાજ હોય તે મારે તોલી લેવાનું. તે શેઠે મને શિખવાડેલું કે આ કાંટો આપણો બરાબર છે. વાણિયાનો કાંટો એના લાભનો જ હોય, પણ પછીથી ખબર પડી કે એ બરાબર ન હતો. એના લાભનો જ હતો. ચાળીસ શેર બોલાય પણ બેતાળીસ શેર આપણે લેવાનું એવો કાયદો થયો. બધે મંજૂર થયેલું. બધાં પૂછે તો કહું, 'હા, ચાળીસનું તમારે બેતાળીસ

લેવાનું.' આ વાણિયાએ ખાનગીમાં મને શું કહ્યું કે 'બેતાળીસ શેર ખરું પણ આપણે પિસ્તાળીસ લેવાનું.' મેં કહ્યું, 'પિસ્તાળીસ કેવી રીતે લેવાય ? આપણી પાસે બેતાળીસ છે. એટલે આ ત્રાજવામાં પિસ્તાળીસ મૂકીએ તો પેલા જુએ નહિ ?' પેલા પૂછે કે 'શા માટે ત્રણ શેર વધારે મૂક્યા ?' પેલો કહે, 'તું તો સાવ મૂરખ છે.' મેં કહ્યું, 'કબૂલ, સાહેબ' ગરજથી નોકરીએ રહ્યા હતા એટલે ગાળો દે તો સહન કરવી પડે. એમણે કહ્યું, 'એ તો કમાનને આમ ભાર દેવાનો.' આવી કળા મને બતાવી. જોડ ૫૬

પછીથી મેં અનાજનાં ગાડાં જોખવાં તો માંડ્યાં, પરંતુ તેમની બતાવેલી સિફતની રીત મેં અખત્યાર કરેલી નહિ. શેઠ તો એમ જ મનમાં સમજતા હતા કે 'ચૂનિયો હવે તો બરાબર સુધરી ગયો છે અને બતાવેલી રીત પ્રમાણે જ તે કર્યા કરે છે.'

પરંતુ ઓચિંતું એક વખત કોઈક ખેડૂતની સાથે તેમને પોતાને તકરાર થતાં તે વજન બરાબર છે કે નહિ તે જાણવાને કોઈક બીજા માણસને જોખવાનું સોંપવાનું તેમણે કહ્યું, ત્યારે મારો ભવાડો પૂરેપૂરો પકડાઈ ગયો. દર્શન ૨૫૩

મને બેચાર ઠોકી દીધી. મને મારવા મંડ્યો. ગરીબ ના હોત તો કોર્ટમાં કેસ માંડ્યો હોત. મેં કહ્યું, 'ખબરદાર, મારો છો શું કરવા ? તમારા પર કોર્ટમાં કેસ માંડી શકું તેમ નથી. મારી પાસે એટલા પૈસા નથી. નહિતર આજે કોર્ટમાં જાત. આ જે છેતરપિંડી તમે કરો છો એ ઉઘાડી પાડત.' એટલે શેઠ બિચારો ખસિયાણો પડી ગયો. 'જા, મારે તને નોકરીએ રાખવો નથી.' એમ કહીને પૈસા આપી દીધા. હું તો મારાં માબાપનાં દુ:ખને કારણે ગયેલો. બિચારાંને બહુ દુ:ખ પડે છે. આપણે કંઈક તેમને મદદ કરીએ. મેં વિચાર્યું કે 'આ દુ:ખ આવી પડ્યું તે સુખને માટે છે.' એ સુખ કયું એ હું જાણતો ન હતો. ઘેર ગયો. કહ્યું કે 'બા, આજે તો આવું થયું.' બાએ કહ્યું, 'સારું થયું આવતો રહ્યો તે. તું હવે ભણ. ભણવાથી બે પૈસા વધારે મળે અને આપણી આબરૂ વધે. આપણે સમાજમાં સારાં ગણાઈએ. ગરીબ માણસ છીએ એટલે આપણી કોઈ ગણતરી

નથી. તું ભણ અને હોશિયાર થા તો આપણી ગણતરી થશે. તારી ગણતરી થશે.' એમાંથી મારે ભણવાનું થયું અને એમાંથી ભણીને આ સ્થિતિએ આવ્યો. જો પેલામાં ને પેલામાં પડ્યો રહ્યો હોત તો કશું ના થાત. ભગવાનની કૃપા હતી. તેના સિવાય કંઈ થતું નથી.

દુ:ખ વિશે સારી રીતે વિચારીએ. માણસ દુ:ખમાં ડૂબી જાય પછી ડૂબી ગયેલી રીતે એ દુ:ખને વિચારે છે. એ સાચી રીતે દુ:ખને નથી વિચારતો. માટે સમજી શકતો નથી. વળી દુ:ખમાં જે બીજા ઉપર દોષ નાખે છે તે બરાબર નથી. જે હંમેશાં દુ:ખને પોતાનામાં લઈને વિચારે છે તે સુખી થાય છે.

કાલોલમાં મારી મા લોકોનાં દળણાં દળવાં જાય. એક મણ દળે ત્યારે બે આના મળે. એણે દળણું લઈ આવવાનું અને પાછું આપવાનું પણ એણે જ. જોખવાનું પણ એણે જ. અને જોખી આપવાનું પણ એણે જ. આ બધું બે આનામાં. મારી મા દળણું લેવા જાય ત્યારે આપનારાં પાછાં નવરાં ના હોય. ગરીબ માણસને બેસી રહેવું પાલવે નહિ. એને તો ઘણાં કામ હોય. તોય શું કરે ? કાયમના ઘરાક રહ્યા. તો મારી બા કહે, 'બા, ચાલોને મારે ઘણું કામ છે.' તો કહે કે 'કામ હોય તો જા. પછી આવજે.' 'મારે લોટ ઓછો થાય તો પછી એનો જવાબદાર કોણ ?' તો કહે, 'બસ હમણાં આવીએ છીએ.' પછી અડધો કલાકે આપે ત્યારે એ લઈને આવે. પછી મારી મા લોટ જોખી આપે. અને બીજા દાણા લઈ આવે. રોજ આવી રીતે એને ખોટી થવું પડે. ગરીબોને કેટલા અન્યાય થાય છે આ જગતમાં !

જોડ
૫૬-૫૮
એ તો પળેપળે એવું જીવન જીવ્યા હોય તેને ખબર પડે. બીજાને ખબર ના પડે.

૩

તમને બધાંને જ્યારે હું કહું છું કે બધાં સાથે સુમેળથી, સદ્‌ભાવથી, સહાનુભૂતિથી, પ્રેમભાવથી વર્તવાનું કર્યા કરો, ત્યારે મને તેવા પ્રકારનાં જીવેલા જીવનનાં સંભારણાં જાગે છે.

છેક નાનપણમાં ભારે કઠણ ગરીબાઈમાં જીવન વીતેલું. ગરીબને આ જગતવહેવારમાં જે પાટુ પડે છે, અને લોક તેને જે રીતે અવગણે છે, તેવી જિંદગી આ જીવે જીવેલી છે. ત્યારે કોઈ આધ્યાત્મિક પ્રકારની ભાવના તો જાગેલી ન હતી, તેમ છતાં જીવનમાં પ્રાપ્ત થયેલા કોઈ ઉત્કટ નિમિત્ત પ્રસંગને કારણે આગળ ભણવાની તીવ્ર મહેચ્છા એકાએક પ્રગટી. તેવો પ્રસંગ કેમ કરીને પ્રગટ્યો તે પણ તમને બધાંને જણાવું. આમ તો હું ગુજરાતી નિશાળમાં ભણતો હતો જ, પરંતુ તેવી સ્થિતિમાં આગળ ભણવાની તો ત્યારે શક્યતા જ ન હતી, કારણ કે ગરીબાઈ ભારે કારમી હતી. અમારું એક જ ઓરડાનું અને આગળ નાનકડી ઓશરીવાળું ભાડાનું ઘર (પંચમહાલ જિલ્લાના) કાલોલમાં મુખ્ય સરિયામ રસ્તા ઉપર હતું. મારા બાપને અફીણની એક તો ટેવ હતી, અને તે ઉપરાંત, હુક્કો પીવાની પણ તેમને ટેવ. રોજ રાતે તેઓ અમારા ઘર પાસે ઓટલાની નજીક છાણાંથી કરીને દેવતા જીવતો રાખ્યા કરતા અને રાતે જ્યારે જ્યારે હુક્કો પીવાનું મન થાય, ત્યારે ત્યારે તેમાંથી દેવતા લઈને હુક્કો પીતા. અમારું ઘર સરિયામ રસ્તા ઉપર આવેલું હોવાથી રાતે રોન ફરનારા સિપાઈઓ પણ ત્યાં બેસી વાતોચીતો પણ કરે અને કોઈ કોઈ તો હુક્કો પણ પીવે. આમ, મારા પિતાને ભાઈચારો પણ થયો હતો. એક દિવસ રાતે અમારે ઘેર કોઈક મહેમાન આવ્યા. તે ઓટલા ઉપર ખાટલામાં સૂતા હતા. તે રાતે રોન ફરવાને બે સિપાઈઓ આવ્યા. તેઓ મારા બાપાની સાથે બેઠા અને વાતો કરવા લાગ્યા. તેમાંના એકે ત્યારે પૂછ્યું કે ‘અલ્યા ભગત ! આ કોણ સૂતું છે ?’ મારા બાપે જવાબ આપ્યો કે ‘એ તો મહેમાન છે.’ એટલે પેલા સિપાઈ ભાઈએ પૂછ્યું કે ‘તો પછી પોલીસ ચોકીએ તેની ખબર કેમ આપી નથી ?’ મારા પિતાએ જવાબ વાળ્યો કે ‘એવી ખબર તો કોળી-વાઘરીને આપવાની હોય, અમારે નહિ.’ એટલું સાંભળ્યું ન સાંભળ્યું ત્યાં તો તે સિપાઈનો પિત્તો ઊછળ્યો અને મારતોઝૂડતો મારા પિતાને પોલીસ ચોકીએ લઈ જવા લાગ્યો.

આવું કારમું દૃશ્ય મારાથી જોઈ શકાયું નહિ.હું તો પહેરેલે લૂગડે દોડ્યો નાગરવાડામાં. ત્યાં એક શ્રી મનુભાઈ કરીને રાવ સાહેબ રહેતા હતા. તેમને રાતે જગાડીને મારા પિતાની મારઝૂડની બધી હકીકત મેં જણાવી. તે મારી પરત્વે ઘણી સહાનુભૂતિવાળા હતા. રોજ અમારા ઘર આગળથી સરિયામ રસ્તા ઉપરથી જતા આવતા હતા. અને મારી મા તેમનાં દળણાં ખાંડણા કરે તેથી અમને સારી રીતે ઓળખતા હતા. તે રાતે મારી કથની કહેતાં કહેતાં હું તો ડૂસકે ને ડૂસકે રોયા કરતો હતો, તેથી કરીને તેમનું હૃદય પીગળ્યું હોય. તેઓ તો તુરતાતુરત ગાડી જોડાવીને મારી સાથે રાતે ને રાતે પોલીસ ચોકીએ પધાર્યા અને રુઆબભેર જમાદારને બોલાવી મારા બાપને એકદમ છોડી દેવાનું કહ્યું. કાલોલ ગામના તે કાળના આવા પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત નાગરિકને રાતે પોલીસ ચોકીએ આવેલા જોઈને જમાદાર અને સિપાઈ વગેરે નવાઈ તો પામ્યા, પરંતુ મારા બાપને છોડી દેવાને આનાકાની કરવા જ્યાં લાગ્યા, ત્યાં જ તેઓ સાહેબે તે ને તે વેળાએ ફોજદારને બોલાવવાને ઘાંટો પાડીને કહ્યું, ‘હમણાં ને હમણાં ફોજદારને બોલાવો. મારે આ રંગરેજને મારવાને માટે તમારા પર કેસ કરવો છે. અને તમે જે માણસને પકડ્યો છે, તે માણસને મારે અત્યારે ને અત્યારે મારી ઘોડાગાડીમાં બેસાડીને દવાખાને લઈ જવો છે અને તેનાં મારનાં નિશાનને મારે ડૉક્ટર પાસે તપાસાવવાં છે.’

આ સાંભળીને હાજર રહેલા જે બેત્રણ પોલીસ અને જમાદાર હતા, તે ગભરાયા હશે એમ હું માનું છું, કેમ કે તે પછીથી મારા બાપને તેમણે છોડી મૂક્યા, પરંતુ આ પ્રસંગે મને એકદમ ચોંકીને વિચારતો કરી મૂક્યો કે ‘ગરીબને આ સંસારમાં સૌ કોઈ હડધૂત કરે છે, અપમાનિત કરે છે અને તેને ગાળો પણ દે છે, પરંતુ આપણે ગરીબ હોવા છતાં આપણને અવહેલના કરવાની કોઈને વૃત્તિ જ ન થઈ શકે એવી સ્થિતિ પેદા કરવાને માટે મારે શું કરવું જોઈએ ? આવી ઉત્કટ પ્રકારની તે વેળા લાગણી જાગી. વિચાર કરતાં કરતાં

સમજાયું કે અમારા તાલુકાના મામલતદાર સાહેબને ગામમાં પ્રતિષ્ઠિતમાં પ્રતિષ્ઠિત ગણાતા નાગરિક પણ સલામ ભરે છે, તો મારે પણ તેવા થવું. તેવા થવાને માટે આગળ ખૂબ ભણવું જોઈએ, એટલે આ કારણથી મને ભણવાની ખરેખરી તત્પરતા જાગી હતી. એવી ભણવાની તત્પરતાયુક્ત તાલાવેલી અને ગરજ પ્રગટેલી હોવાથી જ્યાં જ્યાં એવી સગવડ પ્રભુકૃપાથી મળ્યા કરી, ત્યાં ત્યાં જઈ કરી, રહી કરી, જે જે માણસોનો ત્યાં સમાગમ થયો તેમને તેમને રીઝવવાનો એકમાત્ર પ્રયત્ન કર્યા કરતો હતો અને તે તે કુટુંબના બધા જ માનવીઓનો સદ્ભાવ સંપાદન કરી શકતો હતો. દર્શન ૧૭૪-૧૭૭

૪

આ જીવની નાનપણની આર્થિક દશા તો ઘણી ઘણી ગરીબાઈની. કાલોલની અંગ્રેજી નિશાળમાં ભણતો થયો, ત્યારથી અમારી તે શાળાના મુખ્ય શિક્ષકના સંપર્ક અને સંબંધને કારણે કાલોલના નાગરવાડામાં જવા આવવાનું વધારે થયેલું. આ જીવ ગરીબ હોવાથી સહુ કોઈ દયા કરે અને કામ બતાવે. પહેરવાને કાજે જૂનાં પણ સારાં, ફાટી ન ગયાં હોય તેવાં જ કપડાં પણ પહેરવા આપે, જોકે આ જીવે તે પહેર્યાં નથી, તેમ પાછો નકાર પણ ભણ્યો નથી. પ્રેમભાવે તે લઈ લેતો, અને તેમને સારું લાગે તેથી થોડીક વાર પહેરી તે ઘેર લઈ જતો, કાં તો કોઈ મારાથીયે વધારે ગરીબ હોય અને પહેરવાનું ન હોય તેને આપી દેતો, પણ પ્રેમભાવથી કરીને, દયા ખાઈને તો નહિ જ. પોકાર ૨૧૩

* * *

આ કાજે તો અંગ્રેજી ભણવું પડે, પણ સાધન ક્યાંથી લાવવું ? વિચાર જાગ્યો અને નક્કી થયું એટલે બસ થયું. હૃદયની નિર્ધાર પામેલી વૃત્તિ કંઈ નમાલી નથી હોતી. એ તો આપણને ગતિમાં મુકાવે છે. ગુજરાતી સાત ચોપડી તો ભણી ચૂક્યો હતો. અંગ્રેજી નિશાળ ગામમાં નવીસવી જ ઊઘડેલી. ફી વડે એનો આધાર. પહેલવહેલી માફી તો કોણ આપે ? તેથી,

શાળામાં જેમ તેમ કરીને દાખલ તો થયો. આખી નિશાળનું મકાન વાળવાનું. તે કાજે માસિક દોઢ રૂપિયો માત્ર મળે. બધી જ બેંચો, ટેબલો, પાટલીઓ, ખુરશીઓ, પાટિયાં વગેરે બધું લૂછવાનું અને સાફ રાખવાનું. કદી કદી નિશાળના પટાવાળાનું કામ કરવાનું અને ભણવાનું. ભણવાનો નંબર પ્રભુકૃપાથી પહેલો રહેતો. હવે એમ થયું કે આમ ભણતાં તો ઘણાં વધારે વર્ષ લાગે. તેથી જો પ્રભુકૃપાથી બેચાર ધોરણ કૂદી શકાય તો તેટલાં વર્ષ બચે ખરાં. એવે પ્રસંગે શ્રીપ્રભુકૃપાએ એક નવા મુખ્ય શિક્ષક આવ્યા. તેમની સાથે અંતર્ગતપણે તે હેતુ દઢાવીને દિલમાં પ્રાર્થનાનો ભાવ દઢાવી દઢાવીને તેમનો સંબંધ સાધ્યો. તેમને ઘેર જઉં-કરું. શાકબાક પણ લાવી દઉં. કંઈક ને કંઈક રીતે મદદગાર બન્યા કરું. છોકરાંને રમાડ્યા કરું. તેમનાં પત્ની મારા પર ઘણો પ્રેમભાવ રાખતાં. મને જે તે ખાવાનું આપ્યા કરે. ઘરના દીકરાના જેવો હૃદયનો પ્રેમભાવ રાખતાં. એમ કરતાં કરતાં કુટુંબીજન જેવો થઈ ગયો.



તે જ કારણને લઈને નવીસવી નીકળેલી કાલોલની ઍંગ્લોવર્નાક્યુલર મિડલ સ્કૂલના હેડમાસ્તર સાહેબે ૧ થી ૪ ધોરણ સુધીનો અભ્યાસ મને દોઢ વર્ષમાં કરાવી દીધો હતો, તે પણ એક ખરેખરી હકીકત છે. દિલમાં જ્યારે જે પરત્વેની તાલાવેલીયુક્ત મહત્ત્વાકાંક્ષા પ્રગટે છે, ત્યારે તે પરત્વેની અનુકૂળતા પણ પ્રભુકૃપાથી પ્રગટી જતી હોય છે. આગળ ભણવામાં પણ એ જ રીતે સરળતા પ્રાપ્ત થઈ. ત્યાં પણ કેટલા બધા જીવો રહેતા હતા ! તે બધાંનું પણ દિલ મેળવી લેવાનું ભગવાનની કૃપાથી આ જીવે કર્યા કર્યું હતું. બધાંનો સદ્‌ભાવ અને પ્રેમભાવ મેળવી શકાય તો જ મારાથી આ ભણવાનું કામ તેમની મદદથી બની શકે, એવું લાગવાથી તેમનો તેમનો સદ્‌ભાવ મેળવવાનો લાગ કદી પણ ચૂકતો નહિ. જુદા જુદા સ્વભાવના અનેક પ્રકારના જીવો સાથે પ્રભુકૃપાથી આ જીવે એકમાત્ર સદ્‌ભાવ જ કેળવ્યો છે. મળેલા પ્રત્યેક સંબંધી સાથે સદ્‌ભાવ જાળવી શકાય છે અને તે થઈ શકે એમ છે,

એનું હું તમારી પાસે પ્રભુકૃપાથી જીવતુંજાગતું દૃષ્ટાંત છું. થયા કરેલા અન્યાયને કદી મેં સંઘર્યા નથી કે તેને યાદ પણ કર્યા નથી. મારે તો મારું પોતાનું જ કામ જોયા કરવાનું હતું. મારું ભણવાનું કામ જેમ સારી રીતે ફળી શકે તેવી ભૂમિકા રચ્યા કરવાની સાધનામાં જ તે કાળે પ્રવર્તમાન થવાનું બન્યા જતું. દર્શન ૧૭૭-૧૭૮

૫

કાલોલની ઍંગ્લોવર્નાક્યુલર શાળાના શિક્ષકોમાં એક શ્રી ઘનશ્યામરાય નટવરરાય મહેતા હતા. તેઓ હોશિયાર વિદ્યાર્થી પ્રત્યે હંમેશાં મમતા રાખતા. હું તેમને ત્યાં અવારનવાર જતો અને કાંઈ કામકાજ હોય તો કરી આપતો. તેથી, મારા પ્રત્યે તેમની સવિશેષ માયા બંધાઈ હતી.

મારા જેવો હોશિયાર છોકરો આગળ ભણવાને બદલે એક વેપારીને ત્યાં નોકરીએ રહી જાય એ તેમને ગમ્યું તો ન હતું, પણ ગરીબ છોકરો આગળ ભણવા માટે પૈસા ક્યાંથી લાવે એ પણ એક સવાલ હતો.

આ શ્રી ઘનશ્યામરાયને તેમનાં કુટુંબીઓ ઘનુભાઈના ટૂંકા નામે બોલાવતાં. ઘનુભાઈને લાગ્યું કે આ ગરીબ છોકરાની આગળ ભણવાની વ્યવસ્થા થાય તો સારું. છોકરો કામગરો અને કહ્યાગરો છે એટલે કોઈને ત્યાં ભારે નહિ પડે. શ્રી ઘનુભાઈનાં એક માસીબા પ્રભાબા ત્યારે પેટલાદમાં રહેતાં હતાં. તેઓ ગરીબ લોકો પ્રત્યે હમદર્દી રાખતાં અને કોઈને બે પૈસાની મદદ કરવા જેવી હોય તો કરતાં પણ ખરાં. આવી જગાએ જો આ ગરીબ છોકરાને મુકાય તો એનું ઠેકાણું પડી જાય અને છેક સુધી તે અભ્યાસ કરી શકે. એવી તેમની ગણતરી હતી. આથી, એમણે તેમને વાત કરી અને મારું પેટલાદ ભણવા મેરુ
જવાનું નક્કી થયું. ૪૨-૪૩

ઘનુભાઈનાં માસીબા તેમને ઘેર આવતાં ત્યારે હું મારી સેવાભાવના થકી તેમની નજરે ચડી ગયો તો હતો જ. તેમના ઘેર સ્વજનની જેમ મને રાખ્યો. હું ઘરનું બધું કામ કરતો.

ઘણી વાર રસોઈ થવાને વાર હોય અને શાળાએ જવાનો ટાઈમ થઈ જાય એટલે હું દાળ તૈયાર હોય તો દાળ એકલી પીને ચાલ્યો જતો. આની ખબર બધાંને પડી ત્યારે હું કહેતો કે મને
જી.કાર્ય ૬૨૭ દાળ બહુ ભાવે છે એટલે એકલી દાળ પીને જઉં છું. આથી, મારું નામ 'દાળિયો' પાડેલું !

એ જ ઘરનાં ઘરેણાં વગેરે સાચવવાનું કામ પણ મને સોંપેલું. એકવાર વીંટી પહેરવાનું મન થઈ ગયું. કોઈ દહાડો વીંટી પહેરેલી નહિ. એટલે આપણે તો વીંટી ચડાવી દીધી અને બહાર નીકળી પડ્યા ફરવાને. રસ્તામાં કોઈ ઓળખાણવાળા ભેટી ગયા. તેમણે મારા હાથે વીંટી જોઈ. હું પકડાઈ ગયો એટલે ઝટઝટ બીજા ટૂંકા રસ્તેથી ઘરે પહોંચી ગયો અને માસીબાને સાચી વાત કહી દીધી. મારે વીંટી ચોરવી ન હતી, ખાલી પહેરવી હતી એમ જણાવ્યું. એમણે કંઈ કહ્યું નહિ અને
જી.કાર્ય ૬૨૭ વીંટી પાછી ઠેકાણે મૂકી દીધી. વડોદરામાં પણ આ જ માસીબાએ મને તેમને ત્યાં રાખેલો. એ મારાં આધ્યાત્મિક 'મા' હતાં.

## ૬

પેટલાદમાં ભણતો હતો ત્યારે શ્રીજાનકીદાસજી મહારાજના સમાગમમાં આવવાનું બન્યું હતું. હાઈસ્કૂલમાંથી છૂટીને અને કદીક જે સમય (period)માં ભણવાનું ન હોય તે વેળાએ વહેલો પણ ત્યાંથી નીકળી જઈને તેઓશ્રીની પાસે જતો. ત્યાંની જગા વાળતો. કદીક તેમનાં કપડાં પણ ધોવાનું કરતો. કદી વળી છાનોમાનો તેમની પાસે બેસી રહેતો. તેઓ જે બીજાની સાથે વાર્તાલાપ કરતા, તે બધું શાંતચિત્તે સાંભળતો. ત્યારે મારે કશું પૂછવાનું તો હતું નહિ, પરંતુ તેમનું બધું સાંભળ્યા કરવાનું મને દિલ થતું. તેઓ પોતે એકદમ સરળ અને સાદા હતા. રહેણીકરણી પણ એવી જ. તેમની પરત્વે પેટલાદના રંગવાળા શેઠ બહુ આદર અને ભક્તિભાવ રાખતા. તેમના નિમિત્તથી જ તેઓ ત્યાં રહેતા હતા. તે શેઠ સાહેબે જ તેમને રહેવાને માટે ત્યાં બધો પ્રબંધ કર્યો હતો. તેઓ કોઈ જાતનું પ્રવચન કે

કથાવાર્તા કરતા ન હતા અથવા શાસ્ત્રનું વાંચન પણ કરતા ન હતા. મારી ગેરહાજરીમાં કદાચ કરતા હોય તો રામ જાણે. મને તેમની પાસે બેસી રહેવાનું બહુ દિલ થતું. હાઈસ્કૂલમાં ભણતો ત્યારે બીજી કોઈપણ પ્રકારની રમતગમતમાં મેં કદી ભાગ લીધો નથી. જ્યારે જ્યારે સમય મળતો અને પોતે પેટલાદમાં પધારેલા હોય, ત્યારે અચૂક તેમની પાસે જવાનું કરતો હતો. કોઈ દિવસ તેમની સાથે મેં કશી વાતચીત પણ કરી નથી. તેઓ કદીક કદીક મારી ખબર પૂછતા ખરા. 'શું કરે છે? શું ભણે છે ? ક્યાં રહે છે ?' એમ પણ પૂછતા. અંગ્રેજી સાતમા ધોરણમાં ભણતો હતો એટલે કે મૅટ્રિકના વર્ગમાં હતો, ત્યારે તેમણે મને કૃપા કરીને ચેતવેલો કે 'તારા શરીરને ભયંકર માંદગી થવાની છે, માટે તું સવેળા પહેલેથી જ બધો અભ્યાસ કરી લે.' પેટલાદના રંગવાળા શેઠ તરફથી ચાલતી એક સંસ્કૃત પાઠશાળાના આચાર્ય પણ ત્યાં કદીક કદીક આવતા હશે. એક વખત તે આચાર્યશ્રી પણ બેઠા હતા, અને મારી હાજરી પણ હતી, ત્યારે તેમણે પેલા સજ્જન આચાર્યશ્રીને મને ચીંધીને ખાસ કહ્યું કે 'આ છોકરાનો મૅટ્રિકના વિષયનો બધો અભ્યાસ તમે સારી રીતે પૂરો કરાવી દો, અને એ વિષયમાં એને બહુ હોશિયાર કરી દો. આ છોકરાને જ્યારે જ્યારે નવરાશ મળે ત્યારે તે તમારી પાસે આવેને ત્યારે તમારે એને શીખવવું. આ છોકરો કોઈ પારકે ઠેકાણે રહે છે, તેથી તે ધારેલે સમયે ન આવી શકે એવી એની પરિસ્થિતિ છે.'

પેટલાદમાં દીવાન સાહેબના ઘરથી થોડેક જ આગળ આ સંસ્કૃત પાઠશાળા હતી. તે આચાર્યશ્રી પાસેથી બેઅઢી મહિનાના ટૂંકા ગાળામાં બધો જ સંસ્કૃતનો અભ્યાસ પાકો કરી લીધો હતો-ખાસ કરીને વ્યાકરણની બાબતનો તો પૂરેપૂરો જ. તે ઉપરાંત, શ્રીજાનકીદાસ મહારાજે મને કૃપા કરીને ચેતવેલો હોવાથી મૅટ્રિકના બીજા બધા વિષયોનો અભ્યાસ તે તે વિષયોની છપાયેલી સમજૂતીઓ (ગાઇડ્ઝ) બહાર પડતી હતી તે બધાંની મદદથી તથા તે તે વિષયોના પ્રશ્નો અને ઉત્તરોની પણ ચોપડી

છપાતી હતી, તે બધાંની મદદથી બધા વિષયોનો અભ્યાસ ઝટ ઝટ કરી લીધો હતો. એવામાં કોઈક નિમિત્ત પ્રસંગે કરીને અમદાવાદ જવાનું બન્યું. ત્યાં મારા મોટા ભાઈ, મા વગેરે રહેતાં હતાં, પરંતુ મેં તો શ્રી ઘનુભાઈને ત્યાં જ અમદાવાદમાં રહેવાનું રાખ્યું હતું. ત્યાં સાચે જ શ્રીજાનકીદાસજીની આગાહી પ્રમાણે આ શરીર બહુ જ માંદું પડ્યું અને તેનું મરણ નીપજી શકે એવી ગંભીર સ્થિતિ પણ થઈ ગઈ હતી. કેટલાક દિવસ સુધી બેભાન અવસ્થામાં પણ રહેવું પડ્યું હતું. શરીરની આ માંદગીમાં મને શ્રીજાનકીદાસ મહારાજનું બહુ સ્મરણ થતું અને તેમના પર મને ત્યારે ઘણું ઘણું વહાલ પણ પ્રગટતું. શરીરની આ માંદગી લાંબી ચાલી હતી. શરીર કંઈક થોડું ઘણું સ્વસ્થ થતાં અભ્યાસની પ્રવૃત્તિ શરૂ કરવાનું કરતાં ડૉક્ટરે અભ્યાસ કરવાની મનાઈ કરી. મૅટ્રિકની પરીક્ષામાં બેસવાને માટે જે પ્રાવેશિક પરીક્ષા થાય છે, તેમાં પણ બેસી શકાયું ન હતું. પરંતુ હાઈસ્કૂલના હેડમાસ્તર સાહેબ શ્રી ઈશ્વરભાઈ પટેલ જેઓ સોજિત્રાના વતની હતા, તેઓની મારા પર સારી મમતા હતી, કારણ કે હું વિદ્યાર્થી તરીકે અભ્યાસમાં તેજસ્વી હતો અને આગળથી બધો અભ્યાસ કરી લીધો હતો. તેથી જે જે નિબંધો લખવાના આવે અથવા ત્રિમાસિક કે છમાસિક પરીક્ષા થતી તેમાં હું બહુ ઊંચા માર્કથી પાસ થતો. એટલે પ્રાવેશિક પરીક્ષામાં ન બેસી શક્યો તોપણ મને ફૉર્મ તો મળી ગયું હતું, પરંતુ જો શ્રીજાનકીદાસ મહારાજે કૃપા કરીને મને ચેતવ્યો ન હોત, તો જરૂર હું નાપાસ થયો હોત. સદ્‌ભાવનાથી સેવાયેલો સત્સંગ at least (કંઈ નહિ તો) મારી બાબતમાં તો મને સફળ પરિણામમાં પ્રગટેલો અનુભવાયો. વળી, આ ઉપરાંત મને એ પણ જણાયું હતું કે આપણામાં એવા સત્સંગની અભિરુચિ પ્રગટેલી હોય અને તેની જાણ આપણને છતી થયેલી ન હોય, તોપણ જો આપણને તેવે ઠેકાણે જવાનું દિલ થતું હોય, તો એવા સત્પુરુષ પાસે ખાલી બેસવાથી કરીને પણ આપણને શાંતિ અને હળવાશ જરૂર પ્રગટે છે, અને તેવા પ્રકારની

લાગણીની અસર થોડા સમય સુધી ચાલુ રહેલી પણ અનુભવાય છે. મને આવું લાગ્યા કરતું, તેથી જ વારંવાર તેઓશ્રીની પાસે ગયા કરવાનો દિલનો ભાવ થતો.

વળી, તેઓશ્રીએ મને અમદાવાદમાં શ્રીસરયૂદાસ મહારાજને પગે લાગીને તેમના આશીર્વાદ લેવાની ખાસ સલાહ આપેલી. પૂર્વસ્મૃતિની ધારણાથી એટલું જરૂર કહી શકું છું કે શ્રીજાનકીદાસ મહારાજ અનુભવી મહાત્મા હતા. દર્શન ૨૭૦-૨૭૩

૭

જાનકીદાસ મહારાજ મને કહે કે 'જો છોકરા, તું પરીક્ષા આપવા જવાનો છું તો બહુ સાચવીને જજે.' ત્યાં આગળ સરયૂદાસજી મહારાજ એમની સાથેના હતા, જોડેના જ હતા. તે અમદાવાદમાં બહુ પ્રખ્યાત હતા. 'એમનાં દર્શન કરી પછી તું પરીક્ષા આપવા જજે.' મેં કહ્યું, 'સારું.' હું તો ત્યાં ગયો.

વહેલો નીકળી મહારાજને પગે લાગ્યો. મહારાજ કહે, 'ભાઈ, ક્યાં ચાલ્યો ?' મેં કહ્યું, 'પરીક્ષા આપવા જઉં છું, બાપા. અને આપને પગે લાગવા આવ્યો છું.' તો કહે, 'તને કોણે મોકલ્યો ?' મેં કહ્યું, 'જાનકીદાસ મહારાજે' તો કહે, 'મારે તને સંભાળવો પડશે.' 'આપ જેવા મારી સંભાળ રાખો એ બહુ મોટી વાત.' પછી કહે, 'પરીક્ષા આપવા જઈશ નહિ.' તોપણ હું તો પરીક્ષા આપવા ગયો. પરીક્ષા આપી એક પેપર બાકી રહ્યું અને અમદાવાદમાં જબરજસ્ત હુલ્લડ થયું. તે સવારે મારે જ્યૉમેટ્રી(ભૂમિતિ)ની પરીક્ષા. તે હવે જાહેર થયેલું નહિ કે મોકૂફ રાખી છે. રેડિયો ઉપર કે કશા ઉપર જાહેર કર્યું હોત કે મોકૂફ રાખી છે તો વિદ્યાર્થીઓ બિચારા મરી ના જાત. કેટલાય વિદ્યાર્થીઓ મરી ગયા. એક પોળમાંથી બીજી પોળ અને બીજી પોળમાંથી ત્રીજી પોળ-એમ સંતાતા છેક સુધી ગયા. તો તે મંડપ ભડકે બળે. પાછા છાનામાના ગયેલા. ગલીકૂંચીમાં થઈને ગયેલા. મહારાજે કહેલું કે 'મારું સરનામું લઈ લેજે.' જે દિવસે મંડપ બાળવાનો હતો તે દિવસે મને કહે, 'તું પરીક્ષા

આપવા જઈશ નહિ.' મારો સ્વભાવ કહ્યું માનવાનો ખરો, પણ એક બાજુ પરીક્ષાનો લોભ. ગરીબ માણસ, આગળ વધવું છે એવો નિશ્ચય હતો. મને થયું આ સત્પુરુષના વચનનું ઉલ્લંઘન કરવું પણ ઠીક નહિ કહેવાય. મનમાં એમ પણ થાય અને એક જ પેપર બાકી છે અને ભૂમિતિ તો મને બહુ સરસ આવડે. ૯૦-૯૫ ટકા માર્ક્સ લાવી શકું તેમ છું. આ વિષય કેમ છોડું? સવારના પહોરમાં કરફ્યુ ડીક્લૅર (સંચારબંધી જાહેર) નહિ કરેલો એટલે સીધે સીધા અમે તો ચાલ્યા ગયેલા.

પાછા ઘેર આવ્યા. એવા લોકોનું વચન આપણે માનીએ તો આપણા લાભનું હોય છે, પણ કેટલીક વખત મતિથી કબૂલ
જોડ નથી થતું હોતું. બુદ્ધિથી ભક્તિપૂર્વક તેનું પાલન કરે તો ઘણો
૧-૨ ફાયદો થાય. દુન્યવી લાભ થાય.

આવી ભક્તિ કે પ્રેમ કોઈ માણસ વિશે પ્રગટવો એ પણ સહેલો નથી, એ પણ સાથે સાથે કહી દઉં. હું બી.એ.માં હતો, ત્યારથી આ બાબતની મને થોડી લગની લાગેલી. પરીક્ષા વખતે પહેલો હું તેને યાદ કરું, પગે લાગું, પછી લખું. લખીને પછી પૂછું, કે 'આ મેં બરોબર લખ્યું છે ? આ પ્રશ્ન બરોબર લખાયો છે મારાથી ?' એ કંઈ બોલે તો નહિ. કેવી રીતે બોલે? પણ મારા મનમાં એમ થાય કે ના મેં આ બરોબર લખેલું છે. અઠ્યાસી, નેવ્યાસી, નેવું, ત્રાણું માર્ક્સ આવતા. એક એક વિષયમાં. હું તો આજે પણ માનું છું કે એની કૃપા મારી સાથે હતી. અનુભવી જે આત્માઓ છે એવાઓની કૃપા માત્ર કોઈ એક સ્થળે હોતી નથી. જે જે માણસો જેવી રીતે ચાહતાં હોય, તે બધાંની સાથે હોય છે.

શ્રીજાનકીદાસજી મહારાજ હમણાં સુધી જીવતા હતા. તેમને ગુજરી ગયે દસબાર વર્ષ થયાં. (અંદાજે : ૧૯૬૨) હજુ તો તે પેટલાદમાં અને બીજા ગામડામાં ફરતા હતા. અજાણ્યા માણસ હતા, પણ બહુ સરસ માણસ હતા. ડગલી પહેરે, ધોતિયું પહેરે, ખેસ નાખે. બધે ફરે અને કોઈપણ માણસ જાણીતો, અજાણ્યો, રસ્તાનો જનારો પણ નમસ્કાર કરી એમને પૂછે તો

એ એનો જવાબ આપે. એમ નહિ કે ક્યાંય ના જાય. ગમે ત્યાં જમવાનું આમંત્રણ મળે ત્યાં જાય-નાતજાતના ભેદ વિના-ભંગીને ત્યાં પણ જાય. પહેલી વખત પરીક્ષા એવી થયેલી કે નારણભાઈ શેઠ, એમના એટલા બધા ભક્ત. ટપાલ પણ વંચાવે. એવું કરે. 'નારણભાઈ શેઠ, તું મારું કહ્યું કામ કરશે એવું મને કેટલીય વાર કહ્યું છે. અને કેટલીય વાર તેં કહ્યું છે કે 'મારા મરણના ભોગે પણ કરીશ. પણ સાલું, આજે તું કેવી રીતે કરે છે, તે જોઉં છું. આ મારા રઘા ભગત આવ્યા છે. ખાવાનું મેં તૈયાર રાખ્યું છે. જો આ તાંબડીમાં ભરીને એમને માટે લટકાવી રાખ્યું છે. હવે તારે નાહીધોઈને ભીનાં કપડાં પહેરીને, તારા ઘેર એને તારી જોડે બેસાડીને જમાડવાનું છે.' તે નારણભાઈ શેઠ એમને કહે, 'મારે ઘેર પૂછવું પડે.' તો કહે, 'પૂછો.' ઘેર ગયા અને બધાંને પૂછ્યું. તો કોઈએ કબૂલ કર્યું નહિ. નારણભાઈ શેઠ તો રડતાં રડતાં પાછા આવ્યા. 'મહારાજ, બધાં જ ના પાડે છે. મારે શું કરવું ? એકલા રહીને કરવું ? મને સલાહ આપો.' 'હું શું કરવા સલાહ આપું તને ? તારે જેમ કરવું હોય તેમ કર. આ તો મેં તને કહ્યું. આ તો તું ઘણા વખતથી કહ્યા કરતો હતો કે મારા જેવું, મહારાજ, મને એવું કંઈ કામ બતાવો કે તમે રાજી થાઓ. આ તને કામ બતાવ્યું કે એને જમાડીશ તો હું રાજી થઈશ. ઘણો રાજી થઈશ.' પછી શેઠને પેલી તાંબડી રાખી હતી તે આપે છે. અને નારણભાઈ શેઠ જમાડે છે. તેમને ઘેર જઈને જમાડી શકતા નથી. એ ડંખ એને બહુ લાગેલો. અને થોડાક જ વખતમાં દસપંદર દિવસમાં એ શેઠ ગુજરી ગયા. નારણભાઈ શેઠ બહુ ઉદાર દિલના. હું અહીં વડોદરા કૉલેજમાં ભણવા આવતો હતો, તે પૈસા મળે નહિ, તો કેવી રીતે ભણું ? તે સાત સાત રૂપિયા આપતા.સાત રૂપિયા તેમના ભાઈ સરકારી કામમાં હતા તે આપતા. તેમની સાથે મોકલતા. મને સાત રૂપિયા તો મળતા હતા. બીજા કોઈને મળતા ન હતા. એમ મને એકવીસ રૂપિયા મળતા હતા.

મતલબ કે મનની વાત એવી છે કે કાં તો એને ભગવાનના સ્મરણમાં રોક્યા કરો અને પ્રયત્ન કરો. એની મેળે કંઈ નહિ રહે. પ્રયત્ન કરતાં કરતાં રહે. અથવા તો બીજો ઉપાય-જે કોઈ માણસ પુરુષ કે સ્ત્રી-કોઈ આત્મા-શરીરધારી આત્મા છે, જેનામાં
તદ્રૂપ ૯-૧૧ તમારી ભક્તિ કે ભાવ છે. તેને તમારી સાથે રાખો તો મન ઓછામાં ઓછું વિચાર કરશે.

* * *

હું મૅટ્રિકની પરીક્ષામાં બેઠેલો. મારું મેથ્સ બહુ સ્ટ્રૉંગ. એક એવો દાખલો કે હું વિચારમાં ચડી ગયો. આડે રસ્તે ગયો. મારા સુપરવાઈઝર સરસ હતા. કોઈ ઓળખાણ નહિ. તે ભગવાને એને પ્રેરાવ્યો. એણે કહ્યું, 'તું ઊંધા રસ્તે ચાલ્યો છે. તારી રીત બરાબર છે.' એટલું જ બોલ્યા. હું તરત જ સમજી ગયો. તરત જ ફરીથી દાખલો ગણી લીધો. એ ખરો જ આવ્યો. મારા ૯૨ માર્ક્સ આવેલા. કોઈક વખતે આવી ગેબી મદદ કહે એવી મળ્યા કરે છે. જીવનમાં પણ આપણે જોઈએ તો આપણે વિચારતાં હોતાં નથી ત્યારે પણ અણધારી રીતે આપણા પ્રશ્નો ઊકલ્યા કરતા હોય છે. અણધાર્યો કોઈ વિચાર એવો સ્ફુરે છે કે એ મદદ કરતો હોય છે. આપણે જેના પર મનનચિંતવન
ગ્રહ ૧૪-૧૫ કર્યું હોતું નથી, તોપણ એવો વિચાર સ્ફુરે છે. એવા દાખલા આપણા જીવનમાં બને છે.

હું હાઈસ્કૂલમાં ભણતો હતો. મારા એક પાટીદાર માસ્તર બહુ કડક હતા. તે કહે, 'આજે તમે બધાં પાંચ કલાક સુધી મહાભારત વિશે લખો. તે તમારાં જેટલાં પાનાં થાય એટલાં પાનાં અમે આપીશું. બધાંને તેવાં પાનાં આપ્યાં. હવે બધાંને લખવાનું આવ્યું, પણ કોઈક તો કલાકમાં ઊઠી ગયા. હું ત્રણ કલાક બેઠો. હું એકલો જ હોં ! બીજું કોઈ ત્યાં બેઠેલું નહિ.

મેં તો લખ્યું કે, આ ધર્મની જે વાત છે તે ખોટી છે. આ મહાભારત રાગદ્વેષનો ઈતિહાસ છે. બધા પિતરાઈ ભાઈઓ માંહોમાંહે કેવી રીતના લડ્યા તે આખો રાગદ્વેષનો ઈતિહાસ છે. એકબીજા સાથે ભયંકર રાગદ્વેષ હતા તે આ પુરવાર કરે છે. આ સંસાર આવો જ છે તે બતાવવાનો આની પાછળ

ભગવાનનો હેતુ છે. પાછળથી છેલ્લું પ્રકરણ 'શાંતિપર્વ' છે. એમાં ભીષ્મપિતામહ ઉપદેશ આપે છે એટલો જ ભાગ આખા મહાભારતમાં સારો છે. આખા સમાજને માટે ગ્રહણ કરવા યોગ્ય એટલો જ ભાગ છે, પણ રાગદ્વેષની ભૂમિકા ઉપર આ ઉપદેશ ખપ લાગે નહિ, ચોંટે નહિ. જેમ કોઈ ફૂલને ચોંટાડવું હોય તો એની ભૂમિકા યોગ્ય પ્રકારની જોઈએ અથવા સુંદરમાં સુંદર કોઈ ચિત્ર હોય અને જો એનું યોગ્ય બૅક્‌ગ્રાઉંડ ના હોય તો યોગ્ય પ્રકારનું એ ચિત્ર હોય તોપણ એનું મૂલ્ય યોગ્ય પ્રકારનું ના નીપજી શકે. એ આપણાથી સમજાય તેવી વાત છે. ભીમ ઉપર દુર્યોધનના પિતાને એટલું બધું વેર કે એને મારી નાખું. એટલે એને એવો ભેટે છે, એવો ભેટે છે કે દબાઈ જાય, પણ ભીમ વજ્રકાય હતો. જેવો તેવો નહિ. તે તેની કચડમાં આવી શક્યો નહિ. આટલો બધો રાગદ્વેષ હતો. 'તમે જીત્યા તો ભલે જીત્યા, મારા છોકરાઓ જ છેને !' એમ ધૃતરાષ્ટ્ર પણ મન વાળી નથી શકતા. રાજકારણમાં પણ દુર્યોધનના પ્રપંચમાં કેટલાય સાથ આપે છે. તે વાત વળી જુદી. આવું બધું મેં લખ્યું.

બીજે દિવસે હેડમાસ્તરે મને બોલાવ્યો. મને કહે કે 'તારે પાસ થવું છે કે નાપાસ ?' મેં કહ્યું, 'સાહેબ, પાસ થવું છે.' તો કહે, 'આવું બધું લખે છેને !' મેં કહ્યું, 'સાહેબ, જે સાચું લાગ્યું તે લખ્યું છે.' 'આપણા બાપદાદાઓ કહેતા આવ્યા છે તે ખોટી વાત ?' તો મેં કહ્યું, 'તેય સાચી વાત. બાપદાદાઓ સાચી વાત કહેતા આવ્યા છે, પણ આપણે મહાભારતને સાચી રીતે સમજ્યાં નથી. મહાભારત તો આ દ્વેષનો-આ ઝઘડાનો ઈતિહાસ છે. એ કંઈ જ્ઞાનનું પુસ્તક નથી. મહાભારતને તમે જ્ઞાનનું પુસ્તક કહો તે કંઈ સ્વીકારી શકાય એવું નથી. તમે જાતે જ વાંચો અને એનો નિર્ણય કરો. બીજાની પાસે નિર્ણય કરાવવાની જરૂર નથી.' માસ્તર કહે, 'ચૂનીલાલ, આગળ ઉપર તું બહુ મોટો માણસ થઈશ.' મારી પીઠ થાબડી. મને વઢ્યા નહિ. પહેલાં બોલ્યા ખરા, પછી બધું મેં એમને સમજાવ્યું.

પછી કહે, ‘સાચી વાત છે. પણ દુનિયા જે રસ્તે જતી હોય તે રસ્તે જવું. આડે રસ્તે જવાથી પંચાત પડે. લોકો આપણને સમજે નહિ અને ઊલટા પંચાત પાડે. માટે લોકોએ જેમ મહાભારતને માટે કહ્યું હોય, નમસ્કાર કર્યા હોય, તો એમ થવા દેવું. જેમ બધાં કહેતાં હોય એ જ રસ્તે ચાલવું. આડાઅવળા
જન્મ ચાલ્યા તો આપણો પતંગ કપાઈ જવાનો. માટે તેં લખ્યું છે તે
૯-૧૧ સાચું છે. મને પણ ગમ્યું છે, પણ પરીક્ષામાં આવું લખીશ નહિ.’

કુંતીમાતા તો શક્તિશાળી બાઈ હતી. બહુ કુનેહવાળી બાઈ હતી અને એને મહાભારતમાં જે ચીતરી છે એ બૅક્ગ્રાઉંડ ઉપરથી બહુ મોટો ભાગ કંઈ આવતો નથી. કુંતીમાતા કાવતરામાં કે કંઈ કશામાં એ આવતી નથી. એ રાગદ્વેષથી પ્રેરાયેલી બાઈ નથી અને એણે એવી જાતની સલાહ પણ પોતાના છોકરાઓને આપી નથી. પોતાના છોકરાઓને અને પોતાની શોક્યનાં છોકરાંને પણ પોતાનાં છોકરાં કરતાં વધારે સારી રીતે રાખેલાં એવું દૃષ્ટાંત આ જગતમાં બહુ ઓછું જ જોવા મળશે. એ પણ એમાં સારો મુદ્દો છે. પોતાના દીકરાઓ કરતાં પણ તેમના પર તેમણે વધારે વહાલ રાખ્યું એમ મહાભારત કહે છે. એ રીતે મહાભારતકારે કુંતીનું ચારિત્ર્ય બહુ મોટી કક્ષા પર મૂક્યું છે. જેટલાં ચારિત્ર્યો અંદર આવે છે એમાં આનું સારું. પુરુષમાં એકલા ભીષ્મનું. ભીષ્મના હાથે તો અન્યાયો થયેલા છે, પણ કુંતીના હાથે કોઈપણ વાર અન્યાય થયેલો નથી. એકવાર પણ
જન્મ નહિ. આ તો મહાભારતે કહેલું છે. આ તો નાનપણમાં જે
૯-૧૩ વિચારો આવેલા તે કહ્યા.

રાગદ્વેષ એક એવું જોડકું છે કે જે કામક્રોધાદિને ઘટાડે છે અને કામક્રોધાદિને વધારે પણ છે. આ સંસારમાં કટુતા પણ એ લાવે છે અને મધુરતા પણ એ પ્રગટાવે છે. ‘રાગદ્વેષ મધુરતા કંઈ પ્રગટાવતી હશે ?’-એમ આપણને સવાલ થાય એ સ્વાભાવિક છે. જે રાગદ્વેષ સપૂચો ઘટી ગયેલો હોય તેવો રાગદ્વેષ જીવનમાં મધુરતા પ્રગટાવી શકે, બાકી તો નહિ. એટલે મૂળમાં તો રાગદ્વેષ કેટલી હદ સુધી કેટલું નુકસાન કરી શકે-

કૌરવો પોતાના ભાઈઓને મારી નાખવા જાય છે. લાક્ષાગારમાં પૂરીને બાળીને મારી નાખવા તૈયાર થયા. તે આખું મહાભારત રાગદ્વેષનું દર્શન કરાવવાને માટે છે કે રાગદ્વેષ આવા છે. માટે તમે ચેતો. એ પુસ્તકને હું આ રીતે બહુ ઉત્તમ ગણું કે રાગદ્વેષનું આવું સ્પષ્ટ ચિત્ર આપણા ઈતિહાસમાં કોઈ કથાકારે આપ્યું નથી. જેથી ચેતીએ કે આ રાગદ્વેષ કેવી રીતે આપણાય જીવનને અને બીજાનાય જીવનને ખલાસ કરી નાખે છે. આ બધું મેં પેલા ઈતિહાસમાં લખેલું.



૮

મને મારા વડોદરાના કૉલેજ જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. મૅટ્રિક તો સારા ઊંચા માર્ક્સથી પાસ થઈ ગયો. પેટલાદ હાઈસ્કૂલમાંથી પાસ થયો હતો અને તેનું ઈનામ પણ મળ્યું હતું, એટલે કૉલેજમાં દાખલ થવાનું પ્રભુકૃપાથી બન્યું. જેમની મદદથી કૉલેજમાં ભણતો હતો, તેમની રકમ ઓછામાં ઓછી વપરાય તે મારે માટે ઉત્તમ ગણાય, એવી ભાવના તો તે કાળે પણ જીવંત હતી. ‘ વડોદરા કૉલેજમાં ભણવાનું તો થયું, પણ રહેવું ક્યાં ?’ એ એક પ્રશ્ન હતો. ત્યારે (પંચમહાલ જિલ્લાના) કાલોલ ગામના એક નાગરભાઈ વડોદરા કૉલેજના ‘ફેલો’ થયા હતા. કાલોલ ગામમાં મારું રહેઠાણ હોવાથી અને જે સમયમાં હું ત્યાં રહેતો ત્યારે ઘણોખરો વખત મારો નાગરવાડામાં જ જતો તેથી, અને જેનું તેનું સોંપેલું કામ આનંદથી કરતો હતો તેથી, મારા પર બધાંની હમદર્દી પ્રગટેલી હતી. મેં પેલા ‘ફેલો’ થયેલા ભાઈને વિનંતી કરી કે ‘મને તમારા ઓરડામાં કૃપા કરીને રહેવા દો. હું ઓરડાની વ્યવસ્થાનું બધું કામકાજ સંભાળી લઈશ.’ એમણે મારા પરની પ્રેમની લાગણીને લીધે મારી તે વિનંતી સ્વીકારી અને તેમના ઓરડામાં રહેવાનું નક્કી કર્યું. તે કાળે તે હૉસ્ટેલનું નામ ‘રેસિડન્સી હૉસ્ટેલ’ એવું હતું. કૉલેજથી તે હૉસ્ટેલ તરફ આવતાં જે મોટું

મેદાન છે, અને જ્યાં ક્રિકેટની મેચો રમાય છે, તેની સામે જ આ હૉસ્ટેલ હતી.

હવે માત્ર રહ્યો જમવાનો પ્રશ્ન. તે વખતમાં પણ હૉસ્ટેલને રસોડે એક માસનું ખર્ચ રૂ. ૨૩-૨૪ આવતું. મારે માટે તેટલું યોગ્યપણે ખર્ચવાની શક્યતા ન હતી. જોકે તેટલું ખર્ચ્યું હોત તો મને મદદ કરનાર તેટલી રકમ પ્રેમથી જરૂર મોકલી આપત, પરંતુ મેં તો વિચાર્યું કે 'ઓછામાં ઓછા ખર્ચે પ્રભુકૃપાથી જેટલું નભાવાય તેટલું ઉત્તમ.' એટલે મેં તો બુદ્ધિનો ઉપયોગ કરી તેને માટે એક ઉપાય શોધી કાઢ્યો. વડોદરા શહેરની મધ્યમાં માંડવીની પેલી બાજુ ચાંપાનેર દરવાજા બાજુ જતાં ડાબા હાથ તરફ એક વૈષ્ણવની હવેલી આવે છે. એકવાર મારી બાની સાથે ત્યાં હું નાનપણમાં ગયેલો, તે મને યાદ હતું. તે મંદિર ખોળી કાઢ્યું. ત્યાંના મુખિયાજીને મળ્યો અને પગે લાગ્યો. મેં કહ્યું કે 'હું કૉલેજમાં ભણું છું. રોજ મારે ભગવાનનો પ્રસાદ જમવો છે, તો કૃપા કરીને મને રોજ એક પતરાળી આપવાનું કરો તો આપનો મોટો ઉપકાર.' તેમણે હા પાડી. તેની કિંમત હતી માત્ર દોઢ આનો. ખાવાનું તો તદ્દન ચોખ્ખું અને પાછું ચોખ્ખા ઘીવાળું. રોજ સવારમાં વહેલો કૉલેજની હૉસ્ટેલમાંથી નીકળી ફૂટપાથ ઉપર વાંચતો વાંચતો ચાલું. અઢી માઈલ જવાનું અને અઢી માઈલ પાછા ફરવાનું. મંદિરે જઈને નાહી લઉં અને પતરાળી જમીને પાછો ફરી જઉં. ત્યારે પણ ફૂટપાથ ઉપર વાંચતો વાંચતો ચાલ્યા કરું. આ હતો મારો કાર્યક્રમ. પહેલા સત્રમાં તો આમ પ્રભુકૃપાથી બરાબર ચાલ્યું, પરંતુ આ હકીકત મારી આધ્યાત્મિક માના જાણવામાં આવતાં મને તેમણે તેમ ન જ કરવા દીધું. તે તેમનો મારા પર કેટલો બધો પ્રેમ !

વળી, હું હૉસ્ટેલમાં રહેતો ત્યારે તે હૉસ્ટેલમાં જે નાગર વિદ્યાર્થીઓ રહેતા હતા, તે બધાની એક ચાની ક્લબ હતી. રોજ તેમને માટે હું પોતે ચા બનાવતો. બેત્રણ વાર દિવસમાં તે બનાવવાનું થાય. તેમાંનો કોઈપણ ભાઈ મને કંઈ કામ

સોંપે, તો તે પ્રેમથી કરતો. તે બધા ભાઈઓનો મારા પર કેટલો પ્રેમ છે તે જાણવું હોય તો આજે પણ તમે તેમની પાસે જઈને પૂછી જુઓ તો ખબર પડે. આજે તો સ્વજનને પોતાના ઘરનું જ કામ કરતાં કરતાં દિલમાં પૂરું સુખ ઊપજતું નથી અને કદીક કદીક તો કંટાળો પણ આવે છે. વારંવાર કામ ચીંધવાનું થતાં સ્વજનનું મન બળવો પણ પોકારે છે. આ બધાં લક્ષણો જીવનના ખમીરનાં નથી. પ્રભુકૃપાથી અમે જેમ જે રીતે જીવનમાં વર્ત્યા છીએ અને તેમ વર્તવાથી જીવનમાં અમને જે મળ્યું છે, તે તમને પણ મળો એવી અમારી તમારી પરત્વેની દિલની અભિલાષા છે, પરંતુ તે કાચાપોચા અને ઢીલા થવાથી તો કદી નહિ મળી શકે. તમારે બધાંને તો ક્યાં પારકાંનું કામ કરવા જવાનું છે ? મારે તો ઘણાં ઘણાં જણનું મારા ભણવાના કામની સાથે કામ કરવાનું આવતું, તોપણ તેમનું તેમનું કામ આનંદથી કરતો હતો. તેથી તે બધા ભાઈઓ મને મદદ પણ કરતા. જ્યારે જ્યારે તેઓ નાટક સિનેમા જોવા જાય ત્યારે મારી ટિકિટ ખરીદી લે. જ્યાં જ્યાં ફરવા જાય, ત્યાં પણ જરૂર તેમની સાથે મને લઈ જાય. હું પણ તેમના બરાબર ઉપયોગમાં આવી શકું તેવી જ રીતની વર્તનકળામાં સાવધાનીમાં રહેતો હતો. દર્શન ૩૨૪-૩૨૬

* * *

મણિલાલ નભુભાઈનું કાવ્ય 'ગગને આજ પ્રેમની ઝલક છાઈ રે.' એ મારે ભણવામાં આવતું હતું. બધા જ પ્રોફેસર તો બહુ બોલે, આઠ દિવસ સુધી એના પર ભાષણ ચલાવે. મારા મનમાં થયું કે આ લોકો આટલું બધું પ્રીસ્ટપેશન શું જોઈને કરતા હશે ! વિદ્યાર્થી રહ્યા એટલે મોઢેથી તો બોલાય નહિ. પરીક્ષામાં એ જ ગીત પર પ્રશ્ન આવ્યો. અને મેં એ ગીત વિશે લખ્યું કે 'આ અનુભવનું ગીત જ નથી. આ કોક પાર્થિવ હકીકતનું ગીત છે.' એમ મેં તો લખ્યું. આમાં પ્રેમપાત્ર એ કોઈ વ્યક્તિ છે. એને માટે પ્રેમ થયેલો છે. એ પ્રેમને વ્યક્ત કરવા આ ગીત લખાયું છે.' એમ મેં ઘણું વિચારથી લખેલું. મારા પ્રોફેસરે મને બોલાવેલો. અને કહ્યું, 'અલ્યા

ચૂનીલાલ, આ તેં શું લખ્યું ?' મેં તો કહ્યું, 'મને જે સાચું લાગ્યું એ મેં લખ્યું છે. મેં હકીકત જાણેલી છે. એટલે મેં લખેલું છે. એમ ને એમ લખ્યું નથી.' એમણે કહ્યું કે 'તું નાપાસ થઈશ. આના પર ચોકડો મળશે.' મેં કહ્યું, 'ભલે, તેથી હું ગભરાતો નથી. મેં લખ્યું છે એ બધું જ સાચું છે.' 'આટલા બધા માણસો-આનંદશંકરભાઈ જેવા-આના પર ફિદા થયા છે !'

'બધા ફિદા થાય માટે આપણે ફિદા થઈ જવું એ હું માનતો નથી. આપણે એની વસ્તુસ્થિતિ તપાસીએ, એના
ગ્રહ અંગઉપાંગો તપાસીને એવું માનીએ એ વાત બરોબર છે, પણ
૭-૮ આ ગીતમાં આત્માનો અનુભવ નથી.'-મને નાપાસ કરેલો.

* * *

આ લૉજિક-બૉજિક હું શીખ્યો નથી. થોડુંક ઈન્ટરમાં ભણેલો બાકી મારા સારા માર્ક્સ આવેલા. અતિસુખશંકર ત્રિવેદી અમારા પ્રોફેસર હતા. તે વખતે બરોડા કૉલેજના બધા પ્રોફેસર પણ બહુ સરસ. પહેલાં મસાણી પ્રિન્સિપાલ હતા. તેના પહેલાં 'ક્લાર્ક' હતા. અંગ્રેજ માણસ હતા. બધાંમાં બહુ ઈન્ટરેસ્ટ(રસ) લે. વિદ્યાર્થીઓનો સાચો ખોટોય પક્ષ લે. એમને ત્યાં રેસિડન્સી હૉસ્ટેલમાં હું રહેતો હતો. ક્રિકેટનું મેદાન છે એના ઉપર જ. એક વખત મિત્રો સાથે મદનઝાંપે નાટક જોવા ગયેલા. ત્યાંથી તોફાન કરતાં કરતાં બધા આવતા હતા. ચાર-પાંચ પોલીસો મળ્યા. અમે તો તોફાન કરતા હતા. એટલે પોલીસો એમની ફરજ પ્રમાણે અમને એલફેલ બોલ્યા, અમે પોલીસોને માર્યા. ખૂબ માર્યા. પછી રાતે આવીને અમે ક્લાર્ક સાહેબને ઉઠાડ્યા. તો કહે, 'છોકરાઓ, શું થયું છે તમને ?' 'સાહેબ, અમે આવું કર્યું છે. આપને કહી દઈએ છીએ. અમને પહેલાં છંછેડ્યા. આમ બધું કર્યું અને અમે પ્રમાણમાં વધારે હતા. વીસપચીસ માણસો હતા. એ લોકો ચારપાંચ જણ જ હતા. માર્યા છે સારી પેઠે.' તો કહે, 'કંઈ વાંધો નહિ. તમે તમારે સૂઈ જાઓ. કંઈ વાધો નહિ.' પછી રાતે બે વાગ્યે

તેમને ત્યાં ફોન આવ્યો કે 'અમારે પોલીસ લઈને છોકરાઓને પકડવા આવવું છે. અમારા પોલીસોને માર્યા છે.'

'છોકરાને પકડવા ? અત્યારે અહીં શું છે ? સવારે આવજો. અત્યારે કંઈ નહિ.'

પછી 'ક્લાર્ક' સાહેબે અષ્ટમ્ પષ્ટમ્ સમજાવીને કાઢી મૂક્યા. આ કાળમાં વિદ્યાર્થીઓનો કોઈ પક્ષ લે નહિ. વિદ્યાર્થીઓની સાથે એકજાતની આત્મીયતા કેળવાઈ ગયેલી. પહેલાં એવા માણસો હતા. આપણને એમના માટે આદર થાય. શેષ ૯૦-૯૧

૯

કૉલેજના અભ્યાસનાં કામમાં તો પ્રભુકૃપાથી ઠરી ઠામ થઈ શકવાનું પૂરેપૂરું બન્યું હતું અને એક પછી એક દિવસો આનંદથી વીત્યે જતા હતા, ત્યાં એક મોટો ભારે ધડાકો થયો. રૉલેટ કાયદાની સામે ગાંધીજીએ પોતાના શરીરની માંદગીના બિછાનેથી પણ પડકાર આપીને સત્યાગ્રહ કરવાની શરૂઆત કરવાનો નિર્ણય જાહેર કર્યો અને પ્રજાને અહિંસક રીતે તાલીમ આપવાને માટે ૧૯૨૦ એપ્રિલની છઠ્ઠી તારીખનો દિવસ સામુદાયિક પ્રાર્થના, અપવાસ અને હડતાળનો જાહેર કર્યો. પ્રજાએ આનો સારામાં સારો જવાબ આપ્યો, પણ તે જ દિવસે પંજાબમાં ભારે રમખાણો થયાં અને સરકારે ત્યાં પ્રજાની ઉપર ભયંકર જુલમ કર્યો. પંજાબના હત્યાકાંડની હકીકતો જેમ જેમ બહાર પડતી ગઈ, તેમ તેમ લોકોનાં દિલ પણ ચોંક્યાં, અને પંજાબના હત્યાકાંડનો ન્યાય મેળવવાના એક નિમિત્ત કારણે ભારતને સ્વરાજ અપાવવાના મુક્તિસંગ્રામનો પેગામ સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ દેશને આપ્યો.

તેવા પ્રકારના કાર્યક્રમમાં કૉલેજમાં ભણતા જુવાનિયાઓને પણ તેમણે હાકલ કરી. મને પણ ત્યારે એટલું બધું લાગી આવેલું કે 'હવે કૉલેજમાં ભણવું એ નિરર્થક છે. દેશનું કામ દેશના જુવાનો નહિ કરે, તો બીજું કોણ કરશે ?' એમ પણ બહુ જ ભાવનાથી તે બધું લાગી આવતું. વાતાવરણમાં ઉશ્કેરાટ પણ

ભારે હતો. કૉલેજ મારે માટે છોડી દેવી એટલે જીવનમાં જે થવાનું ધ્યેય અત્યાર સુધી સેવ્યું હતું અને જે જે બધી અભિલાષાઓ ઘડી હતી, તે તો બધી ભાંગીને ભૂકો થઈ જવાની હતી. વળી, કુટુંબ ગરીબાઈની આર્થિક ભીંસમાં ઘેરાયેલું હતું, તેમાંથી તેને ઊંચે તારવવા માટે મેં પણ મનમાં નિર્ધાર્યું હતું અને મારાં કુટુંબીજનો પણ તે માટે મારા પર આશા રાખતાં હતાં અને તેનાં મીઠાં સ્વપ્ન પણ સેવતાં હતાં. હું કૉલેજ છોડી દઉં તો જે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સંસ્થા ઊઘડવાની હતી ત્યાં જઈને તેમાં ભણી શકવાની મારે માટે તો કોઈપણ શક્યતા હતી જ નહિ. વળી, તે કાળે જે જે બધાં મદદ કરતાં હતાં, તે બધાંનો વિચાર હું કૉલેજમાં આગળ અભ્યાસ કરું તે જ પ્રકારનો હતો. એટલે હું કૉલેજ છોડી દઉં તે પરત્વે તેમનો ઘણો ઘણો અણગમો પણ હતો. તેમનો અણગમો વહોરી લેવાનું મારે આવે તો તેનું મને દુઃખ પણ ઘણું થતું હતું. મને તત્પરતાથી મદદ કરવાને માટે મારા સુધી લંબાયેલો જીવતોજાગતો મદદનો હાથ હું ધુતકારી કાઢતો તો ન હતો, પરંતુ તે વેળા દેશની સેવા કરવાનો પણ ધર્મ છે, એવું દિલમાં જરૂર લાગી ગયું હતું.

મને મદદ કરનાર સ્વજનોએ ઘણું સમજાવી જોયું કે 'ભાઈ, તું ઉશ્કેરાટનો માર્યો આ બધું કરે છે, તે તારે માટે અને તારાં કુટુંબને માટે યોગ્ય નથી. તું રખડી પડશે અને તારું કુટુંબ પણ રખડી પડશે. તે બિચારાં તારા પર આધાર રાખી રહેલાં છે. તે બધાંને તું રઝળતા કરી મૂકશે. તું જ પોતે વિચારને ! તને આગળ ભણવાની ગરજ કેવું થવાને માટે પ્રગટી હતી ? તે તારા જીવનનાં સ્વપ્નાં બધાં અધ્ધર જ લટકી જવાનાં. માટે આ ઉશ્કેરાટ બેત્રણ વર્ષમાં શમી જાય ત્યાં સુધી તું ભણ અને તે પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે.'

આપણા ભલાને માટે જે સ્વજન આપણે માટેની ભાવનાથી વિચારતાં હોય અને મદદ પણ કરતાં હોય, તેવાં સ્વજનની સલાહને એકદમ ફેંકી દેવી, એ તો તદ્દન મૂર્ખામીનું કામ છે, તેનું ભાન મને પ્રભુકૃપાથી તે કાળે પણ હતું. કૉલેજનો ત્યાગ

કરનારા કેટલાય જુવાનિયાઓએ તેમનાં વડીલોને અને તેમનું હિત વાંછનારને સ્વચ્છંદતાથી અવગણ્યાં છે અને તેમને 'ડરપોક', 'કાયર' એવી એવી ઉપાધિથી બિરદાવેલાં છે એની જાણ મને પૂરેપૂરી છે. વડીલો પરત્વે સદ્‌ભાવ, આદરનું ભાન અને તેનાયે ઉપરાંત વળી જે જે સ્વજન આપણાં હિતેશ્રી હોય તેમનાં તેમનાં પરત્વે આપણા હૃદયની કેવી કેવી આભારવશ કૂણી કૂણી લાગણી જન્મેલી હોવી ઘટે, આવા પ્રકારનું ભાન કૉલેજનો ત્યાગ કરનાર જુવાનોમાં પ્રગટેલું હું જોઈ શક્યો ન હતો. તેમનામાં એક પ્રકારની ધૂન પ્રગટેલી જરૂર હતી. આવેશ પણ પ્રગટેલો હતો અને ઉશ્કેરાટ પણ હતો. આ જ કારણે કેટલાક કૉલેજ છોડનાર જુવાન ભાઈઓને ઉદ્ધત થતા પણ મેં નિહાળ્યા છે.

પ્રભુકૃપાથી ત્યારે પણ મને ભાન પ્રગટેલું હતું કે સમાજના આવા પ્રકારના વર્તનભાનથી અસહકારને માટે અહિંસાની જે ભાવના સમાજમાં પ્રસરેલી હોવી ઘટે તે સમાજના આવા વર્તનથી કરીને કદી પણ પ્રસરી ન શકે એવું લાગતું હતું. તોપણ મહાત્મા ગાંધીજીએ સમાજની ભાવનાને ઉન્નત દિશામાં પ્રગટાવવાને માટે જે અથાગ મહેનત ઉઠાવી છે, તે નકામી પણ જવાની નથી, તે પણ સમજાતું.

આગળપાછળ આવો ભયંકર વંટોળનો પ્રચંડ હુમલો પ્રગટેલો હતો, જ્યાં ત્યાં બધે 'હોહા'નું વાતાવરણ હતું, ત્યારે મારા જીવનનાં હિતેશ્રી સ્વજનો મને તે ઉશ્કેરાટના વમળમાં તણાઈ ન જવાને સંબોધે તે તદ્દન વાજબી હતું અને તેથી તેમની સલાહને મેં કદી પણ અવગણી નથી, એટલું જ નહિ, પણ કેટલાય દિવસ તેના પર દિલમાં દિલથી મંથન ચલાવ્યા કરેલું છે અને શાંત ચિત્તે વિચાર્યું છે. મારા પિતાને પોલીસોએ જુલમથી મારેલા તે દૃશ્યે પણ મારા કૉલેજ ત્યાગમાં ભાગ ભજવ્યો છે, ત્યારે એમ પણ લાગેલું કે હવે જીવનનો પ્રવાહ કોઈ બીજી દિશામાં પ્રભુકૃપાથી આપણને દોરી જવાનું કરે છે. દેશની સેવા કરવાનો પણ આપણો ધર્મ છે. બીજા દેશોએ જે સ્વાતંત્ર્ય મેળવ્યું

છે, તે સ્વાતંત્ર્યના સંગ્રામમમાં અમારા જેવા કેટલાય જુવાનોનાં જીવનનો તે ખપ્પરમાં ભોગ અપાયો હશે ! દેશનું સ્વાતંત્ર્ય મેળવવાનું કામ આપણે દેશના જુવાનિયાઓ નહિ કરીએ, તો બીજું કોણ કરી શકવાનું છે ?

આ વિચારના જોશના પ્રાધાન્યથી હું તે વિચારની ધૂનમાં ને ધૂનમાં એકદમ ગરકાવ રહ્યા કરતો હતો. કૉલેજ છોડ્યા પછી મારે માટે તો સાવ છેક અંધારું હતું, અને સાવ અંધારામાં જ મારે માટે ભૂસકો મારવાનો હતો, ઘેરથી કોઈ મદદ કરી શકે એમ તો હતું જ નહિ, હવે કોઈ નોકરી ખોળવાની તો વાત જ ન હતી, હવે તો ફક્ત આંધળિયાં કરી ઝંપલાવવાનો માર્ગ જ મારે માટે ખુલ્લો રહેલો હતો. એ બધાંનો પણ ચિતાર આવ્યો હતો. ઉપર લખેલું છે તેમ એવા ઉત્કટ વિચારની ધૂનના આવેશમાં પ્રર્વતાયેલો હોવા છતાં મેં મારા મનને વારંવાર ટકોર્યા કરેલું કે 'ભાઈ ! આમાં જઈશું તો ખરા, ઝંપલાવીશું તો ખરા, પરંતુ તે દિવસો બધા બહુ દોહ્યલા આવવાના છે. તેમાં કદાચ ખાવાનું પણ નહિ મળે. કોઈ મદદ તો કરશે નહિ અને મદદની અપેક્ષા રાખવી તે તો ખોટું છે. મદદ આવે તોપણ તે લેવી નથી એવો દૃઢ મરણિયો નિર્ધાર પ્રગટ્યો છે અને હવે તો આપબળે જ જીવવું છે તે પણ વાત નક્કી છે. માટે હે મનવા ! કૃપા કરીને ફરીથી આ બાબતમાં વિચારી લે.' કેવી કેવી કફોડી સ્થિતિ જન્મવાની છે, તેનું પણ તાદૃશ્ય ભાન વિચારી વિચારીને મનની સમક્ષ જગાડ્યું હતું.

તે દિવસો એવા તો ભારે ઉશ્કેરાટના વાતાવરણના હતા કે કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનું તો સૂઝતું જ નહિ. જ્યાં ને ત્યાં એનું એ જ વાતાવરણ. તે જબરજસ્ત વાતાવરણનાં વંટોળમાં સૌથી પ્રથમ જે જે વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરીને તેમાં ઝંપલાવ્યું તે વિદ્યાર્થીઓ પણ હોશિયાર વિદ્યાર્થીઓ હતા. મારી સાથે બરોડા કૉલેજમાંથી ત્યાગ કરનાર શ્રી પાંડુરંગ વળામે (પૂજ્ય રંગ અવધૂત) હતા. સૌથી પ્રથમ બરોડા કૉલેજમાંથી નીકળીને અસહકાર કરનાર અમે બે જ વિદ્યાર્થીઓ

હતા, અને તે પણ ૧૯૨૦ની કલકત્તાની સ્પેશિયલ કૉંગ્રેસમાં મહાત્મા ગાંધીજી અસહકારનો ઠરાવ મૂકવાના હતા અને તે ઠરાવ કૉંગ્રેસ પાસે પસાર કરાવવાના હતા, તે પહેલાં અમે બન્ને વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરવાનું કર્યું, આ છે કૉલેજ ત્યાગનો ઈતિહાસ.

મને મદદ કરનાર જે જે સ્વજન હતાં, તે મારા આ નિર્ણયથી ખરેખર બહુ જ નારાજ થયાં. મારા જીવનનું ભાવિ મેં મારી પોતાની મેળે બગાડ્યું એવાં તેમનાં દૃઢ લાગણી અને મત હતાં. કૉલેજ છોડ્યા પછી પણ તેમનો સંબંધ મેં કદી પણ છોડ્યો નથી. તેમની સાથેનો સંબંધ પ્રેમભાવથી, સદ્‌ભાવથી, નમ્રતાથી મેં સતત જાળવી રાખેલો છે. કૉલેજ છોડી દીધા પછી તેઓ પણ મને તે વિશે કદી એક શબ્દ પણ બોલ્યાં નથી અને મદદ કરવાને પણ શુભેચ્છા અને સહાનુભૂતિ દાખવેલી છે, પરંતુ મેં પોતે સ્વયંમેળે તે લેવાનું સ્વીકારેલું નહિ, અને તે પણ દૃઢતાપૂર્વક જ. દર્શન ૩૨૯-૩૩૩

જીવનને પકવવા કાજે તો આકરામાં આકરી ભઠ્ઠીની આવશ્યકતા છે. ઈંટને પકવવા, અનાજને પકવવા એમ જુદી જુદી જાતને પકવવા અગ્નિની ગરમીનું માપ પણ વત્તુંઓછું જરૂરનું હોવાનું. જીવનને જે અગ્નિની જરૂર હોય છે, તેનું વર્ણન તે વળી શું કરવું ? એ તો અનુભવે જ સમજાતું હોય છે. જીવનના સાધકને તો અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે, તે સાચી હકીકત છે.

વડોદરા કૉલેજ છોડીને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાવાનું બનેલું. પાસે પૈસો તો મળે નહિ. ઘેરથી તે મળી શકે તેવી સ્થિતિ જ ન હતી. હવે ચલવવું કેમ અને ખાવું પણ શું ? ‘નવજીવન’ વેચીને પેટિયું કાઢતો. રવિવારે તે નીકળતું. એક નકલે એક પૈસો મળતો. જેટલાં વેચાય તેટલા પૈસા મળે. એટલે જેટલાં વેચાય તેમાંથી સાત દિવસ ચલાવવાનું. કેટલાક દિવસ તો એક જ ટંક જમવાનું થતું. પોકાર ૨૦૫

'નવજીવન' રવિવારે વેચવાનું બનતું હતું, તેવા પ્રસંગની હારમાળામાં એક ફેરા એમ બન્યું કે રવિવારે માત્ર પચાસ પૈસા મળ્યા. સાત દિવસ ચલાવવાનું. તે વેળા કોચરબના ઢાળ પાસે શ્રી ડાહ્યાભાઈ ઈજ્જતરામના બંગલામાં વિદ્યાપીઠના વર્ગો ચાલતા હતા, અને આ જીવ રહેતો હતો ગુજરાત કૉલેજની સામે જે ચાલ છે તે ચાલના સૌથી પહેલા જ ઓરડામાં. હવે, સાત પૈસામાં એકેક દિવસ ચલાવવાનું ! વિદ્યાપીઠમાં ભણતો હતો ત્યારે જાતે-હાથે પકવવાનું કરતો. તે દિવસોના ગાળામાં કદીક કદીક ચણામમરા ફાકીને દિવસો ગુજારેલા. શહેરમાં
પોકાર ૨૦૮ સગાંવહાલાંનાં ઘર તો હતાં. ગયો હોત તો પ્રેમથી જમવાનું મળ્યું હોત, પણ તેમાં શોભા ન હતી.

એમ કરતાં કરતાં એક 'ટ્યૂશન' પ્રભુકૃપાથી મળી ગયેલું. મહિને ૩૫/- રૂપિયા અને તે, તે કાળમાં ! મારા જેવા માટે તો તે ભયોભયો થઈ રહે.

આ હકીકત લખવાનું કારણ તો ગમે તેવી કફોડી દશા
પોકાર ૨૦૫ પ્રગટે અને ગમે તેવી કસોટી પ્રગટે, પણ તેમાં પ્રભુકૃપાથી શહૂર પ્રગટાવીને જીવવાનું ખમીર જો દાખવીએ, તો તેના પણ ઉપાય મળી જ રહેતા હોય છે.

## ૧૦

ગુજરાત વિદ્યાપીઠમાં તે સાલના જૂન માસને અંતે પ્રવેશ થવાનું તો કર્યું, પરંતુ પૈસા શી રીતે મેળવવા ? દરેક અઠવાડિયે 'નવજીવન' વેચીને જે રકમ મેળવતો, તેમાંથી જેમ તેમ કરીને બધું ચાલતું. તે કાળમાં ગુજરાત વિદ્યાપીઠનું વાતાવરણ પણ અભ્યાસને માટે મુદ્દલે યોગ્ય ન હતું. અવારનવાર સરઘસમાં જોડાવું, દેશના મોટા મોટા નેતાઓનું આવવું અને તેમનાં ભાષણોમાં જવું-આવા જ પ્રકારના વાતાવરણથી વિદ્યાર્થીઓનું માનસ ઘેરાયેલું રહ્યા કરતું. ત્યાં અભ્યાસ તો કેવી રીતે કરી શકાય અને થઈ પણ શો શકે ? એટલે સરકારી કૉલેજમાં અપાતા શિક્ષણના વિકલ્પમાં રાષ્ટ્રીય ભાવનાને પોષક એવો

કેળવણીનો અભ્યાસક્રમ કૉલેજિયનોની સમક્ષ મૂકવાની જરૂર છે એમ રાષ્ટ્રીય ભાવનાવાળા વિચારકોએ એ વાતાવરણનો સદુપયોગ કરવાના હેતુથી વિચાર્યું.

આથી, ગુજરાત વિદ્યાપીઠ સ્થપાઈ અને ત્યાં કૉલેજ ત્યાગીને આવેલા વિદ્યાર્થીઓ આવીને ભણવા લાગ્યા હતા, પરંતુ તે કાળ જ ભણતરને માટેનો ન હતો.

અમને બધા વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયના અધ્યાપકો ભણાવવાનું તો જરૂર કરતા હતા, તેમનાં તે તે વિષયનાં પ્રવચનો અભ્યાસપૂર્ણ અને વિષયના હાર્દને યોગ્ય રીતે વ્યક્ત કરી શકે એવાં પ્રકારનાં પણ હતાં. તે તે અધ્યાપકોની વિદ્યાર્થીઓ સાથેની મમતા, સહાનુભૂતિ અને તેમને મદદ કરવાની તેમની ઝંખના બેનમૂન હતી. વિદ્યાર્થીઓને મદદ કરવાની તેમની ભાવના પણ જરૂર સાકાર પામતી. વિદ્યાર્થીઓને કેમ કરીને બધી સગવડ મળી રહે, તે વિશે પણ તેઓ સારી રીતે વિચારતા. થોડોક કાળ ગયા પછી, કોચરબના ઢાળેથી ગુજરાત વિદ્યાપીઠ ભૂલાભાઈના વંડામાં એલિસબ્રિજ સ્ટેશનની સામે ખસેડવામાં આવી. ગુજરાત વિદ્યાપીઠને માટે નવું મકાન થવાની તૈયારીઓ પણ થવા લાગી.

આ બધું ચાલ્યા કરતું હતું તે દરમિયાનમાં ગાંધીજીએ અમારી વચ્ચે આવીને અમને સંબોધ્યા, તે પણ એક નવો ધડાકો જ થયો. તેમણે તો કહ્યું કે 'મેં તો ધાર્યું હતું કે તમે બધા કૉલેજ છોડીને દેશનું કામ કરવાને મંડી જશો. અસંખ્ય ગામડાંઓ દેશમાં છે. તે ગામડાંના રહીશોને આપણા દેશમાં બનેલા બધા બનાવોની હકીકત તમે ત્યાં ત્યાં જઈને કહો. આ દેશમાં અંગ્રેજ રાજથી જે જે બધું બન્યું છે, તે બધી હકીકત તમે ત્યાં જઈને ગામડાંના ભાઈઓને સમજાવો. પંજાબના હત્યાકાંડની વાત કરો તથા બીજી અનેક રીતે સમાજમાં નવો પ્રાણ, નવું ચેતન પ્રગટી શકે એવાં કામમાં લાગી જાઓ. એટલા માટે મેં તો તમને કૉલેજનો ત્યાગ કરાવ્યો છે. આ તો તમે એક પ્રકારની ડિગ્રીનો મોહ છોડીને બીજા પ્રકારની ડિગ્રીનો મોહ તાજો ને

તાજો રાખ્યો છે. કૉલેજ છોડાવવાનો મારો હેતુ તો તમે બધા જુવાનિયાઓ દેશનું કામ કરો અને દેશને જગાડો એવા પ્રકારનો હતો. માટે, તમે તમારો ધર્મ વિચારો અને મારી આ જે વાત છે, તે વિશે તમે ગંભીરતાથી ઊંડા ઊતરી સંશોધન કરો અને જો યોગ્ય લાગે તો આ વિદ્યાપીઠનું ભણતર પણ મૂકી દો અને દેશનાં કામમાં લાગી જાઓ. અત્યારે તે દિશામાં તમારી જુવાનીનો ખરેખરો ખપ છે.'

ગાંધીજીનું આ જાતનું પ્રવચન દિલને વેધક હતું. તેમની વાત પણ તદ્દન સાચી હતી. એટલે એક 'સ્વરાજ આશ્રમ'ની સ્થાપના શ્રી ગિડવાણીજીના અધ્યક્ષપણા નીચે થઈ, અને તેમાં તાલીમ લેવાનું મેં સ્વીકાર્યું. ત્યાં તાલીમ મેળવીને ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં કામ કરવા જવાનું બન્યું. વાગરા તાલુકાના વતનીઓ તો બહુ જ પછાત અને ત્યાં કામ કરવાની પણ ઘણી ઘણી મુશ્કેલીઓ હતી. એક પૈસો પણ મને તો મળતો ન હતો. ટપાલ માટે પણ નહિ, અને મુસાફરી માટે પણ નહિ. અનેક પ્રકારની અગવડોની વચ્ચે કામ કરવાનું હતું. પૈસાની અમુક મદદની તો જરૂર ખરી જ પણ તેની પણ શક્યતા નહિ. મને ફાવ્યું નહિ.

ફરીથી મેં તો ગુજરાત વિદ્યાપીઠમાં જઈને અભ્યાસ કરવાનું સ્વીકાર્યું. પણ મને ત્યારે કોઈ તેમાં એમ ને એમ તો દાખલ થવા ન દે ! એક તો પરીક્ષા આપવી પડે, તે પણ આપી. અને સરદારશ્રીનો અમુક અમુક ઠેકાણે કામ કરેલું છે તેવો ભલામણપત્ર મેળવી લાવવાનો છે તેવું ફરમાન પણ થયું. તે પણ મેળવી શક્યો હતો. મારી પરીક્ષા લેવાની જે થઈ તેમાં પણ પ્રભુકૃપાથી એક ખૂબી થઈ. જે પ્રશ્નપત્ર વાર્ષિક પરીક્ષાને માટે નીકળ્યો, તે જ પ્રશ્નપત્ર મને જવાબ આપવાને માટે અપાયો, અને તે પ્રશ્નપત્ર તો પરીક્ષામાં બેસતાં પહેલાં હું સારી પેઠે વિચારી ગયો હતો. તેના જવાબ કેવી રીતે આપી શકાય તે બાબત મિત્રો સાથે ચર્ચી જાણી લીધી હતી. તે જ પ્રશ્નપત્ર મળવાથી હું તો બહુ જ રાજી થયો અને તેના જવાબ

બહુ સારી રીતે આપી શક્યો હતો. એમાં સારી રીતે પાસ થયો અને પાછું આગળ ભણવાનું થયું.

હવે તો સ્નાતક પાસ થઈ જવાને માટે થોડાક મહિના જ બાકી હતા. ત્યાં ગાંધીજીએ પાછું વિદ્યાપીઠમાં પ્રવચન આપ્યું કે 'દેશ તો ભડકે બળે છે અને તમારા બધાથી ઠંડે કલેજે આમ અભ્યાસ કરવાને કેમ બેસી રહેવાય છે ?' એટલે આપણું મગજ પાછું ઊછળ્યું અને સ્નાતકની ડિગ્રીનો મોહ (જો થોડાક, ત્રણચાર મહિના, વધુ રહ્યો હોત તો જરૂર મેળવી શકત.) પણ સમૂળગો મૂકી દીધો.

તેવામાં શ્રી ઇંદુલાલભાઈનો શ્રી ગિડવાણીજી પર કાગળ આવ્યો કે 'કોઈને હરિજન સેવા કરવાનું દિલ હોય તો તે કામ કરવાને ક્ષેત્ર ઘણું બહોળું છે. અને તે કામ માટે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની ખાસ જરૂર છે.' મારા મોટા ભાઈ તો શ્રી ઇંદુલાલભાઈની પાસે જ કામ કરતા હતા. તેમના શરીરની તબિયત નાદુરસ્ત હતી ખરી, પણ તે કાળે તેમના શરીરને ટી. બી. થયો છે એવું સ્પષ્ટ નિદાન પણ થયેલું ન હતું. માત્ર શરીર માંદું છે એવી જાણ હતી. નડિયાદમાં શ્રી ઇંદુલાલભાઈએ તાજેતરમાં એક હરિજન આશ્રમ પણ સ્થાપ્યો હતો. એટલે તેમાં જ મારે કામ કરવાનું આવ્યું અને આમ સ્નાતકની ડિગ્રીનો મોહ છોડ્યો તે છોડ્યો જ. દર્શન ૩૩૫-૩૩૮

૧૧

આ જીવ ગુજરાત વિદ્યાપીઠમાંથી ગુજરાત હરિજન સેવક સંઘમાં જોડાનાર સૌથી પ્રથમ વિદ્યાર્થી હતો. તેણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિક સાથે તેના મંત્રી તરીકે કામ કરેલું. વળી, આશ્રમ તથા શાળા અને તે ઉપરાંત સંઘનું હિસાબીકામ અને પત્રવ્યવહારનું કામ (આ ત્રીજું કામ તો થોડાક સમય માટે જ મળેલું) વગેરે વગેરે તો કરવાનાં હતાં. કોઈક સંજોગોને કારણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે હરિજન સેવક સંઘનું કામ મૂકી દેવાનું કર્યું. તે કામનું કેંદ્ર નડિયાદથી ગોધરામાં પલટાયું. એક વખત એવો હતો કે

જ્યારે ઉપરની બે સંસ્થા એકીસાથે એક જીવ ચલાવી શકે તે અજુગતું મનાતું હતું. નડિયાદનો હરિજન આશ્રમ તે શ્રી ઇંદુલાલની સંસ્થાઓમાંનો એક હતો અને નડિયાદની હરિજન શાળા તે ગુજરાત વિદ્યાપીઠના વહીવટ તળે હતી. આ જીવ તે વેળા તે બન્નેમાં મુખ્યપદે કામ કરતો હતો. શ્રી ઇંદુલાલે આશ્રમના વ્યવસ્થાપક તરીકે પાંસઠ રૂપિયાનું માસિક વેતન આપવાનું નક્કી કરેલું, પરંતુ તેમને આર્થિક ભીડ સદાય રહેતી. દર માસે રોકડ રકમ મળે જ એવું તો કશું ન હતું, જોકે ગામડાંમાં કામ કરતા શિક્ષકોને ઘણું ખરું તો દર માસે રકમ મળી જતી. વિદ્યાપીઠની શાળાનાં કામને માટે માસિક રૂપિયા પચાસનું વેતન મળતું, 'હરિજન સેવકને આટલું બધું મોટું વેતન !' એવી ફરિયાદ પૂજ્ય બાપુજી (ગાંધીજી) પાસે ગયેલી. તેમણે આ જીવને તેમની કને બોલાવેલો અને મને પૂછેલું કે 'આપણા ગરીબ દેશમાં ગરીબોની સેવાનું વ્રત જેણે લીધું છે, તેને આટલો મોટો પગાર પોષાય ખરો કે ?' મેં ત્યારે જણાવ્યું કે 'મારે કોઈ જીવનનિર્વાહનો કશો બીજો આધાર નથી. મારા મોટા ભાઈ કેટલાય સમયથી હરિજનનું અને જાહેર રાજકીય પ્રવૃત્તિનું કર્મ કરતાં કરતાં ક્ષયના રોગથી પીડાતા આણંદની ડૉ. કુકની મિશન હૉસ્પિટલમાં પડેલા છે. તે ઉપરાંત, આ જીવ સાથે બીજા છ જીવોનું પાલનપોષણ કરવાનું છે. મારાં મા, ભાભી વગેરે પણ જાતે ઘણી મહેનત કરે છે.' તે બધી હકીકત પૂજ્ય બાપુજીને જણાવી ત્યારે તેમણે પૂછેલું કે 'બે સંસ્થાનું કામ તમે એકલા આટલી નાની ઉંમરે કેવી રીતે કરી શકો ?' પ્રભુકૃપાથી તે વેળાએ તેમને સ્પષ્ટપણે જવાબ દેવાનું બની શકેલું કે 'William Pitt, the younger, was Prime Minister of England at the age of 24.'-વિલિયમ પિટ (નાનો) ઇંગ્લૅંડના વડા પ્રધાનપદે ૨૪ વર્ષની ઉંમરે હતો. એ જવાબથી તેઓ ઘણા હસ્યા. ત્યાર પછી તેમણે મને કશું પૂછેલું નહિ, પરંતુ થોડા જ સમયમાં ગુજરાત વિદ્યાપીઠ તરફથી મને હુકમ મળ્યો કે 'તમારે બે સંસ્થામાંથી ગમે તે એકમાં કામ

કરવાનું નક્કી કરી લેવું.' કારણ એમ જણાવાયું કે 'તમારા એકલાથી બન્ને સંસ્થા પૂરેપૂરી યોગ્ય રીતે ન સંભાળી શકાય.'

આ પ્રસંગના બનાવ પછી માત્ર ત્રણેક માસ બાદ તે જ ઉપરની બન્ને સંસ્થા પાછી આ જીવને જ કામ કરવાને સોંપાયેલી હતી. વળી, તે વેળા આશ્રમમાં રાંધવા કરવાનું, પાણી ભરવાનું અને ભરાવવાનું પણ જાતે કરવાનું આવતું. શરૂ શરૂનો ગુજરાતમાં તે સૌથી પહેલો આશ્રમ હોવાથી છોકરાંને નાહવું કેમ, પહેરવું કેમ, ઊઠવું કેમ, ધોવું કેમ, વર્તવું કેમ, પથારી કેમ કરવી, જમવું કેમ-મતલબ કે તેમના એકેએક કામમાં આપણે જાતે હાજરી આપી ઊભા રહેવાનું હોય જ. આજની પેઠે તે વેળા વધારે માણસો પણ કામ કરનારા ન હતા. આશ્રમમાં પણ આ જીવ એકલો હતો. શરૂ શરૂના સમયમાં એક હરિજન ભાઈ મદદગાર તરીકે હતા અને વચ્ચે બીજા એક સવર્ણ ભાઈ હતા. તેમના ગયા બાદ તો આશ્રમનો કારભાર આ જીવને જ ચલાવ્યા કરવાનો હતો અને શાળાનો પણ. જે સ્થિતિ ત્રણચાર માસ પહેલાં અયોગ્ય હતી તે જ સ્થિતિ હવે શક્ય અને યોગ્ય કેવી રીતે થઈ ગઈ હશે ! વળી, તે વેળા આ જીવને શરીરે ફેફરુંનો રોગ લાગુ પડેલો. તે હકીકત સંઘના બીજા ઉપરી જવાબદાર ભાઈઓ જાણતા હોય, તેમ છતાં કોઈના દિલમાં એમ નથી થતું કે આ ભાઈને બે સંસ્થાનો કારભાર સોંપેલો છે અને તેના શરીરની સ્થિતિ તેને પહોંચી વળવાને યોગ્ય પ્રકારની નથી તો તેને બેમાંથી એક સંસ્થાનો કારભાર સોંપીએ તો ઉત્તમ, પરંતુ તેવું કોઈને પણ સૂઝેલું ન હતું. અંતે ખેંચાય ત્યાં સુધી ખેંચેલું, અને આ જીવથી જ્યારે થઈ જ ન શકે એવી દશા શરીરની બની, તે વેળા તેણે જાતે અરજી કરેલી કે હવે બે સંસ્થામાંથી એકનો કારભાર સોંપાય તો ઉત્તમ. પછી તેથી આશ્રમને કાઢી નાખી માત્ર એકલી શાળાનો કારભાર આ જીવને સોંપાયો.

આવી હકીકત બની તેવી વેળા મારા એક ગત પામેલા સ્નેહી રોજ મને ટકોરતા. 'સાલા ! તું તો બાયલો છે. તું તો મોટા મોટાની શેહમાં તણાયેલો ફરે છે. તારી જૂની કારકિર્દી

જોતાં તને એકમાત્ર નાની નિશાળના માસ્તર તરીકે નીમ્યો છે. તેની તને શું નાનમ નથી લાગતી ? તારું આવું થયેલું અપમાન તું કેમ સાંખી શકે છે ? તારા પછીથી નવા નવા આવેલા આશ્રમના વ્યવસ્થાપક થઈ બેઠેલા છે, અને તું તો તેનો તે બાબતમાં વિરોધ પણ ઉઠાવતો નથી, તે તારું કેવું નમાલાપણું છે ?'

પણ એને હું જવાબ દેતો કે 'ભાઈ, આપણે તો જ્યાં-ત્યાંથી કામ કરવાનું છેને ? પછી આપણે ગમે ત્યાં હોઈએ, અને ગમે તે પદે હોઈએ તેનું કશું જ મહત્ત્વ નથી. આપણે મહત્ત્વ તો કામ કરવા સાથે છેને ?'

તેમ છતાં તે ભાઈનું મન સંતોષાતું ન હતું.

પણ મને જે છ વર્ષ શાળાનાં કામનાં મળ્યાં, તે તો પ્રભુની અનહદ કૃપા હતી. જો તેમ ન બનેલું હોત, અને આશ્રમનું કામ મળ્યું હોત તો આ જીવથી સાધનાના ભાવમાં પૂરેપૂરી રીતે પડી શકાયું ન હોત. આશ્રમમાં રહેવાપણું બન્યું હોત તો તો રાતે પણ કામમાં ત્યાં રહેવાપણું બનત. આ તો નિશાળનું કામ હોવાથી, રાતે છુટ્ટો. તેથી, રોજ રાતે તો નડિયાદના સ્મશાનાદિ એકાંત શાંત જગાઓમાં જ ગાળવાનું પ્રભુકૃપાથી બનતું. જોકે રોજ સાંજે જમીને રાતે હરિજનવાસમાં જતો, ત્યાં રામાયણ, મહાભારતની વાતો કરતો, વિદ્યાર્થીઓ પાસે ધૂન, ભજનો આદિ કાર્યક્રમ ચલાવતો, પણ કહેવાનું તાત્પર્ય તો એ છે કે મારા સ્નેહી મને થયેલા ભારે અન્યાયની વાત કહેતા હતા, પણ તે અન્યાયના હાર્દમાં તો આ જીવના કલ્યાણનો જ શ્રીપ્રભુનો એકમાત્ર હેતુ હતો. નડિયાદના રહેઠાણનાં છ કે સાત વર્ષ એકલી સાધનાના ભાવથી પ્રભુકૃપાથી વીત્યાં તે કંઈ નાનોસૂનો લાભ નથી. તેવા દેખાતા કે જણાતા અન્યાયમાં સામાવાળાઓનો કશો જ એવો બૂરો હેતુ ન હતો. મારે માટે તો ન હતો જ. કદાચ જો મેં પ્રગટ વિરોધ તે માટે કર્યો હોત તો તેમણે તે અંગે જરૂર વિચાર્યું હોત. તેના વિશે આજે પણ મને સંદેહ નથી. પણ મને એવું લાગેલું જ ન હતું, એટલે પછી તે સંબંધમાં લખું કેવી રીતે ? વળી, સંઘમાં જેમ જેમ નવા

નવા ઉત્સાહી કાર્યકર્તાઓ મળતા ગયા તેમ તેમ નવી સંસ્થાઓ પણ ઊભી થતી ગઈ. જેમ જેમ જે જે જેમાં રોકાયા, તેમાં તે રહ્યા. કામની ઉત્તમતાનો સૌથી પ્રથમ ખ્યાલ રહ્યા કરવો ઘટે, તે રીતે જે જે થયા કર્યું તે ઉત્તમ હતું. તે ગાળાના દિવસો જીવનના અતિ ઉત્સાહના પ્રેરણાત્મક ભાવનાવાળા હતા. સહુ કોઈને ઉત્સાહથી કર્મમાં મચ્યા રહેવાનું જ સૂઝ્યા કરતું હતું. ત્યાં કોઈને પણ બીજાને અન્યાય કરવાનું સૂઝી શકે એવી કોઈની મનોદશા ન હતી. પોકાર ૧૨૧-૧૨૫

૧૨

મને શરીરે ફેફરુંનો રોગ થયો હતો, ત્યારે આરામ લેવાને નિમિત્તે બે વાર નર્મદાકાંઠે રજા લઈને જવાનું બનેલું. એકવાર તો મારી સાથે શ્રી મહેશભાઈ મહેતા તથા શ્રી ભાનુપ્રસાદ પંડ્યા હતા. બીજી વાર તો તદ્દન એકલો હતો, ત્યારે નર્મદા નદીના મોખડી ઘાટની પાર એક રણછોડજીનું મંદિર છે, ત્યાં થોડાક દિવસ રહેવાનું કરેલું. ત્યાં એક સાધુ મહાત્મા રહેતા હતા. તેમની હું રોજ સેવાચાકરી કરું. ત્યાં પણ આ શરીરને ચારપાંચ વાર ફેફરુંનો હુમલો થયો હતો. ત્યાંથી નીકળતી વખતે તે સાધુ મહારાજને હું પગે લાગ્યો અને તેમના આશીર્વાદ માગ્યા. તેઓશ્રીએ મને ભગવાનનું સ્મરણ કર્યા કરવાનું કહ્યું અને તેથી રોગ મટી જશે એમ પણ કહ્યું હતું, પરંતુ ત્યારે મારા મને એમ વિચાર્યું કે 'આ સાધુ મહાત્માએ જંગલની કોઈક કશીક જડીબુટ્ટી આપી હોત, તો તેમાં મને વિશ્વાસ બેસત.' પરંતુ ભગવાનના માત્ર નામસ્મરણથી રોગ મટી જાય એવું બિલકુલ સાચું અને શ્રદ્ધાપ્રેરક લાગ્યું ન હતું.

વળી, આ સાધુ મહારાજે મને એમ પણ કહેલું કે 'એક વર્ષ પછી તને કોઈ સદ્‌ગુરુ પણ મળી આવવાના છે કે જે તારા જીવનનો વિકાસ કરાવશે.' પરંતુ તે વેળા 'જીવન' અને 'વિકાસ' એ મારે માટે તો માત્ર શબ્દ જ હતા. ત્યારે દેશની સેવા કરવાની ઉત્કટ ધૂન હતી એટલી હકીકત મારા માટે

દર્શન
૨૦૧-૨૦૨

તદ્દન સાચી હતી. સેવાની એ ઉત્કટ ધૂનથી પ્રેરાઈને ગરીબાઈની સ્થિતિમાં પણ ટકી રહેવાનું બની શક્યું હતું.

એકવાર નર્મદાતટે જઈ આવીને ફરીથી પાછું ત્યાં જવાનું પણ બનેલું અને ત્યારે તો એવો મક્કમ મરણિયો નિર્ધાર થયેલો કે નબળા મનની લાગણી પ્રધાન સ્ત્રીઓના જેવો આ રોગ શરીરને થયો અને મરદ થઈને મારામાં એટલી પણ શક્તિ નથી કે આવા લાગણીવેડાને રોકી શકું ! આવું જીવતર નકામું સમજી નર્મદામૈયાના ખોળામાં પડતું મૂકીને જીવનને ખતમ કરવાનું દિલમા દિલથી નક્કી કરેલું.

ગરુડેશ્વરથી આગળ જતાં નર્મદામૈયાને કિનારે એક ઊંચી ભેખડ આવે છે, ત્યાં આગળ ભેખડની ધારથી જરાક પાછા હઠીને એકદમ દોટ મૂકીને શ્રીનર્મદામૈયાના ખોળામાં પડતું મૂકેલું. નર્મદામૈયાનાં જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો. તેનું અત્યારે પણ તાદશ્ય ભાન છે અને તેનું જીવંત ચિત્ર હજી સુધી ખડું થાય છે. તે મૃદુ, કોમળ, શીતલ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક એવો પ્રચંડ વંટોળ પ્રગટ્યો ! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર, ઉપર, ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં તે વેળાએ કોઈક અદ્ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂળ પ્રકારની માતા જેવું ન હતું. તે દર્શન તો અલૌકિક પ્રકારનું હતું અને તે વેળાએ આમ જે ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું, ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે 'By His Grace I am meant for some thing.' 'એની કૃપાથી જિંદગીમાં કંઈક થવાને સર્જાયેલો છું.' એવું નિશ્ચિત ભાન જાગ્યું, તે કાળથી એની ભાવના પરત્વે મોં ફરી ગયું અને એ દિશા પરત્વેની ખરેખરી ઉત્કટ, મંથનયુક્ત વિકટ સંગ્રામવાળી ગડમથલની શરૂઆત થઈ. આ ભાવ નીચેની કડીઓમાં 'નર્મદાપદે'માં વ્યક્ત થયો છે :

*ઓ મૂર્ખ બાળ ! તુજને ક્યમ આમ સૂઝ્યું !*
*છે ભાન ના કંઈ તને તુજ ભાવિકેરું,*
*છે તારી ભાત જ જુદી જન સર્વથી કો,*
*છે હેતુ કૈંક તુજ જન્મ વિશે પ્રભુનો.*

*જીવો અસંખ્ય જગમાં જીવીને મરે છે,*
*કીડા જ કાદવતણા સમ સૌ રહે તે,*
*તે પંકમાં કમળ કોઈ કદી ઊગે છે,*
*તું શોભશે અવર સર્વથી તેવી રીતે.*

*જે આદર્યો સતત યજ્ઞ ચલાવજે તે,*
*મંજિલ તારી હજી દૂર સુદૂર ક્યાંયે,*
*જેવો પ્રવાહ મુજ જાય અખંડ વ્હેતો,*
*તેવું વહી વિલીન તત્ત્વમહીં થઈ જા.*

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મૂકવી એમાં કેટલાકને ડહાપણ ન પણ લાગે, પરંતુ પોતાને જે સાચો અનુભવ થયો હોય, તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો તે પણ જરૂરનું લાગે છે. આપણે માનતાં હોઈએ તે જ માત્ર સાચું છે, અને બીજું સાચું નથી, એવી માન્યતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે.

ઉપર દર્શાવેલા અનુભવની હકીકતની શક્યતા ખરેખરી રીતે છે, કારણ કે તે માત્ર hallucination (ઉત્કટ કલ્પનાનું જ સર્જન) હતું એવું મુદ્દલે નથી. આજે પણ તે દર્શન મારી આંખ સામે જીવંત છે. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે, તે ઉપરાંત, સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ, મક્કમતા, વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલાં છે. અને તે દર્શનના અનુભવથી ઓચિંતું આપોઆપ જીવનનું જે વહેણ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય. આવું બધું માત્ર કલ્પનાના કે ઊર્મિના ઉત્કટપણામાંથી જીવનમાં ઉદ્ભવવું શક્ય નથી. કલ્પનાની ઉત્કટતાનો ભાવાવેશ લાંબો કાળ ટકી શકતો નથી. તે જીવનપરિવર્તન પણ લાવી શકતો નથી. નર્મદા ૮-૧૨

આ બનાવ બન્યા પછી, હું તો વડોદરા ચાલ્યો આવ્યો. ત્યાં એક મારાં આધ્યાત્મિક મા રહેતાં હતાં, જેમને મેં 'મનને'માં ભાવાંજલિ અર્પેલી છે. તેમનાં મકાનમાં ત્રીજે માળે શરીરને

ફેફરુંનો હુમલો થવાથી શરીર દાદરથી ગબડતું ગબડતું છેક નીચે બીજે માળે પડ્યું અને ઈંટોની પરસાળમાં તે ઘસાયું, અને છોલાવાથી શરીરે સાધારણ લોહીની ટશરો પણ ફૂટી હતી. તે કાળે કંઈક જરા ભાનમાં આવતાં નર્મદાના તે સાધુ મહાત્માનું મને દર્શન થયું અને તેમણે મને કહ્યું કે 'અલ્યા, ભગવાનનું સ્મરણ તો કરી જો ! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું ?' આ બધું પ્રગટ્યું તો ખરું, પરંતુ તે કાળે મારાં મનાદિકરણો જરા પણ આ પ્રકારની ભાવનાવાળાં નહિ હોવાથી તે સાધુ મહાત્માનાં વચનને અને તેના સંસ્કારને બિલકુલ મહત્ત્વ આપી શકેલો નહિ. તે પછી શરીરે ઠીક થતાં આ બધી બનેલી હકીકત મેં મારી આધ્યાત્મિક માને જણાવી. મારી આવી હકીકત સાંભળીને તે તો બહુ રાજી થયાં. તેમણે કહ્યું કે 'અલ્યા, ચૂનિયા ! તું તો ભારે બડભાગી છે. તું તારે હવેથી ભગવાનનું સ્મરણ જ કર્યા કર. ઊઠતાંબેસતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં સકળ કંઈ કર્મ કરતાં કરતાં એકમાત્ર ભગવાનના સ્મરણમાં હવે લાગી જા અને તને જરૂર મટી જશે.'

મને તે કાળે તે સાધુ મહાત્મા કરતાં મારી આ મામાં વધારે વિશ્વાસ હતો અને તેમના તેવી રીતના સમજાવવાથી જ ભગવાનનું નામ લેવામાં હું પ્રેરાઈ શક્યો. તે પછી તો વારંવાર મનને ટકોરી ટકોરીને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો, પરંતુ વારંવાર તે ભુલાઈ જતું અને વળી પાછું યાદ કરી કરીને લેવા લાગ્યો.

દર્શન ૨૦૩

પછી તો આપણે નામ બોલવા લાગ્યાં. ભગવાનનું નામ બરાબર ચાલે નહિ. પછી તો બુદ્ધિ ખપમાં લાગી. 'ભઈ, કેમ નથી ચાલતું ? ગરજ તો પાકી છે.' એટલે પછી યોજના કરી કે દરરોજ અઢી કલાક તો ભગવાનનું નામ લેવું ને લેવું જ.

વાણી-૮ ૧૯

પછી દર પંદર દિવસે દસ દસ મિનિટ વધારવી. જે દિવસે નામ ન લેવાય તે દિવસે ખાવાનું નહિ અને ચા પણ પીવાની નહિ.

વાણી-૬ ૪૫

આ દિવસોમાં તો બધો વખત કામ કરવું પડે. એટલે વહેલો ઊઠવા લાગ્યો. અને ભગવાનનું નામ લેવા માંડ્યો.

વાણી-૮ ૧૯

હાલતાં, ચાલતાં, ફરતાં કામ કરતાં લેવાય તે ગણું નહિ.

એમ થતાં થતાં ફેફરુંના હુમલાની તીવ્રતામાં અને તેના ગાળામાં ફેર પડવા લાગ્યો અને ત્રણચાર મહિનામાં તો તે મુદ્દલે મટી ગયો. દર્શન ૨૦૩

## ૧૩

આ પ્રકરણે જીવનમાં નવો માર્ગ મારે માટે પ્રભુકૃપાથી ખુલ્લો કર્યો. ત્યારથી જ જીવનવિકાસની સાધના શરૂ થઈ એમ ગણાય, અને એક વર્ષ પછી સાચેસાચ અમદાવાદમાં સાબરમતીના કિનારે આ જીવને સાધનામાર્ગમાં દીક્ષિત કરનાર એક સદ્‌ગુરુ પણ મળી આવેલા. એટલે તે હકીકત પણ સાચી પડી.

આમ નામસ્મરણનો અભ્યાસ પ્રગટતાં દિલમાં પાછો એક નવો જુસ્સો પ્રગટ્યો, નવો ઉત્સાહ પ્રગટ્યો, નવી સ્ફૂર્તિ પ્રગટી અને નવું ચેતન પ્રગટ્યું. દિલમાં ત્યારે એક એવા પ્રકારનો દૃઢ આત્મવિશ્વાસ પ્રગટ્યો કે આપણી ગમે તેવી ભારેમાં ભારે પ્રકારની લાચારીની સ્થિતિ હોય તોપણ તેમાંથી તરીને ઊંચે આવી શકવાની આપણા પોતાનામાં પ્રભુકૃપાથી શક્તિ રહેલી જ છે. તેવા પ્રકારના પ્રગટેલા આત્મવિશ્વાસથી કરીને સાધનામાં ઝંપલાવવાનું બની શક્યું હતું. આત્મવિશ્વાસ એ એક એવું મોટું જબરજસ્ત જીવનને પ્રેરાવનારું સાધન છે કે જો તે સાધનની સમર્થતા પ્રભુકૃપાથી દિલમાં ઊગી આવે તો માનવી કદી પણ તેનાથી કરી (સાધનને લીધે) નિરાશ બની શકતો નથી. શરૂશરૂમાં મને તો તેવી અતૂટ શ્રદ્ધા પ્રગટેલી ન હતી, પરંતુ આત્મવિશ્વાસ તો જરૂર પ્રગટેલો હતો. અને એ આત્મ- દર્શન
વિશ્વાસમાંથી શ્રદ્ધાનું જીવંત ઝરણું ફૂટી નીકળ્યું હતું. ૨૦૨-૨૦૪

આમ, રોગ તો મટ્યો. એટલે મેં વિચાર કરવા માંડ્યો કે આ ભગવાનનું નામ લેવાથી આ રોગ કેમ મટ્યો ? એનું કારણ શું ? દરેક કર્મની પાછળ કોઈ ને કોઈ કારણ રહેલું છે. એ કારણ ભલે છૂપું હોય, સૂક્ષ્મ હોય, પણ કોઈ ને કોઈ

કારણ તો હોવું જ જોઈએ. તો એ કયું કારણ ? એને વિશે
વાણી-૮ ૧૯ બહુ વિચાર કરવા લાગ્યો. ઘણા બધા મહાત્મા પુરુષોને પૂછ્યું. તે કાળના વિદ્યાનંદજી બહુ પ્રખ્યાત.

બીજા એક ગોદડિયા મહારાજ હતા. પછી પ્રજ્ઞાચક્ષુ હાલ ગંગેશ્વરાનંદ મહારાજ છે. બીજા એવા જ જાનકીદાસ મહારાજ હતા. એવા બધાયને પૂછી વળેલો. એ કોઈના જવાબથી મને સંતોષ ન થયો. એ તો કહે 'શ્રદ્ધાથી ભગવાનનું નામ લે અને જે ભાવના હોય તે ફળે.' સામાન્ય રીતે તો આ જ એક stereo typed (એકસરખા) જવાબ મળે.

ભગવાનના નામના શબ્દને સ્ફોટ થવાનું જ્યાં કેંદ્ર છે ત્યાં શબ્દ બોલતા વિસ્ફોટ થતો હોય છે. પછી આ તો બધું પળવારમાં બની જાય છે. પળનીયે પળની અંદર બની જતું હોય છે. પણ જ્યાં આગળ આ અવાજ સ્ફોટ થાય છે, વ્યક્ત થાય છે, તેની આગળપાછળ પણ જ્ઞાનતંતુઓનાં અનેક જાતનાં કેંદ્રો છે. જ્ઞાનતંતુઓ પણ એક જાતના નથી હોતા. ઘણી જાતના જ્ઞાનતંતુઓ છે. એ જ્ઞાનતંતુઓનાં કેંદ્રો આગળપાછળ રહેલાં છે. અવાજ જે સ્ફોટ થાય એ અવાજનાં મોજાંઓ આગળ-
વાણી-૮ ૧૯-૨૦ પાછળના જ્ઞાનતંતુઓના અનેક પ્રકારનાં કેંદ્રોને પણ સ્પર્શ્યા કરે છે.

એ ઉપરથી મેં એક થીઅરી ખોળી કાઢેલી. આ જે પાંચ તત્ત્વો છે-આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી. આ પાંચ તત્ત્વોનું આપણું શરીર બનેલું છે. આ પાંચ તત્ત્વો જે શરીર બનાવે છે એમાંથી બધું થાય છે. આકાશમાંથી શબ્દ થાય છે. તેજમાંથી રૂપ. રૂપનું જે દર્શન થાય છે, તે તેજમાંથી થાય છે. વામાંથી સ્પર્શ-આ ખરબચડું છે, આ સુંવાળું છે-એ બધું ભાન આપણને વાને લીધે થાય છે. જળમાંથી રસ. રસ કેવો લાગે છે આપણને ! એ જળને લીધે. આ ખાઈએ-પીએ છીએ. ખાતી વખતે રસ લાગે છે તે જળને લીધે. આ પાંચ તત્ત્વોની પાંચ તન્માત્રા. આકાશનો શબ્દ, તેજનું રૂપ, વાનો સ્પર્શ, જળનો રસ, પૃથ્વીની સુવાસ.

હવે, આકાશ અને શબ્દ એ બન્ને ઓતપ્રોત છે. કહેવાય જુદા. આકાશ અને શબ્દ બોલાય જુદા. પણ બન્ને એક. એકમેકથી જુદા નથી. બન્ને ઓતપ્રોત છે. હવે, આ પાંચ તત્ત્વો થયાં. એના ત્રણ ગુણ-સત્ત્વ, રજસ અને તમસ. આકાશને સત્ત્વની સાથે સંબંધ. આકાશ દેખાય નહિ, તેવી રીતે સત્ત્વ પણ નહિ દેખાય, અને સત્ત્વમાં આકાશના જેવી નિર્મળતા હોય. તેજ અને વામાં અત્યંત વેગ. જેની ધારણા ન થઈ શકે તેવો વેગ છે. તેજનું પણ તેવું. વા અને તેજની સાથે રજસનો સંબંધ. જળ અને પૃથ્વીમાં અત્યંત જડતા. જળ અને પૃથ્વી તત્ત્વ તમસની સાથે જાય. આમ, પૃથ્વી અને જળનો તમસની સાથે, તેજ અને વાનો સંબંધ રજસની સાથે અને આકાશનો સંબંધ સત્ત્વની સાથે. હવે, આકાશ અને શબ્દ બન્ને એક છે. ઓતપ્રોત છે. એ શબ્દ જ્યારે આપણને એકાકાર થાય, આપણામાં સમગ્રપણે થાય તો આપણે આકાશમાં ફર્યા-એ તો સમજાય તેવી વાત છે. આકાશ મોખરે આવે એટલે સત્ત્વ મોખરે આવે. જો સત્ત્વ મોખરે આવે તો રજસ અને તમસ ગૌણ બને એટલે કામક્રોધાદિ વિષયો છે-રજસ અને તમસ કામક્રોધાદિ વિષયો છે. એ બધાં જ્યારે સત્ત્વ મોખરે આવે ત્યારે રજસ અને તમસ ગૌણ બની જાય. એ ગૌણ બની જાય એટલે આ પણ બધા ગૌણ બની જાય. એટલે શબ્દનો કેટલો મોટો ચમત્કાર રૅશનલી સમજાવી શકાય ! આની પાછળ મેં બહુ મથામણ કરેલી. કોઈ ઠેકાણે તમને આવું નહિ મળે. 'ભાઈ, આ ભગવાનનું નામ લેવાથી આ કામક્રોધાદિ કેમ ઘટે છે ?' મેં ઘણાંને પૂછેલું. તો કહે, 'એ તો શ્રદ્ધાનો વિષય છે.' ગંગેશ્વરાનંદજી, વિદ્યાનંદજી, ગોદડિયા મહારાજ, જાનકીદાસ મહારાજ એવા બધા તે કાળના પુરુષોને મેં પૂછેલું. તો કહે, 'યહ વેદાંત કી બાત હૈ, સાલા બેવકૂફ હૈ, યહ તો શ્રદ્ધા કી બાત હૈ.' પણ એનાથી મને સંતોષ નહિ થયેલ. એ જે કરીએ છીએ તે સમજાવું જોઈએ. જે કંઈ કરીએ તે રૅશનલ થવું જોઈએ. હું નદી કિનારે જ્યારે ધ્યાનમાં બેઠેલો ત્યારે મને આ

જ્ઞાન થયેલું. મેં મહાત્મા ગાંધીજીને વાત કરી. બહુ ખુશ થયેલા. મને લખ્યું, 'છોકરા, તું આધ્યાત્મિક વિજ્ઞાનનો સાયન્ટિસ્ટ થજે. આ દુનિયામાં સાયન્ટિસ્ટ ઘણા બધા થયા છે, પણ આ આધ્યાત્મિક વિજ્ઞાનનો તું સાયન્ટિસ્ટ (વિજ્ઞાન શાસ્ત્રી) થઈશ. આ તેં બહુ સુંદર ખોળ્યું. તદ્દન સાચી વાત છે. નામસ્મરણ ઉપર કોઈ જગાએ-કોઈ શાસ્ત્રમાં પણ હશે કે કેમ તે મને શંકા છે. આ તેં બહુ સુંદર ખોળ્યું. આ તો બહુ રૅશનલ છે. સ્મરણ ઉપરના આ વિવરણથી સ્મરણને યજ્ઞ કહ્યો છે, તે હવે મને યોગ્ય રીતે સમજાય છે.'

તદ્રૂપ
૧૦૦-૧૦૨

❑

■

(ગઝલ)

જીવનને નાખી દેવાનું નકામું જાણીને નદીએ,
અને જ્યાં તેમ કીધું છે, ઉગારી શો લીધો મુજને !

ઉગારીને, બચાવીને, નિરાશા ઘોરમાંથી તે,
મને કેવા હૃદયબળની શી ઝાંખી તેં કરાવી છે !

મહા ઉપકાર કેવા તેં કર્યા મુજ પર રહમ કરીને,
ગણાવ્યે પાર ના'વે કૈં, કૃપાસાગર પ્રભુ તું છે !

ભયંકર મૃત્યુ જેવી તે, નિરાશાથી ઊગરતાં જે,
હૃદય સમજાયું કે 'કરવા કશુંક' જન્મ્યો છું તે કાજે !

અનુભવગીત
૩

***શ્રીમોટા***

ખંડ-૨

# અહો અહો શ્રીસદ્‌ગુરુ

■

હું સાંઈબાબા છું.
હું તાજુદ્દીનબાબા છું.
હું ઉપાસનીબાબા છું.
હું અક્કલકોટનો સ્વામી છું.

*-શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદા*

■

દર્શન
૩૬૩

# શ્રીસદ્‌ગુરુને વંદના

■

મારા જીવનપ્રદાતા, જીવનપ્રેરક, જીવનજ્યોતિ, જીવન-આત્મા સમા, પૂજ્યપાદ ગુરુમહારાજે મને આ માર્ગમાં ઊંડો પ્રવેશ કરાવતાં પહેલાં કહેલું તે આજે કેટકેટલું યાદ આવે છે ! ત્યારે એની પૂરી સમજ આવી ન હતી, પણ એની મહત્તા તો સમજાઈ હતી, એની અનિવાર્યતા ગળે ઊતરતી હતી તેથી જ એમનો હૃદયથી લાભ (એમની જ કૃપાથી) લેવાઈ શકાયો હતો. એ અવાજ, એ અવાજની ગંભીરતા, એ અવાજની મૃદુતા, એ અવાજનો શુદ્ધ સાત્ત્વિક પ્રેમ, એ અવાજમાં એમનો શુદ્ધ સાત્ત્વિક હુંકાર, એ અવાજમાં એમનો નિર્ગળતો આત્મા, એ બધું આજે પણ વર્તમાનવત્ નજર સામે હૃદય આગળ પ્રત્યક્ષ થઈ જાય છે અને એ સૌજન્યભરી સાક્ષાત્ આત્મ પ્રેમમય મંગળ રમ્ય ભવ્ય ગૂઢ મૂર્તિને હૃદયની પ્રાર્થનાથી ભાવમય પ્રણામો કરું છું.

**मम हृदयं ते अस्तु । मम चित्तं चित्तेनान्वेहि ॥**
**मम व्रते हृदयं ते दधामि । मम वाचमेकमना जुषस्व ॥**

'મારા હૃદયમાં તારું હૃદય હો ! મારા ચિત્તને તારા ચિત્ત વડે શોધ-શોધ્યા કર-અનુસર.

મારા જીવનવ્રતમાં તારું હૃદય મૂકું છું. અથવા હું ધારણ કરું છું. એટલે કે તમારી હૃદયની ચેતનાનો ભાવ સતત મારા જીવનવ્રતમાં હું રાખ્યા કરું છું, મતલબ કે એવી ધારણા મારા જીવનમાં હું ધારણ કરું છું.

મારી વાણીને એકમન વડે (એકમના) એટલે એકાગ્ર મન વડે આનંદથી સેવન કર.' પાથેય ૬-૭

*ભગતમાં ભગવાન : ૫૪*

१

સને ૧૯૨૧ની સાલમાં અને ૧૯૨૨ની શરૂઆતમાં અમારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ દેશની ભક્તિની ભાવનાના ઝનૂનમાં દેશની સેવામાં ઝંપલાવ્યું હતું. તે કાળનો ભાવનાનો જુસ્સો અને ભાવનાની રોનક, ઝલક અને એ ભાવનાનો ચમકારો આજે પણ દિલમાં અને નયનમાં ચમકારા પ્રેરે છે. સાહસ અને જોખમોને બિરદાવવાને જુવાનીને એ લડતે પડકાર આપ્યો હતો, અને એ પડકારને યુવાનીએ પ્રેમથી સત્કાર્યો અને ઝીલ્યો હતો, પરંતુ એની પાછળ તો ધક્કો હતો ભાવનાના પરિબળનો. તે કાળ ભાવનાથી છલોછલ ઊભરાતો હતો. ત્યાગની તો પરંપરા ફૂટતી હતી. માથાં વધેરવા કેટલાયે યુવાનોમાં તત્પરતા જાગેલી હતી. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઈક મોટા ચમત્કારની હકીકત છે. ગરીબાઈ તો બહુ કારમી હતી. છસાત માણસનું કુટુંબ, પોષણની જવાબદારી એકલી મારા ઉપર, ઘરડાં મા અને વિધવા ભાભી પણ થોડું ઘણું ઘરખૂણે મજૂરી કરીને મેળવે, એવી કપરી ગરીબાઈની
ગુરુ ૨૫-૨૬ સ્થિતિમાં હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે ‘જીવીશ ત્યાં સુધી સેવામાં જ જીવન ગાળીશ.’

વાણી-૩ ૩૦ ૧૯૨૧ની આખરમાં મેં જ્યારે લડતમાં ઝંપલાવેલું ત્યારે ભગવાનના માર્ગનો કે ભગવાનનો મને બિલકુલ કંઈ ખ્યાલ નહિ.

જીવતાનર ૧૧૯ મેં કોઈ ગુરુ કરેલા નથી. એ તો મને જબરજસ્તીથી પકડી ગયેલા. આમ તો ત્યાં કંઈ જાત નહિ પણ મને એક એવો અનુભવ કરાવી દીધો.

२

અમદાવાદમાં શહેરમાંથી મંગળદાસ ટાઉન હૉલ તરફ જતાં પુલની શરૂમાં જમણે હાથે ત્યારે સાધુનાં કેટલાંક રહેઠાણો હતાં, અને આજે પણ છે. ત્યાં એક બાળયોગી પધાર્યા હતા. તેમની પાસે ઘણા માણસો એકઠા થાય. તે કંઈ ઉપદેશ કે પ્રવચન

આપતા નહિ. તેમની અવસ્થા ઉન્મત્ત હતી. રાત્રે સાબરમતી નદીનાં પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા. આજે પણ અમદાવાદના કેટલાક ભાવુક ભાઈઓ તેમને યાદ કરે છે. તેમને હું ના ઓળખું, તેઓ મને ના ઓળખે. છતાં તેઓશ્રી જે બધાં ત્યાં એકઠાં થયાં હોય તેમને કહે કે 'નડિયાદથી ચૂનીલાલને બોલાવો.' એક વખત નડિયાદના શ્રી નાનુભાઈ કંથારિયા તેમનાં દર્શનાર્થે ગયા હશે. તેમણે આ હકીકત સાંભળી. તેઓ (શ્રી નાનુભાઈ કંથારિયા) અમદાવાદથી નડિયાદ જ્યારે પાછા ફર્યા, ત્યારે તેમણે મને આ હકીકત કહી સંભળાવી. ત્યારે મેં તેમને કહ્યું કે 'મારે સાધુની સાથે શી નિસ્બત ! મારે કંઈ એમની પાસે જવું-કરવું નથી.' વળી, ત્યારે તો હું એમ પણ માનતો કે આ સાધુ લોકો સમાજની ઉપર આર્થિક રીતે ભારરૂપ છે-They are economic burden on society-એમ હું દઢપણે સમજતો. જોકે આજે મારું તે પરત્વેનું મંતવ્ય બદલાયું છે. એમાં કોઈક એવા વિરલા વીરો છે ખરા, પરંતુ સાધુસમાજનો પોતાનો જે ધર્મ છે, તે તેઓ સંપૂર્ણપણે યથાયોગ્ય પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક બજાવતા હશે કે કેમ, તેની મને આજે પણ શંકા છે.

આ બાળયોગી મને ઓળખાણ-પિછાન વિના બોલાવતા હતા, તે હકીકતનો જવાબ તો મેં વાળી દીધો હતો, પરંતુ વગર લેવેદેવે ઓળખાણ-પિછાન વિના, મારું નામ પણ જાણ્યા વિના, મારું નામ દઈને જ જ્યારે બોલાવે છે, ત્યારે એમાં જરૂર કંઈક રહસ્ય તો હોવું જોઈએ, એમ મનબુદ્ધિ વારંવાર દલીલ કરવા લાગ્યાં, અને એ વિચારે તો પછી મારો કેડો જ ન છોડ્યો. એ વિચાર મારો કેડો મૂકે એ હેતુથી હું અમદાવાદ ગયો. ત્યારે મારી ગરીબાઈની સ્થિતિ એવી કે અમદાવાદ જવાના પૈસા પણ ન મળે. ત્યારે મહિને એક આનો માત્ર હજામતનો ખરચતો હતો. જવા આવવાનું ભાડું પણ પેલા શ્રી નાનુભાઈ કંથારિયા પાસેથી મેળવી લીધું હતું. આમ, ગુરુ
શ્રીહરિકૃપાથી શ્રીબાળયોગી મહારાજનો ભેટો થયો. ૨૬-૨૭

પૂજ્ય શ્રીબાળયોગી મહારાજ ચોવીસે કલાક જાગતા રહે. બિલકુલ ઊંઘે જ નહિ. ખૂબ મસ્તી કરે. વાંદરાની જેમ કૂદાકૂદ કરે. મને સમજણ પડે નહિ કે આ શું તોફાન કરે છે ? પછી એમણે મને ખૂબ ખવડાવ્યું. ચાર દિવસ રહ્યો. તો ચાર દિવસનું મને ભાન નહિ. નહિતર તો હું રહું નહિ. એક દિવસની રજા લઈને આવેલો.

અડધા અડધા કલાકે-પોણા પોણા કલાકે થાળીઓ આવે. કોઈક કોઈક વખત ચાંદીની થાળીઓ આવે. અને એટલાં બધાં મિષ્ટાન્ન કે વાત ન પૂછો. કહે, 'ખા જાવ બચ્ચા. બચ્ચા, ખા જાવ.' ગળા સુધી તો આવી ગયું હોય. એટલે કહું, 'મહારાજ, હવે મારાથી નહિ ખવાય.' 'નહિ બચ્ચા ખા જાવ.' અતિશયોક્તિ કર્યા વગર કહું કે ઓછામાં ઓછું બાર શેર-તેર શેર મારાથી ખવાયું હશે અને છેલ્લે મરચાંની ખીચડી આવી. 'અચ્છા, ખા જાવ.' 'બાપજી, આ તો ખવાય એવું જ નથી. જીભે...જીભે લહાળા ઊઠે છે.' 'બચ્ચા, ખા જાવ.' પછી આપણે તો ખાઈ ગયા. મરચાંની ખીચડી ખાઈ ગયો. પછી તે રાતે તો મને કંઈ વિચાર આવ્યા નહિ. ગુરુમહારાજની સાથે ફર્યા કર્યો. હુંય પણ ઊંઘું નહિ. એમની સાથે ફર્યા કરું. એ દોટ મૂકે તો હુંય દોટ મૂકું. એ છલાંગ મારે... સાબરમતીનાં પાણીમાં આમથી તેમ પડે અને હાથી જેમ કરે તેવું તોફાન કરે. તો હુંય એમની પાછળ પડું.

ચાર દિવસ સુધી ચાલ્યું. ત્યાર પછી મને ભાન થયું. અરે ! આટલા બધા દિવસ હું અહીં આગળ રહ્યો ! અરર ! મેં રજા માગી. મેં કહ્યું, 'હું તો એક જ દિવસની રજા લઈને આવ્યો છું. પ્રભુ, આ તો ભયંકર અમારો દોષ ગણાય. મારાથી કદી કોઈ કાળે આવું થાય જ નહિ. આ તો મેં કંઈ દારૂ પીધો કે શું ?' તો કહે, 'કાલે જજે.' મેં કહ્યું, 'મને તમે રજા આપો.' કહે, 'કલ જાના, કલ જાના.' એટલે પછી એક દિવસ વધારે રહ્યો. એમ પાંચ દિવસ રહ્યો.

જીવતાનર
૧૧૯-૧૨૦

ભૂરકીથી અંજાઈ જઉં એવો તો હું ન હતો. છતાં એમના તરફનું મારામાં આકર્ષણ પ્રગટ્યું. તેનાં કારણોમાં અહીં ઊતરતો નથી. તેમની પાસે વધારે રહી શકાય એવી તો મારી સ્થિતિ ન હતી. જે ચાર દિવસ એમની પાસે રહેવાનું પ્રભુકૃપાથી બન્યું, એ ચાર દિવસ ભાવાવસ્થામાં જ વીત્યા હતા. ભાવાવસ્થા તો આજે હું કહું છું, પણ ત્યારે તો તે સ્થિતિને હું સમજી શક્યો ન હતો. કોઈક ભાવમાં સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ હતો એટલી હકીકત યાદ છે. ત્યારે કોઈ સમયનું ભાન રહ્યું ન હતું. વધુ રહેવાય તેવું તો હતું નહિ, એટલે મનમાં ને મનમાં સંકલ્પ પ્રભુકૃપાથી થયો કે શ્રીબાળયોગી પોતે કૃપા કરીને નડિયાદ પધારે અને તેઓશ્રી આ બાબતમાં કંઈક શિખવાડે તો શીખવું તો ખરું.



૩

પ્રભુકૃપાથી મને તો વિશ્વાસ છે કે મારા સદ્‌ગુરુ મહારાજ જીવંત સમર્થ છે. એમણે જ મારો પ્રેમભાવ વડે કરીને હાથ પકડ્યો છે. તેઓએ જાતે પધારીને મને સાધનામાં દીક્ષિત કર્યો, તે પ્રસંગની રસિક કથા તમને આજ ખુલ્લા થઈને લખું છું. મારે મીરાખેડી (પંચમહાલના દાહોદ તાલુકામાં) અંત્યજ સેવા મંડળની કાર્યવાહક સભામાં એક વખતે હાજરી આપવાને જવાનું હતું. તે દિવસે સવારની ફાસ્ટમાં દાહોદ જવાને માટે ટિકિટ પણ કઢાવી અને જ્યાં અંદર જવા જઉં છું, ત્યાં જ મારી દૃષ્ટિ એકાએક સદ્‌ગુરુની પર પડી. તેઓ પ્લૅટફૉર્મની બહાર એક ખૂણામાં શાંતપણે બિરાજેલા હતા. જેવી દૃષ્ટિ પડી કે તરત જ હું તો પાછો વળ્યો અને તેઓશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પ્રેમભક્તિથી કર્યા અને બહુ રાજી થયો. તેઓશ્રીએ હુકમ ફરમાવ્યો કે રેલવેની ટિકિટ મારે પાછી આપી દેવી. ઉમળકાથી મેં તો ટિકિટ પરત કરી દીધી અને મીરાખેડી નહિ આવી શકાય એવો તાર દાહોદ કર્યો. તે પછી તેઓશ્રીને ઘેર આવવાને પ્રાર્થના કરી. તેઓ ઘેર પધાર્યા. મસ્તીમાં શી કૂદાકૂદ કરે અને

આમથી તેમ નાચે ! નડિયાદની નરખી પોળમાં અમે ત્યારે રહેતાં હતાં. ત્યાં ખડકીમાં ઉપર એક નાનકડી મેડી હતી ત્યાં તેમને બેસાડ્યા. તેઓ નડિયાદ પધાર્યા તે તો મારી પોતાની આંતરિક પ્રાર્થનાના ભાવ વડે કરીને પધારેલા હતા. સાબરમતી નદીમાં એલિસબ્રિજથી ટાઉન હૉલ જતાં જમણા હાથ બાજુએ પુલની શરૂઆતમાં નીચે સાધુઓનાં જે રહેઠાણ છે, ત્યાં તેઓ પડી રહેતા. ત્યાં તેમની સંગાથે ચાર દિવસ રહેવાનું બનેલું. ત્યારે નીકળતી વખતે તેઓશ્રીને માનસિક પ્રાર્થના કરેલી કે 'મારાથી તો પરિસ્થિતિ અને સંજોગ મૂકીને આપશ્રીની પાસે રહી શકાય તેવી શક્યતા નથી. આપ પોતે કૃપા કરીને નડિયાદ પધારી શકો, તો જ આપશ્રી દ્વારા કંઈક લાભપ્રાપ્તિ થઈ શકે.' અહીં 'લાભપ્રાપ્તિ' એટલે શું તેની યોગ્ય સમજણ તે કાળે તો કશી પ્રગટેલી ન હતી, પરંતુ તે સમયે તેવી પ્રાર્થના કરી હતી તે તો ચોક્કસપણે યાદ છે.

તેઓ મેડીમાં બેઠા કે તરત તેમણે મને કહ્યું કે 'હું તને સાધનામાં દીક્ષિત કરવાને આવ્યો છું, અને તે માટે એક મોટું મકાન જોઈએ.' મેં તો ત્યારે અચંબો પામીને કહ્યું કે 'બાપજી, હું તો ગરીબ છું. મારે કશી કોઈ મોટા મોટા માણસોની ઓળખાણ-પિછાન નથી અને એવી લાગવગ પણ નથી કે જેથી કરીને કોઈક એવા મોટાનું મકાન મેળવી શકું.' તેઓ તો આવેશમાં આવી જઈને કદાચ મને મારી પણ બેસત, પરંતુ હું જરાક આઘો ખસી ગયો. તેમણે મને કહ્યું કે 'તું તો ગધેડો છે. તારામાં કશી અક્કલ નથી. સાવ બુધ્ધુ છે.' એવું એવું કેટલુંયે બધું ઉચ્ચાર્યું હશે ! પછી તો તેઓ પાછા બોલ્યા કે 'મોટું મકાન જોઈએ, એટલું જ માત્ર બસ નથી, પરંતુ તે એકાંત જગામાં પણ આવેલું હોવું જોઈએ.' 'અરે, પ્રભુ ! અહીં જ્યાં મોટું મકાન જ મેળવી શકવાની શક્યતા નથી, ત્યાં વળી એકાંત જગાની તમે પાછા વાત કરો છો !' એવું મનમાં બોલું છું, ત્યાં તો તે પાછા ભભૂકી ઊઠ્યા અને બોલ્યા કે 'એક મોટું મકાન જોઈએ, અને તે પાછું સંપૂર્ણ એકાંતમાં હોવું

જોઈએ. એટલું જ નહિ પરંતુ પાસે એક જળાશય પણ હોવું જોઈએ. એવું મેળવીને જલદી જલદી મારી પાસે તું પાછો ચાલ્યો આવ.'

આવું કેવી રીતે મેળવવું તેની મને તો કશી પણ શક્યતા કે સૂઝ પડી શકતી ન હતી. એટલામાં તો મારે કામે જવાનો સમય થયો. તેઓશ્રીને મેં તે માટે પ્રાર્થના કરી અને સંમતિ મેળવી. મારી બાને તેઓશ્રીની મેં ભાળવણી કરીને હું તો મરીડા ભાગોળે શાળાનાં કામે જવાને નીકળ્યો.

રસ્તે જતાં જતાં રોજ મારે વહોરવાડમાંથી પસાર થવાનું હતું. વિદ્યાપીઠમાં રહેલા, એટલે તે સંસ્કારને કારણે હિંદુમુસ્લિમ એકતાનો ભાવ પણ જાગેલો ખરો. તે ભાવથી પ્રેરાઈને રોજ જતાં જતાં વહોરવાડના એક પ્રતિષ્ઠિત સજ્જન કાસમ સાહેબને હું રોજ 'અસ્સલામો અલયકુમ્' ભાવથી નિયમિત રીતે કરતો. અને મારે રોજ ત્યાંથી જવાનો સમય મિનિટે મિનિટનો પૂરી રીતે નિયમિત હતો, એટલે તેઓ પણ દરરોજ પોતાના મકાનના ઓટલા ઉપર મારી રાહ જોતા ઊભા રહેતા. તેમને હું પ્રેમથી સલામ ભરતો અને તેઓ પણ તે રીતે પાછી વાળતા. આવો અમારો અતૂટ નિયમ હતો. પરંતુ આજે તો 'એક મોટું મકાન, એકાંત જગા અને પાસે જળાશય !' એ જ વિચારસરણીમાં મારું મન ડૂબી ગયું હતું. તે કારણથી કરીને હાજી કાસમમિયાં સાહેબ ઓટલા ઉપર ઊભા રહ્યા હતા, તોપણ તેમને મેં જોયા નહિ, અને વીસેક ડગલાં આગળ ચાલ્યો ગયો. રોજની સલામ ભરવાના અભ્યાસને કારણે ત્યાં જ સલામની સ્મૃતિ જાગી તેથી પાછો ફર્યો, અને કાસમમિયાં સાહેબ પાસે આવીને તેમને સલામ ભરવાનું ચૂકી ગયો, તે માટે તેમની ક્ષમા પણ માગી. ત્યારે તેઓ બોલ્યા કે 'અલ્યા, તું આજે કયા વિચારમાં ડૂબી ગયો છે ?' મેં કહ્યું કે 'મારે ઘેર એક ઑલિયા સાહેબ પધાર્યા છે.' તો તેમણે કહ્યું કે 'એ તો તારા સારા નસીબની હકીકત છે.' પરંતુ મેં તેમને કહ્યું કે 'એટલાથી જ પતતું નથી. એ તો એવું એવું માગે છે કે જે કદી પણ મેળવી ન શકું.' ત્યારે

તેમણે મને કહ્યું કે 'તું બરાબર માંડીને મને બધી હકીકત કહે તો ખરો !' તે પછી મેં તેમને બધી વિગતવાર હકીકત કહી સંભળાવી.

તેમણે કહ્યું કે 'અરે, ભગત ! તું મૂંઝાય છે શા માટે ? આપણો એક મોટો બંગલો ડભાણને રસ્તે છે અને તે એકાંત જગામાં છે. તેની નજીકમાં વસ્તી પણ નથી અને પાસે જ રામ તલાવડી પણ છે. જા, તે તને વાપરવા આપું છું, લે આ તેની કૂંચી લઈ જા, અને તારા ઑલિયાને તે બંગલામાં રાખજે.' આ મકાનની તો મને ખબર હતી. શ્રી ઇંદુલાલભાઈના સમયમાં ત્યાં જ હરિજન આશ્રમ ચાલતો હતો અને ત્યાં ઘણો સમય હું રહ્યો પણ હતો. આવું મોટું મકાન, એકાંત જગા અને જળાશય તેઓશ્રીના માગવા પ્રમાણે જ મળી ગયાં. તેથી, કેટલો બધો આનંદ મને પ્રગટેલો તે તમને કેવી રીતે સમજાવી શકું અને વર્ણવી શકું ?

મને તો દોડીને એકદમ મારા ગુરુમહારાજ પાસે જઈને તેમને પગે પડી જવાનું દિલ થયું, પરંતુ તે કાળે પણ કર્તવ્યનું ભાન જબરજસ્ત હતું, તેથી, તેવી પ્રગટેલી ભાવનાના પૂરથી પણ તણાઈ જવાનું માંડી વાળીને મળેલાં કર્મમાં જ પ્રયાણ કરવાનું રાખ્યું. મરીડા ભાગોળે જઈ, કામથી પરવારી કરી, પાછો ઘેર આવ્યો, ત્યારે તેમને ગદ્ગદ ભાવથી પ્રણામ કર્યા અને બનેલી બધી હકીકત કહી સંભળાવી. તે પછીથી તેઓને લઈને તે મકાનમાં રહેવાનું રાખ્યું હતું અને ત્યાં મને તેઓશ્રીએ સાધનામાં દીક્ષિત કર્યો.

દર્શન ૨૧૭-૨૨૧

આ બધો પરાપૂર્વનો એક સંબંધ છે. હું એમને ન ઓળખું. એ મને ન ઓળખે. આ સોએ સો ટકાની વાત સાચી છે. આ ત્યારે એવા માણસો સાથે પરાપૂર્વથી સંકળાયેલાં આપણે હોઈએ. એ પરાપૂર્વનો જે સંબંધ છે એની સાંકળ આપણે જાણતાં હોતાં નથી. પહેલી વખતે બે મહિના સવા બે મહિના રહ્યા. બીજી વખતે દોઢ મહિનો રહ્યા. ત્રીજી વખતે એક મહિનો મારી સાથે રહ્યા. મને દીક્ષામાં આ માર્ગે લઈ જવામાં એ જ બાળયોગી

એ મારા ગુરુમહારાજ(શ્રીકેશવાનંદજી)ના શિષ્ય હતા. એમણે જ મોકલેલા. વાણી-૩ ૩૧-૩૨

૪

હવે, આ દીક્ષા દિવસની વાત કરું. દીક્ષા એટલે એક બાજુ જતા હોઈએ તેનાથી બીજી બાજુ વહેણ વાળવું. જેમ આ નહેરો ખોદે છે અને નદીનું એક બાજુ વહેણ ચાલ્યા જતું હોય ત્યારે એ પાણીને બીજી દિશામાં લઈ જઈને ઉપયોગ કરવો. એનું નામ દીક્ષા.

ત્યારે હું સાવ બુડથલ હતો. મને કંઈ ગતાગમ ન હતી. પણ ગુરુમહારાજે કૃપા કરી. અંદર વહેણ છુપાયેલું હશે એની એમને ખાતરી. આ માર્ગમાં પાત્રતા બહુ જરૂરની છે. ભૂમિકા પણ જરૂરની. એણે અંદરનો ભંડાર જોયો હશે. મને આમાંથી આમાં વાળવાને પ્રયત્ન કર્યો. દીક્ષા આપી. વસંતપંચમીનો દિવસ હતો. (તા. ૨૨-૧-૧૯૨૩, સોમવાર) Significant અને પ્રતીકરૂપ આ દિવસ છે. વસંત ઋતુમાં કુદરત નવો સ્વાંગ સજે છે. આંબાને પણ મોર આવે. એ દૃશ્ય નિહાળવું એ તો જેની આંખ કેળવાયેલી હોય તે એનું સૌંદર્ય, એની શોભા સમજે. આજે તો પર્વતોમાં જાય તો કહે, 'મારા હાળા આ પથરામાં શું જોવું છે ?' એમ કહેનારા મેં જાતોજાત સાંભળ્યા છે, પણ એના સૌંદર્યને પારખવાને માટે આંખ કેળવાયેલી જોઈએ, હૃદય કેળવાયેલું જોઈએ. બાકીનાંને એની ગતાગમ ન પડે.

હું પણ સમજ્યો ન હતો, પણ આજે ઘણાં વર્ષોથી આ સમજણ મને પડી. એમ સમજ્યો કે બરોબર આ symbolic action છે. આ પ્રતીકાત્મક હતું.

પહેલાં તો ગુરુમહારાજ કહે, 'તારી માની રજા લઈ આવ.' મારી બા પાસે ગયો. કહ્યું, 'બા, એક ગુરુ આવ્યા છે.' મારી બા જાણતી હતી, કારણ કે પહેલવહેલા મારે ઘેર જ લઈ ગયેલો. એ તો નાચે, કૂદે અને ધમાધમ કરે. 'મારા હાળા વાંદરાને

કંઈથી લાવ્યો ?' એમ મારી બા કહે. મેં કહ્યું, 'બા, હવે તું બોલીશ કરીશ નહિ. પણ એમણે મને કહ્યું છે કે દીક્ષા લેવાની છે.' 'શું કરવાનું ?' 'બા, મનેય કશી ખબર નથી.' 'તો મારા રડ્યા, ખબર વિના આપણે બધું કરવું ? પૂછ એને.' મેં તો પૂછ્યું, 'બાપજી, મારી બા કહે છે મારા બેટા, મારા રડ્યા ! ખબર વિનાનું તું બધું કરે તે સારું નહિ. પૂછ એમને.' એથી એમણે કહ્યું, 'આ દીક્ષા આપું પછી તારે ભગવાનને રસ્તે જવાનું.' આ રસ્તાની કશી ઝાઝી બહુ ગતાગમ મને નહિ. તે પછી મેં તો મારી બાને કહ્યું,કહે, 'ચૂનિયા, ભગવાનને રસ્તે જવાની વાત તો સારી છે. પણ આ તને સાધુ બનાવી દેશે તો ?' મેં કહ્યું, 'બા, બની જઈશ.' હોવે... મારા રડ્યા તને અક્કલ નથીને. આ બધું કોણ ચલાવશે ? તારે નાના ભાઈઓ છે.' તો કહ્યું, 'એ હું ના જાણું.' તને તારા ગુરુમહારાજ જે કહે તે તારે કરવાનું. તારે ભગવાનને રસ્તે જવાનું છે. એમાં શું વાંધો ? કશો વાંધો નથી.' મારી બાએ કહ્યું.

મને તો દીક્ષા આપી. એ તો જે કંઈ કરતા હતા તે કર્યું. પહેલે દિવસે કહે, 'તું ધ્યાન ધર.' મેં કહ્યું, 'શેનું ધ્યાન ધરવાનું ? તમે કરો તો જોઈ લઉં.' તો કહે, ધ્યાનની કશી ખબર નથી ?' મેં કહ્યું, 'ના, મને કશી ખબર નથી.' તો કહે, 'ધ્યાનનો અર્થ સમજે છે ?' મેં કહ્યું, 'એકીટશે એકાગ્રતાથી એક જ વિચાર આવે તે ધ્યાન કહેવાય. એવું આશરે આશરે કહું છું.' તેઓ કહે, 'તો તું એમ જ કર.' 'પણ એ તો થતું નથી. આ મનમાં તો હજારો સંકલ્પ વિકલ્પ આવે છે.'

પછી તો એમણે એક આટલો મોટો આઠનવ ઈંચનો લોઢાનો ખીલો કાઢ્યો. એનો પાછલો દટ્ટો હોય તે જોરથી બે ભ્રમરની વચ્ચે માર્યો. મને ખબર નહિ કે આ ખીલો મને મારવાને કાઢ્યો હતો, નહિતર તો નાસી જાત. તે દયા કરીને નહિ, ધીમે રહીને નહિ, જોરથી મારેલો. તમ્મર આવી ગયા. આ શરીર બેભાન થઈ ગયું. ત્રણ દિવસે શરીર જાગેલું. એટલી મને ખબર છે, પણ ત્યારે મને ખબર નહિ. જ્યારે ધીરે ધીરે

ભાન આવવા લાગ્યું ત્યારે મારા ગુરુમહારાજને હું પગે લાગ્યો હતો. એટલી મને ખબર છે. વાણી-૧૨ ૯-૧૨

જ્યારે ભાન આવ્યું ત્યારે મેં જોયું કે તે મને પગે મસાજ કરતા હતા. એમણે મને પૂછ્યું, 'અલ્યા, છોકરા, હવે વિચાર આવતા હતા ?' મેં કહ્યું, 'ના.' વિચાર-બિચાર કશું નહિ. તમે મને ખીલો ઠોક્યો અને વિચાર ઊડી ગયા. બિલકુલ વિચાર જ નહિ.' પછી પૂછ્યું કે 'તારી સ્થિતિ શી હતી ?' મેં ફરીથી કહ્યું કે 'વિચાર જ નહિ.' ત્યારે એમણે પૂછ્યું કે 'આવું કેટલો સમય રહ્યું ?' મેં કહ્યું, 'રહ્યું હશે પંદર વીસ મિનિટ.' એમણે ડોકું હલાવ્યું. મેં પૂછ્યું, 'અડધો કલાક-બે કલાક ?' તોય ના કહી. અને પછી એ બોલ્યા, 'ત્રણ દિવસ થઈ ગયા.' આ સાંભળી હું એકદમ ચોંકી ગયો. અને મને આઘાત પણ લાગેલો. મારાથી બોલાઈ ગયું, 'આ મેં ભયંકર ભૂલ કરી.' આ મારા માટેનો મોટામાં મોટો અનુભવ હતો. તેમ છતાં આવું બોલાયું. મેં ઠક્કરબાપાને લખી દીધું કે 'હું ત્રણ દિવસ બેભાન અવસ્થામાં હતો તેથી કામ પર જઈ શક્યો નથી તો માફ કરશો.' વાણી-૧ ૩૦-૩૧

ગુરુમહારાજે એ પછી મને કહ્યું કે 'તારે સંસારમાં રહીને કામ કરવાનું છે પણ સંસાર માટે નહિ.' મેં પૂછ્યું, 'એ કેવી રીતે બને ?' ત્યારે એમણે કહ્યું કે 'સંસારને તારા મનમાંથી જ કાઢી નાખ.' મેં કહ્યું, 'તમે કહો છો તેથી એક ઝાટકે મનમાંથી નીકળી જાય તેવું બને નહિ.' ત્યારે એ બોલ્યા, 'ભઈ, તું ભાવના કેળવ.' મેં પૂછ્યું કે 'શું ભાવના કેળવું ?' ત્યારે એમણે સમજાવ્યું કે 'જે તે બધું પ્રભુપ્રીત્યર્થે કરવાનું. જ્યાં ત્યાં ભગવાન જ વસેલો છે. અલ્યા, આપણામાં પણ આપણો સંચો ભગવાનની શક્તિને લીધે ચાલે છે. સંસાર પણ ભગવાનની શક્તિને લીધે ચાલે છે. હવે તારે આખી જિંદગી ભગવાનને માટે જીવવાનું છે.'

આ વાત મારે ગળે ઊતરી ગઈ અને બહુ ગમી ગઈ. અને એ પ્રમાણે હું ભાવના કેળવીશ એમ નિશ્ચય કર્યો. વાણી-૧ ૧૪

દીક્ષાના આ પ્રસંગની અસર મારા જીવન પર એટલી બધી તો ઊંડી પડેલી છે, કે તે અસરથી જે ભાવના પ્રગટ્યા કરેલી, તે ભાવનાએ મને સાધનામાં ભાંગી પડતાં પડતાં હંમેશાં ઉગારેલો છે. તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા તે તેમની અપાર કરુણાનું પ્રત્યક્ષ જીવતુંજાગતું દૃષ્ટાંત છે. આવી તેમની સહજ કરુણાનો અદ્ભુત પ્રતાપ કદી પણ હું વીસરી શક્યો નથી.

કદી પણ મેં તેમની છબી પાસે રાખી નથી, અને રાખવાનું દિલ થયું હોત તોપણ તેટલી રકમ ત્યારે મારી પાસે ન હતી. જોકે પ્રભુકૃપાથી મારા સદ્ગુરુ મહારાજની મારા દિલમાંની ભાવનાથી પ્રેરાઈને તેમનું સાકાર સ્વરૂપ પ્રગટાવવાનું હંમેશાં બન્યા કરેલું છે, અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને જગાડીને તેઓશ્રીને પ્રત્યક્ષ કરીને તેમની કૃપામદદ માગવાનું અને પ્રેરણા પામવાનું કરી શકાયું છે. શ્રીસદ્ગુરુનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતાં ભાવ અને શક્તિ તે વળી કોઈ જુદા જ પ્રદેશની હકીકત છે. તે મોટું મકાન, તે એકાંત જગા અને તે રામ તલાવડી આજે પણ હયાત છે. મારા જીવનવિકાસનું તે એક પવિત્ર તીર્થસ્થળ છે, પરંતુ વારંવાર તે સ્થૂળ તીર્થસ્થાનમાં જઈને પાવન થવાનું પણ મેં કરેલું નથી. તેમ છતાં તે તીર્થસ્થળની ભાવનાની અસરને હું કદી ભૂલી શક્યો નથી. સ્થૂળ ભાવના કરતાં સૂક્ષ્મની ભાવનામાં પ્રભુકૃપાથી પરોવાઈ રહેવાનું અને તેમાંથી ચેતન મેળવવાનું જ્ઞાનભાન સાધનાની શરૂઆતથી જ તેઓશ્રીની કૃપાથી મેળવી શકાયું હતું.

દર્શન ૨૨૧-૨૨૨

નડિયાદમાં મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે ‘બીજાને ઓળખવાની ગડમથલમાં પડીશ નહિ.’ એક દિવસ એક રસ્તે જતા માણસને પથ્થર મારવાનું કહ્યું. ગુરુમહારાજનો હુકમ તો પાળવો જ જોઈએ. પથ્થર માર્યો પણ ઘા એવી રીતે કર્યો કે પથ્થર પેલા માણસથી બેત્રણ ફૂટ આગળ પડ્યો અને પથ્થર એને વાગ્યો નહિ. છતાં એ તો મને ગાળો દેવા લાગ્યો. મેં તો

કહી દીધું કે આ ગુરુમહારાજને કહે. એમણે મને કહ્યું છે. એટલે એ તો દોડતો ઉપર ગયો અને ગુરુમહારાજને પગે પડીને રડવા લાગ્યો. હું એની પાછળ ગયેલો એટલે જોયું કે આંખમાંથી ચોધાર આંસુ વહ્યે જ જાય. એણે રડતાં રડતાં કહ્યું કે 'આજે તો દુષ્ટમાં દુષ્ટ કર્મ કરવા જતો હતો. તેનું વર્ણન પણ ન થઈ શકે. તમે મારા પર બહુ કૃપા કરી.' આ સાંભળ્યું ત્યારે ગુરુમહારાજના હુકમનું હાર્દ હું સમજ્યો. આવો હુકમ બુદ્ધિથી ન વિચારતાં પ્રેમભક્તિથી પાળવો એ ધર્મ છે. પણ જ્યાં સુધી ભાવનાનું સાતત્ય પ્રગટતું નથી ત્યાં સુધી બુદ્ધિ બખાળા કરે છે.



૫

બીજી વખત પધાર્યા ત્યારે મારા ગુરુમહારાજે મને કહ્યું કે 'મગરમચ્છ પાસે લઈ જા.' ત્યારે પૈસા મળે નહિ. હું પગે લાગ્યો અને કહ્યું, 'હુકમ ઉઠાવવાની તૈયારી છે, પણ મારી પાસે બિલકુલ પૈસા નથી. તેમણે કહ્યું, 'તો માગી લાવ.' મેં કહ્યું, 'હું ગરીબ માણસ. મને કોણ આપે ? એટલી બધી ગરીબ અવસ્થા છે કે આપ મારા ઘરમાં આવો અને હું બતાવું. પૈસા વિના તમારી સાથે મફત આવું. તમે બેસો અને હુંય બેસું.' તો કહે, 'નહિ, પૈસા જોઈએ.' મેં કહ્યું, 'પૈસા મારી પાસે નથી. મારી પાસે ઘરેણુંગાંઠું નથી કે વેચીને તમને લઈ જઉં. મને પૈસા આપે એવી જગા બતાવો. મારી પાસે પૈસા નથી.

તે દિવસે આઠદશ માણસો આવ્યા અને છન્નું રૂપિયા થઈ ગયા. કોઈ દિવસ માણસો આવે નહિ, કારણ કે ગામ બહાર બંગલો રાખીને હું અને એ બે જણ એકલા જ રહેતા હતા. બીજું કોઈ આવનાર જ નહિ. કોઈને આવવા જ નહિ દેવાના. અમે બે જ જણ. ત્યારે બીજે દિવસે માણસો આવ્યા. અને છન્નું રૂપિયા મૂક્યા. મને કહ્યું, 'બચ્ચા દેખો, પૈસા આ ગયા. અભી તું લે ચલ.'

વડોદરામાં કમાટીબાગમાં મોટા મગરમચ્છ છે અને ખંભાત દરિયો છે ત્યાં કદાચ હોય. ક્યાં લઈ જઉં ? બીજું એ કહે નહિ. એ તો બાળકની માફક સો વાર બોલ્યા હશે. ત્યારે મને ચીડ ચડેલી, 'બોલ્યા કરો છો, પણ જગાનું નામ તો દેતા નથી. મારે ક્યાં લઈ જવા ?' 'બસ લે ચલો અબી.' એટલી બધી રઢ લીધી. મેં તો સ્ટેશને આવીને આણંદ સુધીની ટિકિટ લીધી.

પછી આણંદ આવ્યું. એટલે મેં મહારાજને કહ્યું કે 'અહીંથી મોટો દરિયો આવે છે. દરિયામાં તો મગરમચ્છ હોય જ. આ બાજુ મુંબઈ છે. વડોદરા છે. ત્યાં મોટા મોટા પાણીના કુંડ છે. તેમાં મોટા મોટા જબરજસ્ત મગરો છે. અને આ બાજુ રણછોડજીનું મંદિર છે. અને રણછોડજીને મગરમચ્છ કહેતા હોય તો એ ત્યાં છે.' તોય જવાબ ના આપે. અહીં લઈ જા એમ કહે જ નહિ. આવા લોકો સાથે કામ પાડવું એ બહુ મુશ્કેલ છે. શેને મગરમચ્છ કહે છે, તેય મને ખબર નહિ. પછી ફરતાં ફરતાં અમે ડાકોર-ગોમતીના કિનારા પર કૂવો છે ત્યાં પહોંચ્યા. એના પર એક માણસ મેલાઘેલા જેવો પડી રહેલો. વરસાદમાં, ટાઢમાં, તડકામાં એ ત્યાં જ રહે. તેમની સાથે મારા ગુરુમહારાજે અલક મલકની વાતો કરી. આપણને સમજણ ન પડે. કંઈ આકાશની અને એવી બધી વાતો કરી. 'તમે ક્યાં સૂવો છો ?' મારા ગુરુમહારાજ કહે, 'હું તો આકાશમાં સૂવું છું. તમે ક્યાં સૂવો છો ?' તેઓ કહે, 'કદીક વા ઉપર, તેજ ઉપર, કદીક પૃથ્વી ઉપર જળ ઉપર. હંમેશનું આકાશમાં સૂવાનું હજુ થયું નથી.' આવી બધી વાત કરે. આજે તો હું સમજું. ત્યારે સમજતો ન હતો. પછી મને કહે, 'જો આ મગરમચ્છ છે.' મેં તો કહ્યું, 'આ તો માણસ છે.' પણ અનુભવની દૃષ્ટિથી મગરમચ્છ, હવે એને કોણ ઓળખે ? કેટલાં બધાં વર્ષ સુધી એ (નથ્થુરામ) ડાકોરમાં હતા. પછી એમને મારી ભલામણ કરી ગયા. 'આ છોકરાને એટલા માટે તમારી પાસે લાવ્યો છું કે એ અમારી પાસે આવી શકે એવી એની સ્થિતિ નથી. પૈસા ન મળે. અહીં ડાકોર

પાસે છે. એટલે તમને પૂછવા કરવા આવે તો સીધો જવાબ દેજો. આડી તેડી ભાષામાં જવાબ ન આપશો.' હું ત્રણેક વાર ગયેલો. બહુ સરસ જવાબ આપેલા. હવે એને કોણ જાણે ? અનુભવી આવો છે એ કોણ જાણે ? ત્યાં આગળ ભણેલા ગણેલાની તો બુદ્ધિની પહોંચ જ નહિ. વાણી-૬ ૨૪-૨૬

મોજ આવે તો વાજાં વગડાવે. પૈસા મળ્યા હોય એ બધા આપી દે. વાજાંવાળાને પણ એમ થયેલું કે એ બોલાવે ત્યારે જાય જ. એ પૈસા આપે કે ના આપે. ખાવાનું બનાવે નહિ. જે કોઈ નવટાંક-પાશેર ભજિયાં આપી જાય એ ખાઈ લે. બસ પડ્યા રહે-બધી ઘેલછા દેખાય. આ માણસ આટલો બધો જ્ઞાની છે એમ કોણ એને સમજે ? જેમ ભગવાન છૂપો રહે છે એમ આવા માણસો પોતાના અસલ સ્વરૂપને ઢાંકી દેવા માટે આમ કરે છે. ભગવાને આ બ્રહ્માંડ એટલે નિર્મ્યું છે. જેથી લોકો એને જ જોયા કરે અને ભગવાનના અસ્તિત્વ વિશેનું ભાન ભૂલી જાય. આવા મહાન પુરુષોના અસ્તિત્વનો ખ્યાલ ન આવે. અન્વય ૮૭

૬

તેઓશ્રી ત્રીજી વાર આવેલા ત્યારે નડિયાદમાં શેઢી નદીને કિનારે ટેકરા પરના વડ પર મને બેસાડ્યો અને તેમણે કહ્યું, 'તારે ભગવાનનું નામ લીધા કરવાનું.' એકવાર મારી પાસે પથ્થર લઈને આવેલા. મને કહે, 'મારીશ.' મેં માન્યું કે એ તો અમસ્તા કહે-કંઈ મારે ખરા ? ખરેખર એમણે પથ્થર માર્યો. તે પછી મારામાં એવી કળ આવી કે પડતો પડતો-મારા હાથમાં ડાળ આવી તે બચી ગયો. પછી મેં કહ્યું, 'પ્રભુ, તમે મને માર્યો. આટલી કળ આવી. હું તો મરી જાત.' 'ના, તું મરત નહિ. મને ખાતરી છે.' મેં કહ્યું, 'તમે તો મોઢેથી કહો. અહીં મારી શી સ્થિતિ થાય છે ?' 'હું તને કહું છું, તને કંઈ ખબર નહિ પડે. અહીં તારો આશ્રમ થશે અને તારાથી ઘણાં મોટાં મોટાં કામ થશે.' તે વખતે મારાથી શી રીતે મનાય ? મનાય જ નહિ. આ તો મને માર્યો છે એ લાગણી ભુલાઈ જાય તેથી

સારું લગાડવા કહે છે. એ રીતે જ મેં એ હકીકત માનેલી, પણ એ હકીકત બની ત્યારે એ વાત મને યાદ આવેલી કે આવા લોકો કહે પણ આપણી તૈયારી ના હોય તો એ હકીકત સાચી હોય છતાં પણ આપણને એ હકીકત સાચી ના લાગી શકે આવી વાત છે.

મને જાણી જોઈને મારેલો-જ્ઞાનપૂર્વક, સમજીને. એમ ને એમ નહિ. ત્યારે હું ભગવાનનું નામ બોલતો હતો. હેતુ એ કે 'તંદ્રામાં બોલે તે નહિ ચાલે. જાગૃતિપૂર્વક, સમજણપૂર્વક બોલો.' ત્યારથી આ વાત મને ગળે ઊતરી ગયેલી. જરા પણ તામસ કે અજ્ઞાનની રીતે કે ગમે તે રીતે આપણે કોઈપણ કામ કરીએ તો એનું પરિણામ ઉત્તમ નહિ આવે. તો આપણે સમજણપૂર્વક જે તે કરવું જોઈએ. આપણે શા માટે કરીએ છીએ ? એટલે આપણા હેતુની સભાનતા રહેવી જ જોઈએ. હું તો બહુ જીવદશાવાળો માણસ. કંઈ સમજતો ન હતો, પણ મને એ તદ્દન ખ્યાલમાં બેસી ગયું કે કોઈપણ કર્મ કરવું તો યોગ્ય પ્રકારની સમજણથી અને તેની પાછળ હેતુની સભાનતા જીવતીજાગતી ચેતનાત્મક હોવી જ જોઈએ. એ ત્યારથી બરાબર બેસી ગયું. એ પથ્થર માર્યો એ આપણા માટે સામાન્ય રીતે તો ખરાબ કર્મ કહેવાય, પણ મને એ જ્ઞાન બરાબર બેસી ગયું.

જન્મ ૪૪-૪૫

૭

નડિયાદમાં મને શ્રીબાળયોગી મહારાજે સાધનામાં દીક્ષિત કર્યો. પ્રથમ વાર તેઓ નડિયાદમાં આશરે બે માસ રહ્યા ત્યારે મને તેમણે જણાવ્યું કે 'સાંઈખેડામાં ધૂણીવાળા દાદા છે, તેમનો પ્રેરાવ્યો હું તારી પાસે આવ્યો છું અને સાધનામાં તને દીક્ષિત કર્યો છે. માટે, તું તેમની પાસે જઈને તેમના આશીર્વાદ લઈ આવ.' તે પ્રમાણે હું તો પૂરેપૂરી તૈયારી કરીને, એટલે કે તેઓ કદાચ મને ત્યાં જ અડ્ડો જમાવી દેવાનો હુકમ આપે તેથી અહીંની મારી નૌકાના બધા જ સઢમાંથી મુક્ત થઈને જવાનું કર્યું હતું, એટલે કે સંઘમાંથી રાજીનામું પણ આપ્યું હતું અને નવસારીથી પરીક્ષિતભાઈને તાર કરીને નડિયાદના કામનો

મારો ચાર્જ સોંપવાને મેં ખાસ બોલાવ્યા હતા. તે પછી હું સાંઈખેડા ગયો. ત્યાં જઈને ધર્મશાળાના એક ઓરડામાં મુકામ કર્યો. નાહીધોઈને ગુરુમહારાજ પાસે જઈ પગે પણ લાગ્યો. મને ત્યારે ખબર નહિ કે લોકો તેમનાથી ડરી ડરીને દૂર દૂર ભાગે છે. મેં તો છેક તેમની પાસે જઈ તેમનાં ચરણમાં જ મારું માથું મૂકી દીધું. લોકો ભારે જોરશોરથી બોલી ઊઠેલા, 'અલ્યા, ખસી જા ! ખસી જા ! દાદા તારું માથું ફોડી નાખશે.' મને તો કશું થયું નહિ.

હું તો રોજ તેમની બેઠક આગળ જ પાંચસાત ફૂટ દૂર બેસી રહેતો. દાદા એવું તો બધું યદ્વાતદ્વા, કેટલીક વાર તો બીભત્સ પણ ગમે તેમ બોલે ! તેમના બોલવામાં કોઈપણ જાતનો સળંગ પ્રકારનો અર્થ પણ ન નીકળે. આવું બધું કશું ઠામઠેકાણું નહિ જણાયાને કારણે મને મનમાં એક પ્રકારની ઘૃણાની વૃત્તિ પણ જાગી ગઈ હતી, કારણ કે તેઓ જે બીભત્સ વાણી બોલતા તે પણ એવા પ્રકારની કે જે સાંભળતા કાનના કીડા ખરે. એટલે મને તો બહુ જ ઘૃણા થઈ આવી અને ત્યાંથી એકદમ નીકળી જઈને નડિયાદ પાછા આવતા રહેવાનું મન થયું.

પરંતુ તત્ક્ષણ, તે જ પળે, એક એવો બીજો વિચાર આવ્યો કે જે શ્રીબાળયોગી મહારાજ પોતે નડિયાદ પધાર્યા હતા, જેમની ભાવલીલાનું અનુભવદર્શન મને વારંવાર થયા કરેલું હતું અને જેમણે મને પોતાની કૃપાથી કરીને સાધનામાં દીક્ષિત કર્યો હતો, તે શ્રીબાળયોગી મહારાજના તો આ ધૂણીવાળા દાદા ગુરુ થાય. શ્રીબાળયોગી મહારાજમાં કોઈક દિવ્ય ગૂઢ શક્તિ પ્રત્યક્ષ જીવંત હતી, તેનો મને અનુભવ પ્રત્યક્ષ થઈ ચૂક્યો હતો. એટલે મને લાગ્યું કે આવા સમર્થ બાળયોગીના જે ગુરુ છે, તે તો વળી કેવાયે સમર્થ હોવા જોઈએ ! માટે, તેઓ આ જે બધું બોલે છે, ચાલે છે, તેની પાછળ કંઈક રહસ્ય હોવું જોઈએ ખરું, પરંતુ તે પરખાય શી રીતે ?

એવું જ્યાં મનમાં મને થયું, ત્યાં તેઓને પ્રત્યક્ષ બોલતા મેં સાંભળ્યા. તેઓ જ્યારે બોલે ત્યારે બેચાર ગાળ તો ચોપડી

જ દે અને કદી કદી સજ્જડ મારી પણ લે.એટલે આપણને તો તેમની ગાળોનો પ્રસાદ મળ્યો,...જોકે કોઈને પણ ખબર ન પડે કે તેઓ મને ઉદ્દેશીને બોલે છે. તેઓશ્રી બોલ્યા કે 'હું બોલું ત્યારે આ મારી સામે લોકોનું જે ટોળું ઊભું છે તેના મોઢા પર જે જે ફેરફાર થાય તે ફેરફારને નીરખવા અને તે માણસને યાદ રાખીને તેની પાછળ પાછળ જઈ તેને બધી વાત પૂછવી'. આ વાક્ય મને જ સંબોધીને બોલેલા, કારણ કે તે કાળે મને તે પ્રકારનો સવાલ ઊપજ્યો હતો તેની મને પાકી ખાતરી થઈ ગઈ.

આ બનાવ બન્યા પછીથી હું તેઓશ્રીની સામે ઉપસ્થિત થયેલા લોકોનાં ટોળાંને જોયા કરતો. તેઓશ્રી બોલે ત્યારે તેમના બોલવાથી કરીને જે કોઈના મોઢા ઉપર અવનવા ફેરફાર થતા હોય તે નિહાળવાનું હું કર્યા કરતો. રોજ એવા પાંચસાત જીવોને મળવાનું કરતો. તો ખબર પડતી કે દાદાશ્રી જે બોલતા હતા તેવું પ્રત્યક્ષ તેમના જીવનમાં અક્ષરશઃ જેમ જે રીતે બધું બનતું કે બનેલું તેમ જ તે કથતા. તે લોકો માંહે માંહે જે ગાળો દેતા હોય તે જ ગાળોનું ઉચ્ચારણ પણ તેઓ કરતા હતા.

આવી કથની તો તેઓ ઘણા માણસોની કહેતા હોય એટલે તેમાં કંઈ કશા ભાવાર્થની એક સળંગતા તો ક્યાંથી પ્રગટી શકે ? દરેકનું જુદું જુદું જ હોય. કોઈનું સારું હોય તો કોઈનું નરતું હોય. દાદાજી તો જેનું જે પ્રમાણે હોય તેનું તે જ પ્રમાણે બોલતા. સામાન્ય એક ત્રાહિત માનવીને તેમના બોલવામાં તદ્દન યદ્વાતદ્વાપણું, બીભત્સપણું, ગલીચપણું લાગે. અને ગાળો બોલવાને કારણે તથા લોકોને મારતા પણ ખરા, તે બધાં કારણોને લીધે તેમની યોગ્ય સમજણ ન પડે તે બધું સ્વાભાવિક હતું. તેમના વિશે કોઈક હિંદી છાપામાં વારંવાર તેમની વિરુદ્ધનું લખાણ છપાતું, તે છાપું મારા મિત્ર ભાઈ ચૂનીલાલ વ્યાસ નિયમિત મંગાવતા અને તેમાં છપાયેલી મારા ગુરુમહારાજની વિરુદ્ધની હકીકતવાળું લખાણ તે મને મોકલવાને કદી પણ ચૂકતા નહિ. જાહેર છાપાંઓમાં આવા પુરુષો વિશે આવેલાં લખાણ તેમના

જીવનનું સત્ય વ્યક્ત કરી શકે એમ હોઈ શકતું નથી. મને જે તેમનું રહસ્ય સમજવાની અને અનુભવવાની સૂક્ષ્મ ચાવી પ્રભુકૃપાથી મળી ગઈ તે બીજાને ક્યાંથી મળી શકે ?

હું જ્યારે ત્યાં ગયો, તેના બીજા દિવસની સવારથી જ દાદા કોઈ રાજામહારાજા વિશે અને તેમના અંગ્રેજ સરકારની સાથેના સંબંધને વિશે બોલ્યા જ કરતા હતા. અને તે વહેવાર જેમ જે પ્રકારનો હોય તે પ્રકારનો તેઓ તે રીતે જ વ્યક્ત કરતા હતા. તેઓ જ્યારે બોલતા હતા, ત્યારે ટોળાંમાં તો તેવો કોઈ માનવી હતો નહિ, અને તેઓ કોઈ રાજામહારાજા વિશે બોલે છે તેની ખાતરી તો મને તેમના બોલવા પરથી થઈ ગયેલી હતી, પરંતુ તેવું કોઈ ત્યાં હાજર તો હતું જ નહિ, અને તેમ છતાં દાદા તો બોલ્યે જ જતા હતા. રાજા લોક કેવી કેવી રીતે અંગ્રેજોને સંતોષ પમાડતા હોય છે તેવી બધી રીતરસમોને પણ તેઓ ખુલ્લે ખુલ્લી ઉઘાડી પાડતા હતા અને તેમાં કેટલીયે ગંદી રમતો વિશે પણ આબેહૂબ જેમ જે પ્રકારે બન્યું હોય તેમ તે બોલતા હતા.

આવું બોલ્યા કરવાને તેમને કલાકેકનો સમય થયો હશે, ત્યાં તો બધી સવારી આવી પહોંચી. આગળ બેત્રણ ઘોડેસવારો, પાછળ મોટર અને તેની પાછળ પણ થોડાક ઘોડેસવારો, તે પછીથી પોલીસો હતા. મોટરમાંથી ઊતરીને, બે ચાંદીના થાળ, જેમાં એકમાં ચાંદીના રૂપિયા હતા અને બીજામાં થોડાક સોનાના સિક્કાઓ હશે, તે તેમને પગે લાગીને યુવરાજે શ્રીદાદાનાં ચરણકમળ આગળ ધર્યા. તેમણે તે જ ક્ષણે તે બે થાળને એવી તો જોરથી લાત લગાવી કે તે બેઉ થાળ ક્યાંય ઊડીને આઘે પડ્યા, અને તેમાંની રકમો પણ વેરણછેરણ થઈ ગઈ. આગળ પાછળ પોલીસ અને રાજાના બીજા લોકોએ તેની આસપાસ કૉર્ડન (ઘેરાવો) કરી લીધું, અને તે બધા સિક્કા વીણી લીધા. શ્રીદાદાજી તો તેના પર થૂંક્યા.

તેમણે તે યુવરાજને 'અહીં શું લેવા આવ્યો છે ?' એમ ગુસ્સામાં કહ્યું. આ તો હું ઘણી સૌમ્ય ભાષા વાપરું છું, કારણ

કે તેઓ જે બોલ્યા હતા, તે તો કાગળમાં લખી શકાય એમ નથી. એમ કહીને તેમણે ઘણું ભાંડ્યા અને તેમનો બધો વહેવાર ખુલ્લો પાડ્યો, પણ બીજા લોક મારી પેઠે ભાગ્યે જ સમજતા હશે. તેમણે તે આવનારને કહ્યું, 'તારા બાપની ગાદી જતી રહેશે અને તને ગાદી મળશે.' આ બધી હકીકતની મેં પાછળથી તપાસ કરી તો જાણ્યું કે ઇંદોરના તે કાળના મહારાજાએ અનેક પ્રકારનાં કાવતરાં કર્યાં હશે, મુંબઈમાં કોઈકનું ખૂન પણ કરાવેલું હશે અને તે બાબતમાં એક 'બાવળા ખૂનકેસ' પણ ચાલતો હતો. આ બધું જ દાદા પણ બોલતા હતા.

ઈંદોરના મહારાજાના પાટવી કુંવર અહીં આવ્યા તે પહેલાંથી જ દાદા તેમના વિશેનું બોલ્યા કરતા હતા, તે તો મારી નજરોનજરની જાત માહિતીની હકીકત હતી. આથી, તેમની અંતર્યામીત્વની શક્તિ વિશેનો મને તાદૃશ્ય જીવંત જાણવાનો પ્રસંગ મળ્યો. હું રહ્યો ત્યાં સુધી રોજના આવા પાંચસાત પ્રસંગો જુદા જુદા માણસોના તો હું તારવવાનું કર્યા જ કરતો હતો. હું આ બધું કરતો હતો તે મારી બુદ્ધિને ગુરુ મહારાજની દિવ્ય શક્તિની સમર્થતાનું યોગ્ય ભાન પ્રેરાવવાને કાજે તેની પાસે તે સ્વીકારાવવાને માટે પણ તે બધું કર્યા કરતો.

ત્યાં આગળ અનેક પ્રકારના માણસો આવતા. જીવનનાં અનેક ક્ષેત્રનાં અને જુદી જુદી આશાઈચ્છાઓ તથા પોતપોતાના સ્વાર્થને ફળાવવાને માટે અને અનેક પ્રકારની બાધા-આખડીઓ રાખવાને માટે પણ જુદી જુદી આશાઅપેક્ષાઓ રાખીરાખીને લોક આવ્યા કરતા હતા. નર્તિકાબાઈઓ પણ આવતી. સટ્ટાવાળા પણ આવતા. સાધુસંન્યાસીઓ પણ આવતા. વિદ્વાનો અને પંડિતો આવતા અને રોગીઓ પણ આવતા હતા.

સૌથી પ્રથમ વાર ત્યાં ગયો ત્યારે જેટલા ત્યાં રોગીઓ હતા તે બધાને પણ મળવાનું કર્યું હતું. લગભગ ત્રીસેક ટકાને મટ્યું હોય એવું મને લાગ્યું હતું, કારણ કે તેનું ગણતરી કરીને analysis-પૃથક્કરણ પણ કાઢ્યું હતું. દશબાર દિવસ થયા હશે ત્યાં તો દાદાજીની પાસે હાથમાં એક નાળિયેર આવેલું, તે

નાળિયેર જોરથી તેમણે મારા તરફ ફેંક્યું. તે કપાળમાં વાગ્યું અને ઢીમણું પણ થયું. તેમણે પછી મને હુકમ કર્યો કે 'તું તારે ઘેર ચાલ્યો જા. અને ત્યાં રહ્યો રહ્યો જ સાધનામાં વળ્યો જા. તું મારી પ્રાર્થના કર્યા કરજે. તને જે કર્મ મળ્યું છે, તેમાં જ તું લાગી રહેજે.'

ત્યાંથી પાછો ફરીને હું વડોદરા આવ્યો. વડોદરામાં ડફિન હૉસ્પિટલમાં ટી. બી.ના વૉર્ડમાં મારા સ્નેહી શ્રી ભગવતપ્રસાદ પંડ્યા દરદી તરીકે હતા. તે ભાઈએ શ્રી ઠક્કરબાપા પાસે ઘણા વખત સુધી સેવા કરી હતી અને તે ભાઈને T. B. of the testicles થયો હતો, (તેમની નીચેની કોથળીને ક્ષયરોગ લાગુ પડ્યો હતો) અને તેની સારવાર શ્રી ઠક્કરબાપાએ કરાવી હતી અને આખરે તેમને ડફિન હૉસ્પિટલમાં ટી.બી.ના વૉર્ડમાં દાખલ કરાવ્યા હતા. ત્યાં હું તેમને મળ્યો. મેં તેમને દાદાજીના દરબારની બધી હકીકત જણાવી. ત્યાં કેટલાક રોગીઓનો રોગ પણ મટી શકે છે અને તેની ટકાવારી મેં કાઢી હતી તે બધી હકીકત પણ સવિસ્તર જણાવી. 'તમે પણ તે મટી ગયેલામાંના એક કાં ન હોવ ? માટે તમે જાઓ, તો કદાચ  તમને પ્રભુકૃપાથી મટી પણ જાય' એમ તેમને કહ્યું.

તેમણે મને એમ પણ કહ્યું કે 'મને જવા આવવાનું ભાડું તું આપે તો હું જઉં.' પરંતુ મારી પાસે ત્યારે તો તેટલી રકમ હતી જ નહિ. મેં તેમને કહ્યું કે 'જો તમને નહિ મટે તો મારે તમને તેટલી રકમ, ગમે તે રીતે પણ આપવી.' ત્યાં દાદાજી પાસે તેમનું રહેવાનું થતાં થોડાક જ સમયમાં તેમનો રોગ મટી ગયો.

પછી તો તેમણે નવસારી હરિજન આશ્રમને કાગળ પણ લખેલો કે તેમના નામે જે જે કંઈ હોય, પૈસાટકા, સરસામાન, વાસણો વગેરે બધું જે જે કંઈ હોય તે બધાંને વહેંચી દેવું અને તેમને નામે કંઈ જ ન રાખવું , પણ શ્રી ઠક્કરબાપાને આ હકીકતની જાણ થતાં તેમણે તેમ થવા દીધેલું નહિ. તેમનો દીકરો મોટો થાય ત્યારે સંઘમાં જે રકમ તેમના નામે હોય તે તેને સુપરત કરી દેવી એમ પરીક્ષિતલાલને ભાળવણી કરી હતી.

આ પછીથી તો ઉપરોક્ત શ્રી ભગવતપ્રસાદ પંડ્યા દાદાજી પાસે જ સદાસર્વદા કાળ રહેતા અને નવસ્ત્રા પણ થઈ ગયા હતા.

દાદાજી જ્યારે જ્યારે મારે અંગે કંઈક બોલતા ત્યારે કાં તો શ્રી ભગવતપ્રસાદ લખી લેતા કે કાં તો ધ્યાન આપીને બરાબર સાંભળતા. નડિયાદના સ્મશાનમાં જે પ્રાર્થના હું કરતો તે પ્રાર્થનાના શબ્દેશબ્દ દાદાજી બોલતા. (એક પ્રાર્થનાની તો ચોક્કસ યાદ છે.) તેમણે લખી રાખેલું મારું એક ભજન (જે નીચે આપ્યું છે.) હું ત્યાં એકવાર ગયો હતો ત્યારે મને બતાવ્યું પણ હતું.

દર્શન
૩૬૪-૩૭૧

**શરણચરણ**

પ્રભુ, શરણચરણમાં રાખો રે, પાવલે લાગું૦
રસિયાજી અંતરયામી ! મારા હૃદયકમળના સ્વામી !
અલબેલા પ્રેમીનામી ! રે, પાવલે લાગું. પ્રભુ૦
શરણાગતવત્સલ જાણી, તને જણાવી અંતર ક્હાણી,
તોય મન રહ્યું હજુ માની રે, પાવલે લાગું. પ્રભુ૦
અડવું બધું એનું ટાળી, હેળાવી દઈ ગિરિધારી !
પદ લગાડી દોની તાળી રે, પાવલે લાગું. પ્રભુ૦
વ્હાલાજી ! સાધન કંઈ ના, દિલ-પ્રેમ-ભાવનાં ફૂલડાં,
વેરું છું નિત તમ પદમાં રે, પાવલે લાગું. પ્રભુ૦
બાળકનું જોર કશું શું ! જો હોય કશું, તો રડવું,
એ જોરે મારે તરવું રે, પાવલે લાગું. પ્રભુ૦

સંશોધન
૪૮૩

આવી તો તેમની અંતર્યામીત્વની અને દૂરશ્રવણની શક્તિ જીવતીજાગતી પ્રગટ હતી. પ્રભુકૃપાથી એવા સમર્થ સદ્‌ગુરુ મળ્યા કે જેની ઓથ, હૂંફ કેવી હોઈ શકે તે તમારા લોકોની બુદ્ધિમાં પણ આવવું મને તો શક્ય લાગતું નથી, કારણ કે સદ્‌ગુરુ પરત્વેની એવી પ્રેમભક્તિ તેની સંપૂર્ણ ટોચ સુધી કેળવાયેલી ન હોય, ત્યાં સુધી આવું બધું પ્રત્યક્ષ બનેલું હોવા છતાં તે માથા પરથી વહી જતું હોય છે. મારા જ જીવનના કેટલા બધા પ્રસંગો તમે સ્વજનોએ પ્રત્યક્ષ નીરખેલા છે, જેનો તમારી બુદ્ધિ પણ ઈન્કાર કરી શકે તેવું નથી. તેમ છતાં

જીવનવિકાસના હેતુને ફળાવવાને કાજે જ્ઞાનયુક્ત જે પ્રેમભક્તિ પ્રગટેલી હોવી ઘટે તેવી પ્રગટેલી પ્રેમભક્તિ હું કોઈનામાં જોઈ શકતો નથી. સદ્‌ગુરુ સાધન છે એ વાત સાચી, પરંતુ પોતાની જીવનવિકાસની કળાને વિકસાવવાને માટે તે સાધનનો ઉપયોગ કરવાને માટે પણ તેના પર પ્રેમભક્તિ પ્રગટ્યા વિના તે કળાની શક્તિ આપણામાં પ્રગટ થતી નથી.

દર્શન ૩૭૧-૩૭૨

'છેલ્લી વાર ચાલો પગે તો લાગવા જઉં.' હું પગે લાગવા ગયો. ત્યારે એ કાંઈ બોલ્યા કે 'ભઈ, જો કોઈ મહાત્માનો ખરેખર આપણા દિલથી સત્સંગ થયો હોય, આપણને એની સોબત લાગે અને એ સોબતમાં જો આપણું દિલ લાગેલું હોય તો ગમે તેટલો પાપીમાં પાપી હોય પણ મરણ વખતે એની ભાવના પ્રગટે છે.'

ત્યારે મેં તો એમ માન્યું કે 'આ તો પોતાનું મહત્ત્વ વધારવાને માટે આમ કહે છે.' ગુરુ ખરા, પણ મારી બુદ્ધિ વક્ર રીતે કામ કરતી હતી. આ તમને ચોક્કસ દાખલો આપું છું. ગુરુમહારાજ બોલ્યા કે 'અલ્યા, ભાઈ ! તું જા અહીંથી પંદર માઈલ ઉપર એક ગામ છે, ત્યાં જા. તે વચ્ચે આટલાં આટલાં ગામ આવે છે. એમ પણ બોલ્યા. તે ગામનાં નામ મેં લખી રાખ્યાં. અને તે ગામે હું પહોંચ્યો. 'એક માણસ મરવા પડેલો છે. એ કેવું બધું બોલે છે તે જો. કેવાં કેવાં કર્મ કર્યાં છે તે બધું બોલશે. અને પછી મરવાના અડધો કલાક પહેલાં એની કેટલી અને કેવી માનસ ભૂમિકા આખી બદલાઈ જાય છે, એ તું જોઈશ, ત્યારે આ ખબર પડશે કે એવા કોઈ મહાત્માની સોબત કરી હોય અને એમાં આપણું દિલ લાગી જાય, એનામાં ભક્તિ લાગી જાય તો માણસનું કેવું કલ્યાણ થઈ જાય છે, એ વાત સાબિત થશે. પ્રત્યક્ષ જોયા વિના તારી બુદ્ધિ ઠેકાણે નહિ આવે.'

એટલે હું તો ત્યાં ગયો. મારા મનમાં મેં વિચાર કરેલો એટલે દાદાજીએ મને આ જવાબ આપ્યો. માટે, મારે પ્રયોગ કરવો જોઈએ. એટલે હું તો ચાલ્યો. ગામનું નામ પૂછતો

પૂછતો હું પેલા ગામ આવી પહોંચ્યો. ત્યાં બધે ફરું અને પૂછું કે 'અહીં કોઈ માણસ બહુ જ ગંભીર રીતે માંદું પડ્યું હોય અને મરવા ટાણું આવ્યું હોય એવું છે ?' એમ કરતાં કરતાં એક ઘર જડી ગયું. પછી ત્યાં એ માણસે જે કુકર્મ કરેલાં એ બધાં બોલે.

મને થયું, 'ગુરુમહારાજ કહેતા હતા એ વાત સાચી.' પછી તો એકદમ એનું માનસ બદલાઈ ગયું અને એ તો ભજનો ગાવા લાગ્યો. પછી ગુરુમહારાજની પ્રાર્થના કરી કે 'પ્રભુ, તારી સોબત થઈ અને મારું દિલ લાગ્યું.' પછી એક છેલ્લી પ્રાર્થના કરી કે 'હે પ્રભુ, તું મારો ઉદ્ધાર કરજે.' આમ બોલીને પ્રાણ છૂટ્યા. ગુરુમહારાજની વાત કહેવી સાચી લાગી.

પછી હું ગામમાં નીકળ્યો. મેં પૂછ્યું કે 'ભઈ, આ મરી ગયા તે કેવા હતા ?' લોકો કહે કે 'સાલો કાટ ગયો. મરી ગયો તે સારું. આ ગામમાં એની આગળ માદીકરી સહીસલામત નહિ.' ચારિત્ર્યનો આવો દુષ્ટ માણસ હતો. પણ મહાત્માની એને સોબત થઈ તો મરણકાળે એની કેવી સુંદર ગતિ થઈ ! મારી જાતની અનુભવેલી આ બાબત છે.

ત્યારે આવા માણસોની સોબત અને એમાં જો આપણું દિલ પ્રગટે છે તો એ અનેક રીતે સધિયારો આપે છે. આપણી મુશ્કેલીના વખતમાં, સંકટના વખતમાં, મૂંઝવણના વખતમાં, આપણને એક ઓથ આપે છે. એવી ઓથ કોઈપણ પૈસાદાર તમને નહિ આપી શકે.

વાણી-૩
૨૭-૨૯

પછી હું દાદાજીને પગે લાગવા ગયો ત્યારે તેમણે કૃપા કરી જ્યાં હોઉં ત્યાં જ રહેવાનો હુકમ કરેલો. નડિયાદ પાછો ફર્યો. શ્રી પરીક્ષિતભાઈએ પ્રેમભાવથી ત્યાં ફરી પાછું કામ કરવાની મંજૂરી આપી અને પાછો કામે વળગી ગયો. શ્રીસદ્‌ગુરુના વચનના પાલનમાં હેતુનું જ્ઞાનભાન પ્રગટપણે જીવતું રહેવું ઘટે, તો જ તેમના તેવા વચનના પાલનની યથાર્થતા હોય તો હોય.

પોકાર
૧૮૭

બીજીવાર હું (ધૂણીવાળા દાદાજી પાસે) ગયો ત્યારે બાર વર્ષે એક સાધુ આવેલા. દાદાજીએ કહ્યું હશે કે 'આટલું આટલું કરીને તારે નિષ્કામ થઈને મારી પાસે આવવું.' એટલે પછી સાધુ તો આવ્યા. પગે લાગ્યા. 'કેમ આવી ગયો, ભઈ ?'

'કામ પૂરું થઈ ગયું ?'

'કામ પૂરું થઈ ગયું.'

'સોએ સો ટકા ?'

'સોએ સો ટકા.'

'પૂરેપૂરો નિષ્કામ ?'

પછી ગુરુમહારાજ તો કહે, 'કદાચ જોજે તું કાચો છે.'

'અરે હોય બાપજી ! બિલકુલ કાચો ન હોઉં.'

મારા ગુરુમહારાજ પાસે રોજ ૨૫૦-૩૦૦ માણસો આવે. 'મોરી, મોરી' (મોરી એટલે છોકરી) એને ત્યાંથી ઉઠાડી. કહે, 'તું અહીંયાં આવી જા.' ત્યાં એક ખાટલો રહે. ગુરુમહારાજ ઓટલા ઉપર બેસે. તે પણ ભાંગેલો. ઉપર પણ કંઈ છાપરું મળે નહિ. ગામથી દૂરનું સ્થાન હતું. પાસે ધૂણી તપે. 'છોકરી, અહીં આવ, તું આ તારાં કપડાં કાઢી નાખ અને અહીં સૂઈ જા.' અને એ છોકરી કપડાં કાઢીને સૂઈ ગઈ. હું તો ત્યારે ગજબનો એવો થઈ ગયો અને મનમાં થયું કે આ બાઈને ધન્યવાદ છે ! આમ તો આ બાઈના આત્માને ધન્યવાદ છે !

પેલાને કહે, 'તું અહીં આવ. તું અહીં સૂઈ જા જોઈએ.' એની તો હિંમત ના ચાલી. એટલે ગુરુમહારાજે કહ્યું, 'હજુ તારું ઘણું કાચું છે.' વાણી-૭ ૨-૩

એટલે મારા ગુરુમહારાજની તો પ્રયોગની જ વાત. માની લેવાની વાત નહિ. પ્રત્યક્ષ અનુભવથી અને પ્રયોગથી જ સાચી વાત.

'સેવા કરનારના દિલમાં તો અહિંસા જીવતીજાગતી નથી. તેમના દિલમાં અહિંસા પરત્વેનું પૂરેપૂરું સભાનપણું પણ મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા છે. માટે, તારું મોં તે

તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વેની તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું જરૂરનું છે.' એમ દાદાજીએ કહેલું.

પરંતુ આ હકીકત ત્યારે મારા દિલમાં ઊતરી ન હતી, તે મારે સાચેસાચું કબૂલવું પડશે, પરંતુ શ્રીસદ્‌ગુરુ મને એમ છોડે તેમ ન હતા. એવી રાગદ્વેષની ચુંગાલનાં જ્યાં ત્યાં મને દર્શન તો કરાવ્યાં, પરંતુ એથી કંઈ પૂરેપૂરું સમજી શકાયું નહિ. 'પાડેપાડા લડે અને ઝાડનો ખોડો કાઢે' એ પ્રમાણે શ્રી સરદાર અને શ્રી ઇંદુલાલ યાજ્ઞિકની વચ્ચે કોઈ પૂર્વગ્રહ હશે. શ્રી ઇંદુલાલે તો હાથ પર લીધેલાં કામોને એકદમ છોડી દીધાં. ત્યારે આ જીવે શ્રી ઇંદુલાલે શરૂ કરેલા 'અંત્યજ સેવામંડળ'માં તેમના મંત્રી તરીકે કામ કર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠમાંથી સૌથી પ્રથમ હરિજનોની સેવામાં જોડાનાર આ જીવ જ હતો. શ્રી ઇંદુલાલ તો છોડીને ભાગ્યા. તે પછી 'અંત્યજ સેવામંડળ'ની પ્રવૃત્તિ શ્રી ઠક્કરબાપા અને શ્રી મામા સાહેબના હાથમાં આવી. તે વેળા શ્રી ઇંદુલાલના કોઈપણ માણસને રાખવા નહિ, તેવી સમજણની કંઈક ગંધ આવી કે તેવું મને કોઈકે કહ્યું, ત્યારે મને આંચકો લાગ્યો હતો અને સમગ્ર મારા આધારમાં જે ધ્રુજારી પ્રગટી હતી તે આજે બધું યાદ આવે છે. ત્યારે શ્રી સરદારને પણ હું મળ્યો હતો અને મેં કહ્યું, 'સાહેબ, હું તો એક ગરીબ વિદ્યાર્થી હતો અને મને શિષ્યવૃત્તિ પણ મળતી હતી. માત્ર દેશભક્તિથી પ્રેરાઈને જ મેં કૉલેજ છોડી હતી અને વિદ્યાપીઠમાં જોડાયો હતો. એક વખત ગાંધીજીએ વિદ્યાપીઠના પ્રવચનમાં કહ્યું કે 'તમે તો એક ડિગ્રીનો મોહ છોડી અને બીજી જાતની ડિગ્રીનો મોહ હજી જીવતો રાખ્યો છે. મારી તો એવી શ્રદ્ધા હતી કે જુવાનો કૉલેજો છોડીને દેશની સેવામાં લાગી જાય અને ગામડે ગામડે ભમીને સમાજને જાગ્રત કરે.' એ સાંભળીને તરત જ વિદ્યાપીઠ પણ છોડીને 'અંત્યજ સેવામંડળ'માં જોડાયો હતો. ત્યારે પણ મને સારા વેતનથી દેશી રાજ્યમાં નોકરી મળી શકે તેમ હતું, પરંતુ મેં દેશસેવાનું વ્રત લીધેલું છે, એટલે હરિજનસેવા છોડી દેવાનો નથી. તમે

નહિ રાખો તોપણ દેશસેવાનું કામ તો હું ચાલુ જ રાખીશ અને મારી મેળે કરીશ. રોટલો આપનાર તો ભગવાન છે. સેવાનું વ્રત તો અખંડ રાખીશ જ એવો મારો દૃઢ નિશ્ચય છે.' એમ કહીને હું તેમની પાસેથી વિદાય થયો, પરંતુ આ હકીકતની ભીંસ મને એવી તો સજ્જડ ચારેકોરથી સતત ભીંસાતી જ રહી. એણે મારી આંખ ખુલ્લી કરી કે શ્રીગુરુમહારાજ કહેતા હતા તે હકીકત તો સાચી જ હતી. આ સેવાના ક્ષેત્રમાં હજી રાગદ્વેષ તો છે. મારે માટે જ જ્ઞાનપૂર્વક શ્રીસદ્‌ગુરુએ પ્રસંગ ઊભો કર્યો હશે અને આ હકીકતથી જ દેશભક્તિનું ઝનૂન અને આ સેવાની ધૂન એકમાત્ર શ્રીહરિકૃપાથી ઉપરના પ્રસંગથી મોળી પડવા લાગી. એમ મારું મોં દેશભક્તિ પરત્વેથી ભગવાનની અભિમુખતા તરફ ફેરવાતું ગયું.

જ્યારે પહેલી વાર હું સદ્‌ગુરુ પાસે ગયો ત્યારે તે કાળમાં હયાત એવા ચેતનાનિષ્ઠ આત્માઓ જે શરીરધારી હતા તે બધા જ હું પોતે છું, એમ તેઓ પોકારતા. ત્યારે મને મનમાં સંદેહ થયેલો ખરો કે એક માણસ એકીસાથે આવા બધા કેવી રીતે હોઈ શકે ? હું વ્યક્ત રીતે કશું બોલ્યો-કર્યો હતો નહિ, પરંતુ મનમાં તે પરત્વેનો સંશય તો જાગેલો હતો ખરો જ કે આવી હકીકત સંભવી ન શકે અને તે શક્ય જ ન હોય. તે પછી તો ઘણો કાળ વીતી ગયો. શ્રીહરિકૃપાથી સાધનામાં દૃઢતા પણ પાકી થઈ. સાધનાભ્યાસ જોર પકડતો ગયો. તેમાં ખૂંપાવાનું થતું ગયું. તેવા કાળમાં શ્રીસદ્‌ગુરુ બોલતા હતા તેવા શરીરધારી મહાત્માઓ કૃપા કરી કોઈક કોઈક વખત મને પ્રત્યક્ષ થતા ખરા. સૌથી પ્રથમ તેમના હૃદયના પ્રદેશમાં શ્રીસદ્‌ગુરુનું જ મને દર્શન થતું ત્યારે પેલા સંશયની હકીકત મને યાદ આવતી, તેવા પ્રત્યેકે મને સાધનામાં ધક્કો મારેલો છે. શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં બનેલી હકીકતના કોઈ કોઈ સાક્ષી આજે પણ હયાત છે. બીજા મહાત્માઓના પ્રસંગના કોઈ સાક્ષી નહિ હોવાથી તે અંગે મેં લખ્યું નથી. આજ સુધી તેની મારા નિકટમાંના નિકટને પણ તે અંગે કશી વાતચીત કરી નથી. માત્ર

શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં જે હકીકત બની હતી, તેનું મેં વર્ણન કર્યું છે ખરું.

આવા બધા જે મહાત્માઓ શ્રીભગવાનની કૃપાથી મળ્યા અને તેઓશ્રીનું જે રૂબરૂ મળવાનું થયું ત્યારે ત્યારે તેઓ કેવા કેવા લાગ્યા, કેવા કેવા પ્રકારના હતા, તેમના કેવા કેવા રંગઢંગ હતા, તેમની રીતિનીતિ કેવી હતી અને તેમની રીતરસમ કેવી હતી, આવી અનેક પ્રકારના વર્ણનની હકીકત મારા 'સદ્‌ગુરુ' પરનાં જોડકણાંમાં લખેલી છે. મારા ગુરુમહારાજને ખોળવા અથવા તો મળવા તેઓશ્રીની શોધમાં હરદ્વારના કુંભમેળામાં મારે જવાનું થયું હતું, ત્યારે પણ શ્રીબાળયોગીની પ્રેરણાથી કેટલાક ઉચ્ચ મહાત્માઓનાં દર્શનનો લાભ મળ્યો હતો. એવા જુદા જુદા મહાત્માની હકીકત ત્યારે સમજમાં જે પ્રવેશેલી તેનું તેનું વર્ણન 'શ્રીસદ્‌ગુરુ'માં કરેલું છે. એમાં કશું માન્યતાથી લખેલું નથી કે ક્યાંય કશી અતિશયોક્તિ કરેલી નથી. જેમ જે કંઈ હકીકત હકીકતરૂપે છે તેને તે રીતે જ દર્શાવી છે.

અંતમાં મારા સદ્‌ગુરુની સાથે શ્રીહરિકૃપાથી સંકળાવવાનું જે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, ત્યારે જીવનને શ્રીભગવાનની ભક્તિ પરત્વેનો વળાંક અને ઝોક અપાવવા માટે મારું ભગવાન પરત્વેનું વલણ કેવું રહ્યું હતું અને મારાથી તેમનામાં ભાવનાથી કરી જીવનમાં કેવી રીતે સંકળાઈ રહેવાનું થતું, તે પરત્વેની બધી હકીકત મેં ખુલ્લા દિલથી સ્પષ્ટપણે લખી છે. હાંજા ગગડી જાય તેવાં સાધનાનાં સાધનો કૃપા કરીને તેમણે મારી પાસે કરાવ્યાં છે. તેનો થોડોક નિર્દેશ 'સદ્‌ગુરુ'નાં જોડકણાંમાં કર્યો છે ખરો. મારા જીવનની સાધનાની કોઈપણ હકીકત જેના કોઈ સાક્ષી ન હોય તે મેં લખી નથી. મારા જીવનના આ પ્રકારના વલણની મારી સાથે સંબંધ કેળવનારને પૂરી ખબર છે.'સદ્‌ગુરુ' વિશે લખવાનું જ્યારે આવ્યું છે ત્યારે શ્રીભગવાનની કૃપાથી મારાથી થયેલી સાધનાની હકીકત જો તેમાં ન ઉમેરાય તો તેમાં એક પ્રકારની ઊણપ લાગે એટલે જે આજ સુધી કદી મેં જાહેર કર્યું નથી, તેવું બધું જ મેં ખુલ્લંખુલ્લું લખ્યું છે.

ગુરુ
૨૯-૩૨

દાદાજી (પૂજ્ય શ્રીકેશવાનંદજી) પાસે એક સંસ્કૃતના વિદ્વાન આવે. એ ત્યાં આવે એટલે એમને પૂછવાપણું નહિ. હું ત્યાં

હતો એટલે બધું જાણું. દાદા તો સંસ્કૃતમાં બોલ્યા જ કરે. મરજી ફાવે ત્યારે બોલે. આખા દિવસમાં થઈને એકબે સવાલના જવાબ નીકળે. કોઈ દિવસ સપૂચો જવાબ ન નીકળે. એવી રીતે એક અઠવાડિયા સુધી રહે, ત્યારે બધા જવાબો પૂરા થાય. એમની મેળે જ સંસ્કૃતમાં બોલે. સરળ સંસ્કૃત. આપણને પણ થોડી ઘણી સમજણ પડે, પણ બધી તત્ત્વજ્ઞાનની વાત હોય. એટલે પૂરતી ખબર ન પડે, પણ સામાન્યપણે જે બોલતા હોય એનો ભાવાર્થ થોડો ઘણો સમજાય ખરો. એવી રીતે એ પેલાને પૂછ્યા સિવાય બોલ્યા કરે, કારણ કે એ જે હેતુ માટે આવ્યો હોય, એને ક્લેરીફાય(સ્પષ્ટ) થાય એટલા માટે દાદા બોલ્યા હોય.

મને લાગે છે કે આ માણસે સંસ્કૃત ભાષા શીખેલી હશે. અનુભવી પુરુષ ઉર્દૂ બોલે, પર્સિયન બોલે કે લૅટિન બોલે એવું કંઈ હોય નહિ, પણ કોઈ ભાષામાં બીજા બોલતા હોય તે એનો મર્મ સમજી શકે ખરા. પોતાનું શરીર જે ભાષાના વાતાવરણમાં જન્મ્યું હોય એ જ ભાષા એ બોલી શકે. હા, પણ એ સમજી શકે ખરો. કહેવાનો મર્મ સમજી જાય, પણ એક્સપ્રેસ (વ્યક્ત) તો પોતાની જ ભાષામાં કરી શકે. ઘણા બીજા માણસો આવે, એમના જીવનની બીજી વાતો હોય, એ પણ એ (દાદાજી) કહે.

મને બરોબર યાદ છે કે એક પતિપત્ની આવેલાં. દાદાની બાધા માનેલી. પાછા જવાના પૈસા જોઈએ. થોડા રાખી મૂક્યા. એની બૈરી કહે કે 'જોઈએ કે ના જોઈએ, પણ આપણે જેટલા પૈસાની બાધા રાખી છે એ બધા પૈસા આપી દેવા જોઈએ. આપણાથી અધૂરી બાધા ન થાય. તમારે વધારે રકમ લાવવી હતી', પણ પેલાએ પૈસા રાખી મૂક્યા. પછી જ્યારે દાદાને પગે લાગવા આવ્યા ત્યારે દાદાએ એને કહ્યું, 'મારા બાકી છે એ પૈસા લાવ.' તરત પેલી બૈરીએ કહ્યું, 'હું કહેતી ન હતી કે દાદા જાણી જશે. આપી દો પૈસા.'-તોય પેલો પૈસા આપે નહિ. પછી દાદાએ એમનો ડંડો ઉગામ્યો-તે પેલાને એવો ભય પેસી ગયો કે બધા પૈસા આપી દીધેલા. દંડો મારેલો નહિ, પણ દંડો એવો ઉગામ્યો કે ભય પેસી જાય.

દાદા આવું કરતા ત્યારે ઘણા લોકો સો બસો વાર દોડી જાય. બધાંનું આવું બધું જાણી જાય, એનું કારણ કાળની અવિચ્છિન્નતા એમની પાસે છે.

એવું કહેવાય છે કે આવા પુરુષો તો બધી જ ભાષાઓ જાણે. એ બાબતમાં લોકો પણ અતિશયોક્તિ કરે. સામો માણસ

એકીકરણ ૪૨-૪૪ શું કહેવા માગતો હોય છે, એના હાર્દની એને ખબર પડી જાય, તે પણ વિગતવાર ખબર ન પડે.

મારા ગુરુમહારાજને એક જણે પૂછેલું-તે બહુ જિજ્ઞાસુભાવે, બિચારાએ પૂછેલું કે 'ભગવાનકા અનુભવ કબ હોગા ?' 'જબ મા કી સાથ ભોગ કરેગા તબ.' પેલો બિચારો સડક થઈ ગયો. હું તો તરત સમજી ગયો. મા એટલે પ્રકૃતિ. એટલે પ્રકૃતિની સાથે તું ભોગ કર. એટલે પ્રકૃતિ તને રમાડે એમ નહિ, પણ તું જ્યારે પ્રકૃતિને રમાડે, ત્યારે તને અનુભવ થાય. આવી

ગ્રહ ૮૭ ભાષા બોલે, પણ સમજણ પડે નહિ એટલે ગભરાઈ જાય. આ શું બધું બોલે છે ? બીભત્સ બોલે છે.

મારા ગુરુમહારાજ પરત્વે ભક્તિ જાગી કે મારી બાને લઈ જઉં તો સારું. પૈસો તો મળે નહિ. મેં વિચાર કર્યો કે પૈસા ગમે તેમ કરીને ભેગા કરીશ. તેમાં પણ પાછી મારી બાએ હઠ પકડી કે મારા નાના ભાઈ સોમાભાઈને પણ લઈ લે. વળી, એ નાનો, એને કશું ભાન નહિ, છતાં કહે કે 'હું કશું ન જાણું. તું એને લઈ લે.' પણ મને તો દર્શન કરાવવાની ગરજ લાગેલી અને જવાનું છેક ઉજ્જન પાસે ક્ષિપ્રા નદીને કિનારે, જવાને માટે પૈસા પણ બહુ થોડા,છતાં ગમે તેમ સગવડ કરીને ગયાં. અમારે દાદાને ત્યાં વર્ણભેદ નહિ, ટિક્કડ અને દાળ ખાવાની, સાધન ન હોય તો હાથમાં લેવાનું. કારણ, મૂળે પાસે પૈસા જ નહિ.

એક વખત ગુરુમહારાજ મારી બાને કહે, 'બોન, પેલા માણસને પાંચ રૂપિયા આપ.' એટલે બાને મેં પાંચ રૂપિયા આપ્યા અને કહ્યું કે 'તું એને આપી દે.' મેં તો એને આપવાનું કહ્યું, પણ એના મનમાં થયું કે પાછા જઈશું કેવી રીતે ? તેમ

છતાં આપ્યા ખરા. વળી, કોઈની સામે તે જોઈને કહે કે 'જા, પેલા પાસે જઈને પાંચ રૂપિયા લઈ આવ.' પણ એ જવા ન કરે, છતાં એ ગઈ. પણ પેલાએ આપ્યા નહિ. વળી, સાથે મારાં એક માસીના દીકરા આવેલા. તેણે બાધા માનેલી, તેણે અમુક રૂપિયા ખર્ચવા એવું નક્કી કરેલું અને મને પૂછે કે શું કરીશું ? કારણ, ગુરુમહારાજ પૈસા તો લેતા નથી. એટલે ગરીબ-ગુરબાંને ખાવાનું લઈને વહેંચી નાખ્યું. વળી, એની પાસે પણ પૈસા નહિ અને હવે ગામ પાછા જવાને પૈસા નહિ, પણ બા દિવસમાં ચારપાંચ વખત પૈસા માટે સંભારે. ઉપરથી કહે કે 'ગુરુમહારાજ કહે કે નાગો થઈ જા, તો નાગો થઈ જજે.' અને એમ તો નાગોય થઈ જઉં એવી ભાવના પણ કેળવાયેલી. નીકળવાનો દિવસ આવ્યો અને પગે લાગીને ગુરુમહારાજને કહ્યું કે 'અમારું સંભાળજો.' એટલે સ્ટેશને આવીને જેટલા પૈસા હતા તે આપીને જ્યાં સુધી જવાય ત્યાં સુધીની ટિકિટ માગી ત્યાં એક માણસ આવ્યો. મને કહે કે 'લો આ પાંચ રૂપિયા.' અને એમ કરીને મને એ રકમ મળી, અને ઘેર આવ્યાં. એ માણસને મેં નામસરનામું પૂછ્યું તો કહે કે 'એમાં શું ? આ તો અરસપરસ એવું બને.'

પ્રતિષ્ઠા
૭૨-૭૩

૯

નડિયાદમાં સેવાના ક્ષેત્રનું કામ મળ્યું તે મારે તો જીવનને કાજે ફળદાયી નીવડ્યું હતું. નડિયાદમાં જ પ્રભુકૃપાથી સાધનામાં દીક્ષિત થવાનું બન્યું. વળી, બીજો પણ એક એવા જ પ્રકારનો ત્યાં પ્રસંગ બન્યો હતો. એકવાર હું શહેરમાંથી મરીડા ભાગોળે આવ્યો અને વાસમાં જઈને વિદ્યાર્થીઓને હાકલ કરતો હતો, ત્યારે એક હરિજન ભાઈએ કહ્યું કે 'ચૂનીભાઈ ! આપણા કુંડની પાછળના ખેતરમાં કોઈ એક તદ્દન નગ્ન માણસ પડી રહેલો છે, તે મુદ્દલે સળવળતો નથી,' મને તે પળે જ પ્રભુ-કૃપાથી સ્ફુર્યું કે નગ્ન હોવાની તાકાત કાં તો ગાંડામાં કે કાં તો કોઈ અવધૂતમાં હોઈ શકે. આ પ્રકાર સિવાયનો કોઈપણ

માનવી શરીરની તદ્દન નગ્ન અવસ્થામાં ખુલ્લામાં રહી શકે નહિ. આ વિચાર આવતાંની સાથે જ બીજા શિક્ષક ભાઈઓને કામ સોંપી હું તો પાછો ઘેર આવ્યો, નાહ્યો, ધોયેલાં કપડાં પહેર્યાં. મારે હાથે જ એક મોટો લોટો સારી પેઠે અજવાળ્યો અને તેમાં બશેરેક દૂધ વેચાતું લઈ જે ઠેકાણે તે નગ્ન માણસ પડ્યો રહ્યો છે એવી ઈશારત મળેલી ત્યાં હું ગયો. જગા તો મને તરત જ જડી ગઈ. તે માણસ પણ ત્યાં હજી એમ ને એમ જ પડી રહેલો હતો. હું તો ત્યાં બેસી રહ્યો અને પ્રાર્થના, સ્મરણ વગેરે કર્યા કરતો હતો, દોઢ, બે કલાક બેઠો હોઈશ ત્યારે તેઓ સાહેબ જરાક સળવળ્યા. તે પછી હળવે હળવે થઈને તેમણે પડખું ફેરવ્યું, અને તે પણ મારી તરફ નહિ. વળી પાછા તે પડ્યા રહ્યા. વળી પાછા પાએક કલાક પછી મારી તરફ પડખું ફેરવ્યું અને આંખો ઉઘાડી.

તે કાળે મેં તો તેમને નીચા વળીને પ્રેમભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. 'કૃપા કરીને આ દૂધ અંગીકાર કરો તો આપની મોટી કૃપા,' એમ પણ કહ્યું. તેઓ બેઠા થયા અને લોટો હાથમાં લઈને દૂધ ગટગટાવી ગયા. હું પણ કશું બોલતો નહિ. તે પણ બોલ્યા વગર જ બેસી રહ્યા. મને જરૂર એમ તો ઊગી આવ્યું કે 'આ કોઈ ગાંડો માણસ તો નથી લાગતો.' તેથી મારે બીજા અનુમાન પર આવવું જ પડ્યું, કે અવધૂત કોટિનો આત્મા હોવો જોઈએ.' તેવા અનુમાનનું સ્ફુરણ થતાં જ મને દિલમાં ભાવોર્મિ પ્રગટવા માંડી. આ જગતમાં ધન, વૈભવ, વિલાસ, પ્રતિષ્ઠા અને ઉત્તમ પ્રકારનું બીજું સઘળું મળી શકે, પરંતુ ચેતનાની ભૂમિકામાં નિષ્ઠા પામેલા આત્માનાં દર્શન થવાં અને એવા જીવતાજાગતા નરનો સમાગમ થવો એ તો મહા દુર્લભ છે.

તેમનું દર્શન થતાં મનમાં ને મનમાં મારું સદ્ભાગ્ય માનવા લાગ્યો. વિશેષ ને વિશેષ ભાવે સાધનાના માર્ગમાં આગળ ને આગળ પગલાં ભરાવવાને માટે મને અંતર્ચક્ષુની પ્રેરણા આપવાને કાજે અને તેમાં પ્રગતિ કરાવવાને કાજે અને સાધનાનો માર્ગ આગળ કપાવાને માટે જે શક્તિસામર્થ્ય, ભાવસામર્થ્ય

અને કરણોનું શુદ્ધિસામર્થ્ય વગેરે વગેરે બધું જોઈએ તેમાં તેમાં પ્રેરાવવાને હે પ્રભુ ! મને કૃપા દેજો. મારા સાધનાના પુરુષાર્થમાં ચેતનવંતો વેગ પૂર્યા કરજો અને મારી સાધના એકધારી અતૂટ ચાલ્યા કરે એવા પ્રકારનું ભાવનાનું બળ પ્રેર્યા કરજો.' એવા પ્રકારની પ્રાર્થના મનમાં ને મનમાં મનથી કર્યા કરવાનું તે કાળે સહજ સ્ફુર્યા કરતું હતું. હું પણ તે પ્રાર્થનાના ભાવતાનમાં મશગૂલ હતો. એટલે સમયનું તો કશું ભાન જ રહેલું નહિ.

જ્યારે ભાન જાગ્યું ત્યારે લગભગ સાંજના છએક વાગવા આવ્યા હશે. ત્યારે તેઓશ્રી બોલ્યા કે 'મને કોઈ મુસલમાનને ઘેર લઈ જા.' તેમની બોલી મરાઠી હતી એમ તો ચોખ્ખું લાગ્યું, પરંતુ મુસલમાનને ઘેર લઈ જવાની હકીકત સાંભળીને મને બહુ નવાઈ લાગી. અને તે બને પણ કેવી રીતે ? તેમની આવી શરીરની નગ્ન અવસ્થામાં કોઈને ઘેર લઈ જવા તે સામાન્ય સમજણની દૃષ્ટિએ અનુચિત જ હતું.

પરંતુ આ જીવને એક એવા પ્રકારનો અભ્યાસ પડી ગયેલો કે આવા લોકોનું જે પ્રકારનું વ્યક્તત્વ થાય, તે પ્રમાણે તેમના હુકમનું પાલન કરવાને મારું દિલ સદ્ભાવથી તત્પરતાવાળું બની જાય. વિદ્યાપીઠમાંથી સાંપડેલી હિંદુમુસ્લિમ એકતાની ભાવનાથી મુસલમાન ભાઈઓને 'અસ્સલામો અલયકુમ્' કરવાની જે ટેવ હતી તે ટેવે મને અહીં પણ સહારો આપ્યો.

મરીડા ભાગોળ તરફ આવતાં તે ભાગના લત્તામાં એક યુનાની હકીમ સાહેબને 'અસ્સલામો અલયકુમ્' કરતો અને તેઓ પણ તેનો પાછો જવાબ ભાવનાથી વાળતા. અમારે પરસ્પર આવી જાતનો નાતો કેટલાય સમય સુધીનો જીવતો ચાલ્યો આવતો હતો. આના સિવાય ભાગ્યે જ અમે એકબીજા સાથે કશી વાત કરી હોય. હું તો બાપજી પાસેથી ઊઠીને તે યુનાની હકીમ સાહેબને ઘેર ગયો. સદ્ભાગ્યે તેઓ હાજર હતા. મેં તેમને વાત કરી કે 'ચમાર લોકોના રંગવાના કુંડની પાછળ એક ખેતરમાં એક ઑલિયા પધારેલા છે. તેમને કોઈ મુસલમાનને ઘેર રહેવું છે. તેમની પાસેથી જ અત્યારે હું ચાલ્યો

આવું છું. જો આપ કૃપા કરીને તેમને તમારી મેડી પર રાખી શકો, તો તેમની હું હરેક પ્રકારની સેવા જરૂર કરીશ. અને હું ખડેપગે હાજર રહીશ, અને હું આપને કોઈપણ પ્રકારની તકલીફ (ઑલિયાના કારણે) પડવા દઈશ નહિ. તેઓ પહેલાં તો સંમત થઈ ગયા.

પરંતુ તે પછી મેં તેમને જણાવ્યું કે 'હકીમ સાહેબ ! તમે પ્રેમથી સંમતિ તો આપી, પરંતુ તે ઑલિયા તો શરીરે સંપૂર્ણ નગ્ન છે. તેમને હું ઘોડાગાડીમાં બધા પડદા નંખાવી દઈને અને તેઓશ્રીની એટલે કે તે ઑલિયાની પ્રેમથી રજા મેળવીને તેઓ એક નાનકડું કંતાનનું કપડું પોતાના શરીરના તેટલા ભાગ પર નાખી મૂકે એવી એમને પ્રાર્થના કરીને એવી વ્યવસ્થા પણ જરૂર કરીશ. અને આપ કૃપા કરીને એવું એક નાનકડું કંતાનનું કપડું મને આપો.' આ સાંભળીને તેઓ તો એકદમ સ્તબ્ધ જ થઈ ગયા. થોડા ઘણા ઉશ્કેરાયા પણ હશે, એવું મને લાગ્યું. પોતે સંમતિ તો આપી બેઠા, પરંતુ શરીરની આવી સ્થિતિવાળા માણસને પોતાને ત્યાં રાખવાની હવે તેમની તત્પરતા ઓગળી જતી હોય એવું સ્પષ્ટ મને જણાયું.

મેં તેમને કહ્યું કે 'હું તેમને મારે ઘેર જરૂર લઈ જઈ શકું એમ છું. અને ત્યાં એમને પ્રેમથી રાખું, તે ઉપરાંત, સંતરામ મહારાજના મંદિરમાં પણ તેમના મંદિરની પાછળ ઝાડી છે, ત્યાં લઈ જઈને પણ રાખી શકું, પરંતુ તેઓશ્રીને તો કોઈક મુસલમાનને ઘેર જ રહેવું છે. એટલે મારી લાચારી છે અને તેથી હું તમને પ્રાર્થના કરવા આવ્યો છું. હવે સાંજ તો લગભગ પૂરી થવા આવશે. લગભગ અંધારા જેવું થયું હશે તેવી વેળાએ ઘોડાગાડી લઈને ઘોડાગાડીના પડદા બધા પાડી દઈને તેમને લઈ આવીશ એટલે ઘોડાગાડીમાં કોઈ તેમને જોઈ શકશે નહિ અને હું તેમના શરીરે પેલું કંતાન જેમતેમ વીંટળાવવાનું કરીને તમારી મેડી ઉપર ચડાવી દઈશ. તેમનું મળમૂત્ર વગેરે હું મારે હાથે જ સાફ કરીશ, કારણ કે તેઓ કદાચ તેવાં કર્મને માટે બહાર ન પણ નીકળે, એવી કોઈ મસ્ત દશાના આ માણસ

લાગે છે. એને માટેની માનસિક તૈયારી મેં પોતે ભક્તિપૂર્વક કરી રાખેલી છે. આવા લોક બહુ ધૂની હોય છે. તેઓ કેમ વર્તે અને કેમ બોલે તેની કંઈ આપણને કશી ગતાગમ પડી શકે નહિ.'

આ સાંભળી હકીમ સાહેબના મોઢા પરની રેખાઓ કંઈક બદલાઈ અને મને કહેવા લાગ્યા કે 'ભગત, તમારી સાથે મારે જે પરિચય થયો છે, અને તમે રોજ આ બાજુથી જતાં આવતાં ભજન ગાયા કરો છો અને ખુદાની બંદગી કરો છો, તે મેં ઘણા સમયથી જોયું છે. એટલે તમારા કહેવાથી હું સંમતિ આપું છું, પરંતુ મારે કોઈ જાતની મુશ્કેલીમાં મુકાવું ન પડે અને અધવચ તમે જેને ઑલિયા કહો છો તેને કાઢી મૂકવાની જરૂર ન પડે તેની જવાબદારી તમારે માથે છે.'

આ જવાબદારી મેં પ્રેમથી સ્વીકારી-જોકે તેવી જવાબદારી સ્વીકારતાં પહેલાં મને મનમાં એમ તો જરૂર ઊગી આવેલું કે 'આ કામ અઘરું તો છે જ. આવા પ્રકારના માણસ એકદમ નીકળવાને તૈયાર ન થાય, તે તો અડ્ડો જમાવીને જ બેસે અને એમ પણ કહે કે 'હું તો અહીં જ બેઠો રહીશ અને નીકળીશ નહિ. તેઓ જો ન નીકળે તો મારી ભારે કમબખ્તી પણ થાય,' આવો વિચાર પણ ઝબકી તો ગયો, આવા ઑલિયાઓનું કંઈ કશું ઠેકાણું ન હોય, તોપણ મારે તો તેમના વચનનું પ્રેમ-ભક્તિપૂર્વક પાલન જ કરવું હતું. જે કાળે જે થશે, તે તે કાળે જોયું જશે. ત્યારે ભગવાનની કૃપાથી વળી તે પરિસ્થિતિનો ઉકેલ જરૂર મળી આવશે. જે પરિસ્થિતિ ભવિષ્યમાં પ્રગટવાની હોય, તે પરિસ્થિતિના હાઉથી અત્યારથી ભડકવાની જરૂર ન હોય. વર્તમાનને જ યથાયોગ્યપણે ભાવથી વળગી રહીને તેમાં જીવવું એ યોગ્ય પગલું છે. આમ વિચારી હકીમ સાહેબને બેધડકપણે હા પાડી દીધી. ઉપર મેડી વગેરે જોઈ આવ્યો. અમે આવીએ ત્યાં સુધીમાં ઉપરની મેડીમાં જે જે કંઈ થોડું ઘણું રાચરચીલું પડ્યું હોય તે લઈ લેવાનું હકીમ સાહેબને મેં જણાવ્યું અને એમ પણ કહ્યું કે 'કહો તો, અડધો કલાક રોકાઈને આપ

મને બતાવો ત્યાં તે રીતે તે બધું જાતે જ મૂકી દઉં.' પરંતુ તેમણે ના પાડી, અને પોતે બધું કરાવી લેશે એમ જણાવ્યું.

પછી તો હું નિશ્ચિંત થઈને હરખાતો હરખાતો ઘોડાગાડી લઈને પેલા ઑલિયા સૂતા હતા ત્યાં ગયો. ઘોડાગાડી આવેલી જોઈને તેઓ પોતે ઊઠ્યા. ઘોડાગાડી લાવ્યો હતો, તે જ સમયે મેં ગાડીના બધા જ પડદા નીચા નાખી દીધા હતા. ઘોડા-ગાડીવાળો પણ શરીરથી તદ્દન નગ્ન એવા માણસને જોઈને બહુ અચંબો પામ્યો. તેઓશ્રીને ગાડીમાં બેસાડીને પેલું ગૂણપાટનું કપડું તેમના શરીરના તેટલા ભાગ ઉપર બે હાથ જોડી મેં પ્રાર્થના કરીને મૂકી રાખવાનું કર્યું. તેઓ તદ્દન શાંત રહેલા એટલે તેમાં મેં તેમની મૂક સંમતિ માની લીધી. આવા પ્રકારનો અમારો વરઘોડો હકીમ સાહેબના ઘર તરફ ચાલ્યો.

હકીમ સાહેબ પણ અમારી રાહ જોતા બહાર ઊભા રહ્યા હતા. તે ઑલિયાનું શરીર પણ ઘણું હૃષ્ટપુષ્ટ અને ભારે હતું. મેં તેઓશ્રીને કહેલું કે 'ગાડીમાંથી ઊતરીને ઉપરની મેડી ઉપર આપ ઝપાટાભેર પધારી જાઓ, કારણ કે દુનિયાદારીના લોકો આવી રીતનું કશું સહન કરી શકે નહિ, અને તેમાં ઊલટી અમારા આ હકીમ સાહેબની નાલેશી પણ થાય.' આ ઉપરથી તેઓ એટલી બધી સ્ફૂર્તિથી એકદમ ઊતર્યા અને ઉપર ઝપાટાભેર ચડી ગયા ! એમનું શરીર તો ભારે હૃષ્ટપુષ્ટ હતું, તેમ છતાં તેમની તે કાળની સ્ફૂર્તિનું ચેતનવંતું દર્શન જે મને થયું હતું તેની અસર આજે પણ મને તરવરતી લાગે છે.

ઉપર જઈને તેઓશ્રીને મેં બેસાડ્યા. તે પછી મેં તેમને પ્રાર્થના કરી કે 'હું બેએક કલાકમાં અહીં પાણી માટેની માટલી, બેચાર માટીનાં શકોરાં, આપને બેસવા માટેનું કંઈક ગાદી જેવું સાધન વગેરે લઈને આવું છું. આપને માટે ભિક્ષાનો પ્રસાદ પણ લઈને આવું છું. ત્યાં સુધી આપ તદ્દન શાંત બેસી રહેશો એવી મારી આપને કરગરીને પ્રાર્થના છે.' તે પછી હું પાણીની માટલી, બે પ્યાલા, ચાર માટીનાં શકોરાં, તથા તેમની ભિક્ષા માટેનો પ્રસાદ વગેરે બધું લઈને હકીમ સાહેબને ઘેર આવ્યો.

માટલી વીછળી કરીને પાણી ભર્યું. અગમચેતી વાપરીને સાવરણી પણ લાવ્યો હતો. તેઓશ્રીને ધૂળ ન ઊડે તેવી રીતે ધીરે ધીરે આસ્તે આસ્તે બધું વાળ્યું અને તેમને બેસવાને માટે ગાદી અને આસન પાથર્યાં, પણ તેના પર તેઓ બેઠા નહિ. મેં તેમને તે માટે કદી આગ્રહ પણ કર્યો નહિ. પછી હકીમ સાહેબને ત્યાંથી એક શકોરું લઈને તેમાં ધૂળ ભરી લાવ્યો. બેચાર ઈંટો પણ લાવ્યો. તે ઈંટોની બેસણી કરીને તેની વચ્ચે ધૂળવાળું શકોરું મૂક્યું, કે જેથી તેમને જ્યારે મળત્યાગ કરવો હોય ત્યારે સહેલાઈથી કરાય.

આ બધી મારી રમત તેઓ જોયા કરતા હતા. આ સમય દરમિયાન હું પણ કશું બોલતો નહિ અને તેઓ પણ કશું બોલતા નહિ. તે પછી હાથ ધોઈને તેમની આગળ ભિક્ષાનો પ્રસાદ મૂકવાનું કર્યું, મારી પાસે તે કાળે તેઓશ્રીને પ્રસાદ આપવાને બાજરીનો રોટલો, શાક અને દૂધ સિવાય બીજું કશું જ ન હતું. કદાચ તેમને આ વિશેષ ગમ્યું હોય. તેઓ પ્રેમથી રોટલો, શાક અને દૂધ બધું જ ખાઈ ગયા, એટલું જ નહિ પણ રોટલાની થોડીક કણો જમીન ઉપર પડી ગઈ હતી તે પણ ઉપાડીને પોતે ખાઈ ગયા. મેં જાણ્યું કે હમણાં પોતે પોતાનાં હાથ, મોં વગેરે ધોશે, પરંતુ તેમાંનું તેમણે તો કશું કર્યું નહિ, એટલે મેં તેમની પાસેથી તે વાસણો લઈ લીધાં અને તેમના હાથ લોવાને માટે એક અંગૂછો ઘેરથી લઈ આવેલો તે અંગૂછાને પાણી વડે જરા પલાળીને ધીરે ધીરે તેમનાં હાથ અને મોં લૂછી લીધાં.

પછી મને રાત્રે વિચાર આવ્યો કે તેમનું સૂવાનું શું કરવું ? તેઓ કદીક મરાઠીમાં બોલે અને કેટલુંક ભાંગીતૂટી હિંદીમાં પણ બોલતા, પરંતુ એવું બોલે કે મને કશી સમજણ ન પડે, અને ફરીથી પૂછવાની મારી તો હિંમત ન ચાલે. મને તો કોઈપણ પાથરણા વિના ચાલી શકે એવો અભ્યાસ હતો જ. મેં તેમને સૂવા માટેની વ્યવસ્થા બાબતમાં જેમ તેમ કરીને શેતરંજી કે પથારી એવું લઈ આવવાને માટે વાત કરી, પણ તેઓ તો જવાબ આપે જ નહિ. એટલે વધારે પૂછવાનું માંડી

વાળ્યું. આવા લોકને માત્ર એકવાર આપણે બહુ જ ધીરેથી, નમ્રતાથી પૂછવું, એવી હૈયાસૂઝ મને ત્યારે પણ હતી. રાતે તેઓ તો મોડા સુધી બેઠા જ રહ્યા. મને પણ તેમનું જાણવાની દિલમાં જિજ્ઞાસા તો ભારે હતી એટલે હું પણ બેઠો રહ્યો.

મને દિલમાં એમ ભાવથી થયા જ કરતું હતું કે તેમના શરીરની કંઈક સેવા કરું તો સારું. એટલે પાસે જઈને તેમના શરીરને દબાવવાનું એટલે કે ચંપી કરવાનું મને બહુ દિલ થયું. પાસે જઈને તેમને પગે લાગી ધીમે ધીમે તેમના પગ પર હાથ ફેરવવા માંડ્યા. પછી તો હિંમત પ્રગટતાં સેવા કરવાની બરાબર સારી તક મળી, પરંતુ તેવું એક જ દિવસ કરવા દીધું. તે પછી તેમણે મને સૂઈ જવાનો હુકમ કર્યો અને હું સૂઈ ગયો.

સવારના વહેલા ઊઠીને સાથે લાવેલું દાતણ તેમને આપવાનું કર્યું, તો તે દાતણ તેમણે ફેંકી દીધું. મોટો પાણીનો લોટો મૂકીને અને તેમની પાસે તગારું મૂકી, મોંના કોગળા કરી મોં સાફ કરવાની તેમને પ્રાર્થના કરી, પરંતુ આમાંનું તેમણે કશું જ કર્યું નહિ. બે વાર તેમને માટે જમવાનું લઈ જતો. તે જમતા ખરા અને મળમૂત્ર માટેની જે વ્યવસ્થા કરી હતી તેનો તો કદી ઉપયોગ કરતા જ નહિ. ગમે ત્યાં તેઓ દિશાએ જવાને (મેડી ઉપર) બેસે તે તે બધું હું પ્રેમથી સાફ કરી લઉં અને તેમના શરીરનો તે ભાગ પણ હું જાતે જ ધોતો. મારી ગેરહાજરી દરમિયાન બેચાર વાર એવી રીતે તેઓ 'ખરચુ' (ટટ્ટી) ગયા હતા, ત્યારે તેમણે તે ભાગ ધોયો જ ન હતો. હું જ્યારે આવ્યો ત્યારે જ બધું મેં સાફ કરી દીધું હતું. અને તરત ને તરત છાણમાટીથી તે ભાગ સારી રીતે લીંપી લીધો હતો, તથા તે બધું દૂર જઈને મ્યુનિસિપાલિટીની કચરાપેટીમાં નાખી આવવાનું કર્યું હતું. પેશાબ પણ તેઓ ગમે ત્યાં કરે. પેલાં માટીનાં શકોરાં મૂકેલાં પણ તેમાં કરે જ નહિ ! અને આપણે પણ એવા કે તેમને તે બાબતમાં કશું કહેવા કરવાનું કરતા જ નહિ. પેશાબની જગા પણ સારી રીતે લીંપીગૂંપી લેતો.

આજે પણ એવો ખ્યાલ છે કે તે પછી બેત્રાણ દિવસ સુધી કે કદાચ ચાર દિવસ પણ હોય, (ચોક્કસ કેટલા દિવસ હતા તેનો ખ્યાલ નથી.) મળમૂત્ર-ત્યાગની ક્રિયાથી તેઓ તદ્દન મુક્ત રહી શક્યા હતા,-જોકે તેઓ જમતા, પાણી પીતા વગેરે બધું તો કરતા હતા. તેમની પ્રત્યક્ષ નજરોનજર જોયેલી તેમના શરીરની આવી સ્થિતિની તેવી દશાથી મને જરૂર તાજુબી તો લાગેલી. અને ત્યારે પણ એમ લાગેલું કે આ કંઈ તેવા પ્રકારના રોગથી તેમનું તેમ બન્યું નથી. જો શરીરના રોગથી તેવું બન્યું હોત તો ખાવા કરવામાં કે પાણી પીવામાં તેમની સ્વસ્થતા કદી પણ આવી પ્રગટી શકત નહિ. વળી, મળમૂત્ર ત્યાગ ન થવાને કારણે શરીરમાં પણ અસ્વસ્થતા અને બેચેની પ્રગટ્યા વગર રહી શકે નહિ (કોઈક અપવાદ જેવાને બેત્રાણ દિવસ સુધી મળત્યાગ કરવાનું નથી બનતું એવું જાણ્યું છે, પરંતુ તેવાને પણ રોજ ને રોજ પેશાબ થાય જ.) પરંતુ આમાંનાં કોઈપણ પ્રકારનાં લક્ષણ તેમના શરીર પર ન હતાં. તે તો પહેલાંના જેટલા જ સ્વસ્થ અને શાંત હતા.

અમારું પરસ્પર બોલવાનું ભાગ્યે જ બનતું. હું તો ત્યારે મારાં પ્રાર્થના, સ્મરણ વગેરે સાધનાના અભ્યાસમાં જ ત્યાં મારો સમય વ્યતીત કરતો હતો. શરૂઆતમાં જે ખેતરમાં તેઓ પડ્યા હતા ત્યાં તેમણે જ્યારે ચક્ષુ ખોલ્યાં, ત્યારે જે પ્રકારની પ્રાર્થના મેં કરી હતી તે પ્રકારની જ પ્રાર્થનાના ભાવમાં જીવતુંજાગતું રહ્યા કરવાનું પ્રભુકૃપાથી બનતું. બેએક દિવસ તેમણે મારી ગેરહાજરીમાં પેલા હકીમ સાહેબ સાથે કંઈક વાતો કરી હતી, એમ તે હકીમ સાહેબના કહેવા પરથી લાગ્યું હતું. બધા થઈને કેટલા દિવસ તેઓ નડિયાદમાં આ ઠેકાણે રહ્યા હશે તે પણ ચોક્કસ ખાતરીથી હાલ કહી શકતો નથી. દશબાર દિવસ થયા હોય તો હોય. પછી તેઓ એક દિવસ જતા રહેવાનું કરતા હોય એવું મને લાગવાથી હું તો ઘોડાગાડી લઈ આવ્યો અને તેઓશ્રીને ગામ બહાર ઉત્તરસંડા બાજુએ લઈ જવાનું બન્યું.

ગામથી ઘણે દૂર ગાડી ઊભી રખાવીને તેઓને હું પગે લાગ્યો અને ગાડીમાંથી ઊતરી જવાને કહ્યું. ગાડીવાળાને પૈસા ચૂકવી હું તેમની પાછળ દોડીને તેમની સાથે થઈ ગયો. થોડેક સુધી તેમની સાથે ચાલ્યો હોઈશ, ત્યારે તેઓ બોલ્યા કે 'તું મારી સાથે ચાલ.'

પરંતુ મેં તેમને પ્રાર્થનાભાવે કહ્યું કે 'મળેલું કર્મ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગ અને તેના પરત્વેનો પ્રગટેલો ધર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે યથાયોગ્યતાથી પ્રેમભક્તિથી પાલન કરવાં-એને હું તો પ્રત્યક્ષ ધર્મ માનું છું. તેમ છતાં આપ જો મને સાધનામાં આગળ વેગ પ્રાપ્ત કરાવવાનું દાન આપો, તો હું આવું.' તરત તો તેઓ બોલ્યા નહિ, પણ પછી પાછા બોલ્યા કે 'જરૂર તું મારે ઠેકાણે આવ.' ત્યારે તેઓશ્રીને મેં કહ્યું કે 'એક તો સાધનાનો મારો હેતુ ફલિત કરાવવાની આપ કૃપા કરો તો, બીજું, મને આપનું જ એકમાત્ર દર્શન થયા કરે અને આપની જ ભાવના મનમાં મહત્ત્વપણે પ્રગટ્યા કરે, અને ત્રીજું, આપનું સ્થળ જ્યાં હોય ત્યાં મને જવા આવવાને માટે ગાડીભાડાની રકમ અણધારી કોઈકની પાસેથી આપમેળે મળી જાય, આ ત્રણ વિનંતીનો જો આપ કૃપા કરીને સ્વીકાર કરો, તો હું આપને ઠેકાણે આવી શકું.' તે પછી તો તેઓ ચાલ્યા ગયા. અને મને પાછો વળી જવાનું કહ્યું.

શહેરમાં આવીને હકીમ સાહેબને ઘેર જઈ, તેમની મેડી ઉપરનું બધું ઠીકઠાક કરી તેમનો મેં ઘણો ઘણો આભાર માન્યો. હકીમ સાહેબે મને કહ્યું કે 'આ તો બહુ મોટા ઑલિયા છે. તેઓ સાકુરીમાં રહે છે અને તેમનું નામ ઉપાસની મહારાજ છે. સાકુરીથી જાણી જોઈને છાનામાના નીકળી આવેલા છે. ભગત ! તમને તેમની સેવા કરવાની બહુ ઉત્તમ તક મળી. તમે ભાગ્યશાળી છો. તમારે માટે તેમને બહુ હેત પ્રગટ્યું છે.' મેં પણ તેમને જણાવ્યું કે 'તેઓશ્રીએ મને તેમની સાથે લઈ જવાની તૈયારી બતાવી હતી.' વળી, તેઓશ્રીને જે મેં વાત કરીને ત્રણ વિનંતી તેઓને પ્રાર્થનાભાવે જે કરી હતી તે બધી હકીકત પણ

હકીમ સાહેબને કહી સંભળાવી. હકીમ સાહેબે મને કહ્યું કે 'તેં સારું ન કર્યું. તું તેમની સાથે ગયો હોત તો તેમાં તારું કલ્યાણ થાત.' પરંતુ મને તો તેથી કરીને જરા પણ અફસોસ થયો નહિ. તે કાળની મારી સમજણ પરથી મને જે લાગતું હતું તે સાચું લાગતું હતું.

## ૧૦

તે પછી તો કેટલોક કાળ વીતી ગયો. બારડોલીના સત્યાગ્રહની લડત જાગી હતી અને તેમાં બોલાવે ત્યારે જવાની તૈયારીવાળા સ્વયંસેવકોની યાદીમાં મેં મારું નામ નોંધાવ્યું હતું. જે દિવસે મને બારડોલી જવાના હુકમનું કાગળિયું મળ્યું, તે જ દિવસે મને ઓચિંતું શ્રીઉપાસની મહારાજનું દર્શન થયું અને ત્યાં જવાનું દિલ થયું. 'કોઈ દિવસ નહિ અને આજે આમ કેમ બને છે ?' એમ પણ વિચારી વિચારીને તપાસી લીધું. વારંવાર શ્રીઉપાસની મહારાજનું દર્શન પણ થયા કરતું. મને તેઓશ્રીને કરેલી મારી ત્રણ વિનંતીઓનું ભાન પણ પ્રગટ્યું. એટલે મને ત્યાં જવા આવવાના ગાડીભાડાની રકમ આપમેળે જ્યારે મળે ત્યારે હવે ત્યાં જવાની વાત હતી એમ નક્કી મનથી કરી લીધું અને નિશ્ચિંત થઈ ગયો. જો તે દિવસે આપોઆપ ત્યાં જવાની ગાડીભાડાની રકમ મળી જાય, તો વળી બારડોલી જવાનું માંડી વાળી સાકુરી જવું જ એવો નિર્ણય પણ કરી લીધો.

રોજ મારે મરીડા ભાગોળે વૈષ્ણવની હવેલી પાસેથી જવા આવવાનું થતું અને કેટલાક દિવસોથી હમણાંનો હું શ્રી દયારામભાઈનું-

''વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?''

એ ભજન મને પોતાને જ ઉદ્દેશીને પ્રાર્થનાભાવે જતાં-આવતાં મોટેથી ગાયા કરતો હતો. તે ભજનની લીટી 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?' રોજની રોજ તે વૈષ્ણવની હવેલી આગળથી જતાં જતાં બોલાયે જતી હતી. હું

કંઈ કોઈને સંભળાવવા તો તે ગાતો ન હતો. એક દિવસે એક વૈષ્ણવ સદ્‌ગૃહસ્થ મારું તે વચન સાંભળીને ઉશ્કેરાઈ ગયેલા અને મને ધોલ પણ મારી દીધી હતી. તેમને મેં કહ્યું હતું કે 'આપને સંબોધીને હું આ ગાતો નથી. હું તો મને પોતાને મઠારવાને માટે પ્રાર્થનાભાવે સતત ગાયા કરું છું અને તે એક બે દિવસથી નહિ.' પરંતુ તે ભાઈને તો તેમને જ માટે હું જાણે ગાતો હોઉં એમ તેમણે પોતાને માથે લઈ લીધું હતું અને તે સાંભળીને તેઓ ઉશ્કેરાઈ ગયા હતા.

હવે જ્યારે આ દિવસે મને સાકુરી જવાનું દિલ થયા કરતું હતું અને જ્યારે વારંવાર શ્રીમદ્ ઉપાસની મહારાજનાં દર્શન થયાં કરતાં હતાં તથા જ્યારે બારડોલી જવાનો કાગળ પણ આવ્યો હતો, ત્યારે તે જ દિવસે આ જ ભજન મોટેથી ગાતો ગાતો વૈષ્ણવની હવેલી આગળથી પસાર થતો હતો, તે વેળાએ એક બીજા સદ્‌ગૃહસ્થે આવીને મારા હાથમાં ૪૫/- રૂપિયાની રકમ મૂકી દીધી. હું તો અચંબો પામ્યો કે 'ભાઈ ! આ રકમ શેની છે અને મને શા માટે આપો છો ?' ત્યારે તેમણે કહ્યું કે 'રોજ તમે આ માર્ગેથી જતાંઆવતાં ભજન ગાયા કરો છો. આવો તમારો અભ્યાસ કેટલાય કાળથી ચાલુ છે તે હું જાતોજાત નીરખ્યા કરું છું. વળી, રોજ રાતે તમે કાકરખાડ બાજુથી સંતરામ ભાગોળે જાઓ છો ત્યારે સંતરામ મંદિરેથી પાછા વળતાં મેં તમને ઘણીયે વાર રોજ મોટેથી ગાતાં સાંભળેલા છે. તમે બસ જ્યાં ને ત્યાં ભગવાનનું ભજન જ ગાવાનું કર્યા કરો છો તેથી મને તમારા પર ભાવ ઊપજે છે, અને કેટલાય દિવસથી તમને કંઈક આપું આપું એમ મનમાં થયા કરતું હતું, પરંતુ આજે તો તેવી આપવાની ભાવના વિશેષ પ્રબળ બની અને હાથમાં જે રકમ આવી તે રકમ લઈને તમારી રાહ જોતો સામે ઓટલે બેઠો હતો. તમને જ્યાં 'વૈષ્ણવ નથી થયો તું રે,' એમ ગાતાં સાંભળ્યા કે તરત તમારી પાસે આવ્યો છું. માટે, કૃપા કરીને આટલી રકમનો સ્વીકાર કરો.' મને પણ ત્યારે થયું કે 'આ જ ભજનના ગાવાથી એક સજ્જને ધોલની પ્રસાદી આપી હતી

અને આ એક બીજા સજ્જને ૪૫/- રૂપિયાની રકમ આપી ! એટલે હવે આપણું સાકુરી જવાનું તો પાકું નક્કી થઈ ગયું.' અને રજાનું કાગળિયું ટપાલમાં નાખીને આપણે તો નીકળી પડ્યા સાકુરી જવા ગાડીમાં.

ત્યાં પહોંચીને સામાન એક ઠેકાણે મૂકી નાહીધોઈ મહારાજશ્રીને પગે લાગ્યો. તેમણે તો મને તેઓ જે લાકડાના મોટા પાંજરામાં જ બેસી રહેતા તેની પાસે બેસી જવાને આજ્ઞા કરી. હું પણ ત્યાં જ બેસી ગયો. અને મારા સાધનના અભ્યાસમાં લગાતાર મંડી પડ્યો. પાંચ છ કલાક વીતી ગયા હશે. તે પછી મને લઘુશંકા કરવાની વૃત્તિ થઈ એટલે ઊઠીને મેં બહાર જવાને ગતિમાન થવાનું કર્યા કર્યું, પરંતુ મારાથી ઊઠી જ શકાય નહિ ! મેં ધાર્યું કે એકધારું પાંચ છ કલાક બેસી રહેવાથી મારા પગ અકડાઈ ગયા લાગે છે. તેથી, મેં મારા પગને બરાબર હલાવી જોયા, તો તે તો બરાબર હાલતાચાલતા હતા. ઘૂંટણમાંથી બરાબર વળી પણ શકતા હતા. આથી, પગ કંઈ અકડાઈ ગયા હોય એવું કોઈ રીતે મને લાગ્યું નહિ. તેમ છતાં પગથી ઊભું કેમ થવાતું નથી તે મારે માટે એક ભારે કોયડો થઈ પડ્યો હતો. એટલે હું તો ઊઠ્યા વિના બેઠે બેઠે ખસી ખસીને દૂર જવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ તે પણ જવાય નહિ ! આવી રીતે પ્રયત્ન કરવા છતાંયે ન થઈ શક્યું, ત્યારે મારા શરીરને કંઈક થઈ ગયું છે એમ મને ચોક્કસ લાગ્યું. કમરમાં કે ક્યાંયે કશું દુખતું કરતું નહિ અને શરીરની સ્વસ્થતા તો બરાબર લાગતી હતી. વળી, જે ઠેકાણે બેસવાનો મને શ્રીઉપાસની મહારાજશ્રીએ હુકમ કરેલો તે ઠેકાણે બેસી જતાં તથા આમતેમ બેઠે બેઠે ખસતાં (પણ તે એટલી જગામાં જ) મારા પગ વગેરે બરાબર હાલીચાલી શકતા હતા, વળી શકતા હતા, પરંતુ ઊભું થવાતું ન હતું. તેટલી જ બેત્રણ ફૂટની જગામાં બેઠે બેઠે આમતેમ ખસી શકાય. તેનાથી આગળ ન જવાય. એટલે મેં તો થોડીક વાર સુધી લઘુશંકાની ઉપર સંયમ રાખવાનું કર્યા

કર્યું. એમ બેઅઢી કલાક પાછા ચાલ્યા ગયા હશે, કારણ કે હું તો પ્રાર્થના આદિ સાધનમાં જ રહ્યા કરતો હતો.

તે પછી પાછું શરીરનું ભાન પ્રગટતાં લઘુશંકાની વૃત્તિ બહુ બળવત્તર પ્રમાણમાં પ્રગટ્યા કરી. હવે તો તેમ કર્યા વિના કોઈ આરો જ નથી, પરંતુ 'આ ઠેકાણે લઘુશંકા કેમ કરીને થાય ?' તે સવાલ બહુ મૂંઝવતો અને સંકોચ પણ ખરો, પરંતુ હવે તો તેને સંયમમાં રાખી શકાય એવી સ્થિતિ પણ રહી નહિ. પાછું ફરીથી પ્રાર્થના આદિની ભાવનામાં ટકવાને માટે સભાનપણે પ્રયત્ન પણ કરી જોયો. અડધોએક કલાક શરીરની ધ્યાનસ્થ સ્થિતિમાં વીત્યો ન વીત્યો, ત્યાં તો પાછું જાગી જવાનું બન્યું અને લઘુશંકા કરવાની વૃત્તિ જબરજસ્ત બળવત્તમ પ્રમાણમાં પ્રગટી ઊઠી. હવે મારાથી ચલાતું તો હતું જ નહિ. ઊઠાતું પણ ન હતું. ગાંડઘસણીએ પણ લાંબે સુધી જઈ શકાતું ન હતું. આ બધી જાતના પ્રયત્ન તો કરી ચૂક્યો હતો અને અહીં શ્રીઉપાસની મહારાજના પાંજરાની પાસે આ પવિત્ર જગામાં લઘુશંકા પણ કેમ કરીને થાય ! તે વિચારનું પ્રાબલ્ય પણ વિશેષ હતું. વળી પાછું પ્રાર્થના, સ્મરણ, ધ્યાન આદિની ભાવનામાં રહેવા અને તેમાં મશગૂલ થવાનો પ્રયત્ન કર્યો અને ત્યારે ધ્યાનમાં જવાતાં તે ધ્યાનસ્થ દશાના ભાવમાં મને એમ સૂઝી આવ્યું કે 'આ બધી કરામત તો આ શ્રીઉપાસની મહારાજની જ છે. તેમની જ કોઈ કરામતથી મારાથી ઊઠી કે ચાલી શકાતું નથી. બાકી, મારા પગ તો અકડાઈ ગયા નથી ! ઊઠીને ચાલી શકવાની પૂરેપૂરી શક્યતા અને તાકાતવાળા છે, તેમ છતાં જ્યારે ઉઠાતું અને ચલાતું ન હતું ત્યારે મારી આ દશા પ્રગટવામાં એમનો કોઈક હેતુ હોવો જોઈએ.'

આવું જ્ઞાન થતાં પછી તો મને ત્યાં લઘુશંકા કરવાનો સંકોચ પણ જતો રહ્યો. અને ત્યાં જ તે પ્રમાણે વર્તવાનું કર્યું. પાણી તો શું નીકળે, શું નીકળે ! પાર વિનાનું ! ત્યાં એકઠા થયેલા લોકો તેથી મને ઘણું ભાંડવા લાગ્યા અને કોઈક તો મારવા પણ લાગ્યા. પછી તો જાજરૂ જવાનું પણ ત્યાં જ થયા

કરતું. મળમૂત્ર એટલી બધી વાર થયાં કે જેનો સુમાર નહિ. મારાં લૂગડાં પણ તેનાથી બધાં લદબદ થઈ ગયાં. એ ચાર ફૂટની જગા તો મળમૂત્રથી ભરાઈ જ ગઈ હતી. એવો ખ્યાલ પ્રગટે છે કે આશરે પાંચેક દિવસ સુધી તો પાણી કે ખાવાનું કંઈ પણ મળેલું નહિ, તેમ છતાં એટલાં બધાં મળમૂત્ર નીકળ્યાં જ કરતાં હતાં કે જેનો સુમાર ન હોય. મળની તો જાણે એક મોટી પથારી તે જગામાં થઈ ગઈ હોય તેવું બન્યું હતું.

લોકોએ મને માર મારવાનું પણ ચાલુ રાખ્યું હતું. લોકો પણ કંઈક કંઈક બોલતા કે 'સાલાને બાબા (ઉપાસની) થઈ જવું છે.' કેટલાક તો કહે કે 'સાલાને ઊંચકીને ફેંકી દો બહાર !' કેટલાક તેવો પ્રયત્ન કરવાને પણ તૈયાર થયેલા પણ મળની પથારીમાં પગ મૂકવાનું તેમનાથી સાહસ ન થઈ શક્યું, અને મને એટલે કે મારા શરીરને લોક વેગળેથી પથરા કે ઈંટાળા માર્યા કરતા હતા. આ બધો ખેલ શ્રીઉપાસની મહારાજ જોયા કરતા, પરંતુ તેઓ તો સંપૂર્ણ સાક્ષીવત્ જ રહેતા, પરંતુ ત્યાં એક નાની છોકરી હતી. અંદાજ તેરચૌદ વર્ષની હોય તો હોય. તે બહેન લોકોને વારંવાર મને નહિ મારવાને સમજાવતાં અને મને બચાવવાનો પ્રયત્ન કરતાં હતાં, તેવી સ્મૃતિ હજી પણ મને જીવંત છે. (આ બહેન તે બીજા કોઈ નહિ, પણ શ્રીગોદાવરી માતા પોતે જ. એ હકીકતની જાણ પાછળથી થઈ હતી.) આટલો બધો માર પડ્યા કરતો હતો છતાં મનાદિ-કરણની સમાધિના ભાવમાં જરા સરખો પણ ભંગ પડી શકતો નહિ. એક બાજુ તેવા ભાવની સતત એકધારી પતિતપાવની ગંગધારા ચાલ્યા કરતી હતી, બીજી બાજુથી લોકોના મારની ગંગધાર પણ ચાલતી હતી, પણ તે તૂટક તૂટક હતી અને ત્રીજી બાજુ મળમૂત્રની ક્રિયાનો પ્રવાહ પણ ચાલુ રહ્યા કરતો હતો, તોપણ એકધારું સાક્ષીભાવે તે બધું નીરખવાનું બન્યા જતું હતું. તેવાં ત્રણ પાસાંમાં તેવા ભાવનો સમરસ એકધારો એકસ્થપણાનો જીવતોજાગતો ટક્યા કરેલો અનુભવાતો હતો.

પાંચેક દિવસ આમ વીત્યા હશે તે પછીથી (દિવસની ગણતરી માત્ર આશરે ખ્યાલ ઉપરથી લખી છે. તે વિશે કશું ચોક્કસ કહી શકું તેમ નથી, કારણ કે એટલો બધો સમય જાણે કે એક પળ વારમાં વીતી જતો હોય તેવી તે સ્થિતિ હતી.) શ્રીઉપાસની મહારાજશ્રીએ મને ગરમ પાણી મંગાવીને પીવાને અપાવ્યું. અને આશરે બેત્રણ દિવસ સુધી તે જ કાર્યક્રમ ચાલ્યો હશે. શરીરની સ્થિતિ તો પૂર્વવત્ જ હતી. મળમૂત્રનો પણ ભારે પ્રમાણમાં ત્યાગ થયા જ જતો હતો. ઊના પાણીના બેત્રણ દિવસના પ્રયોગ પછીથી તદ્દન સૂકા રોટલાનો ટુકડો મહારાજશ્રીએ મને અપાવ્યો તેનું મને આજે પણ ભાન છે. લગભગ અગિયારેક દિવસ સુધી આવી સ્થિતિમાં રહેવાનું ભગવાનની કૃપાથી બન્યું. તે પછી ઓચિંતું એમ લાગ્યું કે હવે તો ઊઠી શકાય એવું લાગે છે અને ચાલી શકાય એમ લાગે છે. એમ લાગવાથી તરત જ ઊઠ્યો અને દૂર દૂર આઘે જઈ પેલાં મળથી ગંદાં અને મેલાં બનેલાં કપડાંથી મુક્ત થયો. અને શરીરને પહેલવહેલું તો સારી પેઠે સાફ કર્યું, પરંતુ તે ક્યાં, કેવી રીતે, સાફ કર્યું તે બિલકુલ યાદ નથી. તે પછી લંગોટ પહેરીને પાવડો તગારું ક્યાંકથી લઈ આવીને શ્રીઉપાસની મહારાજના લાકડાના પાંજરા પાસેની તે બધી જગા પૂરેપૂરી સાફ કરી, તે પણ લગભગ બેભાન અવસ્થામાં. પાવડાથી સાફ કર્યા પછીથી હાથથી તે જગા બધી સાફ કરી દીધી. તે પછીથી ભીનાં લૂગડાંથી અને તે પછીથી પાણીથી. બજારમાં જઈને સુખડના તેલની એક શીશી લઈ આવ્યો અને તે બધી જગા પર સારી પેઠે છાંટ્યું. આ કામથી પરવાર્યો કે તરત જ શ્રીઉપાસની મહારાજની પ્રેમભાવે નડિયાદ પાછા ફરવાની રજા માગી, પરંતુ તેઓ બોલ્યા નહિ. અડધાએક કલાક પછીથી તેમણે મને નડિયાદ જવાની સંમતિ આપી અને બોલ્યા કે 'હવે તારી આ સ્થિતિ કાયમ જીવંત રહેશે.'

આવી બધી સાધનાની ઊંડી ઊંડી સૂક્ષ્મ રીતોનું મને તો કશું જ્ઞાનભાન ન હતું. હું તો તેમનામાં મારા ગુરુમહારાજનો

જ ધ્યાનભાવ રાખતો. પહેલવહેલું જ્યારે ગુરુમહારાજ પાસે જવાનું થયું હતું ત્યારે તેઓને કેટલીયે વાર બોલતાં સાંભળેલાં કે 'હું સાંઈબાબા છું, તાજુદ્દીન બાબા છું. હું ઉપાસની મહારાજ છું, હું અક્કલકોટનો સ્વામી છું,' એવાં કેટલાંય નામો તે સ્વમુખે બોલતા અને પાછા કહેતા કે 'તે તે બધા હું જ છું, ત્યારે મને તેની સમજણ પડતી નહિ અને મને તો ત્યારે એ વદતોવ્યાઘાત જેવું લાગતું. તેવું કેમ કરીને શક્ય બની શકે તે કદી સમજણમાં ઊતરતું જ નહિ. સાકુરીમાં પહોંચ્યા પછી શ્રીઉપાસની મહારાજના શરીરમાં જ મને તો મારા સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ જીવતાંજાગતાં હાજરાહજૂર દર્શન થયેલાં. મારા દિલમાં મારા સદ્‌ગુરુ પરત્વેની પ્રેમની ભક્તિની જે પ્રચંડ જીવંત ભાવના હતી તે તેમનામાં પ્રત્યક્ષ સાકાર થઈ હોય, એમ આપણને લાગે, પરંતુ ત્યારે મને મારા ગુરુમહારાજ જે બોલતા કે 'હું સાંઈબાબા છું, શ્રીઉપાસનીબાબા છું, તાજુદ્દીનબાબા છું' એવાં તેમનાં વચનોની ભાવપૂર્વક સ્મૃતિ પ્રગટતાંની સાથે જ શ્રીઉપાસની મહારાજના શરીરમાં મારા ગુરુમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં. તેથી, તેમનાં બોલેલાં વચનોની યોગ્ય સાર્થકતા પણ અનુભવાઈ. ત્યાંથી હું તો પાછો આવીને નડિયાદમાં મારે કામે લાગી ગયો.

દર્શન
૩૪૪-૩૬૩

❑

ખંડ-૩

# પ્રભુના પ્રેમ ખાતર

■

(શાર્દૂલવિક્રીડિત)

જાણું, એક જ તું પ્રભુ ! જગતમાં આનંદનું ધામ છે,
તો આસ્વાદ લીધા વિના ઉર પૂરો એનો ઠરું શેં હવે !
મારું હું બળ વાપરીશ સઘળું, જંપી ન બેસીશ હું,
મારા પ્રાણ છૂટી જતા પણ ભલે હું લૈશ ધાર્યું પ્રભુ !

દર્શન
૩૧

*શ્રીમોટા*

■

■

(ગઝલ)

*ચરણકમળે ઢળી તારે, જીવન મારું વીતવવું છે. (ટેક)*
*જીવનની ગડમથલ કેવી ! વિશે તે દિન વિતાવું હું,*
*ઉપાધિ કૈં બીજી નડતાં, તને ઊંડું સ્તવું છું હું.*
*ચરણકમળે૦*
*બનવવું પૂરું મારે છે, પ્રભુજી ! યંત્ર આ તારું,*
*ચલાવ્યું તે પછી તારું જશે આગે પથે ઈચ્છ્યું.*
*ચરણકમળે૦*
*ચલવજે માર્ગ તે મુજને, બીજે મારે નથી જાવું,*
*હૃદય એ લક્ષ્યમાં રાખી, પ્રભો ! આવ્યો છું શરણે હું.*
*ચરણકમળે૦*

**શ્રીમોટા**

આર્તપોકાર
૪૬

વાણી-૧ ૧૧ ડૉ. આર. કે. દેસાઈએ કહ્યું, 'મોટા, તમારા શરીરને રોગ થયો હતો તે ફેફરું કહેવાય. હિસ્ટીરિયા તો હજી મટે, પણ ફેફરું તો કદી મટે જ નહિ.' મેં કહ્યું, 'ભાઈ, ભગવાનના નામથી મને તો મટ્યો.'

આ જીવના શરીરને ફેફરુંનો રોગ લાગુ પડ્યો હતો તેવો રોગ જે કોઈ બહુ લાગણીવાળું હોય, કે કોઈ આઘાત, પ્રત્યાઘાતથી એકદમ ચણચણ થઈને છંછેડાઈ પડતું હોય, જેને જરાતરામાં બહુ જ ઉત્કટપણે લાગી આવતું હોય એવી પ્રકૃતિવાળો જીવ તેનો ભોગ થઈ પડે છે. એટલે આ જીવના શરીરને તેવો રોગ લાગુ પડેલો. તેથી, તેનાં પ્રકૃતિ અને સ્વભાવ તેવાં જ હશે એમ આપોઆપ પુરવાર થાય છે. તેવો રોગ થવાનાં પૂર્વકારણો પણ ઘણાં હોય. મારા મોટા ભાઈનું શરીર ક્ષયના રોગથી ભારે હેરાનગતિ ભોગવતું હતું. અને મારી આર્થિક સ્થિતિ તો એટલી બધી તંગ હતી કે તેના શરીરની દવા કરાવવાને માટે મારે દેવું કરવું પડ્યું હતું. હું પોતે મારી મેળે તો દેવું કરીને કંઈ પણ કશું ન કરું અને દેવું ન કરવું પડે એમ વર્તવાનું વધારે પસંદ કરું, પરંતુ મારી બા અને મોટા ભાઈ બન્ને મને એવાં તો મહેણાંટોણાં મારે કે જેથી તેમને મારા ભાઈની સારવાર કરવામાં મારી તેમના જેટલી તત્પરતા છે અને સાધનના અભાવે તેમ કરી શકતો નથી, એમ તે બાબતમાં તે બન્નેને બહુ સમજાવ્યાં. તોપણ તે બન્ને તો મને 'કંજૂસ'ના નામથી જ બિરદાવતાં. તેના શરીરનો રોગ મટાડવાને કારણે ફર્સ્ટ ક્લાસની મુસાફરી કરાવીને ભાવનગર પણ તેમને લઈ જવામાં આવ્યાં હતાં. ત્યાં મારા મોટા ભાઈ મારાથી છાનામાના મારા જે જે સંબંધીઓ હતા, તેમને કાગળો લખીને પૈસા મંગાવતા. તેની મને બહુ વાર પછી ખબર પડી. આ બધું મારે ભરપાઈ કરવાનું હતું. વળી, તેમાંની કેટલીક રકમ તો સગાંવહાલાં પાસેથી પણ લેવામાં આવી હતી.

ભાઈનું શરીર તો ગયું, પરંતુ માથે આ દેવું ઊભું રહ્યું. અને તે ભરવું કઈ રીતે ? તે સમયે ગુજરાત હરિજન સેવક સંઘની સેવામાં આ જીવ હતો. જ્યારથી સેવાનું વ્રત લીધું હતું, ત્યારથી સેવા સિવાય બીજા કશા કર્મને સ્વીકારવું નહિ એવો તો દઢ મરણિયો નિશ્ચય હતો. તેવું વ્રત લેવાનું કારણ એ કે ગરીબાઈ એટલી બધી હતી કે મારી બા તથા મારાં મોટાં ભાભીને પણ બીજું કામ કરવું પડતું. તેઓ પોતાના ફાજલ સમયમાં તેવું કામ કરે, તે બધાંને માટે અને તેમને માટે પણ ઈષ્ટ હતું, પરંતુ મારી બાને એમ થતું કે 'દીકરો આટલું બધું ભણ્યો અને સારા ઓળખાણના સંબંધો છે અને લાગવગ છે અને તે બધાં દીકરાને ઠેકાણે પાડવાને માટે પ્રયત્ન કરવાને ઊલટાં રાજી થાય તેમ છે, છતાં તે કોઈ સારી નોકરી લેતો નથી ! ઠેકાણે પડી શકાય તેવી પૂરેપૂરી શક્યતા હતી જ, તેમ છતાં મારી તે બાબતમાં મુદ્દલે ઈચ્છા હતી નહિ અને થતી પણ નહિ, પરંતુ ઘણી વાર મારી બા આર્થિક તંગીની ભીંસને લીધે મને મહેણાંટોણાં મારે અને ગરીબાઈની ઉત્કટ લાગણીથી પ્રેરાઈને કદાચ પૈસા કમાવાની વૃત્તિ ઊપજે તો તેનાથી કરીને તણાઈ જવાનું ન બને એટલા માટે સમજી કરીને મેં હાથમાં ગંગાજળ લઈને એકમાત્ર દેશની સેવા જ કરવાનું વ્રત લીધું હતું. એવું વ્રત લીધાંથી મને કદી પણ મનમાં અસંતોષ થયો નથી કે ચણચણાટી થઈ નથી, પરંતુ આવી આર્થિક તંગીને લીધે ભાઈના શરીરના રોગને માટે કરેલી દવાનું દેવું કેમ કરીને ફીટી શકશે, તેના વિચાર એટલા બધા મને વારંવાર ઉત્કટ સંવેદન પ્રગટાવતા કે ક્યાંય મને ચેન પડતું ન હતું ! તે ઋણ ફેડવાનો કોઈ માર્ગ મારે માટે ઉઘાડો હતો જ નહિ. એટલે તેવા વારંવાર ઊઠતા વિચારની ધોંસ એટલી બધી કેટલીક વાર તો પ્રગટતી કે તેથી વિહ્વળ થઈ જવાતું. તેની સાથે માનસિક એવાં બીજાં પણ કારણો જીવનમાં પ્રગટ્યાં હતાં. એક બાજુથી ગરીબાઈની તંગી અને બીજી બાજુથી દેવું ભરપાઈ કરવાની તાલાવેલી ઘણી હોવા છતાં તે ભરપાઈ કરવાની

અશક્યતા. આમાંથી એક એવા પ્રકારનું ઘમસાણ પ્રગટ્યું, કે તે ઘમસાણની અસર શરીર પર પણ થઈ. તેનાથી ફેફરુંનો રોગ શરીરને લાગુ પડ્યો.

ત્યારે આ જીવ શ્રી ઇંદુલાલભાઈ યાજ્ઞિકની સાથે હરિજન સેવક સંઘનું (તે વખતના અંત્યજ સેવામંડળનું) જવાબદારીભર્યું કામ સંભાળતો હતો અને કરતો હતો. ગુજરાતની તે વખતની નીકળેલી બધી હરિજન સંસ્થાઓને દર માસે નાણાં મોકલવાં, તેનો હિસાબ રાખવો, બધી તેવી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરવો અને રાખવો, અને નડિયાદમાં સ્થપાયેલા હરિજન આશ્રમની વ્યવસ્થા તથા તે અંગેનું બધું કામકાજ કરવાનું અને આ ઉપરાંત, નડિયાદમાંની ગુજરાત વિદ્યાપીઠે સ્થાપેલી હરિજન શાળાનું કામ પણ મારે ભાગે આવેલું હતું. હાલ જેમ આશ્રમોની વ્યવસ્થા ચાલે છે, તેવી રીતે ત્યારે તેના વ્યવસ્થાપકને કામ કરવાનું ન હતું. તે વખતની કામગીરી બહુ ભારે હતી. ગુજરાતનાં બધાં સ્થળોએથી ત્યાં વિદ્યાર્થીઓ આવતા અને તે બધાં નાનાં નાનાં છોકરાંઓને હજી તો કેમ રહેવું, કેમ વર્તવું તથા સ્વચ્છતા કેમ જાળવવી તે વિશેના કંઈ કશા સંસ્કારની પરિપાટી ચાલુ તો થયેલી હતી જ નહિ. પાણી પણ જાતે ભરવાનું, અને રાંધવાનું પણ જાતે. ભાઈ પરીક્ષિતલાલ હજી ત્યારે તેમાં જોડાયા ન હતા. આવાં બધાં કામની પણ ભારે જવાબદારી અને કામ પણ સખત. તેને લીધે પણ માનસિક ખેંચ પ્રગટતી. તે કાળમાં જાહેર કૂવેથી છડેચોક હરિજન બાળકોને હાથે પાણી ભરાવવાનું થવું કે કરવું એ પણ એક મુસીબતનું કામ હતું. મિશન હૉસ્પિટલથી દોઢેક ફર્લાંગ ડભાણને રસ્તે આ હરિજન આશ્રમ હતો. અને ત્યાંથી પણ અડધાએક ફર્લાંગ દૂર રામ તલાવડી પર એક હિંદુઓનો જાહેર કૂવો હતો. ત્યાંથી આગળપાછળના બધા ખેડૂતો પાણી ભરી જતા. ખ્રિસ્તી ભાઈઓ માટે તો એક અલાયદો કૂવો ખ્રિસ્તી ભાઈઓએ બંધાવ્યો હતો, પરંતુ ભગવાનની કૃપાથી અમે તો સાહસ કરીને તે હિંદુઓના કૂવે જ પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. ખેડૂતો અમને ઘણી વાર તે કૂવેથી પાણી ભરવાને માટે

માર મારવાની ખૂબ ધમકી આપતા અને કોઈ કોઈ વાર તો તેવા પ્રસંગ પણ ઊભા થઈ જતા. તોપણ સાહસ, હિંમત રાખીને તે કૂવેથી પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. સને ૧૯૨૨-'૨૩માં હરિજનો માટે હિંદુ સમાજમાં આજના કરતાં ઘણી વધારે ઉત્કટ સૂગ હતી. તેથી, આ ખેડૂત ભાઈઓ આશ્રમનાં બાળકોને કંઈક કશું કરી બેસે એવી પૂરી શક્યતા હતી. તેમની ધમકીની વારંવાર છૂટતી બુમરાણથી 'બાળકોને કંઈ કશું થશે તો શું ?' એવું પણ ત્યારે સતત લાગ્યા કરતું. વળી, આ ઉપરાંત જાહેર તળાવમાં પણ ખુલ્લી રીતે હરિજનોનાં બાળકો છે તેમ જાહેરપણે હકીકત જણાવીને વિદ્યાર્થીઓને ત્યાં નવરાવવાનું થતું. નડિયાદના બાગ આગળ જે તળાવ છે, ત્યાં એકધારું જમીનમાંથી ઊનું પાણી નીકળીને નાના ધોધના પ્રવાહરૂપે તળાવમાં પડ્યા કરે છે. ત્યાં બધા વિદ્યાર્થીઓની સ્નાનવિધિ રોજ પતાવવાનું થતું, એટલે ત્યાં પણ હિંદુભાઈઓની સાથે રોજ ભારે બોલાચાલી થયા કરતી.

આની પણ એક પ્રકારની ભારે ખેંચ પડતી. માનસિક ખેંચના અને તાણના આવા પ્રસંગોથી કરીને પણ આ શરીરને ફેફરુંનો રોગ લાગુ પડ્યો હતો. જતાં આવતાં કેટલીયે વાર સાઈકલ પરથી ભારે પછાડ ખાઈને પડી જવાનું બનતું. કેટલીયે વાર સંસ્થાનું નાણું ગજવામાં હોવા છતાં પ્રભુકૃપાથી જે બચી જવાયું છે, તે માટે તે વેળાએ તો ભગવાનનો આભાર માની શકવાનું દિલ પ્રેમભક્તિભરેલું જાગી ગયેલું ન હતું, પરંતુ આજે હવે મને સ્પષ્ટ રીતે તે દીવા જેવું સમજાય છે કે તે હજાર હાથવાળો અને હજાર આંખવાળો સમર્થ ધણી મારી બધા પ્રકારે ત્યારે પણ સંભાળ રાખ્યા કરતો હતો અને મારું રક્ષણ કર્યા કરતો હતો. એની કૃપાથી હું આત્મવિશ્વાસ પ્રગટાવી આવા સંજોગોમાં પણ મારું વ્રત જાળવી શક્યો હતો. દર્શન ૧૮૬-૧૮૯

નડિયાદમાં રસ્તાઓ ઉપર જતાં આવતાં ખૂબ મોટેથી હું તો મસ્તપણે ભજન ગાયા કરતો. રસ્તામાં સગાંવહાલાંના ઘર પણ આવે. માસી, મામા, બીજાં અનેક તરફનાં સગાંવહાલાં પણ મળે, પરંતુ મને કોઈ અટકાવીને બોલાવતું નહિ. તેમને

હું જોઉં તો ભજનની મસ્તીમાં પણ તેમને બે હાથ જોડીને માથું નમાવી પ્રણામ કરું, પરંતુ કદી ઊભો ના રહું.

આપણે જ્યાં સુધી પૂરેપૂરાં ભક્ત ન હોઈએ તોપણ પ્રેમપૂર્વક નિવેદન કરાય. એ નિવેદનમાં દસમાંથી એકાદ ખરું પડે. આથી, આપણી પદ્ધતિ આપણે છોડી ન દેવી. ધીરે ધીરે એના ટકા વધે છે. આત્મનિવેદનમાંથી સારું પરિણામ નીપજતાં વાર લાગે છે. શરૂઆતમાં નિષ્ફળતા મળે તોપણ આપણે ટકી રહીએ છીએ કે કેમ એ પણ ભગવાન જોતો હોય છે ! આપણે આપણા સ્વાર્થ ખાતર ટકી રહેવું અને વારંવાર આવાં નિવેદનો કરતાં રહેવાથી એકાદ વખત પણ ફળવાથી આપણો વિશ્વાસ વધી જાય છે.

મેં પૈસા માટે ભગવાનને એક જ વખત પ્રાર્થના કરી છે. મારો મોટો ભાઈ હતો એને ક્ષય રોગ થયેલો. આણંદમાં ખ્રિસ્તીની ક્ષયની હૉસ્પિટલમાં રાખેલા. એ આર્યસમાજી અને પેલા ક્રિશ્ચિયન. એટલે ત્યાં એ ઝઘડા કરે. મેં કહ્યું, ‘ભાઈ, આપણે અહીં દરદી તરીકે રહ્યા છીએ એટલે આપણે એમની સાથે મેળ રાખીએ તો આપણને સારી રીતે સારવાર આપે. તમે એની સાથે સિદ્ધાંત માટે ઝઘડો તો તમને એ સારી રીતે સારવાર નહિ આપે અને આપણે પૈસા ખોવાના થશે. માટે, તમારે સમજવું જોઈએ.’ પણ એ તો એવા આકરા સ્વભાવના કે એ પાદરી અને ડૉક્ટરની સામે જ થાય. એમણે બાઈબલ વાંચેલું એટલે એમાંથી બધું કહે, ‘આવી વાતો તમે માનો છો ? આ તો બધું હંબગ છે’-એવું તો હંબગ આપણામાંય છે-હાં-પછી એમને દવાખાનામાંથી કાઢી મૂક્યા. પછી મારે એમને લઈને છેક ભાવનગર જવું પડેલું. બેળેબેળે એટલા બધા પૈસા ખરચ થયેલા કે દેવું કરવું પડેલું.

હવે જેનું દેવું કરેલું એ માણસ માગ્યા કરે. વખત એવો કે મને મન પર ભાર લાગે. રોજ કેટલો વખત એના જ વિચારમાં જાય. ત્યારે હું કહું કે ‘હું ભગવાનની ભક્તિમાં બેઠો છું કે આ પૈસામાં બેઠો છું ? એ બરાબર નથી’-એમ કહીને વિચારને

ઝાટકીને પાછો ભગવાનના નામમાં મનને પરોવું. જેમની પાસેથી પૈસા લીધેલા તે મારાં સગાં માસી હતાં. પૈસાદાર હતાં. 'સાતસો રૂપરડી ન આવી તોય શું ?' એમ ગણે એવાં પૈસાદાર હતાં, પણ પૈસાની બાબતમાં ના ગણે. કોઈક ગણતાં હશે. પણ આ માસી તો એવાં હતાં. તે એક દિવસ હું ભજન ગાતો ગાતો નિશાળે જતો હતો તો ત્યાં મને રસ્તામાં રોક્યો. અને એટલી બધી ગાળો દીધી અને કહ્યું કે 'કાળા ચોરના પૈસા લઈ આવ અને મને આજે ને આજે પૈસા આપી જા.' બહુ લોકો ભેગા થઈ ગયા. કોઈકે કહ્યું કે 'ઇચ્છાબહેન, તમે શું કરવા આ છોકરાને કહો છો ? એ કંઈ તમારા રૂપિયા ખાઈ જવાનો છે ? આમેય તમારો સગો ભાણેજ છે એટલે એને ભેટ આપેલા એમ સમજો, પણ એને આટલો બધો પજવો છો શું કરવા ? આટલી બધી ગાળો દો છો ! એ ભજન ગાતો જાય છે-આવે છે. આવો સારો છોકરો છે અને તમે આમ કેમ બોલો છો ?' મને એ વખતે એટલું બધું લાગી આવ્યું કે 'સાલા. આપણે ગરીબ છીએ ત્યારે આપણને કહે છેને ? ગરીબ ના હોત તો એમની તાકાત હતી કે મને એક અક્ષરેય કહેત ? ન કહી શકત અને ભરબજારમાં સગી માસી થઈને મારું આવું અપમાન કર્યું અને ન બોલવા જેવું બોલ્યાં !' ત્યારે મેં આર્તપોકારથી ભગવાનને કહ્યું કે 'હે ભગવાન, તું મારી લાજ રાખ. આમણે મારું અપમાન કર્યું એમ નથી લાગતું, પણ હું એવું માનું છું કે તું મારા માથે ધણીધોરી છે હવે, આ કાળે તારે મારી મદદમાં આવ્યા સિવાય છૂટકો નથી. કોઈ કાળે કોઈ સ્થળેથી કોઈ મને સાતસો રૂપિયા આપે એમ નથી. મારી ગરીબાઈ છે અને મને મદદ કરવા માટે તું જ મારો ધણી છે.'

નિશાળેથી છૂટીને ઘેર ગયો. ઘેર જઈને હંમેશાં નાહવાની મારી ટેવ. હંમેશાં નાહીને જ જમું. ત્યાં જ પોસ્ટમૅન આવ્યો. એણે કહ્યું, 'ભાઈ, તમારું ઇન્સ્યૉર્ડ રજિસ્ટર છે.' મેં એ લીધું તો એમાંથી બરાબર આઠસો રૂપિયા નીકળ્યા. કોઈકે વલસાડથી મોકલેલું. એમાં એડ્રેસ હતું. મેં કાગળ લખ્યો કે 'ભાઈ, આ

પૈસા કેવી રીતે મોકલ્યા ? ઓળખાણ નથી, પિછાન નથી અને બરોબર સરનામું કરીને તમે પૈસા મોકલ્યા. તને કોણે કેવી રીતે કહ્યું અને પૈસા કેમ મોકલ્યા ?

પેટલાદમાં મણિભાઈ જશભાઈ દીવાન હતા. એમના દીકરાનાં વહુ ત્યાં રહેતાં. હું પણ ત્યાં ભણવા રહેતો એટલે સંબંધ થયેલો. આજે પણ સંબંધ છે. એમણે વલસાડ કાગળ લખેલો, કેમ કે એમને એમ કે પેટલાદથી મોકલશે તો એ સ્વીકારશે નહિ એટલે એમણે એમના સંબંધીને વલસાડ કાગળ લખેલો કે 'કાગળ મળે કે તરત જ તમે આટલા રૂપિયા ઇન્સ્યૉર્ડથી મોકલાવી આપો.' આ મને ખબર પડી ! પણ ખરી રીતે તો તે મારા ભગવાને મને અપાવ્યા.

આ પૈસા મળ્યા એટલે જેવું તેવું નાહીને હું તો માસી પાસે ગયો અને કહ્યું કે 'માસી, આ તમારા સાતસો રૂપિયા.' 'જોયુંને, હું આટલું બોલી તો તું આપી ગયો, પણ તું એમ ને એમ આપી ગયો હોત તો કેવું સારું !'

મેં કહ્યું, 'બા, મારી પાસે પૈસા ન હતા. હું કંઈ મૂરખ નથી કે તમારા પૈસા ના આપું. આજે જ પૈસા આવ્યા. આ પાકીટ જો અને સરનામું જો. વલસાડથી મને કોઈકે મોકલ્યા છે' પાછું એ પાકીટ લઈને કોઈકની પાસે એણે વંચાવડાવ્યું, ખાતરી કરવા. મેં સાતસો રૂપિયા આપી દીધા ત્યારથી મને એટલી ટાઢક થઈ અને સંતોષ થયો. 'હે ભગવાન ! તું ગરીબ માણસની સંભાળ રાખે છે ! કેટલી તું આબરૂ સાચવે છે ! તું ન હોત તો આ જગતમાં મારું કોણ હોત ?'

આમ, ભગવાનમાં વિશ્વાસ તો ખરો પણ હજી સુધી ઇન્ટેલેક્ચ્યુઅલ ઍન્ડ ડીવોશનલ(બુદ્ધિગ્રાહ્ય અને ભક્તિવાળો) એ રિયાલિટી(વાસ્તવિક)નો વિશ્વાસ નહિ પ્રગટેલો. પણ, આ કાગળથી મને એક રિયાલિટીનો વિશ્વાસ પ્રગટી ગયો કે ભગવાન ખરી વખતે એના ભક્તને મદદ કર્યા વિના રહેતો નથી. એવા તો મારા જીવનમાં કેટલાય પ્રસંગો બનેલા છે.

અન્વય ૪૮-૫૧

મારા ગુરુમહારાજ કદી ગમે તેમ બોલે. આપણને શરૂશરૂમાં વિશ્વાસ ના પડે. એટલે એને લીધે સાચું ના સમજાય. વિશ્વાસ

ના બેસે. બધું ખોટું છે તેમ જ સમજાય, પણ કેટલીક બાબતમાં આપણને વિશ્વાસ ના બેસે તોપણ આપણને વિશ્વાસ બેસે એવા બેત્રણ દાખલા એમણે કરાવ્યા છે. મારે ઘરને લીધે થોડી પૈસાની જરૂર પડેલી. એ વખતે એવો મેનીઆ (રિવાજ) કે ગરીબ હોઈએ તોપણ બાર મહિનાનું અનાજ તો ભરવું જ જોઈએ. મારી બા કહે, 'આપણે બાજરી ભરવી છે, ઘઉં ભરવા છે, ડાંગર લાવવી છે. એની વ્યવસ્થા કર.' પાંચસાત દિવસ ગયા ત્યાં સુધી શાંત રહી. પછી ક્યાં સુધી શાંત રહે, બિચારી ? એને ઘર ચલાવવુંને ! બધાંને ખાવાનું રોજ આપવું. પછી બહુ ગુસ્સે થઈ. ત્યારે હું તો સાંભળ્યા કરું અને ગુરુમહારાજને પ્રાર્થના કર્યા કરું. મને વઢવા મંડે. આમ, એક દિવસ ગયો અને બીજે દિવસે વૈષ્ણવ મંદિરના મુખિયાજી મને કહે, 'અલ્યા, ભગતજી' મેં કહ્યું, 'હા જી' તો કહે, 'તમે રોજ અહીંથી ભજન ગાતાં ગાતાં જાઓ છો તે વહુજી મહારાજ તમારા ઉપર બહુ રાજી થયાં છે' 'બહુ સરસ. બહુ ઉપકાર માનું છું.' 'રાજી થયાં છે એટલું જ નહિ પણ તને આ પૈસા આપ્યા છે. ૧૫૧/- રૂપિયા તને ભેટ આપ્યા છે. આ સાચી વાત છે.' એ લઈને મારી બાને આપી આવ્યો. મેં કહ્યું, 'લે, જો ભગવાન કેવી મદદ કરે છે !' મને મંદિરમાં પેસવા ના દેત, અસ્પૃશ્યતાનું કામ કરું એટલે
પેસવા ના દે. મંદિર આગળથી ભજન ગાતાં ગાતાં જઉં તે જોડ
બેઠાં બેઠાં મને રોજ સાંભળે. ૩-૪

મને પણ મારા શ્રીગુરુમહારાજે ભંગીનું મેલું ઉપાડવાનું કામ કરવાને જણાવેલું. તે વેળા તે કામ નડિયાદમાં તો કોઈ કરવા ન દે, અને ત્યાંની સુધરાઈવાળા આ જીવની પ્રતિષ્ઠા જાણતા હોવાથી એવું કામ સોંપે પણ નહિ. તેથી, નવસારીમાં શ્રી પરીક્ષિતભાઈ જેઓ તે વખતે પણ અમારા હરિજન સંઘના મંત્રી હતા, તેમને મેં સુધરાઈમાં ભંગીનું કામ મળે તેવી જોગવાઈ કરવાનું લખેલું, અને તેમણે તેવી જોગવાઈ કરેલી પણ ખરી, પરંતુ જ્યારે શ્રીગુરુમહારાજ કને તેમનાં આજ્ઞા અને આશીર્વાદ લેવા ગયો ત્યારે તેમણે ના પાડી, કહ્યું કે 'હવે

તારે જવાની જરૂર નથી. તારી પૂરેપૂરી સાચી તૈયારી હતી તેટલું પૂરતું છે.' સાચે જ શરૂ શરૂમાં જે જે જીવોએ મૌનએકાંત લીધાં તેમનાં મેલું અને પેશાબ વગેરે આ જીવ જ સાફ કરતો અને હજી પણ તેમ કરવાની ઉમેદ ખરી. હવે તો સ્વજન, મિત્રો વગેરેએ તેવું કામ ઉપાડી લીધું છે અને મને તેવું કરવા પણ ન દે.

આ બધું લખવાની પાછળની સમજણ અને ભાવના એ છે કે જે જે પ્રસંગો મળે છે, તે તે આપણને કંઈક શીખવવા કાજે મળે છે, પરંતુ આપણાથી તેનો તે રીતે પૂરતો જ્ઞાનપૂર્વક લાભ લઈ શકાતો જ નથી.

સોપાન
૨૩૨-૨૩૩

૨

આ જીવને પ્રભુકૃપાથી સાધનામાં પડવાનું થયું, અને શરૂઆતમાં બેએક વર્ષમાં આ તામિલનાડુ પ્રદેશનાં દૃશ્યો સ્વપ્નમાં આવ્યાં કરતાં હતાં અને હિમાલયનાં પણ. હિમાલયનાં તો છેક નાનપણથી જ આવ્યાં કરતાં હતાં. આ દેશનાં દૃશ્યો સ્વપ્નમાં આવ્યાં કરતાં, પણ તે કયા દેશનાં છે, તેની કશી ગતાગમ તે વેળા લાગે જ નહિ. કોઈ ઠેકાણેનાં દૃશ્ય તે હશે, એમ લાગતું. જ્યારે ૧૯૪૧ની સાલમાં પહેલવહેલો આ બાજુ આવેલો, ત્યારે તે બધું એકાએક તાજું થયેલું.

સ્વપ્નમાં જ્યારે ચેતનયુક્ત જ્ઞાનભાવની જાગૃતિ પ્રગટે ત્યારે શાંતિ, સમતા, તટસ્થતા આદિ જળવાયા કરાય અને તે પણ છાપ પાડ્યા વિના વહી જાય ત્યારે જીવ સાધનામાં ખૂંપેલો છે એમ ગણી શકાય. સ્વપ્નની દશામાં ચેતનયુક્ત જાગૃતિ ટકી શકવી એ કંઈ મારા તારા જેવા જીવથી એકદમ થઈ શકવું શક્ય નથી. જીવતીજાગતી ચેતનયુક્ત જાગૃતિ અને તે પણ પ્રખર ઉત્તમ કક્ષાની પ્રગટેલી હોય છે, તો જ સ્વપ્નની દશામાં સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક આદિ સાબદાં બનેલાં અને યોગ્ય કામ આપતાં અનુભવી શકાય છે.

સાધનામાં આગળ ધપાયું છે કે કેમ, તેનું એક બીજું લક્ષણ

તે ઊંઘનો પ્રકાર છે. સાધનામાં આગળ ને આગળ ડગલાં ભરવાનું થતાં, ઊંઘના પ્રકારનું બદલાવાનું બનતું હોય છે. ઊંઘ જડસુ જેવી પછી નથી હોતી. ઊંઘ લેવાતી હોય પણ તે જાણે કે અંદર જાગતાં હોઈએ એવા પ્રકારની. આવા પ્રકારની ઊંઘ થતાં કે બની જતાં, તે વેળાએ મારા જેવાને તો સાધનાનાં લક્ષણની કશી જ ગતાગમ ઊગેલી ન હતી. ઊંઘમાં સ્વસ્થતા તો પૂરેપૂરી હોય. જાણે ઊંઘતાં જ હોઈએ, બીજા લોકને પણ તેમ લાગે, નસકોરાં પણ બોલતાં હોય, શરીર પણ નિશ્ચેષ્ટપણે પડેલું હોય, પણ માંહેથી જાગૃતિ રહ્યા કરે. દિવસના કામકાજમાં તો એકદમ જીવતી સ્ફૂર્તિ રહ્યા જ કરતી હતી, અને ઊંઘમાં પણ એવી જાગૃતિને લીધે આગળ પાછળનું બધું સમજાયા કરે, તેથી આ જીવને એમ લાગ્યા કરેલું કે જાણે ઊંઘ જ આવતી નથી. સાધનામાં આગળ જતાં જતાં ઊંઘનો આવો પ્રકાર બદલાય છે, તે તો છેક ૧૯૩૭ની સાલમાં एणे સમજણ પ્રગટાવી ત્યારે પ્રગટેલી. તે પછીથી તો ઊંઘ ઘણી ગાઢી હોય અને મડદાના જેવી ઊંઘ પણ હોય, તેમ છતાં માંહેલી ચેતનયુક્ત જાગૃતિ તો જીવતીજાગતી જ હોય છે. આ જીવની તેવા પ્રકારની ઊંઘની નંદુભાઈ તથા બીજા બધાંને, નિકટના પરિચયમાં આવનારને ખબર છે. ભાઈને તો તે જાતમાહિતીની હકીકત છે.

વળી, સાધનામાં પૂરું ખૂંપાઈ જવાયું છે, તેનું ત્રીજા પ્રકારનું લક્ષણ છે તે તો સાધકને પોતાને જ તેની ખબર પડી શકે તેવું હોય છે. એ બે પ્રકારની જાગૃતિમાં જીવતો હોય તેમ તેને લાગે છે. એ એની બાહ્ય પ્રવૃત્તિમાં કામ કરતો હોવા છતાં, ત્યાં બાહ્ય પ્રકારે એની જાગૃતિ એને કામ આપતી હોય છે, અને સાથે સાથે અંતરમાંની જાગૃતિ અંતરના પ્રકારનાં કામમાં (સાધનાથી પ્રગટતા રહેતા અચળ ભાવના કામમાં) પરોવાયેલાં આપણને રાખ્યા કરે છે.

વળી, એક એવા પ્રકારની એનાથી પણ ઊંડી ચેતન પ્રકારની જાગૃતિ પણ છે, તેને ઉપલા પ્રકારની જાગૃતિ-તેનું પ્રમાણ,

ઉત્કટતા, ઊંડાણ, સૂક્ષ્મતા વધતાં વધતાં ભેદે છે, તેમાં છેદ પાડે છે. (એ તો સમજાવવા ખાતર આમ લખવું પડે છે. બાકી, એ તો સહજ ક્રિયા છે) એ જ્યારે ભેદાય છે, ત્યારે સાધકનું કામ પૂરું પાકી જતું હોય છે. આમ, એક પ્રકારની જાગેલી જાગૃતિથી બીજી જાગૃતિમાં છેદ પડી કંઈક નવાનું જ આપણને જ્ઞાન થાય છે. આ ક્રિયા જ્યારે થાય છે, ત્યારે સાધકના જીવનને કોઈ હાથ પકડીને દોરવતું હોય, પ્રેરવતું હોય, ચલવતું હોય એવું એને પ્રત્યક્ષ લાગ્યા કરે છે. આવા અનુભવની હકીકત કોઈને કહેલી નથી અને તે કોના દિલમાં ઊતરી શકે? અને એને કોણ સમજી શકે ? કોઈ મહાન જ્ઞાની મહાત્માઓના અનુભવ આવી હકીકત સાથે મળતા આવે, તો તો મળેલાં સ્વજનને ઉપલી હકીકતની યથાર્થતા લાગ્યા કરે. આ જીવના જીવનની કેટલીયે એવી અનુભવની હકીકતો બીજા મહાન આત્માઓના જીવનના એવા પ્રકારના અનુભવોની હકીકતો સાથે મળતા આવવાપણાનું વાંચતાં, આ જીવના જીવનની તેવી હકીકતોનું જે પ્રકારનું યોગ્ય, ઉત્કટપણે, ઉદ્દીપન સ્વજનના હૃદયમાં થવું ઘટે તે પ્રમાણે પણ થયેલું નથી. એવા અનુભવોની હકીકતો મળતી આવે તેમ છતાં એનું ઊંડું તારતમ્ય અને એની મહત્તા સાધનાના હેતુ કાજે મળેલાં સ્વજનોનાં દિલમાં પ્રગટેલાં નથી, એવું પણ આ જીવે અનુભવેલું છે.

આ જીવને વધારે તો જ્યારે તેને એવા બે પ્રકારની જાગૃતિમાં રહ્યા કરવાનું બનેલું, તે વેળા થોડોક કાળ વિચિત્ર પ્રકારનું લાગ્યા કરતું. આવી હકીકત ક્યાં જઈને કોને પૂછવી તેની કશી જ ખબર પડતી ન હતી. એક વડીલ સદ્‌ભાવી સાધુપુરુષનો પ્રભુકૃપાથી સમાગમ થઈ ગયેલો. તેમને ઉપલી આ બધી હકીકત જણાવતાં કૃપા કરીને તેમણે બધી હકીકતનું યોગ્યતાપૂર્વકનું તારતમ્ય મને સમજાવ્યું. આ જીવની તેવી તેવી બધી હકીકત જાણીને તેમને ઘણો ઘણો આનંદ પ્રગટેલો.

પોકાર
૩૧૮-૩૨૧

હરિને ભજવાવાળાંને તો ખોરાક ઓછો જોઈએ. ખોરાક ઓછો કરતાં કરતાં તો મને બહુ પંચાત પડેલી. નાનપણમાં

ભારે મજૂરી અને ખડતલ શરીર. સાડા સાત વર્ષની ઉંમરે ઘણી મજૂરી કરવાની એટલે આટલા આટલા મોટા રોટલા હોય તો દોઢ રોટલો ખાતો હતો. આટલો મોટો રોટલો. એકવીસ બાવીસમે વર્ષે આ સાધના શરૂ કરી ત્યારે સમજતો થયો કે ખોરાક ઓછો કરવો જોઈએ. તે અડધો કરતાં કરતાં બહુ પંચાત પડેલી. કારણ કે પેટને ટેવ પડી ગયેલી હોય એટલે ધરાવો થાય જ નહિ. એટલે મન એમાં ને એમાં જ રહ્યા કરે. ખોરાકમાં જ-પેટમાં જ. એ ટેવ છોડતાં છોડતાં મને વર્ષ દોઢ વર્ષ લાગ્યું હશે.



૩

ગુજરાત હરિજન સેવક સંઘમાં હું સભાસદ પણ ન હતો, તેમ છતાં ઘણીયે વેળા ગુ. હ. સે. સંઘની સામાન્ય અને કાર્યવાહક સભા પણ નડિયાદમાં મારે ઘેર ભરાતી. મારે માટેનો તેમનો તે સદ્ભાવ હું ભૂલી શકતો નથી. એક વેળા તેવી સભામાં 'નિત્ય યુવાન' શ્રી નરસિંહકાકા પણ પધારેલા. સભાનું બધું કામકાજ જે રીતે થતું હતું તે બધું તેમણે પહેલાં તો જોયા કર્યું. જે જે કામ પર જે જે ઠરાવો કરવાના હતા તે કરી લીધા અને કામથી જ્યાં પરવાર્યા, ત્યાં નરસિંહકાકા સંબોધવા લાગ્યા કે 'આ રીતે કદી પણ અસ્પૃશ્યતા નાબૂદ થઈ જવાની નથી. હિંદુ સમાજની સામે હરિજનોને સત્યાગ્રહ કરવાનો કાર્યક્રમ આપણે આપવો જોઈએ. જાહેર કૂવાઓમાં હરિજનોએ પાણી ભરવા જવું, જાહેર તળાવમાં નાહવું, ધોવું અને મંદિરોમાં દર્શન કરવા જવું-આવા જુદા જુદા પ્રકારના સત્યાગ્રહના કાર્યક્રમો હરિજનો આગળ મૂકવા અને તે રીતે એક મોટો ભારે પ્રચંડ આવી રીતનો વેગ પ્રગટાવવો. તમારા સંઘની આવી બધી રીતો (અલગ શાળા, અલગ આશ્રમો, શિષ્યવૃત્તિ, અલગ કૂવા ખોદાવવા વગેરે વગેરે) અસ્પૃશ્યતાને કાયમ રાખવા માટે હોય એવું મને લાગે છે. અને તમે જુવાન લોકો આવો એકડો બગડો શીખવવાને મંડી પડ્યા છો, તે બધું તદ્દન અર્થ વગરનું

છે.' આવા પ્રકારના ભાવાર્થનું તેઓ બોલ્યા હતા. તેમના બોલવામાં તેમની સાચી લાગણી જરૂર પ્રગટેલી હતી.

તેઓ જ્યારે આ પ્રમાણે બોલતા હતા ત્યારે જ મેં તો નક્કી કરી લીધું કે આપણે કામ તો કરીએ છીએ મહાત્મા ગાંધીની આવા પ્રકારની સલાહ અને દોરવણીથી. અને ગુજરાત હરિજન સંઘના જૂના કાળમાં પણ તેના કેટલાક કાર્યકર્તાઓને આવા કાર્યક્રમ પરત્વે બરાબર સંતોષ થતો ન હતો. તેથી, તેમણે મહાત્મા ગાંધીની સાબરમતી આશ્રમમાં એકવાર મુલાકાત ગોઠવી હતી, તે પ્રસંગ પણ યાદ આવ્યો. ત્યારે પણ તેમણે (ગાંધીજીએ) આ જ રચનાત્મક પ્રકારના કાર્યક્રમને વળગી રહેવાનું ખાસ સૂચવ્યું હતું. તે ઉપરાંત, તેમણે કહ્યું હતું કે 'હરિજનોમાં ખાસ હળવું, ભળવું, મળવું. તેમની સાચી ફરિયાદ હોય, જે કંઈ હિંદુ સમાજ તરફથી કનડગત થતી હોય અને એવી બીજા પ્રકારની હેરાનગતિ થતી હોય તે બધી દૂર કરાવવાને ઉત્સાહપૂર્વક મથવું, તેમના ઉદ્યોગોને સજીવન કરાવવાને પ્રયત્ન કરવા.' આ બધી હકીકતની મને જાણ હતી.

તેમ છતાં નરસિંહકાકાએ આપણને પડકાર આપતું જે પ્રવચન કર્યું, તેને તો ઝીલી લેવું જ. અને મેં તાત્કાલિક નિર્ણય મનમાં કરી લીધો કે સંઘમાંથી રાજીનામું આપીને તેમની પાસે જવું અને તેમના સૂચવવા પ્રમાણેના સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવું. તે વેળાએ તમને મારા મનમાં જાગેલી પરિસ્થિતિ અને થયેલા નિર્ણયની હકીકત સાફસાફ જણાવી. તમે (હેમંતભાઈ) પણ મારી સાથે ઉત્સાહપૂર્વક તૈયાર થયા. મારે માથે તો તે કાળે કેટલી બધી જવાબદારી હતી ! કેટલાં બધાં કુટુંબીજનને પોષવાનાં હતાં ! તેમ છતાં આપણી જુવાનીને પડકાર આપે એવું નરસિંહકાકાનું પ્રવચન મૂંગે મોઢે ગળી જવાની તૈયારી આપણી ન હતી. તેથી, આપણે બન્નેએ તત્કાળ સંઘમાંથી રાજીનામું આપી દીધું અને બીજે જ દિવસે સવારે બિસ્તરા-પોટલાં બાંધીને આણંદમાં નરસિંહકાકાને ઘેર ગયા. આપણને તેમને ઘેર આવેલા જોઈને તેઓ તો બહુ જ અચંબો

પામ્યા. આપણે પછી તેમને કહ્યું કે 'અમે તો સંઘમાંથી રાજીનામું આપીને તમારા એ અસ્પૃશ્યતા નિવારણ માટે સૂચવેલા સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવાને આવેલા છીએ. માટે, હવે તમે સરદારી લો. તમે કહો તે ઠેકાણે અને તે કૂવે માથાં ભંગાવવાને અમારી તૈયારી કરીને અમે આવેલા છીએ,' આપણને આવી રીતે તદ્દન અણધાર્યા આવેલા જોઈને અને બધું સાંભળીને તેઓ તો સ્તબ્ધ થઈ ગયા.

તે સમયે મહાત્મા ગાંધી બોરસદમાં ઈર્વિન-ગાંધી કરાર જે થયા હતા, તેની તપાસણીના કામમાં હતા. એટલે નરસિંહ-કાકાએ થોડીક વાર વિચાર કરીને આપણને જણાવ્યું કે 'હું બોરસદમાં જઈને ગાંધીજીની પહેલાં સલાહ લઈ આવું.' તે પછી તેઓ ત્યાં ગયા, અને આ બધી બનેલી હકીકત તેમને કહી સંભળાવી. ત્યારે ગાંધીજીએ તેમને કહ્યું કે 'હરિજનોમાં જ્યાં સુધી ખરેખરું આંતરિક બળ પ્રગટ્યું નથી અને તેમની તેવી પાકી તૈયારી નથી, તેવી સ્થિતિમાં આપણે જો તેમની પાસે સત્યાગ્રહ કરાવીશું, તો ઊલટી તેમની કફોડી સ્થિતિ થવાની. તેમને થનારી કનડગતનો પાર નહિ રહે. આપણે તેઓને એટલે કે હરિજનોને મોકળાશ પ્રગટે એવું કશું કરી શકવાનાં નથી, અને સત્યાગ્રહથી કરીને તે લોકને તો ઊલટા વધારે બીકણ અને વધારે નબળા પાડવાના. માટે, હાલમાં તેમની કને તમે સૂચવો છો, તેવી જાતનો સત્યાગ્રહ કરાવવો મુદ્દલે યોગ્ય નથી.' તે પછી નરસિંહકાકા આણંદ પાછા ફર્યા અને આપણને મળીને ગાંધીજી સાથે તેમનો થયેલો બધો વાર્તાલાપ કહી સંભળાવ્યો અને બોલ્યા કે 'દિલગીર છું કે આપણાથી હાલમાં આ બાબતમાં વધારે કશું બની શકે તેવી શક્યતા નથી, પરંતુ તમારા બન્નેનાં હિંમત, સાહસ અને સહનશક્તિ જોઈને મને આનંદ થયો છે.' આપણા આવા પ્રકારના વર્તાવથી તેમને ઘણો આનંદ થયો હતો.

આ પ્રસંગ લખવાનો હેતુ તો એ છે કે કોઈપણ આપણી મર્દાનગીને પડકાર કરે અને તે આપણે નીચી મૂડીએ સહન

કરી લઈએ તો તે મુદ્દલે યોગ્ય નથી-જોકે એ પણ ખરું છે કે જીવનમાં કેટલીક વખત આવા પ્રસંગ ઊપજતાં વિવેક પણ રાખવો પડે છે, નમ્રતા પણ રાખવી પડે છે. આંધળિયાં કરીને એકદમ ભૂસકો મારવો તેનું નામ સાચી મર્દાનગી નથી. આપણા સાધનાના ક્ષેત્રમાં પણ આપણી મર્દાનગીને અનેક વાર પડકાર થાય છે. એટલા માટે મારી તો બધાં સ્વજનોને વિનંતી છે કે જીવનની મર્દાનગીને સદાય જીવતી રાખજો. મર્દાનગી દાખવ-વાના પ્રસંગે કદી પણ પીઠ ફેરવશો નહિ. પરાક્રમને વાપર્યા કરવાથી જ પરાક્રમ વિશેષ પરાક્રમમાં પ્રગટે છે. શૌર્ય, સાહસ, હિંમતનું પણ તેવું જ છે.' પહેલાં પહેલાં જ્યારે પણ મને કોઈ કહે કે 'અમુક સ્થળ તો ભારે ભયંકર છે અને ત્યાં કોઈથી પણ જઈ શકાય તેવું નથી,' ત્યારે તેવે સ્થળે અભયની ભાવના કેળવવાના હેતુથી ત્યાં ત્યાં હું તો બેધડક જતો અને મારા સાધનાના ભાવમાં એકાગ્રપણે પ્રભુકૃપાથી રત રહેવાનું બન્યા કરતું. સર વૉલ્ટર સ્કૉટની બે લીટીઓ યાદ છે :

For, if a path be dangerous known,
Danger's self is lure alone

(જો કોઈ રસ્તો ભયંકર રસ્તા તરીકે જાણીતો હોય, તો એ જોખમ કે ભય જાતે જ શૂરવીરને તે રસ્તે જવાને આકર્ષે છે.)

એ રીતે મને પણ પ્રભુકૃપાથી પરિસ્થિતિ કે સ્થળનાં ભયંકરતા અને ડર તેનો સામનો કરવાને પ્રેરતાં. જીવનમાં સાહસ, હિંમત, શૌર્ય વગેરે ભાવના કેળવવાને માટે પ્રસંગ એ તો ધાર તેજ કરવા માટેના પથ્થર જેવો છે. એવા પ્રસંગને જ્યારે જ્યારે તક સાંપડે ત્યારે ત્યારે ઉમળકાથી વધાવી લેવાનું કરવું.

૪

જ્યારે મરીડા ભાગોળે શાળાનું કામકાજ કરતો હતો, ત્યારે કેટલાક મુસલમાન છોકરાઓ આવીને અમને બહુ પજવતા. તે છોકરાઓને સમજાવવાનું પણ બહુ કરી જોયું. તેમના ઓળખીતા-પાળખીતાને મળીને, તેમના તેમના ઘરનું ઠેકાણું

મેળવીને, તેમનાં માબાપોને કાને પણ આ ફરિયાદ પહોંચાડી દેવાનું બન્યું. તે મુસલમાન છોકરાઓ અમને અનેક રીતે હેરાન કરે. અમારી શાળાનું મકાન સરિયામ રસ્તા ઉપર હતું, અને ત્યાં ત્રણચાર ઓરડામાં નિશાળ ચાલતી. ખોબે ખોબા ભરીને તેઓ શાળાની અંદર ધૂળ નાખે, ગોકીરો કરે, જતાં આવતાં વિદ્યાર્થીઓને પણ હેરાન કરે. આસપાસ બધે મુસલમાન લોકની જ વસ્તી. તેમને શાંત પાડવાને બુદ્ધિથી વિચારી વિચારીને બધા જ ઉપાય લઈ ચૂકવાનું કર્યું, પણ કંઈ વળ્યું નહિ. અંતે વિચાર્યું કે 'હવે જો આ લોકોની આવી હેરાનગતિને તાબે થઈ જઈશું, તો તે આપણી મર્દાનગીને પડકારરૂપ છે.' ઉર્દૂ નિશાળના કેટલાક મુસલમાન શિક્ષકભાઈઓને પણ વાત કરી અને તેમના લોકના કાજી સાહેબને પણ મળીને આ બધી હકીકત જણાવી. તોયે જ્યારે કંઈ ન વળ્યું ત્યારે મેં તો નક્કી જ કર્યું કે 'આ છોકરાઓને હવે સારી રીતે બરાબર મેથીપાક ચખાડવો.' એટલે એક દિવસે તેમને બરાબર માર મારવાની પૂર્વતૈયારીની યોજના પાકી રીતે વિચારી લીધી. તેના પરિણામનો પણ વિચાર કરી લીધો. બીજે દિવસે જ્યારે તેઓએ ઓરડામાં ખોબે ખોબે ધૂળ નાખવા માંડી, ત્યારે બારણા પાછળ નેતરની જાડી મોટી સોટી લઈને અગાઉથી સંતાઈને ઊભો રહ્યો હતો, એટલે તેઓ ત્યાંથી એકદમ નાસી ન જાય, છૂપી રીતે બહાર નીકળી ન જાય, એવી રીતે તે ત્રણચાર જણ ઉપર વરુની જેમ તૂટી પડ્યો. તેઓ તો બૂમાબૂમ કરવા લાગ્યા. અને દોડી જઈને ઘણા માણસોને એકઠા કરીને તેડી લાવ્યા. આમાંના કેટલાક માણસો તો એવા હતા કે જેમને કાને મેં વારંવાર આ છોકરાઓની ફરિયાદ નાખી હતી. આ મુસલમાન ભાઈઓનું ટોળું ઉશ્કેરાયેલું હતું, અને મને મારવાને એકદમ તૈયાર હતું, પરંતુ તેથી હું મુદ્દલે ભયભીત થયો ન હતો. તેઓના મનમાં પ્રગટેલા ઉશ્કેરાટમાં એકદમ ભારે ઓચિંતો પલટો આવી શકે એવું તાત્કાલિક કશું કરવાની જરૂર હતી અને તે ઉપાય ભગવાને કૃપા કરીને મને બતાવી દીધો. તરત

મેં તો શરીર પરનાં લંગોટ સિવાયનાં બધાં કપડાં કાઢી નાખ્યાં. તે જોઈને તે બધા ઘડીભર તો સ્તબ્ધ જ થઈ ગયા અને મારા શરીરની અચાનક આવી થયેલી અવસ્થા જોઈને તેઓના મનમાં જે ઉશ્કેરાટ પ્રગટેલો, તેમાં ઓચિંતો પલટો આવી ગયો. તે વેળાએ મેં તેમને કહ્યું કે 'હવે તમે મને સારી રીતે મારી શકો છો. જુઓ હું તદ્દન ઉઘાડો થયો છું. તમારામાંના કેટલાકને મેં આ છોકરાઓની ફરિયાદ કરેલી છે. આ છોકરાઓને ઘેર જઈને તેમનાં માબાપને પણ મેં કહ્યું હતું. આપણા કાજી સાહેબને પણ મેં વાત કરી હતી. આપણી આસપાસ રહેતા મુસલમાન શિક્ષકભાઈઓને પણ આ છોકરાઓની અમને થતી હેરાનગતિની હકીકત જણાવી હતી. પણ આમાંનું કોઈ જ આ છોકરાઓને વારવાને આવ્યું નથી, એ તો જુઓ ! આ છોકરાઓનો વાંક તો તમારામાંથી કોઈ જોતું જ નથી ! શું અમારે રોજ ને રોજ આ છોકારાઓની હેરાનગતિ સહન કર્યા કરવી ? તમે તો બધા સમજુ છો અને મોટા છો. તો તમે જ હવે મારો ન્યાય તોળો.'

આ લોકોનો મારા શરીરને ઉઘાડું થઈ ગયેલું જોઈને ઉશ્કેરાટ તો કંઈક શમી ગયેલો હતો, એટલે તેમણે મારી કહેલી વાત જરાતરા પણ શાંતિથી સાંભળી ખરી. તેમાંથી કોઈક તો ડાહ્યું નીકળેને ? તેણે મારી વાતને પૂરેપૂરો ટેકો અને સમર્થન આપ્યાં, એટલે ટોળાંનો પ્રવાહ એકદમ બદલાઈ ગયો, અને બધા જ પછી તો કહેવા લાગ્યા કે 'આ છોકરાઓને સાલાઓને માર્યા તે જ સારું થયું. હવે તે લોક તોફાન કરવાનું ભૂલી જશે. અરે, ભગત ! હવે ફરીથી આ છોકરાઓ તોફાન કરવા આવે તો સાલાઓની ખાના-ખરાબી કરી નાખજો.' અને આમ બધા વીખરાઈ ગયા.

તે પછી તે મુસલમાન છોકરાઓએ અમને રંજાડવાનું સપૂચું મૂકી દીધું. મારે રોજ મારે ઘેરથી તે મરીડા ભાગોળ આવવાનું તેમના મુસલમાન મહોલ્લામાં થઈને જ થતું. જે જે છોકરાઓને માર્યા હતા, તેમનાં ઘર વટાવીને જ મારે રોજ જવા આવવાનું

બન્યા કરતું. હું તો જતાં આવતાં પેલા મુસલમાન છોકરાઓને પ્રેમથી બોલાવતો. અને ગરીબાઈ તો ભારે હતી એટલે બીજું કશું તો આપી શકાતું નહિ પણ શેકેલા ચણા બેચાર પૈસાના લાવીને તે છોકરાઓને આપતો. તે પછીથી તો તેમની સાથે પણ દોસ્તી બંધાઈ ગઈ.

મર્દાનગીને પડકાર થાય અને એમાં આપણી સાવ નાલેશી થાય એવી સ્થિતિને તો કદી પણ સહન કરી લેવી નહિ. તેનાથી મુક્તિ મેળવવાને આંધળિયાં પણ કરવાં નહિ. આપણે આપણી પોતાની પૂરેપૂરી પાકી તૈયારી કેટલી છે તેનો પણ સારી પેઠે યોગ્ય રીતે વિચાર કરવો, અને જે તે બધું વિચારી વિચારીને કરવું.

૫

નડિયાદમાં જ્યારે મારે બોકડની બાવળીમાં સૂવા જવાનું થતું ત્યારે પણ મને બિવડાવવાને અને ભય પમાડવાને ત્યાં આવનારા લોક ઘણા પેંતરા પણ રચતા અને મને મારવાની અને ખૂન કરવાની પણ ધમકી આપતા હતા. ત્યાંથી જતા રહેવાને તો ઘણું ઘણું, વારંવાર ધમકી આપીને કહેતા. એકવાર તો ત્રણેક ભાઈઓ ચોરીનો માલ લઈને તે બાવળીમાં છુપાઈને ભાગ વહેંચતા હતા. તે વખતે તેમણે મને જોયો. તેમાંનો એક જણ બોલ્યો કે ‘સાલાને પૂરો જ કરી નાખો કે જેથી આપણને ઓળખે નહિ.’ પરંતુ તેમાંનું કોઈ ભગવાનની કૃપાથી તે માટે સળવળ્યું નહિ. આમ, તે બોકડની જગા પણ બધી રીતે ભયંકર પ્રકારની હતી.

સત્યાગ્રહને સમયે કાચી જેલમાં કેદીઓની ભારે હેરાનગતિ અને કનડગત થતી. તેમની પાસેથી વાત કબૂલ કરાવવાને પણ ઘણી વખત અધૂકડા પણ પડાવે અને ઉપર કશુંક વજન બરડા ઉપર પણ મૂકે. એ બધું તમે ક્યાં નથી જાણતા ? આવી આપણી ભારે નાલેશી પોલીસ લોક કરતા. મને પોતાને તે લોકોએ આવી રીતે હેરાન કરી જોવાનો પ્રયત્ન તો કર્યો હતો.

ત્યારે પણ હું તો બધો સમય પ્રાર્થનામાં, ભજનમાં, સ્મરણમાં, ધ્યાનમાં વગેરે વગેરે સાધનાના અભ્યાસમાં ભાવનાથી મારો સમય ગાળ્યા કરવાનું એકધારું મથ્યા કરતો હતો. ત્યારે ત્રાટકનું સાધન પણ હું પ્રભુકૃપાથી સાધી ચૂક્યો હતો. એવું બેળે બેળે અધૂકડું પડાવવાને જે જમાદાર મારી પાસે આવ્યો તેની આંખ સામે જ પ્રભુકૃપાથી ત્રાટક માંડવાનું સૂઝી ગયું અને તેમ મેં કર્યું. પરિણામે તેણે મને કશું કર્યું નહિ અને ખેડા સબજેલમાં કશું પણ આવું કર્યા વગર મોકલી આપ્યો.

દર્શન
૩૦૦-૩૦૮

સાધનાના ક્ષેત્રનાં કર્મને ફળીભૂત થવામાં તો ભારેમાં ભારે ખમીરની જરૂર છે. સર્વથી પ્રથમ તો સાધકે અભય કેળવવાની જરૂર રહે છે, અને ભય કંઈ એક પ્રકારનો હોતો નથી. અનેક પ્રકારના ભયથી મુક્ત થવાને કાજે જીવે કેવું કેવું મથવું પડે છે, અને કેવી જાગ્રતિ રાખવી પડે છે અને તે તે વેળા માનસિક કેવાં ઘમસાણ મચે છે, તેનો પણ કોઈ ઑર ઇતિહાસ છે. આ જીવને જ્યારથી સાધનાનું કર્મ પ્રભુકૃપાથી પ્રાપ્ત થયું, ત્યારથી તે ભાગ્યે જ ઘરમાં સૂતો હોય, હંમેશાં તે સ્મશાનમાં સૂતો. અને જ્યાં જ્યાં ભય લાગે એવી ભયંકર જગાઓ હોય, ત્યાં તે જઈને રાતવાસો કરતો. નડિયાદ પાસે એવી એક બોકડની જગા છે. ત્યાં ભારે ભયંકર બાવળી છે. અત્યારે છે કે કેમ તે જાણતો નથી. ત્યાં અનેક પ્રકારના ચિત્રવિચિત્ર માનવીઓ રાત્રે ભટકે. અનેક પ્રકારના ગુનાઓ થાય એવી તે મશહૂર જગા. ત્યાં પણ પ્રભુકૃપાથી આ જીવ રાત્રે સૂવાનું કરતો. વળી, જે જગાઓએ સાપ, વાઘ, સિંહ વગેરે રાની પશુઓનો ભય હોય, ત્યાં તે ભય ટાળવાનો પણ જાગ્રત પ્રયત્ન પ્રભુકૃપાથી તક મળતાં બન્યા કર્યો હતો. લોકનાં રીતરિવાજ અને તેની ભીંસથી પણ માનવી ભયમુક્ત થઈ શકતો નથી. લોકનો પણ તેને ભારે ભય હોય છે. લોકના વાતાવરણથી તે કદી વિરુદ્ધ વર્તી શકતો નથી, અને તેવા વાતાવરણથી તે ભયગ્રસ્ત રહે છે. આ બધાથી ભયમુક્ત થવાને કાજે જ્યારે જ્યારે તેવા તેવા પ્રસંગ પ્રગટ્યા ત્યારે ત્યારે આ જીવે પ્રભુકૃપાથી એવા

અનેક પ્રકારના ભયમાંથી મુક્ત થવાને જબરજસ્ત પ્રયત્ન કરેલો છે. તે કાળે પણ શહેરમાં સગાંવહાલાંઓનાં ઘરની પાસે થઈને રસ્તા ઉપર ભજન ગાતાં ગાતાં અને નાચતાંકૂદતાં ચાલ્યા જવાનું બનતું, અને એવી મસ્તીના તાનના મદમાં જે મુક્ત કંઠે પ્રભુકૃપાથી ગાવાનું બનતું, તેથી કરીને દિલમાં જે એક પ્રકારની મસ્તી ચડતી, તે મસ્તીની ખુમારી તમે લોક કદી સમજી શકનાર નથી. લોકથી દબાયેલા અને લદાયેલા, અનેક પ્રકારનાં રીત-રિવાજો તથા માન્યતા, સમજણો અને ટેવો અને આગ્રહોની શૃંખલાઓથી બદ્ધ થયેલા અને જકડાયેલા એવા જીવો ઉપલા પ્રકારની ખુમારીને બહુ બહુ તો માત્ર બુદ્ધિની ઉપરછલ્લી સમજણથી સમજી શકે તો સમજી શકે. સંસારના જીવો તો અનેક પ્રકારના, અને અનેક પ્રકારથી કાયર હોય છે. આ હું દોષારોપણ કરતો નથી, પરંતુ તે હકીકત જાતઅનુભવની છે. કાયરનું સાધનામાં કશું ચાલી શકે તેમ નથી. સાધનાના ક્ષેત્રમાં તો ભારેમાં ભારે પરાક્રમ, શૌર્ય, સાહસ, હિંમત, ધીરજ, ઉત્સાહ વગેરે ગુણોની જરૂર છે. જે જીવમાં તે તે ગુણશક્તિ ન હોય તેણે કૃપા કરીને સાધનાના ક્ષેત્રમાં કદી પણ જવાનું કરવું જ નહિ. અભય કેળવવાને માટે જાણી જોઈને, વિચારીને કોઈ પગલાં મેં લીધાં નથી, પરંતુ જીવનમાં અનેક પ્રકારના જ્યારે જ્યારે તેવા તેવા પ્રસંગો પ્રગટ્યા, ત્યારે ત્યારે તેમાંથી ભયમુક્ત થવાને પ્રભુકૃપાથી જબરજસ્ત સંગ્રામ પ્રગટાવવાનું ભાન જાગ્યા કરેલું, અને સ્મશાન અને એવી ભયજનક બીજી ભયંકર જગાઓએ રહેવાનું જે બનતું, તેમાં પણ એકલી ભયમુક્ત થવાની મહત્ત્વાકાંક્ષા હતી એવું છેક ન હતું. મને પોતાને માનવીના સમૂહના કોલાહલથી આઘેમાં આઘે તદ્દન શાંત અને એકાંત જગા મળી શકે, તો સાધનાનું કામ પણ ખૂબ શાંતિથી અને આનંદથી થઈ શકે તેવા હેતુથી પ્રેરાઈને ઉપર જણાવેલી જગાઓ પસંદ પડતી તેથી પણ ત્યાં સૂવાનું રાખતો હતો. શરૂશરૂમાં તો કંઈ ભય લાગતો ન હતો, એવું તો ન હતું, પરંતુ તેમ થતાં તેમાંથી જાગવાનું થતાં સ્મરણ

દર્શન
૫૧-૫૩

કર્યા કરતો, પ્રાર્થના કરતો. અને ભય એ એક પ્રકારના તેવા સંસ્કારના પરિણામે પ્રગટે છે, બાકી તો તેવા સંસ્કાર જો હઠી જાય, તો ભય જેવું લાગતું નથી એવી ઊંડી ઊંડી દિલમાં જે સમજણ પ્રભુકૃપાથી ઊંડામાં ઊંડી પ્રગટેલી હતી, તેના કારણે પણ ભયમાંથી મુક્ત થતું જવાનું બની શક્યું હતું.

૬

અભય કેળવવાની જેમ જરૂર છે, તેમ જ્ઞાનભક્તિયુક્ત નમ્રતા પણ કેળવવાની તેટલી જ જરૂર છે. ગીતાજીના ૧૬મા અધ્યાયમાં જે ગુણસમૃદ્ધિનું વર્ણન છે, તેમાં સૌથી પ્રથમ અભય છે. અને સૌથી છેલ્લું લક્ષણ નમ્રતા છે, તે પણ મારી સમજણની દૃષ્ટિએ સૂચક છે. પૂરેપૂરો અભયનો ભાવ કેળવાયા વિના અને જીવનવિકાસને યોગ્ય જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા કેળવાયા વિના બીજા ગુણોની શક્તિનું પ્રાગટ્ય થવું શક્ય નથી. વળી, આ જીવ કદી પણ આપણી મહાસભાનો (કૉંગ્રેસનો) સભાસદ થયેલો નથી, પણ તેણે પ્રેમથી ૧૯૩૦ના આપણા રાષ્ટ્રીય યુદ્ધમાં પૂરેપૂરું ઝંપલાવ્યું, ત્યારે તે અભય કેળવવા માટે જ નહિ, પરંતુ અભય કેટલો અને કેવો કેળવાયો છે, તેનો અનુભવ કરવાને માટે તે સંગ્રામમાં પ્રભુકૃપાથી ઝુકાવવાનું બન્યું હતું. બોરસદ પાસે દેવાણના ઠાકોરે છેતરપિંડી કરી અને સ્વયંસેવકોને પોતાને ગામ નોતરી રાતે ગામ વચ્ચેના ચોકમાં જાહેર ભાષણ ગોઠવાવી, ભાષણ અડધું થતાં બત્તીઓ વગેરે ઓલવી નખાવી ચારેબાજુથી ઘેરી સ્વયંસેવકો પર લાકડીઓના ભયંકર માર મરાવવાનું કર્યું, ત્યારે પ્રભુકૃપાથી આ જીવ મોટેથી હરિસ્મરણ કરતાં કરતાં લાઠીના ઘા ઝીલતો હતો અને ત્યાંથી એક ડગલું પણ ખસ્યો ન હતો, તે પ્રસંગનાં પ્રત્યક્ષ જોનારાં અને જાણનારાં જીવો આજે પણ હયાત છે. તે ૧૯૩૦ના સંગ્રામમાં આવા તો કેટલાય બનાવો બનેલા છે. અને જેલમાં જવાનું પણ એકમાત્ર સાધનાના હેતુથી જ બનેલું. મારી મા મને કદી પણ લાંબા સમય માટે દૂર એકાંતમાં સાધનાને સારુ જવા દેવા માટે

આશીર્વાદ ન આપે, પરંતુ જ્યારે આ ૧૯૩૦નો સંગ્રામ પ્રગટ્યો ત્યારે મેં માને કહ્યું કે 'બા, આ તો લૂણને હલાલ કરવાનો સમય પાક્યો છે. જેનું આપણે લૂણ ખાધું, તે લૂણ અત્યારે હવે દેશની સામે અમને ખુમારીથી યુદ્ધમાં જોડાવાને પડકાર આપે છે. અત્યારે અમારાથી હવે ટગર ટગર ખાલી જોઈ બેસી રહેવાય નહિ. માટે, તું મને સંમતિ આપ અને પ્રભુકૃપાથી સંસારવહેવારનું ખર્ચખૂટણ બધું ચાલી શકે એવી વ્યવસ્થા તો બની જશે.' તે પછી તેણે મને બહુ ઉમળકાથી તો નહિ, પણ જેમ તેમ કરીને રજા તો આપી. આ અંગેની મારી ઑફિસના કામકાજની વ્યવસ્થા માટે તે સમયે ભાઈ પરીક્ષિતલાલને મેં લખી પણ જણાવેલું. અને આર્થિક બાબતની વ્યવસ્થા પણ કરી હતી. જેલમાં જવાનો હેતુ એકમાત્ર ત્યારે પણ સાધનાનો જ હતો. જેલમાં સતત મૌન પાળતાં કોઈની પણ સાથે બોલતો કરતો નહિ, અને તમારા (હેમંતભાઈ) જેવા પણ જેલમાં સાથે રહેલા ત્યારે પણ બોલવાનું થતું નહિ. હું મારાં સ્મરણ, ધ્યાન, પ્રાર્થના આદિના કાર્યમાં મશગૂલ રહ્યા કરતો, જેલનું આપેલું કામકાજ કરવામાં પ્રેમભક્તિથી ઉમળકો બતાવ્યા કરતો. જેલમાં આપણામાંનાં ઘણાંનું પોત સાવ ઉઘાડું પડી જતું. તેઓ એટલા બધા પ્રકારની છેતરપિંડી કરતાં અને પ્રપંચ ચલાવતાં કે તે જોઈને જ મને તો થયેલું કે આવા લોક અહિંસાનો ભાવ શી રીતે રાખી શકે? એવી શક્યતા જ તેમનામાં હતી નહિ એમ લાગ્યું હતું.

એ તો તે કાળના વાતાવરણના ભારે જુસ્સાના આવેશ અને આવેગમાં તણાઈને અંદર આવી ગયા હતા. જેલમાં સતત એકધારાં સ્મરણ, પ્રાર્થના, ધ્યાન આદિમાં પળેપળ જાગ્રતિયુક્ત સમય પ્રભુકૃપાથી પસાર થતો. આ હકીકત આપણા કેટલાક મિત્રોએ જાતે અનુભવેલી છે. હેતુનું જ્ઞાનભાન હોવું અને તેની પળેપળની જાગ્રતિ પ્રગટેલી રહે તો જ સાધનાના વિષયનું કર્મ યથાયોગ્યપણે થઈ શકે. સાધનાનાં કર્મનું ક્ષેત્ર તો માગી લે છે દિલનો કોઈ અપૂર્વ ઉત્સાહ, ખંત, કાળજી, વ્યવસ્થા,

સાહસ, હિંમત, તમન્ના વગેરે અનેક ગુણસમૃદ્ધિનાં સાધન પણ તે માટે ખાસ જરૂરનાં છે. અને સાધનાના ભાવનો વિકાસ થતાં થતાં તે તે ગુણની શક્તિ વિશેષ ને વિશેષ પ્રમાણમાં તેજસ્વિત થતી જતી અનુભવી શકાય છે. એવું થતું હોવાથી જ આગળ જતાં સાધનાના પ્રદેશમાં જે જે ઉગ્ર સંગ્રામ પ્રગટે છે, તેનો સામનો કરવાની ખુમારી પણ સાથે સાથે પ્રગટે છે. સંગ્રામ દેખીને તેનામાં એક અનેરા પ્રકારનું શહૂર પ્રગટે છે. તે વિશેષ જાગ્રત બને છે અને ટટાર થાય છે. અને પ્રભુકૃપાથી કટિબદ્ધ થઈને તે બેઠો થતો હોય છે. તે એવો તો રણસંગ્રામમાં ઝઝૂમે છે કે જેની સરખામણી સ્થૂળ યુદ્ધના ભારેમાં ભારે લડવૈયાની સાથે પણ કદી થઈ શકે તેવી નથી. આ સાથે સાથે શ્રીભગવાન પરત્વેની તેની ભક્તિનો ભાવ તે તે કાળે તેના દિલમાં દિલથી પ્રજ્વળેલો અને વિશેષ પ્રગટતો હોય છે. તેવો ભાવ તેના દિલમાં એક એવા પ્રકારની ઓથ અને શ્રદ્ધા પ્રગટાવ્યા કરે છે, કે જેથી કરીને તે એકમાત્ર ઝઝૂમ્યા કરવાનું જ જાણતો હોય છે. જીવનમાં પ્રગટેલી એવી ખુમારીના ભાવથી જે ઝઝૂમ્યા કરવાનું બનતું હોય છે, તેમાંથી તેનાં પરાક્રમ, શૌર્ય, સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે અનેકગણાં પ્રકાશિત થઈને વિશેષ ને વિશેષ બળબુદ્ધિને પામે છે. તે તે ગુણની શક્તિ પણ વિશેષ ને વિશેષ પ્રગટતી જતી તે અનુભવી શકે છે. આવો વીર કદી નિરાશાને જાણતો હોતો નથી. જેને જીવન પરત્વેની મહત્ત્વાકાંક્ષા જાગેલી છે, તેને વળી નિરાશા ક્યાંથી હોય ? એક વૈજ્ઞાનિકને અમુક પ્રકારની કલ્પના જાગે છે કે 'આમ કરવાથી આવું પરિણામ નીપજી શકે', એટલે તે પ્રયોગના યજ્ઞમાં તે યાહોમ કરીને ઝંપલાવે છે. એવા વૈજ્ઞાનિકને એકબે વાર નહિ પણ હજારો વાર નિષ્ફળતા સાંપડે છે. એવી અનેક વાર, અસંખ્ય વાર તેને નિષ્ફળતા સાંપડે છે, તેમ છતાં તે કદી નિરાશ થતો નથી, તેવી નિષ્ફળતાના પરિણામમાંથી તેને નવું નવું કરવાનું સૂઝે છે. તેને જે નિષ્ફળતા મળે છે, તેવા પ્રકારના પ્રયોગમાંથી તે પોતાની

જીતની હારમાળામાં વિશેષ ને વિશેષ પ્રગટતો જતો હોય છે. જો એક વૈજ્ઞાનિકની બાબતમાં આમ બનતું હોય, તો જીવનવિકાસનો સાધક એનાથી વિશેષપણે ઉત્સાહ, સાહસ, હિંમત વગેરે વગેરે પ્રભુકૃપાથી બતાવતો હોય છે. એને નિરાશા નથી હોતી. આપણા હાલના કાળમાં પણ મહાત્મા ગાંધીએ જે સ્વાતંત્ર્યસંગ્રામ ઉપાડેલો છે, તેમાં દેખીતી રીતે હાર તો કેટલીયે વાર મળેલી છે, પરંતુ તેવી દેખીતી, લાગતી, હારમાંથી તેમને નવું ને નવું સૂઝ્યા કરેલું છે, અને નવા નવા પ્રકારની લડત તેમણે આપેલી છે. હારમાંથી તેઓ સફળતાની ચાવીનો ઉકેલ શોધે છે. 'શોધે છે' એમ કહેવું એ પણ યોગ્ય નથી. દેખીતી હારમાંથી તેમને સફળતાનો ઉકેલ પ્રભુકૃપાથી આપોઆપ મળી આવે છે. તેવું જ સાધકને પણ થતું હોય છે. દર્શન ૫૫-૫૮

હું ભયંકર જંગલોમાં એકાંત સ્થળે ચાલ્યો જઉં. સાથે કોઈ સાધન ન રાખું. એ વખતે તો સાધનબાધન કંઈ નહિ. ખાવા-પીવાનું સાધન ન રાખું. પાણીનો પ્યાલો પણ ન રાખું. પૈસા થોડા ઘણા રાખું. કોઈને આપવા જોઈએ. પાણીનો પ્રવાહ હોય ત્યાં બેસું. માત્ર ભગવાનનું નામ દઉં, સ્મરણ કરું, પ્રાર્થના કરું, વારાફરતી વારાફરતી સાધન કર્યા કરું. પાંચ છ દિવસના કડાકા થઈ જાય. ભૂખ લાગે ત્યારે જરી જરી પાણી પીવું. પાંચ છ દિવસ થઈ જાય પછી કોઈ માણસ ખાવાનું લઈને આવે. હું કહું, 'શું કામ આવ્યો ? તને કોણે મોકલ્યો ?' ત્યારે કહે, 'મને એમ થયું આ કોઈ માણસ આ નદી કિનારે બેસી રહેલો છે. એ ભૂખ્યો છે. એટલે હું તો લઈને આવ્યો.' પછી એ તો જાય. તો હું કહું, 'ભાઈ, હવે સાંજે ના લાવીશ. સવારે એક જ વખત લાવવું અને રોટલો અને શાક. બીજું કંઈ લાવવું નહિ.' એણે કહ્યું કે 'આમાં તમારો હુકમ નહિ ચાલે, હું લાવું તે તમારે ખાવું પડશે.' 'તો જેવી તારી મરજી. ભાઈ, મિષ્ટાન્ન ન લાવે તો સારું, કારણ કે હું (સાધના માટે) બેઠો છું, મને કોઈ મિષ્ટાન્ન નહિ ફાવે.' ત્યાં આગળ મને સૂઝેલું. બહુ મોટી મહેરબાની કે મને કોઈ વિચાર નહિ આવતો. ત્યારે મને આ

સૂઝેલું કે આ બ્રહ્માંડ શી રીતે થયું ? આપણામાં કહે છે કે 'ધેર ઈઝ નો બિગિનિંગ, નો એન્ડ' (આરંભ નહિ, અંત નહિ.) મારા મનમાં તો સમાધાન હતું કે એને આદિ પણ નથી, અને એનો અંત પણ નથી. એવું આ છે. તો ભલે, પણ એ આદિ પહેલાંય-એ દેખાય છે એ કઈ રીતે થયું હોય ? એમ મને પ્રશ્ન થયો. એ વિચારતાં વિચારતાં મને એમ થયું કે ભાઈ, આ એક જાતનું એટમોસફીયર(વાતાવરણ) છે. આ જે હું બોલ્યો એ પ્રમાણે મારા મનથી સમાધાન કર્યું.

કોઈ પ્રશ્ન ઊઠે અને એનું સમાધાન આપણે ન કરીએ તો એ પ્રશ્ન ફરી ચાલુ ને ચાલુ જ રહે છે અને પછી અનેક ફણગા ફૂટે છે અને મનને તંગ કરી નાખે છે. એટલે જીવનમાં કોઈપણ પ્રશ્ન ફરીથી ન ઊગે તે માટે તેનું સમાધાન આપણે કરી લેવું. એટલે મન શાંત જ રહે. ઘણાં તો પ્રશ્નો વિચારતા જ નથી, પણ આપણે આવી સમાધાન કરવાની ટેવ પાડી દઈએ, તો મન હંમેશાં ઘણું શાંત રહે છે.

તદ્રૂપ ૧૧૭-૧૧૮

ફિયર (ભય) એક જાતનો રોગ છે. રોગ કરતાંય ભયંકર ખરાબ છે, પણ એનું આપણને ભાન થવું જોઈએ કે આ ભય મારામાં છે અને છે એટલું જ નહિ, પણ મને મારા પ્રોગ્રેસમાં-વિકાસમાં આગળ જવામાં નવું કંઈ સાહસ કરવું હોય તો તેમાં હિંમત ઘટાડે છે. નુકસાનનાં જે જે બધાં પાસાંઓ છે તે બધાં પાસાંઓનો આપણને એકદમ ખ્યાલ આવી જવો જોઈએ. એ ભય આપણને ડંખવો જોઈએ. આ દુર્ગુણ એવા પ્રકારનો છે કે જેને લીધે મારે ઘણે ઠેકાણે અટવાઈ જવું પડે છે. અટવાઈ જવું પડે છે એટલું જ નહિ પણ ફિયર ઈઝ રીટાર્ડિંગ અસ-આગળ જવાને બદલે પાછળ ધકેલે છે. તે ઉપરાંત, કોઈ વસ્તુ આપણી સામે આવે, કોઈ પ્રસંગ કે કોઈ કર્મ આવ્યું એનો સાચો ખ્યાલ આપણને ના સૂઝવા દે. ભયગ્રંથિ એવી છે કે આપણને સાચી વસ્તુ સૂઝવા ના દે. તે ઉપરાંત, બીજી મુશ્કેલી તો એ છે કે મૂઉં, સાચું સૂઝવા ના દે, તેનો કંઈ વાંધો નહિ, પણ એને બદલે તદ્દન ઊંધું બતાવે છે. દાખલા તરીકે હું પહેલવહેલો

સ્મશાનમાં સૂવાનો અભ્યાસ પાડવા ગયો ત્યારે અંધારામાં ઝાડનું ઠૂંઠું જ હોય તોય 'સાલું ભૂત છે !' એવું દેખાય. પણ હું એ વિચારથી આવરાઈ ના જઉં. બીક લાગે કે 'સાલું બરોબર બેઠું છે ત્યાં.' એ બીકને લીધે માણસ જેવો આકાર દેખાય. ટૉર્ચ લઈને એની પાસે જઉં ત્યારે 'ઠૂંઠું જ છે આ તો, ખોટું બીતા હતા. માણસ તો છે જ નહિ. આ તો ભૂતેય નથી, અને પ્રેતેય નથી.' એમ ખાતરી કરું. એવી રીતે એ ભયગ્રંથિ આપણામાં છે અને જે આપણને નડે છે. અનેક ઠેકાણે આપણા વિકાસને રૂંધે છે. સાચી વસ્તુનું સાચું દર્શન થવા દેતું નથી. આ બધું પ્રત્યક્ષપણે ડંખતું ભાન થાય અને એ ભાન આપણને ડંખે ત્યારે આપણે ઉદ્યત થઈએ છીએ, જાગ્રત થઈએ છીએ. પછી એ ભયને ટાળવા માટે આપણાથી થાય તેટલા ઉપાયો કરીએ છીએ. અન્વય ૧૪-૧૫

૭

આ જીવના સાધનાના શરૂઆતના ગાળામાં મનનાં વલણ, વિચાર, બુદ્ધિની તર્કપરંપરા, દલીલો, પ્રાણના આવેગ અને આવેશ, અહંતાના અનેક આકાર પ્રકારો એ બધાંને યંત્રવત્ શ્રીપ્રભુકૃપાના બળથી ટાળ્યા કરવાનું સૂઝ્યા કરેલું. તેથી પણ કશો દહાડો વળતો ન લાગ્યો. જોકે પ્રભુકૃપાથી તે તે બધું ટાળ્યા કરવામાં ઘણી વાર ફતેહમંદ પણ થવાતું. પણ એથી આગળ ડગલું મંડાતું જતું અનુભવાઈ શકાતું ન હતું અને અહીં તો સદ્‌ગુરુનો હુકમ હતો કે વસ્તુને લક્ષણથી ઓળખો, એટલે એવી રીતે ઉપરનું જે તે બધું ઊપજતું તેને યંત્રવત્ ટાળવામાં લાભ નથી. એ કેટલાય સમયની કડીતોડ મહેનત પછી પ્રભુકૃપાથી સમજાયું. જોકે તેથી કરી કંઈ કશો લાભ થયો જ ન હતો એવું તો ન હતું. તેથી, તેવા ગુણોની કક્ષામાં તો પ્રવર્તાવાનું બની શકેલું, પરંતુ તે તે બધું ટાળવા કરવાની પાછળ પ્રત્યક્ષ તે તે પળે જીવનના ધ્યેય પરત્વેના હેતુનું જીવતુંજાગતું જ્ઞાન, તેની સમજણ અને તે કર્મના હાર્દમાં તેવા

પ્રકારની તે તે આચરતી પળે સમજણની ભાવના પ્રગટવી ઘટે. તે તે રીતે તે તે બધું જો ફેંકાતું જાય, તો તો યોગ્ય અર્થ સરતો હોય છે.

અને આવો જે અંતરમાં અંતરથી સંગ્રામ ખેલાતો હોય છે, તેમાં તો કેટલીયે વાર વેદનાની શૂળીએ અધવચ લટકવાનું આવે છે. ત્યાં જ ખરી કસોટી થતી હોય છે, તે કસોટી છે, તે પરીક્ષાકાળ છે અને ત્યાં એકમાત્ર શ્રીપ્રભુસ્મરણની કૃપાથી જ બચાવાનું છે એવું કૃપાજ્ઞાન એની એક કૃપાથી તે તે કાળે જાગતું રહેતું હતું. તેવે સમયે હૃદયમાં હૃદયથી શ્રીગુરુમહારાજને વારંવાર રડી રડી, નમ્રતાની હદની પેલે પાર પહોંચાઈ જઈને, તે કક્ષામાંથી એને પ્રાર્થનાનો હૃદયથી પોકાર પાડ્યા કરતો. તેવી રીતના પ્રાર્થનાના પોકારના ભાવથી ઘણીયે વાર એનો
પોકાર ૩૪૧-૩૪૨ સાદ સંભળાતો અનુભવાયો છે અને અચાનક મદદ મળતી અનુભવાઈ છે.

જીવનની ઘણી એવી કટોકટીની પળોમાં અને તે પણ છેક અણીની વેળાએ, મને એણે છેક છોડી દીધો હોય એવું કદી પણ અનુભવ્યું નથી. છેક છેલ્લામાં છેલ્લી અંતની પળ સુધી એણે બાથોડિયાં મરાવ્યા કર્યા હોય છે અને હવે જાણે કે નથી ફાવતું અને તેમ છતાં હિંમત, સાહસ, ધીરજ, બળ-બધુંએ એની કૃપાથી તેવી દશામાં પણ વાપર્યા જ કરવાનું સૂઝ્યા કરતું, પણ નિવેડો તો કેમે કર્યો હાથ લાગે જ શેનો ? અને એક બાજુ અંતરમાં હૃદયથી હૃદયમાં હૃદયની પ્રાર્થનાનો સાદ તો ચાલુ જ રહ્યા કરેલો હોય-ત્યાં જાણે ક્યાંયથી એની ઓચિંતી કૃપામદદ ફૂટી નીકળતી ! આ જીવ તો એના પર કૃતજ્ઞતાભર્યો
પોકાર તે વેળા ગદ્ગદ થઈ જતો. એના પર બસ વારી વારી જતો.
૩૪૪-૩૪૫ એ જ મારું સર્વસ્વ હતો અને હજીયે છે.

પ્રભુની અંતરની શક્તિથી જે બને છે, તે કશાથી નથી બનતું. જે કરવાને કેટલાંયે વર્ષ આ જીવે જહેમત (અને તે પણ જેવી તેવી નહિ) ઉઠાવેલી, તે કામ એની કૃપાશક્તિથી થોડાક સમયમાં બની શક્યું. કોઈક દલીલ કરે કે આગળ જે

જહેમત ઉઠાવેલી, તે જરૂર ખપમાં લાગેલી હોવી જોઈએ. ના, તેમ નથી. બીજાં બધાં ક્ષેત્રમાં તે ક્ષેત્રને કાજે કરેલી મહેનત જો યોગ્ય દશાથી અને યોગ્ય દિશામાં થઈ હોય તો તેમાં ફતેહમંદ ન થવાતાં, ફરીથી શરૂ કરતાં આગળની ઉઠાવેલી જહેમત, તેવા ફરીથી શરૂ થતા ચડાણના માર્ગમાં ખપમાં લાગે છે-જ્યારે આમાં તાણી તાણીને, તણાઈ તણાઈને, બેળે બેળે, તવાઈ તવાઈને જે કરેલું હોય છે, તેથી ઊલટું વક્રતા પણ પેદા થવાનો સંભવ રહે છે. પોકાર ૩૫૦-૩૫૧

૮

શરૂ શરૂમાં આપણે કઈ શક્તિના સંચયથી કામ કરવું ? જેમ વેપાર કરવાને પ્રથમ મૂડી, તેની કળા, તેનો વિવેક, તે સંચાલન કરવાનું જ્ઞાન, તે ક્ષેત્રના વહેવારની સમજણ, તેનો કર્મ કરતાં કરતાં પ્રત્યક્ષ થતો જતો અનુભવ વગેરે વગેરે બધાંની જેમ જરૂર રહે છે. તેમ જીવનવિકાસની ભાવનાને વિકસાવવા કાજે પણ શક્તિરૂપી મૂડીની જરૂર રહે છે. આ મૂડી શરૂ શરૂમાં લાવવી ક્યાંથી ? આ પ્રશ્ને મને ઘણો ઘણો મૂંઝવેલો. જેમ વેપાર કાજે બીજાં બધાં જોઈતાં સાધન હોય, પણ ધનની મૂડી ન હોય, અને તે મેળવવા કાજે તેવી યોગ્ય ઓળખાણ કે સંબંધ ન હોય અને તેવા માણસનો વેપાર કરવાનો ઘણો વિચાર હોય, તોપણ તે લૂલો લૂલો થઈ જતો હોય છે. પોતાના વિચારને તે અમલમાં મૂકી શકતો નથી, તેવું આ જીવનું બની ગયેલું, પરંતુ જેમાં ને તેમાં નિરાશ થઈને લાચારી ભોગવીને કદી પણ બેસી તો ન જ રહેવું, એવું મારા સદ્‌ગુરુનું આ જીવને મળેલું આજ્ઞાવચન હતું. ગુરુના સદ્‌વચનને તો ગમે તેવો ભારેમાં ભારે ભોગ આપીને પણ યથાર્થપણે વર્તનમાં મૂકવું તે મૂકવું જ, એવી સમજણ શ્રીપ્રભુકૃપાથી દિલમાં ઊતરેલી. તેથી કરી તેવી ખોટી ખોટી રીતે ઊપજેલી લૂલી લૂલી દશામાંથી ઊગરી જવાનું પણ બની શકેલું. તેવી વેળા એવા સદ્‌ગુરુની ભાવનાની ધારણાને હૃદયસ્થ કર્યા કરતો. એને અત્યંત આર્ત અને આર્દ્ર

ભાવે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરતો. સર્વ ધ્યાન એવાં એવાં પ્રશ્ન, ગૂંચ, મુશ્કેલી વગેરે જે ઊઠતાં, એના ઉકેલ કરવાપણામાં રોકી સમજણપૂર્વકનું વર્તવાનું કર્યા કરતો હતો. એમ હૃદયમાં પ્રેમભક્તિથી હૃદયથી એની પ્રાર્થના કરતાં કરતાં આ જીવને એનો ઉકેલ આપોઆપ જેમ જમીનમાંથી ઓચિંતો વાંસ ફૂટી નીકળે છે, તેમ ઊગી જતો. તેથી, એવા થતા રહેલા પ્રાર્થનાના પ્રકારમાંથી આ જીવને સૂઝ્યું કે :-

'હે જીવ ! તારી જીવનવિકાસ કરવાની અદમ્ય ઉત્સાહ-યુક્ત ખંતપૂર્વકની ઝંખના, તે પરત્વેની દૃઢ શ્રદ્ધા, તેના પરત્વે પુરુષાર્થ કર્યા કરવાની તારી ખાંખત, કાળજી, શૌર્ય, હિંમત, સાહસ, અનંત ધીરજ આદિ ગુણથી પ્રેરાઈને એની કૃપાથી પુરુષાર્થ કરવાની તારી નેક દાનત, તે પરત્વેની તારી સંપૂર્ણ વફાદારી, તારી શુદ્ધ પ્રમાણિકતા, એવો પુરુષાર્થ મંદ પડતાં તું જાગી જઈને એને મંદાગ્નિમાંથી જ્વલંતપણે પેટાવવાનું કર્યા કરે છે તે જાતનો એની કૃપાથી બનતો રહેલો પુરુષાર્થ, તારી ઉત્કટમાં ઉત્કટ ભાવનાના વિકાસ કાજેની ઝંખના, તે પરત્વેની પૂરી અંતરમાંની શ્રદ્ધા અને તે કાજેનો એની કૃપાથી થતો રહેતો પુરુષાર્થ-એ શક્તિઓ કંઈ જેવી તેવી નથી.'

આ ઉકેલ મળી ગયો. તેથી, એક પ્રકારની જીવનમાં ટટારી અને ખુમારી પ્રગટી ગઈ. અનેકગણાં શૌર્ય અને હિંમત જાણે ફુવારાની પેઠે ફૂટી નીકળ્યાં. સદ્‌ગુરુની ભાવનાને એકાગ્ર અને કેંદ્રિત હૃદયમાં હૃદયથી થતી રહેતી એની એવી ધારણા આવા
પોકાર આવા પ્રશ્ન આદિના કાળે ઘણા ઘણા ઉપયોગમાં આવતી
૧૨૮-૧૩૦ અનુભવેલી છે.

જીવપણાના અહમ્‌ને મિટાડવા અને તેને ફટકો આપવા અને તેમાં અવનવાં જન્મતાં માથાંઓને કાપવા, કંઈ કંઈ અખતરા પ્રભુકૃપાથી આ જીવે કરેલા છે. કોઈક કંઈક પણ કહે તો તે સહજભાવે સ્વીકારી લેવાની યોગ્ય ટેવ જ્ઞાનપૂર્વક પહેલાંથી પાડ્યા કરવાને એની કૃપાથી મથવાનું બનેલું. નાના છોકરાનું પણ માની લઉં. માત્ર કેટલાક અપવાદને મનમાં પૂરી

જાગ્રત સમજણથી મક્કમતાના સ્વરૂપમાં તે વેળા રાખેલા હતા, તેની વાત જુદી હતી. ઉપરની મારી જે તે સ્વીકારી લેવાની ટેવની ખબર સાબરમતી આશ્રમમાં છાત્રાલયનાં છોકરાંને પણ પડી ગયેલી. તેથી જ્યારે આ જીવ મળત્યાગ કરવા માટે જતો હોય તેવી વેળા કોઈ ટીખળખોર હોય તે આવીને કહેતું કે '....! હમણાં જાજરૂ જશો નહિ,' તો એમ સાંભળી આ જીવ પાછો વળી જતો. ઘણી વાર સુધી કામ કરતો કરતો તેમ કર્યા સિવાય તે બેસી રહેતો, આથી કશું બગડ્યું નથી. ઊલટો એક પ્રકારનો સંયમ કેળવાતો, એવું જ્ઞાનભાન તે વેળા પ્રગટતું.

અનેક પ્રકારનાં અહમ્‌થી ઊઠતાં આંદોલનો પ્રભુકૃપાથી સમજવાને મથ્યા કરતો. આવા જ્ઞાનપૂર્વકના અભ્યાસનું પરિણામ તો એ થવા માંડ્યું કે સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક, પ્રસન્નતા, સહિષ્ણુતા આદિ ગુણો એની મેળે પ્રગટતા અનુભવાયા હતા. આમ, જ્ઞાનભક્તિપૂર્વકની જાગૃતિથી અને તેના હેતુ અર્થે પળાતા જતા સાધનાના અભ્યાસથી, ગુણો તો આપોઆપ કેળવાતા જતા હોય છે તે નિશ્ચિત હકીકત છે. એકલા ગુણો કેળવવાનો મહાવરો આ જીવને કદી ન હતો અને એવું આવડતું પણ ન હતું. એકલા ગુણ કેળવવા છે, એવો જાગ્રત ખ્યાલ પણ તે વેળા ન હતો, પરંતુ સાધનાના જ્ઞાન-ભક્તિયુક્ત યોગ્ય પ્રકારના એકધારા અભ્યાસમાંથી તેવા ગુણોનું કેળવવાપણું બનેલું અને તેવો તેવો અનુભવ થતાં કોઈ અનેરો આનંદ પ્રગટતો અને તેમાંથી યોગ્ય પ્રકારનો આત્મવિશ્વાસ પ્રગટ્યા કરેલો. પોકાર ૧૨૭-૧૨૮

નડિયાદના મારા છસાત વર્ષના સાધનાકાળ દરમિયાન જ્યાં જતો ત્યાં ભજન ગાયા કરતો ફર્યા કરતો અને જ્ઞાતિનાં રીતરિવાજને સુધારાની દૃષ્ટિથી નહિ, પરંતુ તે પાળવાનું યોગ્ય ન લાગતાં-તેવા નિમિત્ત પ્રસંગે-તેમ થયા જતું હતું. આમ, સમાજની રીતે કંઈ પણ કરવાનું ન બનતું, તેથી તે લોક મારે માટે ઘણું ઘણું બોલતા. પોતાનાં કુટુંબીજન સાથે, પોતાના જ ગામમાં, સગાંવહાલાંની વચ્ચે રહીને હરિજન સેવક સંઘમાં

કામ કરનાર એવો એકલો આ સેવક હતો. બીજા બધા, પરીક્ષિતભાઈ, હરિવદનભાઈ વગેરે તો એકલા એકલા હતા. તેઓ પરણેલા ન હતા કે એવી બીજી કોઈ કૌટુંબિક જવાબદારી ન હતી. મને તો પ્રભુકૃપાથી કૌટુંબિક જવાબદારી પણ હતી. વળી, પોતાના જ ગામમાં અને સગાંવહાલાં વચ્ચે રહેવાથી અને હરિજનોનું કામ કરતો હોવાથી મુશ્કેલીઓ પણ ઠીક ઠીક પડતી, પરંતુ આ પરત્વે કોઈનું પણ યોગ્ય લક્ષ દોરવાયું ન હતું. વળી, બીજા બધા જે કંઈ વેતન લેતા એટલું જ હું પણ લેતો હતો. આજે હું પ્રેમથી અને તટસ્થતાથી કહી શકું છું કે તેમાં મારો ત્યાગ વિશેષ હતો. બીજાઓ જે વેતન લેતા તેમાં તેમને કૌટુંબિક જવાબદારી ન હતી, જે મારે હતી. તેથી, એટલા વેતનમાં ઘણી કઠણાઈ ભોગવવી પડતી. મહામુશ્કેલીએ જેમ તેમ કરીને ચાલતું, પણ કદી તે માટેનો એક હરફ પણ કોઈની આગળ કાઢ્યો નથી. તે કાજે સહાનુભૂતિના કોઈએ બે બોલ પણ કહેલા નથી. ‘આપણા કરતાં ચૂનીભાઈની જવાબદારી વિશેષ છે’ તેની યોગ્ય સમજ પણ કોઈને પ્રગટેલી ન હતી. વેતનનું ધોરણ તો સ્વૈચ્છિક હતું. એટલે તો જ્ઞાનપૂર્વક સમજી-બૂજીને એવી પરિસ્થિતિ પ્રભુકૃપાથી સ્વીકારેલી હતી. તેમાં તપ પણ હતું અને ત્યાગ પણ હતો. અને પ્રભુકૃપાથી એવી સમજણથી જીવનનો વિકાસ થવામાં ઘણી પ્રેરણા મળેલી. આપણને મળેલું કર્મ આપણા પોતાના જીવનવિકાસ માટે છે પછી ભલે એની કોઈ કદર કરે કે ન કરે. આવી પાકી સમજણને લીધે જીવપ્રકારની વૃત્તિ ત્યારે પણ પ્રભુકૃપાથી ઊઠી શકી ન હતી. એવી વૃત્તિ ઊઠી હોત તો દિલમાં અસંતોષનો કીડો પ્રગટ્યો હોત અને તે આપણામાંના કોઈ ને કોઈ આગળ વ્યક્ત પણ થાત.

આ બધી હકીકતને આજે ઘણે વર્ષે હું તટસ્થભાવે જણાવું છું, કારણ કે તમને પણ મિત્ર હોવા છતાં એવું એનું કદરતાપૂર્વકનું યોગ્ય ભાન પ્રગટ્યું ન હતું, એટલે પછી મારી જ્ઞાતિના લોકનો દોષ હું કેવી રીતે કાઢી શકું ? મારે માટે તે

લોકો કંઈક કંઈક બોલતા તે વેળાએ તે હકીકત પરત્વેનું શ્રીનરસિંહ મહેતાએ ગાયેલા તે ભાવનાના ગીતના ઢાળનું કંઈક ગાઈને શાંતિ મેળવતો. એવું એક નીચે આપ્યું છે :

*મારગડે હું આડે ચાલું, મહેણાં લોકો મારે જી,*
*સીધે મારગ ચાલતાં મુજને, લોકો આડો કહે છે.*
*મારે શું કરવું જી !* સંશોધન ૨૩૨-૨૩૪

આ જીવે નમ્રતાની કેળવણી જાણીબૂજીને સમજણપૂર્વક ખીલવેલી હતી. સેવાના ક્ષેત્રમાં જ્યાં જ્યાં હક્ક હતો, ત્યાં પણ તેને છોડી દઈને એનાથી નીચી પાયરીની જગા સ્વીકારવાનું જ તે કર્યા કરતો. સરખે સરખાપણાની સ્થિતિમાં હોવા છતાં કંઈ કશા કાજે હક્ક દાવા કરેલ નથી. નડિયાદની શાળામાં આ જીવ મુખ્ય પદે હતો અને આશ્રમમાં પણ, પરંતુ મારાથી નીચેના પદના શિક્ષકને આચાર્યપદે મૂકીને તેના હાથ નીચે જ કામ કરવાનું રાખતો. તેથી, પેલા શિક્ષકને પણ ઉત્તમ કેળવણી મળતી, શીખવાનું મળતું. વળી, તે જીવને ઘણું સારું લાગતું. બોદાલ આશ્રમમાં મુખ્ય વ્યવસ્થાપક તરીકે બદલી થયેલી, પણ તે ઠેકાણે હેમંતભાઈને જ મુખ્ય વ્યવસ્થાપક નીમવા એમ મેં મારી જાતે અમારા સંઘની વ્યવસ્થાપક સભાને વીનવેલું, હેમંતભાઈને મારા ઉપરી મેં પોતે બનાવેલા તે પણ મારી જ માગણીથી. એટલે મળેલા હક્કને પણ જતો કરવાનું આપણે પ્રેમથી શીખીશું અને બીજાને આગળ આણ્યા કરવાનું આપણે પ્રેમભાવે કરીશું તો તેમાં આપણું કશું જ બગડી જવાનું નથી. સંસારવહેવારવર્તનમાં કંઈ કશામાં અહમ્ ન પ્રગટે એવી તો પૂરેપૂરી સોએ સો ટકા જાગૃતિ રાખવાની છે. જેનામાંથી અહમ્ ન જાય તે કદી ચેતનના પ્રકારમાં પ્રગટી ન શકે. અહમ્ એ તો ચેતનનો, પ્રકૃતિ દ્વારા પ્રકૃતિમાં કામ કરતો રેલો છે. ચેતન જેમાં જેમાં પ્રવેશે તેના તેના રૂપે જ પ્રવર્તે છે. પોકાર ૭૫

આ જીવને સંઘમાં કંઈ અન્યાય થયા જ નથી એમ તો નથી, પરંતુ આ જગતમાં અને સંસારવહેવારમાં ન્યાય અન્યાયનાં પાસાં રહેલાં હોવાથી ન્યાય પણ થાય અને અન્યાય પણ થાય,

એવું તો બનતું જ રહ્યા કરવાનું. અન્યાય કોઈ તરફથી થયા કર્યો હોય, પણ તેમ છતાં તેમના પરત્વે સદ્‌ભાવ જ સેવ્યા કરવો, એ આપણા વિકાસ થવા કાજે ઉત્તમ હકીકત છે. વળી, આપણને જે અન્યાય થતો દેખાય છે, તેવો સાચેસાચ અન્યાય કરવાનો હેતુ કદાચ ન પણ હોય. પ્રભુકૃપાથી આ જીવે તો જે તે પરત્વે સદ્‌ભાવ જ સેવ્યા કરેલો છે. જાણી જોઈને માગીને નીચલું પદ જ સ્વીકારતો, ત્યાં પણ ઉપલા પદનું અધિકારપણું ક્યાંય ડોકિયું ન કરી જાય તેનું તો પ્રભુકૃપાથી પૂરતું જ્ઞાનભાન રહેતું. આજે પણ મારા જીવનના તે કાળના કર્મસાથી મિત્રો આ હકીકતના સાક્ષી છે. સાથે સાથે કામ કરવા છતાં અને એક જ સંસ્થાનાં કામમાં લાગેલા હોવાથી, કોઈપણ દિવસ ડહાપણ ડહોળવાનું તો કરેલું જ નથી. મુખ્ય પદવાળાને સૂચના, સલાહ દેવાનું પણ ભાગ્યે જ બનતું. કદી પણ આગળ પડીને કશું વહોરી લેવાનું બનતું જ નહિ. બને તેટલું તે વેળા પણ પ્રભુકૃપાથી મૌન સેવાતું. કામ કરવાપણામાં સહુની સાથે બરાબરીમાં પૂરેપૂરું રહી શકાતું. આવી બધી હકીકત લખવાનું કારણ તો એ છે કે જેથી સ્વજનો સમજે અને તેમ વર્તવાનું કરી શકે. જે કરતું હોય તેને જ કહી શકાય છે. જીવનને વેડફી દેવાનું નથી. એને જરા પણ કંઈ કશામાં વેડફી દેવાનું થઈ જતાં આપણે કાળજે અરેરાટી-ચિરાડો પડવો જોઈશે. આપણે કાળજે તો તેવી વેળા એનો ઊંડો, કારમો ધ્રાસકો પડવો ઘટે. જો એવું બને તો જ આપણે ચેતેલાં રહી શકીએ. જીવનની એવી વેળાએ અંતરમાં ધ્રાસકો પડતો અનુભવાય, તો જ સમજવું અને માનવું કે આપણાથી જીવનવિકાસને માર્ગે જરૂર જઈ શકાવાનું છે. કોઈનો પણ આપણા પરથી ભાવ ઘટે નહિ એમ વર્તવાનું હોય.

પોકાર
૭૭-૭૮

આ જીવને અનેક પ્રકારની પારાવાર લાચારીમાં જીવન જીવવાનું બનેલું છે, પરંતુ તેમાંથી તેણે જીવનવિકાસ કાજેનો લાભ મેળવ્યો છે. પ્રત્યેક પરિસ્થિતિ, પ્રત્યેક સંજોગ, પ્રત્યેક પ્રસંગ, પ્રત્યેક વ્યક્તિનો સંબંધ અને સંપર્ક વગેરે વગેરે-એ

બધાં સાથેનાં જવાબદારી, પ્રમાણિકતા, વફાદારી, સચ્ચાઈ, સહૃદયતા, નેકદિલીનાં અનુશીલન-પરિશીલનમાંથી એકનિષ્ઠાનો જે ભાવ જન્મે છે, તેવી એકનિષ્ઠા જીવનને સર્વ પ્રકારના આડા, અવળા, ઊભા, વાંકા, વળાંકોમાંથી ચડાણઊતરાણની ખીણોમાંથી, અનેક પ્રકારના વળાંક લેતા પથમાંથી પસાર કરાવીને જીવનને સાંગોપાંગ તે પાર ઊતરાવે છે. પ્રભુકૃપાથી જીવનમાં જ્યારે સાધનામાં પડવાનું બનેલું, ત્યારે વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, ભાવ, પ્રેરણા વગેરેનાં મૂળમાં જવાની એક પ્રકારની સમતા, શાંતિયુક્ત તટસ્થતાભરી કેળવાયેલી આદત પ્રગટેલી. એકનિષ્ઠાનું મૂળ શેમાં હોઈ શકે, તે વિચારતાં વિચારતાં ઉપરનો અનુભવ લાધેલો. સાચે જ એકનિષ્ઠ થવાયા વિના વસ્તુના હાર્દમાં કોઈ પ્રવેશી શકતું નથી, એટલા માટે જ અને સાધનાનું હાર્દ પ્રભુકૃપાથી અનુભવાયાથી, દરેકને લક્ષણ વડે જ ઓળખવાની ટેવ પડેલી છે. જો આપણાથી એકનિષ્ઠ ન થવાયું હોય તો જરૂર સમજી લેવું કે આપણને હજી ધ્યેય પરત્વેની જવાબદારી, સચ્ચાઈ, સહૃદયતા વગેરે વગેરે ખરા પ્રમાણમાં પ્રગટેલી નથી. તો તે પ્રગટાવવી તે આપણું કામ છે. એકનિષ્ઠા પ્રગટ્યા વિના જીવનની સાધનાના પુરુષાર્થમાં નવચેતન, પ્રાણ પ્રગટી શકવાનાં નથી. જો ઉચ્ચ આદર્શવાળું જીવન જીવવું જ હોય, તો તે પરત્વેની એકનિષ્ઠા કાવેરી મૈયાનાં વહેતાં પાણીની પેઠે આપણા જીવનમાં જીવતી થઈ ગયેલી હોવી જોઈશે. એકનિષ્ઠા વિના સાધનાના એકડાનું પણ મંડાણ થઈ શકવાનું નથી. એકનિષ્ઠા વિના ધ્યેયના માર્ગ પરત્વેનાં ઉત્સાહ, ખંત, સાહસ, ધીરજ, સહનશીલતા, સહિષ્ણુતા વગેરે વગેરે ગુણો ટકી પણ શકતા નથી. પોકાર ૩૭૬-૩૭૭

૯

નડિયાદમાં મારું કામ એક નાનકડી શાળા પૂરતું ભલે હતું, પરંતુ તેટલા જ પૂરતું તે કામને મર્યાદિત કરી નાખ્યું ન હતું. અસ્પૃશ્યતાનું નિવારણ થાય તેવા પ્રકારના સમારંભો પણ

વર્ષમાં એકબે વાર યોજવાનું થતું. ભાદરવા વદ બારસ-ગાંધીજીના જન્મદિવસ-ના નિમિત્ત પ્રસંગે એક વખત હરિજનો તથા ગામના પ્રતિષ્ઠિત સજ્જનોનું એક સ્નેહસંમેલન યોજ્યું હતું. તેમાં સૂકો મેવો તાસકોમાં આપવાનો પ્રબંધ કર્યો હતો. અમે બધા જ એકસાથે એક જ પંગતે પાથરણાં પર બેસીએ એવી વ્યવસ્થા કરી હતી. હરિજનના જુદા જુદા વર્ગમાંથી પણ માણસોને નોતર્યા હતા અને નડિયાદ શહેરમાં પણ પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને આમંત્રણ પત્રિકાઓ જાતોજાત જઈને આપી આવવાનું કર્યું હતું. આ સંમેલન બહુ સારી રીતે પ્રભુકૃપાથી પાર પડ્યું. તેમાં શ્રી ગોકુળદાસ તલાટી ('બાપુ' તરીકે તેમને બધા નડિયાદમાં સંબોધન કરતા) તથા શ્રી ફૂલચંદ બાપુજી શાહ અને એવા બીજા નામાંકિત સદ્‌ગૃહસ્થો પણ ખાસ આમંત્રણથી પધારેલા હતા. આ જાતના સમારંભે બીજે દિવસે નડિયાદ ગામમાં ભારે હોહાકાર મચાવી મૂક્યો, શહેરને જુદે જુદે ઠેકાણે આનો ઊહાપોહ થયા કર્યો હતો.

શ્રી ગોકુળદાસ તલાટી અને શ્રી ફૂલચંદ શાહની જ્ઞાતિએ ભેગાં મળીને તેમનો જ્ઞાતિબહિષ્કાર કરવાનું ઠેરવ્યું. તે બે સજ્જનોના પક્ષમાં પણ તેમની જ્ઞાતિના માણસો તો હતા જ. એટલે ઉપરના સંમેલનમાં ભાગ લેવાથી તે જ્ઞાતિમાં બે તડ પડી ગયાં. તે વણિકોની જ્ઞાતિમાં શ્રી ગોકુળદાસભાઈ તલાટી તેમ જ શ્રી ફૂલચંદ બાપુજી શાહ-તેઓ બન્ને તો ઘણી પ્રતિષ્ઠિત અને સમાજમાં ઘણો મોભો ધરાવનાર વ્યક્તિઓ હતી, તેમ છતાં તેઓને અસ્પૃશ્યતા નિવારણના સંમેલનમાં ભાગ લેવાથી તેમની જ્ઞાતિમાં ઊહાપોહ થયો, તેની અસર નડિયાદમાં મારા શરીરની જ્ઞાતિ ઉપર પણ પડ્યા વિના ન રહી.

મને પણ જ્ઞાતિમાંથી બહિષ્કાર કરવાનો ઊહાપોહ જાગ્યો અને તેનો પ્રવાહ પણ શરૂ થઈ ગયો, પરંતુ તે અટકી જવામાં જ્ઞાતિના વડીલો પરત્વેનું મારું હંમેશનું નમ્રતા અને સદ્‌ભાવ-પૂર્વકનું વર્તન તથા પૂજ્ય શ્રીગોદડિયા મહારાજના મારી પરત્વેના સદ્‌ભાવનું કારણ હોય તો હોય. તેઓ નડિયાદ પધારતા ત્યારે

તેઓ પણ નડિયાદના સ્મશાનમાં વાસો કરતા. મારે પણ રોજ રાત્રે ત્યાં જ સૂવાનું થતું. તે કારણે તેમનો અને મારો પ્રભુકૃપાથી મેળાપ અને સંગમ થઈ ગયો હતો. તેથી, અવારનવાર તેમની પાસે હું જતો, મારી સાધના તરફની કોઈક પ્રકારની ગતિનો અને કંઈક સાધનનો અભ્યાસ હું કરું છું તેવો તેમને અણસારો પ્રગટી ગયો હતો. હું પણ મારાથી બને તેટલી તેમના શરીરની પણ સેવાચાકરી કરવાનું ચૂકતો નહિ. મારી જ્ઞાતિના સજ્જનો પણ તેમની પાસે અવારનવાર જતાં આવતાં તથા મારું પણ તેમના સમાગમમાં આવ્યા કરવાનું હોવાથી અને જ્ઞાતિવાળાઓ પરત્વે સદ્‌ભાવવાળા વર્તનની અસરથી મારો બહિષ્કાર કરવાનો વિચાર આખરે માંડી વળાયો હતો.

હરિજન સેવક સંઘમાં ભાઈ પરીક્ષિતલાલ, તમે, હરિવદનભાઈ તથા બીજાઓ કામ કરતા હતા, પણ તમે સૌ પોતાનાં સગાંવહાલાં જ્યાં રહેતાં હોય ત્યાં કંઈ તમને સૌને કામ કરવાનું હતું નહિ. મારે ભાગે તો સગાંવહાલાં અને જ્ઞાતિબંધુઓ વચ્ચે જ હરિજન સેવાનું જે કામ સાંપડ્યું હતું, તે કામ તમો બધાંના કરતાં વધારે મુશ્કેલીવાળું હતું. ભરવસ્તીવાળા અને સગાંવહાલાંના મહોલ્લામાં રહેતો, ત્યાં પણ હરિજનોનું આવવા જવાનું કદીક બને તેથી બધાં છંછેડાઈ પડે, અને તે બધાંનો રોષ અમારે સહન કરવાનો આવતો. તે ઉપરાંત, અસ્પૃશ્યતાનું નિવારણ જે રીતે થાય એવા સમારંભો પણ યોજવાનું કામ અવારનવાર કર્યા કરવાનું પ્રભુકૃપાથી બનતું. જે કામ હાથમાં લીધું હોય તે ભલેને નાનામાં નાનું હોય, પણ તેના ઉત્તમ ગુણની કક્ષામાં પરિણમાવવાનું પ્રભુકૃપાથી સૂઝ્યા કરતું અને તે રીતે બેધડકપણે નિર્ભયતાથી તેમાં ઝંપલાવવાનું બન્યા કરતું. આ કામ વિશેષ કપરું હોવા છતાં મને કદી અસંતોષ જાગ્યો નથી. ઊલટું સેવા કરવાની વિશેષ તક સાંપડી છે, તે મારું સદ્‌ભાગ્ય છે એમ લાગતું.

મારા સેવાના ક્ષેત્રની તે હકીકતને તેવી રીતે કોઈએ વિચારી જાણી નથી, એમ આજે પણ મારું માનવું છે. તોપણ કદીયે

એમ નથી થયું કે 'મારા સહકાર્યકર્તા ભાઈઓએ મારી જોઈએ તેવી કદર કરી નથી.' કારણ કે મને તો કામ કર્યા કરવાની જ અપેક્ષા રહ્યા કરતી હતી. હરિજન સેવાના ક્ષેત્રમાં કામ કરતા ભાઈઓ સાથે મારે તો સદાયે સદ્ભાવ જ ટકી રહેલો છે. સંઘમાં કામ કરતા જુદા જુદા સ્વભાવના ભાઈઓ સાથે તેઓને ભલેને માંહોમાંહે સુમેળ ન હોય, બલ્કે કોઈ કોઈને અણગમાનો ઉશ્કેરાટ પણ હોય, તેવા તેવા ભાઈઓ સાથે પણ મારે તો સંપૂર્ણ પ્રકારનો મેળ હતો. મારા પરત્વે પણ કોઈને કંઈ કશું આડુંઅવળું પ્રગટેલું હોય એવું જાણ્યામાં નથી.

દર્શન
૩૪૦-૩૪૩

૧૦

મારે જ્યારે લગ્ન કરવાનું હતું ત્યારે પૈસા મળે નહિ. જે તે ગુરુને પ્રાર્થના કરવાની. હું પ્રાર્થના કરું તો જવાબ પણ મળે. એટલે પ્રાર્થના કર્યા કરું. બેત્રણ દિવસ સુધી કંઈ જવાબ મળે નહિ. ત્યાં સુધી મારી બાને હું કંઈ જવાબ આપું નહિ. ત્યાં જવાબ મળ્યો કે 'લગ્ન કરવામાં શું વાંધો છે ? લગ્ન કર ત્યારે તને ખબર પડશેને કે તારી જિજ્ઞાસા કેટલી છે ? શ્રદ્ધા કેટલી છે ? આ માર્ગે જવું છે કે નહિ ? એની તેનાથી તને ખબર પડશે. તું ગભરાય છે શા માટે ? આ તો તને પોતાને સમજવાની સારી તક મળી છે.' મેં કહ્યું, 'મારી પાસે પૈસા નથી.' તો કહે, 'પૈસા તો જે હોય તે લઈને જવાનું.' ના હોય તો કહી દેવું, 'મારી પાસે પૈસા નથી.' મેં કહ્યું, 'આ સંસારમાં આવું તો ના ચાલે.' તો કહે, 'આપણે એવું ચલાવીએ, આપણે નવા રસ્તે ચાલીએ.'

'ચીલે ચીલે તીન ચલે, કાયર, કેર, કપૂત.' ચીલે ત્રણ જણ ચાલે. કાયર, કેર અને કપૂત. કેર નામનું એક ઝાડનું ફળ થાય છે, કેરાં થાય છેને ? આ ત્રણ ચીલે ચાલવાવાળાં છે. આ ચીલો છોડીને ચાલે તેવા ત્રણ જણ-'શાયર, શેર અને સપૂત.' છે. આપણે એવા થવું. જો પૈસા ના હોય તો પૈસા નથી એમ કહેવું. એના વિના નીકળવું. એમાં શી મોટી વાત ?

મેં કહ્યું, 'બાપજી, રેલવે ગાડીમાં જવાનું.' 'એ તો એમ ને એમ ચડી બેસવું.' મેં કહ્યું, 'ટિકિટ માગે અને પૈસા માગે તો શી વલે થાય ?' 'તો તે વખતે જોયું જશે. આવા ભવિષ્યના વિચાર ના કરવા. આપણે તો જેમ રંગ આવ્યો અને જેમ સંજોગ હોય તેમ કરવું.' 'પણ પૈસા વિના ગાડીમાં બેસાય ?' તો કહે, 'એની મેળે બેસાય અને આગળ જેમ થાય તેમ જોવું. વળી, આપણને કોઈ પૈસા આપી દેનાર પણ મળે.' આપણે જોડ
વિશ્વાસ રાખીને બેઠાં. તો કામ એવું સરસ મજાનું ચાલ્યું. ૨-૩

જ્યારે આવા ભક્ત જેવા માણસોના જીવનમાં પ્રસંગ આવે ત્યારે એની પાસે તો કશું છે નહિ એમ જાણતો હોય. ત્યારે એવા લોકો એને મદદ કરતા હોય. પેલો તો એવું જ માને કે ભગવાને મદદ કરી. મારી પાસે પૈસા મળે નહિ. મારી બા કહે, 'દેવું કર.' મને ગરીબને પૈસા કોણ આપે ? વળી, હું હરિજનનું કામ કરતો હતો. સગાંવહાલાં બધાં વિરોધી. હું તો પૈસા વિના લગ્ન કરવા ગયેલો. હું કૉલેજમાં ભણતો ત્યારે નાગર છોકરાઓ મારા મિત્રો હતા. ત્યારે મને કલ્પનાય નહિ. મેં તો લગ્નની કંકોત્રીઓ નહિ કાઢેલી. એમને ખબર પડી કે ચૂનીલાલનું લગ્ન થાય છે, એટલે બેચાર જણ પૈસા લઈને આવેલા. મેં તો એમ જ માન્યું કે મારો ભગવાન કેવો છે- એટલે મને મદદ કરી.

ત્રણચાર વીંટીઓ પણ લાવેલા. અમે હરિજન સેવક સંઘમાં ઓનરેરીયમ (માનદવેતન) જેટલું લઈએ. પિસ્તાળીસ રૂપિયા લઈએ. સહકારી મંડળીના અઢી રૂપિયા કપાઈ જાય. એટલામાં મારા કુટુંબનું પૂરું ન થાય. બે નાના ભાઈઓ, એનાં બે છોકરાં, મારાં વિધવા ભાભી, મારી બા અને હું-સાત જણનું કુટુંબ. તે મારે તો દેવું થઈ ગયેલું. દેવું મારાથી જીરવાય નહિ. એક જણે મહેણું માર્યું તે મને થયું કે લાવને આ સોનું છે તે વેચીને પૈસા આપી દઉં. એક કંઠી હતી, વીંટીઓ હતી એ વેચીને અઢીસો જોડ
રૂપિયા આપી દીધેલા. ૯૪

એક જણે મને પૂછેલું કે 'મોટા, ભગવાને નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી એ વાત સાચી હશે ? કોઈ ઓળખતો-પારખતો ના હોય તો ત્યાં જઈને કોણ એની હૂંડી સ્વીકારે ? આવું આપણા લોકો ચલાવે છે !' મેં એને કહ્યું કે 'તારે જે માનવું હોય એ માનજે, પણ હું તો મારા જીવનમાં જે હકીકત બનેલી છે તે વાત કરું છું. હું પરણવા ગયેલો ત્યારે એક પૈસો લઈને ગયો ન હતો. પરણતી વખતે પૈસા તો જોઈએ. મારી મા કહે, 'મારી જોડે બધાંની ટિકિટ કઢાવ.' મારી પાસે પૈસા નહિ અને દેવું કરવાની મારી તાકાત ન હતી. મા તો દેવું કરવાનું કહેતી, પણ હું દેવું કરું તો ભરું કેવી રીતે ? માટે, પૈસા વિના જ પરણવા ગયેલો. એમ જ વેવાઈને ઘેર ગયા. મને પોંખીને લઈ ગયા. ત્યાં મારો પિતરાઈ ભાઈ મારે માટે પૈસા લઈને આવેલો. ચારસો પચાસ રૂપિયા મને આપીને કહે, 'લે, ચૂનીલાલ, આ પૈસા. તારે કંઈ કામકાજ હોય તો જોઈએ.' ચાંલ્લો વગેરે મળ્યું એટલે એ પૈસા મેં પાછા આપી દીધા.

આ બનેલી વાત છે. તમને અતિશયોક્તિ લાગે, પણ ભગવાને મારી હૂંડી સ્વીકારેલી. નરસિંહ મહેતાની હૂંડી કેવી રીતે સ્વીકારેલી એ લોકોને માન્યામાં ન આવે. એમની બુદ્ધિમાં ન ઊતરે, પણ આ પાછળનો અર્થ શો ? કે જે ભક્ત હોય એને જ્યારે સાંસારિક રીતે પણ જરૂર પડે છે ત્યારે એનું કામ થઈ જાય છે.

અન્વય ૫-૬

શ્રીપ્રભુકૃપાથી જીવનમાં જીવનના આદર્શનું તો સભાનપણું જીવતુંજાગતું પ્રગટેલું હતું, પરંતુ તે પહેલાં જ મારી બા અને મારા મોટા ભાઈએ મળીને મારો વિવાહ કરી દીધો હતો. એમાં મારી સંમતિ લેવાની હોય જ નહિ, એવું તે લોકનું માનવું હતું. મેં પોતે તો બન્નેને કહી જ દીધું હતું કે મારે તો જીવનને કેવી રીતે ફળાવવાનું છે, તેનું એક આદર્શનું દર્શન ઝાંખું ઝાંખું પણ પ્રભુકૃપાથી મને છે, અને તેને સાકાર કરવાની પાછળ જીવનને યાહોમ થઈ જવાની એકમાત્ર હવે ઝંખના છે, અને તેની સાથે આવા થયેલ વિવાહનું સુસંગતપણું ક્યાંયે બંધ બેસે તેમ નથી.

તેમ છતાં તેમણે તે બાબતનું કશું લક્ષમાં લીધેલું જ નહિ અને એમ ને એમ એ હકીકત વિસારે પડ્યા કરી. અને હું તો જાણે તે હકીકત સાવ ભૂલી જ ગયો હતો. મારા મનમાં તે અંગે કદી કશો વિચાર સ્ફુરેલો જ નહિ. જ્યારે મારી બા પાસે મારાં લગ્ન લેવાવા અંગે સને ૧૯૨૬માં વાત આવી, ત્યારે તેણે મને પૂછેલું હતું ખરું, પરંતુ ત્યારે પણ મેં તો ના જ પાડ્યા કરેલી. મારી બા બિચારી મૂંઝાયા કરે ખરી, પરંતુ જ્યારે તેના પર ભારે દબાણ આવ્યું, ત્યારે તે મારા પર ઘણી જ ચિડાઈ હતી, અને તેણે મને કહ્યું કે 'તમને ઉછેરવાને આ માએ બબ્બે મણ દળણાં, ખાંડણાં કર્યાં, અને કેટકેટલી મહેનત કરી મોટા કર્યા, તેવી માનું વચન જો પળાતું નથી તો પછી તું તારા ગુરુમહારાજનું વચન શું પાળવાનો છે ? અને આગળના વખતમાં કેટલાય ભક્ત થઈ ગયા, તેઓ પણ પરણેલા જ હતા, તે લોકે તારા જેવા ફતવા કરેલા ન હતા. હું જાણું છું કે તું ભગવાનનું ભજન કર્યા કરે છે, અને ઘરમાં પણ સૂતો નથી. શરીર માંદું હોય છતાં પણ તું રોજ રાતે ગામ બહાર ગમે ત્યાં સૂઈ જાય છે, તે બધું ખરું, પરંતુ અમારે તો સંસારમાં રહેવાનું છે અને તારે બીજા ભાઈ પણ છે, જો તું પરણવાની ના જ પાડી દે તો અમારાં કુટુંબ-કુળની તો આબરૂ જાય અને એમ થાય તો તારા બાકીના ભાઈઓનું શું થાય ? એટલે તો તારે પરણવું જ પડે.' એમ કહી મારી બાએ ભારે રોકકળાટ કર્યો, અને તે ત્યારે પણ મને સાચો લાગ્યો હતો, પરંતુ સૌથી વિશેષ તો મારી બાનું એ વાક્યબાણ કે 'અમને ઉછેરવાને માએ બબ્બે મણ દળણાં, ખાંડણાં કર્યાં, એવી માનું વચન તું પાળી શકતો નથી તો તારા ગુરુનું વચન તું શું પાળી શકવાનો છે ?' મને સોંસરવું મારા દિલમાં તીરની માફક પેસી ગયું અને હું પરણવા તત્પર થઈ ગયો.

મેં બધી જાતના આગ્રહો છોડેલા, પણ ન પરણવા માટેનો આગ્રહ પકડેલો તે પણ મારી માએ છોડાવ્યો.

લગ્ન કરવાની તત્પરતા દિલથી બતાવી તો ખરી, અને સાથે જીવનના ધ્યેયને સાકાર કરવાની તમન્નાની લાગણીમાં

અને રોજબરોજના સાધનાના કાર્યક્રમમાં મુદ્દલે ફરક પડતો ન હતો. અથવા તો તે પ્રસંગથી મનમાં કોઈપણ પ્રકારની સગડગને સ્થાન મળ્યું ન હતું. માત્ર એમ થયું હતું કે જો લગ્ન થવાનું જ છે અને તે મારા દિલની તેમાં મરજી તો નથી જ. અને જો એ આપમેળે આવે છે તો ભલે હવે આવે, અને તેવા પ્રસંગોથી જ દિલનાં આદર્શની, ભાવનાની સચ્ચાઈની ખરેખરી કસોટી-પરીક્ષા થઈ જવાની છે, ત્યારે આપણા આ મનવા કેવા ટકે છે, કેમ ઢળે છે, તે આપણને પણ જાણવા-અનુભવવા મળશે. જો દિલનો આદર્શ પરત્વેનો મરણિયો નિશ્ચય પાકો દૃઢ મક્કમ અને ગમે તે ભોગે પાર પાડવાપણાનો જ હશે તો તો તે ગમે તેવા આકરામાં આકરા અને આદર્શને ન ફળાવી શકાય એવી દશાના તે સંજોગ ભલેને હોય, તેમ છતાં પણ તેમાંથી જો દિલમાં દિલથી દિલના આદર્શની ભાવના જીવતીજાગતી ચેતનાત્મક જાગૃતિયુક્ત હશે, તો તે સંગ્રામ ખેલ્યા વિના કેમ બેસી રહી શકશે ? એ એવો સંગ્રામ જ્યાં ખેલાશે તેમાંથી જ ખરું શૂરાતન, પરાક્રમ, તેજસ્વિતા વગેરે પ્રગટવાનું છે, અને તેથી તો જીવન પાંગરવાનું છે. માટે, હવે જ્યારે ઘણી નામરજી છતાં આવે છે તો આવવા દો. જીવનના ધ્યેયને સાકાર કરવાપણાની આપણા દિલની જિજ્ઞાસા તો અગ્નિ જેવી છે, તેમાં તો ક્યાંયે ફરક નથી. તે તો દીવા જેવી હકીકત છે. તે એવી જ્વલંત વિચારસરણીની સંગે દિલના દીવાને સતત સંકોરતા રહેવાનું શ્રીપ્રભુકૃપાથી બન્યા કર્યું હતું.

આમ લગ્ન લેવાયું. દિલને દિલ કહ્યા કરતું જ હતું કે ‘બચ્ચા, જો હવે જ તમને તમારી તમન્નાની ભાવનાની સાચી સમજણ પડવાની છે.’ ઘેરથી (નડિયાદથી) લગ્ન કરવા નીકળ્યો, ત્યારથી જ એ દિલના આદર્શની જીવતીજાગતી જલતી રહેલી જ્યોત પ્રજ્વલિત થયેલી અનુભવતો હતો જ. આદર્શ પરત્વેની ભાવનાનો ઓઘ ઊડ્યા જતો અનુભવાતો હતો. કદીક કદીક બાહ્ય ભાન ભુલાઈ જવાની પળો જાગતી, ત્યારે પાછો એકદમ ઓચિંતો જાગૃતપણે ટકવાને મનમાં મનથી ભજન

ગાવાને પ્રયત્નવંત થતો, અને સ્મરણ-પ્રાર્થના પણ કર્યા કરતો હતો. લગ્ન કરવા ચોરીમાં બેઠો હતો અને ગોરમહારાજ સંસ્કૃતમાં અગડમ્ બગડમ્ બોલતા તેનું થોડુંક ભાન થયેલું. તે પછીથી ધીરે ધીરે શરીરનું ભાન જવા માંડતું હતું, ત્યારે ભજન ગવાતું કે એવી રીતે બીજું સાધન વ્યક્તપણે થયા જવાનો મોકો ન હતો, તે અજુગતું પણ લાગ્યું, ખાસ કરીને મારી બાને તે નહિ ગમે એટલું જ નહિ પણ તેને તો એટલું બધું ખરાબ લાગે અને તેને એમ પણ લાગે કે 'ચૂનિયાએ તો મારી આબરૂ લીધી.' મારી બાને કેવો ભયંકર આંચકો લાગશે, તેવા તેને થનારા દિલમાં દિલથી થનાર ભયંકર આઘાતનો જે પ્રત્યક્ષ દર્શનાત્મક વિચાર મને સ્ફુર્યો, તે જ કારણથી જે પેલું બાહ્યભાન જતું રહેતું લાગતું હતું, તેને સંકોરવા ભજનાદિ સાધન થઈ જ ના શક્યું, અને એમ થતાં થતાં છેક જ એક એવા પ્રકારની ઉત્કટ ભાવાવસ્થા પ્રગટી કે જેમાં બાહ્યનું મુદલે ભાન રહ્યું જ ન હતું. તેવી સ્થિતિ કલાકેક ટકી હશે. ખરી રીતે તો એ લગ્ન જીવનના ખરા ટાંકણે જ જીવનના આદર્શની ભાવનાની સાથે જે પ્રસંગે ટક્કર લીધી, તેના પરિણામે જ તે જીવનની ભાવનાનો તોર અને ઝોક કેવા પ્રકારનો હતો, તેનો પ્રત્યક્ષ અનુભવ મને તે વેળા થયો. અને તેથી શ્રીપ્રભુકૃપાથી આ જીવ નિશ્ચિંત થયો.'

ખરેખરી જ્વાળામુખી સમી દિલની ભડભડતી પ્રચંડ અગ્નિ જેવી જ્યારે જીવનઆદર્શની જિજ્ઞાસા પ્રગટેલી હોય છે, ત્યારે તે તેનો માર્ગ આપમેળે કરી લેતી હોય છે, એનો પણ પ્રભુકૃપાથી અનુભવ થયો કે તે યુવતીના શરીરનું મૃત્યુ લગ્ન પછીથી પાંચેક માસમાં થયું.

લગ્ન સમયે જ આ જીવનું શરીર સમાધિસ્થ સ્થિતિનું હતું તેના જોનાર આજે પણ સંસારમાં કોઈક કોઈક તો છે જ. મને પરણાવવામાં મારી સાથે કૉલેજમાં ભણનાર કેટલાક નાગર યુવાનો પણ હતા, જેમણે આ પ્રસંગ અનુભવ્યો છે. સ્ફુલિંગ ૨૦-૨૨

લગ્ન પછી છોકરી મરી ગઈ, તો મારી મા મને કહે, ‘મારા રડ્યા, મંત્ર મારીને તેં મારી નાખી.’ ઠક્કરબાપા મારા ઘેર આવે તો કહે, ‘સૂરજબા, આ ચૂનિયાને ફરી પરણાવવો નથી ?’ તો કહે ‘મારો રડ્યો માને એવો નથી.’ ઠક્કરબાપા એવા કે જેને તેને ત્યાં જાય નહિ, પણ મારે ત્યાં એક જ ઓરડો હતો તોપણ રહે. એવા મોટા માણસ હતા.

શેષ
૯૮

૧૧

મેં સાધના શરૂ કરી ૧૯૨૧ની આખરમાં અને ૧૯૨૮ના માર્ચમાં આ શરીરને સાપ કરડ્યો. ત્યાર પછી નામસ્મરણ અખંડ જીવતું બનવા લાગ્યું. ત્યાં સુધી મનની સાથે કામ પાડવાનું હતું અને સાધનામાં તેને પરોવવાને કાજે કંઈ કંઈ ઉગ્ર પ્રકારો સાધવા પણ પડેલા. મન એમ ને એમ નંથાઈ જતું નથી. મારામાં જો મારા ગુરુમહારાજ પરત્વેની ઉત્કટ ભાવના અને લગની ન હોત તો તેમ થઈ શક્યું હોત કે કેમ એ વિશે મારા મનમાં શંકા છે. કદાચ ન જ થઈ શક્યું હોત. હું એમના ચેતનાસ્મરણને મારા હૃદયમાં સાથે રાખી રાખીને જ્યાં ત્યાં ફરતો અને જે તે કંઈ કર્યા કરતો. એવું ચેતનાસ્મરણ જ્યારે અખંડ બની જાય છે. અથવા તો તેની ઉત્કટતાની પારાશીશીમાં હોય છે ત્યારે મન શાંત અને મદદ કરનારું હોય છે. જ્યારે આપણે આપણામાં નથી હોતાં, તેવી વેળાએ જ મનની કારી ફાવે છે. મન પોતાના અસલ સ્વભાવમાં જતું રહે છે, કારણ કે મનની પકડ ઢીલી થઈ જાય છે. મનને એકની એક બાબતમાં હજારો વાર પકડી રાખીએ એમ કહેવું તો સહેલું છે, પણ તે પકડ્યું પકડી રાખી શકાતું નથી. અને પકડી રાખવા કાજે જે યોગ્ય જ્ઞાનપૂર્વકના બળની જરૂર રહે છે, તે કાજે તો સાધનાની પરમ જરૂરિયાત છે. મનને વારેવારે સંકેલી સંકેલીને, સંકોરી સંકોરીને આપણે ટકોર્યા કરવું પડે છે.

મંડાણ
૧૧૭-૧૧૮

સારા કે માઠા ગણાતા પ્રત્યેક પ્રસંગમાં શ્રીભગવાનની કૃપા વરસી રહેલી જ હોય છે. આ કંઈ માત્ર કલ્પનાની વાત

નથી, પણ આ જીવનમાંથી અનુભવથી તારવેલી હકીકત છે. ૧૯૨૮ની સાલમાં પૂજ્યશ્રી સરદારના હાથે બોદાલમાં હરિજન આશ્રમ ખુલ્લો મૂકવાનો હતો. તે પ્રસંગે નડિયાદથી મારી બા સાથે ત્યાં જવાનું બનેલું. સરદાર હોય એટલે પછી લોકોનાં ટોળેટોળાં ઊમટે અને ધાંધલ અને ધમાલ તો હોય જને ! સવારમાં કેટલાક લોકો, અમારા ખેતરમાં રહેતા હશે એવા એક સાપને મારવા લાગેલા. તેમને તેમ કરતાં વારીને તે સાપને છોડાવેલો. તે દિવસે સારોય દિવસ ધમાલ, ધમાલ અને બસ ધમાલ જ રહ્યા કરી હતી. રાતે પણ ગિરદી એટલી અને શોરબકોર પણ તેવો જ. તેથી, એકાંત, શાંત અને જરા નિરાંત મળી શકે એવા હેતુથી જરા આઘે, પાસેના ખેતરમાં હું સૂતો હતો. તેવામાં પૂજ્ય શ્રી ઠક્કરબાપા મને આરામથી શાંત જગામાં સૂતેલો જોઈ પોતે પણ ત્યાં જ સૂવા આવ્યા, અને તેમનું જોઈ શ્રી શ્રીકાંત શેઠ પણ પોતે ત્યાં સૂતા. હું વચમાં હતો. રાતે મધરાતે, માથામાં એક એવો ભારે ઝાટકો થયો હોય અને મોટા ભારે વજન સાથેનું માથામાં મધ્યમાં વેગથી સોંસરું ઝાટકા સાથે કંઈક કશું થયું હોય એવું લાગ્યું અને ફટાક કરતાંને બેઠું થઈ જવાયું, અને સાથળે પણ કંઈક જરા લોહી તથા ડંખ જેવું લાગ્યું. બીજાઓ પણ સફાળા જાગી ઊઠ્યા અને લીમડો અને મીઠું વગેરે આપવા લાગ્યા. લીમડો અને તેનો રસ તો ઘણો લીધેલો, એટલો અભ્યાસ હોવાથી તે કદાચ કડવો ના પણ લાગે એમ જણાવ્યું. પછી તો બેભાન થઈ જવાપણું અનુભવવાનું થવા લાગ્યું. તે વેળા પૂજ્ય ગાંધીજીનું એક વચન ઓચિંતું યાદ આવી ગયું. 'જેને સાપ કરડ્યો હોય એને મારી મારીને પણ જાગતો રાખવો એમાં હિંસા નથી પણ શુદ્ધ અહિંસા છે.' સાર આવો છે. તે યાદ આવતાં જ મન સાથે નક્કી કરી લીધું કે ગમે તેમ, જે થવાનું હોય તે ભલે થાઓ, પણ બેભાન તો થઈ નથી જ જવું. અને જોરજોરથી સ્મરણ કરવા લાગ્યો. સતત સ્મરણ ખૂબ મોટેથી લીધા કરતો. એક બાજુ સાપનું ઝેર બેભાન કરાવવાને મથે

અને બીજી બાજુ જાગૃતિ રાખીને નામ લીધા કરી તેમ ના થઈ જવાય તે માટેની જોરદાર પ્રેરણા અંતરમાં અંતરથી થયા કરે. આમ, ગજગ્રાહ યુદ્ધ મચેલું. મૃત્યુનો અનુભવ જરૂર થયો અને નામસ્મરણ આપોઆપ એવા તો પ્રાણપૂર્વક અને વેગથી થયા કરેલું કે તે થયે જ જાય. મને બોદાલ ગામમાં સાપ ઊતરાવવા લઈ ગયા, ત્યાંથી આસોદર (તા. બોરસદ) પણ લઈ ગયા. તે પછી આણંદના મિશન દવાખાનામાં મને રાખ્યો હતો. આ યુદ્ધમાં નામસ્મરણ પ્રભુકૃપાથી (છોંતેર કલાક) એવું તો લેવાયા કરાયું કે તે પછી અખંડ રહ્યા કર્યું, અને હૃદયસ્થ થયું. આ પહેલાં જતાં આવતાં, ઊઠતાંબેસતાં, ખાતાંપીતાં અને સકળ કર્મ કરતાં કરતાં પણ નામસ્મરણનો અભ્યાસ પાડવાનો મહાવરો પાડવા એની કૃપાથી મથવાનું તો ચાલુ જ હતું, પણ તે અખંડ થતું ન હતું. આ ગાળામાં કેટલીય વાર હાર ખાવાપણું બનેલું, પણ આ એક ધન્ય પ્રસંગ એવો બન્યો કે જેથી કરીને જે અતિ મુશ્કેલીથી સાધ્ય એવું સરળ અને સહજ બની શક્યું. તેમાંથી મને શ્રીભગવાનની પરમ કૃપાનો અનુભવ થયો. એની કૃપા જીવનના સારા કે માઠા બન્ને પ્રસંગોમાં તરવરતી જ હોય છે, કિંતુ આપણું મોં એની પરત્વેનું તેવી રીતનું અને હૃદયની તીવ્ર ભાવનાથી વળેલું હોતું નથી, તેથી કરીને જીવનના સારાનરતા બનાવોમાં એની પરમ મંગલમય કૃપાનો અનુભવ માનવીને થતો નથી.

જીવનમાં સાંપડતા પ્રત્યેક પ્રસંગમાં શ્રીભગવાનની કૃપા આપણું વલણ ઊર્ધ્વગામી કરાવવાને આપણને પ્રેરાવતી હોય છે. જો આપણને જીવનવિકાસ પરત્વે જીવતું ભાન જાગી ગયેલું હોય છે તો તે માઠો પ્રસંગ તે માત્ર માઠો પ્રસંગ જ નથી, પણ જીવને ચેતાવવાને કાજેનો શ્રીભગવાનની કૃપાનો હાથ છે, એવો અનુભવ જ્યારે જીવને પ્રત્યક્ષ થાય છે ત્યારે જ માથે સમર્થ ગર્જે છે એમ એને શ્રદ્ધાથી લાગે છે, અને એના કાજેનો જ્ઞાનપૂર્વક વિશ્વાસ એનામાં ઊગી જતો હોય છે. તે પછી જે તે બધા પ્રસંગોમાં એવા જીવને નિરાંત રહ્યા કરે છે. માટે,

સ્થૂળ રીતે જણાતા માઠા પ્રસંગમાં આપણી દૃષ્ટિ વધારે એના અંતરમાં જતી અને થતી એની કૃપાથી આપણે અનુભવતાં રહીએ તો માઠો પ્રસંગ તે માત્ર માઠો પ્રસંગ નથી, પણ જીવનને તરાવવાનો તે મહામૂલો પ્રસંગ અને લહાવો છે એમ લાગતાં જીવનમાં જે જોમ, ઉત્સાહ, આનંદ, અદમ્ય આવેગ, પ્રેરણા આદિ પ્રગટે છે, તેને તો તેવા પ્રસંગનો તેવી રીતનો જે અનુભવી હોય તે જ સમજી શકે. પગરણ ૧-૩

**૧૨**

કોઈક અનુભવીએ કહ્યું કે બ્રહ્મચર્યને પરિપક્વ થવાને માટે કે બ્રહ્મચર્યનું યથાયોગ્યપણે પાલન થાય, સ્વાભાવિક થઈ જાય એને માટે અમુક પ્રકારની સાધનાની જરૂર છે. હૃદયમાં હૃદયથી ભાવ જ્યારે પ્રગટે છે ત્યારે બધી જ પ્રાકૃતિક હકીકતો ગૌણ બની જાય છે. આપણા દિલમાં ભાવ જ્યારે ચેતનવંતો પ્રગટે છે ત્યારે પ્રાણની, પ્રકૃતિની નિમ્ન હકીકતો, વિષયો બધા ગૌણ બની જાય છે. એ હકીકત હોવા છતાં એક એવા સાધનાના અનુભવી મહાપુરુષે સૂચવ્યું કે 'તું ચૈત્ર માસમાં કોઈ ખરેખરા એકાંત સ્થળે જઈને, પર્વતની એકાંત જગાએ જ્યાં જળાશય હોય ત્યાં શિલા ઉપર ખરેખરા તડકામાં બેસીને આ સાધના તું કર, અને તારા દિલમાં ભાવના તો છે એટલે તને તે સાધનાથી જે લાભ મળશે તે તો અનોખો હશે. એ તને અનુભવથી સમજાશે.'

એટલે તે સૂચન સ્વીકારી લીધું અને કોઈક જગાએ, ખાસ કરીને યાદ છે ત્યાં સુધી નર્મદા માતાનો જ પ્રદેશ હતો, ત્યાં ભરબપોરે અગિયાર વાગ્યાથી એક તપેલી શિલા ઉપર બેસી જતો અને બેસવાની જગાથી ત્રણ ફૂટ આગળ દોઢ ફૂટ ઊંચી અને બે ફૂટ પહોળી એવી ૨૧ છાણાંની ધૂણી. તે પછી બીજા ત્રણ ફૂટ દૂર એવી બીજી ૨૧ ધૂણીઓ અને તે પછીના બીજા ત્રણ ફૂટના અંતરે ત્રીજી ૨૧ છાણાંની ૨૧ ધૂણીઓ ગોળાકારે બનાવેલી. એવી ૬૩ ધૂણીઓ ધિકાવીને બેસતો. ઉનાળાનો

ચૈત્ર માસનો પ્રખર તાપ અને શિલા ઉપર નગ્ન શરીરે બેસવાનું અને તે લગભગ પાંચ-સાડાપાંચ કલાક સુધી સાંજે પાંચ વાગતાં સુધી બેસી રહેતો. એ કાળ દરમિયાન ભાવાવસ્થા, ધ્યાના-વસ્થામાં આપમેળે જતો. ભજન કીર્તન કરતો ત્યારે ભાવાવસ્થા થઈ જતી.

આ શરીરમાં પણ જે અનેક પ્રકારનો મળ છે, જેમ મળશુદ્ધિ સાધના માટે અનિવાર્ય છે તેમ શરીરનાં અનેક કરણોની શુદ્ધિની-ચિત્તની શુદ્ધિ, પ્રાણની શુદ્ધિ, સંકલ્પની શુદ્ધિ-આ બધી શુદ્ધિઓની સાધનામાં જેમ અનિવાર્યતા છે એવી રીતે આ શરીરના રોમેરોમની મળશુદ્ધિ થવી જરૂરી છે. અને એ મળ આ પરસેવા વાટે જ નીકળી શકે. શરીરમાંથી પરસેવો નીકળે છે એ કુદરતે આપણા શરીરમાં મૂકેલી પ્રક્રિયા આપણા શરીરની યથાયોગ્યતા જાળવવાને માટે જ મૂકેલી છે. એનું ભાન આપણા લોકોને બહુ ઓછામાં ઓછું છે. આજે એક એવા પ્રકારનો કાળ પ્રગટ્યો છે કે જ્યારે પવન વગર માણસોને ચેન પડતું નથી. ખાસ કરીને શહેરોની અંદર વાતાનુકૂલિત જગાએ, પંખાઓ ફરતા અને શરીરને અનેક પ્રકારની વાયુની લહેરોથી એવી રીતે રહેવાનું જે જે લોકોને પસંદ પડી ગયું છે, એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત નથી. ભલે આજે એ સાચી હકીકત લોકો માનતા ન હોય. તેમને ગળે આ હકીકત કદાપિ ઊતરી નહિ શકે, પણ શરીરમાંથી પરસેવો નીકળે અથવા તો શરીરનો પરસેવો જેટલો વધારેમાં વધારે નીકળે એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત છે.

આવી રીતે નગ્નાવસ્થામાં તપેલી શિલા ઉપર, આગળ-પાછળ ૬૩ ધૂણીઓ ધીકતી હોય એની વચ્ચે પાંચછ કલાક સુધી બેસી રહેવાનું થતું, તેમાંથી શરીરમાંથી પરસેવો ઘણો બધો નીકળતો. તેને એમ માનતો કે આ પણ એક પ્રકારનો મળ શરીરમાંથી નીકળી જાય છે, એવી દૃઢ સમજણ હતી અને એ ગાળાની અંદર પણ સખત તાપની વચ્ચે ચિત્તની અવસ્થા તો ભાવનામાં જ રહ્યા કરતી. સતત પ્રાર્થના, ભજન, સ્મરણ,

ધ્યાનમાં એ બધાંમાં લીન રહેતો. અને ભજન ગાતાં ગાતાં જે ભાવાવસ્થા થઈ જતી, એ કેટલાય વખત સુધી ચાલ્યા કરતી.

એ પૂરી થયા પછી એવી વ્યવસ્થા કરેલી કે બે માણસો લીમડાનાં કૂણાં કૂણાં જે પાન હોય તે બધાં વાટીને એક માણસ એક વાટકામાં કાઢી લાવે અને બીજો માણસ બીજા વાટકામાં કાઢી લાવે અને એમને એ માટેના પૈસા આપતો અને પછી એ ધૂણીમાંથી બહાર નીકળીને બે રૂમાલથી આખું શરીર લૂછતો. ત્યારે તે દિવસોમાં સ્નાન કરતો નહિ અને પેલો લીમડાનો રસ ધીરે ધીરે, 'સીપ કરતો, જરા જરા પીતો, જાણે કે ખાતા હોય એમ વારાફરતી એ પીતો અને પૂરો કરતો. એ જ ખોરાક અને એ જ પાણી. એ ૨૮ દિવસની સાધનામાં કદી બીજો ખોરાક લીધો નથી. પાણી પણ પીધું નથી. બ્રહ્મચર્યના પાલન અર્થે બહુ ઉત્તમમાં ઉત્તમ સાધનાની રીત છે.

સાધના આમ જ થઈ શકે, એમાં વિધિનિષેધ છે નહિ. ભગવાન પરત્વેનો એકધારો ચેતનવંતો જીવતોજાગતો એકનિષ્ઠ-ભાવ પ્રગટે એ જ મોટામાં મોટી હકીકત છે. એ ભાવ જો આપણા દિલમાં પ્રગટેલો જીવતો રહ્યા કરે તો બીજા કોઈ સાધનની જરૂર પણ નથી, અને એ ભાવ કેળવવાને માટે અથવા તો ચેતનવંતો આપમેળે સતત વહ્યા જ કરે એ માટે અનેક જુદા જુદા પ્રકારની સાધનાનો આશરો લીધેલો છે. જી.કાર્ય ૫૬૪-૫૬૬

**૧૩**

એક વખત ગુરુમહારાજ પાસે ગયા વગર મારાથી સાધનામાં આગળ વધાય એમ ન હતું, કેમ કે મારી એક ગૂંચનો ઉકેલ મળતો ન હતો. તે વખતે ગુરુમહારાજ પાસે જવા મારી પાસે પૈસા નહિ. કોઈ પાસે માગવાનું રુચે નહિ. કોઈ પાસે માગું તો તેને મારા હેતુમાં શ્રદ્ધા હોય કે ન પણ હોય, પણ મને તો ગુરુમહારાજ પાસે જવાની તાલાવેલી જાગી હતી. આવા પ્રકારની તાલાવેલીનું લક્ષણ એ આપણને તરત ઉપાય સુઝાડે. નડિયાદમાં અમૃતભાઈ નામે એક સજ્જન 'અમૃતબિંદુ' નામની

દવા તૈયાર કરીને વેચતા હતા. ૧૯૨૭ની આ વાત છે. ત્યારે કુંભમેળો હતો અને કુંભમેળો એ સાધુઓનું પિયર. મેં અમૃતભાઈને પૂછ્યું કે 'તમે મને મદદ કરી શકશો ?' અને બધી વિગત મેં એમને જણાવી. એમણે પૂછ્યું, 'ત્યાં જઈને તું મારું શું કામ કરીશ ?' મેં કહ્યું, 'તમે અંગ્રેજી તથા હિંદીમાં પચીસ ત્રીસ હજાર જાહેરખબરનાં હૅન્ડબિલ છપાવીને આપો. હું ત્યાં વહેંચીશ.' એમને આ વાત ગમી. એમણે મને આવવા જવા માટેનું ભાડું આપ્યું અને ખોરાકભથ્થું પણ આપવા માંડ્યા, પણ મેં ના પાડી, કેમ કે ત્યાં સાધુસંતો માટેનાં અન્નક્ષેત્રો ઘણાં હોય છે. ત્યાંથી ખાવાનું મળી રહે.

હું તો જાહેરાતના કાગળો લઈને ગયો પણ ગાડીમાં કોઈકે ગજવું કાપી લીધું. એટલે ટિકિટ તથા પાછા ફરવાના પૈસા પણ ગયા. સ્ટેશન પર ટિકિટ લેનારે પકડ્યો. મેં તેને સમજાવ્યો પણ ન સમજ્યો. સ્ટેશન માસ્તર પાસે લઈ ગયો. આમ, બે-ત્રણ કલાક રોકાણ કર્યું, પણ આખરે સ્ટેશન માસ્તરના કહેવાથી મને જવા દીધો. આવા મોટા ઠેકાણે ક્યાં જવું એ પ્રશ્ન હતો. મારે ભિક્ષુ અખંડાનંદ સાથે પરિચય હતો. હું શોધતો શોધતો એમની પાસે ગયો. એમણે મને જમાડ્યો. મેં કહ્યું કે 'હું મારા ગુરુમહારાજને ખોળવા આવ્યો છું.'

મર્મ ૪૦-૪૧

પેલાં હૅન્ડબિલ વહેંચવાનું કામ તો મેં ચારપાંચ કલાકમાં પૂરું કર્યું.

ભગવાન માટે આપણને તલસાટ હોય વળી આપણો તલસાટ વધવો જોઈએ. મારી સાધનામાં જ્યારે એટલી બધી ભયંકર મુશ્કેલી આવેલી ત્યારે પ્રાર્થના કરી. સદ્‌ગુરુ સામે રાખીને એ રીતે સાધના કરેલી છે. એમને સન્મુખ રાખી શકું. જ્યારે ઇચ્છું ત્યારે સન્મુખ લાવી શકું. એટલું બધું મેં કરેલું, પણ એનાથી કંઈ પત્તો નહિ ખાધેલો. એટલે મને તો થયું કે એને મળું. સાધુઓનું પિયર કુંભમેળો. તો ત્યાં જઈને મળું. હું ગયેલો. તે ખોળ ખોળ કરું. ખાધાપીધા વિના ૨૪ કલાક. હું જાણું નહિ કે સાધુઓના કયા સંપ્રદાયો છે. કયા ગિરિ કહેવાય અને ફલાણા

કહેવાય. હું જાણું નહિ કે આ કયા છે ? બધાંને પૂછ્યા કરું. તો કહે કે 'એવા તો ઘણાય બાળયોગી હોય અહીંયાં ?' તે કેટલોય વખત ફર્યા કરેલો. પાંચમા દિવસે બપોરનો વખત થયો હશે. મને તરસ એટલી બધી લાગી હતી, પણ મેં વ્રત લીધેલું કે એ જડે-દર્શન થાય-પછી જ પાણી પીવું. રહેવાય નહિ. કંઠે તો જાણે સોય ભોંકાય એવું લાગે. ચાર દિવસ થયેલા અને રખડ્યા કરું પાછો. પછી મેં જોયા. પાછા સામે જ બેઠેલા-ગંગાના કિનારે. હું તો જઈને ખૂબ રડ્યો. પગે લાગ્યો. સાષ્ટાંગ કર્યા. તો કહે, 'હું તો તને ઘણીવાર જોતો હતો. આમથી તેમ ઘણીવાર જોતો.' 'તો પ્રભુ મને બોલાવવો તો હતો.' તો કહે, 'એ નકામું. જ્યાં સુધી તું મને જુએ નહિ ત્યાં સુધી નકામું.' ત્યારે હું નહિ સમજેલો, માણસને જરી દયા નથી. મને બહુ ખોટું લાગેલું. આટલું બધું મારા મનમાં થતું હતું. આટલી બધી લાગણી હતી. મેં વ્રત લીધેલું કે જ્યાં સુધી દર્શન ન કરું ત્યાં સુધી પાણી ના પીવું. આને તો કંઈ ગણના જ નથી. આવો મારા મનમાં વિચાર આવેલો. મેં વિચાર કહ્યો પણ ખરો. ત્યારે મને કહે, 'તું મૂર્ખો છે. તને સમજણ ના પડે. તું સામું ના જુએ ત્યાં સુધી, હું સામું જોઉં એ બધું નકામું છે.' એટલે ભગવાન તો ઘણા તલસે છે. તે આપણામાં રહેલા છે, પણ તેનામાં આપણે ડોકિયું કરીએ ત્યારેને ! એ સિવાય શી રીતે થાય ? રિસેપ્ટીવીટી (સ્વીકારાત્મકતા) હોય અને કોઈપણ ઉપાય થાય તો ઘણી શક્યતાઓ છે. આ પણ પ્રયોગાત્મક કરી શકાય તેવી સ્થિતિ છે. શેષ ૬૦-૬૧

૧૪

મારા જેલવાસ દરમિયાન પણ કોઈ મને જાણી શકેલું નહિ. યરોડા જેલમાં ગાંધીજીના અંતેવાસી શ્રી સુરેન્દ્રજી જેઓ હાલ બોરિયાવીમાં આશ્રમ કરીને રહેલા છે, તેમને હું કંઈક સાધન કરતો હોઈશ એવા પ્રકારની ગંધ ગઈ હોય તો હોય. બાકી, જેલમાં મારી સાથે શ્રી વિઠ્ઠલદાસ કોઠારી તથા શ્રી શિવાભાઈ પટેલ જેલમાં હતા અને શ્રી વિઠ્ઠલભાઈ તો

પડખે જ હતા. ત્યારે સંપૂર્ણ મૌન પાળીને સાધનામાં એની કૃપાથી મસ્ત રહ્યા કરતો હતો અને કેટલીય પ્રાર્થનાઓ કર્યા કરતો હતો અને તે બધી પ્રાર્થનાઓ શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી શિવાભાઈને હું જેલમાંથી બહાર નીકળ્યા પછી એકાદ બે દિવસ રહેલા ત્યારે તે બધી પ્રાર્થનાઓ મેં નોટમાં ઉતારી લીધેલી તે હકીકતની પણ કદાચ તેમને જાણ હોય. આવું બધું પ્રત્યક્ષપણે હોવા છતાં કોઈને પણ આ જીવ સાધનાના વિકાસના માર્ગમાં ખૂંપવાની પ્રક્રિયામાં છે એવું ભાન પ્રગટ્યું ન હતું. ખુદ પરીક્ષિતભાઈ, પૂજ્ય ઠક્કરબાપા અને પૂજ્ય મામા સાહેબ જેવા પણ જાણતા હતા કે આ જીવ રોજ ને રોજ સ્મશાનમાં જ સૂઈ રહે છે પણ તેઓને પણ 'કોઈક હેતુને માટે આ છોકરો તેમ કરતો હશે' એવી સમજણ પૂરી નહિ પ્રગટેલી, એટલે આ માર્ગમાં આપણે જે કંઈ સાધન કરીએ છીએ તે પરત્વેની જ્ઞાનપૂર્વકની ગુપ્તતા જેટલી જળવાય તેટલી ઉત્તમ છે. કોઈ કદાચ જાણી જાય, તો તેનો કશો વાંધો પણ ન હોય, પરંતુ આપણે આ પ્રમાણે કરીએ છીએ એ જણાવવાની ખંજવાળ તો કદી પણ આપણને ન પ્રગટવી ઘટે.

સંશોધન ૩૫૫-૩૫૬

૧૫

નામસ્મરણ કરતા હોવ અને તમારું કર્મ થતું રહે એવું પણ બને. એકીસાથે ચારપાંચ જાતનાં તમે કામ કરો. મેં તો એકીસાથે કરેલાં જ છે. હું પાછો જવાબદારીવાળા હોદ્દા ઉપર હતો. આખા ગુજરાત હરિજન સેવક સંઘનો મંત્રી હતો. ટાઈપ કરું, લોકો સાથે વાતો કરું, સાથે ભજન ગાયા કરતો હોઉં, અને તે વખતે મારું ટાઈપનું કામ પણ ચાલતું હોય. અમારા મૅનેજિંગ ટ્રસ્ટી નરહરિભાઈ પરીખ હતા. એ કહે, 'ચૂનીભાઈ, આ તમે શું ઘેલાં કાઢો છો ? આ બધું કામ છે, આ જરૂરી પત્રવ્યવહાર છે, તે બધો બગાડી નાખશો.' 'હું હમણાં ટાઈપ કરીને આપની પાસે લાવું છું. જો એમાં ભૂલો હશે તો ઝપાટાભેર સુધારી આપીશ.' મેં એમ ન કહ્યું કે 'ભૂલ નીકળે

તો મને કહેજો.' એમ કહેવું ઠીક ના લાગે. ટાઈપ કરીને એમની પાસે લઈ ગયો. 'ચૂનીભાઈ ભગત, તમે તો બહુ સારું કર્યું. આટલું બધું તમારું ધ્યાન છે ? ભજન ગાયા કરો, બધાંની સાથે વાતો કરો છો, લોકો આવ્યા તેના સવાલોના જવાબ આપતા હતા, છતાં ટાઈપિંગ કરતા હતા અને એક પણ ભૂલ અંદર નથી. ખરી એકાગ્રતા કેળવી છે ! કહેવું પડે !'

નામસ્મરણ જવા દો, પણ કોઈ વિષયમાં એકાગ્રતા થઈ તો એ એકાગ્રતા પ્રસરે છે, કારણ કે એ સ્ટેટીક (સ્થિર) નથી તે આપણે જાણીએ છીએ. એટલે બીજા બધા વિષયમાં અલબત્ત, જેમાં આપણને રસ છે તેમાં એ પ્રસરે છે. આ એક શરત છે ખરી. રસ જ ના હોય તો ના આવે. રસ જોઈએ, રસ વિના પત્તો નહિ ખાય અને એટલા માટે જ આપણા વેદોએ ગાયું છે કે 'रसो वै सः' એ રસ છે, ભગવાન પોતે રસ છે. રસ એ ભગવાનનું સાકાર સ્વરૂપ છે. એક જણે મને પૂછ્યું, 'ભગવાનનું સાકાર સ્વરૂપ કયું ?' મેં કહ્યું, 'સાકાર સ્વરૂપ રસ છે.' ત્યારે દરેક વિષયમાં રસ એ એકાગ્રતા પ્રગટાવવા માટેનું મૂળ કારણ છે. રસ વિના કંઈ કશામાં એકાગ્રતા પ્રગટે નહિ. રસ હોય તો જ આપણે કર્મ કરવાને પ્રેરાઈએ છીએ. બીજાં કર્મ કરવાને જ ના પ્રેરાઈએ. આપણાથી કર્મ થાય છે તે પણ રસને કારણે જ. એટલું ખરું કે જે સભાન રહે તેને વધારે સારું. બાકીના ઘણાખરા માણસો તો એમ ને એમ કર્મ કર્યા કરે છે. આ રસને કારણે જ આપણાથી આ કર્મ થાય છે. પછી રસને જ જે મહત્ત્વ આપે છે તેનો રસ વધે છે. એનામાં રસનો વિકાસ થાય છે, પણ એ મનોવિજ્ઞાન બહુ ઓછા લોકો સમજે છે. એનું કારણ બધા લોકો કંઈ શાસ્ત્રો અને એ બધું વાંચવા જતા હોતા નથી. સામાન્ય રીતે કથાવાર્તા કે સાધુસંન્યાસીઓને સાંભળે. એનાથી જે તે કંઈ તે જાણે. એ લોકો આ જાતનું કશું કહેતા જ હોતા નથી.

આમ, આ કંઈ નવો પ્રકાશ મેં ફેંક્યો છે, એવું કહેવાનો મારો હેતુ નથી, પણ મેં આ જાતનું કરેલું. હું સ્મશાનમાં રોજ

રાત્રે સૂતો. ભજન કરું, આ કરું, મારાં બધાં સાધનો ત્યાં કર્યા કરું. એની જે ઈફેક્ટ (અસર) છે, એનાથી જે અસર આપણા ઉપર ઊપજી એને આપણાં મળેલાં કર્મમાં પરોવીએ તો જ તે અસર વધારે ઉપયોગી નીવડે છે. આપણને એ કર્મમાં વધારે હોશિયાર બનાવે છે અને પાવરધા બનાવે, બુદ્ધિ પ્રેરાવે અને પછી આપણને એકાગ્રતા થતાં વાર લાગતી નથી. એકાગ્રતા થાય છે પછી આપણને ઉકેલો આપમેળે મળ્યા કરે છે, ઉકેલવાની મહેનત કરવા જવી પડતી નથી. દાખલો આપીને સમજાવું કે ઇંદુલાલ યાજ્ઞિક સાથે મંત્રી તરીકે હું કામ કરતો હતો. એટલામાં મારા મોટા ભાઈ ગુજરી ગયા. એમણે મને હુકમ આપ્યો કે 'તમારે દાહોદ જવાનું છે. તમારે દાહોદમાં કામ કરવાનું છે.' આ જાણીને હું બહુ રાજી થયો, પણ મારો ભાઈ ગુજરી ગયો છે, તેથી બારમું-તેરમું પતી જાય પછી જઈશ. મારાં સગાંવહાલાં મારી માને ચડાવીને દેવું કરાવીને બારમું-તેરમું કરાવે. તે માટે મારે પૈસા લાવીને આપવા ક્યાંથી ? કમાતો તો છું નહિ. એટલું બધું દેવું હું કેવી રીતે ભરું ? માટે, હુકમ માનવાની મારી તૈયારી છે, પણ તે પછી હું જઉં !' યાજ્ઞિકે કહ્યું, આપણે સૈનિક છીએ. 'હું સૈનિક છું તે હું કબૂલ કરું છું, પણ મારી આ સ્થિતિ છે.' તો કહે, 'નહિ ચાલે, તમે રાજીનામું આપો.'

રાજીનામું આપીને હું હાઈસ્કૂલમાં જોડાયો. ત્યાં બધા છોકરા તોફાની હતા. એમને લીધે પેલા બીજા સારા છોકરાઓને સહન કરવું પડે. બેચાર દિવસ તો મેં આ ખેલ જોયો, પણ એક છોકરો તો એવો તોફાની, એવો તોફાની કે મેં એને ફટકાર્યો. આની સામે ખૂબ વિરોધ થયેલો. બધાં મને મારવા તૈયાર થયેલાં. મેં એ બધાંને આખી સ્થિતિનો ખ્યાલ આપ્યો. એટલે ત્યાં એક પેલા જે સાધુ હતા, ઠરેલ મહાત્મા હતા એણે પણ કહ્યું કે 'તમે કેવા મૂર્ખ લોકો છો ! અક્કલ વગરના ! આવા સારા માણસને મારવાને તૈયાર થયા છો ? આવા શિક્ષક હોવા એ આપણું ધનભાગ્ય છે.' એની પણ અસર થયેલી. પછી તે છોકરાઓ સાથે અમારે દોસ્તી થઈ. એ રોજ ફરવા

આવે અને અમે બધી વાતો કરીએ. અને પછી બીજા છોકરાઓ ભેગા મળ્યા. રોજ અમે ફરવા જઈએ અને નવા નવા વિષયની-ઇજિપ્તની, આયર્લૅન્ડની કે પછી ફ્રાંસની વાતો કરીએ. આ લોકોએ કેવી રીતે સ્વતંત્રતા મેળવી એ બધી વાતો કહું. ભગવાન વિશેની કશી વાત ના કરું. એ લોકો કેવી કેવી રીતે અને કેવાં કેવાં દુઃખો ભોગવીને સ્વતંત્રતા મેળવી તે બધી વાતો એમને કરું. એમ કરતાં કરતાં અમારે ખરી દોસ્તી થઈ. પછી તો ઇંદુલાલને લાગ્યું કે 'મેં આ ભગતને કાઢ્યા તે ભૂલ કરી દીધી.' કારણ કે એને બીજું કોઈ માણસ અહીં ના મળ્યું એટલે પછી મને બોલાવીને કહે, 'ભગત, મારી તમને કહેવામાં ભૂલ થઈ ગઈ અને હવે અમારે ત્યાં આવીને તું ચલાવ.' મારે તો ચલાવવું હતું, મારે કંઈ એની સાથે લડવાડ ન હતી. મારે કંઈ લડવાનું ન હતું. એટલે ફરી પાછો ત્યાં જતો રહ્યો.

આપણે ઉકેલ કાઢવો હોય તો મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિનો આપણે સામનો કરી શકીએ. જે છોકરાને મેં માર્યો તે છોકરા જેવી શારીરિક મર્દાનગી મારામાં કંઈ ન મળે, પણ તે વખતે એકાગ્રતાને લીધે અને આપણું જે કર્મ છે તે કર્મ પરત્વેની આપણી જે ફરજ છે, વફાદારી છે તે જો યોગ્ય પ્રકારની હોય તો તે આપણને ઉકેલ બતાવી આપે છે. તે પ્રમાણે આપણે વર્તવું જોઈએ. પછી જો મેં એમ વિચાર્યું હોત, 'અરેરે ! આ છોકરાને આવી રીતે કંઈ મરાતું હશે ?' તો પછી ખલાસ. જે કંઈ સૂઝ્યું તે પ્રમાણે વર્તવાની તમારી તૈયારી જો હોય તો જ એ બીજી વખતે તમને એ જ્ઞાન આવે છે. તમે એક વખત એને સ્વીકારો નહિ, અને તે વખતે જે તમને સ્ફુર્યું એમાંથી જો તમે સ્વીકાર્યું નહિ તો બીજી વખત નહિ આવે. આ આધ્યાત્મિક શાસ્ત્રનો સિદ્ધાંત છે એમ નહિ, પણ આ સંસારવહેવારમાં પણ એમ છે. સંસારવહેવારમાં જેને તમે સ્વીકારો નહિ, એ તમારી આગળ નહિ આવે. તમારી સામે આવીને નહિ ઊભું રહી શકે. તે વાત ચોક્કસ છે.

ધારાસણામાં અમે ગયેલા. ધારાસણામાં સ્વતંત્રતાની મોટી લડત લડાઈ. ધારાસણામાં મોટા મીઠાના અગર. અગર એટલે તેમાં મીઠું બનાવે. મીઠાના મોટા મોટા ડુંગર. એની આગળ પાછળ તારની વાડ કરીને સરકાર સાચવે. તે અમે લૂંટવાનું નક્કી કરેલું. તે તો પ્રજાનું છે. દરિયામાંથી પકવેલું છે તે મીઠું, કંઈ સરકારના બાપનું નથી. આ કંઈ ચોરી કહેવાય નહિ. એમ કરીને લૂંટવાનું નક્કી કર્યું. અને સ્ટ્રેટેજીમાં (વ્યૂહ-રચનામાં) ભૂલ થઈ. આ લડવાનું જ્ઞાન એ પણ એક જરૂરનું છે. અમારા થોડાક માણસોની કમિટી હતી. એ કમિટીમાં હું પણ હતો. જ્યારે બધાએ પોતપોતાના મત દર્શાવ્યા, તો મેં કહ્યું કે 'સાહેબ, આપણે બધા ભૂલ કરીએ છીએ. આપણે એક જ ઠેકાણેથી એક જ રસ્તે જઈશું. આપણે અઢી હજાર માણસો છીએ તે પહોંચતાં પહોંચતાં બધાને વાર લાગશે. અને આગલા માણસોને મારવા માંડશે તો બાકીનાની હિંમત તૂટશે એટલે આપણે હલ્લો કરવાનું બારચૌદ ઠેકાણેથી રાખો. મારી પોતાની એવી મતિ છે કે આપણે આ રીતે હલ્લો ના કરવો.' 'આ રીતે હિંમત રાખીને આપણે જાહેર રીતે કરીશું ?' મેં કહ્યું, 'હા, આ જાહેર રીત જ છે. તમારે જોઈએ તો ગોઠવો અને લખી જણાવો, કે 'આ અને આટલાં પંદર સોળના ગ્રુપમાં આવવાનાં છીએ. એમાં શું વાંધો છે ! એના સિપાઈઓ કેટલા ! વહેંચાઈ જશે !' પણ મારું તો કોઈએ માન્યું નહિ. અને એકના એક રસ્તેથી અમારે બધાંને જવાનું આવ્યું. અને 'દે માર, દે માર,' થવા માંડી કે પાછલા માણસો ભાગ્યા. બધે નાસભાગ નાસભાગ થઈ ગઈ અને માત્ર થોડાક સાઠ-સિત્તેર માણસ રહ્યા. એણે મહેનત કરી પણ એમાં કંઈ ફાવી શક્યા નહિ. છતાં અમે મેદાન છોડ્યું નહિ. તરસ્યા રહીને ત્યાં ને ત્યાં બેસી રહ્યા, પણ ત્યાંની કોળણો બહુ જબરી. ગમે તેટલી કૉર્ડન (ઘેરાવ) હોય તોપણ કૉર્ડન વટાવીને અમને પાણી પાઈ જતી.

અગ્રતા
૩૨-૩૬

## ૧૬

માર ગુરુમહારાજ પાસે પહેલવહેલો ગયેલો ત્યારે પહેલાં તો નિરાશ થઈ ગયેલો. કેમ કે આવાં સાધન તો બધાં શી રીતે થશે ? આ તો અશક્ય છે. ત્યારે ગુરુમહારાજે કહેલું, 'મારામાં તારું ચિત્ત લગાડજે. અને મને સામે ધાર્યા કરજે. પછીથી તો કંઈ સાધન નહિ કરે તોપણ ચાલશે. જા, આ બધું તું કર્યા કર.' સ્મરણ, પ્રાર્થના, નિવેદન, ભજન, કીર્તન અને આ અભય, નમ્રતા, મૌન અને એકાંત. આ સાધનો કર્યા કરતો.

સ્મશાનમાં હું સૂતો હતો ત્યાં મને સ્વપ્ન આવ્યું. સાધનાનું સ્વપ્નું આવેલું, પણ સ્વપ્ન તો મિથ્યા. એટલે તેને કંઈ મહત્ત્વ આપ્યું નહિ, પણ બીજે દિવસે પાછું એ જ પ્રકારનું, જરાકે ફરક નહિ એવું સ્વપ્નું ફરીથી આવ્યું. ત્રીજે દિવસે આવ્યું. ચોથે દિવસે આવ્યું. પાંચમે દિવસે આવ્યું. ત્યારે થયું કે આ એકનું એક સ્વપ્ન રોજ આવે છે. સ્વપ્ન તો મિથ્યા. એ બધું જાણીએ છતાં પણ કરી જોવામાં આપણું શું જાય છે ? એકનું એક સ્વપ્ન આવે, રોજે રોજ આવે છે તેનું કંઈ કારણ હોવું જોઈએ. મિથ્યા હશે તોપણ આપણું શું જવાનું છે ? કરી તો જુઓ. એટલી 'રીસેપ્ટીવીટી'(સ્વીકારાત્મકતા) આવી. એટલે પાંચમા દિવસ પછી એ સાધન મેં કરવા માંડ્યું. એટલે સ્વપ્નમાં ચારપાંચ વખત સાધન બતાવેલાં. મને લાગ્યું કે સાલું, આ બરાબર નહિ. સ્વપ્નમાં સાધન બતાવે તે કરતાં સામે બતાવે તો સારું ! અને એ તો કેવી રીતે થાય ? તો કહે, એને આપણામાં જીવતો કરી દો. તો જીવતો કેવી રીતે કરી દેવો ? તે આપણી સન્મુખ તો રહેતો નથી. એટલે એનો જે આકાર હતો તે પચાસ, સાઠ, સિત્તેર, સો વાર રોજ સામે ને સામે રાખ્યા કરું. શરૂઆતમાં તો ધીમે ધીમે કલ્પાનાની મદદથી કરવા લાગ્યો. એમ કરતાં કરતાં સવા વર્ષ જેવું થઈ ગયું ત્યારે અખંડ થઈ શક્યા. પછી એ સૂક્ષ્મમાં ઊતરે. સ્થૂળ સાધન હોય-સ્થૂળ સાધનમાં એકાગ્રતા કરવી જોઈએ. જ્યારે એકાગ્રતા

તદ્રૂપ
૨૨-૨૩

થાય પછી એ સૂક્ષ્મમાં ઊતરે અને પછી તો મને એનો લાભ સારો મળ્યો.

બીજાં સાધન કરતાં કરતાં આપણે એકધારું સ્મરણ ચોવીસ કલાક સુધી લઈ શકીએ એવી શક્તિ સામાન્ય જીવની કંઈ હોતી નથી એને જ્વાળામુખી જેવી અભીપ્સા પણ કંઈ જાગેલી હોતી નથી. એટલે બીજાં સાધન તમે ના કરી શકો. જો આ સંતસમાગમ તમારાથી કરી શકાય તો તેનાથી તમને આ માર્ગની એક મૂડી મળશે. સાધનથી પણ મેળવી શકાય નહિ એવી મૂડી મળે છે. પહેલાં તો હુંય સમજતો ન હતો અને માનતોય નહિ કે આવું કેવી રીતે થાય, પણ મને સમાગમ થયો. ભગવાનની કૃપાથી એ લોકોએ જ મને સમાગમ કરાવ્યો. નિમિત્ત મળ્યું હશે એ જુદી વાત છે, પણ એ લોકોએ બોલાવીને મને આ માર્ગે દોર્યો. નહિ તો કંઈ જવાનો હતો નહિ. મારામાં દેશભક્તિની ધગધગતી તમન્ના હતી. ગરીબ હોવા છતાંય તે માટે મેં બધું છોડી દીધું હતું. મને મારી બાએ ના પાડી. મને કહે, ‘મારા રડ્યા ચૂનિયા, આ બધું છોડી દે છે તે તને એટલી ખબર નથી-આપણે ખાઈશું શું ? વધુ આગળ ભણ્યો હોત, કંઈ સારી નોકરી કરી હોત તો આપણને ખાવાનાં સાંસાં તો ના પડતને ? નિરાંતે જિંદગી સારી જાત. એક ઘર બનાવત.’ પણ મેં કંઈ માનેલું નહિ, કેમ કે દેશભક્તિની ભાવના જાગેલી. દેશભક્તિનું એક ઝનૂન જાગેલું. ઝનૂનની એક ભૂમિકા જોઈએ. એ મારામાં હતું. પણ એનું ક્ષેત્ર જુદું હતું. તે આ બાળયોગી મહારાજે આવીને મને એ માર્ગમાં બેસાડ્યો. મને બેસાડ્યો ન હોત તો હું કંઈ જાત નહિ, કેમ કે ત્યારે તો હું એમ માનતો કે સાધુઓ તો ઈકોનોમિકલ બર્ડન ઑન સોસાયટી (સમાજ પર આર્થિક બોજ) છે, પણ હવે મને લાગે છે કે આવો પણ એક ક્લાસ (વર્ગ) રહ્યો છે. મુડદાલ જેવો લાગે પણ એમાં રત્ન પડેલાં છે. જે આપણને સદ્ભાગ્યથી કે ભગવાનની કૃપાથી કોઈ નિમિત્તથી હાથ લાગે છે. આપણને મળી જતા હોય છે.

સાધુસંતો વિશે એક ભાવના આપણા સમાજમાંથી જતી રહી નથી. હજુ પણ રહેલી છે. ઘણા લોકો આવા લોકો પ્રત્યે

આકર્ષાય છે. સાંઈબાબા પાસે અને ઉપાસની મહારાજ પાસે એટલા બધા લોકો આવતા હતા. ભલે એ આશા-અપેક્ષાથી આવતા હોય. એમને મનમાં એમ કે આવા લોકો જ આપણી આશા પૂર્ણ કરશે.

કોઈ કરોડો રૂપિયાનો માલિક હોય તોપણ એની પાસે કોઈ જતા નથી. એની પાસે તો પ્રત્યક્ષ લક્ષ્મી છે. તોય કોઈ જતા નથી. જ્યારે પેલો તો ભિખારી જેવો હોય એની પાસે કંઈ હોય નહિ. સાંઈબાબા પાસે ચલમ હતી. એ ભરીને પીતા અને પાસે એક નાનકડી ધૂણી ધખાવી રાખતા હતા. એક કફની રાખતા હતા. તે કેટલાય દિવસે બદલવી હોય તો બદલે. કેટલાય વખત સુધી-મહિના ને મહિના સુધી એક ને એક કફની પહેર્યા કરે. કેટલાય દિવસ નાહતા-કરતા નહિ. કોઈ વળી નવરાવે તો નહાય. અન્વય ૮-૯

૧૭

મને અજપાજપ ૧૯૨૮ પછીથી શરૂ થયેલા. એ પછી ૧૯૩૦માં મને મનની નીરવતા પ્રાપ્ત થઈ. એ વેળા નિદ્રા લગભગ નહિ જેવી રહેતી. આખી રાત ને રાત જાગ્રત દશામાં રહેવાનું થતાં વર્ષોનાં વર્ષો તેવાં પસાર થયાં છે. એ સાથે સાથે દિવસે બાર બાર કલાક ગુજરાત હરિજન સેવક સંઘની ઑફિસમાં કામ કરતો જ હતો. આ બધું ભાવનાના પ્રાબલ્યને લીધે આપોઆપ થતું હોય છે. તેથી, શરીરને કે તેના બીજા આંતરિક ભાગોને કશી ઈજા થતી નથી.

તામસિક મનવાળાને ઝાઝા વિચારો ન ઊઠતા હોવાને કારણે જ એને નીરવ થવામાં તે સ્થિતિ સહાયરૂપ ન થાય. રજસમાં પ્રવેશીને તે બાદ જ તેને પણ નીરવ થવું પડે. જેણે આવી સ્થિતિ પ્રાપ્ત કરવી છે એવા જીવને મૂળમાં તેના પરત્વેની ધગધગતી તમન્ના પ્રગટેલી હોવી જોઈએ. દર્શન ૩૮૭-૩૮૮

આ તત્ત્વની સાધના એવા પ્રકારની છે કે આપણને પોતાને એનો સ્પર્શ થતાં નવજીવન મળતું હોય એમ લાગ્યા કરે છે,

પ્રોત્સાહન મળ્યા કરે છે, વિશ્વાસશ્રદ્ધા બઢ્યા કરે છે અને આપણી આગળપાછળના ઉપર પણ તેની અસર જાણીઅજાણી અને પછીથી પ્રગટપણે પડતી રહે છે.

હીરા પારખવા માટે જેમ તેવી આંખ કેળવવી જોઈએ, તેવું આમાં પણ છે. તેની સાબિતીની નિશ્ચિતતા અને નિર્ભ્રાંતતામાં (અચૂકપણામાં) ફરક પડતો નથી. આના જેવું દિલમાં, અરે, સ્થૂળ અને સૂક્ષ્મ અંગેઅંગમાં અને રોમેરોમમાં અસર કરનારું બીજું કોઈ વિજ્ઞાન કે બીજી કોઈ કળા નથી. કોઈ વિજ્ઞાન અમુક પ્રકારની બુદ્ધિને વિકસાવે, કોઈ શાસ્ત્ર હસ્તકળા વિકસાવે, કોઈ કળા લાગણીને વિકસાવે, કોઈ શરીરને વિકસાવે, પણ સારાય જીવનને વિકસાવે તથા બધાં જ સ્થૂળ
સંશોધન ૨૫-૨૬ સૂક્ષ્મ અણુ પરમાણુમાં પ્રસરી તેને પાંગરાવે એવું તો આ એક જ વિજ્ઞાન અને કળા છે.

મારા જીવનમાં મેં ભક્તિ તો કરેલી જ છે. તે રીતે કર્મ પણ એવી જાતનાં મારાથી ભગવાનની કૃપાથી થયેલાં છે. એટલે કર્મયોગ પણ થયેલો છે અને મારું આ સાહિત્ય વાંચતાં વાંચતાં કોઈને પણ સમજાશે કે ‘મોટા’ને જ્ઞાન તો છે. એટલે આ તો ત્રિવેણીસંગમ થયેલો છે. એ પણ ભગવાનની મોટામાં મોટી કૃપા છે. કેટલી મોટી કૃપા કે જેનું સાહિત્યિક ભાષામાં વર્ણન થઈ શકે નહિ. એવી એ મોટી કૃપા છે, કારણ કે મારા જેવા સાવ બોથડને આવું આવડવું જ શક્ય નથી. નાનપણમાં જેણે જોયું હોય અથવા તો હું જ્યારે સાબરમતી આશ્રમમાં હતો અને ગુજરાત હરિજન સેવક સંઘનો સહમંત્રી હતો ત્યારે મને બોથડ અને ભોટ કહેતા, એ બધી જાણીતી હકીકત છે. ત્યારે મારો વેશ પણ એ જાતનો હતો, કારણ કે મારે નમ્રતાને છેક શૂન્યતાની હદ સુધી લઈ જઈને પહોંચાડવી હતી, કારણ કે એ મારા જીવનની કેળવણીનો, નમ્રતાને કેળવવાનો, એક મોટામાં મોટો તબક્કો હતો, માત્ર એ જાતની નમ્રતા કેળવવાનો મારો પ્રયાસ ચાલ્યા કરતો હતો અને તેથી બધાંને હું એવો લાગું એમાં કંઈ આશ્ચર્ય નથી. તેમ જ ત્યારે એ જાતનો ભાવ મારા

આખા મોઢા પર પ્રવર્તતો હતો. એટલે લોકો મને એવો ભોટ કહે એ તેમની દૃષ્ટિએ તદ્દન વાજબી હતું, એમાં કોઈનો દોષ હું જોતો નથી. માત્ર હું ત્યારે હસતો. એટલે એ નમ્રતાને આવા સાધનાને પંથે જેણે જવું છે તેણે છેક શૂન્ય પારા સુધી પહોંચે ત્યાં સુધી કેળવવી જોઈશે. અને અહમ્ તો સંપૂર્ણપણે ઓગળી જવું જોઈએ, પણ એ ભક્તિ વિના ઓગળવું કદી શક્ય નથી. ભક્તિ, એની છેક પરાકાષ્ઠાએ જ્યારે પહોંચે છે ત્યારે અહમ્ ઓગળે છે. ત્યારે અહમ્ એ ભગવાનના ભાવમાં મળી જાય છે અને ત્યારે જ સાચી ભક્તિ માનવીના દિલમાં લાગેલી છે એમ માની શકાય. બાકી, અહમ્ ઓગળ્યા વિના ભક્તિ પણ એની શૂન્યતાની ટોચે કદી પહોંચી શકતી નથી. એટલે આ બેનો પરસ્પર સંબંધ છે. સાચા સાધક કે શ્રેયાર્થીને માટે અહમ્‌ને ઓગાળ્યા સિવાય એ આગળ વધી શકવાનો જ નથી. સાધનાની શરૂઆતથી જ મને દિલમાં લાગી ગયેલું કે અહમ્‌થી મુક્ત થવું એ અનિવાર્ય પગલું છે. સાધનાના પંથમાં અહમ્‌થી મોકળા થવું અને નમ્રતાની શૂન્યતા સુધી પહોંચવું એ અનિવાર્ય પગલું છે, અને એ ભર્યા સિવાય સાચી ભક્તિ આપણા દિલમાં કદી પ્રગટી શકવાની નથી. એનું ભાન સાધનાની છેક શરૂઆતથી મને લાગી ગયેલું હતું. એ પણ ભગવાનની પરમ કૃપા કે મને એવું ભાન સૂઝેલું. જો તે ભાન થયું જ ના હોત તો કદાચ મારાથી એવા પ્રયત્ન પણ ના થયા હોત. અને મને સાધનાને પંથે જતાં જે જે પ્રકારનું ભાન સ્ફુરતું તે માત્ર હું મનમાં કે મારા મગજમાં રહેવા દેતો નહિ પણ એનો અમલ જ થતો, પ્રત્યક્ષ તેનું અમલીકરણ થતું અને તેને હું કર્મ દ્વારા, તે પ્રકારનો ભાવ મારા જીવનમાં સાકારપણે પ્રવર્ત્યા કરે એવો જ મારો જીવતોજાગતો પ્રયત્ન ચેતનાત્મક રહ્યા કરતો. અને એમાંથી ઘણાં સારાં ફળ નીપજેલાં મેં અનુભવેલાં છે.

પ્રવાહ
૧૪-૧૬

❑

ખંડ-૪

# ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ

જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,
તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,
ભાસ્યો ન એકસરખો કદી કોઈને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

તુજ ચરણે
૨૨

*શ્રીમોટા*

■

(ગઝલ)

જુદી જુદી ભૂમિકામાં જીવનસંગ્રામ મળિયા છે,
વળી કેવા જુદા જુદા ! અલગ પાછાં સ્વરૂપ શાં તે !

ન કોઈ જાતનું તેનું હૃદય શિક્ષણ મળેલું છે,
છતાં કેવું સ્મરણમાંથી હૃદય પ્રાપ્ત થયેલું તે !

કુશળ વિદ્યાતણી માગ પડેલી જે પળે મુજને
-કૃપાથી જાગી ઓચિંતી મદદ એની મળેલી છે.

બધાયે પેંતરા, દાવ કયા લેવા હૃદય તેની
-ખરાખરીના પ્રસંગે ત્યાં હૃદયસૂઝ પડાવેલી.

કટોકટીની ખરી પળ શી જબર ખેલાતાં તે યુદ્ધે
-જહીં આવી જ પ્હોંચેલી તહીં પ્રત્યક્ષ તું સાથે !

સ્મરણ સાધના
૧૫૩

***શ્રીમોટા***

હરિજન સેવક સંઘમાં કામ કરતો ત્યારે કદીક કદીક એકાદ મહિનાની રજા લઈને દૂર કોઈ એકાંત સ્થળે ચાલ્યો જતો. મારા તે સેવાના ક્ષેત્રમાં મેં કદી એક પણ ફાલતુ રજા ભોગવી નથી. રવિવારને દિવસે પણ હરિજનવાસમાં જતો કરતો. અને ત્યાં બીજી કોઈ પ્રવૃત્તિ આદરતો. તથા, વાસના લોકોની સાથે સદ્‌ભાવથી હળવા, ભળવા, મળવાનું કરતો. નડિયાદમાં મારે ઘણા વખત સુધી આ ક્ષેત્રમાં રહેવાનું બન્યું, તેને પણ હું ભગવાનની પરમ કૃપા જાણું છું. તે કાળે સંઘમાં કામ કરતા મારા એક સ્નેહી શ્રી ચૂનીલાલ વ્યાસ કરીને હતા. તે તો હંમેશાં મને ઉશ્કેરવાનું જ કર્યા કરતા. તે તો કહે કે ‘સર્વથી પ્રથમ તમે આ હરિજનોની સેવામાં પ્રવેશ થયેલા છો, અને શ્રી ઇંદુલાલભાઈની સાથે તમે બહુ જવાબદારીવાળું કામ પણ કરેલું છે. તમારામાં આશ્રમ ચલાવવાની યોગ્યતા નથી, એમ પણ કોઈ કહી શકે તેવું નથી. તમે જે અંત્યજ સેવામંડળની સકળ પ્રવૃત્તિ ચલાવતા હતા, એટલે કે અંત્યજ સેવામંડળની કચેરીનું કામકાજ, તેનો પત્રવહેવાર, તેનો બધો હિસાબ, તેની બધી વ્યવસ્થાપૂર્વકની ફાઈલોનું કામકાજ તથા તે કચેરીનું બીજું એવું ઈતર કામ, તે ઉપરાંત, આશ્રમનું સંચાલન અને તેની સાથે સાથે નડિયાદની મરીડા ભાગોળમાં આવેલી હરિજન શાળાનું કામકાજ, એ બધું જ તમે એકલે હાથે કરતા હતા. તે બધું તમારી કનેથી લઈ લઈને તમને એકમાત્ર નાનકડી નિશાળનું કામ આપ્યું છે, તે તમારું હડહડતું અપમાન છે. તમે તો સાવ બાયલા છો. આનો સામનો પણ કરતા નથી ! તમે બધાંથી બીવો છો, તમારામાં સાચું બોલવાની તાકાત અને હિંમત નથી.’ આવી અનેક રીતે તે મને વારંવાર ઉશ્કેરવાનું કરતા. તે ભાઈ નડિયાદમાં મારા હાથ નીચે કામ કરતા હતા ત્યાં સુધી તો અવારનવાર મને તેવી રીતે ટકોરતા જ, અને તેમની ત્યાંથી બદલી થઈ ગયા પછીથી પણ જ્યારે જ્યારે

મળવાનું થતું, ત્યારે ત્યારે તેમ કર્યા વગર રહેતા નહિ. હું તો પ્રભુકૃપાથી તે કાળે સાધનામાં પ્રવેશ પામી ચૂકેલો હતો, એટલે મળેલાં પરિસ્થિતિ અને સંજોગ મારા પોતાના વિકાસ માટે જ મળેલાં છે એ દૃષ્ટિએ દૃઢતાથી, સંતોષથી અને પ્રેમથી તેને સ્વીકારી લેવાનું કર્યા કર્યું હતું અને બીજી દૃષ્ટિએ વિચારવાનું બનતું નહિ. તે નડિયાદનો છ વર્ષનો ગાળો સ્થિર અને એકરસ થવાને કાજે મારે માટે ઘણો જરૂરનો હતો અને તે પ્રભુની પરમ કૃપા હતી.

એકલું શાળાનું કામ મળેલું હોવાથી આ સાધનાના પ્રદેશમાં ગતિ કરવાનું સાનુકૂળપણે મારાથી બની શક્યું. આગળ લખ્યું છે તેમ તે ગાળાના સમયમાં કદીક કદીક એકાદ માસની રજા લઈને ક્યાંક એકાંત નિર્જન સ્થળમાં, જ્યાં પાસે જળાશય હોય એવા સ્થળમાં સાધનાની ઉપાસનામાં બધો સમય વ્યતીત કરતો. આવું જ્યારે જ્યારે, જ્યાં જ્યાં જવાનું થતું ત્યાં ત્યાં જમવા કરવાની કે ખાવાનું કરવાની પ્રવૃત્તિમાં કદી પણ પડતો નહિ. જ્યારે જ્યારે ભૂખ લાગે ત્યારે પાસેના જળાશયનું પાણી પી લેવાનું રાખતો અને જ્યાં જવાનું થતું તે સ્થળ તો સાવ તદ્દન નિર્જન અને વસ્તીથી ઘણું ઘણું દૂર અને જ્યાં કુદરતી સૌંદર્ય ભરપૂર ભર્યું પડ્યું હોય એવું પસંદ કરતો. એટલે ત્યાં કોઈ મનુષ્યની હડફટે ચડી જવાનું એકદમ તો બની શકતું નહિ. ઓછામાં ઓછા ચારપાંચ દિવસના, કોઈક વખત તો તેથી પણ વધારે દિવસના કડાકા નીકળી જતા. તેવા કાળના દિવસોમાં પણ ભૂખના ત્રાસે મને કદી સતાવ્યો નથી, તે ભગવાનની પરમ કૃપા. મને તો માત્ર એક જ વિષયની લગની લાગેલી રહેતી. જુદા જુદા પ્રકારનાં સાધનોનો અભ્યાસ જે હતો અને તેમાંથી જે નવું નવું સૂઝ્યા કરતું, તેમાં તેમાં પ્રવેશીને તે પ્રમાણે સંચાલિત થવું અને તેમાં ગતિમાન રહ્યા કરવું તે જ એકમાત્ર તે કાળે સૂઝ્યા કરતું, જેમ ધનુર્વિદ્યામાં એક જ પરત્વે એકાગ્ર અને કેંદ્રિત દૃષ્ટિ રહે અને જેને તાકવાનું હોય ત્યાં જ તે દૃષ્ટિ એકદમ નિશ્ચળપણે ચોંટી જ રહે, એવા પ્રકારની

ભાવનામાં સદાય રહ્યા કરવાને દિલ તલપાપડ રહ્યા કરતું. જોકે તેમાં પણ મંદતાના તબક્કા અવારનવાર પ્રગટતા તો ખરા અને કદીક તો તેવી ઓટની અસર ભયંકરમાં ભયંકર સાલતી.

૨

આવી રીતે એકવાર ચિત્રકૂટ નામના કોઈ નિર્જન સ્થળે જવાનું આ જીવને બન્યું હતું. ત્યારે એક બ્રાહ્મણ વિદ્વાન પંડિત રોજ એકવાર જમવાનું આપી જતા હતા. આવે વખતે જે કોઈ જમવાનું આપવા કરવા આવે, તેની સાથે કોઈપણ પ્રકારની વાતચીત હું કરતો નહિ. તે પંડિતજી સાથે મેં કશી વાતચીત કરેલી નહિ, પરંતુ ત્યાંથી જતી વખતે તેમણે મારું સરનામું લઈ લીધું હતું. આ પંડિત એકવાર નડિયાદ પધાર્યા હતા. મારી બાએ તેમને સીધું સામગ્રી આપીને તેમની પાસે રસોઈ કરાવી હતી, કારણ કે તેઓ બીજા કોઈના હાથનું જમતા નહિ. મને તેમણે જણાવ્યું કે 'હું કદી ઘરમાં સૂતો નથી.' મેં તેમને કહ્યું કે 'હું તો રોજ ગામ બહાર સ્મશાનમાં સૂવા જઉં છું, એટલે તમે મારી સાથે આવજો.' અમે બન્ને તે રાત્રે સ્મશાનમાં સૂતા, હું પણ રાત્રે મારું સાધન કર્યા કરું અને તે પણ તેમનું, તેઓ કોઈ મેલી વિદ્યાના સાધક હશે, એવા કોઈક સંસ્કારની છાપ મારા મન પર ત્યારે પડી હતી, અને તે પ્રકારની વાતચીત પણ તે પછીથી તેમણે મને કરી. પ્રેતની પણ યોનિ છે, જેમ મનુષ્યની યોનિ છે તેમ. અને તેવી મંત્રવિદ્યાથી તેને પ્રત્યક્ષ કરી શકાય છે, તેમ તેમણે મને તે રીતે પ્રત્યક્ષ કરીને પણ બતાવ્યું, તે મને કહે કે 'મારે આ વિદ્યાનું છેલ્લું એક પગલું ભરવાનું છે. તેની પરિપૂર્ણતા થવા કાજે અમુક પ્રકારનો યજ્ઞ કરીને તેમાં અમુક અમુક હોમવાનું આવે છે, તે બધી વિધિ કરીને આની પૂર્ણાહુતિ થાય તો મને આ વિદ્યાની પૂરેપૂરી સિદ્ધિ મળી જાય.' મેં તેમને કહ્યું કે 'અમારે આવી વિદ્યા સાથે નિસબત નથી. અમારે તો સ્વરાજ જોઈએ છે.' તો

તે કહે કે 'આ પ્રેતવિદ્યાથી વાઈસરૉયને પણ ડગમગાવી શકાય અને તેનો બીજા પર પ્રત્યક્ષ પ્રયોગ કરીને પણ તમને બતાવી શકાય, પરંતુ હાલમાં તેવું બને તેમ નથી, કારણ કે મારે તે વિદ્યાની પૂર્ણાહુતિ કરવાને માટે એક યજ્ઞ કરવાની જરૂર છે, અને તેમાં જે તે બધું હોમવાની વિધિ કરવાની છે, અને તેને માટેની રકમ લેવા તમારી કને આવ્યો છું.' મેં તેમને મારી બધી આર્થિક સ્થિતિની હકીકત સાફ સાફ જણાવી દીધી. તેમણે મને સૂચવ્યું કે 'ઉઘરાણું કરાવી આપીને પણ મને મદદ કરો.' તે બાબતની પણ મારી લાચારી છે અને મારાથી તેવું પણ બની શકે તેમ નથી, તેની પણ સ્પષ્ટતા કરી દીધી અને અમદાવાદ જવાનું ભાડું આપીને તેમને વિદાય કરી દીધા.

આવા પ્રકારની મેલી વિદ્યાના પણ મંત્ર હોય છે, તેની ખાતરી પ્રથમ મને ત્યારે થઈ. તેવી વિદ્યાની સાધનાથી એમનો વિષય સાક્ષાત્ સાકારરૂપ ધારણ કરી શકે છે, તો સાધનાના ભાવનો વિષય કાં સાકાર પામી ન શકે ? મતલબ કે પામી જ શકે, આવું સૂઝવાથી તે પંડિતના પ્રત્યક્ષ તેવા પ્રયોગથી મને પોતાને મારી સાધનાના અભ્યાસમાં વિશેષ આત્મવિશ્વાસ અને નવો પ્રાણ પ્રગટ્યો. આ ભાઈની પ્રવૃત્તિ તો નકારાત્મક હતી, પરંતુ મને પોતાને તો તેનાથી લાભ જ થયો.

મરણિયો નિર્ધાર કેવો હોય છે, તેનો પણ એક દાખલો તમને ટાંકું. પાલનપુર પાસે બાલારામ કરીને એક બહુ કુદરતી સૌંદર્યથી ભરપૂર જગા છે. ત્યાં એકવાર મારે રહેવાનું બન્યું હતું. અલબત્ત, સાધનાના અભ્યાસ માટે જ. ત્યાં હતો ત્યારે એક બ્રાહ્મણભાઈ રોજ મહાદેવની પૂજા કર્યા કરતા, હું તો કોઈપણ પ્રકારની તેમની સાથે વાતચીત કરતો નહિ, પરંતુ એક દિવસે સાંજ પડી ગયા પછી તે ભાઈ મારી પાસે બેઠા અને પોતાના જીવનની કથની કહેવા માંડી. તેઓ માત્ર ધનપ્રાપ્તિને અર્થે જ આ સ્થળે મહાદેવજીની ઉપાસના કરવા આવ્યા હતા. તેમણે તો એવો મરણિયો નિશ્ચય કરેલો કે 'કાં તો ભગવાન મને ધન આપે, કાં તો હું અહીં જ કમળપૂજા

કરીશ ! કમળપૂજા એટલે શું તે હું જાણતો ન હતો, એટલે મેં તેમને તે સમજાવવા કહ્યું. 'મહાદેવજી ધનની પ્રાપ્તિ ન કરાવે તો તેમના લિંગ ઉપર પોતાના હાથે જ એક ઝાટકે પોતાનું માથું વધેરીને મહાદેવજી ઉપર ચડાવવું તેનું નામ કમળપૂજા.' મને ત્યારે પણ એટલું બધું લાગી આવેલું કે 'આ માણસનો કેવો દૃઢ સંકલ્પ છે !' આપણો પણ સાધનામાં ભાવ પ્રગટાવવા માટે આવો મરણિયો નિશ્ચય પ્રગટવો જોઈએ. અને મને શીખવવાને માટે જ ભગવાને કૃપા કરીને આવું દર્શન કરાવ્યું, તેથી, મને સાધનામાં વેગ પણ પ્રગટ્યો હતો. આ બનાવ પછી તો થોડાંક વર્ષો વીતી ગયાં અને સને ૧૯૩૧ની સાલમાં સોમાભાઈ (લેખકના નાના ભાઈ) વગેરેની સાથે અમારે કરાંચીની મહાસભામાં જવાનું થતાં બાલારામ અમે બધા ઊતર્યા હતા. અને બહુ વહેલી સવારમાં જે સ્ટેશનથી બાલારામ જવાય છે, ત્યાં ઊતરીને અમે તે સ્થળે પહોંચ્યા. ત્યારે તે બ્રાહ્મણનું માથું લિંગ ઉપર હજી તરફડતું હતું, એવું દૃશ્ય અમે બધાંએ જોયું. ત્યારે થોડાંક વર્ષો પહેલાંની તેણે કહેલી બધી હકીકત જીવતી બની ! તેનો કેવો દૃઢ સંકલ્પ ! અમે તો તરત ને તરત એકદમ ત્યાંથી ભાગી છૂટ્યા. નહિતર વળી પોલીસ કે કોઈ આવે તો અમારે પંચનામામાં દાખલ થવું પડે અને અમારે તો તરત જવું હતું આબુ જોઈને કરાંચી. આ પ્રસંગ એટલા માટે ટાંક્યો છે કે આપણે જે આ માર્ગે પ્રવેશવાનું કરીએ છીએ, તે ગમે તેવા સાધારણ નિશ્ચયથી બની શકવાનું નથી. હજી તો મને આપણાં સ્વજનોમાંથી કોઈનાય દિલમાં એવો નિશ્ચય પ્રગટેલો હોય એવું લાગતું નથી, પરંતુ તેવો મરણિયો નિર્ધાર અને નિશ્ચય પ્રગટાવ્યા વિના આપણું કામ પણ થવાનું નથી, તે નક્કી જાણજો.

આવો મક્કમ દૃઢ નિર્ણય પ્રગટ્યા વિના સાધનાની દિશાના પ્રયત્નમાં કશા ચેતનવંતા પ્રાણ પ્રગટી શકવાના નથી. આપણા બધાંના પ્રયત્ન પણ સાવ મડદા જેવા છે. આપણે શું કરવાં મળ્યાં હતાં અને શું કરવાં સદ્‌ગુરુની પાસે ગયાં અને તેને

સ્વીકાર્યો, તે બધું ભાન જાણે કે હવામાં ઊડી ગયેલું હોય એવું મને તો લાગ્યા કરે છે. માટે, કૃપા કરીને ચેતો તો સારી વાત. તમારા જીવન વડે કરીને મારે તો ગૌરવવંતા થવું છે. હાલ નથી એમ નથી, પરંતુ પેલાથી વિશેષ છટા પ્રગટે. અવ્યક્તની પણ કળા છે અને વ્યક્તની પણ કળા છે. અમારે પણ આ માર્ગમાં એક પરંપરાની સાંકળ હોય છે. પ્રભુકૃપાથી મારા સદ્ગુરુ મહારાજે મને ચેતાવવાનું કર્યું, તો તેમના આશીર્વાદથી કોઈકનું ચેતનવંતું જીવતુંજાગતું સાધનાના ભાવમાં નિષ્ઠા પામતું જીવન પ્રગટી શકે, તો જ જીવનની સંપૂર્ણ ધન્યતા અને કૃતકૃત્યતા અનુભવી શકાય. અમારે પણ જીવનનો લહાવો પ્રભુકૃપાથી માણી શકાય તો માણવો છે, અને તે તમારાં બધાંના હાથમાં છે. માટે, મારા પર ઘણી ઘણી કૃપા કરજો અને મહેરબાની રાખજો. દર્શન ૨૭૬-૨૮૨

નડિયાદમાં સંતરામ મહારાજનું બહુ મોટું મંદિર છે. તેઓ એકસો ત્રીસ વર્ષ પહેલાં થઈ ગયાં. અવધૂત નગ્નદશામાં જંગલમાં પડ્યા રહેતા હતા. અત્યારે જ્યાં મંદિર છે તે જગામાં એક ભાઈ તેમને લાવ્યા. એ વખતે ત્યાં બાવળી હતી. એમાં તેઓ પડ્યા રહેતા. કોઈક ખાવાનું લાવે તોપણ એ ફેંકી દેતા. પછી તો મંદિર થયું. ૧૯૩૨માં એ મંદિરને સો વર્ષ થયાં હતાં. મહારાજના ભક્તોમાં હરિજનો ઘણા હતા. મંદિરની શતાબ્દી ઊજવાઈ ત્યારે બારતેર લાખ માણસો આવેલા. એમાં પચીસેક હજાર હરિજનો હતા. તેમની વ્યવસ્થા કરવા મને નીમેલો. ત્યાં હરિજનો સમક્ષ ખ્રિસ્તી પાદરીઓ ભાષણ આપવા આવે. હું તેમને મળ્યો અને કહ્યું કે ‘આ ઠીક નથી. હિંદુઓનો ઉત્સવ છે ત્યાં તમે ભાષણ કરશો તો બખેડો થશે.’ તેઓ તો રામકૃષ્ણની પણ વિરુદ્ધ બોલતા હતા. તેઓ માન્યા નહિ એટલે મેં કલેક્ટરને અરજી કરી. પોલીસ પાર્ટી આવી. એમણે સૂચવ્યું કે દૂર જઈને ભાષણ કરે. મેં સંતરામ મહારાજને વાત કરી. તેઓ તો બહાર નીકળે જ નહિ. માત્ર મહા સુદ પૂનમના દિવસે બહાર નીકળે અને સાકર વહેંચે.

એ વખતે ખ્યાતનામ મંડળેશ્વરો પણ પધારેલા. તેઓને કહ્યું કે 'બહાર આવીને તેઓ પ્રવચન કરે' પણ કંઈક વાંધા લાવીને બહાર આવવાનો ઈન્કાર કરે. મેં દલીલ કરી કે, નરસિંહ, મીરાં, કબીર સાહેબ, જ્ઞાનદેવ વગેરે તો હરિજનો પાસે પણ ગયાં હતાં. તમને પ્રવચન આપતાં શું થાય છે ? આટલા બધા હરિજનો હિંદુધર્મને માનનારા છે. ગાયમાતાને, તુલસીમાતાને પૂજે છે. આંગણાં સ્વચ્છ રાખે છે. એમને તમે દર્શન પણ ન આપી શકો ? એ તમારાં દર્શન ઝંખે છે. હવે તમે નહિ માનો તો હું બધાને કહીશ તો તમારા પર હલ્લો કરશે. ઘણા પ્રયત્નો પછી દર્શન આપવા માન્યા, પણ દર્શન કેવી રીતે આપવાં એનો ઉકેલ મારી પાસે માગ્યો.

મેં કહ્યું, 'તમે બધા બહાર આવીને એક લાઈનમાં ઊભા રહો. બધા એક પછી એક લાઈનમાં આવીને દર્શન કરી જશે.'

આ કહીને મારે કોઈની અવગણના નથી કરવી, પણ અનુભવી પુરુષમાં મડાગાંઠ કે ભેદ હોય નહિ. માટે, બધા મહાત્માઓ અનુભવી હોય એવું હોતું નથી. અનુભવી તો કોઈક જ હોય. મુદ્દો એ છે કે અનુભવી મહાત્માને સમજવા બહુ દુર્લભ. તમે સંસારમાં કોઈ માણસને પારખી શકતા નથી તો આવાને કેવી રીતે પારખવા ?

મર્મ ૩૭-૩૯

૩

આ જીવ પરત્વે ઘણા ઘણાના અન્યાય પ્રવર્તેલા છે, તેમ છતાં તે તે સર્વ પરત્વે પ્રભુકૃપાથી એકલો સદ્ભાવ દાખવેલો છે. આગળ ઉપર કોઈ એક કાગળમાં લખેલું છે કે હરિજન સેવક સંઘમાં કામ કરતી વખતે તેના ત્યાગની અને તેની સ્થિતિની કોઈને સમજણ કે કદર ન હતી, તેમ છતાં તે તે બધા પરત્વે કદી ઓછું આવ્યું નથી અને એકમાત્ર સદ્ભાવ દાખવ્યા કર્યો છે. શ્રી પરીક્ષિતભાઈની તો આ જીવે સેવા કરી છે. તેઓ જમતા હોય ત્યારે તેમની સાથે બેસતો, તેમની પથારી કરી આપતો, માંદેસાજે તેમના શરીરની સેવા કરતો, તેમનો

ઓરડો પણ વાળતો અને પાણીની ગોળી પણ ભરતો. મારું કહેવાનું તાત્પર્ય તો એ છે કે ખરેખરી રીતે જ્યારે જ્ઞાનભક્તિ-પૂર્વક સાધના થયા કરતી હોય છે, ત્યારે તેમાંથી સદ્‌ભાવ ફળ્યા કરતો હોય છે. એ હકીકત આપણા ધ્યાનમાં લાવવાને માટે આ બધું લખવું પડ્યું છે. સાધનાના ભાવ વિનાનું કંઈક પણ આડફંટે જવાનું પ્રગટ્યું, તો તેથી કરીને પ્રગટેલા વેગમાં એટલો મોટો ખચકો અને આંચકો આવે છે કે તેની અસર મન પર પણ ઊંધી થાય છે. અને એથી કરીને જે પીછેહઠ થાય છે, તે આપણી સમજણમાં હાલમાં ઊતરી શકવાનું નથી.



સાધનાના ક્ષેત્રમાં આપણે જો ખરેખરી રીતે હૃદયથી ભાવમાં પ્રગટવાનું કર્યા કરતાં હોઈએ છીએ અને એવી દશા જ્યારે પ્રગટેલી હોય છે અને તેમાં કંઈ અડચણ આવે છે ત્યારે તેથી કરીને ભાવનાની દશામાં નરમપણું આવે છે, તેનો મને અનુભવ છે. સને ૧૯૩૨ની સાલમાં જેલમાંથી છૂટીને આવ્યો, ત્યારે મુંબઈમાં આવતાં પૂજ્ય ઠક્કરબાપા પોતે ત્યાં હતા એટલે તેમને પ્રણામ કરવા અને મળવા ગયો. એમણે હુકમ આપ્યો કે ‘હવે તારે જેલમાં જવાનું નથી. તારે સંઘનું કામ કરવાનું છે.’ અને તેમાં મારા બાપુએ (લેખકના વડીલ સ્વજને) પણ સૂર પુરાવ્યો. તેમણે મને વાંદરામાં (મુંબઈ) સલાહ આપી કે ‘ઠક્કરબાપાની કહેવાની વાત સાચી છે અને તારે જેલમાં જવાનું નથી. મારી પણ તને એ સલાહ છે.’ એટલે આપણે તો તેમ માન્યું. મંત્રીપદ પર નિમાયો અને આશ્રમનો કારભાર આવ્યો ત્યારે તે વખતની મંડળની બધી સંસ્થાઓની દેખરેખ, આશ્રમનું સંચાલન, બીજા આશ્રમોની દેખરેખ તથા નવસારી આશ્રમના વિદ્યાર્થીઓની જવાબદારી, તેમનામાં પ્રગટેલી ગેરશિસ્ત અને ગેરવર્તણૂક પ્રત્યક્ષ જોવાની તેમના પરત્વેની મનમાં પ્રગટેલી રચનાત્મક જવાબદારીનું ભાન તથા આશ્રમમાં સવિનયભંગને લીધે બીજા કાર્યકર્તાઓ આવેજાય અને એને લીધે આશ્રમનો એ રીતે ઉપયોગ ન થવો જોઈએ એવી મારી સમજણ, આશ્રમની પાસે જ આશ્રમની પ્રવૃત્તિની સતત દેખભાળ કરવાને પોલીસની ચોકી

સંશોધન
૩૯૬-૩૯૭

વગેરે વગેરેને લીધે મારી સાધનાના ભાવનાના પ્રવાહની દિશા કંઈક નરમ થયેલી, ત્યારે જે અથડામણ જાગેલી ત્યારે મને પાછા આ ભાવમાં સતત પ્રગટેલા રહેવાને માટે પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે. તે પછી પેલું બધું કામ ગૌણ થઈ ગયેલું.

રોજ રોજ સાધનાના ગાળામાં તો કેટલીયે પ્રાર્થનાઓ જે દિવસે જે ભાવ પ્રગટતો તે ભાવને દઢાવવાને થયા કરતી ! અને તે પ્રાર્થનાનો ગુંજારવ સ્મરણભાવની ધારણામાં પ્રગટાવ્યા કરતો. પ્રભુકૃપાથી હૃદયના તે ભાવનો અખંડ જાગૃતિપૂર્વકનો અભ્યાસ અંતરમાં ધારવાનું બનતું કે જેથી તે ભાવ ઊંડો ઊતરી જતો અને સમસ્ત જીવનનો આધાર તે ભાવમય બની જતો. અલબત્ત, આમાં પુનરાવર્તન તો આવતું જ. કોઈપણ ભાવનું જીવનમાં સાકારપણું પ્રગટાવવું હોય તો તે માટે જીવંત પુનરાવર્તન આવશ્યક અને અનિવાર્ય છે. પુનરાવર્તન તો અભ્યાસનું હાર્દ છે. એવા જીવંત પુનરાવર્તનમાંથી તો હૃદયનાં નવસર્જન કરાવનારાં ચેતન અને શક્તિ પ્રગટે છે. આવા પુનરાવર્તનની સાથે કોઈ ને કોઈ પ્રકારની નૂતનતા પણ પ્રગટતી હોય છે, કારણ કે એવા પુનરાવર્તનમાં હૃદયનો ભાવ પ્રગટેલો હોય છે અને ભાવમાંથી તો નવસર્જન થતું હોય છે. એવું નવસર્જન થતું રહેતું હોવાથી પ્રત્યેક પુનરાવર્તનનો પ્રકાર જુદો જુદો પ્રગટતો હોય છે.

એવા પુનરાવર્તનના ભાવના સત્સંગવાળાં ભજનો કેટલાંય વર્ષો સુધી થયાં કરેલાં હતાં. દરરોજ બે કે ચાર તે તે સમયના અંતરના ભાવને દઢ કરાવવાને પ્રાર્થનાગીતો રચાતાં, અને તેમ કરતો તમે મને નવસારી આશ્રમમાં ૧૯૩૦માં જોયો છે. મોટી મોટી ત્રણચાર થેલીઓ ભરાય એટલી નોટો એવી પ્રાર્થનાની થઈ ગઈ હતી. એટલામાં ૧૯૩૦-'૩૨ના ક્રાંતિકારી દિવસો આવ્યા. તેમાં ભાગ લીધો. લાઠીમાર, જેલ અને દંડની પ્રસાદીઓ મળી. અસહકારના તે જમાનામાં દંડ ભરવાનો પણ ન હતો અને હોત તો મારી પાસે તેવી શક્તિ પણ ન હતી. એટલે નડિયાદમાં મારે ઘેર ચારપાંચ વાર જપ્તી થયેલી અને

એ જપ્તીમાં બધું ઉસેટી ગયેલા, તેમાં પેલી પ્રાર્થના અને ભજનની થેલીઓ પણ ઘસડાઈ ગઈ. તે ગઈ તે ગઈ. આજની ઘડી અને કાલનો દહાડો, પરંતુ ત્યારે પણ તે ગયાનો પ્રભુકૃપાથી હર્ષશોક પ્રગટ્યો ન હતો, કેમ કે એના સર્જનનો હેતુ સધાતો અનુભવ્યો હતો.

આ પરથી બીજો એક પ્રસંગ યાદ આવે છે. કવિ સાગર પાસે એકવાર પ્રેમલક્ષણાભક્તિનાં ગીતો સંભળાવવા સરખેજ જવાનું થયેલું. તે સંભળાવતાં અગાઉ એમની સાથે ઠીક ઠીક સત્સંગ થયેલો. અને સાધનાની અંતરતમ હકીકતની પણ વાતચીત થયેલી. તે પછી તેમને ગીતો સંભળાવ્યાં. તેમણે કહ્યું કે 'જોકે તમારા દિલમાં કેવળ શુદ્ધ અનાસક્ત પ્રેમ છે અને તે ઘણી ઊંચી કોટિનો અને દિવ્ય પણ છે અને તમે સાધનાના આંતરપ્રદેશની કહેલી અનુભવોની હકીકતોથી મને ઘણો આનંદ થયો છે, પરંતુ પ્રેમભાવે તમને કહું છું કે લોક તો આવા ઉચ્ચ પ્રકારનાં ગીતોમાંથી પણ યોગ્ય સાર ગ્રહણ કરવાને બદલે પોતાની જીવદશાની વૃત્તિને પોષશે. માટે, આ બધી કૃતિઓ આ પાસેના તળાવમાં નાખી દો.' અને કહ્યું કે તરત, એક પળની પણ વાર લાગવા દીધા વગર, પાસેના તળાવમાં તે બધું પધરાવી દીધું. સાગર પણ સ્તબ્ધ થઈ ગયા હતા, કેમ કે એમણે કંઈ ગંભીરતાથી એ પ્રમાણે વર્તન થાય. એવા જાણ- સંશોધન
પૂર્વકના હેતુથી કહ્યું ન હતું, પણ મને તો ખુદાઈ હુકમ મળ્યો. ૪૪૫-૪૪૭

૪

એકલી ઊર્મિગમ્ય પ્રાર્થનાઓથી કશું સાધનામાં વાસ્તવિક-પણે વળતું હોતું નથી. જ્યારે સાધનામાં આપણું દિલ વળવા લાગ્યું હોય અને તેમાં ગળવા માંડ્યું હોય, ત્યારે ત્યારે આપણામાં એક એવા પ્રકારનો ઉત્કટ આર્તભાવ અને આર્દ્રભાવ પ્રગટે છે અને ત્યારે આપણી ઊર્ધ્વગતિ થવામાં જે જે અડચણરૂપ લાગતું હોય તે તે બધું એટલું બધું ખૂંચે છે, અને તીવ્રતમ વેદના એટલી તો પ્રગટે છે કે તેનાથી મુક્ત થવાને

કાજે મરણિયો જીવતોજાગતો પ્રયત્ન થાય છે, એવા પ્રયત્નમાં જ્યારે દિલની દાનત, પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠા સંપૂર્ણપણે પ્રગટે છે, ત્યારે તેવી દિલથી દિલની દિલમાં કરાયેલી પ્રાર્થનાનો પોકાર એવો તો જીવનવિકાસની ભાવનામાં ઉઠાવ પ્રગટાવે છે, કે તે તો તેનો એકમાત્ર અનુભવી જ જાણી શકે. જે પ્રાર્થના આપણે કરીએ, તે પ્રાર્થનાના અંતરમાં કે હાર્દમાં જો આપણો સાચેસાચો, ખરેખરો અને પૂરેપૂરો દિલનો જીવતો-જાગતો સાબદો થયેલો પુરુષાર્થ પ્રગટેલો નથી હોતો, તો તેવી પ્રાર્થના જીવનવિકાસની સાધનામાં ફળીભૂત થઈ શકતી નથી.

એવા પ્રકારની પ્રાર્થનાએ મને જીવનમાં કેટલી અને કેવી અણધારી રીતે મદદ કરેલી છે, તેનો પ્રત્યક્ષ આ જીવના જીવનનો પ્રસંગ તમને આજે લખી મોકલું છું. સને ૧૯૩૨ની સાલમાં પરીક્ષિતભાઈ, હરિવદનભાઈ અને તમે બધા જ જેલમાં હતા, ત્યારે મારે ભાગે ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રીનું કામ આવી પડ્યું હતું. નવસારી આશ્રમ ગાયકવાડી હદમાં આવેલો હોવાથી ત્યાંથી જ છૂપી રીતે બધી રાજકીય પ્રવૃત્તિનું કામ ચાલ્યા કરતું. અને એ રીતે આપણા નવસારી આશ્રમ પર પોલીસની ચાંપતી દેખરેખ હતી. આશ્રમની આગળ સાદા વેશમાં પોલીસના માણસો પણ રહ્યા કરતા. એટલે આશ્રમમાં આવીને આપણા પ્રેમી સાથીઓનો વિરોધ વહોરીને પણ તે બધી પ્રવૃત્તિને આશ્રમમાંથી સંચાલિત થતી બંધ કરવાનું અકારું કામ પ્રભુકૃપાથી કરવાનું આવ્યું. તે ઉપરાંત, આખા ગુજરાતની હરિજન પ્રવૃત્તિની કામગીરી પણ બજાવવાની હતી. એક તો તેનો મને બિલકુલ પરિચય નહિ. કેટલાં બધાં આશ્રમો અને શાળાઓનું સંચાલન કરવું ! અને તે તે દરેક સંસ્થાઓને આર્થિક મદદ પહોંચાડવી અને તે પણ નિયમિત રીતે મોકલવાનું બન્યા કરે, તેટલા અને તેવા તે કાળે સંજોગો ન હતા.

એક બાજુથી પરિસ્થિતિથી પ્રાપ્ત થયેલાં કર્મમાં સંપૂર્ણપણે પ્રમાણિક, વફાદાર અને તે કર્મને નિષ્ઠાની ભાવનાથી વળગી રહીને તે ઉત્તમમાં ઉત્તમ જે રીતે બને તેવી રીતનાં ખંત,

ઉત્સાહ, કાળજી, વ્યવસ્થા અને દેખરેખ પ્રભુકૃપાથી રાખવાને માટે સતત એકધારા જીવતાજાગતા પ્રયત્નથી તેમાં મંડ્યા રહેવાનું બનતું, અને બીજી બાજુ તેની સાથે સાથે ભાવનાનું એટલે કે જીવનવિકાસની સાધનાને સતત એકધારી જીવતી રાખવાને માટે દિલની ભાવનાનું સાતત્ય રહે અને તેને યોગ્ય જેટલા પ્રમાણની ઉત્કટતા હોવી ઘટે, તેટલી માત્રાવાળી ભાવના પ્રભુકૃપાથી ટકી રહે એને માટેની સભાનતા જાગ્યા કરતી. એક બાજુથી મળેલાં કર્મ પરત્વેની જાગૃતિ અને કર્મની યોગ્યતા પ્રમાણે વર્તનમાં અને આચરણમાં તે પ્રગટી શકે તેવી જોગવાઈનું સંચાલન થવું, અને તેની સાથે સાથે જ જીવનવિકાસની સાધનાનું તેને યોગ્ય એવી ભાવનાનું સાતત્ય જીવતુંજાગતું જળવાઈ રહેવું, આ બન્ને પ્રકારની ભાવનાનો સુમેળ કેવી રીતે પ્રગટાવવો તેની આંતરિક મથામણમાં ત્યારે ત્યારે પ્રગટાવાનું થતું. તે વેળા જીવનવિકાસની સાધના પરત્વેના ભાવમાં અખંડતા તો પ્રગટેલી રહેતી, પરંતુ તેની ઉત્કટતાની માત્રામાં મંદતા પડી જતી અને તેનું ભાન મને ઘણું ઘણું ડંખતું. મળેલાં કર્મના ક્ષેત્રની ભાવનાનો અને જીવનવિકાસની સાધનાની ભાવનાનો સંવાદભર્યો યોગ્ય સુમેળ કેમ કરીને થાય, તે પણ સાધનાનો એક ઉત્તરોત્તર ચડતા પ્રકારનો ક્રમ જ છે. પ્રભુકૃપાથી જે જીવ મળેલાં કર્મને સંપૂર્ણ પ્રમાણિકતાથી, વફાદારીથી અને કર્મની ભાવના પ્રમાણેની નિષ્ઠાથી શ્રીપ્રભુપ્રીત્યર્થે કરવાને દિલમાં દિલથી ઝંખે છે, તેને તેની સાધના પરત્વેની ભાવના પણ મદદ કરે છે.

પરંતુ સાધના પરત્વેની ભાવનાની જરા સરખી પણ મંદતા કે ધીમી ગતિ આ જીવથી સાંખી લેવાતી નહિ. એટલે હું મારા સદ્‌ગુરુને વારંવાર પ્રાર્થના કરતો. પ્રાર્થના ક્યારે મદદ કરે છે, એ તો મેં તમને ઉપર લખ્યું છે. તેની સાથે સાથે જેને ઉદ્દેશીને આપણે પ્રાર્થના કરતાં હોઈએ, તેની સાથે આપણું દિલ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ભળેલું હોય, મળેલું હોય અને ગળવાની તત્પરતાવાળું હોય, તેવી વેળાએ આપણને સદ્‌ગુરુ આપણા

દિલમાં દિલથી કરાયેલી પ્રાર્થનાનો જવાબ પણ વાળે છે. તે કેવી રીતે એ વાળે છે તે પણ આજે તમને ખુલ્લા દિલથી અને પ્રેમથી લખું છું. તમે જાણો છો કે મને કુદરતનું સૌંદર્ય અને એકાંત કેટલું બધું ગમે છે! નડિયાદમાં પણ કામ કરતો હતો તે વેળાએ જ્યારે જ્યારે રજા પડે ત્યારે વિદ્યાર્થીઓને લઈને શેઢી નદી પર આવેલા દખ્ખણિયા ઓવારે ચાલ્યો જતો. ત્યાં મારો સમય એકાંત ઉપાસનામાં, પ્રાર્થનામાં અને સાધનામાં પ્રભુકૃપાથી ગાળવાનું બનતું. તે સમયના ગાળામાં રાત્રિની રાત્રિઓ પણ સાધનામાં જ ગાળવાનું થયા કરતું. બોદાલ આશ્રમમાં પણ તમે મને કોઈક કોઈક વાર રાયણના ઝાડ નીચે બેઠેલો જોયો છે.

પણ એ ૧૯૩૨ના લડતના ગાળામાં નવસારી આશ્રમમાં જ્યારે આવવાનું થયું, ત્યારે કોઈ એકાંત સ્થળે જવાનું બન્યું ન હતું. તેથી, બધાં વિદ્યાર્થીઓની સંમતિ મેળવીને હાલ જ્યાં સૂપા ગુરુકુળ છે, ત્યાંથી થોડેક દૂર થોડુંક જંગલ છે, ત્યાં અમે જવાનું વિચાર્યું. બધો સરસામાન આશ્રમમાંથી સાથે લઈને, જમવાનું પણ સાથે રાખીને, રેંકડીમાં સામાન ભરી વિદ્યાર્થીઓ સાથેની અમારી કૂચ ત્યાં ઊપડી. ચાલતાં ચાલતાં વિદ્યાર્થીઓ સાથે પરસ્પર આનંદ કરતાં કરતાં અમે ધારેલે ઠેકાણે પહોંચ્યા, અને નદીની રેતીમાં પડાવ નાખ્યો. વિદ્યાર્થીઓ આગળપાછળથી લાકડાં પણ વીણી લાવ્યા. રાતે અમારો જ્યાં પડાવ હતો, ત્યાં આગળ અમે ધૂણી પણ ધિકાવી. નાના વિદ્યાર્થી ભાઈઓ લગભગ રાતના સાડાદસ સુધી છાવણીની આગળપાછળ પહેરો ભરતા. તે પછી મોટા વિદ્યાર્થીઓ.

હું તો ધૂણીની નજીક કોઈ વાર પ્રાર્થનામાં, તો કોઈ વાર ધ્યાનમાં, તો કોઈ વાર બીજા પ્રકારની સાધનાના સાધનમાં રહ્યા કરતો. આંતરિક પ્રાર્થનાનો ભાવ તો તે વેળા પણ દિલમાં દિલથી એકધારો પ્રગટેલો રહ્યા જ કરતો. મધ્યરાત્રિ વીત્યા પછી થોડીક જ વારમાં મને ધૂણીની પાસે સદ્ગુરુનાં દર્શન થયાં. એકદમ તો એક એવા પ્રકારનો અચંબો થયો અને દિલ

ભક્તિભાવથી પ્રેરાઈને આપોઆપ સહજપણે તેમને નમ્યું. આ વખતે નામસ્મરણ તો એકધારું અખંડ સતત ચાલ્યા જ કરતું. ભાવનાની અખંડતા પ્રગટેલી, પરંતુ તેમાં અવારનવાર ઘણી વાર ધીમી ગતિ થઈ જતી, અને તે ઘણું ઘણું સાલતું. આવી સાધનાની સ્થિતિમાં પણ મન અને બુદ્ધિ ગળી ગયાં ન હતાં, તેનું પ્રત્યક્ષ ભાન પ્રભુકૃપાથી ત્યારે પ્રગટ્યું.

પ્રભુકૃપાના એ અનુભવને મન પણ માને નહિ અને બુદ્ધિ પણ ન માને. તે તો કહે કે 'એ તો પંચત્વ પામ્યા, હવે ક્યાંથી હોય વળી ? એ તો તારો તેમના પરત્વેનો પ્રેમભક્તિભર્યો અંતરનો જે ભાવ છે, તે ભાવ આ રીતે સાકાર થયો છે.' આવી રીતે મન અને બુદ્ધિએ સમાધાન મેળવ્યું, પરંતુ તરત જ તે પળે શ્રીસદ્‌ગુરુ બોલ્યા કે 'હે મૂર્ખ ! હું ખરેખર રીતે પ્રત્યક્ષપણે, વાસ્તવિક રીતે અહીં સ્થૂળ રીતે પણ હાજર થયો છું, અને તે તને ચેતાવવા માટે. તારું જે મહત્ત્વનું કર્મ છે, અને જે કર્મને તું જીવનવિકાસની સાધના માને છે, તે સાધનાના ભાવને પાકટ કરવાને માટે તને પ્રભુકૃપાથી આ પરિસ્થિતિ મળેલી છે. જે જીવ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક પ્રભુનો દિલમાં દિલથી ભક્ત બની જાય છે, તેનું યોગક્ષેમ શ્રીભગવાન કૃપા કરીને પોતાના હાથમાં લઈ લેતો હોય છે. અને તે યોગક્ષેમ પણ કંઈ એક પ્રકારનું હોતું નથી. યોગક્ષેમના પણ ઘણા ઘણા અર્થ થઈ શકે. જીવનનું એકેએક પાસું સાધનાનો ભાવ કેળવવા માટે છે, અને જીવનના પ્રત્યેક પાસામાં જેને શ્રીપ્રભુકૃપાથી સાધનાનો જીવંત ભાવ એકધારો જીવતોજાગતો સાબદો ટક્યા કરે છે, તેને શ્રીભગવાન કૃપા કરીને પોતાનો બનાવી લઈને તેનું સકળ પ્રકારનું તંત્ર તે ચલાવતો હોય છે. માટે, તું નિશ્ચિંત બની જા, અને તારું બધું જ ભગવાન કૃપા કરીને ચલાવવાનો છે, તેની તું પૂરેપૂરી ખાતરી રાખજે.' તે વેળાએ તેઓશ્રીએ મને જે ગાળો ભાંડેલી તે તો તમને કાગળમાં લખતો નથી, કારણ કે તમને જુગુપ્સા થાય. વળી, પાછું તેમણે કહ્યું કે 'હજી પણ તારાં મનબુદ્ધિ મારા અદૃશ્ય થઈ ગયા પછીથી કંઈક સંશય પેદા કરે

તો તે માટે હું તને કહું છું કે અહીં એક ખરેખરો મૃતદેહ પડેલો છે, તેમ જ અહીં હું ખરેખર પ્રત્યક્ષ થયેલો છું.'

આવું પતિતપાવન દર્શન થયાં કરતું હતું. તે વેળા મેં મારી જાતને બધી રીતે ચકાસી અને જોઈ લીધું કે હું સંપૂર્ણ જાગ્રત છું, સભાન છું અને મને જે દર્શન થાય છે તે તદ્દન વાસ્તવિક છે. સંપૂર્ણપણે અનેક રીતે પ્રભુકૃપાથી તેની વાસ્ત-વિકતાનું યોગ્ય જ્ઞાનભાન જાગે એવા પ્રકારના ભક્તિભાવથી અને દિલને, મનને અને બુદ્ધિને તે દર્શનનું સચોટપણું, વાસ્તવિકપણું અને તેની યથાર્થતા સંપૂર્ણપણે લાગી જાય, તેવા ભાવથી તે આખા પ્રસંગને આવકારવાનું અને સ્વીકારવાનું બની શક્યું હતું.

પ્રભુકૃપાથી આ દર્શન થતાં જ દિલમાં એક એવા પ્રકારનો ઉત્કટ ભાવ જાગ્યો કે ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રીપદનું કામ હાથમાં આવ્યું, અને એટલી બધી સંસ્થાઓનું કેમ કરીને આર્થિકપણે યોગ્ય રીતે સંચાલન થઈ શકશે અને ચલાવી શકાશે એવા પ્રકારની દિલમાં જે ગડમથલ જાગેલી, તે હવે સંપૂર્ણપણે અદશ્ય થઈ ગઈ. અને એક પ્રકારની જ્ઞાનભક્તિપૂર્વકની નિશ્ચિતતા પ્રગટી.

આ બનાવ તો એક થોડીક મિનિટોમાં જ પતી ગયો હશે, પરંતુ આ જીવ પર એની જે અસર પડી છે, તે તો કેટલાય જન્મોના પુરુષાર્થ વડે કરીને જે પરિણામ ન મેળવી શકાત તે પરિણામ તેમના આવા પ્રકારનાં પતિતપાવન દર્શનથી પ્રગટ્યું. પણ તે વેળા તો મનબુદ્ધિ બરાબર માને નહિ. અને આ પ્રસંગને પ્રેમભક્તિપૂર્વક કબૂલે પણ નહિ. તે તો કહે કે 'આવું બની જ ન શકે. શક્ય જ નથી.' હું મનબુદ્ધિને ટકોરું કે 'ભલા ! મેં મારી સગી આંખોએ જોયું છે. કાનથી જાતોજાત તેઓશ્રીના શબ્દો સાંભળ્યા છે. તેમણે જે જે કહ્યું, તેનો રણકાર દિલમાં પ્રગટેલો છે. વળી, તેમણે પોતે જ કહ્યું છે કે 'જેમ અહીં મૃતદેહ પડ્યો છે, તેમ હું સ્થૂળ રીતે તારી પાસે હાજર થયેલો છું, તો મનબુદ્ધિ કહે, 'અહીં મૃતદેહ ક્યાં પડ્યો છે ?'

એટલે મેં મનબુદ્ધિને વળી કહ્યું કે 'તેઓશ્રી એકલું માત્ર બોલેલા જ નથી, પરંતુ તેમના જમણા પગના અંગૂઠાથી કૂંડાળું કરીને બોલ્યા છે. આ રેતીમાં કેટલા બધા કલાકોથી વિદ્યાર્થીઓ આમતેમ રમ્યા જ કરે છે ! એટલે તાજું થયેલું કૂંડાળું હોય તો જ તે સ્પષ્ટપણે જણાઈ આવે. બાકી તો તે ભુસાઈ જાય.' (તેઓએ એવે ઠેકાણે કૂંડાળું કરેલું હતું કે જ્યાં સતત વિદ્યાર્થી ભાઈઓ જુદા જુદા પ્રકારની રમતો કર્યા જ કરતા હતા.) આવી અંદર બધી ગડમથલ મનબુદ્ધિમાં ચાલ્યા કરતી હતી, તે વેળાએ પહેરો ભરતા બે મોટા વિદ્યાર્થીઓને મેં બોલાવ્યા, અને તેમને સંબોધીને મેં પૂછ્યું કે 'ભાઈ, જુઓને ! તમને આ ધૂણીની આગળ મોટું કૂંડાળું દોરેલું દેખાય છે ?' એટલે તેમણે બૅટરીથી પ્રકાશ ફેંકીને જોયું તો દોરેલું કૂંડાળું એકદમ તરત જ તાજું પડેલું હોય એવું જણાયું, પણ વળી મનબુદ્ધિ કહે કે 'પણ અહીં મડદું ક્યાં છે ?' તે ઉપરથી મોટા વિદ્યાર્થીઓને એકઠા કરી કૂંડાળા જેટલી જગામાં વીરડો ખોદવાનું કહ્યું, કારણ કે જોકે મને પ્રભુકૃપાથી દિલમાં તો પ્રતીતિ હતી જ કે મૃતદેહ તો હોવો જ જોઈએ, પણ મનબુદ્ધિને પ્રભુકૃપાથી સાબિતી મળે તો મનબુદ્ધિને પણ પ્રેમભક્તિપૂર્વકનું સમાધાન થઈ શકે. દિલની ભાવનામાં અંતરનાં બધાં કરણોનો પ્રેમભર્યો સહકાર, સાથ મળવો ઘણો ઘણો જરૂરનો છે. તેનું પ્રભુકૃપાથી મને તે વેળા પણ ભાન પ્રગટેલું હતું. વિદ્યાર્થીઓ તો ખોદતા ગયા. લગભગ બે હાથ ખોદ્યું અને પાણી આવવાનું થયું, તોપણ મૃતદેહ તો જણાયો નહિ. મનબુદ્ધિ તો જીવતાંજાગતાં બેઠેલાં જ હતાં અને કહે છે કે 'જોયુંને, અહીં શબ ક્યાં છે ?' તેમ છતાં દિલમાં મને તો પ્રતીતિ હતી, એટલે વધારે ઊંડું ખોદાવવાને માટે મેં વિદ્યાર્થી ભાઈઓને જણાવ્યું. વીરડામાં અડધા ફૂટ જેટલું પાણી થયું તોપણ કશું નીકળ્યું નહિ. વળી પાછું આગળ ખોદવાને જણાવ્યું. લગભગ એકાદ ફૂટ પાણીની નીચે એક મરેલા હોલાનું શબ અંતે નીકળ્યું, અને તે શબ પણ પાણીમાં હોવા છતાં તદ્દન કોરું ! આવા પ્રત્યક્ષ પુરાવાથી મનબુદ્ધિને પણ સમાધાન થયું.

દર્શન
૨-૧૦

બાળયોગી દેખાયા ત્યારે એમનો દેહવિલય થયો હતો. છતાં પ્રત્યક્ષ એ જ સ્વરૂપે આવેલા. આટલું બધું કહ્યું છતાં પણ બુદ્ધિ માનવા તૈયાર નહિ.

આપણને કોઈ કોયડા આવે તો ભગવાનને સમર્પણ કરીએ પણ એના ઉકેલ માટે તો મથતા રહેવું. મથવું ખરું, પણ ચિંતા છોડી દેવાની. ચિંતા થાય તો સોંપ્યું ન કહેવાય. ચિંતા ન થાય તો એ સોંપ્યું કહેવાય.. મથવાનો વિચાર આવે-પણ નિશ્ચિંતતા થાય. ચિંતામાં મથવાનું આવે અને નિશ્ચિંતતામાં મથાય એ બે મથવામાં ફરક છે.

*પ્રશ્ન : આપ ચિંતામાં હતા ત્યારે બાળયોગીજીએ દર્શન દીધાં અને કહ્યું કે 'ભગવાન બધું કરનારો છે' એ જે આવ્યા તે પૂર્વે આપના મનમાં પ્રાર્થનાભાવ હશે ?*

શ્રીમોટા : પ્રાર્થનાભાવ બિલકુલ નહિ, પણ એને મારી એટલી દરકાર.

રોજ મારા પર આશ્રમના, નિશાળના કાગળો આવે કે દાણા નથી, પૈસા નથી. એટલે મને એમ થાય કે આ લોકોને કેટલી તકલીફ છે ! હરિજનની સંસ્થા હોય-સામાન્ય માણસો કામ કરનારા હોય-એને કોણ ધીરે ? હું ઘણું લખું કે પૈસા ઉછીના લઈને કામ પાર કરો, પણ નિશાળના માસ્તરને કે આશ્રમના કાર્યકરને કોણ પૈસા આપે ? એટલે મને બહુ ચિંતા થાય. મેં ઠક્કરબાપાને કહેલું કે 'નહિ બને આ.' એમણે કહેલું કે 'મને તારા પર વિશ્વાસ છે. તું ભગવાનની ભક્તિ કરે છે. તે તારાથી એ ટટ્ટુ ચાલશે. બધા અત્યારે જેલમાં છે. કોઈ ચલાવી શકે એમ છે નહિ. માટે તને સોંપવું પડે એમ છે !'

મને ચિંતા થવા લાગી, એટલે મારો ભાવ કમ થવા લાગ્યો. ચિંતા એટલે કે 'આ બધા માણસો શું કરશે, બિચારા ? મારથી કંઈ થઈ શકતું નથી. હું કેવી રીતે મોકલું ? મારી પાસે પણ પૈસા નથી.' એમ કર્યા કરું. એને લીધે ભાવની ગાઢતા કમી થઈ. મને લાગ્યું કે 'સાલું, આ બરોબર નથી. કરવું શું ?' એટલા માટે મેં કંઈ એવી પ્રાર્થના-બ્રાર્થના નહિ

કરેલી કે 'ભગવાન, તું છતો થા અને મને ઉપાય બતાવ.' પણ મારા પર એટલો બધો પ્રેમભાવ તે પોતે છતા થયા. મારી એટલી એમને દરકાર હતી. એમણે જુસ્સાથી કહેલું કે 'આખી પૃથ્વીને કોણ તારો બાપ ખવડાવે છે ? ભગવાનને સોંપી દેતાં તો આવડતું નથી !'

અનુભવીની આવી રીતે વ્યક્ત થવાની રીત અનંતકાળ સુધી તો ના રહે. પછીથી એનું શરીર જીવતું હોય એ દરમિયાન મારા જેવા પાંચદસ માણસો જે પ્રેમભક્તિથી સંકળાયેલા હોય, તેની લિંક(જોડાણ) એમની પાસે હોય, ત્યાં સુધી એમનું અસ્તિત્વ ખરું. પછી ખલાસ થઈ જાય. ભળેલું હોવા છતાં નોખું. પૃથ્વી સૂર્ય સાથે જોડાયેલી છે, છતાં લાગે છે નોખી. એવી રીતે એ ભળેલો હોય છતાં નોખો. ચેતનની સાથે સંપૂર્ણપણે એક થયેલા છતાં એની પર્સનાલિટી (વ્યક્તિત્વ) જુદી જુદી શા માટે ? તો કહે આવી રીતે જે ભક્તિથી સંકળાયેલા જીવો હોય-ભક્તિથી એટલે જેવી તેવી નહિ-પણ ખરેખરી લગનવાળી અખંડાકાર. તેવાની પાસે આવે. એમના પરત્વેના ભાવની ગાઢતામાં કમી આવી, એવું મને લાગ્યું ત્યારે એ પ્રત્યક્ષ થયા અને એમણે જે કહ્યું એ કહેવાથી એમણે મારામાં જે ભાવનું સેવન કર્યું, જે ભાવ રેડ્યો, તેનાથી હું ટટાર થઈ ગયો. પછી સોંપી દીધું. નવસારીમાં હું તદ્દન અજાણ્યો. માત્ર એકબે બૅંકમાં મેં પૈસા ધીરવા પૂછેલું. ત્યારે એમણે કહેલું કે 'તમારી કાર્યવાહક સમિતિનો ઠરાવ જોઈએ.' તે વખતે એ થઈ શકે એમ ન હતું. બધા જેલમાં હતા. હું પાછો હરિજન સેવક સંઘનો સભાસદ ન હતો, મેં કહેલું કે 'મારે હરિજનોનું ચિંતવન કરવું નથી. મારે તો ભગવાનનું ચિંતવન કરવું છે. એટલે હું સભાસદ તરીકે નહિ રહી શકું.' એકીકરણ ૬૭-૭૦

સૂપા ગુરુકુળ પાસેના પ્રસંગ પછી અમે નવસારી આશ્રમમાં પાછા ફર્યા. પછી એક દિવસે સાંજે પ્રાર્થના પછી આશ્રમના ચોગાનની બહાર 'છાપરા' જવાની સડક છે, ત્યાં હું ફરતો હતો. તમે જાણો છો કે ત્યારે પણ શરીરે આ જીવ એક

નાનકડી ચડ્ડી પહેરીને ફર્યા કરતો. એટલામાં તો ત્યાંથી એક મોટર પસાર થઈ. મોટર આપોઆપ ઊભી રહી અને તેમાંથી એક સદ્‌ગૃહસ્થ નીચે ઊતર્યા. ઊતર્યા કે તરત મેં તેઓને ઓળખી લીધા, અને તેમને હું પ્રેમભક્તિભાવે પગે પણ લાગ્યો. તેઓ બોલ્યા કે 'અલ્યા, ચૂનિયા ! તું અહીં ક્યાંથી ?' મેં તેમને મારી બધી હકીકત કહી, અને અહીં સુરતની પોલીસ કેવો રંજાડ કરે છે તે હકીકત પણ કહી. તે સદ્‌ગૃહસ્થ હતા, સદ્‌ગત સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ. તેઓ તે વેળા નવસારી પ્રાંતના સૂબા હતા, તેમની મદદ વડે કરીને મને બધી રીતે નિશ્ચિંતતા પ્રગટી હતી. આમ, આશ્રમને સુરતની પોલીસથી થતી હેરાનગતિ અટકી ગઈ.



૫

પ્રભુકૃપાથી આ જીવને સ્વપ્ન દ્વારા સાધનાની કેટલીક સૂક્ષ્મ રીતોની ખબર પડેલી. કેટલીક વખતે સ્વપ્ન દ્વારા કેટલુંક અનુભવવાનું અને જાણવાનું પણ મળેલું. સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ આ જીવને કંઈ કંઈ બતાવેલું હતું. મારા જીવનની તે નક્કર હકીકત છે. બીજા સામાન્ય જીવોથી આવી હકીકતોમાંનું સાચું તથ્ય ન સ્વીકારી શકાય તે પણ સમજી શકાય તેવું છે. આ જીવને અનેક પ્રકારના પ્રકૃતિમાં પડી રહેલા સૂક્ષ્મ દોષોનું તીવ્રતમ ભાન સ્વપ્નમાંથી જાગેલું હતું. અજાણતાં થયેલા કેટલાય દોષો સ્વપ્ન દ્વારા સમજણમાં આવેલા. વહેવારવર્તનમાં વિવેકથી વર્તવાની કળા અને તેની રીતભાત અને તે શીખવાની કળા વગેરે પણ શ્રીસદ્‌ગુરુએ સ્વપ્ન દ્વારા આ જીવમાં પ્રગટાવેલી, સ્વપ્નમાં સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ કેટલાય પ્રકારની સૂક્ષ્મ વિધિઓ આ જીવના આધાર પર કરેલી. આવી હકીકતોની તાદશતા અને તેની સચોટતા અને તેની નક્કર વાસ્તવિકતા વગેરેનું જ્ઞાન આ જીવને એમની કૃપાથી થયેલું. તેથી કરી આ જીવની સાથે મારા સદ્‌ગુરુ જીવતાજાગતા, દોરવતા અને પ્રેરવતા જ્યાં ને ત્યાં રહ્યા કરેલા છે એવો આત્મવિશ્વાસ પ્રગટપણે

જીવનમાં અનુભવાયેલો. આ બધી હકીકત ચસકી ગયેલા ભેજાની નથી. ઘણા ખરા આને એક પ્રકારનું માનસિક તૂત પણ માને. તો તેમાં તેમનો દોષ લગાર પણ ન ગણાય. અનુભવે જેને જે સમજાય તે ખરું, અમારી ઉપલી હકીકતો સૌ કોઈ સ્વીકારે જ એવો કશો દાવો નથી. અમારે મન જે સાચું હોય, તે બીજાને તેમ લાગવું જોઈએ એવું પણ કશું નથી. જોકે સાધનાની અમુક કક્ષામાં ઉપર પ્રમાણે જણાવેલી હકીકતો બનવાની શક્યતા છે, એવું તે પ્રકારના અનુભવીઓનું કથન ઉપલી હકીકતોના સમર્થનમાં કદાચ મળી શકે તો મળી શકે. જોકે અમારે કોઈના એવા સમર્થનની જરૂર નથી. લૂલાદૂબળાને સમર્થનની જરૂર. જીવનમાં જેમણે મહત્ત્વાકાંક્ષા સેવી સેવીને ઉચ્ચ આદર્શને પ્રગટાવવાનો નિર્ધાર કર્યો છે, તેમને પણ આલંબનના સમર્થનની જરૂર છે. સમર્થનના આકારપ્રકારમાં પણ ભેદ છે. પોકાર ૧૦૮-૧૧૦

'અનંત પ્રકારના દોષનો ભાજન છું,' એમ પ્રત્યક્ષ આ જીવે જાણી જાણી એની અધમતાનાં દર્શન એને કરાવેલાં. એને પાછા એના ઠીક સ્વરૂપમાં પ્રગટાવવા કાજે, એને યોગ્ય ભાવે મઠારાવવા કાજે, પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ પણ એની કૃપાથી લીધા કરેલો. તેથી, આપણે જેવાં હોઈએ તેવાં ને તેવાં જો આપણને દેખાયાં તોપણ આપણે કશું જ કરવાનું નથી કે આપણાથી કશું થઈ શકવાનું નથી એમ માનીને જો બેસી રહ્યાં તો જાણવું કે હવે આપણું થઈ પરવાર્યું. આપણે એની કૃપાથી મથવું તો જોઈશે જ. એની કૃપા મદદની પ્રાર્થના તે તે વેળા તો હૃદયમાં કર્યા કરતાં હોઈશું.

શ્રીભગવાનની કૃપા સર્વ વાતે સમર્થ છે તે સાચી હકીકત છે, પણ બાળકનામાં ચાલવાને કાજે જેવો નૈસર્ગિક urge (પ્રેરણાત્મક ધક્કેલતો આવેશયુક્ત એક પ્રકારનો આવેગ) પ્રગટે છે, તોપણ એને ચલવતું કરવાને કાજે સાધનની થોડી ઘણી પણ અપેક્ષા રહેતી હોય છે. જરાતરા કંઈ પણ કશા સાધનના અભ્યાસ વિના આધારમાં ચૈત્ય પુરુષ જાગી જતો હોય છે,

એમ માનવામાં સાર નથી. અભ્યાસ વિના કંઈ કશું બનવું શક્ય નથી. જે બાબતમાં જેવો અભ્યાસ તે બાબતની તેવી સમજણ પ્રગટે છે, એ તો અનુભવની હકીકત છે. જેથી, જેમાં ને તેમાં અભ્યાસ મોટી વાત છે.

હા, કૃપાની શક્યતા છે, પણ તેવી શક્યતા એટલે સર્વસાધારણતા કે સર્વસામાન્યપણું એમ માનવાનું કશું કારણ નથી. જે કરવાનું છે તે કરવાપણાની ભાવનાની ધારણા હૃદયસ્થ જીવતી રહ્યા કરતી હોય, તેવી આધારભૂમિકાથી જે તે કંઈ જો આપણાથી યથાયોગ્યપણે બન્યા કરતું હોય, તોપણ 'માંહેલો' જરૂર જાગી જવા પૂરો સંભવ રહેલો છે. આપણે તો સંપૂર્ણમાં સંપૂર્ણ અહંમુક્ત પ્રભુકૃપાથી બની, એના એવા
પોકાર ભાવની ધારણાશક્તિ હૃદયસ્થ કેળવી કેળવી જે તે બધું કર્યા
૨૧૧-૨૧૨ કરવાનું છે.

મારી આર્થિક સ્થિતિ જ ન હતી કે હું ગુરુમહારાજ સાથે જઈ શકું. મેં કહ્યું, 'લાચારી ભોગવવી એ તો બરાબર નહિ.' એટલે આપણે મનની સાથે એની સોબત કરી લોને ! એટલે આપણી બુદ્ધિથી, પ્રાણથી એટલે કે ભાવનાથી અને તલસાટથી. ભક્તિ એ પ્રાણનો વિષય. મનનચિંતવન એ બુદ્ધિનો વિષય. અને મન છે તે એની સાથે જોડાયેલું રહે. જો આપણે એની સોબત એવી રીતે કર્યા કરીએ, તો અહીં રહ્યે રહ્યે આપણાથી થઈ શકે. અને આપણાં મન, બુદ્ધિ, પ્રાણ-એ બધાં એનામાં એકરૂપ થાય. તો એ ઘણો મોટો ફાયદો કરનારી થાય છે. મને ગરીબાઈને લીધે એ લાચારી હતી કે એની પાસે હું જઈ જ ન શકું. મારી એવી આર્થિક સ્થિતિ પણ ન હતી. તેમાંથી ઊગરવાને માટેનો એક ઉપાય મેં લીધેલો તે આ. જે શરીરથી જે પ્રત્યક્ષ સોબત છે અને એવી અભિરુચિ હોવા છતાં મન, બુદ્ધિ, પ્રાણ-આ ત્રણથી કરીને જે સોબત થાય છે તે સોબત ઑર ચડિયાતી છે. કંઈ સાધન ના હોય, કંઈ પણ સાધના ના
અગ્રતા કરીએ અને આવી જાતનું સોબતનું સાધન જો આપણાથી થઈ
૧૦૧-૧૦૨ શક્યું તો ઘણો લાભ થાય.

પહેલાં મને ગુરુમહારાજે ચાર જ સાધન કરવાનાં કહેલાં. અભય, નમ્રતા, મૌન અને એકાંત. આ ચાર પાળવાનાં. નમ્રતાને શૂન્ય સુધી લઈ જવાની કે ગમે તેવી હોશિયારીવાળું કામ કરતા હોઈએ તો કોઈને ખ્યાલમાં ન આવે. બિલકુલ અક્કલ વગરનો ધારે. હું મંત્રી હતો. બધું કામ કરું, પણ બધાં મને એવો જ ધારે.

હું ભણાવું તોપણ વિદ્યાર્થીઓને શીખવવાની એવી પદ્ધતિ ખોળી કાઢેલી કે એમને બધું આવડી જાય. અટપટી જોડણીવાળા શબ્દો અને જોડાક્ષરો ખોળીને એક મોટા પૂંઠા ઉપર લખી કાઢું. અને અઠવાડિયામાં ત્રણ દિવસ બધા છોકરાઓ પોતાની પાટી પર લખી જાય. એટલે પાકું થઈ જાય. કોઈપણ શબ્દો લખાવે તો એવા હોય એ જ શબ્દો લખાવે. રોજ એને દસ લીટીઓ તો લખવાની જ. કોઈને ગણિત સોંપું, કોઈને ભૂગોળ સોંપું. છોકરાઓ પોતપોતાની મેળે લેસન કર્યા કરે. અને હું તો નવરો ને નવરો. એટલે હું ભજન કરું, ધ્યાન કરું. ઘણીવાર ભાવાવસ્થા થઈ જતી હતી. એટલે કામ કરતાં કરતાં પણ આપણે ધારીએ તો થઈ શકે છે. આપણા અંતરમાં એવી ખ્વાહેશ જાગે છે ત્યારે એના રસ્તા પણ સૂઝી આવે છે. મારી પાસે ત્રણ વર્ગ છતાં કરેલું છે. કોઈકે મારા વિશે લખેલું કે 'આ ભગત તો ભજન ગાયા કરે છે' એટલે મારી તપાસણી માટે પણ આવેલા. જોડ
એમણે બધું પૂછ્યું. ૧૦૧-૧૦૨

મેં કહેલું, 'અત્યારે હું હરિજન સેવક સંઘમાં રિસ્પૉન્સિબલ પોસ્ટ (જવાબદારીવાળી જગા) ઉપર છું. કંઈ પણ મારાથી કામ બગડ્યું હોય તો મને કહો. મારા ઈતિહાસમાં બધાય ત્યાં હાજર હતા. કોણ કહી શકે ? કોઈની તાકાત નહિ. કોઈકે કહ્યું, 'ચૂનીભાઈ ભગત જે કેળવણી છોકરાઓને આપે છે એવી તો કોઈપણ ઠેકાણે નથી. એટલું નહિ પણ આપણી ગુજરાત રાજ્યની નિશાળોમાં પણ નહિ હોય.' કારણ કે ઈન્સ્પેકટર જોવા આવેલા તે કહે કે 'છોકરાઓને મેં શ્રુતલેખન લખાવ્યું અને દસ શબ્દોને બદલે પચીસ શબ્દો લખાવ્યા. એ

પચીસ શબ્દો એવા અઘરા લખાવેલા, પણ પચીસે પચીસ શબ્દો ખરા. છોકરાઓનું ગણિત ઘણું સારું. ભૂગોળ પણ સારી.' એવી રીતે એમણે વખાણ કર્યાં. ઠક્કરબાપા ફરીથી આવ્યા. એમણે પેલું સાંભળેલું એટલે તે જાતે મારા વર્ગમાં બેઠા. પછી છોકરાઓને શ્રુતલેખન લખાવ્યું, શબ્દો લખાવ્યા, કેટલાકને દાખલા લખાવ્યા, કેટલાકને નકશામાં શું ક્યાં છે એ પૂછેલું. ત્યારે બધાનું ખરું પડ્યું. પછી એ કન્વિન્સ(સંમત) થયા. ત્યારે
શેષ કહ્યું કે 'છોકરાઓને બહુ સારું ભણાવે છે.' મેં કહ્યું, 'સાહેબ,
૩૮ છોકરાઓને ભણાવતો નથી. જાતે મહેનત કરે છે.'

૬

આ જીવને તો કોઈ સત્પુરુષનાં દર્શને જવાનું દિલ થતું નથી. પહેલાં કદી એવું થતું હતું ખરું. ૧૯૩૩ કે ૧૯૩૪માં નવસારીથી ખાસ સુરત પૂજ્ય ઉપાસની મહારાજનાં દર્શન માટે આવ્યો હતો, પરંતુ હવે એવી કોઈ ઇચ્છા ઉદ્ભવતી નથી. એનો અર્થ પાછો એવો નથી કે કદી કોઈ આવા સ્થળે જવું જ નથી. જો કોઈ એવું નિમિત્તકારણ પ્રગટે તો વાંધોયે નથી, કારણ કે કશી કોઈ બાબતમાં આગ્રહ હોવો તે પણ એક પ્રકારનું બંધન છે. આપણી અંદર સર્વ કંઈ ભરેલું પડેલું છે. સાધનાની ભાવનામાં એકનિષ્ઠ થવાતાં થવાતાં માર્ગદર્શન મળતું જાય છે, એ બાબતની શ્રદ્ધા પ્રભુકૃપાથી દૃઢ બને છે અને કોઈક અકળ એવા પ્રસંગથી દોરવણી મળ્યા કરે છે. એવા બે પ્રસંગ અહીં લખું છું :-

ગુજરાત હરિજન સેવક સંઘમાં મંત્રી તરીકે હોવા છતાં કોઈપણ જાતનું કામ કરતાં પ્રભુકૃપાથી નાનમ અનુભવી નથી. એકવાર કંઈક પૈસાબૈસા બૅંકમાંથી લેવા કાજે કે મૂકવા કાજે શહેરમાં જવાનું હતું. આશ્રમ પાસેની 'સર્વ સાક્ષી આમલી' આગળ બસનું સ્ટૅન્ડ છે, ત્યાં તેમાં જેવો બેસવા જઉં છું કે તે જ વખતે તેમાં બેઠેલા બે ભાઈઓની માંહોમાંહેની વાતચીતમાંથી એકના શબ્દો કાને પડ્યા : 'અને હું તો બસમાંથી નીચે ઊતરી

પડ્યો.' અલબત્ત, એમની વાત કોઈ ભૂતકાળના એમના પોતાના પ્રસંગ અંગે હતી, પણ અહીં તો વીજળીની માફક પ્રકાશ ઝબક્યો અને અંદરથી બસ એમ જ થયું કે બસમાં બેસવું નહિ. કશા પણ આગળપાછળના વિચાર બુદ્ધિથી ઊપજેલા ન હતા. તે પછીથી હું સાઈકલ લઈને શહેરમાં જવાને નીકળ્યો તો વિદ્યાપીઠની પાસે પેલી બસનો ભારે અકસ્માત થયો હતો અને તેમાં બેઠેલાંને વાગ્યું હતું તે જોયું. તે બસમાં જો હું પણ હોત તો મારી પણ તેવી વલે થઈ હોત. એટલે પ્રભુના આવા માર્ગદર્શન માટે ઘણો ઘણો આભાર માન્યો. વિદ્યાપીઠમાં બસના અકસ્માતની ખબર આપી હું પોતે તો મારા અગત્યના અને ઉતાવળના કામને માટે રવાના થઈ ગયો.

એકવાર નવસારી આશ્રમમાંથી સાઈકલ પર આશ્રમના ચારપાંચ વિદ્યાર્થીઓ સાથે તમને (હેમંતભાઈ) અને હરિવદનભાઈને નાસિક જેલમાં મળવા સાઈકલની મુસાફરીએ નીકળેલો. મોટા મકનભાઈ, મોરારભાઈ, સીમુભાઈ તથા બીજાનાં નામ યાદ આવતાં નથી એમ અમે પાંચછ જણ નાસિક આવવાને નવસારીથી નીકળેલા. દિવાળીનો વખત. નવસારીથી વલસાડ અને વલસાડથી ધરમપુર. ધરમપુર પછી તો ગાઢાં જંગલો આવે. ધોધમાર વરસાદને કારણે બધી સડકો ધોવાઈ ગઈ હતી અને તેમાં ઘણે ઠેકાણે પાણીના પ્રવાહને અંગે કરીને મોટા ખાડા પણ પડી ગયેલા. ધરમપુર વટાવ્યા બાદ લગભગ અંધારું થવાની તૈયારી હતી. આખે સડકને રસ્તે તો મોટું માથાપૂર ઘાસ ઊગી ગયેલું હતું. તેમાં અમારે વાંકોચૂકો રસ્તો પસાર કરવાનો હતો. એમ સાઈકલથી રસ્તો પસાર કરતાં કરતાં એકદમ દિલમાં સ્ફુરણ થયું કે 'હવે બસ આગળ નથી જવું.' એટલે આશ્રમના વિદ્યાર્થી મિત્રોને કહ્યું કે 'આપણે રાત્રે આ સ્થળે જંગલમાં પડાવ નાખીશું.' એક મોટા ઝાડ તળે આસપાસની જગા સાફ કરીને લાકડાં વીણી લાવી, ધૂણી ધિકાવી. વારાફરતી અમે ચોકીદાર થતા. સવારમાં સારી પેઠે સૂર્યોદય થતાં અને તડકો નીકળતાં અમે પાછા મુસાફરીએ

નીકળ્યા. થોડુંક પણ નહિ ચાલ્યા હોઈએ ત્યાં તો રસ્તામાં એક મોટો, પહોળો અને ઊંડો ખાડો દીઠો. જો અમે અંધારામાં થોડુંક પણ સાઈકલ પર ચાલ્યા હોત તો અમે બધા તેમાં જ ગબડી જાત, પણ પ્રભુની કૃપાથી બચી ગયા.

એવી પ્રેરણાના તો ઘણા પ્રસંગો છે. આવા આવા ન ભુલાય એવા જીવનપ્રસંગોએ એના પરની શ્રદ્ધા જીવંત અને પ્રાણવાન કરેલી છે. આપણે મદદ શોધવા કે ગોતવા ક્યાંયે નીકળવાનું નથી. મદદ તો આભમાંથી આવીને મળશે, અથવા હૃદયરૂપ ધરતીના પેટાળમાંથી આવીને મળશે. અરે ! મદદ કે જવાબ કે તે તે વખતના ઉદ્‌ભવેલા કોયડાનો ઉકેલ કેવળ જડ પદાર્થ તરફથી પણ મળી રહેશે. એક અંગ્રેજ કવિ લખે છે તેમ :

"Books in running brooks."

વહેતાં ઝરણાં પણ પુસ્તકના જેટલું અને જેવું જ્ઞાન પ્રેરનારાં (તેવી દૃષ્ટિ ઊઘડતાં) થઈ પડે છે.

લાંબા લાંબા વિચાર અને તર્કવિતર્કમાં કદી પણ પડવું નહિ. વિચારોને કદી વાગોળશો નહિ. વાગોળવું જુદું છે અને મનનચિંતવન એ જુદી હકીકત છે.

સંશોધન ૩૧૨-૩૧૫

૭

બુદ્ધિ ભગવાનનું સ્વરૂપ છે. આપણા આધારમાં એટલે કે આપણા શરીરની અંદર ભગવાનની-ચેતનની-નજીકમાં નજીકનાં કોઈ અંગ હોય તો બે છે : બુદ્ધિ અને પ્રાણ. જેને જેને સ્પર્શે ત્યારે તેના રૂપ થઈ જાય છે. એટલે એ ચેતનનાં સ્વરૂપનું લક્ષણ છે અને બુદ્ધિ છે તે એનાં બધાં પાસાંઓને યોગ્ય રીતે સમજાવે છે. બુદ્ધિ પણ ભગવાનની છે. એટલે આપણે તે વખતે એમ માનીએ કે ભગવાનરૂપ છે. અને એ બધા ઉકેલ કરે છે. 'હું મારી મેળે મારી બુદ્ધિ વડે કંઈ ઉપાયો શોધું છું' એમ જાણવું એ બરાબર નથી, કારણ કે આખરે તો બધાંનો આધાર એ જ છે. આખી પૃથ્વી, બ્રહ્માંડ આ બધાંનો આધાર, સાચેસાચ, ખરેખરી રીતે તો 'તું' જ છે. અને મારી બુદ્ધિમાં પણ તું જ

પ્રકાશ પાડનારો છે. ઉપાય પણ તું બતાડનારો છે.' દા.ત., મારા ગુરુમહારાજે હુકમ કર્યો કે ધુંવાધાર ધોધની (મધ્ય પ્રદેશ) સામે ડાબી બાજુએ ગુફા જેવું હતું. ત્યાં એટલો બધો ધોધ પડે કે એનાં બધાં ફોરાં એટલે બધે દૂર સુધી ઊડે અને આપણને ભયંકરતા લાગે. તે ધોધની વચ્ચે ડાબી બાજુ એક બાજુએ ગુફા જેવું હતું. ત્યાં પહોંચવું, પણ ત્યાં પહોંચવું કેમ? હવે કોઈ ઉપાય તો જડે નહિ. તો પછી મેં તો પ્રાર્થના કરી 'હે પ્રભુ, બુદ્ધિ તું જ છું અને બુદ્ધિ દ્વારા જ ઉપાય સૂઝે છે. તું જ મને ઉપાય બતાવનારો છે. ઉકેલ પણ તું જ કાઢનાર છે. હુકમ પણ તેં જ આપ્યો છે. તારી કૃપાથી મારો બેસવાનો નિશ્ચય પાકો છે. અને મને આ સાધન તેં આપ્યું છે, તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું છે. એ મારા ઉપર તારો કેટલો બધો ઉપકાર છે. અને આખરે બુદ્ધિ તું જ છું. બુદ્ધિમાં પ્રકાશ પાડનાર પણ તું જ છું. આ વાતમાં ઉપાય સુઝાડનાર પણ તું જ છે. એટલે આનો ઉપાય પણ સુઝાડશે જ એવો નિશ્ચય છે' એવી પ્રાર્થના કરું. એ પ્રાર્થના મને વાસ્તવિક લાગે છે. આપણે એમ કહીએ કે મને ઉપાય સૂઝી ગયો છે એને બદલે 'હે પ્રભુ, તારો અનંત ઉપકાર છે અને આનો ઉપાય મને સૂઝી ગયો છે.' એવું કોણ કરી શકે ?

જેની એવી એકાગ્રતા સધાઈ ગઈ છે, જેનું લક્ષ ભગવાનમાં એકધારું એકાગ્રપણે ચોંટી જાય છે એવો ભાવ પ્રગટવાથી અને એ ભાવની એકાગ્રતાને લીધે મનાદિકરણ એટલાં બધાં શાંત અને સ્વસ્થ થઈ જાય છે-તે એવું કરી શકે. જે સમસ્યા કે કોઈ ગૂંચ કે પ્રશ્ન આવ્યાં તે અવચેતન મનની અંદર રહેતા હોય છે. તે જતા નથી રહેતા. જ્યારે આપણામાં આવી સ્વસ્થતા મનાદિકરણમાં જન્મે છે ત્યારે અવચેતન મનમાં પડેલી પેલી સમસ્યાનો બુદ્ધિ દ્વારા ઉકેલ બતાવી દે છે. તે આખરે તો ભગવાન જ છે. જેની સ્થિતિ થયેલી છે તેને માટે આ પ્રાર્થના બરોબર છે, પણ સામાન્ય જીવનું એમ કહેવું કે 'મને ઉપાય જડી ગયો છે' તે વાસ્તવિક હકીકત નથી. તેને માટે તો એમ

કહેવું જોઈએ કે 'બુદ્ધિ પણ તું જ છે. પ્રકાશ આપનાર પણ તું જ છે. ઉપાય સુઝાડનાર પણ તું જ છે. ઉકેલ કાઢનાર પણ તું જ છે. એ રીતે આ મારી જે સમસ્યાઓ છે, હે પ્રભુ, તેમાં તું પ્રકાશ પાડશે જ એવો જીવનમાં આટલા બધા પ્રસંગોના અનુભવ પછી તારામાં મારો આત્મવિશ્વાસ જીવતો થઈ ગયો
અન્વય છે. આનો ઉપાય પણ મને ચોક્કસ બતાવવાનો જ છે. તેવી
૫૧-૫૩ રીતે તે ભગવાનને પ્રાર્થના કરે તો એ વધારે વાસ્તવિક છે.

જબલપુર પાસે ધુંવાધારની ડાબી બાજુએ ગુફા, ત્યાં હું બેઠો હતો. ત્યારે ગુરુમહારાજ પધાર્યા. મેં કહ્યું, 'તમે તેજ સ્વરૂપ છો, તો તેજ સ્વરૂપ જેવા લાગતા નથી. મને તેજ સ્પરૂપનાં દર્શન આપો.' આખું શરીર તેજમય થઈ ગયું. તેજ સિવાય કંઈ નહિ. ટ્રાન્સ્પરન્ટ(પારદર્શક) શરીર. વાળ પણ ટ્રાન્સ્પરન્ટ. પછી પગે લાગ્યો. 'આપે તેજ સ્વરૂપનાં દર્શન આપ્યાં.' પછી કહે, 'કાલે તારી કસોટીનો કાળ છે. ગંભીર રહેજે.' બીજે દિવસે એટલું બધું પાણી એ ગુફામાં અંદર આવ્યું, કે પછી મને કાલે કરેલ એ વાત સાચી લાગી. હું તો ગુરુમહારાજની પ્રાર્થના કરીને, એનો આકાર હતો તેને મારી
તદ્રૂપ સામે ને સામે જ રાખું. પાણી દસ મિનિટ રહ્યું, અને પાછું જતું
૧૦૩-૧૦૪ રહ્યું.

મેં મારા ગુરુમહારાજને કહેલું કે 'યુ આર સો મીસ્ટીક' (આપ ઘણા રહસ્યમય છો) તો કહેલું કે 'આઈ કેન નૉટ બી કન્વિન્સ્ડ'(હું સંમત થઈ શકતો નથી) તારી ભૂલ છે. એમાં મારી કંઈ ખૂબી નથી. તારી મેળે જ તને આ થયું છે.' ખોટી વાત. મારી મેળે કેવી રીતે થાય ? નહિ થાય. જાતોજાત તમે સામે ઊભા છો અને આ બધું મને શિખવાડ્યું. એ તો એક ને એક બે જેવી હકીકત છે. હવે તમે કહો કે 'નથી શિખવાડ્યું. તું તારી જાતને શિખવાડી રહેલો છે.' આ તમારી ગૂઢતાભરી વાર્તા મને સમજાતી નથી. મને સ્પષ્ટપણે સમજાવો, તો સમજણ પડે. એમણે કહ્યું કે 'જો તારી જિજ્ઞાસા ઊતરતાં ઊતરતાં તારા

આંતરમાનસમાં પેસી ગયેલી છે. અવચેતન મનમાં એવું છે કે એ જિજ્ઞાસા ત્યાં જઈને તને પેલા સાધનની પ્રેરણા આપે છે. તો હવે એ જાણે કે આ તું સ્વીકારી નહિ શકે, પણ સદ્‌ગુરુ પરનો તારો ભાવ છે એટલે વચ્ચે સદ્‌ગુરુ આવી જાય છે. તે સદ્‌ગુરુને આણી દે છે. એટલે એ કહે તે તું સ્વીકારી લે છે. હજી તારી એવી આકલનશક્તિ જાગૃત થઈ નથી કે અંદરના માનસને તું સમજી શકે અને એની પ્રેરણા તું ઝીલી શકે. એટલે આ વચ્ચે મને ઊભો કરી દે છે. મૂળ વાત તો આ છે, પણ એ તારાથી સ્વીકારાય તેવી હકીકત છે નહિ. એટલે એવું મીસ્ટીસીઝમ (ગૂઢ તત્ત્વ) જો હોય તો આટલું જ.'

અન્વય
૭૨-૭૩

૮

મથુરામાં થતી આરતી ઉત્તમમાં ઉત્તમ છે. યમુના નદીની સામે મોટો આરો છે. એના પર બહુ ભારવાળી, મજબૂત માણસો ઊંચકી શકે એવી અગરબત્તીની આરતી ઊતરે. આ પણ જેને એવી જાતની કંઈ ભાવના હોય, તેને જ અનુભવાય. બાકીનાંને તો લાગે કે 'આ શું આરતી ઉતારે છે ?' એમાં શું રહસ્ય ? એમાં વિશેષતા શી છે ? એમાં ધર્મ જ ક્યાં આવ્યો ?' એવા ઘણા પૂછનારા જાણ્યા છે. તેમને ઉત્તર પણ મેં આપ્યા છે.

વલ્લભાચાર્યજીએ આ રિવાજ પાડેલો છે. તેમણે કુદરતને ભગવાન કહેલો છે. તે કુદરતને પૂજે છે. કુદરતની આરતી ઉતારે છે. સામે જુએ તો કંઈ કશું છે નહિ. કુદરત જ છે. એમણે કુદરતને વિચારી છે. કુદરતને એ સમજ્યા છે. આપણે સમજતાં નથી. કુદરતની કદર-પૂજા આ દ્વારા કરી શકીએ, અથવા એ જાતની ભાવના આપણામાં જન્મે, ઊતરે એ આચાર્યશ્રી વલ્લભાચાર્યનો આદર્શ હતો. તે આ યમુનાજીની આરતીમાં બહુ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. તદ્દન ખુલ્લા ભાગમાં ખુલ્લી રીતે અને યમુનાજીની સામે જ એ આરતી ઉતારે છે, ત્યારે જેના હૃદયમાં ભાવ છે તે સમજી શકે છે. કેટલાં બધાં માણસો ત્યાં હોય છે ! એ બધાંના દિલમાં તે વખતે ભાવ

હોય છે. પછી નથી રહેતો. પછી બધા જડ જેવા છે, પણ ત્યારે જે બધો ભાવ છે તે ભાવનો હું તો ઉપયોગ કરી લેતો. એ ભાવના વાતાવરણનો હું ઉપયોગ કરતો, કારણ કે ત્યારે હું સાધનામાં આગળ વધેલો. એટલે આ બધું ભાવને લીધે મને સમજાતું હતું. જો ભાવ ના હોત તો હું પણ એમ જ કહેત કે આ બધું નકામું. આ નકામો ખર્ચો. એમાં માણસનો આટલો વખત બગડે. આનાથી શું વળે ? આનો શો ઉપયોગ ? આ બધું નકામું. મથુરામાં એ ભક્તિનું સંગીત આજે પણ ચાલુ છે. ત્યાં આઠ વખત દર્શન થાય. તે આઠે વખત ત્યાં સંગીત બહુ પ્રાણવાળું કહું એટલું જ બસ નથી, પણ ભક્તિની ભાવનાથી છલોછલ છલકાય એવું સંગીત છે. એ સંગીત સાંભળવાનો એક લહાવો છે.

મને તો સંગીત આવડતું નહિ. ફાવે જ નહિ. સંગીત જાણતો નહિ, પણ સંગીતમાં જે ભાવ છે, તે ભાવ મને સ્પર્શતો. આજે પણ એનો ભાવ સ્પર્શે. એક વખતે મારે સંગીત સાંભળવું હતું, શુભલક્ષ્મીને સાંભળવાં હતાં. એ ઘણાં મહાન સંગીતકાર હતાં. દક્ષિણમાં હતાં. દક્ષિણ ભારતમાં નંદલાલના મામા ગોપાલદાસને મેં કહ્યું, 'મારે સંગીત સાંભળવું છે' પણ એ સંગીતના રસિયા નહિ. તો કહે, 'એમાં શું સાંભળવાનું છે ? પણ એમાં ખૂબી છે ! તો કહે, 'રાગડાની તે કંઈ ખૂબી હોતી હશે ?' મેં કહ્યું, 'તમે મુરબ્બી છો તે તમને આ બાબતમાં શી વાત કરું ?' 'હું કંઈ સંગીત જાણતો નથી. સંગીત પ્રત્યે મને અભિરુચિ નથી. એટલે આવું બોલું છું, પણ તને મન છે, અને તને ગમતું હશે તો ગોઠવીશ. શુભલક્ષ્મીની પાસે લઈ જઈશ.' ત્રિચિનાપલ્લીમાં એક જણને ઘેર પધારેલાં. મામાના ઘરાક હતા. હીરાના ઘરાક શ્રીમંતો હોય છે. 'મારે ત્યાં એક ગુજરાતી છોકરો આવેલો.' એમ એમણે કહ્યું, 'શુભલક્ષ્મીનાં એકબે ભજન સાંભળવાં છે.' તો કહે, 'એ આજે ભજન ગાવાનાં જ છે. તમે આવો.' હું ત્યાં ગયેલો. એમણે મીરાંનાં ભજન ગાયાં, પોતાની ભાષા તામિલ પણ

હિંદીમાં જે ભજન ગાયાં તે અદ્‌ભુત હતાં. અને ભજનમાં પ્રાણ પ્રગટેલો. શુભલક્ષ્મી નાનપણથી સ્વતંત્ર રીતે જીવેલાં અને આ વિદ્યા શીખેલાં. એમના વર પણ આ વિદ્યા જાણતા હતા. બન્નેને બહુ સારું બને છે. જ્યાં જવું હોય ત્યાં જવા દે ! તદ્રૂપ ૩૪-૩૬

૯

ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માઓ હોય તેમને પણ જીવનમાં સંઘર્ષ થવાનો છે. તે સમાજથી વેગળો નથી. ગુફામાં બેસીને જીવન ગાળનાર આત્મા તો જવલ્લે જ હોય છે. તે પણ સમાજથી વેગળો નથી જ હોતો. હું આ જ હેતુ માટે ૧૯૩૩ની આખરમાં એકલો નીકળેલો. હિમાલયમાં મને એક મહાત્મા મળ્યા. તે બરફમાં રહેતા. ફક્ત પાસે એક નાનું હથિયાર રાખ્યું હતું કે જેથી બરફ ખોદીને હવા આવવાનો રસ્તો થઈ શકે. આ માર્ગમાં તો પેશાબ-મળત્યાગ ઉપર પણ કાબૂ આવી શકે છે. ઊંઘ ઉપર પણ સ્વામિત્વ લાવી શકાય. એવા આ મહાત્માનાં દર્શન થયેલાં. તેમને મેં પૂછ્યું કે ‘તમે સમાજથી અળગા રહીને શું કરી શકો ?’ તેમણે કહ્યું કે ‘સમાજથી ભલે અળગો લાગતો હોઉં, પણ બ્રહ્માંડ સાથે જોડાયેલો છું, એનાથી અલગ નથી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એમાં (fallacy) દોષ નથી.’ તેમને મેં પૂછ્યું, ‘અહીં રહ્યે વ્યક્તિ સાથેનો તમારો સંબંધ કઈ રીતે ?’ એમણે કહ્યું, ‘શરીર પરંપરાનું બનેલું છે કે નહિ ? જીવનની અનંતતા છે કે નહિ ? ફળફૂલ વગેરે થાય છે કે નહિ ? કોઈપણ વસ્તુ ફેરફાર વગરની છે ? છતાં પણ અનંતતા કાયમ છે કે નહિ ? તેવી જ રીતે સાંકળ ચાલ્યા જ કરતી હોય છે. મનુષ્યજીવન પણ અટકેલું રહેતું નથી. તે અહીં અટકતું નથી, એ આગળ પણ રહેવાનું અને પાછળ પણ હતું. તારું નાનકડું મગજ વહેવારમાં ચાલે નહિ. સંશય ટળે તો મોટી વાત થાય, પણ બુદ્ધિથી આ વાત ન સમજાય-અનુભવ વગર થાય નહિ.’ મેં તેમને બહુ પ્રાર્થના કરી કે સમજાવો. તેમણે કહ્યું કે ‘એકલો પૃથ્વી સાથે સંબંધ

નથી. સકળ બ્રહ્માંડ સાથે સંબંધ છે. અહીં બેઠાં બેઠાં નિમિત્ત પ્રગટે છે.' મેં કહ્યું, 'એ સ્વીકારાતું નથી. સમજાતું નથી. મને આમાં સમજ પડતી નથી.' તેમણે કહ્યું કે 'પૃથ્વી કશાક સાથે સંકળાયેલી છે, તે આપણે માનીએ છીએ. તે સૂર્યમાળા સાથે સંકળાયેલી છે. બીજા સાથે, ત્રીજા સાથે સંકળાયેલ છે, એ બુદ્ધિ કેવી રીતે માને છે ?' મેં કહ્યું, 'તેની સમજણ તો નથી પણ એવું શીખેલા એટલે તે દિલમાં ચોંટી ગયું છે.' મેં પૂછ્યું કે 'તમે અહીં રહ્યે કેવી રીતે સંકળાયેલા છો ?' તેમણે કહ્યું કે 'આપણને જેવી રીતે એમ નથી લાગતું કે પૃથ્વી સંકળાયેલી છે, છતાં હકીકતમાં તે વાત સાચી છે. તેવી રીતે અનુભવથી માનીએ તો તે સૂક્ષ્મમાં પ્રગટે છે. અહીં બેઠાં બેઠાં જેવું જેનું નિમિત્ત પ્રગટે છે તે બધાં અહીં હાજર થાય છે. ફક્ત મનુષ્યો જ નહિ, દેવદેવીઓ પણ. સૃષ્ટિમાં ચૌદ પ્રકારની યોનિઓ છે, તેમાં દેવદેવીની પણ એક યોનિ છે. પ્રેતયોનિ પણ છે. મારે એ બધાં સાથે સંબંધ છે. એ લોક સાથે નિમિત્ત પ્રગટે તોપણ શું અને ન પ્રગટે તોપણ શું ? શરીર છે ત્યાં સુધી એ ચાલ્યા જ કરવાનું છે. મારી પાસે થોડી પળો માટે આવવાથી પણ તેનો ઉદ્ધાર છે. મારી સાથે થવાથી તાદાત્મ્ય કેળવાય છે. બુદ્ધિથી સંશય ટળે એવી ખાતરી નથી. કોઈ વ્યક્તિ બધાંને લુચ્ચી લાગતી હોય. મને તેનો સારો અનુભવ હોય. આપણને અનુભવથી જ ખાતરી થઈ શકે. માણસે અનુભવ ઉપર મક્કમ રહેવું જોઈએ. અનુભવ વગર સંશય જાય નહિ. બુદ્ધિથી નહિ જ જાય.' આ તેઓ હકીકતરૂપે કહેતા અને હું જડસુ માફક સમજી રહેલો. તેમને મેં પૂછ્યું, 'તમારા જેવા ઘણા મહાત્મા આ દેશમાં છે છતાં ઉદ્ધાર કેમ થતો નથી ?' તેમણે આગળ કહ્યું, 'આનાથી બીજ રોપાય છે. એ તરત ફળી જતું નથી. પણ જ્યારે એ સંસ્કારનો ઉદય થાય ત્યારે એ જાગે છે. તું પણ પહેલાં ક્યાં માનતો હતો ? તું માનતો કે આવા મહાત્માઓ જગતને ભારરૂપ છે. તને તારા નામ સાથે બોલાવ્યો છતાં તું જઈ શકતો ન હતો. તને ઓળખતા ન હતા. પિછાન ન હતી
મૌ.કેડીએ ૩૬-૩૭ છતાં તને બોલાવ્યો હતો.'

*પ્રશ્ન : મોટા, તમે કહેલું કે તમે મહાત્માને મળ્યા, તમે એમને પ્રશ્ન પૂછ્યો, કે ચેતનામાં જાય એનું અસ્તિત્વ રહે કે નહિ ? એની પર્સનાલિટીનું શું ? તે લય થઈ જાય....*

શ્રીમોટા : પછી એને પર્સનાલિટી જેવું કંઈ કશું રહે નહિ. એ ગૉડ હીમ સેલ્ફ (પોતે જ પ્રભુ) જેવી સ્થિતિ થઈ જાય. આ પૃથ્વી પર કેટલા બધા જીવો મુખ્ય હોય તે માણસો સાથે સંબંધ હોય છે. દોસ્તી થઈ હોય, મૈત્રી થઈ હોય. જીવને ખરી ભક્તિ જાગી હોય. એવા લોકો એને યાદ કરે છે અને બહુ ભક્તિ કરે. એને પોકાર પાડે. આ બધાંને લીધે જુદું અસ્તિત્વ છે, તેમ લાગે છે. પણ ઈન ફૅક્ટ (ખરેખર) નથી. જ્યારે એ તત્ત્વ સાથે જે એનો અહોભાવ છે, એકત્વભાવ છે, જેની સાથે ભાવાત્મક એ બધા જે ભાવ છે, તેની સાથે કામ કરતું હોય અને કામ કરતું હોય છે એટલું જ નહિ, કેટલાક પ્રત્યક્ષ આકાર રૂપે પણ દેખાય. અત્યારે આકાર દેખાય છે. જેવી જરૂરિયાત હોય ત્યાં દેખાય. આવા લોકોના કિસ્સામાં આ બધું બુદ્ધિથી કે દલીલથી કશાથી આપણે યથાયોગ્ય ઠેરવી શકીએ એવી સ્થિતિમાં નથી. આ છે જ, અને આવી રીતે છે, એમ કહી શકીએ નહિ. બધા વિદ્વાનોએ પ્રયત્ન કર્યો છે કે બુદ્ધિથી આ યોગ્ય છે એમ ઠેરવી શકાય છે, પણ મારા ગળે એમની વાત ઊતરતી નથી. તમારે કહેવું હોય તો કહો કે આમ ફૅક્ટ (ખરેખર) છે, પણ માનવું ના માનવું દરેકની મુનસફીની વાત છે, પણ એ ખરેખર ફૅક્ટ છે જ એવી દલીલો કરે છે અને એ લોકોએ બુદ્ધિથી દલીલો શોધી છે. મારે ગળે એ ઊતરી નથી. તેથી, મેં એના વિશે વિચાર કર્યો નથી.

પણ એનું જુદું અસ્તિત્વ હોતું નથી. આપણી જાત જુદી છે એમ આપણને લાગે છે. એવી રીતે પેલા મહાત્માઓ, મહાન તત્ત્વોમાં લય થઈ ગયા છે ત્યારે એને અસ્તિત્વ નથી. તેમ છતાં એમનું અસ્તિત્વ આપણને લાગે છે, એ આપણી પોતાની ભાવનાને લીધે લાગે છે. બાકી નથી-એવું મને લાગે છે.

મારા ગુરુમહારાજ મને ઘણીવાર કહેતા, 'જો મૈં હૂં સો મૈં હૂં. પીછે મેરા સ્વરૂપ અલગ હો જાયેગા ! પીછે મુઝે કોઈ નહીં બુલાયેગા, કોઈ પુકાર નહીં પાડેગા, કોઈ જગહ પર નહીં રહનેવાલા હૂં. તું પોકાર પાડીશ ત્યારે હાજર થઈશ. તો મૈં કહાં જાઉંગા ? મૈં યહીં રહનેવાલા હૂં. યહી જગહ પર.' એમ એમણે મને કહેલું. મારે જ્યારે જરૂર પડે ત્યારે હું પોકાર પાડું. એકબે સંકટની વેળાએ મારે એવી જરૂર પડેલી. ગરીબનું સંકટ પૈસાનું હોય. એવું સંકટ પડેલું. તેરસો રૂપિયાની જરૂર પડેલી. એટલા બધા રૂપિયા તો મારે મન તો અધધ રૂપિયા કહેવાય. તે રૂપિયા મને ધીરે પણ કોણ ? તો મેં ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે 'પ્રભુ, આ અવસર આબરૂ જાય એવો છે. ક્યાંથી લાવું હવે ? કોઈ છે પણ નહિ અને એટલા બધા પૈસા લાવવા ક્યાંથી ? બધા પ્રયત્નો કર્યા. પછી તમને પ્રાર્થના કરું છું. તમે તો હયાત નથી. પણ મને ખબર છે કે તમને હું હયાત કરીશ. મને વિશ્વાસ છે કે તમે પ્રગટ થશો જ.' બહુ બહુ રડતાં રડતાં પ્રાર્થના કરેલી. પછી આવેલા. મને કહે, 'દીકરા, તું શું કરવા રડે છે ? તારે માથે સમર્થ ધણી છે. તેની ખબર પણ નથી ? સમર્થ ધણી હોય તેને કહી દેવાનું કે આ કામ તારે કરવાનું છે.' 'હુકમ મારાથી ના થાય.' 'તો વિનંતી કરવી, પ્રાર્થના કરવી. એ તો થાય કે ના થાય ? પહેલાં પ્રાર્થના કરવી-વારંવાર પોકાર પાડવો. પણ રડવું બડવું નહિ. એ બરાબર નહિ.' એમ મને કહે. પછી મને કહે, 'શું કામ છે તારે ? કેટલા પૈસા જોઈએ છે ?' મેં કહ્યું, 'તેરસો જોઈએ છે.' તેમણે મને તેરસો રૂપિયા કાઢીને આપ્યા. જરૂર પડે તો સો વધારે આપું. એમ કહીને ચૌદસો રૂપિયા હાથમાં આપીને ગયા. હું તો ભગવાનનું નામ લેતો રૂપિયા લઈને ઘેર ગયો. મારી માને કહ્યું, 'મા, રૂપિયા લાવ્યો.' મારી બા કહે, 'રડ્યા, આટલા બધા રૂપિયા અત્યારે રાતે ક્યાંથી લાવ્યો ? કોઈના ચોરીને લાવ્યો ?' મેં કહ્યું, 'મા, ચોરી તો નથી લાવ્યો. મારા ગુરુમહારાજે આપ્યા.' 'હોવે. તારા ગુરુમહારાજ આટલા રૂપિયા

આપતા હશે !' 'મા, તારે તો રૂપિયા સાથે કામ છેને? તું તારે કામ કર. લે આ.' એમ કહીને આપ્યા અને કામ પત્યું.

એની પાછળ કહેવાનો મતલબ કે આવા જે લય થઈ જાય છે, તોપણ એના જે ભક્ત છે, જે એના સંબંધમાં છે, જેની સાથે એમને દિલ છે, તેવા લોકો પોકાર પાડે, અને ખરેખરો પોકાર હોય છે, ત્યારે કાં તો એ પ્રત્યક્ષ હાજર થાય છે, કાં તો સૂક્ષ્મ હાજરીથી એનું કામ પતાવે છે. બેઉ રીતે. એક પ્રસંગ તો તમોને મેં કહેલો કે વીસાપુર જેલમાં બીજા બધાંને મારતા હતા અને મને જોતાં જ મારતા બંધ થઈ ગયા.

એક વખત જેલમાં મને ડાયેરિયા (ઝાડા) થઈ ગયેલ. વારંવાર જવું પડે અને અમારા લોકોએ (જેલવાસીઓએ) ઘણા આવા વેશ કાઢેલા ! એટલે એ લોકો સાચું માને જ નહિ, કારણ કે અમારા લોકોએ આવી બનાવટો કરેલી. તે અમારી ઈમ્પ્રેશન (છાપ) આવી થઈ ગયેલી. મને દાખલ કર્યો. બધા કહે, 'એ હંબગ છે.' મેં કહ્યું કે 'અપવાસ પર જઈશ. કશું ખઈશ નહિ. મારી વાત સાચી છે કે મને ડાયેરિયાનો રોગ છે. બીજા દિવસે ન ખાધું. કેદી જ્યારે ન ખાય ત્યારે નિયમ પ્રમાણે એનો રિપોર્ટ કરવો પડે. પછી સુપરિન્ટેન્ડેન્ટ(અધિકારી) આવ્યા. મેં નમસ્કાર કર્યા. મેં અંગ્રેજીમાં સારી રીતે વાત કરી કે 'સાહેબ, આ સ્થિતિમાં કેદી શું કરી શકે ? એ તો ગુલામ છે. એને સ્વતંત્રતા આપો. નહિતર હું પૂનામાં જઉં. તો હું ખાતરી કરાવી આપું કે મને આ રોગ છે. ન ખાવું એ જ હથિયાર, કારણ કે ખરી વસ્તુને પણ જ્યારે તમે માનો નહિ.' મને કહે કે 'તમારી વાત બહુ સાચી છે, પણ બધાએ આવું ખોટું ચલાવ્યું છે માટે અમને થાય.' 'તમારી વાત સાચી. પણ મારી વાતમાં કોઈ ઢોંગ નથી. મારી વાત સાચી છે.' એમ મેં કહ્યું. પરીક્ષા તો થઈ ગયેલી. ડૉક્ટરે તપાસી લીધેલો અને રિપોર્ટ મોકલી આપ્યો હતો. પછી મને પૂના મોકલી આપ્યો. ત્યાં પણ એવું થયું, તો મારા ગુરુમહારાજે મારી પ્રાર્થના સાંભળેલી. એટલો બધો હેરાન કર્યો. એ જડ જેવા લોકો તો

માનશે નહિ. આ જેલર લોકો આ માનશે નહિ. એટલે આનો ઉપાય શો ? ભગવાન છે. એ આપણને છૂટો કરી આપે તો થાય. બાકી તો થાય એવું નથી. મેં પ્રાર્થના કર્યા કરી. પછી મને લઈ ગયા. ત્યાં ડૉક્ટરોએ કહ્યું કે 'દરદીને આટલું બધું થયું તોય તમે એને લાવ્યા નહિ ? તમે કેવા માણસો છો ? મારું શરીર તો લાશ જેવું થઈ ગયેલું. પછીથી બધું ગયું. મારા ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે 'હે પ્રભુ, મને વચન આપો, મારે તો હજુ કેટલાંય કામ કરવાનાં છે, કરોડો રૂપિયાનો હુકમ આપ્યો. હજી તો કંઈ થયું નથી. હજુ તો હુકમ આવ્યો કે તું જા. આ લડતમાં જા. દેશની ભક્તિને લીધે નહિ, પણ તારી સાધના કેટલી પ્રબળ છે તેની તને ખબર પડશે. પોલીસોના દંડાના માર ખા. ત્યાંથી ખસવાનું નહિ. ત્યાં ને ત્યાં ઊભા રહીને ભગવાનનું નામ લેતાં લેતાં તું માર ખા. એટલે અભય કેટલો કેળવાયો છે. તને તે વખતે ડર લાગે તો માનવું કે આપણે ખોટાં છીએ, પણ જો ડર ના લાગે તો, ભગવાનનું નામ લેતાં લેતાં માર ખાઈશ તો હું રાજી થઈશ, કે તારો અભય બરોબર કેળવાયો છે ! તારી તાકાત જણાશે. સાતઆઠ વાર આવા માર ખાવાના પ્રયોગો થયેલા છે. એકબે વખત તો ઉપરીઓએ આવીને મને માર ખવડાવેલો.

બૂચ કરીને એક નાગર સદ્‌ગૃહસ્થ હતા. કાઠિયાવાડમાં એક નાના ઠાકોર હતા. ઠાકોરે એમને મારવા માટે યુક્તિ કરીને જમાડવાનું ગોઠવેલું. 'તમે તો ખરા બ્રાહ્મણ છો, તમને તો દેશને માટે બહુ લાગણી. તો તમારા જેવા બીજા બ્રાહ્મણ મને ક્યાંથી મળે ?' મેં તો ના કહી કે 'આમાં જશો નહિ, આ ઠાકોરને આજે ક્યાંથી ભાવ જાગ્યો ?' એમ મેં કલ્પના કરી. આજે પેલા લોકોને ભાવ જાગ્યો. હંમેશાં વિરોધમાં જ રહે છે. પોલીસ બધા એમને ત્યાં જ રહેતા હતા અને ખાતા પીતા. એ ઠાકોર તો વિરોધમાં જ હતો. 'આજે ક્યાંથી પુણ્યભાવ જાગ્યો ? એકબે વાર વિચાર કરો. પછી નક્કી કરો. ગરીબનું કહ્યું માનો.' લાડવા ખાવાનું મન થયેલું. એટલે કહે, 'શું કરશે આપણને ?

બહુ તો આપણને મારશે. માર ખાવા તો આપણે આવ્યા છીએ.'
'સારું ત્યારે ચાલો. અમે ગયા. બધાને જમાડ્યા કર્યા. આરામ કરાવ્યો. સાંજે છ પછી મિટિંગ રાખીશું એમ નક્કી કર્યું. પોલીસ બધા ખરા. પણ બધા આઘે રાખેલા. એક આસી. ડી.એસ.પી. હતો. એ જાણે કે આ કારસ્તાન છે. ઠાકોર એકલાએ નહિ કરેલું. કલેક્ટરે અને બીજાએ ભેગા થઈને આ કારસ્તાન કરેલું. એવું નક્કી કરેલું કે મરણ ન થાય તે જોવું. પણ મારવા ખૂબ. બધું શણગારેલું 'વંદે માતરમ્' એ ગીત ગવાયું. બધા બોલવા ઊભા થયા. મારો વારો પણ આવ્યો. મારું ભાષણ પૂરું નહિ થયેલું ત્યાં જ બધાંને ઝૂડંઝૂડા-લાકડીઓથી છોકરાઓને મારવા લાગ્યા. ચારેબાજુ પોલીસો ઊભેલા અને જે જાય તેને સારી પેઠે મારે. કેટલાક નાસી ગયા. કેટલાક મારી બાજુએ ઊભેલા-એ માર ખાતા હતા-એ પણ કોઈ ને કોઈ કારણથી છટકી ગયેલા. મને સખત મારવા લાગ્યા. એ વખતે ડી.એસ.પી. બચુભાઈ નાગર હતા. એ એકદમ આવ્યા. કહ્યું, 'આને શું કામ આટલો બધો મારો છો ?' મારે ભગવાનનું નામ ચાલતું હતું. 'એનામાં શક્તિ નથી.' મને ઊંચકીને ધર્મશાળામાં લઈ ગયા. પછી એ મને કહે, 'હું સૂતો હતો ત્યાં મને લાઈટ દેખાયું. મને કહે કે 'ઊભો થા અને પેલા છોકરાને બચાવ. મરી જશે બિચારો !' મેં કહ્યું, 'તમે ગુરુમહારાજનું કહ્યું માનીને આવ્યા. નહિતર આ કાળમાં કોણ માને ?'

ઘણી વાતો એવી હોય છે કે આપણી બુદ્ધિમાં બેસે નહિ. તેમ છતાં બનતી હોય છે. ભગવાનની બાબત છોડી દો. આ સંસારવહેવારની બાબતમાં પણ આવું ક્યારેક બને છે. બુદ્ધિમાં ઊતરી ન શકે. તદ્રૂપ ૮૫-૯૦

જ્યારે ગુજરાત હરિજન સેવક સંઘમાં હતો ત્યારે ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માના અનુભવને માટે હિમાલય ગયેલો. મુખ્ય હેતુ જમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ, તુંગનાથ અને બીજે જવાનો હતો. ગંગોત્રીમાં માતાજીનું મંદિર છે. ગંગામાતાના મંદિરની સામેની બાજુના કિનારે રહેતા કોઈ

મહાત્માની વાતો કદીક કરતો. ઉપરાંત, ગંગોત્રીથી આગળ કેદારનાથ જતાં કોઈ ચટ્ટી પાસે ઊતરેલા ત્યારે તેમની ખાસિયત પ્રમાણે બધાંને પૂછેલું ત્યારે ખબર પડી કે એક અઘોરી બાવા અમુક ઠેકાણે રહે છે. તે ઠેકાણાની ચોક્કસ માહિતી અહીંથી મળી હતી. એ ચટ્ટીમાં દુકાનવાળો હતો તે કહે, 'અમુક ઠેકાણેથી અમુક ટેકરી પર ચડીને જવાનો રસ્તો નથી. ઝાડ કે બુટ્ટી એવું કંઈ ઊગ્યું હોય એને પકડી પકડીને બેળેબેળે ચડીને જઈએ ત્યારે પાછું બીજું આરોહણ આવે છે. ત્યાંથી ત્રીજું પશ્ચિમ દિશામાં જઈને પૂર્વ દિશામાં વળી ઉત્તર દિશાએ જવાનું છે. તે બધું ચડાણ બહુ આકરું છે. બધું થઈને લગભગ દસ બાર માઈલ થાય. ત્યાં એક અઘોરી બાવા ઉચ્ચ પ્રકારના અનુભવી પુરુષ છે.

મારી સાથે એક બોજીવાળો હતો. તેને પાસેની રકમ વગેરે આપતાં કહ્યું, 'જો ભાઈ, પાંચ દિવસ સુધી તું અહીં રહેજે. મારો બધો સામાન, રૂપિયાની આ રકમ વગેરે તું તારી પાસે રાખજે. એમાંથી ખાવાપીવાનું બધું ખર્ચ કરજે. પાંચ દિવસ થઈ જાય ત્યાં સુધીમાં હું ના આવું તો તું તારે ઘેર લઈ જજે.' તે ઉપરાંત, શ્રી પરીક્ષિતલાલ તથા એમની બા વગેરેને કાગળ લખીને સરનામું કરીને આપી દીધા અને સૂચવ્યું, 'આ કાગળો તું ઘરે જાય ત્યારે ટપાલમાં નાખતો જજે.'

એમ કહીને ઊપડ્યો. સાથે લીધો એકમાત્ર કામળો. થોડું ખાવાનું અને લશ્કરના સિપાહીઓ પાણી પીવાને રાખે છે તેવી વૉટરબૅગ. રસ્તો ઘણો ચડાણવાળો, અઘરો અને આપણી હિંમત, પરાક્રમ અને શૌર્યને પડકાર દે તેવો હતો. એકબે વખત તો પગ લપસ્યા હતા અને પડેલો પણ ખરો. છતાં વચ્ચે ઝાડ પકડી રાખવાને લીધે બચી પણ ગયેલો. હંમેશાં મને ભગવાનમાં એટલો બધો વિશ્વાસ છે કે એનાથી મને મદદ મળ્યા જ કરે છે. કેવા કેવા માણસોએ મને હાથ દીધા છે, સહાય કરી છે, ઓથ દીધી છે એ હકીકત છે. મથામણ કરતો કરતો ચડ્યો અને બતાવેલ સ્થળે પહોંચ્યો.

ત્યાં દુર્ગંધ બહુ આવતી હતી એટલે લાગ્યું કે આ જ તે જગા હશે. ત્યાં એક મોટું ઝાડ આવતું હતું. તેની આગળ હાડકાં અને મળ બધું પડેલું હતું. ત્યાં જઈને બેઠો. એમ કરતાં કરતાં તો રાત પડવા આવી. પોતાની પાસે પાણી હતું તેમાંથી થોડું પીધું. ખાવાનું સાથે હતું તે પણ ખાધું. આથી, એક દિવસમાં બધું ખાવાનું પૂરું થઈ ગયું, કેમ કે સાથે મોટો જાડો ધાબળો ઊંચકવાનો હતો એટલે વધારે ભાર લઈને ચડી શકાય એમ ન હતું. રાતના એકબે વાગ્યા. પોતાની મસ્તીમાં અને પોતાના ભજનમાં, ભાવમાં મશગૂલ રહેતો ત્યારે પેલા અઘોરી બાવા આવ્યા. એ છાનામાના બોલ્યા ચાલ્યા વિના બેસી રહ્યા.

તેમ ત્રણ દિવસ પસાર થઈ ગયા. મને તરસ અને ભૂખ કકડીને લાગેલી પણ એની નવાઈ ન હતી. પેલા અઘોરી બાવા કંઈ બોલે ચાલે નહિ. ચોથા દિવસની વાત. પેલા બાવા બોલ્યા, 'બચ્ચા, ભૂખ-તરસ લગી હૈ ?' ત્યારે કહ્યું કે 'ભૂખ લાગી છે.' એટલે તે એક કાચલીમાં રાબ જેવું આપીને બોલ્યા, 'બચ્ચા, પી જા. ઈસસે તેરી ભૂખ-તરસ મીટ જાયેગી. ઈસસે ભૂખ ભી નહીં લગેગી, તૃષા ભી નહીં લગેગી.' મેં એ લીધું. એમાંથી ઘણી દુર્ગંધ આવતી હતી. મને આવી બાબતનો પરિચય, એટલે એ ધીરે ધીરે ખાવા લાગ્યો. ખાતાં ખાતાં મને કંઈ બીજો સ્વાદ આવ્યો નહિ, પણ બધું સાફ કરી ગયો. કાચલી પણ ચાટીને સાફ કરી દીધી, પણ એની એક વાત અદ્‌ભુત હતી કે તેનાથી ભૂખ ગઈ અને તરસ પણ ગઈ. અને ભાવ એવો પ્રગટ્યો કે ભાવની સ્થિતિમાં, ભાવાવસ્થામાં કેટલા વખત સુધી તદ્રૂપ થઈ ગયો !

તે પછી જ્યારે શરીરની સભાનતામાં આવ્યો ત્યારે અઘોરી બાવાએ કહ્યું, 'અરે બચ્ચા ! તું મેરે સાથ ઈધર રહ જા. તેરેકુ જો કુછ દિલ મેં કરને કી મહત્ત્વાકાંક્ષા હૈ, વો સબ ઈધર તેરેકુ સંતોષપૂર્ણ મિલ જાયેગા.'

મેં કહ્યું, 'હું ગરીબ આપનાં દર્શન માટે આવ્યો છું. કેટકેટલાયે અનુભવી મહાત્માઓ છે. એમની શુભાશિષો મને

જો મળી શકે તો તેની પ્રાર્થના કરું છું. કોઈની પાસે કશું માગતો નથી. એમની સાથે એવો ભાવ રાખું છું કે પ્રેમભક્તિના કારણે મારા હૃદયમાં એક એવા પ્રકારની સ્વીકારશક્તિ (રીસેપ્ટિવિટી)થી ભાવની તદ્રૂપતા મારા જીવનમાં પ્રગટે અને જીવંત વહ્યા કરે.

અઘોરી બાવાએ કહ્યું, 'તારે તે માટે અહીં રહી જવું પડશે. અહીંથી જઈ શકીશ નહિ. હું કેટલાયે વખતથી અહીં આવા એક સમર્થ શિષ્યની શોધમાં છું, પરંતુ બહાર શોધવા હું ગયો નથી. મારી પણ એક એવા પ્રકારની પ્રચંડ ભાવના છે કે તને આકર્ષણ લાગ્યા વિના રહેવાનું નથી. તું આપમેળે આવ્યો છે. મેં તને કંઈ બોલાવ્યો નથી. તું શોધતો શોધતો આવ્યો છે તો તું રહી પડ. તારી ધારેલી બધી જ ઇચ્છા પૂરી થશે એમાં કોઈ જાતની શંકા નથી.'

મેં એમને કહ્યું, 'પ્રભુ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગો અને એના પરત્વેનો ધર્મ અને એના પરત્વેના ધર્મનું પ્રેમભક્તિ-પૂર્વક, એના હેતુની સભાનતા સાથે આટલું કર્યું એ જ ધર્મ છે. બીજા કોઈ ધર્મને હું જાણતો નથી. અત્યારે મારો ધર્મ હિમાલયમાં આપના જેવા મહાત્મા અને મહાનુભાવોના ચેતનાત્મક ભાવને સ્વીકારવો, અનુભવવો, દિલમાં દિલથી અનુભવવો એ જ મારી આ યાત્રાનો હેતુ છે. મારે હજુ ઘણે ઠેકાણે જવાનું છે. મારો હેતુ હજી ફલિત થયો નથી. મારે હાલમાં પ્રાપ્ત થયેલું જે કર્મ છે, સંજોગો છે, પરિસ્થિતિ છે તેના પરત્વેની મારી ફરજમાંથી હું મુક્ત થઈ શકું નહિ. મને કોઈ બળેબળે રાખી શકે એવી કોઈ તાકાત નથી.'

તે બાવા બોલ્યા, 'હું જોઉં છું તું કેવી રીતે જાય છે ? તું મારી સાથે રહે તો સારી વાત છે. તને બધું મળી શકશે. આ હઠ તું નહિ છોડે તો તારું શરીર ટકી શકવું મુશ્કેલ બની જશે. હું જોઈશ કે તું કેવી રીતે જાય છે ?'

મેં કહ્યું, 'આ જીવ કોઈપણ પ્રકારના ભયને ગાંઠે એવો નથી. ભયને જીવનમાંથી ભગાડી મૂક્યો છે. ભગવાનની કૃપાથી

અભય મારા ગુરુમહારાજના આશીર્વાદથી પ્રાપ્ત કરેલો છે. તે મારા જીવનનો મોટામાં મોટો શૃંગાર છે, ગૌરવ છે. જીવનની એક નક્કરતા અને ચેતન અનુભવવા માટેની જીવંત વાસ્તવિક આવશ્યકતા છે.'

ભજન ગાતો ગાતો મસ્તીમાં નીચે ઊતરી ગયો. ઊતરતાં વાર પણ ન લાગી. નીચે આવ્યો, નાહ્યો-ધોયો, પછી રસોઈ બનાવી અને જમ્યો પછી સૂતો. સવારે ઊઠ્યો ત્યારે શરીર નીરોગી, પણ પછી ઝાડા થવા લાગ્યા. ઘણા ઝાડા થયા. ઘણા ઝાડા થાય ત્યારે ચટ્ટીમાં રિવાજ કે ત્યાં રહેવા ન દેવાય. આથી, એક ઝરણા પાસે ઝાડની નીચે પથારી કરી મીણિયું પાથર્યું અને ઉપર સૂતો. શરીરથી ચાલી શકાય એવી સ્થિતિ રહી ત્યાં સુધી વેગળો જઈને ટટ્ટી જઈ આવતો. સાફ કરતો, ધોતો પછી હાથ, પગ અને મોઢું ધોઈને સૂઈ જતો. પછી બેભાન થઈ જવાની તૈયારીમાં હતો ત્યારે કોઈ બંગાળી સાધુ જેવા પાસે આવ્યા એટલું મને યાદ છે.

આશરે અઢાર કે વીસ દિવસ બેભાનમાં પસાર થયા હશે. પેલા બંગાળી સાધુ સેવા કરતા હતા. તે કહેતા હતા તે ઉપરથી જાણેલું કે પોતે બેભાન અવસ્થામાં પણ ભગવાનની એકધારી એકાગ્રતાથી અને એકાગ્રતાની કેંદ્રિતતાથી એવો પોકાર હૃદયમાંથી નીકળતો કે ભગવાન મને સાંભળે. એમના ગુરુમહારાજ પર મને એવો અટલ વિશ્વાસ હતો.

સમર્થ ગુરુએ બચાવ્યો. તે પછી ધીરે ધીરે શરીરમાં ચેતન આવવા લાગ્યું અને ઊઠતો બેસતો થયો. બંગાળી સાધુએ ઘણી સેવા કરેલી. પાસે એવું કંઈ ન હતું કે એ સેવાનો, ઋણનો બદલો વાળી શકું. ઓઢવા પહેરવા માટે જે થોડું હતું એમાંથી એક પાતળો કામળો અને પચીસ રૂપિયા સાધુને પગે લાગી, નમસ્કાર કરીને આપ્યા. સાધુએ કહ્યું, 'ભાઈ, આ બધું તું શું કરે છે ? તારી પાસે કંઈ નથી અને મને આપે છે તે બરાબર નથી.' સાધુએ કશું લીધું નહિ. 'મને, તારી સેવા કરવાનો હુકમ મળેલો એટલે હું આવેલો. તું કેટલે દૂર હતો. ત્યાં મને

કોઈકે કહ્યું કે, તું જા. ફલાણે ઠેકાણે મારો ભક્ત છે તેની તું સેવા કર. તારી સેવા મેં કરી છે ખરી પણ હું નિમિત્તમાત્ર છું.'

પછી ચાલવા જેટલી શક્તિ આવતાં ત્યાંથી ઊપડવાનો દિવસ નક્કી કર્યો. બન્ને જણ વાતો કરતાં કરતાં ચાલતા હતા, તે પછી પેલા સાધુ દેખાયા નહિ. મને થયું કે તેઓ લઘુશંકા કરવા ગયા હશે, હમણાં આવશે. જ્યારે પાછળ ફરીને જોયું તો ક્યાંયે સાધુ મળે નહિ, દેખાયા જ નહિ, ગયા તે ગયા !

જી.કાર્ય ૫૮૭-૫૯૧

## ૧૦

૧૯૩૪માં સગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં કૃષ્ણ બેત્રણ વાર જણાયા હતા. દર્શન થયાં હતાં. તે કૃષ્ણ મુરલીધારી અને એવી રીતના નહિ, તેમ આ પાર્થિવ શરીરનાં તત્ત્વોના પણ નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી ભરેલા સદેહ કૃષ્ણનાં તે દર્શન હતાં. બધું સૌંદર્યમય તે હતું. સૌંદર્ય જ સૌંદર્ય. અવર્ણનીય તે દર્શન હતું.

તે સ્વરૂપ એટલું અને એવું તો મનોહર અને હૃદય આકર્ષક હતું કે જેના આકર્ષણની તોલે બીજા કશાની પણ કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, આરપારદર્શક સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર ન હતું, રમતું, હાલતું, ચાલતું, પળમાં પાસે આવતું અને પળમાં થોડેક દૂર પણ જતું લાગતું, તો વળી પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું, અને તે આધારનાં જુદાં જુદાં મનાદિ-કરણોને સ્પર્શતું અને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તો તે અંદર પ્રવેશી તેનું તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટિ અને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું અને હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી અને પૂર્ણપ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી, તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. તે શ્રીકૃષ્ણનું અલૌકિક

દર્શન એટલું તો અદ્‌ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ન પૂછો વાત ! સમગ્ર શરીર તો વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું અને અધ્ધર અધ્ધર જ હોય તેવું પણ લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં અને તેનાં કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી છે અને એની અસર તે પછીથી ચિરસ્થાયી એની કૃપાથી નીવડેલી છે.

આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ અને દિવ્ય પ્રદેશોનાં વિઘ્નો પ્રગટેલાં ન હતાં એવું કશું નથી. તેવું બધું તો થયા કરેલું હતું, પણ તે દિવ્ય કૃપાની મદદથી તેમનું તેમનું નિવારણ થઈ શક્યું હતું.

આવાં તેનાં કૃપામય મંગળ દર્શન-અનુભવ પછીથી આધારના કેંદ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હતો, અને પછી તો કાયમ જ રહ્યો. ઉત્તરોત્તર જીવંતપણે વધારે પ્રકાશિત જ્વલંત પ્રગટતો રહ્યા કર્યો હતો.

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેનું મુગ્ધ અને આહ્‌લાદકારક પરમ ચૈતન્યથી વિલસતું હૃદયગમ્ય આકર્ષણ એટલું બધું તો સજીવ અને ચેતનાત્મકપણે જીવનમાં પ્રગટે છે કે જેનું સાતત્ય કદી પછી તૂટી શકતું નથી. તેવા આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો તો ગાઢ પ્રગટ્યા કરે છે કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રગટી જતા હોઈએ છીએ. એવો ભાવ જે પહેલાં દર્શનની સર્જન અવસ્થામાં જે એકમાં એકાગ્ર અને કેંદ્રિત હતો, તે ભાવ તેની એકાગ્રતા અને કેંદ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચે છે. તે બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રગટે છે. તેવો ભાવ પછીથી તો કોઈક સુંદર રમણીય દશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, કોઈક નદીનું ખળખળ વહેતું દશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્યપૂર્ણ બાળકનું દશ્ય કે એવું સ્થૂળ રૂપનું દશ્ય, કોઈ ભાવનાત્મક વિચારનું વ્યક્તત્વ કે એવું કોઈક ભાવાત્મક ભજન-આવા આવા પ્રકારનું નિમિત્ત પ્રગટતાં તેવો ભાવ તેવાં તેવાં દર્શનથી કરી ઉત્કટપણે જેને પ્રગટે છે, એવા જીવાત્માને આપમેળે ભાવ-

સમાધિ પ્રગટી જતી હોય છે. અને તેનાથી તે ધન્ય બનતો હોય છે. તેની અસર પણ તેને લાંબા ગાળા સુધી દિવસના કર્મવહેવારમાં અને રોજિંદાં વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યા કરે છે.

સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં બીજી એટલે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જાય ખરી ? એવો પ્રશ્ન પુછાય તો એનો જવાબ, ના. સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિનો સમાવેશ થઈ જ જાય તેમ નથી. તેમ જ નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં સગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જ જાય તેમ પણ નથી. બન્ને જુદું જુદું છે. બન્નેનો સાક્ષાત્કાર અલગ અલગ થતો રહે છે, પણ ગમે તે એક પ્રકારના સાક્ષાત્કારથી મુક્તિ મેળવી શકાય ખરી. બન્નેની પ્રાપ્તિ વધુ સારી ગણાય.

સગુણ સાક્ષાત્કાર દર્શન અને સાક્ષાત્કાર વચ્ચે ભેદ છે તે સમજવા જેવું છે - યાને દ્વૈતનો સાક્ષાત્કાર તથા નિર્ગુણ યાને અદ્વૈતનો સાક્ષાત્કાર, તે બેમાંથી એક, બીજાથી ચડિયાતો છે તેમ ન કહી શકાય. ગમે તે સાક્ષાત્કાર જેને થયો હોય તે મુક્ત થઈ શકે છે. બન્ને પ્રકારના સાક્ષાત્કાર થવા પણ શક્ય છે. નરસિંહ મહેતા આદિ ભક્તોને બન્ને પ્રકારના સાક્ષાત્કારો થયેલા એમ કહી શકાય.

બન્ને પ્રકારનો સાક્ષાત્કાર થાય જ તેવો કશો નિશ્ચિત નિયમ નથી. કોઈકને નિર્ગુણનો અનુભવ વહેલો થાય અને સગુણનો ના પણ થાય. યા પછીથી પણ થાય. કોઈકને સગુણનો અનુભવ પહેલો થાય અને નિર્ગુણનો ના પણ થાય. આમ હોવા છતાં બન્ને પ્રકારના અનુભવની કક્ષા એકબીજાથી ચડતી કે ઊતરતી છે તેવું કશું નથી.

દર્શન ૩૭૯-૩૮૨ ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ થવો તે.

❑

■

(ગઝલ)

પ્રભુના પ્રેમના પંથે જવાનું છે, જવાનું છે,
સ્મરણ, કીર્તન, ભજનભાવે તને સંબોધવાનો છે.

હૃદયમાં પ્રાર્થનાભાવે તને પોકારવાનો છે,
હૃદયના આત્મનિવેદન થકી તુજને રીઝવવો છે.

શું વારંવાર ભેટીને, જીવનરસ ચાખવાનો છે,
થતાં પળવારયે નોખા હૃદયથી જીરવાયે ના.

ચરણ પ્રેમામૃતે રસથી જીવન છલકાવી દેવું છે, લહરિ
અને તરબોળ થઈ તેમાં જીવનને ધન્ય કરવું છે. ૧૪૮

-શ્રીમોટા

ખંડ-૫

# પદરજનો પ્રતાપ

દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,
ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે.
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.

*શ્રીમોટા*

સંશોધન
૨૦

■

(ગઝલ)

હવે ના હારવું, જીતવું કશું એવું રહેલું છે,
બધું જે તે હરિ હાથે જીવનમાં સૌ થવાનું છે.
હવે તો જીવ આ કેવો હરિનું માત્ર માધ્યમ છે !
હરિ જેમ હાંકતો તેવું જિવાયા તો જતું શું તે !
જીવનને કઈ દિશા પ્રત્યે વહેવાનું હવે કંઈ છે,
ન તેની કંઈ જ સમજણ છે, થતું સૌ પ્રેરણાથી છે.
હરિ શો એકલો માત્ર જીવનસંગાથી પળપળ છે !
હરિ વિના બીજું કંઈ મનાદિમાં કશું ના છે.

**શ્રીમોટા**

ઘડતર
૨૬૬

ખરેખર ઉત્કટમાં ઉત્કટ ગરજ પ્રગટ્યા વિના, ગરજના વિષયમાં પ્રાણ પ્રગટી શકતો હોતો નથી, તેથી જો તે પરત્વે ખરેખરી ગરજ લાગી જતી હોય છે તો જ કોઈપણ વિષયમાં આપણાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ પરોવાય છે. ગરજ લાગ્યા વિના ગરજના વિષય પરત્વે આપમેળે દિલ પરોવાઈ શકતું નથી. શ્રીપ્રભુકૃપાથી આ જીવને શ્રીભગવાનને અનુભવવાની ગરજ લાગી હતી. ગરજ જાગે છે અને લાગે છે, ત્યારે જ તે પરત્વે એકધારું જીવતુંજાગતું મંડેલું રહી શકાય છે. એમ જે સતત એકધારું મંડ્યા રહેવાય છે, ત્યારે તેમાંથી જે રસ નિષ્પત્તિ ઝરે છે, તેથી તો શ્રેયાર્થીને તે પછી એમાં યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું દિલ આપોઆપ પ્રગટી જતું હોય છે. દિલમાં દિલથી દિલ જ્યારે એકરસ થઈ મસ્તીથી ભળે, મળે અને ગળે છે, ત્યારે જીવનમાં જે એક નશીલી મસ્તી પ્રગટે છે, તેની લગની, લહેજત અને મજા કોઈ અનેરી હોય છે.

શ્રેયાર્થીના જીવનના ઊર્ધ્વ આરોહણના વિકાસમાર્ગમાં પણ કેટકેટલા ભયંકર અવરોધો પ્રગટતા હોય છે, અને તે વેળા કેવાં કેવાં ખમીર, ખુમારી, ટટારી અને એવા કારમા સંગ્રામનો સામનો કરવાને જે ઉત્સાહ, ખંત, ઉદ્યમ, સાહસ, હિંમત, ધૈર્ય, ટેકીલાપણું, આત્મવિશ્વાસ એવા એવા કેટલાય ગુણો એના જીવનમાં ચેતનાત્મક ભાવે કેળવાય એની જરૂર પડે છે, તેવા ગુણોની સમગ્રતાની જીવંત શક્તિ વડે શ્રેયાર્થી પેલા અવરોધોનો સામનો કરવા સમર્થ બને છે. તે પડે છે, હારે છે, અને કોઈ વાર તૂટી પણ પડતો હોય છે, તેમ છતાં એવી વેળાએ પણ તે હારતાં હારતાં, તૂટી પડતાં તૂટી પડતાં અને મરતાં મરતાં પણ શ્રીભગવાનને હૃદયમાંથી હૃદયના આર્ત અને આર્દ્ર ભાવે સતત એકધારો પ્રાર્થનાનો પોકાર

પાડ્યા જ કરતો હોય છે. અને જેમાં ને તેમાં શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી (જીવંત) સામે ને સામે એકીટશે નજર સમક્ષ ધરાવ્યા જ કરતો હોય છે.

તે વેળાએ એવા શ્રેયાર્થીએ નજર સમક્ષ રાખવાનો શ્રીભગવાન કેવા સ્વરૂપનો હોય, એમ વાચકને થશે. એવા ભગવાનરૂપે તે વેળાએ તો હું મારા સદ્‌ગુરુને સામે ને સામે જ રાખ્યા કરતો હતો, અને જે તે બધું એને આત્મનિવેદન કર્યા જ કરતો. જે તે બધું જે જે થયા કરતું-પાંચ કર્મેન્દ્રિયથી, પાંચ જ્ઞાનેન્દ્રિયથી અને પાંચ મનાદિકરણોથી તે તે બધું જ એને આત્મનિવેદન ભાવે સમર્પ્યા જ કરતો, એવા આત્મનિવેદનનો તે પછીથી એવો જીવંત ચેતનાત્મક અભ્યાસ પડી ગયેલો કે કંઈ જ કશું એનાથી છાનું રહી શકતું જ નહિ. એને જે તે બધું કહેવાયે જાય અને તે તે પણ તે તે પળે જ, ત્યારે હૈયામાં હૈયાથી જંપ નિરાંત વળતાં. આવા જીવંત સતતવાહી અભ્યાસથી પરસ્પરનું હૃદયમાં હૃદયથી હૃદયનું જે આત્મસગપણ જીવતું થાય છે, એનો સ્પષ્ટ, ચોક્કસ ખ્યાલ બીનઅનુભવીને આવી શકવો દુર્લભ છે.

સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, સમર્પણયજ્ઞ, સન્મુખતા એવાં એવાં કેટલાંય સાધનોનો અભ્યાસ સતત કર્મ કરતાં કરતાં જ થયે જતો હતો, તે પણ શ્રીભગવાનની પરમ કૃપા જ હતી. અને એવા સતત ચાલુ રહ્યા કરેલા અભ્યાસ યજ્ઞમાંથી જીવનવિકાસના માર્ગમાં બીજાં કેટલાંય ગૂઢ સાધનો મળ્યા કર્યાં હતાં.

જીવદશાનાં વમળોમાં કેવી કેવી રીતે ભરાઈ પડવાનું થતાં, તેવાં વમળોમાંથી મુક્ત થવા કેવું કેવું મથવાનું બન્યું, તેવી જ્ઞાનભક્તિયુક્ત અને ધ્યેયના હેતુની સભાનતાવાળી જાગૃતિથી, જે ભારે સંગ્રામની, મથામણની અંતરમાં અંતરથી જે સૂક્ષ્મ પ્રક્રિયા પ્રવર્ત્યા કરેલી, તેનો ઇતિહાસ છે.

સ્મરણ
૧૦-૧૩

## ૨

સદ્‌ગુરુને હું જે રીતે સમજ્યો છું, જીવનમાં જે રીતે મેં ઓતપ્રોત થઈને, એકાકાર થઈને, જ્ઞાનપૂર્વક ભક્તિથી શ્રીસદ્‌ગુરુમાં મળી, હળી,ભળી અને ભક્તિથી ગળી જઈને જે એનામાં, હૃદયમાં હૃદયથી એકતા અનુભવવાનું બન્યું છે, તેવું બને ત્યારે જ તે સમયની ભૂમિકામાં સ્વીકારાત્મક (Pliable) મુલાયમતા પ્રગટી શકે છે. એવી સ્વીકારાત્મક મુલાયમતા જીવનમાં પ્રગટ્યા સિવાય શ્રેયાર્થીનો વિકાસ શક્ય નથી. એવી મુલાયમતા એટલે સંપૂર્ણ અનાસક્તિ. સર્વ પ્રકારના નિરાગ્રહ, બધા પ્રકારની સમજણ અને ટેવોથી મુક્ત, એવી ભૂમિકા થયેલી હોય, તો જ એવી સ્વીકારાત્મક ભૂમિકા પ્રગટી શકે. અને શ્રીસદ્‌ગુરુ પરત્વેની હૃદયની એવી સમજણ અને દિલની એવી ભાવના એવી મુલાયમતા ઘડાવાને માટે મેં શ્રીસદ્‌ગુરુના હુકમ ઊછળતી, ધગધગતી ભાવની મસ્તીથી જ્ઞાનપૂર્વક પાળ્યા છે. ખરેખરી જાગેલી ગરજ અને જેમાં આપણો નર્યામાં નર્યો અને ઘણામાં ઘણો સ્વાર્થ હોય છે અને જેનાથી કરીને તે સધાવાનો હોય છે, તેનું બધું કહેવું આપણે તરત સ્વીકારી લઈએ છીએ. આ ઉપરની હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે તેવી છે. એમાં અતિશયોક્તિ મુદલે નથી. ‘હુકમ’ને હું જે રીતે સમજ્યો છું, જે ભાવનાથી અને હેતુની સભાનતાથી ભૂમિકા કેળવવા અને તે ભૂમિકાને અનુભવવા ‘હુકમ’નું મેં પ્રેમભક્તિપૂર્વક, જ્ઞાનપૂર્વક, હેતુની સભાનતાથી ભાવની મસ્તીથી જે પાલન કરેલું છે, હુકમના પાલનમાં મારા હૃદયનો ભાવ ઊછળતો ધોધના જેવો રહેતો તે વિકાસને પંથે જવા માગતા હાલના જમાનાના શ્રેયાર્થીઓને કદાચ નહિ સમજાય, ગળે પણ નહિ ઊતરે, તેમ છતાં મારા જીવનને ઉત્તમમાં ઉત્તમ ઊર્ધ્વકક્ષાનો અનુભવ થવા માટે ‘હુકમ’ને જે રીતે સમજ્યો છું અને પામ્યો છું તે બધું મેં વિના સંકોચે લખ્યું છે.

તે રીતે મને કેટલાંક old Traditionનો-જૂની પ્રણાલિકાનો-હું ઉપાસક છું એમ સમજે છે, પરંતુ જીવન ઉપાસનાની બાબતમાં (old) જૂનું કે (new) નવું એવું કશું નથી. જે તે બધું ભાવનાની યથાયોગ્યતા ઉપર અને જીવનધ્યેયના હેતુની જીવંત ઉત્કટ સભાનતા પર રહેલું છે. અને એ સભાનતા એ જ જીવન છે. અને એવી સભાનતા શ્રીહરિકૃપાથી રખાઈ છે. જે તે બધામાં વિકાસની યથાયોગ્ય ઉત્કટ સભાનતા ઉપર જ આધાર રહેલો છે અને એવી સભાનતા વિશે સાધકોને લખાયેલા મારા પત્રોમાં અનેક વાર લખાયું છે. તેવા લખાયેલા અનેક પત્રો પુસ્તક આકારે પ્રસિદ્ધ થયેલા છે. એ પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં એ બધું વિદ્યમાન છે. શ્રીસદ્‌ગુરુ અને હુકમ એ પરસ્પર અવલંબિત જરૂર છે, પરંતુ સદ્‌ગુરુની ચેતનાત્મક ભાવની સભાનતાપૂર્વકની ધારણા જે તે બધામાં અત્યંત જરૂરની છે. પ્રભુપ્રીત્યર્થની ભાવના પણ એટલી જ જરૂરની છે, પરંતુ શ્રીહરિ તો નિરાકાર છે, તેનું કંઈક, જરા જેટલું પ્રતિબિંબ પાડતું સ્વરૂપ તે આ અખિલ બ્રહ્માંડ છે, તે પણ તેનો એક નહિ જેવો અંશ માત્ર, પરંતુ ચેતનનું જેમ સૂરજનું એક કિરણ તે તેના લાખમાં ભાગ જેટલું ન હોઈ શકે, તેમ છતાં તે સૂરજનો ભાગ તો છે જ. સમુદ્રના કરોડો તરંગો, તેમ છતાં તેમાંનો એક તરંગ એ પણ સમુદ્રનો એક ભાગ જ છે, તેવી જ રીતે જીવનના અનુભવ પ્રદેશની ઉત્તરોત્તર એવી અનુભવ પ્રદેશની ઉચ્ચમાં ઉચ્ચ એવી અગોચર, અગમ્ય, અવર્ણનીય એવી ચેતનની દિવ્ય ભૂમિકાઓની અનુભવની સમજણ લઈને પ્રકાશિત થયેલો એવો શરીરધારી આત્મા-તે શ્રીસદ્‌ગુરુ અને તેવો શ્રીસદ્‌ગુરુ તે ચેતનનો અંશ છે. અને એવા શ્રીસદ્‌ગુરુ હરિના સ્વરૂપને શરૂ શરૂમાં તો મેં સાકાર સ્વરૂપે ભક્તિપૂર્વક ભજેલા છે.

કોઈક સાધુ હિમાલયની ગુફામાંથી આવી પોતાના જીવનની બધી હકીકત કહે તો તે માત્ર આપણે સાંભળી લેવાનું બને, પરંતુ તેની યથાયોગ્ય સાબિતીની હકીકત પણ આપણને મળી

શકે નહિ, પરંતુ મારા જીવનનું તેવું નથી. સ્મરણ કર્યા કરતો હતો, પ્રાર્થના કરતો હતો, જ્યાં ત્યાં જતાંઆવતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં અને સકળ કર્મ કરતાં આ જીવ ભજન ગાયા કરતો હતો. અને તે જોનાર આજે પણ જીવતાં છે. કર્મ કરતાં કરતાં કેટલીયે વાર ભાવાવસ્થા થઈ જતી તથા છેક સને ૧૯૨૪-૧૯૨૫ની સાલમાં શ્રી ભાઈ સાહેબે (સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈએ) મને કેટલીય વાર ભજન ગાતાં ગાતાં ચરમ ભૂમિકાએ પહોંચેલો તદ્દન શૂન્ય અને સ્તબ્ધ થયેલી દશામાં બેઠેલો જોયેલો છે. અને તે હકીકત **'પ્રણામ પ્રલાપ'**ની ચોપડીની પ્રસ્તાવનામાં તેઓશ્રીએ લખેલી પણ છે. આશ્રમમાં બાળકોને ભણાવતો હોઉં ત્યારે પણ તેવું થઈ ગયેલું કેટલાંકે તો જરૂર જોયેલું છે. ભયંકરમાં ભયંકર જગાએ જઈને રાત્રે સૂઈ રહેવું એ તો જાણે મારો નિત્યનો ક્રમ. એટલે આ જે બધું મેં ગાયું છે, તે હકીકત મારા જીવનની સાચી ઘટના છે અને તેના સાક્ષી પણ છે.

રસાયણ
૨૧-૨૪

૩

જીવનવિકાસની ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશતાં પ્રવેશતાં કોઈપણ પ્રકારની ચેતનાત્મક જીવંત ભાવાત્મક સાધનના અખંડપણામાંથી જે ભાવનો ઝરો ફૂટી નીકળે છે, અને તેવો ભાવ જ્યારે જીવતોજાગતો અખંડપણે સતત પ્રગટ્યા જ કરતો હોય છે, તેવી વેળા પોતાના આધારની આગળપાછળ એક એવા સૂક્ષ્મ પ્રકારનું AURA-આભામંડળ ફૂટી નીકળે છે, કે જે એક એવા પ્રકારનું કવચ બની જાય છે, કે જે કવચને બહારના વાતાવરણમાંથી આવતાં અનેક પ્રકારનાં વમળો, વૃત્તિઓ, વિચારો તથા એવાં સૂક્ષ્મ તત્ત્વો કે જે જીવનવિકાસને બાધક નીવડે કે વિઘ્નમાં મૂકે, એવાં તત્ત્વો પણ તે કવચને ભેદી શકતાં નથી, અને તેની સાથે સાથે અંદરનો જે ચેતનાત્મક ભાવ જાગેલો, જીવંતપણે પ્રગટેલો રહ્યા કરે છે, અને જે તેવા ભાવને પેલું કવચ બહાર પણ નીકળી જવા દેતું નથી. તેથી, તેવો ભાવ સદાય વધારે ને વધારે તેજસ્વી અને જ્વલંત તથા

વધારે ને વધારે ગાઢ થયા કરતો હોય છે. ઉપરની હકીકત સાધનાના વિકાસ ક્ષેત્રના વિજ્ઞાનમાં એક મોટી રહસ્યવાળી હકીકત છે, જે અનુભવવાળી હકીકતનું ભાન ભાગ્યે જ કોઈકને શ્રીપ્રભુકૃપાથી થતું હશે તો થતું હશે.

*'અણુ ફૂટ્યા વિના શક્તિ અનુભવ આવતી ના છે,*
*અણુને ફોડવાની રીત ખરેખર સાધના શી તે !'*

સાધના એટલે શું તેની સમજણ ઉપરની કડીમાં એની સમગ્રતામાં સમાઈ જાય છે. જેમ અણુને ફોડ્યા વિના અણુની શક્તિ અનુભવાતી નથી અને એ શક્તિ જ્યારે અણુને ફોડ્યા પછી મળે છે ત્યારે તે શક્તિની મદદ વડે જ અશક્ય લાગે તેવાં મોટામાં મોટાં કર્મ થઈ શકે છે. નવા પ્રકારનાં મૌલિક સર્જનો પણ તેના આધારે જ થાય છે. અને આવા પ્રકારની સાધના આ જીવથી શ્રીપ્રભુકૃપાથી થઈ છે.

એવી થતી જતી સાધનાના ભાવમાંથી જ્યારે ખરેખરો રસ પ્રગટે છે ત્યારે એ પ્રકારનો રસ તે રસના પ્રકારના જીવનમાં સર્વ કોઈને જિવાડતો હોય છે. જીવવાના મૂળમાં આવો કોઈ ને કોઈ પ્રકારનો રસ તો રહેલો હોય છે. રસના પણ જુદા જુદા પ્રકાર છે, જુદી જુદી ભૂમિકાઓ છે, એના દિવ્ય દેશો પણ છે. આ બધા અનુભવની સમજણ સાધનામાંથી પ્રગટતા ભાવ અને રસને કારણે મને જાગી છે.

*'અણુને ફોડવું સહેલું નથી કોઈ પ્રકારે તે,*
*પ્રક્રિયા કેટલીમાંથી પસાર ત્યાં થવાનું છે !'*

અને આવા પ્રકારનું મારા જીવનમાં બનેલું છે, અને એ શક્તિને પ્રાપ્ત કરીને તેનો અનુભવ થવા માટે સંકટો, વિઘ્નો, ગૂંચો, મુશ્કેલીઓ, વિમાસણો, અથડામણો એવા અનેક પ્રકારના અવરોધની ભૂમિકા જ્યારે જીવનમાં પ્રગટી હતી ત્યારે ત્યારે શ્રીપ્રભુકૃપાથી તેનો સામનો કરવા માટે દિલમાં કેટલો જીવંત તલસાટ, તત્પરતા, તાલાવેલી, તમન્ના વગેરે હતાં તેનો પણ ક્યાંક ક્યાંક ઉલ્લેખ છે ખરો. શ્રીભગવાનની કૃપાથી સાધના-માર્ગમાં કેવી રીતે મથાવાનું બન્યું છે તેનો પણ કોઈક કોઈક

તપ
૨૭-૨૮ ઠેકાણે ઉલ્લેખ છે ખરો. સાધનામાંથી કેવાં કેવાં પરિણામ નીપજે છે તે પણ લખ્યું છે. કશું મેં અદબદ રહેવા દીધું નથી. બધું સ્પષ્ટ, ફોડ પાડીને લખ્યું છે.

૪

સને ૧૯૩૮માં આ જીવનું શરીર લોહીના ઝાડાથી પટકાયું. વાડીલાલ સારાભાઈ દવાખાનામાં indoor (અંદરના) દર્દી તરીકે દાખલ થવાનું પણ બન્યું. ત્યાં તે રોગ મટ્યો નહિ એટલે કરાંચી જવાનું બન્યું. ત્યાં યોગ્ય સારવાર અને યોગ્ય દવા થતાં તે મટી ગયો. પણ તે પછી (અત્યારે લખતાં તારીખ વગેરે યાદ નથી આવતું) ગાંધીજીએ શ્રી ઠક્કરબાપાના શરીરને સિત્તેર વર્ષ પૂરાં થતાં તેને માટેના ફાળાને કાજે 'હરિજન બંધુ'માં અગ્રલેખ લખેલો વાંચ્યો. તે સિત્તેર હજારનો ફાળો તો તદ્દન નજીવો, મામૂલી ગણાય અને તેવો ફાળો તો એકદમ ભરાઈ જવો જોઈએ એમ પણ ગાંધીજીએ લખ્યું હતું. મારે પણ તે ફાળામાં કંઈક ભરવું જોઈએ એવો આગ્રહ ત્યાંની એક બહેને ખાસ ખાસ કર્યા કર્યો.

મારી પાસે તો આપવાનું કંઈ જ નહિ, અને બીજા કનેથી લઈને તેમાં હું પૈસા ભરું એવું તો ગમે નહિ. તે બહેન મને કહે કે 'જો તમે દિલમાં દિલથી ફાળામાં ભરવાનું ખરેખરું ઈચ્છો, તો તમને રકમ આભમાંથી પણ પડીને મળી આવે. શ્રી ઠક્કરબાપા જે પ્રકારની સેવા કરી રહેલા છે અને આદિવાસી-ઓની, ભીલોની અને હરિજનોની તેમણે જે સેવા કરી છે એ સેવામાં તેમની કેવી ધગશ છે ! વળી તેમાં કશું યદ્વાતદ્વાપણું નથી એટલું જ નહિ પણ તેમાં તેમણે એક યોગ્ય પ્રકારની વ્યવસ્થા ઉપજાવી છે, એક પ્રકારની તેમાં method (યોજના-પૂર્વકનું સંચાલન) છે, તેની સાથે સાથે અમુક પ્રકારની ચોકસાઈ, કાળજી, ખંત, હિસાબની યોગ્ય પ્રકારની ચોખવટ વગેરે જે બધી કળાઓ તેમના જીવનમાં પ્રગટેલી છે, તે બધાંના પ્રમાણમાં તેમની સેવાનું મૂલ્યાંકન અને તેની યોગ્ય કદરભક્તિ

ગુજરાતને પ્રગટેલી નથી, એવું મને ત્યારે પણ લાગ્યા કરતું.

એટલે બહેનની આગ્રહભરી ટકોરથી અને તેમના જીવનની આવી સેવાપરાયણતાના ભાવથી પ્રેરાઈને મારાથી તેમના માટે થવાના આ ફાળામાં જો કંઈક રકમ આપી શકાય તો મને બહુ આનંદ પ્રગટે એવી અભિલાષા મારા મનમાં થનગનાટ કરવા લાગી. સાથે સાથે એમ પણ જાણતો હતો કે આ જીવ પાસે એક પાઈ પણ પોતાની ગણી શકાય એવી નથી, તેમ છતાં તે ફાળામાં આપવાની અભિલાષા રાખવી તે આકાશકુસુમવત્ છે. આમ હોવા છતાં પ્રભુકૃપા હોય તો તેની શક્યતા જરૂર પ્રગટી શકે એવું ભાન પણ ત્યારે જરૂર પ્રગટતું.

હવે એમ બન્યું કે બેસતા વર્ષના દિવસે બાપુની સાથે તથા તે બે બહેનોની સાથે અમારે કરાંચીના કેટલાક સદ્ભાવી સજ્જનોને ત્યાં મળવા જવાનું થયું. કરાંચીના માજી મેયર શ્રી ચાગલા સાહેબને ત્યાં તેમના બંગલે અમે ગયાં. તેઓ ત્યારે નમાજ પઢી રહ્યા હતા, એવી અમને ખબર મળી. એટલે અમે બહાર જરાક વાર મોટર ઊભી રાખી નીચે ઊતર્યાં અને અંદર દીવાનખાનામાં પેસવા જતાં પહેલાં મારી નજરે એક વીંટળાયેલો કાગળ રસ્તા ઉપર પડેલો જોવામાં આવ્યો. કરાંચીમાં રસ્તા એટલા બધા સાફ સ્વચ્છ હોય છે કે કંઈ પણ કશું પડેલું નજરે ચડ્યા વિના રહી ન શકે. શ્રી જમશેદજીની આવા પ્રકારની સેવા બેનમૂન છે. તે કાગળને ચીંધીને બહેનને મેં કહ્યું, 'જો, પેલું કશુંક પડ્યું છે !' તે ઊંચકીને જોતાં તેમાંથી ૫/- રૂપિયાની નોટ નીકળી. અને તેમાં પણ ઉર્દૂ ભાષાનું લખાણ હતું કે 'તે રકમ તારે મનગમતી રીતે વાપરવા માટે છે.' પ્રભુકૃપાથી આવી આભમાંથી પડેલી રકમ શ્રી ઠક્કરબાપાના ફાળામાં ભરી દીધી.

એકાદ બે વર્ષથી આ જીવને તમે કે બીજા સદ્ગુરુ તરીકે માનતા થયેલા હોવા છતાં તમારી પાસે પણ કદી મેં કશું માગ્યું નથી, તે તો હકીકતની વાત છે. એક વખત મારે કોઈક સંજોગને કારણે પૈસાની ઘણી ઘણી જરૂર પડી હતી,

અને કોઈની પાસે માગવાનું તો ત્યારે પણ દિલ થતું નહિ, એટલે માગણી કરતો નહિ, પણ આ વખતે તેટલી રકમ વિના ચાલી શકે તેવું હતું નહિ. રકમની તો તાત્કાલિક જરૂરિયાત હતી. ભગવાન તેના ખરેખરા ભક્તને તેની આપત્તિના સમયમાં કોઈ ને કોઈ રીતથી મદદ પ્રેર્યા કરે છે, તેવા પ્રકારનું જ્ઞાન-ભક્તિપૂર્વકનું આશ્વાસન મારે માટે કંઈ નાનું સૂનું ન હતું. તે આશ્વાસનથી મને એક પ્રકારની હૂંફ અને ઓથ મળ્યા કરતી. પણ તે તો નિરાકાર હતી, પરંતુ મારે તો ભગવાનની કૃપાથી તેવી ઓથ અને હૂંફ સાકારપણે પરિણામરૂપે પ્રગટેલી હોય, ત્યારે જીવનમાં પ્રગટેલી ભીંસ ટળી શકે એમ હતું. આવી સ્થિતિ માટે કદી મેં ભગવાનને પ્રાર્થના પણ કરી નથી-કોઈપણ પરિસ્થિતિમાં પણ. કોઈપણ ભારેમાં ભારે કટોકટી ભરેલી તંગ સ્થિતિ પણ ભાવ કેળવવાને માટે, ભાવમાં ટકી રહેવાને માટે, કે ભાવમાં ભાવથી જીવંતપણે જીવવાને માટેની હોય છે. એટલે તે કાળની તેવી પરિસ્થિતિની પ્રગટેલી ભીડને હું કદી ગણકારતો ન હતો, પરંતુ તેથી કરીને ભીડ જતી રહેતી હતી એવું કશું ન હતું. જોકે ભીડની ભીંસ મને દાબી દેતી ન હતી અને વળગતી પણ ન હતી તે તો પ્રત્યક્ષ અનુભવે પરખાતું અને તેમાં ભગવાનની પરમ કૃપા અનુભવતો.

એક દિવસ સાંજે અમે બધાં નદીકિનારે એક સાધુ-મહારાજનાં દર્શને જતાં હતાં. તે વેળા મારી સાથે હસમુખભાઈ, અમદાવાદવાળા નાનુભાઈ ભટ્ટ તથા બીજા પણ કોઈક હતાં. (જેનો ખ્યાલ અત્યારે પ્રગટતો નથી). નદીના કિનારાની અને સ્થળની લગભગ નજીક આવી પહોંચતાં એક ઠેકાણે ફાટેલાં-તૂટેલાં લૂગડાંની વાળેલી પોટલી જેવું મારી નજરે ચડ્યું, અને તે હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે પણ તામિલમાં લખાણ હતું. તે લખાણમાં પણ ‘તારા પોતાના ઉપયોગ માટે આ છે,’ એમ હતું. તે કંઠી શ્રી હસમુખભાઈએ બજારમાં વેચીને તેની રકમ મને આપી, અને પ્રભુકૃપાથી મારી ભીડ ભાંગી.

દર્શન
૮૬-૮૯

૫

એકવાર ગુજરાત હરિજન સેવક સંઘમાંથી એક માસની રજા લઈને મધ્ય પ્રદેશમાં સાધનાર્થે એકાંતમાં ગયો હતો. તે વેળા લગભગ ચોવીસ પચીસ દિન બીજો કોઈ જાતનો આહાર કે પાણી કે બીજું પીણું લીધા વિના માત્ર મારો મળ જે રોજેરોજ છેલ્લા દિન સુધી સહજમેળે નીકળતો, એ જ હું ખાતો અને પેશાબ જે થતો તે પીતો. આથી, શરીરની મળશુદ્ધિ પણ સારી થયેલી અને શરીરની સ્થિતિ પણ સારી થઈ હતી.

મળમાં દુર્ગંધ લાગતી ન હતી. છાણના જેવો સ્વાદ લાગતો હતો. ઉત્કટ ભાવનાને કારણે એવું બધું શક્ય બની શકે છે. આને અઘોરીની સાધનાનો પ્રકાર ગણી શકાય. એવી સાધના હરેકને આવશ્યક જ હોય એમ કદી ના ગણી શકાય. દર્શન ૩૯૨-૩૯૩

મને તો હુકમ થયેલો, હુકમની અંદર હું તર્કવિતર્ક કે શંકાકુશંકા કરું નહિ. ગમે તે થાય તોપણ એ પ્રમાણે વર્તવાનું જ. આવા ખોરાક પર હું નભેલો ખરો તેમ જ સ્ફૂર્તિ પણ સારી રહેલી.

હજુયે મને સમજણ નથી પડતી કે કેવી રીતે ટકાયું, પણ મારું શરીર ટકી રહેલું અને કોઈ જાતની અવક્રિયા થયેલી નહિ. એને લીધે તો મને મળ્યા રામ. શેષ ૧૨૬

૬

*સને ૧૯૩૮નો સમય. સ્થળ કરાંચી. કાળી ચૌદશની મધરાત. દરિયામાંના એક ખડક પર બેઠેલો. બાજુમાં સાગર ઘૂઘવી રહ્યો છે. જ્યારે ધ્યાનમાં ઊતરવાની તૈયારીમાં હતો ત્યારે એક ફકીર જેવો પુરુષ પ્રગટ થાય છે અને નીચે પ્રમાણે તતડાવે છે :

'ઈધર ક્યોં બૈઠા હૈ ?'

'ભગવાન કે ધ્યાન મેં' ઉત્તર વાળ્યો.

'નહીં, ઈધર તુમ નહીં બૈઠ સકતા.'

* તરણામાંથી મેરુ, ૭મી આ., પૃ. ૧૮૧

'ક્યોં ?'

'યહ મસ્ત લોગોં કી જગહ હૈ.'

'મુઝે ભી મસ્ત બનના હૈ.'

'લેકિન ઈધર સે તુમ ચલે જાવ.'

'નહીં જા સકતા.'

'તો મારેગા.'

'બહોત અચ્છા.' એટલી જ નિર્ભયતા અને મક્કમતાથી મેં જવાબ આપ્યો.

એટલે પેલા ઑલિયાએ એક મોટો પથ્થર ઉપાડીને મારા ઉપર ફેંક્યો. પથ્થર માથાને ન વાગ્યો પણ માથાના વાળને સ્પર્શ કરીને આબાદ રીતે પસાર થઈ ગયો. એ સ્પર્શ થતાં જ અંતરમાં અંતરથી લાગી જ ગયું કે આવો મોટો પથ્થર આવી આબાદ કળથી ફેંકનાર માનવી કોઈ સામાન્ય ન હોવો જોઈએ, પરંતુ કોઈ દેવાંશી આત્મા જ હોવો જોઈએ. એટલે નીચા નમીને ફકીરનાં ચરણો પકડી લીધાં અને તરત જ ઊંડા ધ્યાનમાં ઊતરી
જી.કાર્ય ૬૩૨ ગયો. કેટલીક વાર પછી પગની પકડ છૂટી ગઈ અથવા તે મહાત્માએ છોડાવી અને વહેલી સવારે પોતાના ઉતારે ગયો.

૭

પ્રભુની કૃપાથી સદ્‌ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમભક્તિ-પૂર્વક કેટકેટલા ભાવના ઉમળકાથી પાલન કરતો તેના બે પ્રસંગો સારી રીતે તમારી જાણમાં છે, કેમ કે તમે મારી સાથે કરાંચીમાં જ હતા.

ત્યાં કરાંચીમાં રહેતો ત્યારે રોજ ક્યાંક ને ક્યાંક ફરવા જવાનું કર્યા કરતો હતો. એકવાર સવારમાં દરિયા કિનારે લાંબે સુધી ફરવા જવાનું બન્યું. તે સમયે શ્રીસદ્‌ગુરુ મહારાજની આજ્ઞા દરિયામાં ચાલી જવાની મને થઈ. સ્થૂળ રીતે તો તેઓશ્રી ત્યાં હાજર ન હતા, પરંતુ દિલમાં તેઓએ પ્રગટ થઈને તેવી આજ્ઞા ફરમાવી હતી. આ કંઈ માત્ર ભ્રમણાનો પ્રસંગ નથી, અથવા તે ગાંડપણ હતું એમ પણ નથી. શ્રીસદ્‌ગુરુ મહારાજની

પ્રત્યક્ષ હાજરીનું ભાન થતાં તેનું જ્ઞાન પણ મને પ્રગટ્યું હતું. એમણે મને દરિયામાં ચાલી જવાનો હુકમ કર્યો કે તરત પ્રેમભક્તિના ઉમળકાથી તેનું પાલન કર્યું. છેક મોઢા સુધી દરિયાનાં પાણી આવ્યાં, ત્યાં સુધી એકમાત્ર સદ્‌ગુરુનાં ચરણ-કમળે પ્રાર્થનાનો જીવતોજાગતો ભાવ પ્રગટેલો રહ્યા કર્યો હતો. તેટલું અને તેવું ભાન તે કાળે હતું. તે આજ પણ તાદૃશ્ય છે. તે પછી શું થયું તેની કશી ખબર નથી. કરાંચીના આપણા ક્લિફ્ટનના બંગલાથી ક્યાંયે દૂર કેટલે આઘે દરિયાનાં પાણીથી દૂર ફેંકાઈ જઈને શરીર પડી રહેલું હતું, અને શરીર પરનાં કપડાં ભીંજાયેલાં હતાં. જાગ્યો ત્યારે તે ખૂબ પાણીથી લદબદ થયેલાં ન હતાં, એટલે ધાર્યું કે થોડોક સમય શરીરની બેભાન અવસ્થામાં ત્યાં પડ્યા રહેવાનું બન્યું હશે ! શરીરનું ભાન પ્રગટતાં ઊઠીને ચાલવા માંડ્યું અને તે પછી બંગલે આવ્યો. કપડાં પણ બધાં પલળેલાં હતાં તે જોઈને તમે બધાંએ બહુ પૂછપરછ પણ કરી હતી. દર્શન ૨૨૪-૨૨૫

બીજા પ્રસંગની હકીકત એવી છે કે પહેલાં હું રમજાન મહિનામાં રોજા કરતો હતો. રોજા કઈ રીતે ? સંયમની રીતે. તે દિવસે પાણી પણ પિવાય નહિ, થૂંક પણ ગળાય નહિ. કંઈ જ નહિ. ગળાની નીચે કંઈ કશું જાય નહિ. લાળ પણ ન જાય. મારા મનમાં એમ કે સંયમની આપણામાં દૃષ્ટિ કેળવાય છે ! પણ મુસલમાનની રીતે હું થોડુંક જ જમું અને તે પ્રવાહી માત્ર. અને સવારમાં ઊઠીને કશું લઉં નહિ. રાત્રે બાર વાગ્યે ઊઠીને પાણી પી લઉં. પાણી હું થોડું પીતો. એટલે સંયમની દૃષ્ટિ કેળવવા હું રોજા કરતો. અને તે કાળે હિંદુમુસ્લિમ એકતા માટે ગાંધીજી બહુ કહેતા. એટલે એ માટે પણ મારો ભાવ ખરો અને અઠ્ઠાવીસ દિવસના રોજા કરતો. ત્યારે રોજાને દિવસે મને થયું : મેદાનમાં હું નમાજ પઢવા જઉં. અમે તો ક્લિફટનમાં રહીએ એટલે મેદાન તો છેક શહેરની અંદર. એટલે આ લોકો મને જવા ના દે. 'લોકો તને મારશે. અરે, તું ધોતિયું પહેરે છે.' ત્યારે તો હું કાછડીવાળું ધોતિયું પહેરતો. પછી મેં કહ્યું,

'મને કંઈ નહિ થાય, તમે મને જવા દો. આજ મારું મન બહુ જ છે.' એટલે ગયો. જ્યાં ગાડીઓ ઊભી રાખે છે ત્યાં ગાડી રાખીને હું અંદર ગયો. સાંઈબાબાને બેત્રણ વાર હું મળી ચૂકેલો હતો. ત્યાં બેઠેલા બધા નમાજ પઢતા. મારા આશ્રમમાં (હરિજન આશ્રમ) કુરેશી સાહેબ હતા, તેમને ત્યાં હું જતો અને જે નમાજ પઢે તે બધું જોયેલું ખરું, એટલે બધા ઊભા થાય અને નીચા પડે તેમ હું કર્યા કરું. જરા ફરક નહિ. હું તો મારી પ્રાર્થના કર્યા કરું. એ એમનું બોલ્યા કરે. એટલે કોઈએ વાંધો નહિ લીધેલો. હું તો બધું બરાબર એ પ્રમાણે કરું. એટલે બધાંએ મને જોયેલો ખરો કે આ કોઈક નવતર છે, પણ હું એમની રીતે નમાજ પઢ્યા કરતો.

જન્મ ૪૮

તે બધું પૂરું થયું અને બધાં વિખૂટાં પડવા માંડ્યાં, ત્યાં મને સદ્ગુરુનાં સહસા દર્શન થયાં. હું તો ત્યાં જ ગદ્ગદ ભાવે પગે પડ્યો. તેમણે મારી પીઠ થાબડીને માથા પર હાથ મૂકી હુકમ કર્યો કે 'અહીંથી નાગો થઈને તારે ઘેર ચાલ્યો જા.'

મને સાચેસાચ દિલમાં લાગી ગયું કે 'હવે તો આ ખરેખરી પળ આવી લાગી. આ પળ ચૂક્યા તો ખરી અણીની વેળા ચૂક્યા. આ પળ જ પ્રેમભક્તિથી તે આજ્ઞા પાળવાની સાચી પળ હતી. દેહનું મમત્વ, દેહની મડાગાંઠ અને દેહ પરનો સંકોચ-તે બધાંથી મુક્ત થવાનો આ એક અમૂલો પ્રસંગ ભગવાને કૃપા કરીને સંપડાવ્યો. તે જ ઠેકાણે જો મારાં કપડાં કાઢીને હું ભીમજીભાઈને (ડ્રાઇવરનું નામ) સોંપી દઉં, તો તે તો મને તેમ ન કરવા દે અને મને મોટરમાં ઊંચકીને મૂકી દઈ ક્લિફ્ટનના બંગલે જ લઈ જાય. એટલે આપણે બંગલે કોઈ કોઈ વાર મલબારના વતની શ્રી કલ્યાણપુર આવતા, અને તેમને આવા માર્ગ પરત્વે કંઈક અભિરુચિ પણ ખરી, એટલે તે ભાઈ મારા આવા પ્રકારના આજ્ઞાપાલનને કદાચ બરાબર સમજી શકશે એમ જાણીને તેમને ત્યાં બેસવાનું બહાનું કાઢીને મોટરને ત્યાંથી રવાના કરી દઈશ અને મારાં કપડાં વગેરે બધું

તે ભાઈ કલ્યાણપુરને સોંપીને હું ત્યાંથી ચાલવા માંડીશ,' એમ વિચારી મોટરને કલ્યાણપુરને ત્યાં લઈ જવાની સૂચના કરી. પછી ભીમજીભાઈને કહ્યું કે 'બાપુ (શ્રી પરસદભાઈ) અને બધાંને કહેજે કે 'હું કલ્યાણપુરને ત્યાં છું. ત્યાંથી નિરાંતે આવીશ. મારી કશી ફિકર ન કરે અને બધાં જમી લે.'

તે પછી મોટર તો વિદાય થઈ ગઈ. હું દાદર પર ચડીને શ્રી કલ્યાણપુરને ત્યાં ગયો. કલ્યાણપુર મળ્યા. તેમને મેં જણાવ્યું કે 'આજે તો પરમ સૌભાગ્યનો અને સદ્ભાગ્યનો સૂરજ ઊગ્યો છે. મને મહેબૂબનો હુકમ મળ્યો છે અને તેનું મારે પ્રેમભક્તિથી પાલન કરવું છે.' તેમને મેં કેવો હુકમ હતો, તે કહી સંભળાવ્યો. ત્યારે તો તે પણ ગભરાઈ ગયા. 'ના, ના, અહીં નહિ, અહીં નહિ,' એમ બોલી ઊઠ્યા, પરંતુ મેં તેમને શાંત પાડીને સૂચવ્યું કે 'તમે ખાલી ખાલી ગભરાઓ નહિ. તમે નીચે રસ્તા ઉપર આવો, તમારા ઘરથી થોડેક આગળ જઈને હું મારાં કપડાં તમને ઉતારી આપું છું. તે બધાં કપડાં લઈને સાઇકલ પર ક્લિફ્ટનના બંગલે જજો. બાપુને (પરસદભાઈને) તથા બધાંને મારી આ હકીકત જણાવજો અને કોઈ જરા પણ ગભરાય નહિ. હું નિરાંતે બધે ફરતો ફરતો ઘેર જરૂર આવી પહોંચીશ. માત્ર ક્યારે ઘેર પહોંચી શકીશ તે ચોક્કસપણે ન કહી શકું.'

પછી મારાં બધાં જ કપડાં શરીર ઉપરથી ઉતારીને ભાઈ કલ્યાણપુરને મેં સોંપી દીધાં. જેવાં કપડાં ઉતાર્યાં કે તરત જ શરીરના રોમેરોમમાં એક એવા પ્રકારનાં ભાવ અને મસ્તી પ્રગટ્યાં અને તેનો આવેશ અને જુસ્સો એટલો બધો પ્રચંડ હતો કે જમીન પર પગ પણ ટેકવી શકાતા ન હતા. જાણે પૃથ્વીથી અધ્ધર ઊડતો જ હોઉં, એવું મને લાગ્યા કરતું હતું. થોડીક પળોમાં તેવું ભાન પણ વિલીન થઈ ગયું. શરીર ચાલ્યા કરતું હતું, પરંતુ તે ચાલ્યા કરવાના ભાન કરતાં, કોઈ જુદા જ પ્રકારનું ભાન અંતરમાં અંતરથી ત્યારે પ્રવર્તતું હતું. એવી સ્થિતિમાં કરાંચીના મોટા મોટા રસ્તાઓ પર થઈને ક્યાં ક્યાંથી ચાલવાનું થયું હશે તેની કશી જ ખબર નથી. માત્ર એક સ્થળે

એક ગોરા સાર્જન્ટે મને રોકવાનો પ્રયત્ન કર્યો હતો, તે ખ્યાલ આછોપાતળો છે. ત્યારે એવી પ્રચંડ બૂમ મારી હતી કે તે ગોરા સાર્જન્ટે 'સાંઈબાબા, ઈદ મુબારક !' એમ બોલી સલામ ભરી હતી. તેટલું જ પાર્થિવ ભાન મને પ્રગટ્યું અને પાછું વિલીન થઈ ગયું.

તે પછીથી ચાલતાં ચાલતાં ગવર્નરના બંગલા પાસે આવ્યો, ત્યાં શ્રીસદ્‌ગુરુ પોતે ઊભા હતા. તેમણે મને છાતી સરસો ચાંપીને ખૂબ વહાલ કર્યું. મારો બરડો ખૂબ થાબડ્યો. તે બધું બરાબર યાદ રહી ગયું છે. તેમણે મને રોજા તોડવાને માટે પાંચ રૂપિયાની રકમ પણ આપી. આ પછી પાછું બધું જ ભાન જતું રહ્યું, અને વળી પાછું ચાલવાનું શરૂ થયું તે કેવે કેવે રસ્તે થઈને ચાલવાનું થયું તેનું કશું ભાન નથી. માત્ર દરિયાની બાજુથી ક્લિફ્ટનનો બંગલો બસો એક ફૂટ આઘો હશે, ત્યારે શરીરનું ભાન પ્રગટ્યું અને ત્યાંથી ખૂબ મોટે મોટેથી બૂમો મારીને મારાં પહેરવાનાં કપડાં મંગાવ્યાં હતાં.

મારા જીવનમાં સદ્‌ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવાના જે જે પ્રસંગો છે, તે બધા આશ્ચર્ય પમાડી શકે એવી રીતના છે અને સામાન્ય માણસની બુદ્ધિ તો તેને સાચા તરીકે માની ન શકે એવા છે. આ તો તમે જાતે જ હાજર હતા, અને બેધડક પ્રેમથી તેનું હકીકતપણું તમે પોતે કહી શકો છો, એટલે જ મેં તમને લખ્યા હતા. જીવનવિકાસની ભાવનાને આકાર પમાડવાને કાજે મનમાં આમ કે તેમ કોઈપણ પ્રકારના વિચાર ન જ પ્રગટી શકે એવી પ્રેમભક્તિની ભાવનાથી તેનું પાલન થાય, તો સંપૂર્ણ શરણાગતિ પ્રગટવામાં તે ઘણો મોટો ભાગ ભજવી શકે છે.

શ્રીસદ્‌ગુરુની આજ્ઞાના પ્રેમભક્તિપૂર્વકના પાલનમાં જીવનું કલ્યાણ છે એવાં મને આજે પણ જ્ઞાનપૂર્વકનાં દૃઢ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ છે. ખરેખરી શ્રદ્ધા પ્રગટેલી તો તેનું નામ કે જેમાં શંકા, સંશય, વિચાર કે કશાને સ્થાન નથી. જે શક્તિ ભાવનાની ભૂમિકામાં પૂરેપૂરા તદાકાર રખાવી શકે અને તેમાં

પૂરેપૂરા પરોવાયેલા રહેવાનું જેમાંથી કરીને બને, તેવું બળ તે શ્રદ્ધાનું બળ છે. શ્રદ્ધાનું બળ આપણને સીધેસીધા આરપાર કરાવી દે છે. એવા પ્રેમભક્તિપૂર્વકના આજ્ઞાના પાલનમાંથી જ આવી અણમોલ શ્રદ્ધા પ્રગટી શકે છે.

આવી રીતે જ્યારે પ્રેમભક્તિથી સદ્ગુરુની આજ્ઞાનું આપણે પૂરેપૂરું પાલન કરીએ છીએ, ત્યારે સદ્ગુરુને આપણે માટે તેના દિલમાં જે ઉમળકાનો સંતોષ પ્રગટે છે, તેવો સદ્ગુરુનો આપણા પરનો પ્રગટેલો દિલનો સંતોષ તે આપણા જીવનનું પરમ કલ્યાણ નિપજાવનાર છે, તે પણ મારે દિલથી એક સાચેસાચી હકીકત છે. આવા પ્રકારના આજ્ઞાપાલનથી તેઓ મારા પર ખૂબ ખૂબ રાજી થયા હતા અને સંતોષ પામ્યા હતા, તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેઓશ્રીએ મને બે બહુ મોટા કરંડિયાઓ આપ્યા તે છે. એક મોટા કરંડિયામાં જુદી જુદી જાતની મીઠાઈઓ ભરેલી હતી અને બીજા મોટા કરંડિયામાં જુદા જુદા પ્રકારનાં ફળો અને સૂકો મેવો હતો. સામાન્ય રીતે રવિવારે અમે બધાં ક્યાંય બહાર જતાં નહિ, પરંતુ એક રવિવારે મને કરાંચી શહેરમાં આવેલી શાક માર્કેટ કે જ્યાંથી હું રોજ શાકભાજી ખરીદતો, તે શાક માર્કેટમાં જવાનું દિલ થયું, પરંતુ નાની બહેન તો મારી મશ્કરી કરીને મને કહે કે 'તમને તો પેલા તમારા સાંઈબાબા બોલાવતા હશે !' એમ કરીને મને તે દિવસે શહેરમાં તેણે જવા દીધો નહિ. તે દિવસે શ્રીસદ્ગુરુની હાજરીનું ભાન આખોયે દિવસે રહ્યું હતું. બીજે દિવસે સવારે સિંધિયા સ્ટીમ નૅવિગેશનની ઑફિસમાં બધાંને મૂકીને મોટર લઈને હું શાક માર્કેટમાં ગયો. પૈસાનું પાકીટ ઑફિસમાં જ રહી ગયું હતું. રોજ ને રોજ એક જ દુકાનેથી શાક લેવાનું રાખતો, એટલે શાકવાળા ભાઈએ બધું જોઈતું શાક મને આપ્યું. જ્યાં હું દરવાજેથી બહાર નીકળું છું, ત્યાં જ શ્રીગુરુમહારાજ પોતે ઊભા હતા. તેમનાં દર્શન થતાંવેંત જ હૃદયમાં એટલો બધો પ્રેમનો ફુવારો ફૂટ્યો કે મારાથી તેમને સજ્જડ વળગીને ચોંટી જ જવાયું. તેઓશ્રીએ પણ મને બહુ જ પ્રેમથી ચૂમી લીધો

હતો. પછી મને કહ્યું, ‘ગઈ કાલે તારી કેટલી બધી રાહ જોઈ ! બે મોટા કરંડિયા તારે માટે પ્રસાદી તરીકે લાવ્યો હતો, તે આખરે તારા નામ પર મેં ખેરાત કરી દીધા. હવે, આ બે મોટા કરંડિયા મેં તારે માટે રાજી થઈને પ્રસાદ તરીકે આણેલા છે, તે તું લઈ જા.’ મોટરમાં તો માય તેવા ન હતા, એટલે મજૂર કરાવીને લઈ ગયો હતો. તમે પણ તે સમયે કરાંચીમાં મારી સાથે હાજર હતા, અને આ પ્રસાદ ચાખવાની તમે મજા માણી હતી, તે પણ તમને યાદ છે. તે પ્રસાદ કેટલા બધા દિવસ ચાલ્યો હતો ! અને કેટલાં બધાંને વહેંચ્યો પણ હતો !

આ પ્રસંગ જે દિવસે બન્યો, ત્યારે બાપુએ મને કહ્યું કે ‘તું તારા ગુરુમહારાજને આપણે ઘેર બોલાવી લાવ. ચા પાઈ કરીને તેમને વિદાય આપીએ.’ પરંતુ તે હાલ ક્યાં હશે અને ક્યાં રહેતા હશે તેની તો મને કશી ખબર હતી જ નહિ. આ બાબત પૂછવા કરવાનું કદી પણ મને દિલમાં ઊગી શકેલું નહિ. એટલે બાપુએ મને જણાવ્યું કે ‘તું ધ્યાનમાં જઈને શરીરનું ભાન જતું રહેવાની અને એકમાત્ર ચેતનમાં જ એકાગ્રભાવ થવાની પળ પ્રગટે અને તેનું ભાન જતું રહેવાની અણી પર હોય, તે જ પળે તેઓશ્રી ક્યાં છે તે પ્રકારનો સંકલ્પ હૃદય-આધારમાં ધારણ કર એટલે તેઓશ્રી ક્યાં છે તે તને આપમેળે જણાઈ આવશે. પછીથી તેમને તું તેડી લાવજે.’ પ્રભુકૃપાથી થયેલી સૂચનાનો સ્વીકાર કરવાનો અભ્યાસ તો ઘણા લાંબા વખતથી ચાલ્યો આવતો હતો. એટલે આપણે તો મંડ્યા ધ્યાન કરવા, અને ધ્યાનમાં તદાકારપણું પ્રગટતાં પ્રગટતાં શરીરની બેભાન થવાની લગોલગની અણીની પળે તેઓશ્રીના સ્થળના ભાવ વિશેનો સંકલ્પ હૃદયાધારમાં એની કૃપાથી મૂકવાનું બની શક્યું હતું અને તેઓશ્રીની કૃપાથી તેમનાં દર્શન કરાંચી શહેરથી બહુ દૂર છેક દરિયાને કિનારે કિનારે તેઓ ચાલ્યા કરતા હતા, તેવી તેમની ગતિમાન સ્થિતિમાં મને થયાં હતાં. મેં તેમને ત્યારે ચા પીવા આવવાનું ભાવભીની નમ્રતાથી કહ્યું. તેમણે

પોતે તે સાંભળીને કહ્યું કે ‘જો, તારે મને ચા જ પાવો છેને ? તો લે, આ હું ચા પીવું છું,’ એમ કહી પોતે ચા પીવા લાગ્યા હતા, એમ પણ મેં ધ્યાનમાં જ પ્રત્યક્ષ જોયું. દર્શન ૨૨૫-૨૩૨

હું કરાંચીમાં હતો ત્યારે ચાળીસ દિવસના ઉપવાસ કરેલા. તેમાં સાડી આડત્રીસ દિવસના ઉપવાસ થયા તે રાત્રે ગોદડિયા મહારાજ આવ્યા. હું સૂતો હતો, તે એકદમ ઊભો થઈ ગયો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. મેં કહ્યું, ‘બહુ કૃપા કરી.’ તો તેઓ કહે, ‘હવે તારે ઉપવાસ-બુપવાસ કરવાની જરૂર છે ? હવે તારે આ બધું કરવાની જરૂર નથી. મારા દેખતાં હવે ખાઈ લે.’ મેં કહ્યું, ‘જેવો આપનો હુકમ.’

તેટલામાં તો મહારાજ જતા રહ્યા. અદૃશ્ય થઈ ગયા. હું ઊઠીને રસોડામાં ગયો. એ લોકોનો મોટો બંગલો હતો. કરાંચીમાં નદી કિનારે રહેતા હતા. મેં ગૅસ સળગાવી ચા કરી અને ચાનો પ્યાલો લઈને ડાઇનિંગ ટેબલ ઉપર ખુરશી ઉપર બેઠો. રકાબીમાં ચા રેડીને જ્યાં Sip-સિપ (ઘૂંટડો) લેવા જઉં છું. ત્યાં થયું કે હવે એક જ દિવસ બાકી રહ્યો છે. મહારાજે હુકમ કર્યો તેથી મેં ચા બનાવી અને જરા મેં લીધી. એક સિપ લીધી ખરી એ રીતે હુકમ પાળ્યો ખરો. હવે એક દિવસ કાઢી નાખીશ એમ વિચાર કરીને વધેલો ચા મેં ઢોળી દીધો. પાછો આવીને સૂઈ ગયો.

સવારમાં ઊઠીને મારા બાપુને બધી વાત કરી. તે સિંધિયા સ્ટીમ નૅવિગેશનના મૅનેજર હતા. એમણે કહ્યું, ‘તારી બાબતમાં મારાથી કંઈ કહેવાય નહિ.’ ઉપવાસ હતા તોપણ હું હરતો ફરતો રહેતો. પછી તો હું તેમની સાથે મોટરમાં ગયો. ત્યાં ચાર રસ્તા પર એક મેલોઘેલો સાધુ હતો. તેના વાળ મોટા હતા, ફાટેલો કામળો. એકદમ મોટરની વચ્ચે ઊભો રહ્યો. એણે કહ્યું, ‘ઊતર જા.’ એટલે હું તો ઊતર્યો. એટલે બાપુ મને કહે કે ‘ચૂનીલાલ, તને તો સાવ અક્કલ નથી.’ મેં કહ્યું કે ‘તમારી કહેવી વાત સાચી છે.’ એમણે કહ્યું, ‘હવે ગમે તે

માણસ કહે અને ઊતરી જવાય ?' મેં કહ્યું, 'મારે તો ઊતરી જવું પડશે. મારા હૃદયમાં પણ એવો જ ભાવ જાગે છે.' પછી તો એ પણ ઊતર્યા. મેં કહ્યું, 'આપ જાઓ. ઑફિસનો વખત થઈ જશે.' તો કહે, 'ના, હું અમસ્તો તને મૂકીને ના જઉં. તું પછી જતો રહે તો ? તને કોઈ લઈ જાય તો ?' એમને મારા પર બહુ પ્રેમ.

પછી મને પેલા સાધુ કહે, 'સાલા, અભી તક તેરેકુ સંકલ્પકા ગુમાન હૈ ? લે. ખાઈ લે.' બે પડીકાં તૈયાર રાખેલાં. ક્યાં હું દસ માઈલ દૂર દરિયા કિનારે રહેનારો અને ક્યાં આ ફૂટપાથ પર પડેલો જડ જેવો ઑલિયો ? કેટલા વખતથી હું એને જોતો. એને કંઈ જ કશી લેવાદેવા નહિ. બસ પડ્યો જ રહ્યો હોય. ઓહો, ક્યાં આ માણસ અને મારે ગોદડિયા મહારાજ સાથે થયેલી વાતચીત ? મેં કહ્યું, 'પ્રભુ, મેં ચા લીધી એટલે મેં જાણ્યું કે મેં પૂરું કર્યું. એક જ દિવસ બાકી હતો એટલે મેં ખાધું નહિ. મારા મનમાં સંકલ્પનું ગુમાન તો છે નહિ, પણ તમે કહો તે વાત સાચી.' એટલે ત્યાં ને ત્યાં ઊભાં
વાણી-૭ ઊભાં ખાઈ લીધું. આટલા બધા દિવસના ઉપવાસ હતા, તોપણ
૬-૯ જે આપ્યું તે ખાઈ ગયેલો.

૮

કેટલીક વાર આપણી કલ્પનામાં પણ ના આવે પણ સત્ય પ્રગટ થાય. એના પૂરેપૂરા અંશમાં તોપણ આપણી યોગ્ય રીતે તૈયારી ના હોય તો ઝીલી ના શકાય. મને સાંઈબાબા મળેલા ત્યારે એમણે મને ચાંદીનો એક રૂપિયો આપ્યો. કહ્યું, 'આ રૂપિયો તું રાખ. તને આપું છું. તને રૂપિયા મળ્યા જ કરશે. તારી માને મોકલ. પૂજા કરે. ગરીબી દૂર થશે.' આ બધા શબ્દો રણકારની પેઠે યાદ રહે છે. મને થયું-બહુ સારી વાત થઈ. ચાલો ભગવાને કૃપા કરી. પછી મેં તો રજિસ્ટર પોસ્ટ મારફત મારી માને રૂપિયો મોકલી આપ્યો અને લખ્યું કે 'તું રોજ આની પૂજા કરજે.' એ તો સાંઈબાબાનું કંઈ નામ જાણે

નહિ. એટલે મેં લખેલું 'સાધુ મહારાજ'. મારી માએ તો એને કશું મહત્ત્વ આપ્યું નહિ અને રૂપિયો ખોઈ નાખ્યો અને ગરીબી તો એવી ને એવી જ રહી.

એ તો પ્રતીકરૂપે કહ્યું. જે થવાનું છે તે મારા માટે સાચું પડ્યું, પણ મારા કુટુંબની ગરીબી જવાની હતી તે ના ગઈ. મને રૂપિયો આપેલો. મારી માને લખીને બધું મોકલેલું.

કઈ વ્યક્તિ સાંઈબાબા એ પણ હું જાણતો નહિ. નામ પણ જાણું નહિ, કારણ કે હું તો કામમાં જ રાચવાવાળો. હું છાપાંબાપાં બિલકુલ વાંચું નહિ. બીજે દિવસે સવારે-કરાંચીમાં અમારે ત્યાં રોજ એક ભાઈ આવે. મિ.શર્મા કરીને હતા. એ પાકિસ્તાનથી આવ્યા પછી બિરલાને ત્યાં રહેલા. તે રોજ આવે. તેમની વીંટીમાં સાંઈબાબાનો મોટો ફોટો. તે હું જોયા કરું. એ દિવસે મેં એમને કહ્યું, 'આના જેવો જ ચહેરો મેં જોયો હતો.' 'મોટા, ઊભા રહો. મારી પાસે બીજો મોટો ફોટો છે. લૉકેટ છે.' એમની પાસે મોટી રુદ્રાક્ષની માળા હતી, એમાં મોટો ફોટો હતો. મેં કહ્યું, 'આ જ માણસ રાત્રે આવેલા.' પછી તેમણે ગજવામાંથી કાઢી કાર્ડ સાઈઝનો ફોટો બતાવ્યો. મેં કહ્યું, 'આ જ માણસ' 'આ તો ના હોય, કારણ કે આ તો મરી ગયા છે. ૧૯૧૮ની સાલમાં.' તો મેં કહ્યું, 'મરી ગયા હોય કે ના મરી ગયા હોય, એ કંઈ હું જાણતો નથી, પણ ચહેરો બરાબર આ જ જાતનો હતો.' જન્મ ૪૬-૪૭

રૂપિયાની પૂજા કરજે એમ સાંઈબાબાએ કહ્યું તેની પાછળનો હેતુ કે મારી ગરીબાઈ દૂર થાય. 'એ'નો હેતુ સજાગ. પણ કેમ ફળ્યો નહિ ? આવા માણસોનો સંકલ્પ કેમ ફળ્યો નહિ ? જ્યાં ફળવાનો હતો એ જાતની સ્થિતિ એને માટે ન હતી. વાવણી માટેનાં જો બી લઈને કચ્છના રણમાં રોપવા જાઓ તો નહિ ચાલે. કચ્છના રણમાં જો તમારે રોપવું હોય તો પચાસ ફૂટ ખોદીને એમાં માટી ભરો. પછી વાવો અને રોજબરોજ વધારે ને વધારે સવિશેષપણે કાળજી રાખ્યા કરો તો કદાચ થાય. એવી રીતે સત્પુરુષનો આ જાતનો સંકલ્પ છે તે સંકલ્પ

ફળ્યા વગર રહેતો નથી. એ વાત જેટલી સાચી છે તેટલી જો સ્વીકારાત્મક વલણ, ભક્તિભર્યું વલણ ના હોય તો એ નહિ ફાવે. નહિ ફળે તે પેલાને લીધે નહિ, પણ તમારે લીધે.

મેં તો મારી માને ચોખ્ખું લખેલું. 'આની પૂજા કરજે. તમારાં કુટુંબની ગરીબાઈ દૂર થશે.' પણ આ બધી બાબતમાં એને શ્રદ્ધા જ નહિ. હું ભજનકીર્તન કરતો એ બધું જુએ. ભજન ગાતાં ગાતાં બેભાન થઈ જઉં. આ બધું એ જુએ, પણ એને કંઈ કશી ગતાગમ નહિ. એને તો એમ કે આ ફેફરું છે. એ તો એમ જ માને બાપડી. માટે એ કંઈ સમજી નહિ. એને સાધુઓ, મહાત્માઓમાં વિશ્વાસ નહિ. તે એણે પૂજાબૂજા કરી નહિ. રૂપિયો પૂજાના ગોખલામાં રાખી મૂક્યો. એમ તો મારા ગુરુમહારાજનો ફોટો પણ રાખેલો. નાગાબાવા હતા એટલે એને ગમે નહિ. પણ એના એક બીજા શિષ્ય હતા-છોટાબાવા. એનો ફોટો ઘરમાં રહેલો, પણ એ રૂપિયાની પૂજાબૂજા કરેલી નહિ અને પછી ખોવાઈ ગયો.

એ સંકલ્પ ફળ્યો નહિ. એનું કારણ ? તો કોઈ કહેશે કે એ તો સતમાં છે અને અસતમાં હોય અને અસતમાંય સત તો પ્રિડૉમિનન્ટ (મોખરે) છે. તો સત ફળવું જોઈએ. આ તો દ્વંદ્વ છે. જ્યારે એ છે દ્વંદ્વાતીત. એને સતેય નથી અને અસતેય નથી. એવી રીતે એનો ખુલાસો થઈ શકે છે. બીજી રીતે મને આજે પણ લાગે છે કે આજે નહિ તો કાલે આ લોકોનો સંકલ્પ ફળ્યા વગર રહેવાનો નથી. એ ફળવાનો, ફળવાનો ને ફળવાનો જ,
જન્મ કેમ કે મારી માએ એની અવગણના નથી કરી, પણ એનું અજ્ઞાન-
૪૯-૫૧ ઘોર અજ્ઞાન. એટલે આવું એનાથી ના થઈ શક્યું.

દરેક જણ ભક્તિ કરતો હોય છે, પણ દરેક જણમાં એની પાછળ અમુક જીવ પ્રકારનો અંશ રહેલો હોય છે. જ્યારે હું કાળીચૌદશની રાત્રે ટેકરા પર સૂતો હતો ત્યારે મારા મનમાં કે કોઈ કૉન્સ્યસનેસમાં પ્રવેશેલો તે પહેલાંના વખતમાં સાંઈબાબાનો કશો ખ્યાલ ન હતો. સાંઈબાબાના નામ તરીકે પણ જાણતો ન હતો. એવી મારી સ્થિતિ હતી. એટલે જ મેં એવું ઘટાવ્યું.

મારું નિમિત્ત છે. કોઈ પૂર્વજન્મમાં એની સાથે સાધનામાં હું સંકળાયેલો હોઈશ. સાધનાની રીતે એ જીવ સાથે-મહાત્માની સાથે-આ જીવ સંકળાયેલો હશે એમ મેં સમાધાન કરેલું, કારણ કે આશ્રમમાં (હરિજન આશ્રમ) રહ્યા કરેલો, છાપાંય વાંચું નહિ અને મને ખ્યાલ નહિ કે આ સાંઈબાબા. એ પેલા શર્માજી હતા તેમણે કહ્યું કે આ જ બાબા. ત્યારે જ મેં માનેલું કે આ જ માણસ હતો. તેના પરથી માનેલું કે આ જ સાંઈબાબા. બાકી તો મને ખબરેય નહિ.

જન્મ
૫૩-૫૪

૯

કાનપુરથી તા. ૧૩-૩-૧૯૩૯ને રોજ કાશી આવ્યો હતો, તે પાછું કાનપુર જતાં પ્રયાગના સ્ટેશને પૂજ્ય ગાંધીજીને પગે લાગ્યો, ત્યારથી એ દર્દ શરૂ થયું છે. તા. ૨૯-૩-૧૯૩૯મીએ તે દર્દ એની તીવ્રતમ માત્રાએ હતું. જીરવી પણ શકાતું ન હતું. મન જોકે તેથી અસ્વસ્થ થયું ન હતું, ઉદાસી આવી ગઈ ન હતી, પરંતુ દર્દ એટલું સખત હતું કે બધાં સાથે આનંદપૂર્વક જે વિનોદ કરું છું અને હોહા કરું છું તે બધું ન હતું. તેમ છતાં પાછાં પ્રત્યક્ષ આવી મળેલાં કર્મ તો પ્રભુકૃપાથી પૂરેપૂરાં થઈ શકતાં હતાં. અહીં અમારે રહેવાને માટે બંગલાની તપાસ કરવાની હતી. તેથી, બંગલો મેળવવાને માટે સગવડ કરવાની હતી, ઘણાંને મળવાનું હતું, તેમાં બીજું બધું પણ ગોઠવવાનું હતું. તે બધાં કામમાં જવાઆવવામાં કશી અડચણ નથી આવી, એ બધું કરતો હોઉં તે જાણે સપાટી પરની ચેતનાથી થતું હોય એમ લાગતું હતું. તેમ બીજા કશામાં તો દિલ ન હતું. રાત્રે શું થવાનું છે એના વિચાર પણ આવતા ન હતા, જોકે રાત્રે દર્દ ઘણું વધે છે એવા અનુભવો તો ઘણા થયા. આ દર્દ દિવસે પણ રાડ પોકરાવે એવું હતું, અને ઊલટો જીવ તો ઊંડો ઊંડો ઊતરતો જતો લાગતો, એટલે બહારની ચેતના કામ પૂરતી, ઘણી ઓછી થઈ ગયેલી, અને અંદરની ચેતનાની જાગૃતિ એકદમ તીવ્રતમ થઈ ગઈ હતી. કરાંચીમાં મળેલા

સાંઈબાબાની સૂચના અનુસાર તા. ૨૯-૩-૧૯૩૯મીએ કશુંક થવાનું છે એની ખબર...બહેનને તો હતી. તેથી, તે જરાક ઊંચા જીવે ફરતી હતી, પરંતુ હું તો રાત્રે નિરાંતે સૂતો.

રાતના એક વાગ્યામાં દસેક મિનિટ પહેલાં અમારા બંગલાની આગળથી હરિઃૐની બે બૂમ એકાએક સંભળાઈ. મને જ સંબોધીને તે બૂમ પાડવામાં આવી હતી તે તરત સમજાયું. એટલે મેં પણ સામી તેવી હરિઃૐની બૂમ મારી. બૂમ મારનાર ભાઈ સામેથી આવ્યા. તે સંપૂર્ણ નગ્ન હતા. માથે ઘણા બધા ગૂંચળાવાળા વાળ. નીચે ઊતર્યો અને જાણ્યું કે તેઓ મને એવી મધરાતે ક્યાંક લઈ જવા માગતા હતા. ...બહેનને ચિઠ્ઠી લખીને ઉપર મૂકી આવ્યો કે જેથી મારી ચિંતા ન થાય. મારી ગેરહાજરીમાં તે જાગી ગયેલી અને મને ન જોવાથી સહેજ ફિકરચિંતા પણ થયેલી, પરંતુ આવું બધું કરાંચીમાં ઘણું બન્યા કરતું. તેથી, તેને વિશ્વાસ બેઠેલો કે પછીથી બધાં ઠીક વાનાં થઈ જશે. વળી, તા. ૨૯-૩-૧૯૩૯ને રોજ કશુંક થવાનું છે તેની તેને ખબર પણ હતી, એટલે નિશ્ચિંત થઈ ગઈ હતી.

પેલા ભાઈએ મને જણાવ્યું કે મારે મણિકર્ણિકાના ઘાટની પેલી બાજુ ગંગાજીની સામી પાર જ્યાં તેમના ગુરુમહારાજ રહેતા હતા ત્યાં જવાનું હતું. તેમણે તેમને મોકલ્યા હતા અને એ ગુરુ પાસે મારે રહેવાનું હતું. મેં કહ્યું, 'હું તો રાત્રે ત્યાં આવું અને સવારે અહીં પાછો આવું, એટલી વાત કબૂલ હોય તો આવું.' મારી ફરજ અત્યારે અહીં આ બહેનોની સાથે રહેવાની છે, એટલે એ મૂકીને બીજું કંઈ કરવા જવું તે પરધર્મ છે. પછી ભલેને એથી મને ગમે તેટલો લાભ પ્રાપ્ત થતો હોય ! 'परधर्मो भयावहः' એટલે તમે જો મને રાત્રે ત્યાં આવવાનું કહો તો ત્યાં આવું. તે બાબતમાં તો તેમણે ના પાડી. વળી, સાંઈબાબાએ કરાંચીમાં બતાવેલું ધ્યાન કરવાની તો એમણે ચોખ્ખી ના પાડી. 'કરશે તો ભયંકર આફત પડશે. વળી, તે ધ્યાન શરૂ કરે, ત્યારે તારી અત્યંત કાળજીભરી સંભાળ લેવાય

એવી વ્યવસ્થા હોવી જોઈએ. તારી કોઈ આ બાબતમાં પ્રેમ-ભક્તિવાળી મા કે બહેન હોય તો તેવાની કોમળ સારવાર નીચે તારે રહેવું અથવા અમારા ગુરુજી પાસે ચાલ. ત્યાં તારી તેવી સંભાળ અમે રાખીશું.' મેં કહ્યું કે 'હાલમાં આ બહેનોની સંભાળ મારે લેવાની છે. એટલે એકબે માસ પછીથી આવું.' તો તેણે સાફ ના પાડી. 'આવવું હોય તો અત્યારે જ ચાલ.' એટલે મેં પણ તેમને એમની સાથે એમના ગુરુમહારાજ પાસે જવાની ચોખ્ખી ના પાડી. કરાંચીના સાંઈબાબાએ અત્યંત ગુપ્તપણે આપેલી વિદ્યા વિશે અને તેનો પ્રયોગ કરવાનો છું, તે વિશે આ ભાઈ અહીં કાશીમાં કેવી રીતે જાણી ગયા અથવા 'શું ખરેખર મને ભયંકર આફત પડશે ?' એવા બધા વિચારો મને થયા નહિ, અને આ પ્રયોગની બાબતમાં જેમ થતું હોય તેમ થવા દેવું એમ ધારી પાછો મેડા પર આવતો રહ્યો. અને કરાંચીમાં મળેલા સાંઈબાબાએ બતાવેલો પ્રયોગ કરવા બેઠો.

હજી શરૂઆત થઈ ત્યાં જ સમગ્ર ચેતન એકાગ્ર થતું અનુભવાયું. શરીર, મન, બીજાં બધાં કરણો ભિન્ન છે એવું સ્પષ્ટપણે અનુભવાતું ગયું. થોડીક વાર થઈ ત્યાં તો માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ ભાન જાગ્યું, અને આખા શરીરમાં એની અસહ્ય બળતરા થઈ. ભાન ઊડી ગયું. લગભગ બેભાન થઈ ગયેલો. પડી જવાયું પણ હતું. જીભ લગભગ બળી ગયા જેવી થઈ ગઈ હતી. હજી પણ સૂકી સૂકી લાગ્યા કરે છે, લાય બળ્યા કરે છે અને છાતી બળ્યા કરતી હતી. પેટથી છેક નીચેના ભાગ પર તો તે ભાગ પૂરેપૂરો બળી ગયેલો હોય તેવું જણાયું. તેમાંનો થોડો ભાગ તો જરા પછીથી પાક્યો પણ છે. આખું શરીર લાય જેવું ગરમ બની ગયું હતું. ...બહેનને તો કશી ખબર ન હતી. પ્રભુકૃપાથી તેને ઓચિંતું શૌચ જવાનું થયું અને તે ઊઠી અને મને બેભાન જેવો પડેલો જોઈ કંઈક સારવાર કરી. અમારી જોડે કરાંચીના એક સંગીતશિક્ષક પણ છે, પણ તે બિચારા આ બાબતમાં કંઈ જ સમજી શકે પણ નહિ...બહેને તો ઘણી

કાળજીથી સંભાળ લીધી. થોડી વારે કંઈક કળ વળી. આની અસર બે દિવસ રહી.

આ બધાનો કશો અર્થ સમજાયો નહિ. કંઈ કશાના આડાઅવળા વિચાર પણ મનમાં ઉદ્ભવતા નથી. એક જ પ્રકારની ભાવનામાં અખંડિતતા પ્રગટેલી છે. ગંગાજીના પ્રવાહના જેવો એ ભાવ સતત એકધારો ટકી શકે છે. મારું વહાણ તો ક્યાં લંગારાશે તે જાણતો નથી. તેવા પ્રકારના કોઈ વિચાર પણ થતા નથી. માત્ર એક જ લક્ષ અને એક જ લક્ષ્ય એની કૃપાથી રહ્યા કરે છે. બાકી તો સમુદ્રની લહેરોની જેમ ભાવના અને આનંદ આનંદના ભાવ સાથે રોમેરોમમાં જે એક અકથ્ય ભાવ પ્રગટ્યા કરે છે, તે શબ્દમાં કેમ લખી શકાય ? એટલે ધામે તો પહોંચ્યા વિના રહેવાવાનું નથી એવો દઢ જીવંત વિશ્વાસ પ્રગટેલો છે. આપણે તો આનંદમાર્ગના પ્રવાસી છીએ. 'આટલું જ અને હવે આગળ નહિ' એવું આ માર્ગમાં કશું નથી. આ માર્ગ તો અનંત છે. એટલે પ્રભુકૃપાથી આપણે તો
સંશોધન ૨-૭ ચાલ્યા જ કરવાનું છે. પ્રભુકૃપાથી એકમાત્ર આનંદની ભૂમિકા પર જે તે બધું અહીં તો આ આધારમાં થયા કરે છે.

૧૦

૧૯૩૯ના માર્ચની ૨૯મીએ રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના ડીન શ્રી પાઠક સાહેબની કરાવેલી.

તે અનુભવની વેળાથી, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી. 'I am Omnipresent' 'હું સર્વત્ર વિદ્યમાન છું,'* એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.

* તરણામાંથી મેરુ, ૭મી આ., પૃ. ૨૦૦

તે કાળે જે અનુભવ થયો તે પણ એક સગુણનો અનુભવ હતો, પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાન કૂદકો મારીને અથવા તો હનુમાન કૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું. તે અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેંદ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે ભાવરૂપે હતો તેમ પણ ન કહી શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય અને તેમ છતાં પાછો પોતે તે તે બધાંમાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. માતાને બાળક પરત્વે જે તાદાત્મ્યવૃત્તિ હોય છે તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી. બાબર અને હુમાયુનો દાખલો એ પણ એક જીવ પ્રકારની તેના પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય અને તેવું તો એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તે તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી. અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી પ્રગટેલી રહે છે. અને તેવી સળંગ એકધારી તાદાત્મ્યતા હંમેશને માટે તે ને તે સ્થિતિમાં જીવંત પ્રગટ્યા જ કરે એવું પણ હોતું નથી. ચેતનના તેવા અનુભવ પછીથી કોઈકનામાં તે અમુક કાળ સુધી પ્રવર્ત્યા કરે અને કોઈકને તે પછી તેવું ન પણ બને. કોઈકને તો વળી તેના આધારના રોમેરોમમાંથી પસાર થઈને અદૃશ્ય પણ થઈ જાય. જેનું શરીર ચેતનના આધારને માટે તેના ભાવની યથાયોગ્યતાના પ્રમાણમાં સંપૂર્ણપણે યોગ્યતાવાળું વિકસેલું ન હોય તો તેવાને કદાચ વધુ સમય તેવું બને ખરું.

દર્શન
૩૮૨-૩૮૩

ગઈ કાલ તા. ૬-૯-૧૯૩૯ સવારનું પ્રેમમય વાતાવરણ ભૂલી શકાય નહિ ! કેટલાં બધાં એકઠાં થયેલાં ! અને તે પણ કેટલા ઉમળકાથી, પ્રેમભાવથી ! આવી વિદાય મળે એવો આટલાં બધાંનો પ્રેમ, એ એની મોટામાં મોટી કૃપા છે. અને એવું એવું જે જે બધું મળે છે, તે બધું જ્ઞાનભક્તિપૂર્વક એને જ ચરણકમળે ધરાવું છું. આટલી બધી બહેનોના નિર્મળ પ્રેમભાવની તોલે તો શું આવી શકે ! બાકી, તમે તો પ્રત્યક્ષ જોયું છે અને જાણો છો. આશ્રમમાં માત્ર ટૂંકામાં ટૂંકી ચડ્ડી પહેરીને ફરનાર, 'બાઘા' જેવો જાણી જોઈને દેખાનાર, કહેવાતી સભ્યતા જરાકે ન પાળનાર, ગાંધીજીના આશ્રમ જેવા ગંભીર વાતાવરણમાં પણ મો...ટેથી બૂમો પાડીને કેટલાંયને આઘાત, અને તે નહિ તો તાજુબી અને કંઈક ઘૃણા અને અવમાનના ઉપજાવનાર, કેટલાંયને અભણ દેખાનાર-તમને જાતમાહિતી છે કે કેટલીક આશ્રમની કન્યાઓ તો મને ગાંડો ગણતી અને કેવી પજવતી ! ત્યાંની સભ્ય રીતભાતમાં પણ તદ્દન બોડકું માથું રાખી તદ્દન નિઃસંકોચપણે ફરનાર, અરે, ફાટલાં કપડાં પહેરી સેંટ્રલ બૅંકમાં જવાથી ક્લાર્ક પૈસા આપવાની ના પાડે અને તેથી મૅનેજરને મળવું પડે એવો દેખાવ ધારનાર, બને તેટલી રીતે સા...વ ગમાર દેખાનાર અને અક્કલ હોશિયારીનો તો મોઢા પર છાંટોય ન મળે અને એવી રીતે 'ગધેડા'ની ઉપમા પણ પામનાર, એવા મારા પર આ બધાંનો આટલો ભાવ ક્યાંથી ! આ બધું તો તમે ઘણાં વર્ષોના પરિચય પરથી ખાતરીથી જાણો છો.

આશ્રમમાં ઘણીયે વખત મારી સાથે એકાંતમાં બેસવાથી શાંતિ, આનંદ, પ્રસન્નતાના અનુભવો તમને થયા છે, પણ જાગ્રતપણે આ માર્ગના પ્રવાસી તરીકે નહિ. એટલે એ તમારી સાથેના નિકટમાં નિકટ કર્મસાથી અને મિત્રના પરિચયને લીધે ક્યારનું મારા જીવન વિશે તમને કહેવાનું બન્યું હોત પણ કશું જ કહ્યું નથી. આ બધું હવે આટલે વર્ષે સ્પષ્ટપણે તમને

લખવાનો હેતુ એ છે કે આવું શાથી બની શકે એ જાણવું તમારે માટે હવે જરૂરનું છે. જેના અસભ્ય પોશાક, હાવભાવ, વલણવર્તનના દેખાવથી બહેનોને ('અજાણી હોય તોપણ') થોડી ઘણી ઘૃણા પણ ઊપજે, એવા પર બસ બધી બહેનોનો પ્રેમનો વરસાદ વરસે તે શાથી ?

*દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,*
*ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે.*

આટલો બધો અને આવો ભાવ મળે એ તો તમે પ્રત્યક્ષ જોયું. પરંતુ તે શાથી ?

*'એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,*
*દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.'*

જો આપણે એનામાં જ પ્રેમને એકાગ્ર અને કેંદ્રિત કરી શક્યાં તો પછી દુનિયાનો પ્રેમ તો મળવાનો છે. માટે, હવેથી તો આપણો પ્રેમ એના પાદપદ્મે સતત વહ્યા કરે એવા જ્ઞાન-ભક્તિપૂર્વકના સતત અભ્યાસમાં લગાતાર આપણે મંડવાનું છે.

• • •

તમારા અનુષ્ઠાનનો પ્રયોગ પૂરો થયો તે દિવસને અંતે આ જીવને પગે લાગવાની ઊર્મિ તમને પ્રગટી અને આપણે તો મિત્ર હોવા છતાં તેનો વિરોધ મેં ઉઠાવ્યો નહિ. પોતાની જાતનું યોગયોગ્ય સંપૂર્ણ ભાન એની કૃપાથી રહ્યા કરવાનો હવે તો ઠીક ઠીક લાંબો અને જીવતો અભ્યાસ છે અને અનુભવ છે તે પણ એનું એક કારણ છે. વળી, એવી પણ દૃષ્ટિ ખરી કે પરમ કૃપાળુ શ્રીભગવાનને હવે આ જીવનો સ્વાંગ અને જીવનપ્રવાહ એક રીતે બદલાવ્યો છે. હવેથી, જોઉં છું કે, મારે એના નિમિત્ત રૂપે બનીને જે જે સ્વજનો આ માર્ગે વળવાના હેતુથી મળશે તેમને એની કૃપાથી આ માર્ગે દોરવવાનાં છે. તેમાં તમે (હેમંતભાઈ) પહેલા છો. આમ, એનું સાધન, એનું નિમિત્તરૂપ,એણે જ બનાવવા ઇચ્છ્યું છે, તો પછી તે અંગેનાં કર્મોમાં કંઈક બીજું તત્ત્વ પ્રવેશ પામવાનું નથી એવાં દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ એની કૃપાથી હતાં અને છે.

વળી, એવી પ્રણામ કરવાની ભાવના, દિલમાં સહજ, સ્ફૂર્તિયુક્ત ઊર્મિ, તમને ઊપજી તે પણ ઠીક થયું. ઘણા સમયથી આપણે મિત્ર તો હતા જ. આ માર્ગની ખૂબ જ ગુપ્ત રીતે સૂક્ષ્મ આંતરિક પ્રવૃત્તિ તો એની કૃપાથી થયા જતી હતી. સાબરમતી જેલમાં ૧૯૩૦માં આપણે સાથે હતા ત્યારથી અને બોદાલના આશ્રમમાં તમારા હાથતળે મદદનીશ તરીકે રહ્યો ત્યારથી આ જીવની સાધનાની પ્રવૃત્તિની કંઈક ઝાંખી આજથી નવેક વર્ષ પહેલાંથી તમને થઈ હતી. તમારી પ્રત્યે કેટલો બધો પ્રેમ હતો ! શિરોહીમાં માતુશ્રી બહેનને ત્યાં તમે રહેતા હતા અને ત્યારે તમારું શરીર સારું રહેતું ન હતું, ત્યારે આપણું ત્રણ જ દિવસ સાથે રહેવાનું બન્યું. એટલામાં તમારા શરીરનું વજન ત્યાસીનું સાડા ચોરાસી થઈને દોઢ શેર વધ્યું હતું. તમારા જેવા અને જેટલા વજનવાળા માટે આ નાનીસૂની વાત નથી. મારી
સંશોધન સાથે રહેવાથી તમારા શરીરનું વજન અને આરોગ્ય સુધર્યું છે.
૧૮-૨૨ એવા તો એકબે નહિ પણ વધારે પ્રસંગો છે.

અહીં કાનપુરમાં અમે એક ગાંડા નહિ પણ ગાંડા જેવા માણસને મળવા ગયા હતા. નવાબગંજમાં એક રાજારામ કરીને સદ્‌ગૃહસ્થ રહે છે. ઉંમર લગભગ સિત્તેર ઉપર હશે. પોતાનું ઘર છે પણ તદ્દન બેહાલ, બિસ્માર સ્થિતિમાં. આંગણામાં એક નાનકડી કૂઈ છે. પોતે કશો સંગ્રહ કરતા નથી. પોતે સવારસાંજ ફરવા નીકળે તો નીકળે. લોકો એને ગાંડો ગણે છે. મુસલમાનને સલામ કરે અને હિંદુને સીતારામ. કોઈ પાઈપૈસો આપે અને વળી લહેર હોય તો લે, અને તે કોઈકને આપી દે. કદીક કદીક ચા પોતે બનાવે અને તેમાં દહીં નાખે ! કોઈક ખાવાનું આપે તો ખાય. કશાની પરવા નહિ. આકાશવૃત્તિ રાખે છે. સરસ ભજન અને સાખીઓ પણ ગાય છે. મસ્તરામ છે. તા. ૨૨-૯-૧૯૩૯ની રાતે અમે તેમની પાસે ગયા હતા. તે તથા હું ધ્યાનમાં જતા રહ્યા. બીજાઓ એમ ને એમ બેસી રહ્યા. ધ્યાન છૂટ્યા પછી અમે બન્ને ખૂબ ભેટ્યા. તેઓ ધ્યાનમાં મને પગે લાગ્યા હતા. આ હકીકત ધ્યાન છૂટ્યા પછી...ને કરી,

પરંતુ તે એમણે માની ન હતી. બીજે દિવસે પાછા અમે જ્યારે અમસ્તા વાતો કરવા અને મળવા ગયા, ત્યારે છૂટા પડતી વખતે એ ભેટ્યા. આ જીવને પગે લગવા જતાં જરાક આઘો ખસી ગયો. એ તો આઘે સુધી અમને વળાવવા આવતા હતા, પણ મેં ના પાડી, ત્યારે તેમણે પોતે જ કહ્યું કે 'ગઈ કાલે તો તમને હું પગે લાગ્યો હતો. આજે કેમ લાગવા દેતા નથી ?' મસ્ત લોકના ઊલટા વહેવાર હોય છે. એમનો પ્રેમ પણ એવો જ જબ્બર હોય છે. તે વેળા એમના સુંદર ભાવની ઝાંખીનો અનુભવ થયેલો, પરંતુ- સંશોધન ૨૧૯-૨૨૦

*'રબકી મરજી ક્યા જાને !'*

❑

## ખંડ-૬

# ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

(ગઝલ)

હૃદય અમ પ્રેમના રસથી સદા જોડાયેલાં રે’શે,
જીવન+ તો એક છે, છોને જીવનના* દેહ જુદા છે.

ભલે મૃત્યુ ભલે સ્વર્ગે ભલે જ્યાં હો જવાનું ત્યાં,
અમે તો સાથ રે’વાના અમે સાથે જ ઊડવાના.

પ્રેમગાથા
૨૧૨

***શ્રીમોટા***

+ જિગર, * જિગરના.

■

(ગઝલ)

જવું જ્યાં હોય વિચરજો અમે બહાલી જ આપી છે,
'કહીં કહીંની જુદી વાતો પડે સમજણ' અનુભવ તે !
અમે ક્યાં ક્યાં જઈ વિચર્યા ન ઇચ્છા તેતણી મૂળે,
બધે પ્રસર્યા છતાં કેવા, મૂળે કોરા રહેલા છે !
લઈએ સ્વાદ શા નોખા ! અનુભવ પ્રકૃતિકેરા,
વળી જે જે સ્વભાવો તે અનુભવથી જણાયા છે !
બધી દુનિયા અમારી છે, બધે પ્રસરેલ મૂળિયાં છે !
અમારા વિણ અસ્તિત્વ કશે ના કોઈનુંયે છે !

**શ્રીમોટા** અનુભવગીત
૪૧૦

૧

આપણે આ જીવન જીવીએ છીએ એની મર્યાદા નથી. એવા પ્રકારનું આપણું જીવન છે. એ ચાલ્યા જ કરે છે. ભગવાનમય થઈ જઈએ એવું પ્રત્યક્ષ જ્ઞાનભાન પ્રગટી જાય તો શરીરવાળું જીવન અટકે. પછી પણ જીવન છે. પછી જુદા પ્રકારનું જીવન છે. શરીર પણ ન હોય તેવા દાખલા વધારે છે. જેમ ભગવાનનો કોઈ અંત નથી. એ અમર્યાદ છે એને કોઈ
શેષ ૧૧૫ મર્યાદા નથી, તેવા પ્રકારનું આપણું જીવન થઈ જાય ખરું. અલગ વ્યક્તિત્વ મટી જાય.

૨

મેં પોતે એવું વિચાર્યું છે કે જ્ઞાન થાય, અનુભવ થાય તો એને મર્યાદા કેવી ? એક પણ મર્યાદા એને હોવી ન જોઈએ. અને જો હોય તો જ્ઞાન નહિ ! આ તો મારી બુદ્ધિથી વિચાર્યું. મેં કંઈ કોઈ વિદ્વાન સાથે ચર્ચા કરી નથી અને જ્ઞાન વિશે ચર્ચા કરવી ગમે પણ નહિ, પણ મેં વિચાર્યું કે જ્ઞાન એટલે અમર્યાદ. એને કોઈ બંધન નહિ.વિજ્ઞાનની રીતે-સાયન્સની રીતે જો સ્વીકારીએ તો નિમિત્તનું પણ એને બંધન કેમ હોય ? હોવું ના જોઈએ. જો બંધન તો એને જ્ઞાન નહિ. જ્ઞાનને કોઈ બંધન નહિ એમ આપણે સ્વીકાર્યું. તો પછી નિમિત્તનું બંધન મૂકીએ એ કેમ ચાલે ? હા, નિમિત્ત હોય ખરું. એ બરોબર, પણ બંધનરૂપે નહિ. હવે ત્યારે જો એ બંધનરૂપે ન હોય અને નિમિત્ત હોય તો નિમિત્ત-ઠેકાણે ગમે ત્યાં જઈ શકે છે. નિમિત્તના કારણે ત્યાં વહેવાર કરી શકે છે, એ બધું તો જાણે સ્વીકારાય તેવું છે, પણ એ એને બંધનરૂપ નથી. મેં મારા કોઈ કશા પુસ્તકમાં-'સદ્‌ગુરુ' કે 'નિમિત્ત'માં લખ્યું છે. બહુ ચોખ્ખું લખ્યું છે. જ્ઞાનીને નિમિત્તનું કોઈ બંધન નથી.

વાત તો મૂળ એમ કરતો હતો કે જ્ઞાન જેમ અનંત છે, અનંતાનંત છે. સ્થળવિહીનમાં પણ છે, પણ આ બધું આપણે

બોલીએ ખરાં, પણ એવું પ્રત્યક્ષ અનુભવી શકીએ છીએ કે કેમ ? કોઈપણ જીવ ઍક્સ, વાય, ઝૅડ-અત્યારે છે એ કોઈએ અનુભવ્યું છે કે કેમ એનો આપણી પાસે પુરાવો કંઈ છે નહિ. કોઈક કહે છે કે એ મંગળમાં ગયો કે ફલાણા ગ્રહમાં ગયો. લોકોને એમ કહેતા સાંભળ્યા છે. હું મારા ગુરુમહારાજ પાસે ગયો હતો ત્યારે એવું કહેતા કે 'હું મંગળમાં ગયો હતો.' પહેલાં હું બોલું ખરો. પછી તો બોલતો નહિ, છાનોમાનો બેસી રહું ! એટલે મેં કહ્યું, 'બાપજી, મંગળ તો પાર વગરનો દૂર. બે પગવાળા માનવીથી તો જવાય જ નહિ. અશક્ય વાત છે. વિજ્ઞાનીઓ પ્રયત્ન કરી રહ્યા છે. આ બલૂન છે, આ વિમાન છે, એ દ્વારા પણ માણસ ગયો હોત, પણ એમ બન્યું નથી.' મને બેચાર ગાળ દીધી. કહ્યું, 'સાલા, અહીંથી માણસો ત્યાં જાય છે, ત્યાંથી માણસો અહીં આવે છે. મંગળ છે. બીજે બધે ઠેકાણે આપણા જેવી પૃથ્વીઓ છે. ત્યાં આપણા જેવા મનુષ્યો છે. એ મનુષ્યો અહીં આવે છે. પૃથ્વી ઉપર ઊતરે છે. કોઈ જાણતું નથી. ક્યાંક ઊતરે છે અને આપણી પૃથ્વી પરથી બીજી પૃથ્વી ઉપર રહે છે. 'ઊર્ધ્વ ગચ્છંતિ' એમ કરીને કંઈક શ્લોક બોલ્યા, એ ગીતામાં છે ખરું કે એ જે ઊર્ધ્વ પ્રકૃતિવાળા હોય તે ઊર્ધ્વમાં જાય છે અને નિમ્ન પ્રકૃતિવાળા નિમ્ન પ્રદેશમાં જાય છે. એવું લખેલું છે ખરું. એવો કોઈ દેશ કે ગ્રહ હશે કે આવા જ લોકો વસતા હશે. એટલે ત્યાં જાય. આપણા દેશમાં નિમ્ન થયેલા હોય એ જીવ નિમ્ન એવા લોકમાં જાય અને ઊર્ધ્વ પ્રકૃતિનો હોય એ ઊર્ધ્વ પ્રકારના લોકમાં જાય. એમ જ મને તો બંધ બેસતું લાગ્યું.

પણ આ તો કોઈક કોઈક એવા લોકો ખરેખર મનુષ્યના સ્વરૂપમાં જીવતાજાગતા પૃથ્વી પર આવે છે અને ઉચ્ચ પ્રકારના લોક પણ અહીં આવે છે. હજુ સુધી કોઈએ ઊતરેલા પ્રત્યક્ષ જોયેલા હોય એવું મારી છોંતેર વર્ષની ઉંમર સુધી ક્યાંય પણ છાપાંમાં વાંચ્યું નથી, પણ મારા ગુરુમહારાજ એમ કહેતા ખરા. એ વખતે મારી બુદ્ધિની શક્તિ કેટલી ? મારી બુદ્ધિ જ આ

જીવદશાની છે અને આ જીવદશાની બુદ્ધિ ટૂંકી છે. એ જે છે એ દ્વંદ્વવાળી છે અને દ્વંદ્વાતીત થયેલી નથી. અથવા તો જ્ઞાનની દશામાં પણ પ્રગટી નથી. એવી બુદ્ધિશક્તિ જ્ઞાનની દશામાં કેવી રીતે પહોંચી શકે ? માટે એમ વિચાર્યું કે ‘આ સ્થિતિમાં તારે એમ માનવું કે કદાચ એ સાચું પણ હોય અને કદાચ ના પણ હોય, પણ આમ નથી જ અને એ ખોટું જ છે, એમ માનવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી. તું એમ કહી શકે છે કે ભાઈ, શક્ય છે કે અશક્ય છે. આ બેમાંથી એક હોઈ શકે, એમ બહુ બહુ તો તું કહી શકે. પણ આ ખોટું જ એમ તું કહે એમ કહેવાની તારી બુદ્ધિની શક્તિ નથી, કારણ કે તારી બુદ્ધિ જ્ઞાનમાં પ્રગટ થયેલી નથી. તારી બુદ્ધિ અજ્ઞાનવાળી છે અથવા તો તારી બુદ્ધિ પ્રકૃતિયુક્ત છે. પ્રકૃતિનું જે કંઈ હોય તે વિશે તું અભિપ્રાય આપી શકે. જ્યાં સુધી તું પ્રકૃતિમાં છે ત્યાં સુધી-એ જ્ઞાનના વિશે અભિપ્રાય આપવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી.’ આમ મનને સૂઝ્યું. આ વિશે અભિપ્રાય આપવો તે ખોટો છે. આપણે શાંત રહેવું અથવા તો આપવો હોય તો ‘મે બી પૉસિબલ-મે નૉટ બી પૉસિબલ-ખરું હોય અને ના પણ હોય.’ એમ માનવું.

એ કહેતા ખરા કે ‘આમ હું જતો હતો. આમ ફલાણે ગયો હતો. આમ મને આવું થયું, ફલાણું થયું !’ એવું બધું બોલતા. ત્યારે મને એમ લાગેલું. આજે એમ લાગે છે કે આવા જ્ઞાનવાળા લોકો નિમિત્ત સંબંધ જ્યાં હશે ત્યાં જઈ શકતા હશે, જતા હશે એમ આજે મને સાચું લાગે છે. ત્યારે સાચું લાગતું ન હતું.

બીજું, મેં જે કહ્યું કે જેમ જ્ઞાન અનંતાનંત છે તેમ અજ્ઞાન પણ અનંત છે. અજ્ઞાન પ્રકૃતિની અંદર આવે છે. નિમિત્ત કંઈ જ્ઞાનવાળું જ હોય એમ કંઈ કહી શકાય નહિ. નિમિત્ત પ્રકૃતિમાં છે. નિમિત્તનો પ્રદેશ પ્રકૃતિમાં આવી શકે. નિમિત્ત જ્ઞાનવાળું પણ હોય અને નિમિત્ત અજ્ઞાનવાળું એટલે કે પ્રકૃતિવાળું હોય. ઘણાં ખરાં નિમિત્ત પ્રકૃતિ પ્રદેશના હોય છે. એટલે એ

જ્ઞાનીપુરુષ નિમિત્તમાં જાય. નિમિત્ત ગમે તેમાં હોય. પૃથ્વીમાં જ હોય તેમ નહિ. જ્ઞાન અનંતાનંત કહ્યું એમ અજ્ઞાન પણ અનંતાનંત હોય છે. એનો પણ છેડો નથી. એવી રીતે આવા જે જ્ઞાનીપુરુષ છે, એ શરીર હોવા છતાં, આકાશ તત્ત્વને લીધે ગમે ત્યાં જઈ શકે છે. એમ આજે પણ મને મારા મનથી સાચું લાગે છે. ગમે ત્યાં જઈ શકે છે. તો કહે, 'તમે જઈને કોઈ સાબિતી લઈ આવો.' તો હું ના કરી શકું. કારણ, કોઈ પ્રયોગાત્મક નિમિત્ત થાય તો જઈને કરી આવે. પણ એ કહે નહિ. કોઈને પણ કહી શકે નહિ. એટલે પોતાના મનમાં એ વાત રાખે. ઍક્સ, વાય, ઝૅડ-કોઈને પણ ગમે તે નજીકનો નજીક હોય તેને પણ કહે નહિ. આ વાત કહેવા જેવી હોતી નથી. કેટલીય વાતો, જ્ઞાનની વાતો એ અંદર જ રહે છે. જેમ ભગવાન પોતે સ્વયં પ્રત્યક્ષ જીવતોજાગતો ચેતનાત્મક હોવા છતાં, આપણામાં રહેલો હોવા છતાં, એ દેખાતો નથી. એના વડે બોલીએ છીએ, એના વડે જોઈએ છીએ, એના વડે સાંભળીએ છીએ, એના વડે બધી પ્રક્રિયાઓ કરીએ છીએ. એ બધું હોવા છતાં, એ આપણામાં પ્રત્યક્ષ થઈ શકતો નથી. એવી રીતે જ્ઞાની માણસ-ગૂઢ રીતે આપણી સાથે વર્તે છે. જેમ આપણામાં ચેતનાત્મક ભગવાન પોતે બિરાજેલો છે, પણ તેની ચેતના આપણી દૃષ્ટિએ ગૂઢ છે-એવી રીતે અનુભવી પુરુષ પણ આપણી સાથે એવી જ ગૂઢ રીતે વર્તતો હોય છે. એટલે ગમે તેટલા તેની પાસે રહોને અને ગમે તેટલાં વર્ષો રહો, એને તમે નહિ ઓળખી શકો. જો એના ખરેખરા ભક્ત થાવ તો ઓળખી શકો. બાકી નહિ ઓળખી શકાય.

આપણા બધાંમાં માન્યતા છે કે જ્ઞાનીને નિમિત્ત છે. અને નિમિત્તનું બંધન છે. તો જ્ઞાનીને કોઈપણ પ્રકારનું બંધન હોતું નથી. એને નિમિત્ત હોય, પણ એને બંધન નથી. નિમિત્ત હોવા છતાં, નિમિત્તનું એને બંધન નથી. એ વાત ચોક્કસ. અને બંધન હોય તો જ્ઞાની નહિ.

કોઈપણ જાતનું શરીરનું પણ એને બંધન નથી. સત અસત એ પ્રકૃતિના પ્રદેશમાં આવી જાય છે. જ્ઞાનમાં સત અસત આવતા નથી. નીતિ અનીતિ એ બધા પ્રકૃતિના પ્રદેશો છે. જ્ઞાનના પ્રદેશમાં કંઈ કશું હોતું નથી. એટલે એને કોઈપણ બંધન નથી. એને નિમિત્ત હોય ખરું પણ બંધન નહિ. એ હું કહેતો હતો. પણ કોઈ સ્વીકારે નહિ. કોઈપણ વિદ્વાન આને સ્વીકારે નહિ. પણ હું કહું છું કે નિમિત્ત છે, પણ એનું બંધન નથી. 'સદ્‌ગુરુ'માં લખ્યું છે કે શરીર હોવા છતાં એ અશરીરરૂપ છે. કોઈની કલ્પનામાં ના આવે. શરીર હોવા છતાં અશરીરી છે, એ લોકો કેવી રીતે માને ?

એટલે એક જ સમયે બન્ને વસ્તુ હોઈ શકે. આપણે તો 'હોઈ શકે' એમ કહીએ છીએ. પણ 'છે જ'. શરીર તો શરીરનો ગુણધર્મ ભજવ્યા કરે છે અને આ 'અશરીરી' જે આપણે કહીએ છીએ તે તો બુદ્ધિમાં બેસતું નથી, પણ બુદ્ધિમાં બેસાડીએ તો બેસે કે શરીર છે તે દેખાય છે, પણ અશરીરી તત્ત્વમાંહે રહેલું જ છે. એ અશરીરી તત્ત્વમાંહે રહેલું ના હોય તો બોલાય નહિ, ચલાય નહિ, સંભળાય નહિ. શરીરનું કોઈપણ કર્મ, શરીરનો કોઈપણ ભાગ એનું કર્મ કરી જ ના શકે. શરીરની અંદર અશરીરી તત્ત્વ રહેલું જ છે. એ તત્ત્વને લીધે આ બધું ચાલ્યા કરે છે. એ જો બુદ્ધિથી વિચારીએ તો એ સમજાય એવું છે. એ અશરીરી તત્ત્વ આપણા અંગેઅંગમાં-અણુએ અણુમાં એકરસ છે, પણ એને આ શરીરનું બધું-રોગો કે આ બધું-ખાવાનું, પીવાનું કે ભોગવવાનું-વિલાસનું જે કંઈ થયા કરે તેની અસર અંદરના અશરીરી તત્ત્વને ના થાય. જે એ અશરીરી તત્ત્વ છે એને આપણા શરીરનું બંધન નથી. એ જો આપણા ખ્યાલમાં, બુદ્ધિમાં આવી શકે-મારી બુદ્ધિમાં તો મને આવે છે, પણ એ જો
તદ્રૂપ
૧૦૬-૧૧૨ આવે તો જ્ઞાનીને નિમિત્તનું બંધન ક્યાંથી હોય ? એને બંધન હોય તો જ્ઞાની નહિ.

૩

અનુભવી, કાળના ત્રણેય ભાગને એક થયેલા અનુભવે છે. સંસારમાં રહેનાર માણસને એના વર્તુળની સમજણ પડે છે. જેમ જેમ સમજે છે તેમ તેમ એવી સમજણનો પણ એક આનંદ છે. સુખ કે આનંદની લાગણી વિના માણસ જીવી શકે નહિ. માણસ નિર્દયતામાંથી પણ આનંદ મેળવતો હોય છે. એ આનંદ બહુ નીચા પ્રકારનો કહો એ વાત જુદી છે. ગમે તે પ્રકારનો માણસ હોય. તેની સકળ પ્રકારની પ્રવૃત્તિ આનંદ અનુભવવા માટે હોય છે. પછી એ નીચી, મધ્યમ કે ઊંચી કક્ષાનો હોય. દરેક પ્રવૃત્તિ આનંદ માટે જ હોય છે, એ હકીકતની વાત છે. એ બધાનો અમર્યાદ તાગ માત્ર અનુભવી જ મેળવી શકે છે. જડ કે ચેતન બધાનો તાગ એ સમજણ દ્વારા મેળવી શકે છે.

વર્તમાનમાં હોવા છતાં ભૂત અને ભવિષ્ય એકસાથે અનુભવી શકે છે. એટલે એને કાળની સમગ્રતા છે, કારણ કે એક જ પળમાં અને એક જ સ્થિતિમાં બધું અનુભવે છે. આ બધું દ્વંદ્વાતીત અને ગુણાતીત થયા પછી જ અનુભવાય છે. વિપુલતાનો અનુભવ નિમિત્તને કારણે અનુભવીને થતો હોય છે. સ્થૂળ પદાર્થની વિપુલતા છે, પણ સૂક્ષ્મ ભાવાત્મક છે. આથી, સ્થૂળપણાને પણ અનુભવે છે. સ્થૂળની વિપુલતા પણ અનુભવે છે. પોતાની પાસે બધું જ છે એ રિયાલીટીથી (વાસ્તવિક રીતે) અનુભવે છે. આ મનુષ્ય શરીરની રચના છે. પોતાને કયા તત્ત્વથી આ બધો અનુભવ થાય છે એ મૂળ તત્ત્વને ખોળવા માટે જેને તલસાટ લાગેલો છે, તાલાવેલી લાગેલી છે-એવો જીવ જે એ તરફનો પ્રયત્ન કરતાં મૂળ તત્ત્વને અનુભવે છે, ત્યારે એની વિપુલતા એવા પ્રકારની થઈ જાય છે કે જેમાં ને તેમાં એ સમાયેલો છે. દરેક પદાર્થ-જડ કે ચેતનની વિપુલતા છે. કોઈ ને કોઈ કાળે એ અનુભવતો હોય છે. વિપુલતાના પ્રકારો પણ જુદા જુદા હોય છે. એની એક સમગ્રતા છે. એ

બધું અનુભવવા માટે મનુષ્ય શરીર લાયકાતવાળું છે. બીજું કોઈ શરીર લાયકાતવાળું નથી. એ અનુભવ થાય છે, ત્યારે બધું જ મળેલું લાગે છે.

'છે' પણાની સભાનતાથી આનંદ મળે છે, ટૂંકાણમાં કહીએ તો બધાનો હેતુ 'આનંદ' છે.

દુઃખમાં પણ આનંદનો અનુભવ કરે છે, દુઃખ વડે નહિ. પણ આત્માનો સ્વભાવ જ આનંદ છે. આ તો અનુભવીની વાત થઈ.

એવા પણ જીવો છે કે અપરંપાર દુઃખ હોય છતાં એ દુઃખથી રાચે છે. આપણને નવાઈ લાગે, પણ શક્ય છે ખરું. આ પતિયા જુઓ. એમના જીવનના એક્ઝીસ્ટન્સ(અસ્તિત્વ)નો આનંદ છે. જીવપ્રકારની વૃત્તિઓમાં પણ આનંદ છે.

મારો હેતુ એ છે કે જે કંઈ છે એ બધું આનંદ માટે છે. પણ માણસ આ સમજતો નથી. એ તો જે આવ્યું એમાં વહ્યા કરે છે. આ ગ્રહણ કરી લે તો આનંદને જ પકડી રાખે.

એકીકરણ
૮૦-૮૧

૪

તાદાત્મ્યના અનેક તબક્કામાંથી પસાર થઈએ છીએ. કેટકેટલાની સાથે તાદાત્મ્ય થઈએ છીએ. આપણને કારણ લાગે નહિ. આપણને કારણ સમજાય નહિ. હું હોઉં અને કોઈની સાથે તાદાત્મ્ય થઈ જઉં. પણ કારણ સમજાય નહિ. બીજાની સાથે તાદાત્મ્ય થઈ ગયો અને ભાન ન રહ્યું. એમ હું કહું ખરો. અને પરિસ્થિતિ આવે ત્યારે તાદાત્મ્ય ગુણમાં જાતિનું ભાન નથી રહેતું. જાતિનું ભાન જતું જ રહે છે. અસ્તિત્વ જ નથી. કોઈ સ્થિતિમાં એનું અસ્તિત્વ જ નથી. સામાન્ય લોકો તો એ જ જુએ. તાદાત્મ્યભાવ થાય ત્યારે બધામાં એકરસ જેવો. આ સ્ત્રી છે કે આ પુરુષ છે એવું કંઈ નહિ. બધું જ એકસરખું. બધું જ સમરસ જેવું. એટલે જાહેરમાં જો કોઈ તાદાત્મ્ય થઈ જાય તો સંતપુરુષો તાદાત્મ્ય થઈ જાય એમાં કંઈ નવાઈ નથી. ગમે તેની સાથે એ તાદાત્મ્ય થઈ જાય.

ગમે તેની સાથે તાદાત્મ્ય થાય છે તો આખી દુનિયાની સાથે કેમ તાદાત્મ્ય થતો નથી ? અને ગમે તે અમુક વ્યક્તિઓ સાથે જ કેમ તાદાત્મ્ય થાય છે ? એવા પ્રશ્નોમાં ઊતરીએ ત્યારે એમ થાય કે એ વ્યક્તિ સાથે આપણો કોઈ ઇનર-આંતરિક સંબંધ હશે. અનેક જન્મોનો સંબંધ હશે. કર્મને લીધે, એની સાથે એવો સંબંધ છે, કે એની સાથે તાદાત્મ્ય થઈએ. તાદાત્મ્ય થઈને આપણે કંઈ ભોગવવાનું નથી. પણ એ જીવને આ વહેણમાં લાવવાનો છે. ભગવાનના વહેણમાં લાવવાનો છે. એ સિવાય થાય નહિ. તાદાત્મ્ય થયા એટલે એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ પણ બદલાય છે, એટલે આ વહેણમાં ચાલવા માંડે.

આ માર્ગમાં તાદાત્મ્ય જ એક સરળમાં સરળ રસ્તો છે. એવા કોઈ સંતપુરુષના અનુભવમાં આવ્યા અને જો એ આપણી સાથે તાદાત્મ્ય થયો તો આપણું કામ જલદી પાક્યું, પણ એ ક્યારે તાદાત્મ્ય થાય અને ક્યારે તાદાત્મ્ય ના થાય એ કહેવાય નહિ. એ કાયદો એની પાસે છે. બીજાની પાસે નથી. એટલે એ ક્યારે થાય કે ના થાય, એ આપણે નક્કી ના કરી શકીએ. તેમ છતાં એની સાથેનો સમાગમ આપણા કલ્યાણ માટેનો છે, એ નિર્વિવાદ હકીકત છે. કોઈ રીતે એના વિશે શંકા ઉઠાવી શકાય એવી વાત નથી. એની સાથે સત્સંગ કરવાથી, હળવાથી, મળવાથી, ભળવાથી એની સેવા કરવાથી, એણે બતાવેલું કોઈ કામ કરવાથી પણ આપણું કલ્યાણ થાય છે, તે વાત સાચી છે.

તાદાત્મ્ય જ્યારે પ્રગટે, એટલે એને હરિ પ્રત્યક્ષ થયો છે એમ ગણાય. એટલે હરિનું જ લક્ષણ એનામાં છે, એમ ગણાય. એવા પુરુષો જૂજ હોય. જ્યાં ને ત્યાં હોતા નથી. કારણ એનો તાદાત્મ્યભાવ સમજી ના શકાય એવી જાતનો છે. એ હકીકત સ્વીકારવાની આપણી તૈયારી નથી. બીજી બધી તૈયારી છે. માણસ સાથે તાદાત્મ્ય થાય. ઊંટની સાથે થાય, ગાયની સાથે થાય, ઘોડાની સાથે થાય, ભેંસની સાથે થાય, વાઘની સાથે થાય, વરુની સાથે થાય, ડુક્કરની સાથે થાય, માણસની સાથે

થાય. એ બધાંની તૈયારી છે, પણ બૈરાંની સાથે તાદાત્મ્ય થાય એ સ્વીકારવાની તૈયારી આપણા સમાજની નથી. છતાં એ કંઈ સમાજની તમા કરતો નથી. એ કંઈ સમાજને માટે જીવતો નથી. એ તો જીવે છે ભગવાનને માટે. તો એવો સમાગમ થાય. એવું નિમિત્ત આવે ત્યારે તે સ્ત્રીઓ સાથે સંપૂર્ણપણે તાદાત્મ્ય થઈ જાય છે. ત્યારે એ સ્થિતિ સ્વીકારવાની તૈયારી આપણી-સમાજની હોતી નથી. ત્યારે એ સમાજની દરકાર કરવાવાળો હોતો નથી. એટલે એ વખતે એવા માણસોને આપણે પિછાનવા, કદર કરવી એ આપણા માટે શક્ય નથી હોતું. અશક્ય હોય છે. આપણે કદી પણ એને સ્વીકારી નહિ શકીએ. એવા ઘણા કિસ્સા મેં જોયા છે. તાદાત્મ્યની એક પરીક્ષા. કોઈનામાં એ તાદાત્મ્ય થયો અને આપણને દર્શન થઈ જાય. એ કરાવે નહિ. તમે કહો કે આ કરી બતાવો, તો એ નહિ થાય. એક નિમિત્ત એને મળ્યું તો જ એ કરે. અને તે વખતે જો આપણે સજાગ હોઈએ, તો જોઈ શકીએ કે આ થયું. આ માણસ આવું ના કરી શકે તે તાદાત્મ્યને લીધે આવું કરી શક્યો. આ માણસને માટે આ અશક્ય. તે આ કરી શક્યો. એની ચોપડી પણ મેં લખી છે. 'હરિજન સંતો'માં એક વાત આવે છે. એ વાત પણ સાચી છે કે તાદાત્મ્ય જ્યારે આવે છે અને ભગવાનનો ગુણ આપણામાં પ્રવેશે છે, ત્યારે આપણે નથી હોતાં. ત્યારે આપણા રૂપરંગ-એવા ને એવા જ-કે આ જ ચૂનીલાલ ભગત છે. બીજા જુએ તોપણ એમ જ કહે. પણ જ્યારે એનામાં તાદાત્મ્યનો ગુણ પ્રગટ્યો હોય ત્યારે એ બધી સીમા વટાવી જાય એવો ગુણ તેનામાં આવે છે.

અનુભવ આવ્યા સિવાય ભાવાતીત કે ગુણાતીતની તમને શી રીતે ખબર પડે ? તાદાત્મ્યના ગુણધર્મ તે ગુણાતીતના ગુણધર્મ છે. ગુણાતીત તમે થયા હોવ તો જ તમને તાદાત્મ્ય આવી શકે. એ એનું સાયન્સ છે. એ એવાં કર્મ કરે જે સામાન્ય માણસની શક્તિ બહારનાં હોય, એટલે પેલો તો અંદર જે આવો તાદાત્મ્યવાળો થયો છે, તેનામાં બુઢ્ઢાપણું નથી. તેની

બુદ્ધિ કંઈ વાણિયાના ઘેર વેચાતી નથી મૂકી આવ્યો હોતો. એની બુદ્ધિ ઊંચી જાતની હોય છે. એની સ્થિતિમાં સાક્ષિત્વનો ગુણ છે. સાક્ષિત્વના ગુણને લીધે એ જાણે કે આમ કે આમ, કે આવું કે આવું છે. અને પોતાની સ્થિતિ પણ સમજે છે. પોતે શું કરે છે, તે પણ સમજે છે. કયા ગુણધર્મથી, કયા હેતુથી પોતે કરે છે. તે પણ સમજે છે. એ પાછું પોતાને કશું લાગતું વળગતું નથી એ પણ સમજે છે અને પોતે જુએ છે ખરો, પણ આ લાગતું વળગતું કશું નથી.

જ્યારે તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટે છે ત્યારે બધા જ ઈશ્વરી ગુણો એનામાં આવે છે. પછી જ અનુભવ. બીજો કોઈ અનુભવ નહિ. એ જ અનુભવ. એટલે પછી સાક્ષાત્ પોતે ઈશ્વર જ- બીજું કોઈ નહિ-ભલેને શરીરધારી હોય ! જેનામાં ઈશ્વરના જેવા બધા ગુણો છે, એવો શરીરધારી બધું જાણી શકે છે, કારણ કે એનામાં આત્માના ગુણ પ્રકાશેલા છે. એટલે આત્મા હંમેશાં આકાશમાં હોય. આકાશ એનામાં મોખરે હોય છે. એટલે આકાશ ગમે ત્યાં જઈ શકે છે. ગમે ત્યાં હાજર થઈ શકે છે. એવા દાખલાઓ છે. લોકો એને ગપ્પાં માને. સાચી હકીકત જાણે નહિ. મેં પ્રત્યક્ષ જોયેલું છે, અનુભવેલું છે. આવું લોકો માને ખરા, પણ એવા તો ગણ્યાંગાંઠ્યાં લોકો હોય. એમના અભિપ્રાયને કોણ ટેકો આપે ? આવી બાબતમાં કોઈ ટેકો ના આપે. પણ હોય છે ખરા. આવા ગુણાતીત થયેલા, શરીર ના હોવા છતાં પાસે આવે. આ સિવાય આવી દશા ના આવે. તાદાત્મ્યભાવની સ્થિતિ, ગુણાતીત થયા સિવાય કદી આવે જ નહિ. અશક્ય વાત.

ગુણાતીત થાય ત્યાર પછી જ એ સ્થિતિ આવે. એમ ને એમ ના આવે. જ્યારે એવી દશા થાય ત્યારે એ ગમે ત્યાં જઈ શકે. એટલે નિમિત્ત હોય ત્યાં જઈ શકે. હું અહીં બેઠો હોઉં, અને નંદુભાઈ પાસે મારું નિમિત્ત હોય તો હું નંદુભાઈ પાસે જઈ શકું. પણ પેલો કાચો પોચો હોય તો એને સ્વીકારશે નહિ. એ એને સમજે નહિ. સમજે નહિ એટલે કાચો પડી

જાય. ભગવાન કામ કરવા આવે છે. પણ પેલો તૈયાર નથી, ત્યારે ભગવાન શું કરે ? કામ ના થાય. એટલે ભગવાનનો સ્વીકાર કરવા માટે આપણો આધાર તૈયાર જોઈએ ! આપણો આધાર તૈયાર ના હોય તો ભગવાન હોય તોપણ આપણું કશું દળદર ફીટે નહિ, એ વાત ચોક્કસ.

તાદાત્મ્ય ગુણધર્મ સ્વયં પ્રગટે છે. આપણે સાધના કરતાં કરતાં, એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં, બીજીમાંથી ત્રીજી સ્થિતિમાં, ત્રીજી સ્થિતિમાંથી ચોથી સ્થિતિમાં એમ કરતાં કરતાં તાદાત્મ્યના ગુણધર્મમાં આવીએ છીએ. અને તાદાત્મ્યના ગુણધર્મમાં આવીએ ત્યારે એકદમ ખીલેલો એ નથી હોતો. પણ ધીરે ધીરે થાય છે. જેમ આપણે પાઠ ભણવા હોય તો પહેલા એકડિયામાં, પછી પહેલું ધોરણ, બીજું ધોરણ, ત્રીજું ધોરણ...સાતમું ધોરણ એમ હોય છે. એમ આ તાદાત્મ્યમાં પહેલાં એકદમ ખુલ્લાપણું હોતું નથી. એવું એકદમ થતું નથી. માણસ એ તત્ત્વને ઝીલી ના શકે. એ એટલું બધું જબ્બર તત્ત્વ છે. જેમ પહેલું ધોરણ ભણતો હોય એને સાતમા ધોરણનું કંઈ ના આવડે. એવી રીતે તાદાત્મ્ય ધર્મમાં એ જ્યારે પ્રવેશે ત્યારે એને બધું જ્ઞાન ખુલ્લું થઈ જતું નથી. ધીરે ધીરે એ થાય છે. એનો આખો ક્રમ હું જાણતો નથી.

હું તો મારા અનુભવની વાત કહું છું. પહેલાં નાનાં નાનાં અળસિયાં હોય, દેડકાં હોય, તેની સાથે એ તાદાત્મ્ય થાય છે. એમ કરતાં કરતાં, ધીરે ધીરે આગળ જવાય. આમાં આપણી માનસિક તૈયારી બહુ જ જબરજસ્ત હોય તો આપણે છઆઠ મહિનામાં તૈયાર થઈએ. પછી માણસની સાથે તાદાત્મ્ય થઈએ. એ સ્થિતિ ઊંચી ગણાય. એના કરતાં પણ બીજી સ્થિતિ ઊંચી છે જે દેખાતી નથી. જેને દેવ ગણીએ, રાક્ષસો ગણીએ અથવા તો અસુરો ગણીએ, એવી વ્યક્તિઓ સાથે તાદાત્મ્ય થઈએ. આપણી દુનિયાના વાતાવરણમાં દેવ અને અસુર બન્ને તત્ત્વો છે. જ્યારે તાદાત્મ્ય કેળવાય છે, ત્યાં એમના સંપર્કમાં પણ એ લોકો કામ કરતા હોય છે. અને અસુરો સાથે એને બહુ

સાવચેતીથી કામ કરવું પડે છે. અસુરોની અને એની આખી પ્રકૃતિ જુદી. એ આખી પ્રકૃતિ ફેરવીને તેને ભગવાનની પ્રકૃતિમાં લાવવું, તે બહુ અઘરામાં અઘરું કામ છે. જે સદ્ભાવી જીવ છે તે જ કરી શકશે. મહાપાપીમાં મહાપાપી, દુષ્ટમાં દુષ્ટ જે જીવ હશે તેને પલટાવવો, એ તેને માટે અઘરામાં અઘરું કામ છે. આકાશમાં પણ આવા જે જીવો છે-દેવ અને અસુરો-તે પણ તેના સંપર્કમાં આવે છે અને એકીસાથે અનેક ઠેકાણે કામ કરતો હોય છે. એ આપણા મગજમાં ના બેસે, પણ આકાશતત્ત્વ છે એ આકાશવ્યાપી તત્ત્વ સર્વત્ર છે અને આ જે તાદાત્મ્ય ગુણધર્મવાળો જે જીવ છે તે ગુણાતીત છે અને ગુણાતીત છે એને જ આ ગુણ છે. એ ગુણોના તાબામાં નથી. એવી સ્થિતિ જે થઈ ગઈ હોય છે. જ્યાં સુધી એ ગુણમાં છે, ત્યાં સુધી એ આ પૃથ્વીના વાતાવરણને વળગી રહેવાનો. એનાથી બહાર એ જઈ શકશે નહિ. એને માટે અશક્ય પણ જ્યારે એ ગુણાતીત થાય છે, ત્યાર પછી જ એનામાં આ તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટે છે અને એ ખીલ્યા પછી જ, દુનિયાના વાતાવરણની બહાર જવું પડે છે. ત્યારે એ તાદાત્મ્ય ગુણ એકલો નથી જઈ શકતો, કારણ કે તાદાત્મ્ય જાય તો પેલો એક થઈ જાય. એક થઈ જાય છે, પણ એના ગુણધર્મને જાણવાને માટે બુદ્ધિ જોઈએ છે. માટે એની જોડે બુદ્ધિ હોય છે, કારણ કે સાક્ષીભાવની સાથે બુદ્ધિ સંકળાયેલી છે. બુદ્ધિ ત્યાં જાય, એટલે બુદ્ધિને લીધે બધું જાણે છે. તાદાત્મ્ય સાથે એક થઈ જાય. એક થઈ જાય એટલે જે જાણવાનું છે, તે બુદ્ધિ જાણે છે. એ કામ એવું કે બહાર નીકળે એટલે એના બધા ગુણધર્મો બુદ્ધિ વર્ણવે છે. તદ્રૂપ ૧૪૨-૧૪૯

૫

કેટલીક વખત સંપૂર્ણ સ્ટૅબિલાઈઝ (સ્થિર) થવું હોય ત્યારે એવી સ્થિતિમાં રહેવું પડે. એવી શબવત્ સ્થિતિમાં કંઈ કશું એને સ્પર્શે નહિ. ચેતનતત્ત્વનું જે સ્ટૅબિલાઈઝ થવાપણું છે-રોમેરોમમાં અને બધાં કરણોમાં-એ માટે એને સારામાં સારો અવકાશ મળે છે.

બીજું એ છે કે બાળવત્‌માં એ સંપૂર્ણ નિર્દોષ છે અને સંકોચ માત્ર નીકળી ગયા છે. એને કંઈ કશું માગતાં-કરતાં કશો સંકોચ રહેતો નથી. અને પોતાને એવું હોતું નથી કે 'હું બાળક જેવો થાઉં.' પણ એનું વર્તન એવા પ્રકારનું છે. કેમ કે સર્વ પ્રકારે નિરાગ્રહી અને નિઃસંકોચ છે, અનાસક્ત છે. એ જેમ તેમ વર્તે છે.

કોઈક વખત ગમે તેમ ગાળ પણ દઈ દે ત્યારે એને પિશાચ જેવો ગણે.

હંસ જેમ દૂધપાણી છૂટાં પાડીને દૂધ પી જાય, એવો સંપૂર્ણ વિવેકથી વર્તે. જેનું તેનું પૃથક્કરણ કરી શકે તે હંસવત્‌ કહેવાય.

આ ચારે પ્રકારની સ્થિતિ જુદા જુદા કાળે અનુભવાતી હોય છે.

'હું આ છું' એમ જે કહે છે તે બધાંની સાથે તાદાત્મ્ય થયેલો હોય છે. અનુભવીને જ્યાં જ્યાં નિમિત્ત છે ત્યાં ત્યાં એ 'તે' રૂપ (તદ્રૂપ) છે. 'હું સાંઈબાબા છું', 'હું અક્કલકોટનો સ્વામી છું'-આ 'છે' 'તે' છે-એમ બધું બોલે-તે ખરી રીતે તેવા ન હોય પણ એમની સાથે નિમિત્ત એવા પ્રકારનું કે એ પ્રકારના એનામાં ગુણદોષ આવે છે. તો કહે, 'ગુણ આવે અને દોષ પણ આવે ?' આવે ખરા. પણ એને કશું લાગેવળગે નહિ. એ એના જેવો દેખાય ખરો. દા.ત., ગાંડા જેવું વર્તન કરે પણ એ ગાંડો નથી. એ તો ઉપરથી એવું વર્તન કરતો લાગે. અંદર તો શાંત અને પૂરેપૂરો યોગ્યતાવાળો હોય.

આવા જે મહાન પુરુષો છે, તેમને જેમની સાથે નિમિત્ત હોય ત્યારે એ બધું કહે, એનો અર્થ આપણે એમ સમજવાનો કે આ જે અનુભવી છે, એનું નિમિત્ત આ નામધારી મહાત્મા સાથે છે. એ નિમિત્તના પ્રકારમાં છે. માટે આમ બોલે છે. દેહરૂપે ન હોય. પણ 'અસલ સ્વરૂપ' રૂપે એ ત્યારે ભાવ આવેલો હોય. એનું બરોબર વર્ણન 'ગીતા'માં છે.

એકીકરણ
૮૮-૮૯

અનુભવી જ્યારે બીજાને દર્શન દે ત્યારે એ પૃથ્વીતત્ત્વ ત્યાંથી ગ્રહણ કરે. કોઈક એને માટેનો પ્રેમવાળો હોય અને

એની ઇચ્છા ન હોય તોય એને એવાં દર્શન થાય છે. રામકૃષ્ણ પરમહંસ કે રમણ મહર્ષિએ શરીર છોડી દીધેલું પછી પણ એમનાં દર્શન થયેલાં છે. ત્યારે પેલાને કંઈ પણ ઇચ્છા ન હોય તોપણ એની સાથે એવું નિમિત્ત હોવાથી પેલાને દર્શન આપે છે. તે વખતે દર્શન આપે. પેલાને શરીર દેખાય. ત્યારે અહીંથી શરીર લઈ જઈ શકાતું નથી. જળ અને પૃથ્વીતત્ત્વમાં ભાર રહ્યો એટલે એ ઊડી શકે નહિ. આવું કહ્યું ત્યારે એક જણે સામે પ્રશ્ન કરેલો કે 'એવું તે બનતું હશે ?' મેં કહ્યું, 'આ પ્રેત ગમે તે થઈ શકે છે-જો પ્રેતમાં એટલી શક્તિ છે તો અનુભવી કેમ ન થઈ શકે ? વિચાર તો કરો.' આવી શક્તિ સાબિત કરી શકાય નહિ. આપણા શરીરમાં પાંચ તત્ત્વો છે એ સાબિત કરી શકાતાં નથી એ તો હકીકત છે. હવામાં ઑક્સિજન અને નાઇટ્રોજન બધું છે. જુદા જુદા પ્રકારના વાયુઓ છે એ વિજ્ઞાનીઓએ સાબિત કરેલી હકીકત છે એ તમારે માનવી રહી. એ પ્રમાણે તમારે આ વાત માનવી રહી. મારો કંઈ એવો હક્ક નથી કે તમે માનો જ. જોડ ૩૮

અનુભવીની કેટલીક દશા તો એવી છે કે જેમાં તે પથ્થર જેવો પડી રહેલો પણ વર્તાય. કેટલીક વખત તો શિશુ જેવું પણ વર્તન હોય, પરંતુ તેના શરીરની ઉંમર ઘણી મોટી હોય એટલે તેને શિશુ તરીકે માની જ ન શકે અને સ્વીકારી પણ ન લે. કેટલીક વખત કોઈક અનુભવી કોઈક કારણને પરિબળે ઉન્મત્ત જેવું પણ વર્તે. અને કોઈક તો હંસ જેવું પણ વર્તન કરે. મેં કોઈક એકાદ એવાને પિશાચ જેવું વર્તન કરતા જોયા છે, પણ એમની અનુભવની કોટિ કશાની સાથે સરખામણી ન થઈ શકે એવા પ્રકારની હતી. આ હકીકત કોઈ માન્યતાની સમજણથી લખતો નથી, પરંતુ મને તેનો તેવો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. આમ, અનુભવી માત્ર આમ જ વર્તે કે તેમ જ વર્તે તેવા ખાસ કોઈ નિશ્ચિત પ્રકારનાં ધારાધોરણમાં તે અનુભવી બંધાયેલો હોતો નથી. અનુભવીમાં ખુમારી તો વર્તાય જ. હરહંમેશ ભલે તે ન હોય, પણ કોઈ પ્રસંગે તે વર્તાયા વિના ન રહે. ખુમારી

તો અનુભવના બિરુદ જેવી છે. ખબરદારી, ટટારી અને મસ્તી એ પણ એના જીવનમાં તેવાં તેવાં નિમિત્તમાં જીવતાંજાગતાં, ચેતનાત્મકપણે, પ્રગટ થયેલાં વર્તાતાં હોય છે જ. જીવદશાની કક્ષાની ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ તે કદી પણ ડગી જતો હોતો નથી. તેનું મસ્તક સદાયે ઉન્નત રહે છે.

પ્રયોગ વિના સાચી વસ્તુ પારખી ન શકાય. શ્રીહરિકૃપાથી સાધનાભ્યાસના ગાળામાં પ્રગટ થતી જતી ભાવનાને ચકાસવા માટે પ્રયોગો પણ થતા. અને એવી કસોટીમાંથી અને પરીક્ષામાંથી શ્રીહરિકૃપાથી પસાર થવાતાં, એની એવી ધન્યતાની પ્રસાદીનો મસ્ત આનંદ કેટલીય વાર અનુભવ્યો છે.

સૌરભ
૧૬-૧૭

૬

શ્રીપ્રભુકૃપાથી આ જીવે આ પ્રકારનો વેશ ધારણ કરેલો છે, અને એને કેટલાય એવા જીવો મળેલા છે. જેને ભગવાનને અનુભવવાને માટે જ્વાળાગ્નિ કંઈ પ્રગટેલો નથી, એવા અડૂકિયાદડૂકિયા જીવોએ આ જીવનું જે મૂલ્યાંકન કર્યું છે, તેનો મને ખ્યાલ છે. પ્રભુકૃપાથી તેવા દરેક જીવને એણે ચાહ્યા જ કરવાનું કરેલું છે. એમનાં કરેલાં મૂલ્યાંકનો સામે જો જોવાનું કર્યું હોત, તો તો કદાપિ એવાનો સંગ અને સાથ ટક્યો જ ન હોત, પરંતુ મારે તો શ્રીપ્રભુકૃપાથી મળેલાંમાં પ્રવેશવું છે અને એ પ્રવેશ તો પ્રકૃતિ દ્વારા જ થઈ શકે. તેથી, મળેલા સામા જીવનો પ્રેમભક્તિપૂર્વકનો જ્ઞાનાત્મક સહકાર જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી કંઈ કશું કામ (જ્ઞાનનું), કંઈ પણ થઈ શકવાની યોગ્ય શક્યતા પ્રગટી શકતી નથી. આવી સ્થિતિ હોવા છતાં ચેતનાનિષ્ઠ આત્મા એથી કંઈ હારી જતો નથી. મળેલા જીવોમાં પેલા ચેતનાનિષ્ઠનો સંકલ્પ વારેવારે પછડાઈને પાછો ફરતો હોય છે. એવી એક વારંવારની પ્રક્રિયાને કારણે પેલા ચેતના-નિષ્ઠની સાથે પેલા જીવપ્રકારના શરીરવાળા જીવનો સંબંધ કાયમનો થઈ જતો હોય છે. તેથી પેલા જીવને ભલેને કેટલાયે જન્મ થાય, તેમ છતાં પેલા ચેતનાનિષ્ઠનો તેના શરીરના

મનાદિમાં પડેલો સંકલ્પ, પેલાના જુદા જુદા હયાત શરીરના વખતે તેનાં મનાદિમાં ઝબકારા મારતો હોય છે, અને અંતે તો તેને ચેતનાના પ્રવાહમાં ઘસડી ગયા વિના તે સંકલ્પ રહેવાનો નથી, તે પણ એક અનુભવના પ્રદેશની હકીકત છે, તેમ છતાં એવાને મળેલા જીવો જો ખરેખરો સહકાર આપે તો આ જીવનમાં પણ તેવા જીવો એવા પ્રયોગાત્મક અનુભવ કરે તો તેમને જે મળશે તે જીવ પ્રકારના મળતર કરતાં અનોખા પ્રદેશની હકીકત હશે. શ્રીપ્રભુકૃપાથી મને મારા સદ્‌ગુરુના પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકના સેવનથી ઉપલી હકીકત સમજાઈ છે.

ચેતનાનિષ્ઠમાં જ્યારે મહત્ત્વે અને મોખરે આકાશતત્ત્વ હોય છે, ત્યારે આકાશતત્ત્વ સહજપણે વિસ્તારની ગતિમાં જ હોય છે. આકાશ સર્વત્ર બધે ઠેકાણે પ્રવર્તેલ છે. ચેતનાનિષ્ઠની શ્રાવ્યશક્તિ અને દૃષ્ટિશક્તિ તથા એનું એવું બધું સતત વિસ્તારની ગતિશીલતામાં જ પ્રવર્તેલું અને જીવતુંજાગતું હોય છે. આ હકીકત સામાન્ય વર્ગની બુદ્ધિ સ્વીકારી તો નહિ શકે, પરંતુ મારા પોતાના અનુભવની હકીકત છે. મને લાગે છે, ત્યાં સુધી છાતીએ હાથ મૂકીને ઠોકીને કહી શકું છું કે ભ્રમણાથી હું કદી દોરવાઈ જઉં એમ નથી. આત્યંતિક સત્યને સ્વીકારી લેવાય એવી ભૂમિકા જ્યારે થાય છે, ત્યારે જ સત્યને તે રીતે સ્વીકારાતું હોય છે. શ્રીસદ્‌ગુરુ એમના પોતાના સ્થાને હોવા છતાં એમનાં ત્રણ વાર મને દર્શન થયેલાં છે અને વાતો પણ થયેલી છે. સાધનાનાં પ્રશ્નો, ગૂંચો ઉકેલાયાં છે. એમણે મને કેટલીક નવી ટેક્નિક પણ બતાવેલી છે. ગુરુ ૩૫-૩૬

૭

એક વખતે કરાંચીથી સાબરમતી આશ્રમમાં પાછો આવ્યો અને સને ૧૯૪૦ના જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બરનો અડધોએક માસ ત્યાં (સાબરમતીમાં) રહેવાનું બન્યું હતું. પાછું મારે કરાંચી જવાનું હતું. ક્યારે જવું તે નક્કી થયેલું ન હતું, પરંતુ ઓચિંતું એક દિવસે ટપાલીએ આવીને મારા હાથમાં

રજિસ્ટર્ડ પાકીટ મૂક્યું, તો તેમાંથી રૂપિયા સાઠની નોટો નીકળી અને ઉર્દૂ લિપિમાં જે લખ્યું હતું તે તમે (હેમંતભાઈ) જ શ્રી કુરેશી સાહેબ પાસે જઈને વંચાવી આવ્યા હતા. લખાણમાં એમ હતું કે 'તારે તારા જન્મદિવસે જ કરાંચી જવું અને તે પણ ઊડીને જ જવું એવો હુકમ છે.' ચાર સીટનું એક નાનકડું વિમાન ત્યારે જતું. તેમાં ટિકિટ મળવી બહુ મુશ્કેલ હતી. શરૂ શરૂમાં તો ટિકિટ નહિ મળી શકે એવું જ લાગ્યું. બેત્રણ વાર તપાસ કરતાં ટિકિટ તો મળી અને તે દિવસે 'હવાઈ જહાજ'માં બેસીને 'પૈદાઈશ કે દિન' મુસાફરી કરી.

વિમાનમાં બેસવાનો તે બધો કાળ કોઈ ન વર્ણવી શકાય એવી અગમ ધ્યાનાવસ્થામાં જ પસાર થયા કર્યો હતો. વિમાનમાં જવાની મારા જેવાને તો કલ્પના પણ ક્યાંથી ઊગી શકે ? મારી પાસે આર્થિક સ્થિતિની તેવી શક્યતા પણ નથી. અને તમારા જેવા કે ભાઈ નંદલાલ જેવા ખાસ કારણ વિના વિમાનની સહેલગાહ મને કરાવે એવી વિચારસરણી પણ તમારામાંથી કોઈની ત્યારે ન હતી. અને આવી રકમ ઓચિંતી આપમેળે ક્યાંકથી આવી પડી ! વળી, તેની સાથે ઉર્દૂનું લખાણ લખેલું હતું. તે તમે શ્રી કુરેશી સાહેબ પાસે વંચાવી પણ આવ્યા હતા. આવા તાજુબીભરેલા બનેલા પ્રસંગથી કોઈકને શંકા અને સંશય પણ પેદા થયાં હતાં. મારી પાસે એવી કોઈ રકમ ન હતી, કે જે હું ટપાલમાં ભરીને મોકલાવી શકું. ઉર્દૂ લખાણ લખેલું તે તો કોઈ એમ માને કે ધારો કે કોઈકની પાસે લખાવ્યું હોય, પરંતુ તે દિવસોમાં હું ક્યાંયે બહાર નીકળતો નહિ, તેની તમને સારી પેઠે ખબર છે. ક્યાંય પણ શહેરમાં ગયા વિના અમદાવાદની ભદ્રની સેશન્સ કોર્ટની પોસ્ટ ઑફિસની છાપ તે રકમવાળા પાકીટ પર હતી. મારે અમુક દિવસે જ કરાંચી જવું, તેનું કશું અગાઉથી નક્કી થયેલું પણ ન હતું. એટલે તેવી પ્રેરણા અને તે માટેની રકમ આભમાંથી મારે માટે પડી.

મારા જીવનના આવા કેટલાક બીજા પણ પ્રસંગો છે. એની હારમાળા મારે તમને લખવી નથી. ઇંદ્રિયાતીતપણાના પણ પ્રસંગો પ્રભુકૃપાથી પ્રગટેલા છે.

એવાં એવાં લક્ષણો જેના જીવનમાં પ્રગટેલાં છે તે સાચો સદ્ગુરુ છે એવું જીવતુંજાગતું પ્રમાણ આપણને મળી આવે છે, અને એવા પ્રકારનો માપદંડ (જીવન માપવાનું થરમૉમિટર) અને તેવા પ્રકારના પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે, તેના પરત્વેનું જો મળેલાં સ્વજનમાં પ્રેમભક્તિજ્ઞાનયુક્ત મહત્ત્વ પ્રગટે તો તેવા સદ્ગુરુમાં આપણું દિલ પરોવાઈ રહે ખરું. દર્શન ૯૧-૯૩

૮

ધ્યાનનો ચમત્કાર કહો કે ધ્યાનમાંથી પ્રકાશ પામતો સંકલ્પ કેવા પ્રકારનો આકાર લે છે તેનો એક પ્રસંગ કહો, તેવો એક મારા જીવનનો ખરો બની ગયેલો દાખલો તમને ટાંકું.

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એક બંગલો ભાડે લઈને એ બે બહેનો સાથે મારે રહેવાનું બનેલું. સામાન્યપણે તો તેઓ ઘરેણાં બહુ ઓછાં પહેરતાં. એક વખત બન્ને બહેનોએ બહાર ફરી આવીને તેમની પાસે જે કંઈ ઘરેણું હતું તે બધું મને આપી દીધું. અને મેં મૂર્ખાએ તે બધું મારા પહેરણનાં ગજવામાં મૂક્યું. થોડાક કલાક પછી એ બે બહેનોની સાથે અમારે વિશ્વનાથના પ્રખ્યાત મંદિરમાં મહાદેવનાં દર્શને જવાનું થયું. ત્યાં અમે ધક્કામુક્કીમાંથી પસાર થઈ મંદિરના ગર્ભદ્વારે જઈ પ્રેમભાવે દર્શન કર્યાં અને ત્યાં એટલી તો મધુર ભાવે શરણાઈ વાગતી હતી કે તે સાંભળવાને પણ રોકાયાં. તે પછીથી અમે અમારે મુકામે હિંદુ યુનિવર્સિટીમાં પાછાં આવ્યાં.

બીજે દિવસે અમારે ગંગા નદીમાં નૌકાવિહારને અર્થે જવાનું હતું, એટલે બહેને મને કહ્યું કે 'તમારાં કપડાં બધાં બદલો.' બધાં કપડાં મેં બદલ્યાં અને પહેરેલા પહેરણનાં ગજવામાંથી જે તે બધું નવા પહેરણનાં ગજવામાં મૂકવા માટે જૂના પહેરણનાં ગજવાં ફંફોસવા માંડ્યાં, તે વેળાએ જ માલૂમ પડ્યું કે મારા પહેરણનું ગજવું કપાઈ ગયું છે અને તેમાંથી પેલાં મૂકવાં આપેલાં ઘરેણાં પણ ચોરાઈ ગયાં છે ! મને તો એમ થયું કે 'મારે ભરોંસે જે કંઈ મૂક્યું, તેની સહીસલામતી

અને તેની જવાબદારી મારી પોતાની જરૂર ગણાય.' એ જવાબદારીનું ભાન મને ત્યારે બહુ તીવ્રતમ પ્રગટેલું. બહેનને તે હકીકત જણાવતાં એણે તો તેને નજીવી જેવી ગણીને જરાકે મહત્ત્વ આપ્યું નહિ. તે તેને માટે તો ઘણું ઘણું ઉત્તમ ગણાય. જોકે મને મનમાં તેની ચણચણાટી તો થતી ન હતી, પરંતુ કોઈએ મારામાં મૂકેલી જવાબદારીને હું પ્રેમથી વફાદાર ન રહી શક્યો, એનું મને દુઃખ અને દર્દ હતું.

તે પછી તો અમે ગંગામાતાના પુનિત પ્રવાહમાં નૌકા-વિહારને માટે ગયાં. નૌકામાં બહેનનાં એક સખીએ મુગ્ધ કરી દે એવા ભાવથી કેટલાંક ભજનો ગાયાં. ભજનો સાંભળતાં સાંભળતાં મને પણ દિલમાં ભાવાવેશ પ્રગટ્યો, અને મારી શરીરની સ્થિતિ બાહ્ય ભાનરહિત થઈ ગઈ.

પરંતુ તેવું પ્રગટવાની સ્થિતિ પહેલાં, પેલાં ઘરેણાંને માટે 'કોણે ગજવું કાપ્યું હશે ?' અને 'મારી જવાબદારી હું બરાબર રીતે અદા ન કરી શક્યો,' તે દર્દનો વિચાર ઊડતો ઊડતો સ્ફુરી ગયેલો ખરો. તેવા ભાવાવસ્થાના ધ્યાનના પ્રકારમાં ઊંડું જવાતાં જવાતાં ત્યાં જે એક દૃશ્યનો અનુભવ થયો તે તો અદ્‌ભુત અને રોમાંચકારી છે. વિશ્વનાથના મંદિરમાં કોણે કેવી રીતે ગજવું કાપ્યું, તે દૃશ્ય પણ આબેહૂબ દેખાયું. તે વેળાએ ધ્યાનની ધ્યાનસ્થ દશામાં પણ તે ચોરનાર જીવને મારાથી કહેવાઈ ગયું કે 'અલ્યા, આ ઘરેણાં મારાં નથી, મને કોઈકે મૂકવા આપેલાં છે, અને હું તો ગરીબ માણસ છું અને હું ભરપાઈ કરી શકું તેમ નથી. આ મિલકત તારાથી જીરવી નહિ શકાય. તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક અમુક ઠેકાણે છે.' સવારે પરીક્ષાનો ટાઈમ હોવાથી અડધોપોણો કલાક હિંદુ યુનિવર્સિટીના અમુક સ્થળે હોઉં છું અને રહેવાનું મકાન પણ અમુક સ્થળે છે, તે બધું મેં તેને વર્ણવી બતાવ્યું. આ બધું જ ધ્યાનસ્થ અવસ્થામાં બનેલું, તે એટલું બધું તો તાદૃશ્ય હતું અને તેની ઘેરી અસર દિલ પર એવી તો ભારે પડી ચૂકેલી કે તે હકીકત જાણે પ્રત્યક્ષ નજરોનજર થયા કરતી

હોય એવા પ્રકારના અનુભવનો ઉઠાવ જાગ્રત થયેલો. એવી ધ્યાનસ્થ અવસ્થા આખાયે નૌકાવિહાર દરમિયાન રહ્યા કરી હતી. એવી અવસ્થાથી અમારી નાની બહેન તો મારા પર ખૂબ ચિડાતી. તેને આવું ન રુચે તે સ્વાભાવિક હતું. નૌકા ઓવારાને સ્પર્શી ત્યારે જેમ તેમ કરીને મને ભાનમાં આણવાનું મોટી બહેન કરી શકી, તે પછી અમે પાછાં હિંદુ યુનિવર્સિટીના અમારા મકાનમાં ઘેર આવી ગયાં.

બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાતી હતી, ત્યાં અમે ઉપરના માળે હતાં. મોટી બહેન તો તેના પરીક્ષા હૉલમાં હતી અને હું તથા બહેનની એક સખી બહારના વરંડામાં ઊભાં હતાં. તે વેળા સામેથી વેગળેથી એક માણસ હાંફતો હાંફતો, દોડતો દોડતો આવતો હતો અને મને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો.

મારી સાથેની બહેને મારું લક્ષ તે પરત્વે દોર્યું. મને તે દોડી આવનાર ભાઈએ બૂમ પાડીને જણાવ્યું કે ‘ભાઈ સાહેબ, કૃપા કરીને નીચે ઊતરો.’ હું નીચે ગયો અને તેને મળ્યો. તેણે મને કહ્યું કે ‘આ તમારાં ઘરેણાં પાછાં લઈ લો. હું તો આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી આ અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. માટે, કૃપા કરીને તે મટી જાય એવું કરો.’

ઘરેણાં મળી જવાથી પ્રભુની કૃપાનો કેવો ચમત્કાર બન્યો તે અનુભવીને મારું હૈયું તો ભાવથી ગદ્‌ગદ થઈ ગયું, એટલે તેના બોલવાનું તો મને કશું ભાન રહ્યું ન હતું. મને ઘરેણાં મળી જવાથી એટલી બધી તો હા...શ પ્રગટી અને એવો તો નિરાંતનો અનુભવ પ્રગટ્યો કે જેનું વર્ણન તમને લખી શકું, એટલે કે ભાષામાં ઉતારી શકું, એવું મારી કલમમાં જોર નથી. એવો કવિ પણ હું નથી. વળી પાછું પેલા માણસે કાલાવાલા કરી કરી, કરગરી કરગરીને, મને પગે પડીને કહ્યું કે ‘ભાઈ સાહેબ, મારો આ પ્રચંડ દાહ મટાડી દો,’ મેં તેને કહ્યું કે ‘ભાઈ, આ તો મારા ભગવાનની કરામત છે. પણ તું કેવી રીતે પારખી શક્યો કે આ ઘરેણાંનો માલિક હું પોતે છું?’ ત્યારે

તેણે કહ્યું કે 'ગઈ કાલની સમી સાંજ પછીથી મને ઓચિંતો એવો આખા શરીરે પ્રચંડ દાહ પ્રગટેલો છે કે તે સહ્યો જતો નથી. આ આખા સમય દરમિયાન મને તમારા શરીરની આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ પ્રત્યક્ષ તર્યા કરતી, અને તમે ક્યાં રહો છો તે મકાનની જગાની ખરેખરી રીતે તેના અમુક ચોક્કસ સ્થળની પણ મને ખબર પડી હતી, અને સવારના તમે ક્યાં હશો, તે પણ હું દેખી શકતો હતો.

રાતે ને રાતે આવવાની મારા શરીરમાં તો તે વેળા શક્તિ પણ ન હતી. અત્યારે પણ જેમ તેમ કરીને આવી શક્યો છું. નીકળવાનું થયું ત્યારે તો ચાલી નહિ શકાય એમ લાગતું હતું. પણ પછીથી એમાં એટલી બધી ગતિ પ્રગટી કે દોડ્યા જ કરવાનું બન્યું છે અને એકીશ્વાસે અહીં આવ્યો છું. માટે, કૃપા કરીને તમે આ દાહ મટાડો.

મેં પણ તેને અચાનક એમ કહ્યું કે 'ભાઈ, તું હવે એક વ્રત લે, કે 'વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું ગજવું કાપીશ કરીશ નહિ.' એવું વ્રત જો તું પ્રમાણિકતાથી પાળવાનું વચન આપશે અને તે વચનનું પૂરેપૂરું પાલન કરશે, તો પ્રભુ-કૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે. કોઈ બિચારો મારા જેવો ગરીબ, દર્શન કરવાને આવે અને તેનું ગજવું તારા જેવાથી કપાઈ જાય, તો તેના કેવા હાલહવાલ થાય ! તે બિચારા ગરીબને કેટલી હેરાનગતિ ભોગવવી પડે ! માટે કૃપા કરીને મંદિરમાં કોઈનું પણ ગજવું કાપવું નહિ એવો અડગ ટેક લે.' તેને શરીરે દાહનો અગ્નિ એટલી બધી તો વેદના પ્રગટાવતો હતો કે તે બિચારાએ તેવું વ્રત મારી આગળ લીધું તો ખરું જ અને તે પાળવાનું વચન પણ મને તેણે આપ્યું. વધુમાં તેણે કહ્યું કે 'ભૂખે મરીશ, તે હા, કબૂલ. પરંતુ કોઈ-પણ આકરામાં આકરા ભૂખમરાના પ્રસંગમાં પણ મંદિરમાં કોઈનું પણ ગજવું કાપીશ કરીશ નહિ.'

મને તેના કથન પર વિશ્વાસ પણ પ્રગટ્યો અને તેમાં તેની સચ્ચાઈ પણ લાગી. મેં પણ પ્રભુને તેનો દાહ મટાડી

દેવાને માટે દિલમાં દિલથી પ્રાર્થના કરી. અને થોડીક વારમાં તેના શરીરનો દાહ મટી ગયેલો પણ તેણે પોતે અનુભવ્યો. અને તે માણસ મને પગે લાગીને રસ્તે પડ્યો.

ધ્યાનની ઊંડાઈ અને તેની ભાવાવસ્થા કેવાં વાસ્તવિકપણે પ્રગટે છે, તેનો આ પ્રકારનો વર્ણવેલો અનુભવ મને પ્રભુકૃપાથી થયો. ધ્યાનાવસ્થામાં શરીરનું ભાન જતાં જતાં જે સંકલ્પ પ્રગટે અથવા જે સંકલ્પ તે વેળા કરી શકવાનો જ્ઞાનયુક્ત સંયમ આપણાથી જો મૂકી શકાય તો તે સંકલ્પ કેવો સાકાર બની જાય છે, તેનો આ આપમેળે પ્રગટેલો પ્રત્યક્ષ પ્રયોગ હતો. ધ્યાનના આના કરતાં પણ ઉચ્ચતમ કક્ષાના પ્રકાર હોય છે. હજી આવા પ્રકારના ધ્યાનમાંનો એકડો પણ આપણાથી મંડાયો નથી, એટલે આ દાખલાથી આપણને બધાંને જાણવાનું મળશે કે આપણે હજી આ દિશામાં કેટલું બધું આગળ વધવાનું છે. દર્શન ૯૫-૧૦૦

૯

ઓગણીસો એકતાળીસમાં હું એટલો બધો મોટો-તેંતાળીસ વર્ષનો. મારી મા ઓગણીસો બેતાળીસમાં મરી ગઈ. ઓગણીસો ઓગણચાળીસ સુધી તો એ રોટલા રાંધે. બીજું બધું તો ગમે તેમ પણ મારે માટે તો મારો રોટલો મા કરે તો જ હું ખાઉં. એ મારી પાસે બેસે અને બધું જમાડે તો જ મને સંતોષ વળે. નહિ તો ના જમું. મા પાસે બેઠી હોય, રોટલો ઘડીને આપે, દાળભાત બધું મને ધીરે ધીરે પીરસે તો હું ખાઉં. જંગલોમાં બહાર સૂતો હોઉં, તો પાંચ વાગ્યે આવું અને મારી મા સાથે સૂઈ જઉં. મારી મા તો કહે, ‘મેર મારા રડ્યા, પાડા જેવો થયો તોય મારી પાસે સૂઈ જાય છે’ તેમ બોલે. મને જંપ જ ના વળે. એવું શરીરનું મહત્ત્વ હજી આપણામાં બહુ વિકસ્યું નથી. પણ જે વિરુદ્ધ જાતિનાં શરીરો છે, એના જે ગુણધર્મ છે, સ્પર્શના ગુણધર્મ તે સંસારી લોકો કંઈ સમજતા નથી. બીજું કંઈ હોઈ શકે નહિ આમાં. એ સંબંધી આપણે વિચાર જ નથી કર્યો. આપણાં શાસ્ત્રોએ-ખાસ કરીને તંત્રોએ-કર્યો

છે. બીજાં કોઈ શાસ્ત્રોએ એ સંબંધી વિચાર નથી કર્યો. શરીરના સ્પર્શના પણ અમુક જાતના ગુણધર્મો હોય છે.

એક અત્યંત વાસનાવાળા માણસને તમે સ્પર્શો. તે તમને વાસના જગાડશે. કોઈ આધ્યાત્મિક મનોવૃત્તિવાળા સારા માણસનો સ્પર્શ થયો એ સ્પર્શ તમારી વાસનાઓને તમારી અંદર શમાવશે. એટલું જ નહિ, એ દ્વારા એનું 'બીઈંગ' (આધાર) છે, તે દ્વારા તમારા આધારમાં-તમારા 'બીઈંગ'માં મૂકતો હોય છે. તેને એનું પ્રત્યેક કર્મ હેતુ વિના હોતું નથી. એ હેતુ, જો આપણે સ્વીકારી લઈએ તો આપણો ઘણો વિકાસ થાય. સ્પર્શના જે ગુણદોષ છે, તેનો આપણે ઊંડામાં ઊંડો વિચાર કર્યો છે ખરો ?

માના શરીરમાં આપણે રહેલાં છીએ. આપણો કોઈપણ બીઈંગ-મનુષ્યધારી જીવ-છે, એનો સંબંધ જેટલો મા સાથે છે, તેટલો એના બાપ સાથે નથી. દુનિયામાં લાગે ખરું. મા સાથે એનો જેટલો સંબંધ તે બીજા કોઈ સાથે નથી. પછી મા સમજતી ના હોય કે છોકરાં સમજતાં ના હોય એ જુદી હકીકત છે. ન સમજતાં હોય તોપણ એ છે. તેમના 'બીઈંગ'માં એ પડી રહેલો છે. એ સંબંધ માના ખોળિયાની સાથે વળગી જ રહેલો છે. કારણ માના ખોળિયામાં આઠ-સાડાઆઠ-નવ માસ આપણે રહેલાં છીએ. એટલે સ્પર્શ એ માણસોના પ્રકાર ઉપર આધાર છે. હું તો મારી વાત કરું છું. માણસોના પ્રકાર પ્રમાણે અનુભવ જુદો થાય. એક જ જાતનો થાય તેવું મારું કહેવું નથી. પણ મને તો ચેન જ ના પડે. પાંચ વાગ્યે બહારથી આવું, રોજ સવારે આવીને પહેલો મારી મા પાસે જ સૂઈ જઉં. પહેલાં ઓછામાં ઓછો પંદરવીસ મિનિટ સૂઈ જઉં. પછી ઊઠીને દાતણપાણી કરું, સ્ટવ સળગાવું, પછી મા ઊઠે અને દાતણ કરીને સ્ટવ સળગાવ્યો હોય, ચાનું પાણીબાણી મૂક્યું હોય પછી બા ચા કરે. મને પોતાને તો મારી માનો બહુ લાભ મળ્યો છે. આખા જીવનને વિકસાવવામાં મારી માનો મોટામાં મોટો ભાગ છે.

મેં એક સરસ કાવ્ય લખ્યું છે. પણ મારી મા આ દિશા નહિ સમજી શકેલી. એ દેવદર્શન કરવા જતી ખરી. દેવદર્શન કર્યા વિના એ જમે નહિ. અમે કંઠીબંધા વૈષ્ણવ ખરા એટલે એ મંદિરે દર્શન કરવા જાય ખરી. પણ એને ભક્તિની બીજી કંઈ સમજણ નહિ. મને ફેફરા જેવો રોગ થયેલો. મારી મા તો એ જ જાણે કે હજી આને એ જ છે. એને મટ્યું નથી.

એ તો માના શરીરની સાથે મારા શરીરનું સંધાન છે, એ મા છે તે જાગૃત નથી. સામાન્ય પ્રકારનાં કોઈ ઊંચા કેળવાયેલાં હોય, આનંદમયી મા જેવાં મા હોય-તો વાત જુદી છે, પણ સામાન્ય લોકો કંઈ સમજતાં નથી. એટલે પેલો જે શ્રેયાર્થી છે તે સમજે છે. એને માના સ્પર્શથી એનામાં જે ઉત્સાહ આવે છે- એનામાં જે એક પ્રકારની ઠંડક પ્રવર્તે છે, તેનામાં એક પ્રકારની શાંતિ પ્રગટે છે. કામાદિ વાસના જે એના શરીરમાં રહેલી છે છતાં માનું શરીર એને જે શાંતિ આપે છે એ જગતમાં બીજું કોઈ શરીર નહિ આપી શકે. અશક્ય છે. પણ એ રીતે એ, કોઈએ એને સ્વીકારીને, એનો પ્રયોગ કરેલો નથી. મને તો ગુરુમહારાજે કહેલું, 'આ પ્રમાણે તારે કરવું' એટલે મેં ધ્યાનપૂર્વક સમજી-વિચારીને જ્ઞાનપૂર્વક આ પ્રયોગ કરેલો. મારી મા કંઈ સમજી શકે નહિ. એ તો ઊલટી નારાજ બહુ થતી. અને નારાજ થઈને કહે, 'મારા રડ્યા, પાડા જેવો થયો તોય સાથે સૂવે છે.' અમારા આશ્રમમાં, ફળિયામાં જેને ને તેને કહે. મારી સાથે મહાદેવભાઈનાં પત્ની દુર્ગાબહેન રહેતાં હતાં. એ મને બહુ સારી રીતે સમજી શકતાં. મને કહે, 'ભગત, તમે અમસ્તા તમારી બાને આટલો બધો પ્રેમ અને વહાલ બતાવો છો. એ તો તમારા વિરુદ્ધમાં બોલ બોલ કરે છે.' હું કહું, 'મા છેને, છોને બોલતી. મને શું ? મને એના વહાલમાં ઓછપ આવે નહિ. હું તો એમ જ વર્તવાનો.' અને એ મા આ ઠેકાણે સમજુ હોય તો પેલાને બહુ લાભ થાય. એટલો બધો લાભ થાય કે તેના પુરુષાર્થ કરતાં પણ એને વધારે લાભ થઈ જાય. પણ એ બાજુ હજી આપણે ત્યાં કેળવાઈ નથી. આજે તો

કોઈ એને યોગ્ય રીતે સમજે પણ નહિ અને યોગ્ય રીતે સ્વીકારે પણ નહિ.

અગ્રતા ૪૬-૪૯

હું મારી મા સાથે સૂઈ ગયો હોઉં, તેના હેતુની અવૅરનેસ (સભાનતા) મારા મનમાં હોય. તો જ આપણને ઘણો લાભ થાય છે.

એ અવૅરનેસનો દાખલો આપું. મારા ગુરુમહારાજને ત્યાં ગયેલો. ત્યારે મારી કપરી પરિસ્થિતિ હતી. ત્યાં જવાના મારી પાસે પૈસા પણ ના મળે. મને એક વખત થયેલું કે મારી માને મારા ગુરુમહારાજનાં દર્શન કરાવું. મા કહે કે 'સોમલાને લઈને જઈએ'. સોમલો મારો નાનો ભાઈ. બાને જ લઈ જવાના મારી પાસે પૈસા નહિ, તે મહા પરાણે મારા ભાઈબંધ પાસેથી ઉછીના લીધા છે. તો સોમલા માટે પૈસા ક્યાં લેવા જઉં ? બા કહે, 'તો નથી આવવું, જા !' પણ મને ગરજ કે મારે મારી માને મારા ગુરુમહારજનાં દર્શન કરાવવાં. એટલે પછી કહ્યું, 'સારું ભાઈ, ચાલો-સોમલા માટે પૈસા માગી લઉં.' હું તો મારી માને લઈ ગયો. એને બિચારીને તો કંઈ સમજ મળે નહિ. એ કંઈ આવા લોકોને સમજી શકે નહિ. આ તો 'નાગો બાવો પડેલો' મારી મા તો મને ગાળો ભાંડે !'મારા રડ્યા, ઉચ્છેદિયા, આ તે કંઈ માણસ છે ? આ તો ગાંડિયો છે. એને કપડાં-લત્તાંનું તો ભાન નથી, કારણ કે આ પથારીમાં તો અઘે છે !' મારા ગુરુમહારાજે મારી માને કહ્યું, 'પાંચ રૂપિયા લાવ.' મેં કહ્યું, 'પાંચ રૂપિયા છે, મેં આપેલા છે, માગે છે તો આપી દે. હું તમને પાંચના દસ આપીશ.' 'એ તો અક્કલ વગરનો. ગમે તે માગે. આમેય ઠેકાણા વગરનો તો છે. એને અપાતા હશે કે ?' જો મારી માએ આપ્યા હોત તો હું તો રાજી થાત. એને પૈસાની જરૂર ન હતી. પણ મારા હિસાબે તો એ મારા પોતાના હિતને માટે માગતા હતા. મારી મા નહિ સમજી શકી. દરેક જીવની કક્ષા હોય છે. અમુક અમુક પ્રકારની સમજણની પણ કૅટેગરી (કક્ષા) હોય છે. બીજી રીતે સમજી શકે જ નહિ. મારા ગુરુમહારાજે મારી માને ઘણું સમજાવ્યું. 'આ છોકરાને તું વળગી

રહેજે.' મને સંતોષ થયો કે 'ચાલો, મેં મારી માને દર્શન કરાવ્યાં.' મને મનમાં એવું લાગ્યું કે મારી મા બિચારી આને ઓળખી શકી નહિ. મારા ભાઈને લઈ ગયેલો. તે તો ત્રણ દિવસ બેભાન જ રહેલો. તેણે ભાંગ પીધેલી. ચડેલી નહિ. વાતોચીતો બધી કરે. બધું ખાયપીવે, પણ મારા ગુરુમહારાજ પ્રત્યેની સભાનતા બિલકુલ નહિ. અગ્રતા ૮૯-૯૦

૧૦

સાબરમતી આશ્રમમાં આ જીવના શરીરને લોહીના ઝાડાનો રોગ થયેલો અને તે પછી આરામ લેવા અને દવા કરાવવા કરાંચી ગયો હતો. ત્યાંથી બધું ઠીક થઈ ગયા પછીથી સાબરમતી આશ્રમમાં આવ્યા પછી દિલમાં એમ જ નક્કી થઈ ગયેલું કે હવે આ કામ કરવું નથી. અને જેનાથી કરીને આપમેળે જે જે જીવો આવી મળે તેમના માનસને જરા જેટલું પણ ભગવાનની કૃપાથી ઊંચે પ્રગટાવી શકાય એવા પ્રકારની સેવા કરવાનું સદ્ભાગ્ય થાય તો ઉત્તમ, એવી ભાવનાથી પ્રેરાઈને હરિજન સેવક સંઘનાં કામમાંથી નિવૃત્ત થવાનું દિલ થયું.

મારા મોટા ભાઈનો દીકરો ભાઈ શાંતિ તો કામે વળગી ગયો હતો. એટલે ભાઈ શાંતિ અને તેની મા-એ બન્નેનું તે પોતે સંભાળી લે તેવો તે થયો હતો. સવાલ એકમાત્ર મારી બાનો હતો. તે તો ધારે તો મારા નાના ભાઈ મૂળજી કે સોમાભાઈ સાથે પણ રહી શકે. મેં મારી બધી હકીકત તેને જણાવી. તેણે મને કહ્યું કે 'પાશેર ચણ ચકલાંને તો નાખવાના મળતા નથી, અને આટલી નાનકડી નોકરી છે તે મૂકી દઈને શો મોટો જગ જીતી નાખવાનો છે !'

આમ, તેની તો નામરજી હતી, એટલે વળી મેં બેચાર દિવસ જવા દીધા અને વળી પાછી તેને સમજાવી. ત્યારે તેણે મને કહ્યું કે 'માસિક પાંચછ રૂપિયાની રકમ મારે તેને આપવી.' મેં તેવી વ્યવસ્થા પણ કરી, પરંતુ મારી પાસે તેણે શરત મૂકી : 'જ્યારે હું મરી જઉં એવી માંદી હોઉં ત્યારે મારી અંતઘડીએ

તારે મારી પાસે આવવું.' તે તો મેં પ્રેમથી તરત સ્વીકાર્યું. મેં તેને કહ્યું કે 'તેવી વેળાએ તારી સેવા પ્રેમથી કરવી એ તો મને ગમેય ખરું અને તે તો મારો ધર્મ પણ ગણાય. એટલે એવી ખબર પડતાં વેંત જ તરત હું તારી પાસે જરૂર આવી જઈશ.'

તે પછીથી હરિજન સેવક સંઘની સેવામાંથી નિવૃત્તિ લીધી. તોપણ મારે સંઘના હિસાબ વગેરે ઑડિટ કરાવવાના હતા, એટલે તે અંગેની જેટલી જવાબદારી બાકી રહી હતી, તે પૂરેપૂરી પ્રેમથી અદા કરી. આટલાં બધાં વર્ષોની એકધારી એક ક્ષેત્રની કરેલી સેવા-એણે પણ કંઈ જીવનમાં ભાગ ભજવ્યો નથી, એમ નથી. મારા સંઘમાંથી નીકળી જવાથી કરી કોઈને મારી કશી ખોટ પડી હોય તેવું બન્યું લાગ્યું નથી. બધાંયની સાથે પ્રેમ, સદ્‌ભાવ અને સુમેળની ભાવના જ કેળવી કેળવીને કામ કર્યું હતું. તે પછી હું તો જુદે જુદે ઠેકાણે જતો અને ત્યાં રહેતો અને તમે (હેમંતકુમાર) તથા નંદલાલ વગેરે જીવનવિકાસની સાધના માટેની પ્રેરણા અને દોરવણી મારી પાસેથી લેવાનું કર્યા કરતા રહ્યા છો, એટલે તમોને કાગળ લખવાનું ત્યારથી બન્યા કર્યું છે. બેચાર મહિને મારી બા પાસે હું જઈ આવતો.

મારી બા પછીથી મારા નાના ભાઈ મૂળજીની સાથે નડિયાદમાં રહેવા ગઈ હતી. તે પછી મારે બે બહેનોને લઈને વળી પાછું હિંદુ વિશ્વવિદ્યાલયમાં બનારસ જવાનું આવ્યું. ત્યાં મહિનો, દોઢ મહિનો રહ્યાં હોઈશું, તેવામાં મૂળજીનો નડિયાદથી મારા પર કાગળ આવ્યો કે મારી બાના શરીરને નડિયાદમાં ગંભીર માંદગી છે. એટલે જેમની સંભાળ રાખવાનું અને જેની સાથે આવવાનું મારે બનારસમાં થયું હતું, તે બહેનોના પિતાને (બાપુને) મેં કરાંચી મારી બાના શરીરની માંદગીની બાબતમાં તાર કર્યો, પરંતુ તેમણે તો તારથી જવાબ આપી દીધો કે મારે કોઈકને મૂકીને નડિયાદ જવું.

હિંદુ યુનિવર્સિટીમાં એવો એક કાયદો હતો કે તેનાં મકાનોમાંના કોઈકમાં છાત્રાલયથી સ્વતંત્રપણે કોઈક ઠેકાણે કોઈ બહેન રહેતી હોય, તો તેની સાથે તેમના કોઈ વડીલ કે વાલી

હોવા જોઈએ. મારાથી ગમે તેને જુવાન ઊછરતી બહેનો પાસે મૂકીને જવાય જ કેવી રીતે ? અહીં 'ગમે તેને' એટલે કોઈક ઓળખીતા-સંબંધીને. એવું ઓળખીતું-સંબંધી પણ મારે બનારસમાં ખોળી પણ કેમ કરીને કાઢવું ? તે બહેનોના પિતાએ ખરી રીતે તો ત્યારે બનારસ આવી જવું જોઈતું હતું, પરંતુ તેમનાથી નહિ આવી શકાય તેવું હોય.

'મળેલી પરિસ્થિતિનો ધર્મ (જે પણ સાચો ધર્મ છે) અને તેની પછીથી પ્રગટેલી બીજી પરિસ્થિતિનો ધર્મ એમ બન્ને પ્રકારના સાચા ધર્મ વચ્ચે કોને પ્રથમ પસંદગી આપવી ?' એમ એક જટિલ કૉયડો ઊભો થયો હતો. એક બાજુ મારી બાના શરીરની સખત માંદગી અને તેને આપેલું વચન, બીજી બાજુ તે પહેલાંથી આ બે બહેનોની સંભાળ લેવાને કાજે અને તેમની અભ્યાસ વગેરેની વ્યવસ્થા કરવાને કાજે તેમની સાથે મારે રહેવાનું આવ્યું હતું તે. હવે સામાન્ય રીતે અને સાધારણ રીતે મને મારી મા પાસે આવી છેવટની માંદગીમાં જવાનું દિલ થઈ આવે જ તે સ્વાભાવિક છે. વળી, મેં તેને તેના શરીરની છેલ્લી માંદગી વખતે તેની પાસે હાજર રહેવાનું વચન પણ આપ્યું હતું, પરંતુ આ બહેનોની પાસે રહે કોણ ? અને તેમને એમ ને એમ મૂકીને તો જઈ શકાય તેવું હતું જ નહિ, અને બા પાસે મારે હાજર થયા વિના ચાલી શકે એવું પણ હતું નહિ !

બન્ને પરિસ્થિતિના સ્થળમાં મારે મારા એક શરીરથી હાજર રહેવાનું ઘણું ઘણું જરૂરનું હતું. એક જ વખતે બન્ને જુદે જુદે ઠેકાણે એક જ શરીર કેમ કરીને હાજર રહી શકે ? એ તો કદી પણ શક્ય જ ન હતું. જ્યારે હવે એમ લાગ્યું કે નડિયાદ તો કોઈપણ સંજોગોમાં જઈ શકાય એમ નથી, અહીં બનારસમાં જ રહેવું પડશે, ત્યારે મારી પાસે ભગવાનની પ્રાર્થના સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય રહ્યો નહિ.

ગઈ કાલે અડધો લખેલો પ્રસંગ આગળ ચલાવું. અમારા મકાનમાં છાનોમાનો મૌન ધારણ કરીને બેસી જ રહ્યો. અને

ભગવાનને પોકારવા જ લાગ્યો : 'હે પ્રભુ ! મારી પણ કેવી વિચિત્ર પરિસ્થિતિ થઈ ગયેલી છે ! બન્ને પ્રકારના ધર્મમાં હે પ્રભુ ! હું તો અટવાઈ ગયો છું. મારી મા પાસે તેની માંદગીના સમયે કેવી રીતે હાજર રહેવું તેનો મને મુદ્દલે કશો ઉકેલ જડતો નથી. જો બનારસ આવવાનું થયું તે પહેલાં તેના શરીરની માંદગીનું જાણ્યું હોત તો તો બનારસ આવત જ નહિ, પરંતુ હવે હું કરું શું? આપેલું વચન કોઈપણ ભોગે પાળવું તો જોઈએ જ અને તે પાળવાની મારી પૂરેપૂરી દિલની તત્પરતા પણ છે, પરંતુ હું ત્યાં જઉં કેવી રીતે ?' વારંવાર હું તો ભગવાનને આવી આવી પ્રાર્થના જ કર્યા કરું.

જમવા કરવાનું અને બીજી એવી શરીરની ક્રિયાઓ પણ મૂકી દીધી હતી. એકમાત્ર ભગવાનને પોકાર જ પાડ્યા કરતો. મેં મારી માને વચન આપેલું, અને તેવું વચન પણ હું પાળી શકતો નથી, 'પાળી શકતો નથી' એટલે કે મારું દિલ નથી એમ તો નથી, પરંતુ મારાથી સંજોગોને કારણે પાળી શકાતું નથી. તેનું દર્દ એટલું બધું તો સાલતું કે આના કરતાં તો જાણે કે 'હું ભગવાનને ચરણકમળે જેમ પેલા બ્રાહ્મણ ભાઈએ બાલારામમાં કમળપૂજા કરી હતી તેવી રીતે મારું વચન પાળી ન શકવાના એક પરિણામ તરીકે શ્રીભગવાનને જાણે કે દેહ સમર્પણ કરી દઉં !'

એટલી બધી વ્યથા મને થઈ તોપણ એવા પ્રકારની કોઈ અદમ્ય પ્રેરણા આ દિલમાં જાગતી નહિ. હું તો વારંવાર ભગવાનને પોકાર પાડ્યા કરું કે 'હે પ્રભુ ! આ તે કેવી વિકટ પરિસ્થિતિ ! ન આ છોડાય કે ન ત્યાં જવાય ! અને વચન તો પાળવું જ રહ્યું.' ભગવાનને હું તો વારંવાર પ્રાર્થના કરું કે 'હે પ્રભુ ! હે દીનદયાળ ! તું મારી લાજ રાખજે. તું મારું વચન પળાવજે. હે ભગવાન ! મારી માના શરીરની છેલ્લી માંદગીના સમયે તેની પાસે હાજર રહેવાનું વચન મારી બાએ મારી પાસે માગ્યું હતું. તેણે બિચારીએ મારી કને બીજું કશું જ માગ્યું ન હતું. અને મારી પાસે તેને આપવા જેવું બીજું

હતું પણ શું ? આટલું પણ ન કરી શકાય એવી લાચારી ભરેલી પરિસ્થિતિમાં પ્રભુ, મુકાઈ જવાનું બન્યું છે, તે હવે તો તું લાજ રાખે તો લાજ ટકી શકે.

મારી મા આવે ટાણે મારી હાજરીને માટે જરૂર વલોપાત કરતી હશે. તેના મનમાં મારે માટે તો એટલો વિશ્વાસ જરૂર હશે કે 'ચૂનિયો જરૂર આવશે' અરેરે! મારી માનો મારા પર જે વિશ્વાસ છે, તેનો પણ ભંગ થઈ જવાનો ! હે પ્રભુ ! આ તો કપરી કસોટી છે. આવી વેળા આ મારું વચન પળાવવાનું કામ તારા સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી. હે મારા વહાલા પ્રભુ ! દીનાનાથ ! કૃપા કરજે. મારો તારી પાસે કોઈ હકદાવો નથી. તારી પાસે મારું કામ કરાવવા જેટલો તારી સાથે પ્રેમભક્તિનો નાતો પણ જીવતો થયો નથી. તારા જે અનેક સંતભક્તો થઈ ગયા છે, તેમની તો ચરણની રજનીયે રજ હું નથી. એટલે પછી કયા દાવાએ તારી પાસે હું માગણી કરું ? પરંતુ આ કટોકટીની અસહ્ય પરિસ્થિતિમાં તારા એકમાત્ર શરણા સિવાય મારો ગરીબનો કોઈ ઈલાજ નથી. હે ભગવાન ! હે બાપા ! તું કર્તાહર્તા છે. મારે આ બેડીમાં જકડાઈ રહેવાનું બન્યું છે એટલે ત્યાં હું નડિયાદ ઊડીને જઉં પણ કેવી રીતે ? મારું દિલ તો જરૂર મારી મા પાસે જ છે. તેની તો જરૂર મને આત્મભાવની સ્થિતિએ પ્રતીતિ છે, પરંતુ આ સ્થૂળ દેહને ત્યાં કેવી રીતે હાજર કરવો ? મારા દિલનાં ટેક, નિશ્ચય, નિર્ણય અને દિલ તો મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવા માટેનાં જ છે. તેને આપેલું વચન મારાથી પાળી શકાય તેવી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પણ છે.

સાધનાની જુદી જુદી ભૂમિકાઓમાં ભાવના પણ સાકાર થાય છે, તેવો અનુભવ પણ તારી કૃપાથી મને જરૂર થયો છે. તો મારી મા પાસે હાજર રહેવાની મારી આ પ્રચંડ ઉત્કટ ભાવના જે પૂરેપૂરી જીવતીજાગતી છે તે ભાવના તારી કૃપાથી ત્યાં આકાર લે એવી મારી તને ઘણી ઘણી પ્રાર્થના છે. સાધનાકાળમાં સ્થૂળ માગણી માટે કોઈ દિવસ મેં તારી પ્રાર્થના

કરી નથી. સાધનાના ક્ષેત્રમાં જે જે અડચણો, વિઘ્નો, મુશ્કેલીઓ નડતાં હતાં, તે બધાં આવરણો દૂર કરવાને માટે જ મારાથી તનતોડ ભારેમાં ભારે પ્રયત્નો પણ તારી કૃપાથી બન્યે જતા હતા. તેવા પ્રયત્નો કરી કરીને તારી પાસે તે તે આવરણોને નિવારવાને માટે હું વારંવાર પ્રાર્થના કર્યા કરતો હતો અને તેવી પ્રાર્થના હે પ્રભુ ! તેં સાંભળ્યા કરેલી પણ છે અને મને કૃપા કરીને મદદ આપ્યા કરેલી છે. તારી કૃપાનું અહેશાન તો કોઈ કાળે પણ ભૂલી શકાય તેમ નથી. મારી આવી ત્રિશંકુની પરિસ્થિતિમાં તારા સિવાય મને કોઈ બીજો મદદગાર નથી. તારી કૃપાથી સંકલ્પશક્તિનું સામર્થ્ય એટલું બધું જબરજસ્ત હોય છે, તેનું મને જ્ઞાનભાન છે, પરંતુ તેવી મારી સંકલ્પશક્તિનું સઘળું સામર્થ્ય તે એકમાત્ર તું જ છે. તારામાં જ હે પ્રભુ, બધું જ સમાયેલું છે. હવે તો તું જ મારી વહારે ચડે અને મારું વચન પળાવવાની ખાતર મારા દિલમાં પ્રચંડ અને ઉગ્ર મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવાની ઉગ્ર ભાવનાને તું જ એક સાકાર સ્વરૂપ આપી શકે તેમ છે. માટે, હે પ્રભુ, દીનદયાળ, મારા વહાલા ! મારા ગરીબની સામું જોજે. મારી લાજ રાખજે.

ત્યાં હાજર થઈને મારે પોતાને સંતોષ મેળવવો નથી. મારી સ્થૂળ હાજરીથી મારી માને સંતોષ થાય કે ‘હા, ચૂનિયો આવ્યો અને તેણે વચન પાળ્યું’, એટલું જ મારે જોઈએ છે. આવા તેના શરીરના અવસાન સમયની સ્થિતિમાં તેને મારે માટે આત્મસંતોષ પ્રગટે તે જ હેતુથી હે પ્રભુ ! હું તારી પાસે માગું છું.’ મારા દિલમાં પ્રગટેલી આ જાતની ભાવનાનો તલસાટ એટલો બધો તો પ્રચંડ અને ઉગ્ર હતો કે જે તલસાટની સાથે કદાચ ગોપીની વિરહભાવનાના તલસાટને સરખાવી શકાય. આ તલસાટથી સતત ભગવાનને પોકાર્યા જ કરતો. એ તલસાટની વેદનાને કારણે તેમાંથી એવો આર્તનાદ અને આર્દ્રભાવ પ્રગટતો કે ભગવાનને તે તલસાટના ભાવથી પ્રેરાઈ પ્રેરાઈને પ્રાર્થના થયે જતી.

આ બધું અંતરમાં અંતરથી જ થયે જતું. આવી વિકટ પરિસ્થિતિમાં પ્રભુ સિવાય મારો બીજો કોઈ આરો હતો નહિ. મારા દિલની ભાવનાની સાથે હમદર્દી અને સહાનુભૂતિ બતાવી શકે એવું પણ કોઈ ન હતું. મારે કોઈના એવા આશ્વાસનની જરૂર પણ ન હતી. મારે તો હજાર હાથવાળો ધણી અને હજાર આંખવાળો સમર્થ-એ જ સાચું આશ્વાસન હતું. આવી રીતે અંતરની પ્રાર્થનામાં ત્રણેક દિવસો વીતી ગયા હશે. આવા આર્દ્રતા અને આર્તતાયુક્ત પ્રાર્થનાના તબક્કાના ગાળામાં એક પળે એવું થયું કે ઓચિંતો જ વીજળીનો દીવો જે સળગતો હતો, તે બંધ થઈ ગયો. તે પરથી મને તાત્કાલિક ઊગી આવ્યું કે મારી માના શરીરનું અવસાન થયું અને જીવ ગયો. ત્યારે મારાથી રડાયું કરાયું તો ન હતું, પરંતુ તેવા કાળે પણ એકમાત્ર ભગવાનની પ્રાર્થનામાં જ મારું દિલ તો રહ્યા કરેલું હતું. આમ, પ્રભુકૃપાથી માના દેહાંતના સમયની ખબર મને ત્યાં રહ્યે રહ્યે પડી ગઈ હતી.

પછી નડિયાદથી ભાઈ મૂળજીનો તાર આવ્યો કે મારી માનું શરીર અવસાન પામ્યું છે.

દિલમાં કોઈપણ પ્રકારનું ચેન પડતું ન હતું. એક જ પ્રકારની ભાવના-મારા સ્થૂળ દેહની હાજરી મારી માની પાસે તેની યોગ્ય વાસ્તવિકતામાં પ્રગટે એવી ભાવના જ-સતત એકધારી તેના ઉચ્ચમાં ઉચ્ચ ચેતનવંતા પ્રાણમાં અને તેના તલસાટમાં જીવતીજાગતી ટક્યા કરેલી રહેતી હતી. તે પ્રાર્થના વારંવાર ભગવાનને જ પોકાર્યા કરતો. 'હું અને મારો ભગવાન અને મારી તે ભાવના'-એના જ માત્ર અસ્તિત્વનું ભાન તે કાળે મારા દિલમાં રહેતું હતું. આવું બધું અંતરમાં અંતરથી ચાલ્યા કરતું હતું, તોપણ ભગવાન પરનો મારો ભરોંસો એટલો જ અટલ અને અતૂટ હતો. ભગવાનની અનંત શક્તિ છે. અને તે જ મારે માટે જે યોગ્ય હોય, તેમ તે કરવાનો છે. એવો પણ ભક્તિભર્યો આત્મવિશ્વાસ હતો. હું તો તેને વારંવાર વિનંતી કર્યા જ કરતો.

ભગવાને ગજેન્દ્રને મુક્તિ અપાવી તે તો એક પૌરાણિક હકીકત હતી, અથવા તો તેમ તે ન પણ બન્યું હોય. અને તે એક પ્રતીકરૂપે ઉદાહરણ માત્ર હોય, પરંતુ અનેક વેળાએ ભક્તની વહારે તે મારો વહાલો 'ગરુડે ચડીને આવ્યો' છે, તે હકીકત બીજા ભક્તલોકના ખરેખરા બનેલા જીવન પ્રસંગોમાં જાણેલી છે, તેમ છતાં તે ઉપરથી પણ નહિ, પરંતુ મને પોતાને મારા સાધનાકાળના જીવનમાં આંતરિક કટોકટીની પળે તે કેટલીયે વાર વહારે ધાયો છે, તેની તો મને પ્રત્યક્ષ અનુભવાત્મક સાચેસાચી પ્રતીતિ હતી. અને તેવા પ્રકારનો અનુભવ એ તો મારા જીવનની અમોઘ શક્તિ અને મૂડી છે. તેના આધાર વડે કરીને તો પ્રભુકૃપાથી કદી પણ નતમસ્તક બની શક્યો નથી. સાધનાકાળમાં પ્રગટેલા દૈવાસુર સંગ્રામમાં તેવા પ્રકારની અનુભવાત્મક પ્રતીતિને કારણે તો હું એની કૃપાથી ખુમારીથી ટટાર રહી શક્યો છું. જીવનની તે તે કાળની એવી કેટલીયે હકીકતો આજે નજર સમક્ષ તરવર્યા કરે છે કે જ્યારે મારા ભગવાનને પોકાર્યા કરું છું કે 'હે પ્રભુ ! તેં આટલી બધી મને મદદ કરી છે તો આ એક અણમોલો એવો પ્રસંગ છે કે જ્યારે તું મારી વહારે ચડીને મારી ટેક રાખે, તો હું ધન્ય ધન્ય થઈ જઉં, કૃતકૃત્ય થાઉં. પરંતુ હે વહાલા ! તારા પર મારાથી બળજબરી કેમ કરી શકાય ? હું તો માત્ર એક દીનહીન ભાવે તને કાલાવાલા કરું છું. તેના સિવાય બીજું કરી પણ શું શકું ? હે પ્રભુ ! હે દીનાનાથ ! હે કૃપાસિંધુ ! હે કરુણાસિંધુ ! તું જ એક મારી આવી કટોકટીની સ્થિતિમાં મારો સાચો આધાર છે. મારું વચન પળાવજે. મારા પર કૃપા કરજે.'

તે પછી નડિયાદથી મારા ભાઈ મૂળજીનો મારી પર કાગળ આવ્યો. તેમાં તેણે લખ્યું હતું કે 'મારી માના શરીરના અવસાન પામ્યાના થોડાક સમય પહેલાં બાએ મૂળજીને બૂમ પાડીને કહ્યું હતું કે 'અલ્યા ! મૂળિયા ! મૂળિયા ! જો આ ચૂનિયો આવ્યો !' ત્યારે મારા ભાઈ મૂળજીએ મારી બાને કહ્યું કે 'ચૂનીલાલ તો કાશીમાં છે. અહીં ક્યાંથી આવી શકે ?' ત્યારે વળતું મારી બા

બોલી કે 'અરે, એ તો આ રહ્યો ! મારા પગમાં માથું મૂકીને બેઠો છે ! મારા શરીરે હાથ ફેરવે છે ! જો ! તે અહીં જ છે.' આવા પ્રકારના શબ્દો તે કાગળમાં વાંચ્યા. તે કાગળમાં જે લખેલું હતું, તેના ભાવાર્થ પ્રમાણે (શબ્દેશબ્દ તો નહિ પણ ભાવાર્થ પ્રમાણે) લખું છું, કારણ કે કાગળ આડોઅવળો છે અને તે અત્યારે મારી પાસે નથી. મારા ભાઈનો આ કાગળ વાંચીને ભગવાને મારો ટેક જાળવ્યો, મારી લાજ રાખી, વચન પળાવ્યું, તેનાથી મને જે હર્ષોન્માદ પ્રગટ્યો, તે આનંદ કોટિ બ્રહ્માંડના આનંદની તોલે આવી શકે એમ નથી. ભગવાન એટલો બધો સમર્થ છે અને તે સમર્થની મારે માથે જીવતીજાગતી જબરી ઓથ છે એવો આ પ્રત્યક્ષ જીવતોજાગતો પ્રચંડ અનુભવ એની કૃપાથી પ્રગટ્યો. ત્યારથી મારું જીવન તો ધન્ય ધન્ય અને કૃતકૃત્ય થઈ ગયેલું એની કૃપાથી અનુભવ્યા કરું છું. મારા જીવનની અનુભવની કક્ષાઓની દૃષ્ટિએ આ પ્રસંગનું મૂલ્યાંકન કંઈ નાનુંસૂનું નથી. તમારાં બધાં સ્વજનનાં દિલમાં આ બધું વાંચીને બહુ તો અહોભાવ પ્રગટે, પરંતુ એવું પ્રત્યક્ષ જીવંત અનુભવનું દૃષ્ટાંત વાંચીને પણ કોઈપણ સ્વજનનું રૂંવાડું વધારે ફરકવાનું નથી અને કોઈને પણ સાધનાના ક્ષેત્રમાં અદમ્ય પ્રેરણા પ્રગટીને 'ચાલો ! આ સાધનાને આત્મસાત્ કરી દઈએ' એવો ટેક પણ પ્રગટવાનો નથી. તેમ છતાં મારા દિલમાં આ પ્રસંગે ભગવાનની સમર્થતા અને તેની અનંત શક્તિને માટે અને તેણે મારે કાજે જે કર્યું છે તથા મારે માટે જે પ્રત્યક્ષ કરી બતાવ્યું, જે બનવું જગતની વાસ્તવિકતાની દૃષ્ટિએ બની જ શકે નહિ તેવું છે, તે મારા વહાલા પ્રભુએ કૃપા કરીને પ્રગટાવ્યું, તેવો આ દ્વંદ્વાતીત, ગુણાતીત પ્રકારનો અનુભવ એ તો એક ઘણો મોટો બનાવ છે.

બનારસમાં મારા પર મારા ભાઈનો આવેલો કાગળ ભાઈ નંદલાલની કને હજી પણ સચવાયેલો રહેલો છે, એમ હું માનું છું. આ કાગળ વાંચીને મારા વહાલા ભગવાનને ચરણકમળે વારંવાર મારું શિર તો પ્રેમભક્તિભાવે આભારનાં દર્શનથી

ગદ્ગદ થઈ જઈને નમ્યે જ જતું હતું. આ પ્રકારની પ્રાર્થનાનો ભાવ અને તેની અસર એકધારી સજ્જડ કેટલાય સમય સુધી જીવતીજાગતી રહ્યા કરી હતી. જાણે કોઈ ભારે નશાના ઘેનમાં પડ્યો રહ્યો હોઉં એમ તે પ્રાર્થનાના ભાવમાં એની કૃપાથી જાગ્યા કરવાનું બન્યા જતું. કેવો આ ધન્ય પ્રસંગ અને કેવી આ મારા ભગવાનની જીવંત ધન્ય કળા !

આ પ્રસંગ તમને અને મળેલાં સ્વજનોને જે હેતુ કાજે તેઓ મને મળ્યાં છે, તે હેતુમાં પ્રાણ પ્રગટાવવા અને તમને બધાંને જીવનમાં નવું ચેતન પ્રગટે એવા ઉદ્દેશથી લખ્યો છે. તેની યથાર્થતા કૃપા કરીને સમજજો. આ સાધનાના પ્રદેશમાં કેવી કેવી શક્યતાઓ છે, તેનું તમને સાચેસાચું ભાન પ્રગટે એવી તમારામાંના અંતર્યામીને મારી ભાવભરી પ્રાર્થના છે. મને તો મારા જીવનના આ એક જ પ્રસંગથી મારા જીવનની પૂરેપૂરી કૃતાર્થતા થઈ ગઈ હોય એવું લાગ્યા કરે છે. આ તો એક ઘણી મોટી હકીકત છે. જે કદી કોઈપણ રીતે શક્ય ન બની શકે, તે શક્ય બન્યું. મારા દિલથી તો તે એક સંપૂર્ણ સ્વાભાવિક રીતે બની ગયેલી પ્રત્યક્ષ હકીકત છે.

આ જ હેતુથી પ્રેરાઈને 'તુજ ચરણે'માં લખ્યું છે :-

*'જે જે અશક્ય થતું શક્ય, કૃપાથી જેની'*

તે માત્ર કલ્પના ન હતી. મારી માને પણ હું પોતે સ્થૂળ રીતે જ તેના સ્વાભાવિકપણામાં લાગ્યો હતો તે પણ તેટલું જ સાચું છે. બીજા કોઈના માનવામાં આ હકીકત ન આવે તે પણ સ્વાભાવિક છે, પરંતુ તેને તેના યથાર્થ સ્વરૂપમાં કોઈ માને કે ન માને, તેની સાથે અમારા લોકને કશી નિસબત હોતી નથી. તેવા લોકોને મારે એટલું જ પ્રેમથી અને નમ્રતાથી કહેવાનું છે કે 'એકવાર જીવનને હોડમાં મૂકીને તમારી હોડીના બધા સઢ તોડીફોડી નાખીને સાધનાના ક્ષેત્રના મધ્ય દરિયામાં યાહોમ કરીને ઝંપલાવી દો. અરે ! એવાં સાહસ, હિંમત તો પ્રગટાવો ! એવા ભાવે સંપૂર્ણ ન્યોછાવરી અને ફનાગીરીની તાકાત તો જીવનમાં પ્રગટાવો ! પછી એવી તાકાત, એવી ભાવનામાં

કેટકેટલું સામર્થ્ય પ્રગટેલું છે તે તમે જાતે અનુભવવાની સ્થિતિમાં પ્રગટી શકો, અને ત્યારે જ તમને બધી ખબર પડે. અત્યારે ખાલી ખાલી કોરી બુદ્ધિની સમજણ અને કલ્પનાથી કંઈ કશાને તોલવું અને સમજવું તે બધું જ અર્થ વગરનું છે, અને છેક વાહિયાત પણ છે. માટે, મારી તમને ખરેખરી પ્રાર્થના છે કે તમે જે હેતુને માટે મળ્યાં છો, તેનું મહત્ત્વ હજી પૂરેપૂરું દિલમાં દિલથી ગણકાર્યું નથી, તો હવે જાગો, ચેતો, અને બેઠાં થાઓ. ઊઠો અને કૃપા કરીને તેવું કરવાની દિશામાં પ્રવર્તવાને સાચેસાચી પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠાનું ભાન પ્રગટાવો. મારી દૃષ્ટિએ તો આપણે બધાં જીવતાં હોવાં છતાં મુદ્દલે જીવતાં નથી. એવું મને તો હાલનાં આપણાં બધાંનાં જીવન પરથી સમજવાનું લાગે છે. મારા જીવનનો આ એક ધન્ય પ્રસંગ પ્રભુકૃપાથી તમને સાધનાના ક્ષેત્રની ભાવના પ્રગટાવવાને દર્શન
મદદરૂપ બનો અને પ્રેરણાત્મક બનો એવી પ્રાર્થના છે. ૩૧૦-૩૨૨

૧૧

એક સાહેબે મને પૂછેલું કે 'અનુભવી પુરુષના સંપર્કમાં આવેલાનો નવો જન્મ જલદી થાય છે એ વાત ખરી છે ?' એ સાહેબ બહુ અંગત હતા એટલે બધું છૂટથી પૂછી શકે. મેં એમને કહ્યું કે 'વાતનું પાછું તું પ્રૂફ (સાબિતી) માગે ! એ સાબિત કરવા હું ક્યાં જઉં.' 'ના, મને તમારા પર વિશ્વાસ છે. તમે મને કહેશો એમાં મને શ્રદ્ધા છે.'

'તું એવા લોકો સાથે બહુ નિકટના પરિચયમાં-સંબંધમાં રહે તો જન્મ વહેલો થાય એ વાત ચોક્કસ. આમ તો ટ્રાન્ઝીશન પીરિઅડ (વચગાળાનો સમય) બહુ લાંબો હોય છે.' તો કહે, શેષ
'તેની શી ખાતરી ?' 'તેની ખાતરી મારી મા.' ૬૬

તેનો જન્મ ક્યાં થયો ? એમ પ્રશ્ન થયો. તે અહીં બનારસમાં તેનો જન્મ થયો એમ જણાયું. જેમ ટેલિવિઝનમાં દેખાયને તેમ જીવ કયે કયે ઠેકાણેથી ક્યાં ક્યાં જાય અને જન્મ ક્યાં થયો. કયું ઘર છે તે પણ મને બરાબર બધું દેખાયું અને

તે પ્રમાણે મેં લખી લીધું. પછી ત્યાં ગયો. ત્યાં અજાણ્યા ઠેકાણે ક્યાંય સુધી ઓટલા ઉપર બેસી રહ્યો. કોઈનું ધ્યાન ખેંચવા માટે ભજન ગાવા લાગ્યો. લગભગ પોણા કલાક પછી કોઈનું ધ્યાન ગયું. તેણે હિંદીમાં મને પૂછ્યું, 'તમે કેમ બેઠા છો ? કોનું કામ છે ?' તો મેં કહ્યું, 'મુખ્ય માણસને બોલાવો તો વાત કરું. તમારે ત્યાં એક દીકરી આવી છે. તેનાં દર્શન કરવાં આવ્યો છું. એમ તો કહેવાય નહિ, એટલે એમ કહ્યું કે 'રાત્રે, મને સ્વપ્નું આવ્યું હતું. તે તમારી દીકરી મોટી શક્તિવાળી છે. ગુરુમહારાજે હુકમ કર્યો કે 'તેનાં દર્શન કરી આવો. હું બનારસ યુનિવર્સિટીમાં અમુક ઠેકાણે બંગલો છે ત્યાં રહું છું. મને તેને હાથમાં આપો તો હું દર્શન કરીને ચાલ્યો જઈશ. એક મિનિટ આપો.' શ્રદ્ધાથી પેલા ભાઈએ તે મને આપી.

તે પેલા પ્રશ્ન પૂછનાર ભાઈને મેં આ પ્રમાણે કહ્યું. આ એક કાયદો છે. કારણ કે વચગાળાનો સમય ઘણો લાંબો હોય છે. એક કાયદો છે કે આપણો જીવ શરીર છોડી જાય ત્યારે જે આસક્તિવાળું સ્થળ હોય ત્યાં એ રહ્યા કરે છે. તેર દિવસ સુધી તો એ સ્થળના તથા આપણા પરિચયો સાથે રહે છે. એ અનુભવની વાત છે. પ્રયોગાત્મક છે. તેર દિવસ પછી પિંડ વહેરે છે એવી જે ક્રિયા આવે છે. વિધિ કરવાની હોય છે. ત્યાર પછી સંબંધ ઓછો થતો જાય. એમ ઓછો થતો થતો કેટલાંકને તો વર્ષ સુધી આ પૃથ્વી સાથેનો સંબંધ રહે. વર્ષ પછી સમૂગળો ભુસાઈ જાય. પણ વર્ષ સુધી તો રહે ને રહે જ. જીવદશાવાળાનો સંબંધ પછી ભુસાઈ જાય. ત્યારે એ વચગાળાનો સમય પણ આવા લોકોના સંબંધને લીધે ઘટી જતો રહે. અને એટલું જ નહિ. એના બીજા જન્મમાં એની ઊર્ધ્વગતિ થાય છે. પેલા જન્મમાં તો ના થાય, કારણ કે એને મળેલા જુદા જુદા સંસ્કારોનું પ્રબળપણું એટલું હોય છે અને આ સંસ્કારોનું એટલું પ્રબળપણું જાગેલું હોતું નથી, બીજા જન્મમાં જાગે છે. એમ બે ફાયદા મેં એને કહ્યા.

શેષ
૬૮-૬૯

છોકરાં ગમે ત્યાં રખડતાં ભમતાં હોય, તોયે એને માથે મા હાથ ફેરવતી જ હોય છે. એના દિલનો પ્રેમભાવ કેટકેટલો

ન્યારો છે ! માના છોકરાં પરત્વેના ભાવને મર્યાદા નથી. માનો ભાવ તો કશું જોતો નથી. મા તે **મા** જ છે, **મા** તો જગજ્જનની છે. **મા** સર્વવ્યાપ્ત છે. માને છોકરાં ભૂલે, ભૂલે છે ખરાં, પણ મા તો છોકરાંને છાતી સરસાં ચાંપેલાં જ રાખે છે એમ જે કહ્યું છે તે સાવ સાચું છે. જગતમાં મા ન હોત તો જગતમાં જે ચેતના, પ્રાણ, સ્ફૂર્તિ અને રસ છે, તે ન હોત. આ કથનનું રહસ્ય હવે મને સમજાય છે. માના દિલનો ઊછળતો ઉમળકો અને તેના હૈયામાંથી નિર્ઝરતી મધુથીયે મધુતર મીઠાશ, જ્યાં જ્યાં કઠણાશ છે, પારુષ્ય છે, શુષ્કતા છે, ત્યાં ત્યાં કોમળતા, પ્રેમ, સહાનુભૂતિ-તેવું તેવું પ્રવર્તાવે છે.

જ્યાં જ્યાં શુષ્કતા છે, ક્રૂરતા છે, ભિન્નતા છે, અભાવ છે, ત્યાં ત્યાં તે રસ, શાંતિ, હમદર્દી, સદ્ભાવ અને પ્રેમનું વાતાવરણ ફેલાવે છે. માના હૃદયમાં અને તેથી કરીને તેના હાથમાં જે દિવ્ય અમી છે, તે દિવ્ય અમીથી બાળકના શરીર પર હાથ ફેરવી ફેરવીને એને તે ચેતનવંતા જ રાખ્યા કરે છે. મા કદીક ભવાં પણ ચડાવે છે ખરી, પરંતુ એ ભવાંની પાછળનું રહસ્ય અને હાર્દ કલ્યાણની ભાવના કાજે જ છે. છોકરાંના હૃદયમાં ભાવ પ્રગટાવવાને **મા**ને ગુણની સાથે ગુણની રમત ખેલવી પડે છે. મા સર્જન કરે છે, તે જીવનને જીવતું રાખવા. માના સર્જનમાં માની લીલા કેવી વ્યક્ત થાય છે ! **મા**ની સર્જનાત્મક શક્તિ અનેક આત્માઓના આંતરિક સ્ફુલિંગને આત્મભાવમાં ઉદ્દીપન કરાવવાને માટે પણ હોય છે. વખત આવ્યે સ્થૂળ માની એટલે કે સાંસારિક માની મમતાનો પણ જીવનવિકાસની સાધના કાજે છોકરાંઓએ ભોગ આપવો પડે છે. તેના વિના માના આત્મીય સ્વરૂપનું દર્શન થવું મુશ્કેલ છે. માના આંતરિક સ્વરૂપને ભલે અપણે પૃથક્ પૃથક્ પણે ન જાણી શકીએ, પરંતુ માની દિવ્ય શક્તિને અને માના દિવ્ય ભાવને આત્મસાત્ કરી કરી એનામાં ભળીને પરોક્ષ રીતે નહિ, પણ પ્રત્યક્ષ રીતે एના સંપૂર્ણ ભક્ત બનીને એ **મા**ની સાથે રમવામાં કેટકેટલો અને કેવો કેવો આનંદ પ્રગટે છે, તે તો તેવી રમત રમનારો જ સમજી શકે.

માનો વહાલભાવ જીવનમાં માણવાનો તો છે જ, પણ તે ઊર્ધ્વગામી થવા માટે. **મા** આનંદસ્વરૂપ છે, કલ્યાણમયી છે, પરંતુ સાથે સાથે ચંડિકાસ્વરૂપ અને કાલિકા પણ છે. તોપણ માના દિવ્ય ભાવને જો આપણે ખરેખરી પ્રેમભક્તિથી આકાર પમાડી શકીએ, તો તેનાથી જીવનને ઉન્નયન કરવામાં જે મોટી ફલાંગો ભરાવવાનું બની શકે છે, તે સાધનાના પ્રચંડ પુરુષાર્થથી પણ બની શકતું નથી. માની શક્તિ જ્યારે આપણને મળે છે, ત્યારે આપણી જીવનની સાધનાનો વેગ ઘણો ઘણો વધી જાય છે. મા પ્રત્યક્ષ છે તે હકીકતે તદ્દન સાચું છે અને તેવો ભાવ સ્થૂળ માની ભાવનાની દ્વારા પ્રગટ થઈ શકતો હોય છે. સને ૧૯૩૯ પછીથી એટલે કે સાધનાના પ્રદેશની અમુક ભૂમિકાઓ વટાવ્યા બાદ અને જીવનની ઉત્ક્રાંતિ અમુક તબક્કામાં પ્રવેશ્યા પછી **મા**નું સાચું સ્વરૂપ અને તેની મહત્તાનું મને તેની કૃપાથી ભાન પ્રગટ્યું છે. મા તે મા છે. માનો ભાવ બે ધારવાળો છે. એનો જેવી રીતે ઉપયોગ કરશો તેવી રીતે તેમાં તે, તે ભાવથી, વૃદ્ધિ કરાવતો જશે.

**મા** સ્વતંત્રપણે જરૂર આપણને મદદ કરે છે, પણ તે ત્યારે જ બની શકે કે જ્યારે માનામાં પ્રેમભક્તિપૂર્વકની ભાવનાથી આપણે પૂરેપૂરાં ગળી ગયાં હોઈએ ત્યારે. માનો ભાવ એ કંઈ માત્ર ઊર્મિની કલ્પના નથી. એ તો જેમ પ્રત્યક્ષ રમતી, ચાલતી, ફરતી દુનિયા છે, તેમ એ પણ પ્રત્યક્ષ હાજરાહજૂર છે. આપણે એવી **મા**ના શરણે રહીને **મા**ના ભાવને મદદમાં લેવાને માટે મળેલી માને અને તેના દિલને સંતોષ આપીશું-અને તે પણ તેનાથી કરીને આપણી પોતાની ભાવનાને સતેજ કરવાના હેતુથી તેમ કરવાનું જ્ઞાનપૂર્વક રાખીશું-તો માના દિલને પમાડેલો આત્મસંતોષ આપણી ભાવનાને કૂંળીકૂંળી અને ભીંજવેલી જરૂર રખાવશે એવો મારો પોતાનો અનુભવ છે.

દર્શન
૨૮૩-૨૮૬

જીવન એ તો મહોત્સવ છે. રણચંડીનો ખેલ છે. કાલિકા માતા ગરબે રમવા પધાર્યાં હોય, સોળે શણગાર સજી ગરબાના તાલનૃત્યમાં જે થનગન કરતાં કારમાં પગલાં પાડે છે, તેવી

લીલા-રમતનો આ સકળ સંસાર છે. એમાં જે માનો રમતનો લીલા-ખેલ નીરખે છે, તે તો માનામાં મુગ્ધ બની જાય. જો ખેલ જોતો રહે તો ખેલમાં ગુલતાન બની જાય, પરંતુ આપણે તો ખેલમાં ગુલતાન બની જવાનું નથી, માને જોયા કરવાની છે. મા તો સર્જન કરે, પોષણ કરે અને વિનાશ પણ કરે. એ વિનાશ તેવા ભયંકર (જોકે તે તેના હકીકતપણામાં ભયંકર નથી, માનવીમાત્ર પોતાની તેવી તેવી સમજણથી તેને એમ માની લેતો હોય છે. બાકી, માતા सत्यम् शिवम् सुंदरम् જ છે.) સ્વરૂપને આપણા જ કલ્યાણ કાજે મા તેમ કરતી હોય, છતાં આપણે તેવી વેળા નારાજ થતાં હોઈએ છીએ અને એમ કરીને એની લીલાના કર્મના હેતુને અફળ કર્યા કરતાં હોઈએ છીએ. બાળક છી કરે, પછી એની ગુદા એની મા ધૂએ ત્યારે તે રડતું હોય છે. એના જેવું જ આપણે પણ કરતાં હોઈએ છીએ. પ્રવેશ ૨૬-૨૭

આજે કોઈ સાચા સ્વરૂપમાં મા બની શકતું નથી. મારા જેવાની 'મા' બનવું એ બહુ આકરું છે. મા અને બાળક વચ્ચેનો પ્રેમભાવ નૈસર્ગિક છે. હજારો માણસોની વચ્ચે બાળક માને ભેટી પડે છે. અને માને બાળકને લેતાં સંકોચ થતો નથી કે નથી શરમ લાગતી. આપણા જીવનવહેવારમાં આપણી તેવી સ્થિતિ થતાં આપણાં રૂપરંગ કોઈ ચેતનના પ્રકારનાં હોય તો જ સ્વાભાવિક જ્ઞાનની દશા હોય. માનું હેત બાળપણમાં અનુભવ્યું નથી. માને બિચારીને રોજ બે મણ દળણું અને ખાંડણું ખાંડવાનું હોવાથી હેત દાખવવાનો એને સમય જ ક્યાં હતો ? પૂરું ધવરાવવાને પણ એને સમયની માગ (તાણ) રહેતી. મહાકષ્ટે કરીને જેમ તેમ તેણે અમને ઉછેર્યા છે અથવા સાચી રીતે કહીએ તો આપોઆપ અમે ઊછરી ગયા. મંડાણ ૧૧૦

❑

## ખંડ-૭

# ધર્મકાર્ય

(અનુષ્ટુપ)

કેવી કેવી રીતે વ્હાલો આપ્યા નિમિત્ત તે કરે,
વ્હાલાંને સંકળાવાને સ્મૃતિ મારી વિશે હ્રદે.
કરેલું કોઈનું કામ મિથ્યા ના વ્યવહારમાં,
સંદેશ ૩૪ તો મિથ્યા કેમ તે થાય પારમાર્થિક ભાવમાં ?

*શ્રીમોટા*

■

(શાર્દૂલવિક્રીડિત)

જે તે કાર્ય કર્યા કરે પણ છતાં, તે કાર્યમાંહી હૃદે,
ચૈતન્ય રસ રાખશે પકડી જે તે કાર્યથી મેળવે,
તો જે કાર્ય લીધું હશે ભલું થશે, ભાવે ઝગારો થશે,
માટે ચિત્ત ધર્યા કરી પ્રભુપદે આવી ચઢ્યું સૌ કરો.

**શ્રીમોટા**

કર્મગાથા
૯૫

૧

૧૯૪૨ની લડત થઈ ત્યારે સિંધિયાના વહાણમાં કરાંચીથી હું નીકળ્યો અને સીધો મુંબઈ આવ્યો. મુંબઈથી સીધો ત્રિચિ ગયો. ત્રિચિમાં નંદુભાઈ હતા. ત્યાંથી દસબાર માઈલ દૂર બંગલો ભાડે રાખીને સાધનાને માટે રહેતા હતા, ત્યાં ગયો.

એક રાત્રે ગુરુમહારાજે કહ્યું, 'સાલા, તું પડી શું રહ્યો છે ? ગુજરાતમાં આટલાં બધાં છોકરાં ભૂખે મરે છે. આશ્રમની છોકરીઓ ભૂખે મરે છે. ખાવાનું કંઈ છે નહિ. ગાંધીજીના આશ્રમમાં પણ પૈસા નથી. તું જા.' હું તો સંકલ્પ વિકલ્પ કરું નહિ. છતાં પૂછ્યું, 'પ્રભુ, મારે કંઈ પરિચય નથી. મેં શહેર જોયું નથી, હું કંઈ ગયો નથી. રેલમાં ગયેલો અને રેલમાં આવેલો, પણ મુંબઈ શહેર મેં જોયું નથી. ત્યાં મને પૈસા મળે નહિ. એમણે કહ્યું, 'શું ના મળે ? લાગવગથી પૈસા મળે છે એ તારી સમજણ ખોટી છે. તું મનમાં નિશ્ચય રાખ. નિશ્ચય પાકો કે આટલા રૂપિયા મળશે, મળશે ને મળશે જ. એક વર્ષના એક લાખ રૂપિયા જોઈએ. તારે કંઈ વિચારવાનું નહિ. તું નિશ્ચય પાકો રાખ કે રૂપિયા મળશે જ.' એટલે આપણે પાકો નિશ્ચય કર્યો. તરત જ બીજે દિવસે સવારે હું નીકળી ગયો. મદ્રાસ આવીને મુંબઈ આવ્યો. હવે શું કરવું ? નિશ્ચય મારા મનમાં પાકો. લાખ રૂપિયા મેળવવા હતા. શી રીતે ? ત્યાં નંદુભાઈના મોટા ભાઈ હતા. એમને મારા માટે બહુ લાગણી નહિ, પણ નંદુભાઈને લીધે મારા પર સાધરણ લાગણી રાખે ખરા. એમની દુકાને હું ગયો, તો કહે, 'મોટા, કેમ પધાર્યા, નંદુને એકલો મૂકીને ?' મેં કહ્યું કે 'આવા કામ માટે આવ્યો છું.'

એમની પાસેથી નામ-સરનામાં મેળવીને મુંબઈના માણસોમાં કેટલાને મળવું તે નક્કી કરી લીધું. એ બધાંને મળી લીધું. એ બધાંએ પ્રેમથી પૈસા આપ્યા. રોજ હું તો બધાંના કાગળ ઘેર વાંચી વાંચીને, એ બધાંને ટ્રેનમાં બેઠાં બેઠાં જવાબ

લખું. ગાડીમાં જ સંગાથ મળે. એ લોક મને પૂછે, ‘શું લખ લખ કરો છો ? ઊંચું જ જોતા નથી ?’ હું કહું, ‘આ જુઓ વાંચો.’ એ મને પૂછે, ‘તમે કેમ નીકળ્યા છો ?’ ‘આટલા માટે.’ એમ કહું. ‘ચાલો અમારે ત્યાં.’ એમ કરીને મને લઈ જતાં. કોઈક ચાર હજાર રૂપિયા, કોઈ પાંચ હજાર, કોઈ દસ હજાર-આવું પેલો માણસ કરી આપે. બધું એ જ કરે. મારે કંઈ જ તકલીફ ન કરવી પડે. બેચાર દિવસ પેલો માણસ કરી આપે. ફરી કોઈક બીજો એવો જાગે. એમ બધું ચાલ્યા કર્યું. એવામાં ઠક્કરબાપા ત્યાં આવેલા. મને થયું કે એમને મળી આવું. હું ઠક્કરબાપાને મળ્યો. તેમણે કહ્યું, ‘મેં જાણ્યું કે તું આવું કામ કરે છે. રાજી થયો. બીજું કોઈક હોત તો હું છાપાંમાં આપત, પણ હું તને જાણું છું. પૈસા નથી તે ઉઘરાવે છે. આજે જ તને પ્રમુખ બનાવી દઉં. એ રૂએ તું તારું કામ કરી શકે. પૈસા ઉઘરાવી શકે.’ મેં કહ્યું, ‘મારે કોઈ હોદ્દેદાર થવું નથી. એ થયા સિવાય મારે ઉઘરાવવું છે.’ તો કહે, ‘હું દિલગીર છું. હું તને મદદ નહિ કરી શકું.’ ‘તો કંઈ વાંધો નહિ. મારે તો હજાર હાથવાળા ધણીની મદદ છે. મને ભલામણનો કાગળ તો લખી આપો. કોઈ માગે તો બતાવાય.’ એમ મેં કહ્યું. તો કહે, ‘એ તને ના લખી આપું. કેવી રીતે લખી આપું ? કારણ કે તું હરિજન સેવક સંઘમાં સભ્ય નથી, મંત્રી નથી, શિક્ષક નથી, કંઈ નથી. તને કયા હોદ્દા ઉપર લખી આપું ?’ આજે તને પ્રમુખ બનાવી દઉં પછી તને લખી આપું.’ મેં કહ્યું, ‘મારે કંઈ કશું થવું નથી.’

તેમને મળીને હું મરીનડ્રાઈવ પર ગયો. કાઠિયાવાડના એક ભાઈ. એમનું નામ યાદ નથી. દર વર્ષે સંઘને બેત્રણ હજારની મદદ કરે. તેમને મળવા ગયો. એ મળ્યા. મેં એમને બધી વાત કરી. એમણે કહ્યું, ‘તમને હું પૈસા આપું. આપું છું તેના કરતાં બમણા આપું, પણ હમણાં મારા પૈસા સરકારે જપ્ત કરી લીધા છે. ત્યાં છોકરાં ભૂખે મરે છે. તે વાત સાચી. તમે કશા કંઈ હોદ્દા વગર કામ કરો છો તે વાત સારી છે, પણ

તમે રીઅલ માણસ છો અને બદમાશ નહિ હોવ તેની શી ખાતરી ?' આ સાંભળીને હું બહુ રાજી થયો. જ્યારથી આપણો સમાજ આવી ચોકસાઈ કરીને પૈસા આપશે ત્યારથી સારું થશે. અને નકામા માણસો આવી રીતે ઉઘરાવતા બંધ થઈ જશે. ચોકસાઈ કરી તેથી રાજી થયો. પછી કહે, 'તમે શું કરશો ? તમે યોગ્ય માણસ તો છો.' મેં કહ્યું, 'કંઈ વાંધો નહિ. જે કંઈ સૂઝશે તે કરીશું.' પછી થયું કે આને તો ઠક્કરબાપા ઓળખે છે. ઠક્કરબાપા એ વખતે પૂના હતા. ત્યાં તેમની મિટિંગ હતી. હું તો ઊપડ્યો સીધો પૂના. જે ક્વૉર્ટર્સમાં જ્યાં ઠક્કરબાપાનો નિવાસ હતો, ત્યાં જઈ એમને મળ્યો. ચિઠ્ઠી મોકલી, તરત જ બોલાવ્યો, મળ્યો. 'કેમ ચૂનીલાલ, શું થયું ? કેટલા ઉઘરાવ્યા ?' મેં કહ્યું, 'એક વાત કહેવા આવ્યો છું. એક ઠેકાણે ગયો હતો. આપ તેમને ઓળખો છો. દર વખતે આપણને-હરિજન સેવક સંઘને- ત્રણથી ચાર હજાર રૂપિયા આપે છે એમને ત્યાં ગયો. તો કહે, 'સરસ. એ બહુ સરસ માણસ છે. તને પૈસા આપશે.' પણ તેમણે મને કહ્યું, 'તું બદમાશ નહિ હોય તેની શી ખાતરી ?' તેમણે કહ્યું, 'તેણે આવું કહ્યું, 'મેં કહ્યું, 'હા.' તો તરત જ તેમણે પૅડ હાથમાં લઈ લખ્યું. તેમણે જાતે જ લખ્યું. તેમના મંત્રીને પણ ના કહ્યું-આ ચૂનીલાલ આશારામ ભગત હરિજન સેવક સંઘમાં પહેલાં મંત્રી હતા. ખૂબ સરસ માણસ છે, પ્રમાણિક છે. ખૂબ સારું કામ કરતા, ભગવાનના ભક્ત છે.' એ બધું લખ્યું....'માટે જે કોઈને આ મળે તેમણે અત્યારે આ કપરા કામમાં મદદ કરવી એવી મારી ભલામણ છે.' નીચે એમનું નામ-અમૃતલાલ ઠક્કર-લખ્યું. પહેલાં એ ના કહેતા હતા. પછી પેલા ભાઈને એ લખાણ બતાવ્યું. તેમણે છ હજાર રૂપિયા આપ્યા. પછી મારું કામ પણ ઘણું સારું ચાલ્યું. પછી 'જન્મભૂમિ'માં એ કાગળ છપાવ્યો.

પછી મારા મનમાં થયેલું કે જ્યારે આવું કંઈ સંકટ આવે ત્યારે આપણે વિચાર નહિ કરવાનો. હમણાંથી (૧૯૬૧થી) દર વર્ષે ધીરે ધીરે શરૂઆત કરી. પહેલું મેં ૨૫,૦૦૦નું દાન

જાહેર કરેલું. ત્યારથી તે અત્યાર સુધી (૧૯૭૪) દર વર્ષે જે સંકલ્પ લઉં તે દર વખતે કોઈ ને કોઈ એવા માણસો મળ્યા કરે કે કામ થઈ જાય.

અત્યાર સુધી કોઈ ને કોઈ મને એવા મળ્યા જ કર્યા અને આ ઉત્સવો થયા કર્યા અને તેનાથી મને બહુ ફીડ-અપ (ટેકો) મળ્યો. મારી સાથે લાગણીમાં જોડાયેલા લોકોને પણ ઉત્સાહ થાય અને એ નિમિત્તે મદદ કરતા હતા. ઓચિંતા ઓચિંતા પૈસા મળે છે. એ લક્ષણ પણ મને સારું લાગે છે. મને એવું લાગે છે કે આ ભગવાનનું પીઠબળ છે. પ્રત્યક્ષ અનુભવ થાય છે.

પહેલવહેલો અનુભવ મને ૧૯૪૨માં થયો. મને આ પૈસા મળી શક્યા. બિલકુલ લાગવગ નહિ. ઘણીવાર તો ચાલતો જઉં. નંદલાલે કહ્યું, 'તમે બિલકુલ ચાલો નહિ. મોટરમાં જાઓ, વિક્ટોરિયામાં જાઓ, પણ બિલકુલ ચાલો નહિ.' નંદલાલે જ મને ફરવા માટે ઘણા પૈસા આપેલા, કારણ કે હું ફંડફાળામાંથી તો પૈસા લઉં નહિ. એટલે ઘણું બધું ચાલીને જઉં. કોકવાર વિક્ટોરિયા કરું. જો બહુ દૂર જવાનું હોય તો મોટર કરું, પણ એ ત્રણ મહિનામાં મારું બાવીસ શેર વજન ઘટી ગયેલું. મહેનત બહુ કરેલી. શેષ ૬૧-૬૫

૨

આ વખતે પૂજ્ય બાપા મુંબઈમાં હતા, તેમને મળ્યો હતો. રૂપિયા ૧૧,૦૦૦/- ઉપરાંતની રકમ તો થઈ ગઈ હતી. હજી પણ વધારે રકમ એકઠી કરવાની જરૂર હતી. કોઈકે મને શ્રી મફતલાલ ગગલભાઈનું નામ સૂચવ્યું. પૂજ્ય બાપાને મેં તે વાત જણાવી. તેમણે મને કહ્યું કે 'તેમની કને ગયેલ હોવા છતાં મને તો એક પણ પૈસો તેમના તરફથી મળ્યો નથી, જો તું લઈ આવી શકે તો તને ઘણી ઘણી શાબાશી આપું.' ભાઈ ખંઢેરિયા મારી સાથે હતા. શેઠશ્રીના જે મુખ્ય કર્તાહર્તા હતા, તેમના પર વિશેષ લાગવગ કોની પહોંચે છે તે કેટલાક તેમના સંબંધમાં આવેલાને મળીને ખોળી કાઢ્યું અને તેવી લાગવગ લઈને તેમને

મળ્યો. મેં તેમને ભાવનાપૂર્વક ગુજરાત હરિજન સેવક સંઘની બધી હકીકત સમજાવી અને રૂપિયા ૧૦૦૦ની રકમ મળી. ભાઈ ખંઢેરિયાએ આમાં ઘણી મદદ કરી હતી. આ રકમ મેળવીને પૂજ્ય બાપાને અમે બન્ને તરત મળેલા. અમે હજારની રકમ લઈ આવ્યા. તેથી, પૂજ્ય બાપાને ઘણો આનંદ થયો.

પૂજ્ય મોટા ભાઈએ સ્વતંત્રપણે ઉમંગે કરીને પૂજ્ય મામાને ત્રિચિ લખેલું કે 'ઝવેરી બજારમાંથી સંઘ સારુ ઉઘરાણું કરાવી આપવું.' તે મુંબઈ આવ્યા ત્યારે ફોનમાં મેં કહ્યું કે 'તમને તસ્દી આપવાનું દિલ થતું નથી, કારણ કે હવે બાકીની રકમ તો મળી રહેશે.' અને સાંજે પછી તેમને પેઢીએ મળ્યો હતો. તે કહેવા લાગ્યા કે 'આ વખત જ એવો છે કે પૈસા ઝટ મળી જાય.' એટલે મને થયું કે 'તેમને જરા અનુભવ થાય તો સારું.' એમણે કહ્યું કે 'તમારે જો વધારે રકમ હજી કરવી હોય તો તમને હું બેચાર ઠેકાણે લઈ જઉં.' મેં કહ્યું, 'જો તમને સંકોચ ન થતો હોય તો એ તો સોનાથી વધુ રૂડું શું ?' ઝવેરી બજારમાં ભીલ સેવામંડળ, કાઠિયાવાડ હરિજન સેવક સંઘ, રાજકોટનો ગાંધી જન્મદિનનો થેલીફાળો એમ બધા મળી ચારપાંચ ફાળાઓ થઈ ગયેલા છે. પૂજ્ય મામા મને ચારપાંચ ઠેકાણે લઈ ગયા. છતાં કશું મળ્યું નહિ. મારા પરના પ્રેમના કારણે કરીને આ કામ તેમણે માથે લીધેલું. એવા દિવસ પણ મને તો જાય છે જ્યારે ખૂબ રખડપટ્ટી થઈ હોય, છતાં કશું ન મળે. કંઈ કશું ન મળે તો નિરાશા ન છવાય. કોઈ ગમે તેવું સંભળાવે તોપણ શાંતિ જળવાય. અહમ્‌ને આઘાત લાગે તેવું કોઈ વર્તન દાખવે, તોપણ સપ્રમાણ રહેવાય. આવા અનુભવો જેણે લેવા હોય તેણે આવું કામ સાધના તરીકે કરવું ઘણું જરૂરી છે. કરવા ધારેલી રકમ થતાં સુધી ધીરજ અને સહનશીલતાની ઠીક ઠીક કસોટી થઈ જાય ખરી. નિશ્ચયની મક્કમતા ન પ્રગટી હોય તો માનવી જરૂર ડગી પણ જાય. પૂજ્ય મામા મને ચારપાંચ ઠેકાણે લઈ ગયા અને કંઈ ન મળ્યું. તેથી, તેમણે મને કહ્યું કે 'તમારી ધારેલી રકમમાં ખૂટતી બાકીની

મારા પદર(પોતાના)માંથી આપી દઈશ.' પરંતુ તેમ કરવાને મેં આગ્રહપૂર્વક ના પાડી.

મુંબઈમાં ફાળાની બાબતમાં એક કિસ્સો બન્યો. એક મંડળના મંત્રી પાસે ફાળા માટે ગયો. તેમણે મને કહ્યું કે 'એકબે દિવસમાં મંડળની સભા થવાની છે. તેમાં તમે જો આવો તો મંડળના બધા સભાસદોને આ અંગે વાત કરી શકાય, અને જો તમારી હકીકત બધાને ગળે ઊતરી જાય, તો ત્યાં ને ત્યાં જ બધા સભાસદોની તમારા ફાળાની ટીપ થઈ જાય.' તેમની સભા થઈ ત્યારે તેમાં હાજર થયો. સભાનું રૂઢિ મુજબનું બધું કામકાજ પતી જતાં મંત્રીશ્રીએ બધા સભાસદોને મારી ઓળખાણ કરાવી. મારી હકીકત સહાનુભૂતિપૂર્વક સાંભળવા બધાને વિનંતી પણ કરી. ૧૯૪૨ના ઑગસ્ટની ૯મી પછી જે જે પ્રસંગ બન્યા અને ગુજરાતમાંથી એકેએક મુખ્ય રચનાત્મક કાર્યકર્તાને વીણી વીણીને પકડી લેવામાં આવ્યા છે અને તે કારણથી સંસ્થાના વિદ્યાર્થીઓ તથા સંસ્થાઓને કેમ નભાવવી તે એક મોટો પ્રશ્ન થઈ પડેલો છે. એ બધી હકીકત એવી ભાવનાથી કહી કે બધાના દિલમાં પ્રભુકૃપાથી કંઈક લાગણી જન્મી, અને ત્યાં ને ત્યાં જ બધાએ ફાળામાં પોતપોતાની રકમની નોંધણી કરી. તેમાં પ્રમુખ સાહેબે ૫૦૧/- રૂપિયાની રકમ સૌથી પહેલી ભરી અને બીજા બધાએ પોતપોતાની શક્તિ પ્રમાણે નાનીમોટી રકમ ભરી.

બેત્રણ દિવસ પછી પેલા પ્રમુખ સાહેબની પેઢી પર હું ગયો અને તેમને પ્રણામ કરી તેમણે બતાવેલી જગા પર બેઠો. તેમણે ૧૦૧/- રૂપિયાની રકમનો ચેક આપવાનું કહ્યું. હું તો આભો જ બની ગયો. ૫૦૧ ને બદલે ૧૦૧ જ કેમ ?' એમ પૂછતાં તેમણે જવાબ વાળ્યો કે 'જો મેં ૫૦૧ ન ભર્યા હોત તો તમારા ફાળામાં આટલી રકમ ન થઈ શકી હોત. તે રકમ ભરવાથી તમને તો લાભ થયો છે. તમને સારી રકમ મળે તેટલા હેતુથી ૫૦૧ ભરેલા, નહિ કે તમને તેટલી રકમ આપવાના હેતુથી.' આ સાંભળી દિગ્મૂઢ જ થઈ જવાયું. આવો અનુભવ પહેલવહેલો હતો.

મેં તો તેમને સદ્‌ભાવથી અને નમ્રતાથી કહ્યું કે 'મને તો ૫૦૧ ખપે. તે નહિ આપો ત્યાં સુધી હું તો આપની પેઢી પર આવીને બેઠો રહીશ.' તે પછી રોજ ને રોજ દસ વાગતાં એમની પેઢી પર જઈને બેસું છું. મારા પર આવેલા કાગળોના જવાબ લખવામાં એકધારો સમય ગાળું છું. એકબે વખત તો પ્રમુખ સાહેબ ઘણું બબડ્યા પણ ખરા. તે અંગે મેં કશું ધ્યાન આપ્યું નથી. રોજ આવીને તેમને પ્રણામ કરું અને જતી વખતે પણ પ્રણામ કરું. બધાના ગયા પછીથી અને તાળું વસાયા પછીથી હું રસ્તો માપું છું. આજે સાતમો દિવસ છે. દરરોજ હું તો મારો બધો સમય કાગળો લખવામાં ગાળતો હતો. તેઓ તે જોતા હતા.

આજે તેમણે મને પાસે બોલાવીને પૂછ્યું કે 'તમે રોજનું રોજ આટલું બધું શું લખલખ કરો છો !' મેં જણાવ્યું કે 'મારા કેટલાક મિત્રોના કાગળો મારા ઉપર આવે છે, તેના જવાબ રોજ ને રોજ લખું છું. આજના લખેલા કાગળો આપને જો જોવાનું દિલ હોય તો જોઈ શકો છો.' સાતેય દિવસ તેમણે મને સતત લખતો જોયો હોવાથી તેમને થયું હશે કે 'આ માણસ રોજનું રોજ આટલું બધું શું લખતો હશે !' એક પ્રકારની કુતૂહલતા પણ જન્મી હશે. તે કારણથી પ્રેરાઈ તેમણે મારા લખેલા કાગળો જોવા માંડ્યા અને જોતાં જોતાં કંઈક રસ પડવાથી વાંચવા પણ લાગ્યા. ઘણા ખરા કાગળો તેઓ જોઈ ગયા. અંતે તે બોલ્યા, 'વાહ, તમે તો કોઈ જ્ઞાની લાગો છો !' તમે તમારા મિત્રોને સાધનાના માર્ગનું જે જાતનું લખો છો તે ખરેખર ઉત્તમ છે. આવી સમજણ સાદી સીધી સરળ ભાષામાં ઉત્તમ ભાવના પ્રગટ કરતી તમે જે લખી છે તે મોટી હકીકત છે. તમે સાત દિવસ ધીરજ રાખીને બેઠા અને રોજ સવારસાંજ મને પ્રણામ કરતા હતા. મેં તમને બે કડવાં વચનો પણ કહ્યાં છે. તમારો આ મીઠો સત્યાગ્રહ મને જીવનમાં યાદ રહી જવાનો છે. તમારા શાંત સદ્‌ભાવયુક્ત વર્તનથી રાજી થયો છું. તેમાં તમારા આવા કાગળોનાં લખાણે ને તમારા પરત્વેના મારા સદ્‌ભાવે ઉમેરો

કર્યો છે. તમને સાત દિવસ તપાવ્યા તે માટે મને માફ કરશો. સાત દિવસ સુધી તમારું કામ મોકૂફ રહ્યું તેની મને દિલગીરી તો જરૂર છે. પરંતુ ૫૦૧ની રકમ કેમ કરીને ઝટ એમ ને એમ છૂટી શકે ! સાચી રીતે તો મને ૧૦૧ આપવાનું દિલ હતું, પરંતુ તમારી નમ્રતાએ અને તમારા સદ્ભાવે ૫૦૧ની રકમ આપવા મને પ્રેર્યો છે. તમને સાત દિવસ તમારાં કામમાંથી રોકી રાખવાને માટે ફરીથી તમારી માફી માગું છું.' એમ કહીને તેમણે આખરે રૂપિયા ૫૦૧/- આપ્યા.

તે મળતાં મને ઘણો આનંદ થયો અને પ્રભુનો ઉપકાર માની, પ્રાર્થનાભાવે ગદ્ગદ કંઠે આભાર માન્યો. આંખમાંથી આંસુ પણ પડ્યાં. પ્રભુની કૃપાનો તે પ્રસાદ જીવનને ધન્ય કરનારો હતો. આ પ્રસંગે મને ભગવાનની કૃપા અને તેની શક્તિનું ભાન કરાવ્યું. પેલા વેપારી સદ્ગૃહસ્થે ભલે મારાં સદ્ભાવ અને નમ્રતાને તે રકમ દેવામાં મહત્ત્વની ગણાવી હોય, પરંતુ મહત્ત્વનું સાચું રહસ્ય તો શ્રીભગવાનની કૃપાનું હતું. એ ધન્ય પળ જીવનમાં સદાય જીવતી રહેવાની. શ્રીભગવાને આવી મારી કદર કરી તે કંઈ નાનીસૂની વાત છે ?

૩

હરિજન સેવક સંઘ મારી કદર કરે કે ન કરે તેનું મૂલ્ય મારે મન કશું નથી. મેં પોતે આ કામ મારા પોતાના ધર્મને માટે લીધેલું છે, નહિ કે સંઘને કારણે કે પરીક્ષિતલાલ કે ઠક્કરબાપાને કારણે. આ કઠણ કાળમાં જ્યારે ખાદી પહેરીને ફરવું એ આજે મુંબઈમાં નહિવત્ બની ગયેલું છે. તેવા સમયમાં ખાદીની ટોપી અને ખાદીનું પહેરણ પહેરીને ફરવાનું રાખ્યું છે. પોલીસની હેરાનગતિ પ્રેમથી સહેવી પડી છે. માર પણ ખાધો છે. મારબાવડી પોલીસ ચોકીમાં રહેવું પડ્યું છે. શરીરની પણ હેરાનગતિ છે. વજન ૧૧૭માંથી ૯૭ થઈને ૨૦ શેર ઘટ્યું છે. આવું બધું હોવા છતાં અને આવું કરવા છતાં તેની કદર કોઈ કરે એવી આશા-અપેક્ષા મુદ્દલે નથી. પરીક્ષિતલાલ

તથા ઠક્કરબાપા સજ્જન છે. સજ્જન પુરુષ યોગ્ય કર્મની કદર કર્યા વિના રહી શકતા નથી એવો મને વિશ્વાસ છે, તે વળી જુદી વાત છે.

આ કામ હાથમાં લેવાથી મને તો એ જ્ઞાન મળ્યું છે કે જે કોઈ અનુભવી છે તે પોતાને મળેલા યોગ્ય ધર્મનું ગમે તેવી આફતો હોવા છતાં પરિપાલન કરવાનો જ. તે કશાથી અલગ રહી ન શકે. તે તો બધામાં તેવો તેવો કાળ પાકતાં સમરસ થાય. અલગ હોય કે અલગ થાય તેને અનુભવી કેમ કહેવાય? એનાં તટસ્થતા અને તાદાત્મ્ય કોઈની સાથે સરખાવી ન શકાય તેવાં હોય છે. (મંથન ૧૧૫-૧૧૮)

પૂજ્ય બાપાએ કહ્યું કે 'ગઈ સાલના હિસાબમાં ત્રણ હજારની ખોટ હતી. એટલે તારે મુંબઈથી ઝટ ભાગી જવાનું નથી, પણ ધીરે ધીરે ભેગું કરવાનું રાખવું. તને તો કોઈક ને કોઈક મળી રહેશે. પૂરેપૂરો પ્રયત્ન કરીને મથજે. કંટાળી જઈશ નહિ. ઓળખાણ-પિછાન વિના, લાગવગ વિના, એકલે હાથે તું આટલું કરી શક્યો છે, તે ઘણું ઘણું છે.' પરિસ્થિતિ આવી છે. એટલે વધારે રકમ એકઠી કરવાને મંડવાનું છે. (મંથન ૪૫)

૪

આજે શ્રી જીવણલાલ મોતીચંદ ઍલ્યુમિનિયમવાળાને ત્યાં ફાળા સારુ ગયો હતો. તેમને ત્યાં પૂજ્ય ગાંધીજીના નિકટના સહવર્તી તરીકે જેમણે ઘણાં વર્ષો ગાળેલાં છે અને જેઓ ગુજરાતી ભાષાના એક સારા વિદ્વાન લેખક તરીકે જાણીતા છે, તેઓ પણ ત્યાં બેઠેલા હતા. તેઓ કદાચ સ્વાતંત્ર્ય યુદ્ધની ભૂગર્ભની પ્રવૃત્તિમાં હોય, કારણ કે ખુલ્લે ખુલ્લા જો બહાર રહ્યા હોય તો સરકારે તેમને જરૂર પકડી લીધા હોત. મેં તો શ્રી જીવણલાલભાઈને હાલની પરિસ્થિતિની બધી હકીકત જણાવેલી, અને એમ પણ કહ્યું કે 'આ કામકાજ એક શુદ્ધ ધર્મભાવનાથી પ્રેરાઈને પ્રભુકૃપાથી કરી રહેલો છું. મુંબઈનું બસ-ગાડી વગેરેનું ખર્ચ પણ પદર(પોતાનું)નું છે. કંઈ પણ

વેતન વિના માત્ર પ્રભુપ્રીત્યર્થે આ કામ માથે લીધેલું છે.' આટલું કહેવાનું પૂરું થતાં પેલા બેઠેલા વિદ્વાન વડીલ સ્વજને કહ્યું કે 'હાલની પરિસ્થિતિમાં બીજી કોઈપણ પ્રવૃત્તિને સ્થાન નથી. સારાયે હિંદુસ્તાનનું લક્ષ એકાગ્ર અને કેંદ્રિત આ પ્રવૃત્તિમાં જ રહેવું જોઈએ. તેવા સમયે તમે આ વળી બધું કાં લઈ બેઠા છો ?' આવી જાતનું ઉત્તેજિત બનીને અડધા કલાક સુધી મને પ્રવચન કર્યું. પ્રભુકૃપાથી શાંત અને મુગ્ધભાવે તે બધું સાંભળ્યા કર્યું. તેમનું સંભાષણ પૂરું થયા પછીથી શ્રી જીવણલાલભાઈને ફરી મેં વિનંતી કરી કે 'આ કપરા કાળમાં આશ્રમોનાં બાળકો સારુ અને હરિજનની ઈતર પ્રવૃત્તિઓને ચલાવવા માટે નાણાંની ઘણી જરૂર છે. જે કર્મને માટે પોતાની પસંદગી છે અને જે કર્મને જે વરેલો છે તે કર્મ તેને માટે શ્રેષ્ઠ છે.' તેમણે મને... રકમનો ચેક આપ્યો. તેમનો આભાર માની ત્યાંથી રવાના થયો.

પેલા વડીલ સ્વજનને તે પછી મેં એક કવિતા લખીને મોકલી આપી... મંથન ૮૯-૯૦

*...જેણે સાચું નિજ જીવનનું કાર્ય જે ઊર્ધ્વગામી*
*માન્યું, તેમાં નિજ જીવનનું સર્વ કાંઈ સમર્પ્યું.*
*છોને ફાવે કંઈ પણ ભલે ક્ષેત્ર તે હો ગમે તે,*
*સેવા એવો પણ જગતની એની રીતે કરે છે.*

*જેનાથી કૈં જગત પરનાં સર્વ સામાન્ય એવાં,*
*જેઓ જેઓ નિજ જીવનમાં કૈંક સામર્થ્ય પામ્યાં,*
*એવી શક્તિ ગૂઢ, સકળને જે રમાડી રહી જ્યાં,*
*તે શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં.*

આ મારી કવિતા વાંચીને તેમણે નીચે મુજબનો પ્રત્યુત્તર આપેલો છે.

મુંબઈ, તા. ૨૦-૧૧-૧૯૪૨

'સ્નેહી ભાઈશ્રી... તમારી કવિતા મને મળી.વાંચી ઘણો રાજી થયો. કર્મ એ જ યોગ અને એ જ જીવનનું સાચું રસાયણ છે. સેવા સીડી છે, કર્મ સામગ્રી છે. માણસ સતત કર્મ અને

સતત સેવા કરીને જ ઘડાય છે. એ તમારી ભાવનામાં હું મળતો છું. તમારી આગળ મેં મારા અંતરના ઉદ્ગારો કાઢ્યા તે એટલા જ હેતુથી કે દરેક સાચો માણસ પોતાના અંગીકૃત કાર્ય પાછળ મરી છૂટતો હોય ત્યારે બીજા કશા તરફ વળવા, જોવા કે વિક્ષેપ પામવાનો એને અવકાશ જ ન હોવો જોઈએ. છતાં સૌ સૌનાં અંગીકૃત કર્મો જુદાં જુદાં હોઈ શકે. માણસે કરેલી પસંદગી યથોચિત થઈ છે કે કેમ તે બીજાએ ન જોવું, પોતે જ જોવું.

'तृणादपि सुनीचेन तरोरिव सहिष्णुता ।'

તરણાની પણ નીચે રહેવાની નમ્રતાવાળા અને તરુવર જેટલી સહનશીલતાવાળા સેવકો સમાજના ભૂષણરૂપ છે. તમારાં કામમાં તમને સફળતા ઇચ્છું છું.

લિ. સેવક...

આવો તેમનો કાગળ મળ્યો તેથી ઘણો આનંદ થયો છે. તેમણે સાચી વસ્તુ સ્વીકારી અને સદ્ભાવયુક્ત નમ્રતા દાખવી એ સદ્ગુણ આપણને સદ્બોધરૂપ છે.

શ્રી જીવણલાલભાઈને હું તો ઉદ્દેશી રહ્યો હતો. મને કહેવા-કરવાનો ધર્મ શ્રી જીવણલાલભાઈનો હતો. વચ્ચે પેલા સેવક ભાઈને ટપકી પડવાનું કોઈ કારણ ન હતું, પરંતુ આ ૧૯૪૨ના સમયમાં દેશની આઝાદી માટેની પ્રગટેલી તમન્નાએ તેમને આ રીતે બોલવા પ્રેરાવ્યા. કર્મનો વિવેક કેટલો સૂક્ષ્મ છે તે અનુભવી વિના કોઈ ન પ્રીછી શકે.

મંથન
૯૨-૯૩

૫

હરિજન સેવક સંઘના ફાળાની રકમ દસ હજાર સુધી થવા આવી છે. આ અઠવાડિયામાં એક રમૂજી પ્રસંગ બન્યો તે લખું. એક ઘણી મોટી સુપ્રખ્યાત પેઢીના શેઠની ઑફિસે જવાનું થયું. નામ લખીને પટાવાળાને આપ્યું. સાડા અગિયારથી ચાર સુધી રાહ જોતો બેસી રહ્યો, પણ અંદર આવવાને કે જવાને કોઈએ બોલાવ્યો કર્યો નહિ. ધીરજને પણ મર્યાદા હોય છે

અને કામમાં તો ખાસ. મેં વિચારી લીધું કે 'અંદર પ્રવેશ કરતાં તે મળવાની ના પાડશે તોપણ ભલે, કાઢી મુકાવશે તોપણ આનંદ, પરંતુ હવે તો અંદર ઘૂસવું તે ઘૂસવું જ, એવો દૃઢ વિચાર કરી, હું તો અંદર પેસી ગયો. પાછળ કારકુન અને પટાવાળો બન્ને દોડતા આવ્યા, 'સાહેબ, આ માણસ રજા વિના એમ ને એમ ઘૂસ્યો છે.' શેઠ સાહેબ એમ ને એમ રજા વિના ઘૂસી આવેલ છે, એમ જાણતાં ભવાં ચડાવ્યાં અને મને ધમકાવીને કહેવા લાગ્યા, 'ગામડિયો છે કે કોણ છે ? રજા વિના અંદર ન અવાય એટલું પણ જાણતો નથી ? શું ભણ્યો છે ?' ભણવા કરવાની હકીકત જાણતાં તો તેમણે મને ખુરશી પર બેસવાને કહ્યું. પછી મેં જણાવ્યું કે 'સાહેબ, આ ભાઈઓ કહે છે તે હકીકત સાચી છે, પરંતુ સાડાઅગિયારથી ચાર સુધી આપની ઑફિસ બહાર તપ કર્યું છે. મારી હકીકત કૃપા કરી જો સાંભળો તો બે મિનિટમાં સંભળાવી દઉં.' તે શાંત રહ્યા, એટલે મેં ઝટઝટ ભાવપૂર્વક કહેવા માંડ્યું કે 'આ કારમા સમયમાં સરકારે એકેએક મુખ્ય કાર્યકર્તાને જેલમાં પૂરી દીધા છે. ગુજરાતમાં કેટલાક હરિજન આશ્રમો છે અને સાબરમતીનો આશ્રમ પણ છે. ત્યાં એક મોટું હરિજન કન્યા છાત્રાલય પણ ચાલે છે. આ બધા આશ્રમોના વિદ્યાર્થીઓનું ભરણપોષણ કરવાને માટે તથા શિક્ષકોના વેતન માટે પૈસાની ઘણી ઘણી જરૂર છે. હાથ પર કશી સિલક નથી. વિદ્યાર્થીઓને ખવડાવીશું શું ? એવો મુશ્કેલીનો પ્રશ્ન છે. હું સંઘનો પગારદાર નથી. મુંબઈમાં દાન ઉઘરાવવા માટે હરવાફરવાનું જે ખર્ચ થાય છે તે પણ પદર(પોતાનું)નું છે. આવા કપરા કાળમાં આવી સંસ્થાઓને નભાવવી એ સમાજનો ધર્મ છે. માટે, આપને વિનંતી કરું છું. મને પ્રભુકૃપાથી અને આપના આશીર્વાદથી વિવેકનું જ્ઞાન છે, પરંતુ ચારપાંચ કલાક થવા આવ્યા છતાં આપને મળવાની તક સુધ્ધાં ન મળે તેથી આ અઘટિત પગલું લેવાયું છે તો મને ક્ષમા કરશો !' આ સાંભળી શેઠ સાહેબે તે કારકુન અને પટાવાળાને કહ્યું કે 'હવેથી મને મળવા આવનારને અડધા

કલાકથી વધારે થોભવું ન પડે એમ કરજો. આ નિયમને બરાબર પાળવાનો છે, તેનું ધ્યાન રાખજો.' એમ કહીને મારે એટલો બધો વખત ખોટી થવું પડ્યું તે બાબત તેમણે ક્ષમા માગી. આ તેમનાં સદ્ભાવ અને સજ્જનતા ભુલાય તેવાં નથી. સંઘને માટે દાનની રકમનો-સારી રકમનો ચેક પણ સાથે સાથે લખી આપ્યો. આમ, કેટલીક વખત સમજીને જ્ઞાનપૂર્વક અવિવેકનું
મંથન ૧૨૧-૧૨૨ પગલું પણ ભરવું પડે છે. તેમાં સાહસ, હિંમત અને પ્રેરણાની પણ જરૂર ખરી.

૬

શરીરથી વેશ્યા હોય છે એમાંય ઘણી સમજુ હોય છે. મને પોતાને તો કંઈ અનુભવ નહિ, પણ ૧૯૪૨ની સાલમાં હરિજન આશ્રમને માટે પૈસા ઉઘરાવતો. હેમંતભાઈની બહેનને ત્યાં ખારમાં મુંબઈમાં રહેતો. રોજ સવારે હું વહેલો નીકળી જઉં. એક દિવસ જે ગાડી હાથમાં આવી તે પકડી લીધી. થર્ડ ક્લાસમાં બધી બહેનો બેઠેલી. પછી હું તો ત્યાં બેઠો. ત્યાં મારા પર જે કાગળ આવતા તે ગાડી ચાલતી હોય તોય એના જવાબો લખું. પછી તો બીજા બધાંને ત્યાં જવાનું. ત્યાં વાતો કરવાની. આથી, વખત મળે નહિ. તેથી, જે તે કંઈ વખત મળે તેનો બહુ જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી લેતો. તે એક બાઈ હતી. તેણે પૂછ્યું, 'ભાઈ, આ શું લખો છો ?'

'મારા મિત્રનો કાગળ આવેલો તેનો જવાબ લખું છું.'

'તો બીજે ઠેકાણે નિરાંતે લખવાની તમને નવરાશ નથી મળતી ?'

'ના બહેન, હું આવું કામ કરું છું.' એમ કહીને બધાંને મારે સમજાવવું પડે. ૧૯૪૨ની લડતની આખી વાત એને સમજાવેલી. તે બધું સમજાવવું પડે.' 'તે અત્યારે ક્યાં જશો ?' 'મને ખબર નથી. ઊતર્યા પછી જે કોઈનો સંગાથ થતાં તેની સાથે જતો રહીશ. બીજો કોઈક બતાવશે તો ત્યાં જઈશ. મારી

પાસે કોઈ યોજના નથી કે અમુક ઠેકાણે જ જવું.' તો કહે, 'અમારે ત્યાં આવશો ?'

'હા, તમારે ત્યાં આવીશ. મારે શું ? વાંધો નથી. તમે અમારા હિંદુસ્તાન દેશના નાગરિક છો. તમે આમાં મદદ કરો એ જરૂરી છે.'

'અમે તમને મદદ કરીશું.'

મને લઈ ગયા. પછી મને બેસાડ્યો. મને કહે, 'ચા પીશો ?' મેં કહ્યું, 'હા, ચા પીશ, પણ જરા ધોઈબોઈ અને વાસણ સ્વચ્છ કરીને આપો.' મારા દેખતાં જ વાસણ ધોયું. મારા દેખતાં જ સ્ટવ ઉપર ચા મૂકી. મેં પીધી. અને બે હજાર કે ૨૭૦૦ કે એવા એકઠા કર્યા. ત્યાં જે કંઈ વાતચીત થઈ તેના પરથી એમ લાગે કે બહુ સમજુ બહેનો હતી ! આ શરીર વેચનારાં તો સંજોગોને આધીન છે. આપણે મનથી માનીએ કે આ કેટલાં બધાં નીચ, તે તદ્દન ખોટી વાત છે. આપણે કોઈને એ રીતે સમજવું ના જોઈએ. આપણે આપણી મનની વૃત્તિથી કેટલીય વખત આવું કામ કર્યું હશે ! સાકાર રીતે ના કર્યું હોય. સાકાર રીતે-પ્રત્યક્ષ રીતે પેલાં બહેનો કરે છે. ભલે શરીરથી એવું ના કર્યું હોય પણ મનથી કેટલીય વાર થયું હોય. તો શરીરથી કર્યું એ સારું છે. બુદ્ધિથી એવું કંઈ થાય એમાં એનું પતન વિશેષ થાય છે. જન્મ ૮૩-૮૫

❑

ખંડ-૮

# ચેતનભાવનો આવિર્ભાવ

■

ખુદ ભગવાન પણ પ્રકૃતિ દ્વારા લીલા કરી રહી ખેલતો હોય છે, એટલે મારા જેવાને પણ સૌ સૌની પ્રકૃતિ દ્વારા જ કામ લેવું પડે છે.

પાથેય
૧૬૮

***શ્રીમોટા***

■

*ભગતમાં ભગવાન : ૨૯૯*

એમ નક્કી જાણજે.

■

'આ કંઈ માટીનું પૂતળું નથી, પરંતુ ચેતનનું લાક્ષણિક અંગ છે.' એવી ભાવના જ્ઞાનપૂર્વક દઢાવી દઢાવીને એનું મનન, ચિંતવન જો થયા કરે અને એ શક્તિ જો ઉપયોગમાં લીધા કરાય તો એની મદદ મળવાની જ છે, એમ નક્કી જાણજે.

**શ્રીમોટા**

મંડાણ
૧૩૩

૧

મારી નિષ્ઠા-મારું જીવન ચોખ્ખું છે. 'ઘસ્યું ઓસડ અને મૂંડ્યો જતિ'ની માફક હું આવ્યો નથી. મારી સાથેના સંપર્કવાળા કેટલાયે માણસો દેશમાં છે. મને ગાળો દેનાર, અન્યાય કરનાર સાથે પણ મેં તેટલો જ પ્રેમ રાખ્યો છે. તેઓ કબૂલ કરે છે. ગુરુમહારાજે મને મોટાઈ લાવવા ન દેવાની આજ્ઞા કરી છે. મને મોટા ભાઈ કહેવા લાગ્યા. મેં ના પાડી. આશ્રમમાં પરીક્ષિતલાલભાઈને બધાં 'મોટા ભાઈ' કહેતાં, એટલે મિત્રોએ 'મોટા' નામ રાખ્યું. આખરે કોઈ નામની તો શરીરને જરૂર ખરીને ? મેં કહ્યું હતું કે જેમ ટૂંકું હશે તેમ મને ગમશે, એટલે 'મોટા' એ નામમાં કંઈ મોટાઈ નથી. મેં ક્યારેય મોટાપણું
મૌ.કેડીએ કર્યું નથી. ભગવાન જાણે છે અને હું જાણું છું. કદીયે કોઈને
૪૩ જાણવા દીધું નથી. ભક્તિ પ્રગટ્યા સિવાય જાણી પણ ન શકાય.

આજે આ સંસારમાં, મારા વિશે ગમે તેટલું, ખરાબમાં ખરાબ બોલતા હોય, વિચારતા હોય, તોય તેને પણ હું ચાહું છું, એવું કબૂલ કરનારા પણ છે. હું ચાહ્યા વિના રહું નહિ. મારાથી રહેવાય નહિ, કોણ જાણે કેમ, પણ મને સાચું લાગે
તદ્રૂપ છે કે ભગવાનનું એ જ લક્ષણ છે કે તે દરેકને ચાહે છે ! એવું
૭૫ નહિ કે સાચાને જ ચાહે છે. ખોટાને પણ ચાહે છે. કોઈક દિવસ એમાંથી એનો ઉદ્ધાર થવાનો છે.

૨

તમે જે લાગણી આ જીવ પરત્વે રાખો છો તે 'મોટા'ને નામે ઓળખાનારી વ્યક્તિ પરત્વે નહિ, પરંતુ તેનામાં જે ચેતનભાવ પ્રગટેલો છે તે ભાવ પરત્વે, અને તે ભાવના આવિર્ભાવ પરત્વે તે લાગણી રાખો છો. તો દિલમાં એવા
દર્શન ૧૪૪ ભાવની ભાવનાને દૃઢાવવાને સચેતન થવું.

3

મને સંત ગણવાની દૃષ્ટિ રાખવાની નથી. સંત એ પણ એક ઉપાધિ અને મર્યાદા છે. સંતનો જે અર્થ સમાજમાં પ્રચલિત છે, એમાં ઘણી ઘણી ભ્રમણાઓ રહેલી છે. માટે, આ જીવ વિશે તેવું માનવાની જરૂર નથી. મંથન ૧૧૦

આ જીવને તો પવિત્ર પ્રેમભાવનાવાળું જીવન ઘણું જ ગમે છે. જ્યાં પ્રેમભાવ નથી એવા 'સંતબંત મારે થવું નથી. મારે તો પ્રેમની નદીમાં બસ નાહ્યા જ કરવું છે. એવું નાહ્યા કરવામાં જે રસની રેલમ છેલમ થાય છે, એની તોલે તો શું સરખાવી શકાય ! એટલે આ જીવને તો પ્રભુકૃપાથી જ્યાં ત્યાં એવો નીતરતો પ્રેમભાવ એકબીજામાં-પરસ્પર હૈયાંમાં પ્રવર્ત્યા કરે એવું જ અનુભવવાનું દિલ રહ્યા કરે છે. સંસારમાં જન્મીને આપણને જે જે પોતાનાં મળ્યાં છે, તેમને તેમને માટે હૃદયના ઉમળકાથી સર્વસ્વ કરી શકીશું તો જ આપણે પ્રભુ માટે કરી શકવાનાં છીએ. એટલે સંસારમાંનાં આપણાં પોતાનાં જે મળેલાં છે તેમને માટે જે કરીએ તે શ્રીપ્રભુ માટે જ કરીએ છીએ, એવી હૃદયની જીવતી ધારણા અને પ્રેમભાવ તેના લક્ષ્યાર્થમાં જ જીવતો પ્રગટાવ્યા કરવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ કેળવ્યા કરીએ, તો સંસાર અને પ્રભુભક્તિ-એ બન્ને કામ સાથે સાથે થઈ શકે, એવો આ જીવનો તો અનુભવપૂર્વકનો વિશ્વાસ છે. જે માનવી પોતાનાંને માટે સર્વ કંઈ કરી શકવાની થનગનાટ કરતી પ્રેમભાવના ધરાવી શકતો નથી, તે,-પ્રભુ જે અવ્યક્ત છે, ન કળી શકાય એવો છે, એને માટે શું કરી શકવાનો હતો? પ્રવેશ ૧૯૮-૧૯૯

મારાં સ્વજનને, કોઈને, હું પોતે 'સંત' છું એમ મેં કહેલું નથી. હું તો કશુંય નથી. પોતે પોતાને પૂરેપૂરું જે કોઈ જાણશે અને અનુભવી શકશે તે બીજા જીવને પણ જાણી શકશે. બાકી તો સારુંય જગત Impressionsથી જ-મન ઉપર પડેલી છાપથી જ-એકબીજાને સમજવાનું અને જાણવાનું કરે છે. અને એવી કોઈપણ વ્યક્તિ વિશેની આપણને થયેલી સમજ તો અધૂરી જ

રહેવાની. જ્યાં લગી માનવીના જીવનનાં સર્વ પાસાં, એના જીવનની સળંગતા અને એના હૃદયના આધારની હકીકત પ્રેમભક્તિભાવે અનુભવાય નહિ, ત્યાં લગી કોઈનાય વિશે મત બાંધવાનું કરવું કે કોઈનાય વિશે અમુક પ્રકારનો અભિપ્રાય ચોક્કસપણે બાંધવો, આપવો કે માનવો તે તેને અન્યાય કરનારું છે. હું કદી, પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોને તેમના સ્વભાવના દોષ વિશે, ટોકું છું-તો તે તેમને તેમના તેમના જીવનના યોગ્ય માર્ગે પ્રેરાવવા કાજે પ્રભુકૃપાથી તેમ કરતો હોઉં છું.

કદી કદી આધ્યાત્મિક જીવનની યોગ્ય વાસ્તવિકતા સમજાવવા ખાતર આ જીવે જીવન અંગેનું કંઈક કોઈને લખ્યું હશે. આ જીવ વિશે અમુક જ માનો એવું કહેવું નથી, કિંતુ જીવનવિકાસની દૃષ્ટિ અને હેતુ જો આપણાં જીવનનાં હોય, તો જેની કનેથી આપણે કંઈક પણ શીખવાનું છે, તેનામાં જો આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ યોગ્ય રીતે વિચારવાનું ન કરી શકતાં હોય, અને તેવા જીવ વિશે જો આપણાં સહજ માનઆદર ન પ્રગટી શકેલાં હોય, તો તેવા જીવ કનેથી આપણે કશો લાભ મેળવી શકવાનાં નથી. મેં પોતે કદી કોઈને પૂજા-અર્ચા કરવાનું કહેલું નથી. કોઈને પગે લાગવાનું પણ કહેલું નથી. આ જગતમાં સૌ કોઈ પોત પોતાને પડેલી ટેવો પ્રમાણે જ ચાલે છે. મને પણ કોઈ ક્ષેત્રની તેવી ટેવ હોય, તે તો કોઈ જાણવા બેસી રહ્યું નથી, અને તે ભાવનાથી પુરવાર થઈ શકે તેવું હોય, તોપણ તેનો કશો અર્થ નથી. જ્યાં સુધી હૃદયની ઇંદ્રિય કેળવાઈ ગયેલી નથી, ત્યાં લગી આધ્યાત્મિક જીવનની ચેતનાશક્તિના કંઈક પુરાવા ભલેને હોય, છતાં બુદ્ધિ, તે સ્વીકારી શકે તેમ હોતું નથી. હૃદયની વાત હૃદય સ્વીકારી શકે એવી હૃદયતા કેળવાયા વિના ખાલી એકલી બુદ્ધિના કોરાપણાથી આધ્યાત્મિક જીવનની ખરી ખૂબી અને તેનું મહત્ત્વ અને એની પિછાન કદી પણ કોઈ જીવથી ખ્યાલમાં આવી શકવાનાં નથી.

પ્રેરણા
૧૩૧-૧૩૨

આ જીવ Perfect-Master છે કે નહિ એ સમજવાની આપણને જરૂર પણ શી છે ? આપણે તો મમ મમ સાથે કામ

છે, ટપ ટપ સાથે નથી ! 'મમ મમ' જ્યાં સુધી સધાતું હોય ત્યાં સુધી માટીનું ઢેફું હોય અને એનાથી સધાતું હોય તો તે આપણો પરમ ગુરુ છે એમ સમજવું.

મંથન
૫૯-૬૦

૪

તમારાં બધાંથી મારે દીપવાનું છે, એ બધું જે લખ્યું છે તે હકીકતરૂપે છે. તમારાં બધાંનો પ્રેમભાવસંબંધ જો શ્રીભગવાને મેળવી આપ્યો ન હોત તો આ જીવથી તો શું બની શક્યું હોત ? કરતાકારવતા તો શ્રીભગવાન છે. તમારાં બધાંના જીવનવિકાસમાં મારા જીવનની સાચી યથાર્થતા રહેલી છે. અને તેમાં જીવનનું ધન્ય થવાપણું રહેલું છે. જીવનવિકાસ થતો જોઈને મારામાં ઉત્સાહ, હૂંફ, ખંત, વેગ વગેરે આવતાં જવાનાં છે, એ હકીકતરૂપે છે. તમારા જીવનમાં જેમ જેમ પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન, વિશ્વાસ દૃઢતર થતાં જશે તેમ તેમ મને તમારા પરત્વે વધારે ને વધારે આકર્ષણ થયા કરવાનું છે.

બીજાનું જે સારું હોય એ હૃદયથી કદર કર્યા કરવાની ભાવના પ્રભુકૃપાથી મેં તો પહેલાંથી જ કેળવ્યા કરેલી. તેથી, બીજાનું થોડુંક હોય તોયે મને તો ઘણું લાગે છે. આપણે માટે કોઈ થોડુંક કરે અથવા બીજાનું રાઈ જેટલું પણ જો સારું હોય તે આપણને ભાવનાથી કરી પહાડ જેવું લાગ્યા કરે એવી સાધકની દૃષ્ટિ કેળવાવી ઘટે. આથી, પરસ્પર હૃદય વધારે પાસે આવ્યા કરશે.

મારામાં તો કશું નથી. જે કંઈ આવ્યા કરશે તે તમારા થતા જતા વિકાસને અંગે તથા તમારા મળતા જતા સક્રિય સાથ (જીવનધ્યેયની સદ્‌ભાવનાને પ્રેમભાવથી હૈયાના વાસ્તવિકપણે ઉત્તર) ને કારણે આ જીવથી જે તે બધું બન્યા કરવાનું છે, કારણ કે સ્વતંત્રપણે તો મારે કંઈ કશું કરવાપણું પ્રભુકૃપાથી રહેલું હોતું નથી. સ્વતંત્રપણે કંઈ કશામાં આ જીવને પરોવવાપણું રહેલું નથી, જે તે બધું રીલેટીવલી-સાપેક્ષ રીતે રહ્યા કરે છે. એટલે એના તરફનું જેવું વલણ રહ્યા કરે તેવું

વલણ ત્યાં પણ રહ્યા કરે, એટલે તો કહું છું કે તમારાં પ્રેમે, હિંમતે, સાહસે, શ્રદ્ધાએ, વિશ્વાસે, ભક્તિએ, જ્ઞાને મારાથી તેમ તેમ વધ્યા કરવાનું બનશે. હવે આ સમજાયું હશે.

'જે રીતે સ્વભાવ કર્મ કરવાને પડી ગયો છે તે રીતે આપણે વર્તવાનું નથી.' એટલે એ રીતે પ્રેમનો આવિર્ભાવ કર્યે આપણને પાલવે નહિ. પ્રભુકૃપાથી આ જીવ એક વખત કહી દે ખરો, પછી તે પ્રમાણે વર્તવું કે ન વર્તવું એ એની સમજ, બુદ્ધિ, વિવેકશક્તિ વગેરે ઉપર છોડી દઉં છું. ત્યાં આગ્રહ ન હોય, પરંતુ જ્યાં એની હદ આવી જાય અને એની સમજ, વાતાવરણ વગેરેની પકડમાંથી એમ કરવા છતાંયે એ ન ખસે તો પછી ભગવાનને આજીજી કરવાનું આવી પડે અને અંતરમાં અંતરથી એવું ઇચ્છયા કરવાને ચેતનાશક્તિને જગાડવી પડે, પણ એને એમ ન કરવું પડે તે સાધકને માટે ઉત્તમ ગણાય. માટે, આપણે તો સાનમાં સમજીને જે તે કંઈ કર્યા કરવાનું રાખવાનું છે. કશામાંયે આપણે સલામત સ્થિતિ કરી દેવાની નથી. સલામતીમાં આપણાં પતનનાં મૂળ રહેલાં છે.

આ જીવને બીજું કોઈ ઊંધું સમજે એનું કંઈ લાગે નહિ, પણ આપણે પોતે સાધક થઈને આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણને તે પરત્વે ઊંડાં વાળી શકતાં ન કરી શકીએ અને તે પરત્વેનો શ્રદ્ધાવિશ્વાસનો અનુભવ ખાતરી થઈ શકે એવો ન બની ગયો હોય, તો પછી સાધકે મનને યુદ્ધ આપ્યા કરીને જ્ઞાનયુક્ત જાગૃતિથી સતત વાળ્યા કરવું ઘટે. જેમ જેમ જીવનમાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમભક્તિ વધતાં જાય તેમ તેમ આ જીવમાં પણ તેવું વલણ તમારા પ્રત્યે થવાનું છે, તે વિના તો તે શક્ય નથી તે જાણશોજી. પ્રભુકૃપાથી આ જીવની બધી પ્રવૃત્તિ તેના તેના ભાવ-ના પ્રત્યુત્તરરૂપે સાપેક્ષપણે જે તે સાથે રહ્યા કરે છે. એને સમજાવી શકાતી નથી, પરંતુ આપણો વિકાસ થતો જશે તેમ તેમ આપોઆપ તે આપણને સમજાશે એ વિશે તો ખાતરી છે.

મંથન
૪૬-૪૭

હું સંતબંત નથી. હું તો કોઈ કશું નથી. કૃપા કરીને મને કશાની ગણતરીમાં ન ગણવો. જે સંત લોક હોય છે અને

જેમનો મને અનુભવ છે, તે આપણા વિશે કદી ગેરસમજૂત કરતા હોતા નથી. આપણે જ એમના વિશે ગેરસમજૂત કરતાં હોઈએ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય એનું 'સંત'નું લેબલ (પાછળ પૂંછડા તરીકે) ન લગાડી શકાય. કોઈ સંતના પરિચયમાં આપણે આવ્યાં હોઈએ અને તે આપણને કહે છે, તે માત્ર આપણા જીવનનાં વલણ અને વળાંકોને ખ્યાલમાં રાખીને અને એને યોગ્ય રીતે મઠારાવવા તેમ તે કરતા હોય છે, કિંતુ તે વેળા તેવું તેમનું કહેવું આપણે ગળે ઊતરી શકતું નથી. આપણે ઊભા રહેલા છીએ દ્વંદ્વની ભૂમિકા પર, અને એ જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં તેઓ ઊભેલા નથી. આપણાં સમજણ, માપ અને ધોરણ એ બધાં બહુ બહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલાં હોય છે. ભેદમાં અભેદ હજી આપણે અનુભવી શક્યાં નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે, પરંતુ એ લોકને તેવું કશું હોતું નથી, પરંતુ એનો અર્થ એવો નથી કે તેવા લોકો અનૈતિક છે. પોતે જીવનની આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી તેવી સ્થિતિઓમાંથી પસાર થઈ ગયેલા હોય છે, જેમ હોડીમાં બેસીને નદી પાર તર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાકે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનના ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી.



*મને વ્હાલાંઓ તો પ્રભુ તરફની પ્રેમની પ્રેરણા છે,*
*હૃદે વ્હાલાંઓ શા પ્રભુ તરફના ભાવનાં છાંટણાં છે !*

પ્રભુકૃપાથી પ્રસાદીરૂપે મળેલાં વહાલાંઓ-સ્વજનો-એ જ મારાં તો પ્રભુ છે. એમનામાં મનવૃત્તિ રહ્યા કરો અથવા તેઓના મનમાં આ જીવની પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની સ્મૃતિ હૃદયમાં ભાવભીની સતત રહ્યા કરો એવી તેમનાં પદકમળમાં પ્રાર્થનાઓ છે, એટલે તમને યાદ કરવામાં તો આ જીવના જીવનનો કોઈ અનેરો આનંદ છે. તેમ છતાં સાચું કહું તો મને માફ કરશોજી. હું તો સાવ સૂકા લાકડા જેવો છું. એનામાં ચેતન, પ્રાણ, શક્તિ, ભાવ, પ્રેમ કશું જ ન મળે. તમારાં

બધાંના અથવા એવાં વહાલાં વહાલાં હૃદયનાં વહાલાંઓના પ્રેમભાવ, ચેતનાપ્રાણશક્તિના પ્રતાપે અને પ્રભાવે તેનામાં તે તે બધું જાગ્યા કરતું હોય છે, બાકી તો, તે તો બિચારું તદ્દન જીવ વિનાનું હોવાથી હાલે પણ કેમ અને ચાલે પણ કેમ ? એટલે ચલાવો તો ચાલે અને હલાવો તો હાલે. નિમિત્ત વિના ડગલું ભરી શકાતું નથી. એવી સાવ નિરાધાર સ્થિતિવાળું અને પામરમાં પામર તે બિચારું શું કરી શકે ? તેમ છતાં વળી ઉપર કહ્યું તેનાથી અતિરિક્તપણે પણ એવું જો કંઈ કરી શકતું હોય છે, તો તે માત્ર તે પરમ મંગળમય પ્રભુભાવની ઝાંખી, પકડ કે સાચી સમજણ જીવનમાં ઊગી શકે તેટલા માટે તે તેવાં કરતૂક કરતું હોય છે. એમાંથી જે જીવનને સમજીને એનો ભાવ હૃદયથી લેવાને ભાવવાળાં રહ્યા કરીને, એનામાં જીવ પરોવ્યા કરે છે, તેનામાં તે પ્રવેશી શકે છે. બાકી તો કોઈ અનેરી, અનોખી, ગૂઢ રીતે મૌનભાવે પણ કેટલાય જીવાત્માના જીવનમાં તે રસભાગ લઈ રહેલું છે, એની ગતાગમ આપણા જેવાંને તો કશી હોતી નથી, કારણ કે એવાને તો
પ્રવેશ ૧૨૬-૧૨૭ જગત હોતું જ નથી, એને હોય છે તો કોઈ ઑર હોય છે.

આશીર્વાદ આપવાની શક્તિ તો એ રંગીલાની છે. મારી શક્તિ તો આશીર્વાદ માગવાની કે લેવાની છે. મારી તો માત્ર તમને લળી લળીને એક જ પ્રાર્થના છે કે એને છોડશો નહિ. એને પ્રાર્થના કર્યા જ કરશો. એ બહેરો નથી. એ બધું જ સાંભળે છે. એ કંઈ કવિજનની ખાલી ખાલી કલ્પનાઓ નથી. સત્ય હકીકત છે, પણ એ પ્રાર્થનામાં જ જીવન એકધારું ગળાતું જાય, એ પ્રાર્થનાના ભાવમાં-રસભીના ચિંતવનમાં-જ જે તે બધાં કામો થયા કરે, એટલી અને એવી કૃપા કરજો. જે જે જીવનમાં મળેલાં છે, એમના જીવનમાં રસ, ઉત્સાહ, આનંદ, સાહસ, હિંમત, સહાનુભૂતિ વગેરે બઢ્યા કરે, એવાં મીઠાં
પ્રેવશ ૧૩૩ મીઠાં પ્રેરણાત્મકપણે સદાય જીવ્યા કરજો !

હું પણ માટીની રજકણોથી પૂરેપૂરો ભરેલો છું. આ જીવમાં ‘એવું’ કશું નથી. નમ્રતાથી કંઈ કહેતો નથી. શું છે તે તો કોણ

જાણે ! માત્ર જો કંઈ હોય અને એવું બધાંને જણાતું હોય અને લાગતું હોય, તો તે આપ જેવાં બધાં વડીલો, સગાંસંબંધીઓ અને મિત્રો પરનાં અત્યંત વહાલ અને પવિત્ર નિર્મળ ભાવનાને અંગે કરીને જે તે બધું હોય, એટલે મારાથી 'લાભ' મેળવવાનું કે મળવાનું કૃપા કરીને મનમાં રાખવાનું નથી. આપણને લાભ આપણા પોતાનાથી જ મળે છે. બીજો કોઈ લાભ આપી શકનાર નથી. બધાંને લાભ આપવાવાળો એમ તો શ્રીભગવાન સચરા-ચરપણે બધે જ બિરાજેલ છે, પરંતુ જ્યાં સુધી એને સ્વીકારાત્મક, તથા ચેતનાની ભાવનાને હૃદયથી ઉમળકાભેર પ્રતિઉત્તર આપી શકે એવી ભૂમિકાવાળાં આપણે જ્યાં સુધી ન બની શક્યાં હોઈએ, અને એને સાનુકૂળ આપણે મનહૃદયથી ન રહ્યા કરતાં હોઈએ, ત્યાં સુધી એ ભગવાનનો ભાવ-આપણામાંનો કે બહારનો આપણને સ્પર્શ કરી શકતો જ નથી.



વહાલાં સ્વજનો અને વડીલો તો પોતાનાં છોકરાંમાં થોડું હોવા છતાં ઘણું જુએ છે. આ જીવ પર તો ભગવાને ઘણો જ પ્રેમ ઢોળ્યા કર્યો છે. જીવનના પ્રત્યેક પ્રસંગોમાં એ વહાલાના પ્રેમભાવની ઝાંખી થયા જ કરી છે. પારકાંઓએ મને પોતાનો કરી સ્વીકાર્યો છે, એટલું જ નહિ પણ પોતાના ઘરના જેવો અને કુટુંબના જેવો જ ગણ્યો છે. જ્યાં જ્યાં પ્રેમરસભાવયુક્ત સંબંધ થયો છે, ત્યાં ત્યાં ભગવાને એવી રીતે જ પોતાનો ભાવ રેડ્યા કર્યો છે, एની જ કૃપાથી એ પ્રેમરસભાવનો સદુપયોગ કરી લેવાની કળા પણ एણે જ શીખવી છે. જે જે મળ્યા કરે તેમનો તેમનો એવો પ્રેમભાવ મળ્યા કરવો અને તે સર્વ બાજુ તરફથી-એ શ્રીભગવાનના પ્રત્યક્ષ ભાવનો જ અનુભવ છેને ? એમ અનુભવતાં અનુભવતાં આપણી દૃષ્ટિમર્યાદા વિશાળ ને વિશાળ થતી જાય અને તેમ તેમ આપણી પ્રેમભાવનાનું સ્વરૂપ પણ સૂક્ષ્મ પ્રકારનું થતું જાય છે. એનું મૂલ્યાંકન પણ બદલાતું જાય છે અને રૂપાંતર પણ થતું જાય છે. જગતનો સંબંધ એટલે ભગવાનના એવા પ્રેમરસભાવનો જીવનમાં સતત અનુભવ કર્યા કરવો અને એમાં તરબોળ રહી મસ્તપણે મહાલ્યા કરવું અને

જ્યાં ત્યાં પોતાના જ જીવનના હેતુનું તે તે વેળાએ જ્ઞાન પ્રગટાવવું એવી કળા ઉપજાવવાનું એક સાધન. એ રીતે પ્રભુકૃપાથી આ જીવે જગતના સંબંધનો ઉપયોગ કર્યો છે. શ્રીભગવાનના ભાવનું જીવનમાં અવતરણ થયા કરે, એ માટેની ભૂમિકા જીવનમાં રચાયા કરાય, એવું જીવતર આપણે બધાં જીવી શકીએ એમ છીએ. એવી જીવનમાં ઉત્કટ વૃત્તિ જાગ્રત થતાં આપણને એ બાજુએ ધકેલ્યા કરવા કરે છે. જીવનમાં
પ્રવેશ એવી રીતે ઊર્ધ્વ માર્ગમાં ધકેલાયા કરવામાં સ્વજનો, વડીલોનો
૧૮૮ નિર્મળ પ્રેમભાવ અને આશીર્વાદ ઘણી ઘણી મદદ કરે છે.

૫

મારે કોઈના ધનનીયે પડી નથી. કોઈની કને ધન માગ્યુંયે નથી. ધનની એવી લોલુપતાયે નથી, ધનની જીવનમાં કદી આકાંક્ષા પણ સેવી નથી, અને સત્તાનો તો શોખ કદી પણ પ્રગટેલો નથી અને વ્યક્ત પણ થયો નથી. ધન, સત્તા, મદ, અહંકાર વગેરે વૃત્તિઓ જે જીવમાં હોય અને કામ કરી રહેલી હોય, તો તેનાં લક્ષણો વ્યક્ત થયા વિના રહી શકતાં નથી. જ્યારે સેવાના ક્ષેત્રમાં આ જીવ હતો, તે વેળા તેની દશા કેવી હતી અને રહેતી, તેના તો તે કાળના સાક્ષી જીવો હજી છે. સત્તામાં, ધનમાં, મદમાં, કામમાં, અભિમાનમાં આદિમાં રાચનારા જીવોની કક્ષા જુદી તરેહની હોય છે.

હા, આ જીવમાં એક પ્રકારનો 'હુંકાર' છે, પરંતુ તે હુંકારનો પ્રકાર અને જીવપણાના 'હુંકાર'નો પ્રકાર,-એ બન્નેના પ્રકારમાં ફરક છે. ઉપર જણાવેલો હુંકાર, એ જીવપ્રકારના અભિમાનની ભૂમિકા પરનો નથી હોતો. તેવા સાત્ત્વિક હુંકારમાં મદ પણ નથી, તેવો સાત્ત્વિક હુંકાર તો જ્ઞાનના વ્યક્ત થવાપણામાંથી પ્રગટે છે, જેમ ફૂલ ખીલતાં સુવાસ આપમેળે જ જન્મે છે તેમ. તેમાં સહજતા છે. વળી, તેવા હુંકારને જીવપ્રકારના અહંકાર સાથે સમજવાનો પણ હોતો નથી. આ
સોપાન બધું માત્ર સમજણરૂપે લખેલું છે.
૩૧૧-૩૧૨

જીવનવિકાસના હેતુ કાજે બધાં મળેલાં સ્વજનોમાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમભક્તિ અને જીવનવિકાસ કાજેની તમન્ના હૃદયમાં પ્રગટ્યા વિના આ જીવનું બધાં મળેલાં સ્વજનના જીવનમાં મન, ચિત્ત, પ્રાણ, મતિ, અહમ્ આદિમાં પ્રવેશવાનું અને જીવનવિકાસ કાજે કામ કરવાનું અશક્ય જ બનતું હોય છે.

તેથી, આ જીવની તો તમારાં બધાં કને તેવી માગણી છે. ભિક્ષાની ઝોળી ધરીને તમારાં બધાંને આંગણે અટવાયા કરું છું. હજી કોઈ કનેથી તે મળતું નથી, અહાલેક પોકાર્યે જઉં છું. મારો ભગવાન સાચો છે તેની ખાતરી છે, તેથી તો તે વહાલાની આશા પરે જિવાયા જવાય છે. જે જે સ્વજનોને જીવનવિકાસાર્થે હૃદયથી એના કૃપાબળે વળગવાનું થયેલું છે, તે કોટિ જન્મ થતાં પણ તેમનાથી વછૂટી શકાવાનું નથી.



જો આપણા જીવનમાંથી રાગદ્વેષ જાય તો બીજું ઘણું એની મેળે જતું રહે. તો કહે, 'જાય શી રીતે ?' તો ભાઈ, બધા જીવો પરત્વે સદ્‌ભાવ જ રાખો. કોઈના તરફ કંઈ કટુભાવ નહિ. બધાંય માટે સદ્‌ભાવ અને ખાસ કરીને જેના તરફ તમને અણગમો હોય તે અણગમાવાળાને સામે જઈને તમે ભેટો. તેને જઈને અવારનવાર મળો. તેનાં કામ કરો. એ ઇચ્છે કે ના ઇચ્છે તેનો કંઈ સવાલ નથી, પણ આપણે તો આપણા માટે કરવું છે. આ નંદુભાઈ જ્યારે મને પહેલવહેલા મળ્યા ત્યારે કહ્યું, 'મોટા, મારે તમને ગુરુ કરવા છે.' તો મેં કહ્યું, 'હું કોઈને મારો ચેલો બનાવતો નથી. હું ચેલો બનાવવા જન્મ્યો નથી. હું કોઈનો ગુરુ થઈ શકતો નથી.' 'મારે તમારા ગાઈડન્સ (માર્ગદર્શન) નીચે રહેવું છે.' તો મેં કહ્યું, 'તો રહો. એ વાત બરોબર છે, પણ એ પહેલાં શરત મંજૂર કરવી પડશે.' તો કહે, 'કરીશ. કઈ ?' 'જેના તરફ તમારો વધારેમાં વધારે અણગમો હોય તેને જાહેરમાં જઈને તમે પગે લાગો. સાષ્ટાંગ દંડવત્ કરો. સેવા કરો. પહેલું એ કામ કરો. જેના માટે રાગદ્વેષ તમારા મનમાં હોય-જેના સામું પણ તમે ના જુઓ તેને જાહેરમાં તમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરો. અને એની સેવા કરો અને

પછી મારી પાસે આવો.' એમણે કર્યું, એની સેવાય કરી. અને પછી પેલો માણસ નંદુભાઈને ભેટ્યો. 'શાબાશ, ધન્યવાદ છે તને. તારા પર હું રાજી થયો છું.' ત્યાર પછી નંદુભાઈને મેં આ માર્ગમાં લીધા, તે સિવાય નહિ.

જન્મ
૧૩-૧૪

હું તો કોઈનો ગુરુ નથી, ભાઈ ! ગુરુ તરીકે સ્વીકારી શકે એવી સ્થિતિના કે માનસિક દશાના કે એવી પ્રેમભક્તિની એકાગ્ર અને કેંદ્રિત ભાવનાવાળાં કોઈ નથી. ગુરુ કનેથી શીખવાની જે અનિવાર્ય દશા હોય તે ન હોય તો તે કેળવવી ઘટે. તે બાજુનાં સતત એકાગ્ર અને કેંદ્રિત દષ્ટિ, વૃત્તિ અને વલણ હોવાં ઘટે અને એવું લક્ષ હોવું ઘટે. એવું હોય તો ગુરુ કંઈ કામ કરી શકે. ગુરુને ઉપરચોટિયાપણે માનવામાં કશો સાર નથી. ગુરુ આપણી તૈયારી ન હોય તો કશી મદદ કરી શકતો નથી. પ્રેમભક્તિયુક્ત અને જ્ઞાનપૂર્વકની આપણી તૈયારી હોય તો ગુરુની મદદ મળી શકે છે. તેની ચેતનાની કૃપામદદ મેળવવા માટે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ પૂરેપૂરાં અને ખરેખરાં રંગાયેલાં હોવાં ઘટે. તેવી રીતે મનનચિંતવન કરીને પ્રેમભક્તિપૂર્વક જો હૃદયની ધા તેને ચરણે નાખીએ તો મદદ મળે એવો નિશ્ચિત અનુભવ છે, એમાં જરાકે ફરક નથી.

મંડાણ
૧૬૯-૧૭૦

મારે કાજે જીવસ્વભાવનું વહાલ(કોઈપણ જીવનું) એ મારે મન તો અર્થ વિનાનું છે. જે જે વૃત્તિનો ઉદ્ભવ દ્વંદ્વાદિ વિષયમાંથી જન્મ્યો છે તે તે જીવને પણ કેમ કરી ઊંચે લઈ જઈ શકવાનો છે, અથવા મને શું મદદ કે પ્રાણ પ્રેરી શકનારો છે ? તમે અત્યાર સુધી જે મળે તેને સાધન તરીકે જ વાપરવાને ટેવાયેલા છો. જેનાથી મહત્તા વધે, પ્રતિષ્ઠા જામે અથવા કંઈક કશામાં ખપમાં આવે તે રીતે તેનો ઉપયોગ કરવાની સમજમાં છો. એવી વૃત્તિ મૂળગી જ ત્યજવી પડશે, એ તો માયાવી જાળ છે.

જો તમે મને સાચે જ ગુરુ તરીકે સ્વીકારતા હોવ તો તેને પચાવવો અઘરો પડશે, તે મારે પહેલેથી જવાણી દેવું પડશે, મારે તો જીવનવિકાસને કાજે જ જેની તેની સાથે સંબંધ છે. તે વિના કશો ક્યાંય સંબંધ નથી, તે જાણશોજી.

પ્રવેશ
૨૨૩

આ જીવને કંઈ કશા વિશે નિરાશા છે જ નહિ. મારે કોની સાથે અને કોની સામે નિરાશા હોય ? જ્યાં તમે પોતે જ મારાં છો, મારા અંશરૂપે જ છો. મારું ચેતનાસ્વરૂપ છો, એટલે કોઈ કાળે કોઈના વિશે નિરાશા થવાની નથી. એટલું યાદ રાખજો કે અથડાતાં કુટાતાં, સમજીને કે બેળેબેળે,જે જે જીવ આ જીવને જાણ્યે કે અજાણ્યે વળગેલો છે, કે હજી પણ વળગશે તેમની તેમની ગમે તેવી વૃત્તિ પ્રભુકૃપાથી આ જીવની સાથે હશે છતાં પણ તે તે જીવને શ્રીભગવાનને પંથે આવ્યા વિના રહી શકાવાનું જ નથી, તે નક્કી જાણશોજી. પ્રવેશ ૨૨૮-૨૨૯

મને કયા શબ્દોમાં સંબોધન કરો છો એ તરફ લક્ષ આપવા કરતાં કેવો ભાવ આપણામાં જાગે છે એ તરફ લક્ષ આપવું જરૂરી છે. આપણે બધાં અરસપરસ ભેગાં મળીને હૃદયથી, પ્રમાણિકતાથી, સાચા દિલથી, શ્રદ્ધાથી, વિશ્વાસથી આપણાં સર્વ સમગ્ર બળથી, સાહસથી, હિંમતથી એને માટે સર્વસ્વનું સમર્પણ કરી દેવાની પૂરેપૂરી જાગૃતિના જ્ઞાનભાન સાથે એનામાં એકાગ્રપણે અને સમગ્રપણે કેંદ્રિત થવાનો નમ્ર પ્રયત્ન એની કૃપાથી કર્યા કરીએ અને એ પ્રયત્નમાં આપણે એકબીજાને વળગી રહીએ તથા એકતાનો અનુભવ કરીએ, એ શું આપણે માટે બસ નથી ? મંથન ૮

તમે આ જીવને પૂજ્ય માનો છો, તો તે ભાવ હૃદયમાં રાખવાનો છે. તેવો જ ભાવ જો હોય તો તે ભાવ જીવનને ઘડવામાં ઘણો ઉપયોગી થઈ પડે. સંસારવહેવારમાં પણ કોઈ જીવ કોઈનું કંઈ કહ્યું માનતો ના હોય, પણ એને જેના પર ઘણો પ્રેમભાવ હોય અને જેના પરત્વે એને આદરભાવ હોય, તેવું કોઈ પેલાને જો કહે, તો તેનું તરત જ માની જાય છે. તેવી રીતે હૃદયનો જન્મેલ આદરભાવ તો જીવનને પલટાવવાને અને જીવનની નવી ગતિ કરાવવાને ઘણો ઘણો જરૂરનો થઈ પડે છે, પરંતુ એનું પ્રદર્શન કરવાનું જરૂરનું નથી હોતું. એ તો ધાર્યું કામ આપે ત્યારે જ એની કસોટી અને પરીક્ષા થાય છે. મંડાણ ૧

આ જીવમાં તો કશું જ નથી, અને જો હોય કે દેખાય-કરાય, તો તે સામી વ્યક્તિના જાગેલા હૃદયના સદ્‌ભાવનું જ પરિણામ છે, એમ સમજવું.

મંડાણ
૨૨

પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોને અંતરમાં રહેલા ચેતન-સ્વરૂપનાં પૂરેપૂરાં થયેલાં મારે તો અનુભવવાં છે. એ જ આ રંક જીવનનું ફલિતાર્થ થયા વિનાનું એકમાત્ર બાકી રહેલું જીવનનું યજ્ઞકર્મ છે. તે તમે પૂરું કરો તો જ જીવન જીવ્યા તોલે થાય.

આ જીવ સાથેનો સંબંધ એ જીવનવિકાસની ભાવનાને કેળવવા, દઢાવવા અને અનુભવવા કાજે છે. જ્ઞાનભાવના મેળવવા કાજેનો તે સંબંધ છે. જીવનને બીજી રીતે વપરાવી દેવા કાજે તે સંબંધનો કશો અર્થ નથી. જો આ જીવના સંબંધથી કરી જીવન અંગેની ભાવના અને સમજણ જીવનના યોગ્ય વર્તનમાં ન ઉતારી શકાય અથવા તો એવી આંતરિક પ્રેરણા અને સહાનુભૂતિ મળ્યા કરતી ન લાગે તો પોતે ઊભા રહીને વિચારવું. આ જીવ અંગે બિલકુલ અતિશયોક્તિ વિના ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ જેમ એક ને એક બે થાય છે તેવી સ્પષ્ટ હકીકતના ભાનથી લખવાનું છે કે મારામાં પ્રભુકૃપાથી જે કંઈ ચેતન રહેલું હોય, તેવા ચેતનપણાના અમુક અમુક સ્પષ્ટ અને નકારી ન શકાય એવા દાખલાઓ જીવનમાં બનેલા હોય, એવા કેટલાય અનુભવ હોય કે જેના ખ્યાલથી જરૂર એમ કહી શકાય કે આવું આવું થવું કે હોવું એ જીવનના આધ્યાત્મિક ક્ષેત્ર પર ચેતનની અમુક કક્ષાના પ્રમાણમાં તેમ હોઈ શકે. શરીરધારી માનવી ચેતનમાં સંપૂર્ણ, પૂરેપૂરો ના હોઈ શકે. જ્ઞાનનો વિસ્તાર અનંત છે. તેથી, પોતે સંપૂર્ણ છે એવું કોઈ સમજે તો તે યોગ્ય નથી. મારા તરફથી સર્વ કોઈ સાથે થતા રહેતા સંબંધને લીધે મારા મનમાં આમ કે તેમ કશું નથી હોતું. જગતમાં જે જે સ્વજનો મળેલાં છે કે મળશે, તેમને તેમને જીવનની સાથે એકરાગ કરવાને પ્રભુકૃપાથી મથાવવાનું બને છે. એ કળા શ્રીભગવાનની કૃપાબક્ષિસ છે.

દરેકની સાથેનું વર્તન એક જ પ્રકારનું કદી પણ હોઈ શકતું નથી. પ્રભુકૃપાથી વૃત્તિ, વિચાર, લાગણી, ભાવના આ ઉપરાંત પણ જીવ સ્વભાવ જેવી ઉપર ઉપરથી દેખીતી વૃત્તિઓ જેમ કે આશા, ઇચ્છા, કામના, રાગ, મોહ, મમતા, એવી એવી વૃત્તિઓથી પણ તે તે પ્રકારના જીવો સાથે વર્તવાનું બને કે જેથી તે તે જીવોનો દૃઢ રાગ પ્રભુકૃપાથી થઈ જાય. અમને એમ લાગ્યું છે કે જો કોઈપણ એક જીવ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારથી કરી અમારામાં એકરાગ થઈ જશે તો તેવાના જીવનમાં પણ તેવા અંકુર ફૂટવાના છે. આવા એકરાગ થવાપણાનું પણ પ્રત્યક્ષ લક્ષણ છે. જેવા પ્રકારનો ઉત્કટ રાગ તેવા પ્રકારનું મનનચિંતવન રહ્યા કરે. પોતાને થતા રાગમાં પોતાને કેવા પ્રકારનું મનનચિંતવન થાય છે તે પોતે તટસ્થતાપૂર્વક સમજવું. જો એવા થતા જતા રાગથી કરીને આપણે જીવ સ્વભાવમાં વધારે ને વધારે પડતા જતા આપણને અનુભવીએ, અને મનની વૃત્તિ ઊંચે થતી ન અનુભવી શકીએ તો આપણે અટકવું. જે હેતુ વિશેના સંબંધથી તે હેતુમાં ફલિત થવું ના બને તો તેવો સંબંધ ખપનો નથી. મંડાણ ૪૬-૪૭

પ્રભુકૃપાથી આ જીવમાં જે કંઈ જો ચેતનનું શહૂર હોય અને તેના ભાવને જો તું હૃદયમાં કંજૂસના ધનની પેઠે સાચવી સાચવીને પળેપળ સંઘરી રાખે અને જીવતું રાખ્યા કરે તો મન તો શું, પણ કોઈપણ મહાત કરી શકે નહિ, તે નક્કી જાણજો. મંડાણ ૧૧૮

૬

તમે મને સંપૂર્ણ ઈશ્વરનું વ્યક્ત સ્વરૂપ માનો છો, તે મુદ્દલે યોગ્ય નથી. મારાથી દોષ કે ભૂલ નથી થતાં એવું મુદ્દલે નથી. અને તેનું મને જ્ઞાન છે. સંપૂર્ણતાની ટોચે અને તેવા ભાવના ઉચ્ચમાં ઉચ્ચ અંતિમ શિખરે પહોંચી શકેલો નથી અને આ માર્ગમાં આટલેથી જ પૂરું થાય અને આ જ હવે સંપૂર્ણતા આવી કે પ્રગટી તેવું આમાં કશું નથી હોતું. કેટલાક વેદાંતીઓ જે વેદાંતના અનુભવ વિશે કહેતા હોય કે અમુક દશામાં પૂર્ણ

પરિસમાપ્તિ થઈ જાય છે તો તે આધ્યાત્મિક વિજ્ઞાનના શાસ્ત્રમાં કેટલો બંધબેસતો હશે તેની ખબર નથી. મારા અનુભવની દૃષ્ટિએ તો મેં લખ્યું છે તેમ છે. જેમ લોઢું અગ્નિમાં લાલચોળ થાય અને ઉપરથી હથોડાના ઘા પડે એટલે કાટબાટ ઊડી જાય છે, એવું જીવનું સાધનાના વિકાસ પરત્વે અમુક અમુક કક્ષા વટાવ્યા પછી હોય છે અને તે પછી પણ એનું પતન થતું હોતું નથી એમ નથી. આધ્યાત્મિક પંથમાં સાત ભૂમિકા ગણાઈ છે. કેટલાક ચૌદ ગણે છે. પહેલી ગણતરીમાં બારમી ભૂમિકાએ પહોંચ્યા ન હોઈએ, ત્યાં સુધી પતનને અવકાશ છે. સાત ગણે તો છઠ્ઠી સુધી પતનને અવકાશ છે. અને જેનું પતન થાય છે તે પહેલી ભૂમિકામાં પણ આવીને પડે એમ બને, જ્યારે મારા તમારા જેવા તો હજી ત્રીજી ચોથી ભૂમિકામાં રખડતા હોય, પરંતુ પેલો છઠ્ઠી કે બારમી શ્રેણી સુધી ગયેલો હોય તેનું પતન થતાં તેનું ઉત્કટ જાગૃત ભાન તેને પ્રગટે છે અને તે પાછો બેઠો થઈ ટટાર થઈને એટલા બધા જબરજસ્ત પ્રયત્નમાં મંડ્યો રહે છે કે તેને ઉપર તરી આવતાં વાર લાગતી નથી. એમ તે તે ભૂમિકા પરથી સાધકનું કેટલીયે વાર પતન થયા કરતું હોય છે અને કેટલીયે વાર તે પાછો જાગૃતિથી ચડી જાય છે, પરંતુ છઠ્ઠી ભૂમિકા અથવા બારમી ભૂમિકા વટાવ્યા બાદ તેવા પતનને અવકાશ નથી. કોઈ જીવ કોઈના માટે ગમે તેટલું ઉચ્ચ કક્ષાનું માને અને સંબોધે, તેમ છતાં તેના દિલમાં તેના પરત્વે તેવો ભાવ જીવતોજાગતો ખરેખરો જો ન પ્રગટેલો હોય તો તેવું બોલવું, સંબોધવું કે લખવું અર્થ વગરનું છે. કદાચિત્ એ એક પ્રકારના દંભની કક્ષામાં પણ આવે. એટલે પ્રભુકૃપાથી પળેપળ એને ઇશારે ચલાય, પ્રત્યેક કર્મ એનાં પ્રેરાવેલાં હોય અને અંતરમાં આંતરિક એની ભાવનાનો પ્રવાહ અસ્ખલિત, અતૂટપણે એકધારો વહ્યા જતો હોય અને એની ચેતનાની ભાવના એકએક કરણમાં પ્રગટીને તે તે પોતાના પ્રાકૃતિક ધર્મથી રૂપાંતર પામી ગયા હોય, એવી સ્થિતિ પ્રાપ્ત થઈ ગયા પછીથી પણ આગળની કક્ષાઓ છે. એટલે તમે મને સંપૂર્ણનું બિરુદ આપો અને લખો તે કેમ કરીને સ્વીકારી શકાય ?

સંશોધન
૩૭૧-૩૭૩

૭

આ જીવને કોઈથી પણ છટકી જવાની જરૂર નથી કે તેવી ઈચ્છા પણ નથી, પરંતુ ગુરુ કર્યા પછી મન, વચન અને કર્મથી એને પ્રમાણિક, વફાદાર રહેવું અને તેના ભક્ત બનવું તે કામ આપણું પોતાનું છે. એવી ભાવનાની અખંડતા હૃદયથી જીવતીજાગતી સદ્‌ગુરુનામાં જળવાયા કરે તો જ તે કામ આવે છે. એટલે એવું સાધન આપણાથી થઈ શકતું હોય તો ગુરુ કર્યા એ ખપના. મારા તમારા જેવાથી તો ગુરુનું ખૂન પણ થઈ જતું હોય છે તેનું શું ? માત્ર નામના ખાલી ખાલી ગુરુ કર્યેથી કશું વળવાનું નથી અને વળતું હોતું નથી. આ જીવમાં કશું દૈવત છે એવો તો દાવો છે જ નહિ. જે તે કંઈ દૈવત જો હોય તો તે પરમ કૃપાળુ ચેતનનું છે. આમ લખીને તમને નિરુત્સાહ કરવા નથી માગતો, પરંતુ સદ્‌ગુરુ વિશેની જે ભાવના જીવનવિકાસના ખપમાં આવે તેવી જ્ઞાનપૂર્વકની ભાવના કેળવવાની દિલમાં ખાંખત, ઉત્સાહ અને પ્રેમભક્તિ હોય તો જ ગુરુ કરવા. નહિતર ગુરુને પાંજરાપોળમાંના ખોડા ઢોરની જેમ એક ઠેકાણે ભૂખ્યાતરસ્યા બાંધી રાખવા એ તો ઊલટું પાપ છે, તે નક્કી જાણશો. પ્રવેશ ૫૮

૮

જેનામાં હૃદયનો પ્રેમભાવ જેને અંગે હોય તેનું તો ઉત્તમ દેખાય, પરંતુ આ જીવની મૂર્ખામીનો તો પાર નથી. પ્રભુકૃપાથી જે જે જીવને ચાહતો થાઉં છું તેમના તેમના દોષ પર નજર ઠરે છે અને તે કાજે તેમને ભાંડવાનું બને છે. એટલે આ જીવ તો વિષ્ટાની માંખના જેવો એક રીતે ગણાય. માટે, તેવાનો સંગ શા ખપનો ? જેના સંગે કરીને એક પછી એક પગથિયાંઓ ચડીને જીવાત્મા પરમાત્મતત્ત્વ અનુભવે તેવાનો સંગ અતિ ઉત્તમ. જીવનમાં ઉચ્ચ ગતિમાં પ્રવર્તવું છે, એવી ભાવના પ્રગટવી એ મહા દુર્લભ ઘટના છે, અને તેમાંય સત્પુરુષનો

આશ્રય અંતરની પ્રેમભક્તિજ્ઞાનભાવે જાગૃતિ સાથે પોતાના આંતરિક વિકાસની સમજણના ધોરણથી હૃદયમાં પ્રગટતો રહે
પ્રવેશ ૩૦ તે તો વળી તેનાથીય દુર્લભ છે. અને તેનાથીય વિકટ તો સત્પુરુષના હૃદયને સમજવું અને અનુભવવું તે છે.

આ જીવ તો ઘણી વાતે નાદાન અને મૂર્ખો છે. એનું કોઈ વાતે ઠામઠેકાણું નથી અને આપણે બધાં તો એનામાં ઠામઠેકાણું ખોળવાને મથીએ છીએ, એણે આમ કેમ કર્યું અને તેમ કેમ કર્યું એવી પંચાતમાં પડીએ છીએ. તે બધા અંગે વિગતવાર સમજણ બને તેટલી તો પ્રભુકૃપાથી અપાય છે, પણ એ બધું ગમતું નથી તે જાણશો. મેં, કંઈ કોઈને મારી પાસે બોલાવેલાં નથી. આપણે બધાં આપમેળે સમજીને આવેલાં છીએ. ઠીક ન લાગે તો જતા રહેવું. કોઈએ બાંધી રાખેલાં નથી, પરંતુ પાસે
મંથન ૨૯૦ રહેવાથી જો મનનો મેલ વધતો હોય તો તે અમને ઘણું ઘણું દુઃખ પ્રગટાવે છે, માટે વિચારવું.

૯

મારે પૈસા કે વસ્તુ નથી જોઈતી. મારે તો જ્યાં ત્યાંથી દિલ જોઈએ છે. સ્વજનનાં અંતર જાગે, હૃદય ઊર્ધ્વમુખી બને, જીવનવિકાસના માર્ગમાં આર્ત જિજ્ઞાસાવાળાં થાય, એવું એવું જે સ્વજન મને આપે છે, તે મારું સાચું સ્વજન છે, એવું એવું જે મને જ્ઞાનભક્તિપૂર્વક આપે છે, તેનાથી વધારે આનંદ પ્રગટે છે, એ રીતે જે મને મદદ કર્યા કરે છે તે મને સાચી મદદ કરે છે.

મને કોઈ ધન કે એવી વસ્તુ આપો, તેથી સંતોષાઈ જવાનો નથી. પહેલાં માગવાનું કરતો હતો, તે પણ એક પ્રકારના હેતુથી. તમને તે ઊંધું સમજાશે એવી છેક ખબર ન હતી એમ તો ન હતું. અને એવા પ્રસંગથી કરી સ્વજનના દિલની કક્ષા અને માપની મને સમજણ પડતી. ઊંધું સમજી સમજીને શું થઈ જવાનું છે ? બહુ બહુ તો મારો સંગ છોડી જવાનું બને, પણ તેથી મને કશી હરકત ન હોય. અત્યાર સુધી પ્રભુકૃપાથી

આ જીવને કેટલીય મદદ મળ્યા કરી છે, પણ તેનો અંગત ઉપયોગ કરેલો નથી, તે તમારાં બધાંની જાણની હકીકત છે. મંથન ૧૨૩-૧૨૪

પ્રભુકૃપાથી જેને હું મારું ધન ગણું છું. તે તમને બધાંને આપવાને હૃદયમાં ભારે ઝંખતો હોઉં છું કે તમે બધાં તે ક્યારે લઈ લેશો ? મને લૂંટી કેમ લેતાં નથી ? મારી પાસે જે લક્ષ્મી છે તે તમે બધાં લઈ લો. એમાંનું બધુંય જતું રહેશે તોપણ તે ખાલી થવાનું નથી. તેવો તે ભંડાર છે, કારણ કે તે પ્રભુએ દીધેલો છે.

*મુનીમ અધૂરો હું તો એનો હજી તોયે બડાશો શી,*
*તમારી આગળે ફેંકું ! પ્રભુજી માફ કરશે તો.*

મારે તો બધાંનાં મનહૃદય જોઈએ છે. દિલ વિના દિલને ચેન ન પડે. હૃદયનો પ્રેમભાવ એ જ અમારી તો મૂડી છે અને એની અમારે તો ઘણી ઘણી જરૂર છે. એનો તલસાટ પ્રભુકૃપાથી સેવતાં સેવતાં પ્રભુભાવે બધાં સ્વજનોને હૃદયથી ઝંખ્યા કરીએ છીએ કે જેથી કરીને તેઓ જાગવાનાં હોય તો જાગી શકે. તમને બધાંને કોઈનીયે બાબતમાં ઝંખનાનો અનુભવ છે ખરો ? ઝંખનાની ભાવના ઉત્કટ થતાં જેના વિષયમાં ઝંખના જન્મે છે તેને આપણી સામે તાદૃશ્ય કરી દે છે. એવામાં આપણે લય પામી જઈએ છીએ, અને એમ પરસ્પર વચ્ચે એક પ્રકારનું તાદાત્મ્ય જન્મે છે. અને એવી પળે જો સામો જીવ પ્રત્યક્ષપણે તેવી દશામાં થયેલો હોય તો ત્યારે જે લેણદેણ ચાલે છે તે કોઈ ઑર પ્રકારની હોય છે. તે વેળાએ હૃદયનાં દ્વાર ખૂલે છે અને અંદર પ્રવેશ કરવાને સારુ યોગ્ય ભૂમિકા પ્રગટતી હોય છે, પણ મારી દાદફરિયાદ મારે કોને કરવાની હોય ? અને આ બધું એ બિચારાં સ્વજનો સમજી પણ કેમ શકે ? અને એને હકીકતરૂપે સ્વીકારી પણ કેમ શકે ? હૃદયની પ્રેમની ભાવનાની ઝંખનામાં નિરાશા નથી. એ તો જીવે છે હૃદય કાજે અને ઝંખે છે પણ હૃદય કાજે. પછી એને ચિંતા શાને ? જોકે એ અધીરો બને છે. તેમ છતાં એવી એની અધીરાઈમાં પણ અપાર ધીરજ રહેલી છે. એની ધીરજને મર્યાદા નથી. પ્રભુકૃપાના બળ વડે

આ જીવ તો અત્યંત પામર છે. માટે, કૃપા કરીને એની વકીલાત કોઈ આગળ કશી કરવાની રહેતી નથી. જે જે સમજુ છે તે તો
મંથન ૬૬-૬૭ આજ કે કાલ સમજશે જ અને મારા જેવા ભિખારીને બારણેથી પાછો ઠાલો તો નહિ કાઢે એવી શ્રદ્ધા છે.

કોઈને ખસવા દેવાનું પાલવે તેવું નથી, કારણ કે જે ભાવે, જે હેતુથી બધાં મળ્યાં, તે હેતુમાં તે તે સ્વજન પ્રમાણિકતા અને વફાદારી ન રાખે કે ન રાખી શકતાં હોય, તો ભગવાનની કૃપાથી આ જીવ પણ જે તમારું સ્વજન છે, તેનું ન માનવામાં આપણે વિચારવું ઘટે. આપણો કોઈ મિત્ર કે આપણું કોઈ સ્વજન વગેરેએ અમુક કંઈક કરવાનું કહ્યું હોય, કે વચન આપ્યું હોય, અને તે જો તેમ ન કરતું હોય, તો તેને તે માર્ગે મક્કમ કરાવવાનો આપણો ધર્મ છે. એટલે એ રીતે પણ તમને બધાંને મારે વારેવારે ટકોરવાં, સંકેલવાં અને સંકોરવાં પણ ઘટે. મારા ધર્મને હું કેમ કરીને જતો કરી શકું ? કોઈક સમયે રૌદ્ર સ્વરૂપ ધારણ કરવાની જરૂર પડે. કોઈક વખત જબરજસ્ત આઘાત આપીને પણ કંઈક જન્માવવાને મથવું પડે. તે વખતે તમે બધાં આડાંઅવળાં થઈ જાઓ તે કેમ ચાલી શકે ? તેવે સમયે તો આપણે બધાંએ હૃદયના ભાવથી વિશેષ એકાગ્ર અને સ્વીકારદશાવાળાં થવું ઘટે, તેનો હેતુ સમજવો ઘટે અને વિશેષ નજીક આવવું ઘટે. પ્રભુકૃપાથી એવું મારે કરવું પડે તેમાં તમારે શોક અને દિલગીરી ન અનુભવવી ઘટે, આપણે બધાં જો સમજીએ તો સાચી રીતે આપણે શક્તિનાં સ્વરૂપ છીએ, પછી લાચારી શાને માટે ? સંસારવહેવારમાં આપણે જે કરવું હોય છે, તે તો કરીએ છીએ. ત્યાં આપણને કશી આડખીલી નડતી નથી. તો અહીં પણ, આપણે જો સાચેસાચી રીતે ખરેખરી ભાવનાથી પ્રભુનું કર્મ કરવું હોય, તો આપણે જરૂર તેમ કરી શકીએ છીએ. ન કરી શકવામાં જો કોઈની પણ આડખીલી હોય તો તે આપણી પોતાની જ છે. જે હેતુથી મળ્યા છીએ, તે
મંથન ૧૪૫ હેતુનું આપણને બધાંને સાચેસાચું, પૂરેપૂરું, ગોદાટતું, ધક્કેલતું ભાન પ્રગટે એવી સ્વજનમાંના અંતર્યામીને પ્રાર્થના છે.

૧૦

પ્રભુકૃપાથી આ જીવનું કામ તો વૈદ્યનું છે. રોગ, ગૂમડાં, ચાંદાં એવું એવું પ્રભુકૃપાથી અમારે જોવાનું પ્રગટે છે. 'શું મારામાં કશું સારું જ નથી ? એમને તો બધું ખરાબ જ દેખાયા કરે છે !' એવું સ્વજનોને થાય, પણ જે ગુણ કે સારું છે તે તો જતું નથી રહેવાનું, પરંતુ જે અવગુણ છે તેને અમારે પ્રથમ જોવાના છે, કારણ કે પ્રભુકૃપાથી તેને યોગ્ય રીતે મઠારાય અને તે તેના યોગ્યપણામાં પ્રગટી શકે, તો તે કર્મથી તે જીવની ઉત્તમ સેવા થઈ ગણાય. આમ તે જીવનું બધું જ સારું થઈ જાય તો આ જીવનું કામ પૂરું પાક્યું ગણાય.

ભગવાને કૃપા કરીને અમારા ભેખને તેવો ધર્મ સોંપેલો છે. સ્વજનનું તેવું તેવું બતાવવાનું થતાં અમારા વિશે અણગમો પ્રગટે છે. તેની અમને જાણ છે. સ્વજનની સેવા કરવાનો અમારો ધર્મ છે. કોઈને ગમે કે ન ગમે તે સાથે ઝાઝી પરવા નથી હોતી. સ્વજન પરત્વેનો પ્રેમ અમને તેમ કરાવે છે. સ્વજનમાંનું કશું અવળચંડાપણું જે બતાવવાનું બને છે, તે તેના શ્રેય માટે છે, એમ જ્ઞાનપૂર્વકની પૂરેપૂરી ભાવના સ્વજનના દિલમાં પ્રગટેલી નથી તે અમારું દુર્ભાગ્ય છે. મંથન ૧૨૭-૧૨૮

સાધનામાર્ગમાં કોઈને છોડી દેવાપણું નથી. એ પોતે જ જ્યાં વળગવા ન માગતું હોય ત્યાં એને પ્રભુ શું કરે ? મારે કોઈને છોડવાપણું નથી. પ્રભુકૃપાથી મારે તો એને જ સાદ પાડ્યા કરવાનો છે. બધી રીતે પ્રયત્ન કરવા છતાં જ્યારે માનવીનું કંઈ કશું ચાલતું નથી, ત્યારે 'હારે કો હરિનામ' એવા હારેલાનું ભગવાનને જો સાંભળવાનું રાખવું હશે તો રાખશે. ભક્ત ભગવાનનાં ચરણકમળ આગળ જ પોતાનું બધું ઠાલવે છે. એનો પ્રેમ, એનું જ્ઞાન, એનો ભાવ, એની હાર, એની જીત વગેરે વગેરે બધું જ તે શ્રીહરિને ચરણે મૂકે છે. 'એની જેમ મરજી હોય તેમ બન્યા કરો.' એવું સહર્ષ સ્વીકારવાનું રહે છે. મંથન ૧૫૪

આપણે બધાં પ્રકૃતિથી અને સ્વભાવથી કેવાં છીએ એ વિશે સ્પષ્ટ વાત કરવાનો મારો ધંધો નથી. આપણને શું નડ્યા કરે છે, શાથી આપણે ખચકાઈ જઈએ છીએ, શાથી અચકાઈ જઈએ છીએ, મનબુદ્ધિ કંઈ પણ કશાના યોગ્ય હાર્દને કેમ પકડી શકતાં નથી અને કેમ તેનો યોગ્ય જ્ઞાનપૂર્વકનો સ્વીકાર કરી શકતાં નથી, તે બધું જીવનવિકાસના હેતુ અર્થે મળેલાં સ્વજનને, પ્રેમભાવથી પ્રેરાઈને જણાવવાનું કેવળ કર્યા કરું છું. જે ભાવનું આરોપણ તમે બધાંએ આ જીવમાં કર્યું છે, તે ભાવનો ધર્મ વિવેકથી બજાવવાનું કર્તવ્ય પ્રભુકૃપાથી કરવું રહ્યું. એવો રસ્તો ચીંધવાનું કર્મ એ તો ધર્મ છે, અને ધર્મ બજાવ્યા વિના તો જંપાય કેમ ? આવું થવા જતાં કેટલાંકને તે નથી ગમતું, અને કેટલાંક તો કહે છે કે 'તમે અમને ઉઘાડાં પાડો છો' એવી બૂમ અને ફરિયાદ પણ સંભળાય છે. જે સ્વજને મને સમજવાને પણ આંખ, મન, હૃદય જો ખુલ્લાં નથી કર્યાં, તેમને મારે શું કહેવું ! તેમ છતાં પ્રભુકૃપાથી મારે અટકવાનું રહેતું નથી. મને તેમ કરતાં કોઈ અટકાવે તોપણ પ્રભુકૃપાથી જેટલું બને તેટલું કર્યા કરું છું, પરંતુ તેમાં ભાવનું ખંડન થતાં વેગમાં ક્ષતિ આવી જવાનો સંભવ રહે છે. જેને આપણે પ્રેમભક્તિથી સ્વીકારી શકીએ નહિ, તેને આવકારી તો કેમ કરીને શકીએ ? તેને પછી આપણા હૃદયમાં પ્રવેશતાં સંકોચ રહે કે થાય તે સમજી
મંથન શકાય તેવું છે.

૨૭૫ બજારમાં ઘણી દુકાનો હોય છે. ત્યાં દરેક જાતના સોદા થાય છે. ભગવાનની કૃપાથી આ જીવે પણ દુકાન ખોલી છે. એમાં સોદો થાય છે, પરંતુ તે સોદો તો છે ફકીરીનો. જેણે તે કરવો હોય એણે જ એ દુકાને પગ માંડવાનું મન કરવાનું છે. ફકીરી એટલે બધું જે તે કંઈ હોવા છતાં તે તે બધાંનો ઉપયોગ તેમની તેમની રીતે કરવાનો નથી, બધું હોવા છતાં નિર્મમત્વ-વાળા થયા કરીને આપણે જ્ઞાનભક્તિપૂર્વક તેનો ઉપયોગ કરવાનો છે. ખાલી વાસણ હોય તો જ તેમાં કંઈક ભરાવાનો સંભવ હોઈ શકે. ભરેલું હશે અને એમાં બીજું કંઈ ભરવું
મંથન
૧૯૦ હશે, તો જે ભરેલું છે તે બધું પૂરેપૂરું કાઢી નાખવું પડશે.

૧૧

જે જે સાથે પ્રભુકૃપાથી સંબંધ થાય છે, તે તે બધા જીવોએ પોતાના અંતરની છાની છાની હકીકતો, વહેલી યા મોડી, પ્રભુકૃપાથી આ જીવ આગળ ખુલ્લી કરેલી છે. જે જે પાસે આવ્યું છે, તેણે તેણે તેના જીવની એવી કેટલીયે છાની હકીકતો-કોઈપણ આગળ ન કહી શકાય એવી નાજુક, છૂપી હકીકતો આ જીવ આગળ ખુલ્લા થઈને કહેલી છે. લોક કંઈ જેની તેની આગળ આવી હકીકત કહેવા બેસી જતા નથી. જે વ્યક્તિ આગળ જે જે કોઈ પોતાનું સર્વ રીતે અંતર ખુલ્લું કરે છે તે વ્યક્તિ સવિશેષપણે હોય છે, એટલો ખ્યાલ તો જો આપણે મનબુદ્ધિ ખુલ્લાં રાખ્યાં હોય તો આવી શકે એવો છે. મંથન ૧૮૨

મદદ કરવાને પ્રભુકૃપાથી આ જીવ તૈયાર છે, પણ તમારી પૂરી તૈયારી તેમાં મને મળે, એમાં તમારી હોંશ હોય, તમારી હિંમત હોય, કૂદકો મારવાનું સાહસ હોય, માની લીધેલાં સમજણ, માન્યતાઓ, માપો, ટેવો વગેરેની પકડમાંથી ખસવાની જિજ્ઞાસા, તમન્ના હોય, તો પ્રભુકૃપાથી આ જીવનું કામ થઈ શકે. બાકી તો મારી મદદ કામ લાગવાની નથી. તાળી પાડવામાં તો બે હાથ જોઈએ જને ? મંથન ૫૩

અમારે કશું તમારી પાસેથી લેવું નથી કે જોઈતું નથી, જે જોઈએ છે તે તમારા પોતાના જીવનવિકાસને અંગે જ. આજ સુધી ભગવાને મને એની કૃપાથી નિભાવ્યો છે અને હવે પછી પણ નિભાવશે જ. એણે દાંત આપ્યા છે તો ચાવણું પણ એ આપશે. તેમ છતાં અમારો સ્વાર્થ છે, અને તે તમારું જીવન ઉચ્ચતર બને, દિવ્ય બન્યા કરે, એટલે કે તમે ઊર્ધ્વગામી થયા કરો એ માટેની ભૂમિકાને જે જે અનુકૂળ ન હોય એવાં બધાં માન્યતાઓ, સમજણો, માપો તમારાં બદલાતાં થાય એમાં અમારો સ્વાર્થ છે. જે કંઈ કરાવવું પડે છે, તે તમારા પોતાના માટે કરાવવું પડે છે. આ દાવો મારા જેવો 'મૂર્ખ' માણસ કરે તે વધારે પડતું કોઈને લાગે, પણ એ તો અનુભવે જે સમજાશે તે ખરું. અનુભવ થયા જશે ત્યારે જ સાચી રીતે સમજાવાનું

છે. એવી શ્રદ્ધાથી પ્રેરાઈને જે તે કંઈ કર્યા કરવાનું બને છે. તેમ છતાં માનવદેહધારીને બધી રીતે સંપૂર્ણ કોઈ ન માને તેમાં કશું ખોટું ન ગણાય. કદાપિ કંઈ બગાડી બેસું એમ તમને લાગે તો મને માફ કરશો અને તે માટે તમે બતાવશો તે પ્રાયશ્ચિત્ત કરવાને હંમેશાં તૈયાર રહીશ, તે જાણશોજી.

પરંતુ એટલી વાત તો ચોક્કસ છે કે તમારી આજની સમજણ કે માન્યતા પ્રમાણેની સ્વતંત્રતામાં કે સુખ આનંદની ગણતરીમાં તમને રખાવી શકાશે નહિ, ત્યાંથી તો તમને ખોટું લાગે તોયે-કદીક ધક્કા મારીમારીને પણ-ખસેડવા પડશે. અમારે નસીબે જો ભૂંડા થવા વારો આવશે તો તે ભાગ પણ ભજવવાને તૈયાર રહેવું જોઈએને ? મારામાં તો અનેક દુર્ગુણો છે. હું તો ક્રોધ પણ કરું. કોઈ સ્વજનનું સાધનાથી ઊંધે પાટે જવાનું સહન કરી શકું નહિ એવો અસહિષ્ણુ છું. બોલવા કરવામાં પણ કંઈ સંયમ હોય એવી કોઈ બાંયધરી ન આપી શકું. કદી સ્વજનોને મનદુઃખ કરાવવામાં આંચકો આવતો નથી, એવો વિવેક વગરનો છું. તેમ છતાં અમારાં સગાં, વહાલાં (જીવનમાં અને જીવનનાં) જે કહો તે-તમે બધાં છો. એટલે તો આ બધું ચલાવી લો છો, બાકી આટલું કોણ સહી લે ?

તમારાં બધાંનો પ્રેમ છે એ જ સાંકળે મારે તમારાં બધાંની સાથે પૂરેપૂરું સંકળાવું છે, પણ એ તો તમારા હાથમાં છેને ? જીવનની સાચી સમજ અને સૂઝ ઊગે નહિ ત્યાં સુધી તમારાં બધાંનું જે તે બધું સહન કરવાને એ પ્રેમ તૈયાર ઊભો છે. તો એવા લેભાગુને જરા કૃપા કરીને પ્રેમ કરશો અને પોતાનામાંનો એક બનાવવાને હૃદયથી મથ્યા કરશો એટલી વિનંતી છે. તમારું બધું લઈ લેવાને-હરી લેવાને-સગવડ અને સરળપણું આપ્યા કરશો. બીજો કશો તો તમારાં બધાં પર અમારો હક્ક નથી કે જેથી દાવો કરીને કંઈ કશું માગી શકીએ. મહેરબાની રાખશો. ભગવાન પર ભરોંસો રાખશો. એ આપણું કશું ખોટું થવા નહિ દે એટલી ખાતરી હૃદયમાં રાખજો. અમારે તમારામાં ભળવું છે તો છૂટથી ભળવા દેજો. મનમાં કશું ત્યાં આડખીલી-રૂપે ન રહ્યા કરે એટલી સાવચેતી અને જાગૃતિ રાખ્યા કરવાની

છે. તમારું બધાંનું સર્વ વાતે સાચું કલ્યાણ થાય એ ઉદ્દેશથી તમારામાં સંકળાવાનું ભગવાને કરાવ્યું છે, તો એ ઉદ્દેશ પાર પડે એટલી સુગમતા થવા દેશો તો તમારું ઋણ કદાપિ હું ભૂલી શકવાનો નથી, તે જાણશો. મંથન ૨૨-૨૪

૧૨

વીજળીને વહન કરનાર દોરડામાંથી તો કેટલીય વીજળી વહી જઈને જ્યાં જ્યાં એની સાથે 'બલ્બ' (ગોળા)નું જોડાણ હોય છે ત્યાં ત્યાં તે વીજળી કેટલોય પ્રકાશ આપે છે. તેવા વીજળીના દોરડા જેવું કામ આ જીવનું તો પ્રભુકૃપાથી છે. પછી તમે ભલે ગમે તે એને વિશે લખો કે માનઆદર આપો કે વિચારો. એવો દોરડા જેવો આ જીવ એની કૃપાથી છે, પરંતુ તેની ખરી હિકમત (યુક્તિ) તો તે એકલો જ જાણે છે. અથવા તો તે જે સાચી રીતે જાણતો હોય તે જાણી શકે છે. સંશોધન ૧૮૦

હું તો પ્રભુકૃપાથી કોઈનું કશું સાંખી લેતો નથી. જ્યાં જ્યાં સાંખી લેવાનું બને છે ત્યારે તેનો હેતુ સામા જીવમાં સહાનુભૂતિપૂર્વક ભળવાપણાનો હોય છે. સાંખી તે લે છે કે જેને કંઈ ગરજ હોય છે. મારે કશી કંઈ કોઈની ગરજ નથી. ગરજ કોઈ પ્રકારની આશા-અપેક્ષા અને કામનાને અંગે કરીને પ્રગટે છે. જીવનમાં જ્યારે સંપૂર્ણ નિઃસ્પૃહતા પ્રગટે છે, નિર્મમત્વ પ્રગટે છે, નિરાસક્તિ પ્રગટે છે, સંપૂર્ણ નમ્રતા પ્રગટે છે, ત્યારે કોઈનામાં જીવપ્રકારની ગરજ કંઈ કશા વિશે પ્રગટી શકતી નથી, તે નક્કી જાણશોજી. પ્રભુકૃપાથી એક ગરજ છે કે જે એક હેતુ અર્થે સ્વજન મળ્યાં છે, તે હેતુ હૃદયથી કેમ કરીને તેઓ પ્રીછ્યા કરે અને તે પ્રમાણે વર્ત્યા કરે અને જીવનમાં પ્રગટે.

કિંતુ એવી ભાવનાને પણ કોણ પ્રીછી શકે છે ? કોઈને પોતપોતાની જીવનવિકાસની બાબતમાં પૂરેપૂરી પડી નથી એટલે તેમાં તેમનો દોષ પણ શો ? ગુણનો ધર્મ જો સમજી શકે તોપણ જીવનમાં ઉત્તમતા પ્રગટે. જીવનમાં ગુણની કદરભક્તિ

પણ જો પૂરેપૂરી પ્રગટે, તોપણ જીવનમાં સદ્‌ભાવ પ્રગટ્યા વિના ન રહે. પરસ્પરમાં ગુણની કદરભક્તિ જો પ્રગટી જાય, તો સુમેળ થતા વાર ન લાગે, બન્ને બાજુનો જ્ઞાનભક્તિપૂર્વકનો વર્તાવ હૃદયથી પ્રગટ્યા વિના ઉત્તમપણું પ્રગટી શકવાનું નથી, તેમ જ ઉત્તમનું દર્શન પણ થવાનું નથી.

અનેક સ્વજનની ગાળો ખાધી છે, અનેક સ્વજનથી ધુતકારાયેલો પણ છું, કેટલાંક સ્વજને તો પાછો ધકેલવાનું પણ કરેલું છે. કેટલાંકે ઘણો વિરોધ પણ કરેલો છે, કેટલાંક સ્વજને તો મનમાં કંઈ કંઈ અન્યથાપણે માની લીધેલું છે. ઉચ્ચ જીવનમાં પ્રગટી શકે એવા ગુણનું દર્શન અને શક્તિના પ્રસંગ અનુભવમાં પ્રગટેલા હોવા છતાં તે અંગેનું મહત્ત્વ કોઈને જાગેલું નથી. કેટલાંકે અન્યાય પણ કરેલા છે, કેટલાંક સ્વજને તો ઘણો અવગણ્યો પણ છે તેમ છતાં કોઈપણ પરત્વેનો આ જીવનો સદ્‌ભાવ ઘટેલો છે એવું બન્યું નથી. તેમના તેમના ખપમાં આવવાને પ્રભુકૃપાથી ખડે પગે તૈયાર રહી શકાયું છે. કોઈકે અપકાર પણ કર્યા છે, તો પ્રભુકૃપાથી તેના પર ઉપકાર કરવાનું પણ બની શક્યું છે. જીવનમાં સદ્‌ભાવનો સંપૂર્ણ પ્રભાવ પ્રગટ્યા વિના જે તે બધા જીવો સાથે આપણે ઉત્તમતાથી વર્તી શકવાનાં નથી. સદ્‌ભાવમાં એવો જ્યારે પ્રાણ પ્રગટે છે, ત્યારે તે તે જીવનું ઉત્તમપણું આપણા દિલમાં પ્રગટ્યા વિના રહેતું નથી. કોઈ કોઈ જીવની તો અતિ ગંદી ગાળો પણ ખાવાનું બન્યું છે, છતાં પણ પ્રભુકૃપાથી તેમના તેમના પર પ્રેમ કરવાનું જ ભગવાને અમને સુઝાડ્યું છે, તે એની પરમ કૃપા છે. જે કોઈએ થોડોક પણ ઉપકાર કર્યો હોય છે, કે કોઈનું આ જીવ પર થોડુંક પણ ઋણ હોય છે, તો તેને ચૂકવવાને માટે પ્રભુકૃપાથી આ જીવે ઘણી જહેમત પણ ઉઠાવેલી છે તે જીવનની હકીકત છે. એટલે જ જે તે મળેલાં સ્વજનને તે તે પ્રમાણે વર્તવાનું કહી રહેલો છું. જીવનમાં જે કદી આચર્યું નથી, એવું આચરવાને કદી પણ આ જીવે કોઈને કહેલું નથી, તે નક્કી જાણશોજી.

મંથન
૨૧૩-૨૧૪

પ્રભુકૃપાથી આ જીવે કાયરતાને કદી પણ જીવનમાં સાથ દીધેલો નથી. તે ક્યાંયે કશાથી ભાગેડુ બન્યો નથી, કેટલાંયે વર્ષોના એટલે કે લગભગ ત્રીસ વર્ષના મિત્રને ખરી વાત કહેવામાં કદી પણ મચક આપેલી નથી. તેને તેથી ખોટું લાગશે અથવા આ જીવને તે છોડી દેશે, એવો ભય ક્યાંયે ખૂણેખાંચરે રહેલો નથી. પ્રેમનો ભાવ જેટલો કઠણ છે, તેટલો જ કોમળ છે. પ્રેમની કુમળાશને સહુ કોઈ સમજે અને સ્વીકારે, પણ પ્રેમની કઠણાશને જ્યારે પ્રેમભક્તિથી સ્વીકારાય ત્યારે જ સાચો પ્રેમ પમાય. જીવનવિકાસને કાજે જે સ્વજનો પ્રભુકૃપાથી આ જીવ સાથે સંકળાયેલાં છે, તેમના કોઈ અવગુણને આ જીવ ઉત્તેજન આપી શકે તેમ નથી. હા, તે કોઈ જીવના અવગુણને સ્વીકારી લે ખરો, જેમ સાધક પોતાના દોષો સ્વીકારે છે, પણ તે તેને યોગ્ય રીતે મઠારવાના હેતુ કાજે, તેવી રીતે સ્વજનનો અવગુણ સ્વીકારવાનો ધર્મ છે, પરંતુ તેમાંથી તેને તારવીને યોગ્ય સ્થળે મૂકવાને કાજે. જીવનનો ધર્મ સાંપ્રદાયિકતાનો નથી. જીવનનો વાસ્તવિક ધર્મ વિસ્તારપણાનો છે. જીવનની સાધનાનો મર્મ અને અર્થ એ માત્ર ભાષાના શબ્દભંડોળથી નથી મળી શકવાનો. એ તો એવા પ્રકારનું યોગ્યપણે જીવન જીવવાથી જ મળી શકવાનો છે. પોકાર ૩૮૦-૩૮૧

આ જીવનું કશું ઠામઠેકાણું નથી, અને કશા ઢંગધડા નથી. તમે બધાં પ્રેમભક્તિભાવે તેને નિભાવો અને નભાવો તો તે નિભશે અને નભશે. માટે, તમે બધાં સ્વજનો એને કૃપા કરીને યોગ્ય ભાવે પાળવાનું, સંભાળવાનું, સંભારવાનું હૃદયથી કર્યા કરશો. પોકાર ૩૮૩

*'હૃદે ચાહેલાંને મુજ કરીશ, જંપીશ તવ હું.'*

એમ કોઈક ઠેકાણે લખેલું છે. અહીં 'તવ' એટલે 'ત્યારે'ના અર્થમાં છે. એટલે અમને કોઈએ તે બાબતમાં કહેવા જેવું નથી રહ્યું. અહીં તો પ્રભુકૃપાએ જીવનમાં ચાહ્યા કરવાનો ભેખ ધારણ થઈ ચૂકેલો છે. એમાંથી અમને કોઈ ચલિત કરી શકે તેવું નથી. ઘણાંઓએ અન્યાય કર્યા છે, કોઈકે ગાળો પણ

દીધી છે, અપમાન કર્યાં છે, અપકાર કરેલા છે, મનમાં કંઈ કંઈ વિચારેલું છે, અન્યથાપણે પણ ધારેલું છે, છતાં શ્રીપ્રભુકૃપાથી દિલમાં તે તે સર્વ પરત્વે એકમાત્ર સદ્‌ભાવ અને પ્રેમની ભાવના જ વહ્યા કરેલી છે. એવા કારણથી જ જીવ્યામાં આનંદ પ્રગટે છે. એવા ભાવે જીવવાથી કરી જીવનનું ખમીર અને જીવનનું નૂર એમાંથી પરખાય છે અને અનુભવાય છે. માટે,
પોકાર ૩૩૫ કૃપા કરીને અમને કહેવાને બદલે દરેકે પોતપોતે પોતપોતાનું જોવાનું અને કહેવાનું રહે છે.

અમે તો જીવનનો પોકાર પાડ્યા જ કરવાના, અમારો તો તે ધંધો છે. ફળિયામાં જે કોઈ વેચવાનું લઈને આવે તે તેની વેચવાની ચીજની બૂમો પાડે, તેમાં વળી ખોટું શું હોઈ શકે ?
પોકાર ૨૪૦ જેને પાલવે તે લે, પણ એની બૂમો સાંભળીને ચીડ ચડાવીએ તે કેમ પાલવે ?

**૧૩**

પ્રભુકૃપાથી અમારે તો ગુરુ તરીકે ઓળખાવું જ નથી. એવું એવું તો શરીરે જેમ અનંત કીડીઓની હારમાળા ચડતી હોય અને ચામડીને કેમ થાય, તેવું તેવું અમને ઉપલી હકીકતથી તો લાગ્યા કરે છે. તેથી, અમને કોઈએ કોઈ કને તેવી રીતે ઓળખાણ કરાવવાની જરૂર ન હોય. આપણે તો બધાં સહધર્મ-જીવનસંગાથી, જીવનસાથી છીએ. સદ્‌ગુરુ પરત્વેની કેવી ભાવના જીવનમાં પ્રગટેલી હોય તો તે જીવનવિકાસમાં યોગ્ય
પોકાર ૧૯૬ જીવતી સહાયક બની શકે, તે કાજે તેમ લખવાનું બન્યું છે. બાકી તે વિના બીજો કોઈ હેતુ નથી.

આ જીવ ગુરુપદ માથે લઈને તો બેઠો જ નથી. સર્વ રીતના યોગ્ય પ્રકારના ગુરુ હોવાનો એણે કદી પણ દાવો તો કરેલો જ નથી. એ કોઈને પણ કહેવા ગયો નથી કે ‘આ જીવને તમે ગુરુ કરો.’ વળી, આ જીવ સર્વજ્ઞ અને સંપૂર્ણ છે, એમ તેણે પોતાના તે કાજે મળેલાં સ્વજનોને કદી માનવા તો દીધું જ નથી. આ જીવથી સાધનાના માર્ગે શ્રીપ્રભુકૃપાથી અને

શ્રીસદ્‌ગુરુના આશીર્વાદથી જવાનું બનેલું છે તે તો નક્કર હકીકત છે. આજના બુદ્ધિના જમાનામાં, જે તે બધું પુરવાર થવા કાજે જે પુરાવા હોવા ઘટે, તેવા તે હકીકતના પૂરતા પુરાવા તે કાજે મળી શકે તેવા છે. આ જીવે તેના સાધનાકાળમાં કેવી કેવી પ્રાર્થનાઓ કરેલી છે ! (જેમાંનો ઘણો મોટો ભાગ તો ખોવાઈ ગયેલો છે અને તેમાંનો થોડો ભાગ જ બાકી રહેલો છે.) અને ભજનો હૃદયથી કરેલાં છે અને ગાયેલાં છે, તેના તેવા નમૂના પરથી એવા જીવની આક્રંદયુક્ત ભાવના તે તે વેળા કેવા કેવા પ્રકારની બનેલી હતી, તેનું બ્યાન તેમાંથી વાંચનારને મળી શકે તેવું છે. એટલે સાધનાના માર્ગમાં શ્રીપ્રભુકૃપાથી શ્રીસદ્‌ગુરુના આશીર્વાદથી એને જે સમજાયું છે, તે સમજણ અને તે માર્ગની પ્રેરણા તેની કને કોઈ આવનારને જો તે આપતો હોય તો તેમાં કશું પણ અજુગતું નથી. તેમાં પોકાર
નાનમ કે મોટપનો કશો જ સવાલ ઊભો થતો નથી. ૧૫૧

પરમ કૃપાળુએ અપરંપાર કૃપા કરી અમને ભંગીનું કામ સોંપ્યું છે. એના જેવો બીજો કોઈ ઉત્તમ યજ્ઞ નથી અને બીજું કોઈ ઉત્તમ કર્મ નથી, તે યજ્ઞ હજી સંપૂર્ણ તો થઈ શકતો નથી. જેટલું થયું અને થાય છે, તે પાછું હતું તેમનું તેમ થયા કરે છે. પ્રભુ કરે અને મળેલાં બધાં જાગતાં-ચેતતાં રહે અને સર્વ રીતે સર્વ ભાવે તેમનાં સર્વ કરણોમાંથી મળ, વિક્ષેપ, આવરણ હઠતાં જાય તો જ પ્રભુકૃપાથી જંપ વળે. બાકી તો હૈયામાં સતત ઉજાગરો જ પ્રવર્ત્યા કરતો રહે છે, એવી છે અમારી હેરાનગતિની કથની. અમારાં સુખ, શાંતિ, આરામ આદિનો વિચાર અને તે પણ પોતપોતાના જીવનવિકાસના હેતુ અર્થે-કોઈપણ હજી સુધી કર્યા કરતું અનુભવાતું નથી. એ અમારું દુઃખ અમે કોને કથવા જઈએ ? માટે, કૃપા કરી અમને તારાથી કરી પરમ શાંતિ, સુખ મળ્યા કરે તેમ સંસારવહેવારમાં પોકાર
જીવનને ઉપયોગીપણાના હેતુથી ફળાવવાને વર્તજે. ૫

આપણા અનેક પ્રત્યક્ષ અને તાદશ્ય અનુભવોને પરિણામે જેને સદ્‌ગુરુનું સ્થાન આપ્યું હોય તેનામાંનો સ્થૂળ અને સૂક્ષ્મમાં

ભેદ તારવવો એ મુશ્કેલ હકીકત છે, અને ઘણાંને માટે તે અશક્ય પણ હોય. તેમ છતાં સદ્‌ગુરુ એટલે ગુરુનું શરીર નહિ, મન નહિ, અને જુદાં જુદાં નિમિત્ત કારણે ઊઠતી પ્રેરક અને પ્રભુપ્રેરિત પ્રવૃત્તિનો સરવાળો પણ તે નથી. સદ્‌ગુરુ એટલે ભગવાનનો જીવતોજાગતો જીવનમાં સાર્વત્રિકપણે પ્રસરી એકધારો પ્રગટી રહેલો ભાવ. સદ્‌ગુરુ એટલે શ્રીશંકરાચાર્ય કહે છે તેમ :

*એકં નિત્યં વિમલમચલં સર્વધી સાક્ષીભૂતમ્ ।*
*ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥*

-એવા સદ્‌ગુરુના ભાવને ઝંખવું. એવી ઝંખનાનો ભાવ કંઈ નકામો નથી હોતો, અથવા તો શક્તિ વિનાનો પોલો પોલો પણ હોતો નથી. એવા ભાવની જ્યારે ખરેખરી ઝંખના પ્રગટે છે, ત્યારે એવા પ્રકારની દિલમાંની ઝંખના એના પરત્વે એક પ્રકારની એકતાનતા પ્રગટાવે છે. એવી ઝંખનાથી એના પરત્વેનું દિલમાં દિલથી આકર્ષણ પણ પ્રગટે છે. એવું આકર્ષણ પ્રગટેલું હોય અને તે સતત એકધારું પ્રગટ્યા કરેલું હોય અને તેમાં પૂરેપૂરી સળંગતા જાગેલી હોય ત્યારે ત્રણે દશામાં- 'નિદ્રામાં, સ્વપ્નમાં અને જાગ્રતિમાં-ઝંખું છું', એવું લખેલું યથાર્થતાવાળું ગણી શકાય. માનવી જે જે કંઈ બોલે છે અથવા કહે છે, તેને ભગવાનની કૃપાથી આ જીવ તે રીતે સાચું માની શકતો નથી, કારણ કે તે તે જીવને જે જે પ્રકારની રોજિંદા વહેવારવર્તનમાં વૃત્તિ, લહરીઓ ઊઠે છે, તે પોતે જ તેનું પોત ઉઘાડું કરીને બતાવી આપે છે.

બાકી, હું પોતે સદ્‌ગુરુ છું અથવા એ રીતે તમે બધાં મને સ્વીકારો એવું કદી પણ કહેલું નથી, અને કહેતો પણ નથી. તે તો સૌ કોઈનાં દિલની પોતપોતાની ભાવનાની વાત છે, પરંતુ એટલું તો જરૂર છે કે પ્રભુકૃપાથી દ્વંદ્વાતીત અનુભવના પ્રત્યક્ષપણાના કેટલાક પ્રસંગ આ જીવનમાં પ્રગટેલા છે. અને સાધનાના કાળમાં જ્યારે તમારાં બધાંની સાથે આ જીવ રહ્યા કરતો હતો, ત્યારે પણ એનું ભાવનાનું ભાવનામાં અચળપણું

રહ્યા કરતું હતું, (પણ તેવાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ તે કાળે આપણામાં પ્રગટેલાં ન હોવાથી તેની કદરભક્તિ આપણાથી થઈ શકેલી ન હતી, તે વળી જુદી હકીકત છે.) 'ભગવાન તેના ભક્તનું બધું સંભાળે છે' એવા કેટલાય પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે.



પ્રભુકૃપાથી પૂરો સંપૂર્ણ હોવાનો દાવો કદી પણ કર્યો નથી, પરંતુ તમે મને તમારી પોતાની મેળે સદ્‌ગુરુ તરીકે ઠેરવ્યો, તો પછી તેના પરત્વેની તેવી ભાવનાનું વર્તન જો આપણાં બધાંનું ન વર્તી શકાય, તો તેવાં સ્વજનની સદ્‌ગુરુ પરત્વેની ભાવનાનું બીજું કયું લક્ષણ પારખવું કે જેથી તેની સાચી સમજણ પડી શકે ? જે કોઈ જીવે પોતે પોતાની મેળે સદ્‌ગુરુ કર્યા હોય અને સદ્‌ગુરુની યોગ્યતા તેને ન પરખાતી હોય તો તેવા સદ્‌ગુરુને તે મૂકી દઈ શકે છે-જોકે આપણામાં તેવું પારખવાની લાયકાત અને તેવી શક્તિ પ્રગટેલી હોતી નથી, તે વળી જુદી હકીકત છે. સદ્‌ગુરુ પરત્વે સદ્‌ભાવની ઉત્કટ ભાવના પ્રગટેલી ભલે રાખી શકતાં ન હોઈએ, તેમ છતાં પણ જો જીવનવિકાસના ધ્યેય પરત્વેનું આપણું દૃષ્ટિબિંદુ એકસરખું, એકધારું, વેગવંતું કામ કરી રહેલું હોય, તોપણ કશો વાંધો નથી. આ તો બધાંનું તેમ પણ નથી અને આમ પણ નથી. અને વાંધાવચકા આપણે બીજાં બધાંમાં કાઢ્યાં કરવાં છે. આ તો તદ્દન ક્ષુલ્લકપણાની હકીકત છે. અને તે બતાવી આપે છે કે જીવનવિકાસ પરત્વેનું ખરેખરું સાચું મહત્ત્વ આપણને પ્રગટેલું નથી. આ કાગળ લખી રહેલો છું તો એક વ્યક્તિને, તેમ છતાં પુરુષ અને નારી-જાતિવાચક જે સંબોધન કર્યું છે, તે તો બધાં સ્વજનોને આ લાગુ પડે છે માટે તેવી રીતે તે સંબોધાયેલું છે. જીવન પરત્વેનું દૃષ્ટિબિંદુ સાચી રીતે કેળવાય અને તે તરફનું સ્વજનોનું લક્ષ પ્રેરાય એવી મારી ધગધગતી તમન્નાને તમે બધાં પ્રેમભક્તિથી જો સ્વીકારી લેવાનું કરી શકો, તોપણ હાલનું જીવન વેગ અને ગતિ બન્ને પકડી લે. અરે ! એટલુંયે જવા દો, પરંતુ જો તમે મને તમારા દિલનું એક સાચેસાચું, ખરેખરું સ્વજન ગણતાં

હોવ, અને-અહીં પ્રેમના ભાવની વાત જવા દો, પરંતુ-તમને બધાંને આ જીવ પરત્વે હૃદયની લાગણી જ માત્ર જો હોય, તો તેને કેમ કરીને આપણે આપણા વર્તનથી રાજી રાખી શકીએ અને સંતોષ પમાડી શકીએ એવી ભાવના તો પ્રગટવી જોઈએને ? તમે બધાંએ મને સ્વજન તરીકે સ્વીકાર્યો હોય, તો ભલે, પરંતુ જો તમે તેવી રીતે સ્વીકાર્યો હોય તો તેનું પણ
દર્શન માપલક્ષણ તમારા મારી પરત્વેના વર્તાવમાં પ્રગટેલું હોવું જોઈશે
૧૫૮-૧૫૯ કે નહિ ?

પ્રભુકૃપાથી આ જીવને કદી પણ કોઈની તુલના કરવાનું દિલમાં જાગ્યું નથી. દરેક પાસેથી કેમ કરીને કંઈક આગળ વધવાની પ્રેરણા મળે અને જીવનમાં જીવદશાનાં વિચાર, વૃત્તિ અને વલણમાંથી કેમ કરીને મોળું પડાય તેવાં જ એકમાત્ર મારાં તો દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સદાય એકધારાં જીવતાં રહ્યાં કરતાં હતાં. એવાં ભાવથી ભરેલાં મન, મતિ, દિલ એકધારાં જીવંત પ્રેરાયેલાં જેને રહે છે, તેને આવું બધું સૂઝતું જ હોતું નથી કે ઊગતું પણ હોતું નથી. કેટલાંક સ્વજનને જ્યારે આવી બાબતમાં ચર્ચામાં કે વાતચીતમાં ઊતરી પડેલા જોવાનું બને
દર્શન છે,ત્યારે તો તેમાંથી મને આપણી પામરતાનું અને ક્ષુલ્લકતાનું
૨૯૮-૨૯૯ જ દર્શન થાય છે.

૧૪

*‘અમારે વર્તવું કેમ ? બધાં જે તે બતાવે છે,*
*પરંતુ વર્તવું કેમ ન નિજનું કોઈ જાણે છે.’*

પોતે યથાયોગ્યપણે કેમ વર્તવું એવું આ સંસારમાં વિરલા કોઈક સમજે છે અને સલાહ આપનાર તો અપરંપાર. ભગવાનની કૃપાથી આ જીવ સલાહ આપવાનું તો જાણતો નથી. આવો અનુભવી હંમેશાં સ્પૃહાવાળો અને નિઃસ્પૃહાવાળો હોય છે, સગુણ અને નિર્ગુણ, કામી અને નિષ્કામી, મોહી અને નિર્મોહી- આવાં આવાં એનાં જુદાં જુદાં પાસાં હોય છે. અને એકબીજાથી સામસામાં વિરોધાત્મક પાસાં પણ હોય છે. તે સ્પૃહાવાળો હોય

તે ગમે અને નિઃસ્પૃહતાનું જ્યારે દર્શન થાય ત્યારે ઘણાખરાથી ખમાતું નથી, સમજાતું પણ હોતું નથી. સામાન્ય રીતે તો જે જે માનવીને સમજણ માટેનાં જે જે ધોરણો તેનાં બંધાયેલાં છે તે જ પ્રમાણે તે એકબીજાને સમજતા હોય છે. આવા અનુભવીને સમજવા માટે-એવી પ્રેમભક્તિથી ભરપૂર એવી રસાત્મક બુદ્ધિની જરૂર, એવા દિલની જરૂર અને એવા રસીલા દર્દીલા હૃદયની પણ જરૂર છે. આપણે પરસ્પરને સમજવાનું મૂકી દઈને જો એકબીજાની સાથે દિલની ખરેખરી ગોઠડી બાંધી દઈએ અને એકબીજા આપણે પ્રેમના ભાવથી ભાવની મસ્તીમાં તરબોળ થઈએ, એવા જ પ્રકારનું પરસ્પર સાથે વર્તન દાખવીએ તો
આપણા માટે તે શ્રેયસ્કર છે. અનુભવીની ખુમારી એ કોઈ ૮૫
સંસારી માનવી નહિ સમજી શકે. ૩૭

આ જીવથી કોઈપણ જીવને ધક્કેલો મારી શકાવાની શક્યતા નથી. તેવી પ્રેરણા પ્રેરવાની શક્તિ પણ નથી, કારણ કે મને તેવી કોઈ ઇચ્છા નથી. અથવા સાચું કહું તો જે જીવને આ વિકાસને માર્ગે પળવું છે તેવા જીવે પોતે પોતાનામાં કોઈ-પણ સાધનને સતત એકધારું પકડી રાખીને એકીટશે વળગી રહેવાની કેટલી શક્તિ છે, તે તટસ્થતાથી ઊંડે ઊતરી તપાસવું જોઈએ. વળી, તે તે થતી વેળા પોતાનામાં કેટલો ઉત્સાહ, કેટલી ધગશ, કેટલાં ખંત, ઉદ્યમ અને તે પરત્વે જવાની કેટલી એકધારી ધસમસતી ઉત્કંઠાવાળી તીવ્રતા છે, તે તેણે પોતે જ તપાસવું જોઈશે. આવું બધું જો તેનામાં તે તે સાધનની યથાયોગ્ય વાસ્તવિકતામાં હશે, તો પરિણામ તે પ્રકારનું-પોતે જે રીતે જે ભાવથી ગડમથલ કરેલી તે પ્રકારનું-હશે જ, એ વિશે શ્રેયાર્થીએ નિશ્ચિંત રહેવું ઘટે. હૃદયની સાચી નેકદાનતથી, સંપૂર્ણ પ્રમાણિકતાથી, સંપૂર્ણ વફાદારીથી, સંપૂર્ણ એકનિષ્ઠાથી શ્રીહરિને સન્મુખ ધારીધારીને જીવનના હેતુની સભાનતાથી જે કોઈ મથનાર હશે, તેવા સદાય ઉત્સુકતાવાળા જીવને શ્રીહરિ-કૃપાથી કરીને, ધક્કેલો દેવાને કે પ્રેરણા દેવાને માગણી કરવાની હોતી નથી. શ્રીપ્રભુકૃપાથી આ જીવથી તેવી રીતે વર્તવાનું

પગદંડી ૧૫ થયેલું છે. સતત એકધારો, એકીટશે તે તે પુરુષાર્થમાં મંડ્યો રહેલો છે.

મારું વર્તન તો તદ્દન ઢંગધડા વગરનું છે. કોઈપણ કાળે મારા વર્તનની નકલ કરવી નહિ. નકલ એ મૃત્યુ છે. વર્તનનો હેતુ અને જ્ઞાન હૃદયમાં હૃદયથી પ્રગટે અને એ રીતે વર્તનને સમજે એવા ચેતનમાં જાગેલો જીવ કોઈ ભાગ્યે જ હોય છે. અમને ચેતની દૃષ્ટિએ સમજનારા હજી સુધી તો કોઈ જાણ્યા નથી. એક પૂજ્યશ્રી 'ગોદડિયા મહારાજ' કરીને છે, તે અમને સાચી રીતે જાણે છે અને ઓળખે છે. મળેલાં સ્વજનોએ હજી અમને હૃદયથી પૂરા ઓળખ્યા નથી. એ અમારું કમભાગ્ય નથી,પરંતુ જેમણે સંગ કરીને હૃદયથી સંગ કરી જાણ્યો નથી તેમનું કમભાગ્ય છે.

ચેતનમાં જાગેલા જીવને ઓળખવો, સમજવો અને અનુભવવો એ જેવા તેવા જીવનું કામ નથી. હૃદયની એવી અંતરની આંખ પ્રગટી જાય તો કદાચ ઓળખી શકાય અને સમજી શકાય. તારા પોતાના વાતાવરણમાં તું કેવી રીતે આદર્શને જીવી બતાવશે તેના પર બધો આધાર છે. જો જીવન છે તો તેનાં દિશા, ગતિ અને પ્રાણ પણ છે. એ રીતે અને એ લક્ષણે જો આપણા જીવનનાં દિશા, ગતિ અને પ્રાણ હૃદયથી
મંડાણ ૧૧૪ નક્કરપણે અને વાસ્તવિક રીતે અનુભવી શકતાં હોઈએ, તો જીવન જીવીએ છીએ એમ ગણાય.

હું કોઈનેય મારી સોબત કરવાને કે મારી પાસે આવવાને કે સમાગમ કરવાને કદી પણ કહેતો હોતો નથી, અથવા તો એનું નિમિત્ત પણ હું પોતે ઊભું કરતો નથી. પોતાની મેળે જે કોઈ આવે તો તેને ના પાડતો નથી. જે કોઈ સંબંધ વધારવા કે ઘટાડવા માગે, તો તેમ પણ ભલે થાય. અમારું દિલ જેના વિશે ભગવાનની કૃપાથી રહે છે, ત્યાં અંતરમાં અંતરથી ભરતીઓટ થતી નથી. બહારથી એવું કદી કોઈને લાગે તો તેમ ભલે લાગે,
સોપાન ૫૭-૫૮ પરંતુ જો જોવાની સૂક્ષ્મ આંખ હોય અને પારખવાનું હૃદય જો જાગેલું હોય, તો હૃદયનો પ્રેમ છૂપો રહી શકતો નથી.

૧૫

મારે તમારામાં ભળવું છે, પણ તે તમારી રીતે નહિ બની શકે એ વાત નક્કી છે. આ જીવે અનેકના જીવનમાં કોઈ ને કોઈ વૃત્તિ દ્વારા તે તે જીવની તે તે વૃત્તિને સાધનરૂપે અને સહજમેળે વર્ત્યા કરેલો છે, અને ભલે પ્રખ્યાત ન થવાયું હોય પણ પ્રભુની કૃપાથી મને મારા જીવનના ધર્મમાં સંપૂર્ણ વિશ્વાસ છે. શ્રીભગવાને કૃપા કરી મને જે જીવનકાર્ય સોંપ્યું છે તે કદી છોડી શકીશ નહિ, પછી એ જીવનકાર્ય અનુકૂળ તમે બધાં વર્તો કે નહિ એ સવાલ જ મારે માટે તો રહેતો નથી અને જો પ્રશ્ન રહેતો હોય તો એટલા જ કારણસર કે હું મને તમારામાંનો પાથેય
જ એક ગણું છું. ૧૨૯-૧૩૦

આ જીવ તેની જાતને તમારા બધા પર ઠોકી બેસાડવા માગતો પણ નથી. એવી મરજી પણ નથી. કિંતુ આ પ્રશ્નને કે હકીકતને એક આધ્યાત્મિક માર્ગના પ્રયોગ તરીકે પણ જો આ જીવને લેખવાનું કરી શકતા હોવ, તો યુરોપાદિ દેશોમાં કોઈ વૈજ્ઞાનિક શોધખોળના પ્રયોગ કરનારને, જેમ ત્યાંનો સમાજ ઉત્તેજન, મદદ, સહાનુભૂતિ, પ્રેરણા, હૂંફ, ઓથ, સગવડ-સાધનો પ્રેમથી કરી આપે છે, તે રીતે પણ આ જીવને લેખવા વિનંતી છે. આ જીવનો પણ જીવનવિકાસના પ્રયોગનો યજ્ઞ તેની તેની પ્રત્યેક ભૂમિકામાંથી પસાર થતો થતો અખંડપણે શ્રીપ્રભુકૃપાથી ચાલ્યા જ કરે છે. તે કોઈ કને કશું વાંછતો નથી. નથી માગતો ધનદોલત, સત્તા કે એવું બીજું કશું. માગે છે તમારાં બધાંનાં હૃદયનો નિર્ભેળ પ્રેમભાવ, તમારાં બધાંનાં હૃદયનો ઉમળકાભર્યો સત્કાર, સ્વીકાર અને સહકાર. એટલું જો થઈ શકે તો તમારા જીવનમાં ભાગ લઈ શકવાની આ જીવમાં શ્રીપ્રભુકૃપાથી જે કંઈ શક્તિ હોય તે કામયાબ સોપાન
(ઉપયોગી) થઈ શકે. ૩૧૩

હું તો ભિખારી છું. મારે તો કશું ખોવાપણું નથી. ખોવાપણું તમારે છે. જેની પાસે હોય છે તેને જ ખોવાપણું રહે છે. જે

ખૂએ છે અને ખોવાઈ જાય છે એને જ કંઈક જડે છે અને મળે છે. એટલે અમારે તો તમારી પાસે જે છે તે લેવાનું છે. અને બદલામાં અમારું 'ખાલીપણું' તમને આપવાનું છે. એવા અવળા ધંધાનો વેપાર અહીં તો ખેડવાનો છે. એટલે આ બાબતમાં
પગરણ ૧૯ પૂરેપૂરું વિચારીને એની તૈયારી કરીને જ પ્રેમથી આવશોજી.

હું સંપૂર્ણ છું એવો કદી મારો દાવો નથી, પણ જે રીતે તમો બધાં સાથે વર્તાવ છે તે રીત એવી છે કે જેમ થયા જાય તેમ વર્તાય. તર્ક, બુદ્ધિ, લાગણીથી કોઈ ન સમજાય એવા મારા વર્તન પ્રતિ તમે બધાં પ્રેમદૃષ્ટિ, સહાનુભૂતિ, કદરભાવના અને શ્રદ્ધાવિશ્વાસની ભાવના રાખ્યા કરશો અને તે દૃષ્ટિકોણથી જોવાની ટેવ પાડશો તો ભવિષ્યમાં કોઈ થઈ ગયેલું વર્તન કેમ એવું થયું તે સમજાયા વિના રહેવાનું નથી,-પણ તે વૃત્તિઓમાંયે જો આપણી સમજ અને માન્યતાની વૃત્તિથી દોરાઈ જતાં નહિ હોઈશું તો. વળી, કેટલીક વખત જાણીજોઈને પણ અવળચંડાવેડા કરું કે જેથી આપણા મનના થર કેવાક છે અને જમીન કેવીક પોચી થઈ છે તેનો મને વધારે ચોક્કસ ખ્યાલ આવે. સાચું પૂછો તો હું તેના વિશે (મારા વર્તનની રીત વિશે)
પગથી ૧૦૪-૧૦૫ વિચાર કરતો નથી. જો કોઈ પૂછે તો પછી તે વખતે જે બુદ્ધિમાં આવે તેવાં કારણો જણાવી દઉં છું.

૧૬

તમે 'મોટા'ને ખૂબ યાદ કર્યા કરજો. જો હૃદયના સાચા ભાવથી 'મોટા'ને યાદ કરશો, તો 'મોટા' એ કંઈ માટીનું ખાલી પૂતળું નથી. જેમ સહુ કોઈનામાં ચેતન છે તેમ એનામાં જાગતું ચેતન છે. તેનો તમને અનુભવ થશે. એકવાર 'મોટા'નો તમને હૃદયથી અનુભવ થયો તો તમને ઘણી જ હિંમત આવી જવાની છે, અને પછી તો તમે 'મોટા'ને કદી જ છોડી શકવાના નથી. માટે, જે ઉપાયો બતાવ્યા છે તે કરતા રહેજો અને ભગવાનનું નામ લેતા રહેજો. હૃદયથી પ્રાર્થના કરતા રહેજો અને 'મોટા'નો પણ અનુભવ લેતા રહેજો. તમારા અનુભવથી બીજા જીવોને લાભ થવા સંભવ રહેલો છે.

તમને મારા હૃદયની વિનંતી છે કે બતાવેલાં સાધન, ઉમંગથી, ઉત્સાહથી, શાંત અને પ્રસન્નચિત્તે કરતા રહેશો તો જ કંઈક પરિચય થયાનો અર્થ સધાય. નામનો મહિમા ભારે છે. જે તે કંઈ કરતાં કરતાંયે એનું સતત એકધારું સ્મરણ જીવતું કાયમ રહી શકે તેટલું કર્યા કરજો. એનું સ્મરણ જીવતું થતાં તેમાં ભાવ પણ પ્રગટવા માંડશે. હમણાં તો બધું જ મહત્ત્વ શ્રીભગવાનના સ્મરણમાં જ આપ્યા કરવાનું છે. જીવનનું આપણું તે એક જ કામ મહત્ત્વનું છે. બાકીનાં કામો તો ગૌણ છે.

મારો સ્વભાવ ઘણો જ પરવાવાળો હોવા છતાં સાથે સાથે તે તેટલો જ પાછો બેપરવાવાળો પણ રહ્યા કરે છે. માટે, તે પ્રકારની થતી વ્યક્તતાથી તે અંગે કદી પણ ગેરસમજૂતી ન થતી રહે તે જોવા વિનંતી છે.

'પ્રગટપુરુષ'માં હૃદયથી જેટલો જેનો વિશ્વાસ ઊગી જાય, તેટલા પ્રમાણમાં જ તેનામાં શ્રદ્ધા જાગી જવાનો સંભવ રહે છે. વિશ્વાસ એ જરૂરનું મહત્ત્વનું પગથિયું છે.

પ્રભુનું ખૂબ સ્મરણ કરતા રહેશો અને બતાવેલાં સાધનોમાં જો મગ્ન થયા કરવાનું રહેશે તો ગમે તેમ થતાં આપણે સદાય મસ્તી અનુભવી શકીશું. પ્રેરણા ૮૭-૮૯

**૧૭**

મરણ વખતે ભગવાનને યાદ કરવા તે તો મહાવરો પડ્યા વગરેય થાય, એમ મારાથી ના કહેવાય, પણ એવા કિસ્સા બનેલા છે. ત્રણ કિસ્સા તો મારા જાણીતા છે. એક આ નંદલાલભાઈના સગાં મામા. તે દર વખતે મૌનમાં બેસે અને કંઈ ભગવાનનું નામ લેવાય નહિ. મને જ બેત્રણ દિવસે કાગળ લખે, 'અહીં તો બધો આ સંસાર જ છે. ઊલટું વધારે જોરદાર પ્રમાણમાં મને તો પ્રગટે છે. સંસારની બધી વાતો યાદ આવે છે, વેપારમાં ચિત્ત જાય છે અને ભગવાનનું નામ કંઈ લેવાતું નથી.' એમ બધું લખ્યા જ કરે. મને એક વખતે ચીડ ચડી અને મેં લખ્યું, 'મામા, જાઓ તમને મરણ વખતે ભગવાનનું નામ લેવાશે'-એમ મેં લખી દીધું.

ચીડ ચડી એટલે હોં ! પછી એમણે લખ્યું કે 'મોટા, તમે કહો છો પણ મારા માન્યામાં નથી આવતું. અત્યારે હું સજાગ છું અને ઈંદ્રિયો સજાગ છે અને હું સમજું છું, ત્યારે જો નામ નથી લેવાતું તો મરણ વખતે મને કંઈ સમજ નહિ હોય, બેભાનપણું હશે, કંઈ સંસારમાં જીવ નહિ હોય, કંઈ કશામાં જીવ નહિ હોય ત્યારે હું કેવી રીતે ભગવાનનું નામ લઈ શકીશ ? એ વાતો કંઈ મારે ગળે ઊતરતી નથી.' એ બીએસ.સી. થયેલા. તેમાં ફર્સ્ટ આવેલા. એલએલ.બી.માંયે ફર્સ્ટ ક્લાસ આવેલા.જો સરકારી નોકરી લીધી હોત તો હાઈકોર્ટમાં જજ થઈ શક્યા હોત. બહુ હોશિયાર માણસ, પણ મરણ વખતે એને ભગવાનનું સ્મરણ જ રહ્યું. એટલું જ નહિ પણ બધાંને કહ્યું કે 'ભાઈ આવજો, રામ રામ હવે.' અને એટલું જ નહિ પણ ડૉક્ટરને બોલાવ્યા. પેલા લોકો ગભરાઈ ગયા. એને હાર્ટ ઍટેક થયેલો. નાડી જોઈએ તો મળે નહિ. પેલા ડૉક્ટર કહે કે 'કંઈ કશું છે નહિ હવે.' ત્યારે બોલેલા, 'આવજો, રામ રામ.'

બીજા એક જે નડિયાદ આશ્રમમાં શરૂઆતમાં મદદ કરેલી એ ભાઈ-હોટેલ ચલાવતા હતા, કુબેરદાસ. એને હાર્ટ ઍટેક થયેલો. અઢાર કલાક સુધી નોન સ્ટૉપ(અવિરત) નામસ્મરણ થયેલું.

ત્રીજા, નંદલાલની પેઠે મારા એક મિત્ર, એમ.એ. થયેલા. (વજુભાઈ જાની) એ 'રીલેટીવ સ્ટડી ઑફ રીલિજીયન્સ' (ધર્મોનો સાપેક્ષ અભ્યાસ) એ એનો વિષય હતો. એ ભાઈ પણ મરણ વખતે ગીતા બોલેલા. ગીતાનો બહુ શોખ, એટલે પંદરમો અધ્યાય બોલી ગયા. અને છેલ્લો શ્લોક બોલ્યા અને એનો પ્રાણ ગયો.

એકીકરણ
૩૫-૩૬

(અનુષ્ટુપ)

*કોઈક ગૂઢ યોગીઓ, યોગ જે જાણતા નથી*
*-એવા માનવીઓ લેઈ, પોતાને વશ ચિત્તથી,*
*ઈચ્છા પોતાની કૈં એની પ્રમાણે, ચિત્તના ઊંડા*
*-સંસ્કારોને કરાવે છે પૂરા જાગૃત ત્યાં ખરા.*

*તે વેળાનો ખરો લાભ જે કોઈ ઉગ્ર સાધક*
*લઈ લેશે હૃદે ચેતી પામે લાભ પૂરો ઉર.*

શ્રીપ્રભુકૃપાથી આ જીવ કશું પણ યદ્વાતદ્વા કરતો હોતો નથી. તમારા ચિત્તમાં જે સંસ્કારો પડેલા હતા અને રહેલા હતા, તેને પ્રત્યક્ષ કોઈક સૂક્ષ્મ પ્રકારની વિશિષ્ટ કળા-પદ્ધતિથી (ટેક્નિકથી) તેને પ્રત્યક્ષ સ્પષ્ટપણે મૌનએકાંતમાં ખરેખરા આકાર રૂપમાં નજરે નજર જોઈ શકાય તેમ બતાવી દેવામાં આવ્યા છે. ઉપર જે કવિતામાં લીટીઓ ટાંકી છે તે ઉપરથી સ્પષ્ટ સમજાય એવું છે કે આ જીવમાં તેવી ટેક્નિકનું જ્ઞાન એની કૃપાથી રહેલું છે. અને તે પ્રમાણે તેણે એની કૃપાથી કરી બતાવેલું છે. એનો લાભ કેવો લેવો એ કામ દરેકનું પોતપોતાનું છે. આ જીવે તો પ્રભુકૃપાથી જે સાબિત કરી આપવું હતું તે કરી બતાવેલું છે. કેવા રહેવું-થવું-જીવવું એ વિશે કશી પરવા હોતી નથી કે રહેતી નથી. કિંતુ જે કંઈ થયેલું એનું યોગ્ય, ઉત્કટ સભાનપણું-જે ભાવપ્રદેશમાં ખેંચી જઈને દિલને દિલમાં પ્રગટાવવું ઘટે-એ તો એની કૃપાથી કરેલું છે. બીજી કોઈ રીતે તેવું થવું કદાપિ શક્ય નથી એટલું તો ચોક્કસ છે. સોપાન ૩૨૩-૩૨૪

❑

ખંડ-૯

# ન્યારું બિરુદ : સ્વજન

■

(શિખરિણી-મંદાક્રાંતા)

પ્રભુ મારો વ્હાલો સ્વજન રૂપ તે આપ એના થઈને,
સદા શી હૂંફાળી કરકમળની બાથ લેજો મને તે !
તમારાં હૈયાંમાં જરીક સરખું ક્યાંક કો એક ખૂણે,
રહેવાને દેજો જીવિત બનીને સ્થાન આનંદરંગે.

પગલે
૧

*શ્રીમોટા*

■

■

(ગઝલ)

ઊંડા અંતર ઊતરવાનું અમે દિલથી ચહેલું છે,
ચહેલું માત્ર ના, કિંતુ જીવન તે કર્મ લીધું છે.

પરિપૂર્ણ થવા કર્મ અમે જહેમત ઉઠાવી છે,
કૃપાથી તો અમે કેવા ટકેલા કર્મને વિશે !

ટકેલા એકલા તેમાં ન પૂરતું છે અમો માટે,
કરોડો કામથીયે ના અમારું તો થવાનું છે.

અમારાં કર્મનો અંત પૂરેપૂરો ન ક્યાંયે છે,
અનંતાનંત તો કર્મ જીવનનું કેવું મોટું તે !

**શ્રીમોટા**

પ્રભાત
૧૩૨

પ્રભુકૃપાથી જેને આ જીવ સ્વજન ગણે તેનું બિરુદ કોઈ ન્યારું હોય, હૈયું અત્યંત મૃદુમાં મૃદુ હોવા છતાં પથ્થરથીયે વધુ કઠણ બની શકે, અને એવા સ્વજનનું 'અલખ' પ્રકારનું પળેપળ નૂતન દર્શન અને અનુભવ થયા કરે એવી હૃદયમાં અભિલાષા સેવતો સેવતો એ જીવનું રટણ કરું છું.

મંડાણ
૨૧૬-૨૧૭

લાભ, અંતરનો લાભ, પરસ્પરનો જ્ઞાનયુક્ત સદ્ભાવભરી એકતાનો રાગ જ્યારે હૃદય હૃદયમાં જન્મે ત્યારે મળી શકે છે. તે વિના તેમ થવું અશક્ય છે. એટલે બીજા જીવની અપેક્ષા વિના એની કૃપાથી કરીને શ્રીભગવાન આ જીવને જેવું સુઝાડે છે, એવું સ્વજનનું સ્મરણ (તેવા તેવા નિમિત્ત જીવોનું) પ્રસંગે પ્રસંગે હૃદયથી રાખવાને આછોપાતળો પ્રમાણિક પ્રયત્ન કર્યા કરું છું. મારો પ્રભુ તો મારાં સ્વજન છે, પરંતુ એમનામાં એવી ભાવના રાખીને જેટલું જીવવાનું બને છે, તેમાં જેવી જીવતી ધારણા ભગવાન રખાવે છે તેમ રાખવાનું બને છે.

પ્રવેશ
૧૩૬

તા. ૧૮-૯-૧૯૪૭નો તમારો લખેલો કાગળ મળ્યો છે, અને તે હૃદયે ચાંપ્યો. નવી પરણેતર વહુને પોતાના પતિનો કાગળ મળતાં જેટલો આનંદ થાય, તેટલો આનંદ મને તમારો કાગળ મળતાં થયો-જોકે તમે વર નથી અને હું વહુ નથી. તમારા કાગળ જાણે રોજ મળ્યા કરે, એમ ઝંખું છું. વહાલાંની હૃદયની ઝંખનામાં પણ, ભાઈ ! એક પ્રકારની જે મીઠાશ, જે માધુર્ય, તલપતા અને તલસતા હૃદયની પીડા રહેલી છે, તે તો તે વિષયનો એક જે અનુભવી દર્દી હોય તે જ જાણી શકે.

જ્યારે હું લખું છું કે તમારા એકલાના જીવનમાં પણ જો પ્રભુકૃપાથી અને તમારા હૃદયના પ્રેમભાવની મદદથી ભળી શકવાનું બન્યું, તો તેથી મને ભગવાનની સેવાભક્તિ કરવાનો અનન્ય પ્રસંગ મળ્યા કરવાનો છે, ત્યારે તેવું કહેવું તે મારે માટે તો પ્રત્યક્ષ જીવતી હકીકતનો વિષય છે. તમારી મારફતે બીજા કેટલાય જીવોના પરિચયમાં આવવાનું થશે. આમ, તમારી સાથે મારો તે પાક્કો સ્વાર્થ રહેલો છે, તે જાણશોજી.

પ્રેરણા
૬૮

૨

પ્રભુકૃપાથી જે સ્વજનો મળેલાં છે, અને જે પ્રભુની ભાવના જગાડવાને કાજે મળેલાં છે, તેમને તેમને જગાડવા, ચેતાવવા, પ્રેરાવવા કાજે જ આ જીવની પ્રભુકૃપાથી પ્રવૃત્તિ છે. કોઈ કોઈ જીવને યેન કેન પ્રકારેણ મંથનમાં રખાવ્યા કરવાને પ્રભુ કૃપા કરે, અને તેઓ જીવન અંગે વિચારે એ જ પ્રભુને પ્રાર્થના છે. બધાં મળેલાં સ્વજનોનો હૃદયનો પ્રેમભર્યો સહકાર જ્ઞાનના અનુભવ થવાને કાજે જો મળ્યા કરે, તો તેમાં પરસ્પર વિકાસ જ થયા કરે, પરંતુ પ્રભુકૃપાથી મારી સમજણ અને પદ્ધતિ તો જુદી જુદી છે. માત્ર જો પૂજાવું હોત, નામના, પ્રખ્યાતિ, મહત્તા વધારવાનું ચાહ્યું હોત, તો તો તે તદ્દન સહેલું હતું અને છે. આ દુનિયા તો દોરંગી છે, ગતાનુગતિક છે. હજી એને યોગ્ય ઉત્તમ પરીક્ષાનું સાચું ધોરણ હાથમાં લાગેલું નથી. અનેક એને ધૂતીને ઠગી પણ ગયા છે અને ઠગી રહેલા છે, પણ એથી શો દહાડો વળે ! મારે તો આ હેતુ અર્થે મળેલાં સ્વજનોને શ્રીપ્રભુ કૃપા કરે અને બળ આપે, તો ભાન ઉગાડીને, એમને ચીડવીને, એમને વળ ચડાવીને, એમને રીઝવીને, એમને ગુસ્સે કરી-કરાવીને, એમને ખાડામાં નાખી કે ઊંચે ચડાવીને, ધક્કા મારીને કે ઘસડીને, ગાળો ભાંડીને તથા બીજી આવી અનેક સ્થૂળ અને સૂક્ષ્મ દ્વંદ્વની રમતથી તે તે જીવને પ્રભુકૃપાબળથી સાત્ત્વિક પ્રકારની ભાવનાથી આ જીવમાં વિચારતા અને રાગવાળા થતા કરાવવા છે. તેમ કરાવવાનો અસલ હેતુ તો શ્રીભગવાન પરત્વેનો પ્રેમભાવ પ્રગટાવવા કાજેનો છે. તમારાં બધાંના હૃદયનો પ્રેમભાવ મળી રહે એ જ પ્રાર્થના છે.

બધાં સ્વજનોને તેમનું તેમનું સાફ સાફ જણાવવાનું થતાં કોઈક કોઈક તો તેને તે રીતે સ્વીકારવાનું પણ કરી શકતાં નથી. આ માર્ગનું વિચારવાનું-અમુક અમુક જાતનાં નક્કી થયેલાં માપ, ધોરણ, રીતરસમો, સમજણો, ટેવો, ગમા, અણગમા, કલ્પના આદિથી બની શકતું હોતું નથી. આમાં તો કોઈ ધોરણ

નથી અને કોઈ આધાર નથી. એ માર્ગ સમજવાને કાં તો પ્રચંડ તપશ્ચર્યા કાં તો પ્રેમભક્તિભર્યો સંતસમાગમ અને ત્રીજું હૃદયમાં જીવતીજાગતી ધસમસતી જિજ્ઞાસા અને તમન્ના,-આ ત્રણ વિના તે માર્ગને સમજવાને બીજું કોઈ ઉત્તમ સાધન નથી. પ્રયોગ કર્યા વિના તે માર્ગના સત્યનું અન્વેષણ કરવું, પામવું અને અનુભવવું અશક્ય છે. જીવનની પ્રત્યેક પ્રકારની ઘરેડમાંથી મુક્ત થતાં થતાં કંઠે પ્રાણ આવે છે, તે કંઈ એમની એમ છૂટી શકતી પણ નથી. એવી ઘરેડો અને એવી સમજણો અને એવાં ધોરણો જીવને જીવપણામાં જ જકડી રાખે છે. આપણે સમજણો, ઘરેડો, ટેવો, મતો, અભિપ્રાયો, કલ્પનાઓ વગેરે વગેરેનાં ધોરણથી જે તે બધું સમજવાનું રાખતાં હોઈએ છીએ. તેથી તે માર્ગ અથવા તે માર્ગના હાર્દનું યોગ્ય રીતે મૂલ્યાંકન આપણાથી થઈ શકવાનું નથી, તે જાણશોજી.

માટે જ માગું છું કે તમારાં બધાંના પરિચયમાં પ્રભુકૃપાથી થોડું થોડું કરીને જો આવવાનું બન્યું છે, તો મારા જેવા ભાગ્યા તૂટ્યાની પ્રેમસંભાળ લેશોજી. એનું કંઈ કશું ક્રોધે કરીને,રાગે કરીને, મોહે કરીને, પ્રેમે કરીને, કે કોઈ બીજી રીતે કશું લાગે, તો તે કાજે કશી મડાગાંઠ ન વાળી લેવા પ્રાર્થના છે. મારી જાતને કોઈને સંપૂર્ણ કદી માનવા દીધેલી નથી. પ્રભુકૃપાથી એટલું તો પ્રભુને હૃદયે રાખીને કહી શકું છું કે શ્રીગુરુમહારાજના કૃપાબળે કરીને જે कंई यत्किंचित् શ્રીપ્રભુની કૃપાચેતનાના આધારે પ્રગટેલું છે, તે મારે મન નક્કર હકીકતરૂપે છે. એના અનુભવો પણ કોઈ કોઈ જીવોને પ્રભુકૃપાએ કરાવેલા છે. આ પત્ર દ્વારા પ્રાર્થના કરું છું કે આ જીવ વિશે કશું પણ અન્યથાપણે ન વિચારવાનું બને તો તે પ્રભુની પરમ કૃપા છે.

સોપાન ૩૦૯-૩૧૧

આ શરીરનું બાકીનું જીવન જે કોઈ ભગવાનનું નામ શીખવાને એની કને આવશે એને एनी કૃપાથી ગોદાટી કરાવી-કરાવીને પણ તે રસ્તે લઈ જવામાં ગાળી શકવાનું છે. એ જ એના જીવનનું અંતિમ કર્તવ્ય છે. પછી તો જેની જેટલી જિજ્ઞાસા હશે, તેટલું થયા જશે. ગોદાટીને લીધે પણ કેટલાંકને તો ચસવું

પડશે. આ જીવતરમાં પ્રભુકૃપાનો એવો યોગ છે. પ્રભુના નામનું સાચી રીતનું મહત્ત્વ જો કોઈપણ જીવમાં જગાડી શકાયું, તો એવા આછાપાતળા કર્મથીયે મને તો પૂરેપૂરો સંતોષ થવાનો છે. જે કોઈ જેવી પ્રકૃતિ-સ્વભાવવાળું મળશે, તે એની રીતે એના પ્રમાણમાં લાભ લઈ શકાવો શક્ય હશે તો તે લેશે. પ્રભુકૃપાથી આ જીવે તો એનો ધર્મ બજાવ્યે જ જવો. જે જે મળે એમને આ ધર્મમાં એમની એમની રીતે-એ ન જાણે તેમ-સૂક્ષ્મપણે એમને દોરવાં. જે બધાંમાંથી છૂટો થઈ ગયેલો છે, તેવો જ બધાંનામાં એની રીતે જકડાયેલો પણ રહી શકે છે. મંથન ૨૧૮-૨૧૯

કોઈનાય પ્રેમભાવથી ભરેલા પુણ્યસ્મરણમાં આ જીવને તો પ્રભુકૃપાથી જીવનનું દર્શન થતું લાગે છે. આ જીવને મન તો એ ઘણું જ વહાલસોયું છે. માતાના હૃદયના પ્રેમભાવને એના સાચા અર્થમાં અને ભાવમાં પુરુષો ક્યારે સમજી શકશે ? પુરુષ જીવ માતા કે બહેનોના હૃદયને કદી સ્પર્શી શકવાનો નથી. જો કોઈ સ્પર્શી શકે છે તો માત્ર તે અપવાદ તરીકે. પુરુષ જીવનામાં એવું ભાવભીનું હૈયું નથી હોતું. એનામાં કદર કરી શકે એવી બુદ્ધિ હોય છે, પણ બુદ્ધિ તો હંમેશાં કોરી અને વાંઝણી છે. માતાના દિલમાં તો ભાવનાનો વહેતો ઝરો હોય છે. માનવીનું જીવન ઘડાય, એના સંસ્કાર એનામાં ઊતરે તે માટે પ્રભુ કૃપા કરીને અમને માના ગર્ભમાં જિવાડે છે. એવું ન હોત તો પુરુષ જીવની રૂક્ષતાનો પાર ન હોત. બહેનો અને માતાઓના હૃદયની સાત્ત્વિક ભાવનાભરી કદરભક્તિ અમારામાં પ્રગટશે ત્યારે જ આ હતભાગી પ્રજાના ઉદયનો વારો આવવાનો છે. પ્રવેશ ૧૯૭-૧૯૮

૩

મારે મન કોઈપણ સંત કે ઉચ્ચાત્માનો આશ્રમ આ જીવથી જુદો નથી. બધે બધું જ એકરૂપે જ છે. કોણ કોણને જુદું પાડી શકે એમ છે ? બધે જે તે સ્થળે મારો વહાલો ગર્જે છે, હસે છે, રમે છે, નાચે છે, કૂદે છે અને લીલા કર્યા કરતો હોય છે. એના પ્રેમના ભાવને લોક ફંદ માને છે, પણ પોતે જ

જ્યાં ફંદમાં પડેલા હોય છે એ તો કોઈ જોઈ શકતું નથી, ત્યાં એવા પ્રકારના લોક પ્રભુના દિવ્ય, ભવ્ય અને રમ્ય પ્રેમને કેમ કરીને ઓળખી-પ્રીછી શકે ?

પોતાની અપેક્ષાએ જે ઠીક નથી લાગતું કે નથી સમજાતું તે અન્યની અપેક્ષાએ કદાચ સમજાઈ જવા પૂરતો સંભવ રહે છે. બધે જ જ્યાં ત્યાં એ વહાલાની પ્રેરણાની આણ પ્રવર્તે છે. તમારાં બધાંમાં મારો જીવ કેમ ન હોય ? પરંતુ તમે કે કોઈ જીવનવિકાસ પરત્વેનું મારું કહ્યું હજી યોગ્ય ભાવમાં અને યોગ્ય રીતમાં કરી શકતાં નથી, તેવું દિલ પણ ઊગતું નથી અને આ જીવને યોગ્ય રીતે સમજી પણ શકતાં નથી, અને ઉપરથી મનમાં કેટકેટલું વિચારીને ગોદા મારો છો તે તો એક તમે જાણો કે એક મારા પ્રભુ જાણે. તે તે તમારું તેવું તેવું બધું અમારે સહન કરીને, ભોગવીને જ્યાં ત્યાં અભેદ ભાવ જ છે એવા અનુભવમાં શ્રીપ્રભુકૃપાથી અમારે તો જીવવાનું બન્યા કરે છે.

જ્યાં સુધી જીવદશામાં છીએ ત્યાં સુધી પ્રત્યેક જે તે કંઈ આપણાથી બને છે. પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર-તે બધાંથી જે જે કંઈ થાય છે કે ઉદ્ભવે છે તે તે બધું જ ચિત્તમાં સંસ્કારરૂપે પૂરેપૂરું જડાઈ જતું હોય છે. તે તે બધું પાછું એના યોગ્ય કાળે ઉદય પણ પામ્યા વિના રહી શકતું નથી એવો એનો અટલ કાયદો છે. કશા કંઈના ઓઠા નીચે ત્યાં છુપાઈ જઈને છટકી શકાય તેવું નથી. ભૂત વળગે તે તો કોઈ કાઢી શકે, પરંતુ તમારે ગળે અથવા તો જે કોઈ એવા ચેતનમાં પ્રગટેલા છે એવા આત્માઓ કોઈને ગળે વળગેલા છે, તે તો છૂટી શકે તેવું નથી. ગમે તેમ કરીને પાછા વળાવવા કોઈ મથશે તો તેના તેવા પ્રયત્ન પણ મિથ્યા થવાના છે.

તેથી, મારી તો જે તે બધાંને હવે વિનંતી છે કે જે જે સ્વજન આ અર્થે મળેલાં છે, તેમણે તેમણે સંસારલોલુપતા શ્રીભગવાનનાં ચરણકમળે પ્રેમભક્તિભાવે સમર્પણ કર્યા કરવી. સંસાર પણ એ જ શ્રીનટવર બાંકેબિહારીલાલની જ લીલા છે.

તેમાં એની પ્રેમભક્તિના સ્વરૂપમાં જીવીને જે જીવ તે રીતે જીવન ગાળવાનું કરશે તે ઊગરી જવાનો છે, તે નિશ્ચે જાણશોજી. પ્રવેશ ૨૩૧-૨૩૨

૪

આનંદથી આવો, પ્રેમાવેશ સાથે આવો. હૃદયમાં શ્રદ્ધા-વિશ્વાસનું ધન ભરી ભરીને આવો. અમારી પાસે તો ભિખારીની ફાટીતૂટી કંથા પણ નથી. શ્રીભગવાનનું નામ છે. એનો ભંડાર છે. એમાં રહેલું ધન જે આવે અને લૂંટે તેના બાપનું છે. લૂંટાય એટલું લૂંટવાનું છે. એવી તાકાત આપણે કેળવવાની છે. ખુલ્લા દિલે આવો, સરળતાથી અને પ્રેમભાવથી આવો. અમારાં હૃદયમંદિર તમારું સ્વાગત કરવા તૈયાર છે. કિંતુ સર્વ-રીતે અને સર્વભાવે ભિખારી થવું પડશે એ યાદ રાખવાનું છે. વળી, ત્યાં નર્યું સુખ નથી, રાતદિન વૈતરું જ કર્યા કરવાનું છે. એના રટણમાં, ચિંતવનમાં ઉજાગરા કરી કરીને પ્રેમથી એમાં જ કેદ થઈ જવાની ઉત્કટ મનોવાંછના સેવ્યા કરવાની છે. એ બધું હૃદયથી કરવાની ઉમેદ હોય તો જ આ બાજુ મીટ માંડવાનું કરશો. એક પળ વાર પણ અન્યથા બાજુ જવાનું મન કર્યે પાલવશે નહિ. જેટલું અન્યથા આપણે ભટકવાનું રાખ્યું તેટલું પારાવાર નુકસાન થવાનું છે, કિંતુ એવું એનું સ્પષ્ટ ભાન આપણને મનહૃદયમાં જાગેલું હોતું નથી એ જ આપણું મોટામાં મોટું કમનસીબ છે. એવું સતત જાગ્રતપણું કાયમ રાખી શકવાની તાકાત આપણે રાખવાની છે, એટલું જ નહિ પરંતુ એવું સતત જાગ્રતપણું રાખી શકવાની ચાનક, દિલમાં એવી જલતી જ્યોત, જો ન રાખી શકવાનાં હોઈએ તો આમાં પ્રવેશવું તદ્દન નકામું છે, એ મારે તમને સ્પષ્ટ કહી દેવું જોઈએ. જેટલું લણશો એટલું કમાશો અને જેટલું ખોશો એટલું મેળવશો. અહીં પણ વેપાર જ કરવાનો છે. અને વળી અહીં તો પળેપળ આપ્યા જ કરવાનું છે અને એવી નિશ્ચયાત્મક શ્રદ્ધાયુક્ત બુદ્ધિ જાગ્રતપણે સતત પળેપળ રાખ્યા કરવાની છે. એક પણ પળ

અજાગ્રતપણે (ઊંઘમાં) કાઢી કે વિતાવી તો એટલું ઝેર આપણને ચડવાનું છે. 'ચેતતો નર સદા સુખી' એ કહેવત આ રાજમાર્ગમાં તદ્દન લાગુ પડે છે. 'જાગે છે તે જીવે છે અને ઊંઘે છે તે મરે છે' એ પણ એટલું જ સાચું છે. સતત જાગતા રહીને આપણો યજ્ઞ ચાલુ રાખ્યા કરવાનો છે. એમાં જો જરાક અજાગ્રત રહેવાથી મંદ પડવાપણું આવ્યું તો તે કેટલું ઉખેડી નાખી શકે છે, એની
પગરણ ખબર પણ આપણને પડતી નથી. 'દળી દળીને કુલડીમાં વાળ્યું'
૧૯-૨૧ એ વાળી વાત ત્યાં થાય છે.

પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોમાં હજી કોઈને તેવી લગની લાગી હોય એવો મને અનુભવ નથી. તેથી, જીવનવિકાસના હેતુના જ્ઞાન અને અનુભવને અર્થે જે જે સ્વજન મળ્યાં છે, તે તે સ્વજનોને મેં મારા હૃદય સાથે કોઈ ને કોઈ રીતે બાંધી લીધેલાં છે. આ આધારમાં જે જે કંઈ જુદું જુદું છે તે દરેકનો ઉપયોગ તે તે જીવાત્માઓને મારામાં બાંધી લેવાને માટે ભગવાનની કૃપાશક્તિથી કર્યા કરું છું. સદ્‌ગુરુમાં પણ સંપૂર્ણ લગની લાગી હોય તેવો સ્વજનોમાંનો કોઈ જીવાત્મા નથી, તેથી તારે ઘણું ઘણું વિચારવાનું છે, પરંતુ મારા મનથી એક વાત ચોક્કસ છે કે સંકળાયેલા જીવના પ્રાણને મારા હૃદય સાથે
મંડાણ તો પ્રભુકૃપાથી બાંધી લેવાનો છું કે જેથી કરીને જન્મોજન્મ સાથે
૧૭૨ જ રહી શકીએ અને હોઈ શકીએ.

ખરી હકીકત તો એ છે કે આપણને આપણી જીવદશાની સ્થિતિ કઠવી જોઈએ. જેને કઠે છે તેને તેની વેદના પણ થાય છે. અને જેને વેદના થતી હોય છે, તેનાં લક્ષણ પણ કંઈ પરખાયા વિના થોડાં જ રહી શકે છે ? જીવનવિકાસના હેતુને અર્થે પ્રભુકૃપાથી મળેલ સ્વજનમાં એવી વેદના થતી મને નીરખાતી નથી અને એ જ મારા હૈયાનું દર્દ, દુઃખ કે શૂળ છે. તેને મિટાવવાને કોઈને પ્રેમ થતો નથી. ઊલટું તે હૈયું કેમ વધારે આળું બને એવા પ્રયત્ન જાણેઅજાણે સ્વજનથી થયા કરતા અનુભવું છું. એવી છે આ જીવની દુઃખકથની. કોઈને પણ કહેવા ગયો ન હતો કે 'તમે આ જીવ કને એવા હેતુથી

આવો.' અને જો હવે આવ્યાં છો તો એ હેતુનું જ્ઞાનભાન કેમ રાખતાં નથી ? આપણે જો કંઈ કશું યથાયોગ્ય હૃદયના ભાવથી જીવનવિકાસ પરત્વેનું યોગ્ય કર્મ નહિ કર્યા કરીએ અને કંઈ કશું યોગ્ય પરિણામ નહિ સાંપડી શક્યું, તો દોષનો ટોપલો તમે બધાં સ્વજન આ જીવ પર ઢોળવાનાં છો, તે નક્કી જાણજો. જીવનવિકાસનાં કર્મ કાજે પ્રભુકૃપાથી તમે બધાં મળ્યાં છો, તો હવે કૃપા કરીને જાગ્રત થાઓ ! ઊઠો ! કટિબદ્ધ થાઓ ! અને તે કર્મમાં જીવતાંજાગતાં મંડ્યા રહો. તો જ પ્રભુકૃપાથી આપણું મળેલું સાર્થક થઈ શકે. 

૫

પ્રભુકૃપાથી આ જીવ તો મળેલાં સ્વજનોને કેળવવા અને ઘડવાને માટે અનેક રીતે મથતો હોય છે, અને મળેલાં સ્વજન પર તે પ્રેમ પણ કરતો હોય છે. જીવનને ઘડાવાને કાજે સ્વજનનાં દિલમાં તાલાવેલીયુક્ત તત્પરતા અને ઝંખના જ્યારે તે જોતો નથી અથવા તે અનુભવતો નથી, ત્યારે તેના સંતાપનો પાર હોતો નથી. તે તે બધાં સ્વજનો તેની કને આપમેળે તેમની પોતાની સ્વયંમરજીથી આવેલાં છે. તે કોઈને બોલાવવા ગયો નથી, અને તે તે આવેલાં છે, જીવનવિકાસના હેતુ અર્થે. તેમ છતાં તે તે સ્વજનોમાં તેમનાં તેમનાં જીવનના હેતુનું ભાન પણ તેમનાથી થતાં રહેતાં કર્મમાં પ્રગટેલું મારાથી જોવાતું નથી અને કર્મને માત્ર ઊડઝૂડિયા રીતે કરાતાં જોઈને મને કેટલો ત્રાસ થતો હશે તેની સમજણ ભાગ્યે જ કોઈ સ્વજનને પડે છે. જો જીવન કેળવવાને અર્થે મળ્યાં છો અને આવ્યાં છો, તો તેનું હવે ભાન પ્રગટાવો. તમે મને જે ભાવથી સ્વીકાર્યો છે તે ભાવનું દિલમાં દિલથી જીવતુંજાગતું અનુસંધાન ન રાખો અને ગમે તેમ યદ્વાતદ્વા વર્તો, તો પછી તમારા પર મને કેટકેટલી ઝાળ ઊઠે, તે કૃપા કરીને તમે સમજો એવી મારી તમને પ્રાર્થના છે. સ્વજનના પ્રેમભાવને આ જીવનું હું તો અણમોલું સાધન ગણું છું. એ તો મારે દિલ પ્રભુની અમોલી પ્રસાદી છે અને એવી

દર્શન ૬૯-૭૦ પ્રસાદીને મારી છાતીએ, આંખે, કપાળે અને કંઠે લગાડું છું - જેમ ભક્ત ભગવાનનું ચરણામૃત લીધા કરે છે તેમ.

આ જીવ તમારે બધાંને પાલવે પડેલો છે. એને સાચી રીતે નિભાવવો તમારાં બધાંના હાથમાં છે. કાઢી મૂકશો તો તે તો જતો રહેશે. આવકારશો અને એને આવકારવા લાયક ભૂમિકા પ્રગટાવતાં રહેશો, તો તે આવીને રહેશે પણ ખરો. જે તે બધો આધાર આપણા પોતાના પર રહે છે. શરૂ શરૂમાં તે આપણામાં કૃપા કરીને પ્રગટે છે ખરો, પણ તે પછી એને તે દશામાં વધારે ને વધારે છતો, જીવતો કરવો તે આપણા હાથની વાત છે. આ હકીકતને સાચેસાચી જાણવા વિનંતી અને પ્રાર્થના છે. એની સાથે અડપલાં કર્યે કે આંખમીંચામણાં કર્યે ચાલવાનું નથી. ચેતવું હોય તો ચેતવાનું છે. ત્યાં પડી રહ્યે પાલવી શકે તેવું નથી. રાહ જોવરાવ્યા કર્યે આપણે જ અનંતકાળ સુધી અજ્ઞાનમાં રાહ જોયા કરવાનો વારો પ્રગટવાનો છે, તે પણ નક્કી. માટે, સર્વ કોઈ સ્વજન કૃપા કરતાં રહેજો. પોકાર ૬૩-૬૪ આવી કૃપા માગનાર ભાગ્યે જ કોઈ વિરલ વીર હોય છે. એનું સાચું હૃદયસ્થ ભાન પ્રગટાવજો. બાકી તો શું લખું ?

૬

જીવનના ધ્યેયને પામવા કાજેની વ્યાકુળતા પણ જેવી તેવી ન હોવી ઘટે. જેમ તાવડીમાં ધાણી ફૂટે તેના જેવી તાલાવેલી-યુક્ત વ્યાકુળતા ધ્યેય પરત્વે પ્રગટ્યા વિના સાધક કદી કશી પ્રગતિ કરવાનો નથી. વ્યાકુળતાના પણ જુદા જુદા પ્રકાર હોઈ શકે છે. જેનામાં એવી સહજ વ્યાકુળતા પ્રગટેલી હોય તો તો તે ઉત્તમ છે. એવી કક્ષામાં પ્રયત્ન પણ આપમેળે આપણાથી બન્યા કરતો આપણે અનુભવી શકવાનાં. જ્યાં એવી સહજ ઉત્કટ વ્યાકુળતા પ્રગટેલી ન હોય, ત્યાં સાધકે કદી હાથ જોડીને બેસી રહેવાનું ન હોય. વળી, એવી સહજ પ્રચંડ વ્યાકુળતા તો ભાગ્યે જ થોડા વિરલ વીર જીવમાં પ્રગટેલી હોય છે. એનું પ્રમાણ તો તદ્દન નજીવું હોય છે.

બાકી, મારા તારા જેવાએ તો, જ્યારે જીવનને ઊંચી કક્ષાએ જીવવાનું દિલ થયું તે વેળાથી બુદ્ધિનો યોગ્ય સહારો લઈ લઈ, માનવી જીવનનાં રહસ્ય, મહત્તા, ખૂબી આદિ આદિને વિચારી વિચારી, તે પરત્વેનાં કલ્પના, સમજણ, ભાવના વગેરે વગેરે પ્રગટાવી પ્રગટાવી તેવી વ્યાકુળતા પ્રગટાવ્યા કરવાની હોય છે. એવી ઉપરચોટિયા પ્રગટાવેલી વ્યાકુળતા જોકે ઝાઝું કામ આપી તો શકતી નથી, તેમ છતાં કંઈક પ્રેરાયા કરવા કાજે તે જરૂરનું પણ છે. આદર્શ પરત્વેની ચણચણાટી, ઝંખના, ઉત્કટ ભાવના આપણને લાગ્યા વિના આપણું કામ થવાનું જ નથી.

આગ લગાડો ! આગ લગાડો ! આગ લગાડ્યા જ કરો ! એવી આ હેતુ અર્થે મળેલાં સ્વજનોને હૃદયમાંની પ્રાર્થના છે. ક્યાં સુધી પડ્યા રહ્યા કરશો ? ક્યાં સુધી રવડ્યા કરશો ? ક્યાં સુધી અટવાયેલાં રહ્યા કરશો ? ક્યાં છો, કેવું જીવન જીવો છો એનું કૃપા કરીને દિલમાં જ્ઞાનભાન જગાડો તો સારું. ક્યાં જવું છે અને ક્યાં જઈ રહેલાં છીએ, એનું જ્ઞાનભાન આપણામાં કેટલાંને જીવતું છે ? જો જીવતું હોય તો તે કેટલાંને સાલતું અને ડંખતું હોય છે ? આ બધું આપણે ઘણું ઘણું વિચારવાનું છે. શું કરવા નીકળેલાં છીએ અને શું કરી રહેલાં છીએ ! તો ભલાં ! તપાસો તો ખરાં ! માટે, હવે જેમ તેમ જો જીવ્યા જ કરવાનું હોય તો તો જીવનવિકાસનું નામ મૂકી જ દેવું યોગ્ય છે. એમાં આપણી સવિશેષ પ્રમાણિકતા ગણાશે. આ મોરચો તો સંગ્રામનો માંડેલો છે, અને આપણે કરવું તો કંઈ જ કશું નથી, અને ઊલટી પીછેહઠ કર્યા કરવી છે, એટલું જ નહિ પણ પડી જ રહ્યા કરવું છે ! ઊલટું જે કશું છે તેનાથી તો ઊલટી દિશામાં પગલાં માંડ્યાં કરવાનું બન્યા કરે છે, તો બધું કેમ ચાલશે ? પોકાર ૧૯૨-૧૯૩

શ્રીભગવાન કૃપા કરી આ શરીરમાં એવું ઉપજાવે કે જેથી મળેલાં સ્વજનોનું લક્ષ જીવન પરત્વે વધારે ચેતન પ્રકારની જાગૃતિવાળું દોરાયા કરે ! હે પ્રભો ! હે દયાસાગર ! હે કરુણાળુ ! હે કૃપાસિંધુ ! હે પતિતપાવન ! હે પતિતોદ્ધારક !

હે શરણાગતવત્સલ પ્રભુ ! દયા કરો, કૃપા કરો ! ગમે તે કોઈ રીતે અમને મળેલાં સ્વજનોને દિલમાં ઊંડું દર્દ પ્રગટે એવી રીતે જીવનમાં પ્રવર્તાવીને તારાં ચરણકમળમાં તેઓ જીવતાં બન્યા કરે એવી તને હે ભગવાન ! વારંવાર હૃદયની પ્રાર્થના છે. જે હેતુ કાજે તેઓ મળ્યાં, તે હેતુને જ તેઓ યાદ રાખતાં નથી, અને જીવતો રહેવા દેતાં નથી, પછીથી તું પણ શું કરે ! માટે હે પ્રભો ! તું કૃપા કર કે જેથી તેઓ તેમના જીવનના હેતુનું જ્ઞાનભાન બરાબર જાગતું રાખી શકે. જો એટલું જ થઈ જાય, તો તો તેમને જીવતાં રહેતાં પછીથી વાર ન લાગે. માટે હે દીનાનાથ ! હે દીનબંધુ ! હે પ્રભુ ! અમારાથી હાલ જે રીતનું જીવન જિવાય છે, તે તને પામવા કાજેનું યથાર્થતાવાળું નથી, એવો એનો ઊંડો ઊંડો પ્રચંડ અંતરમાં બળ્યા કરતો અસંતોષ તું પ્રગટાવજે. એવી રીતનું જીવવાપણામાં અમને ક્યાંય સખ ન વળે, ક્યાંયે ચેન ન પડે, ક્યાંયે કળ ન વળે, એવું તું અમને કરાવ. અમારામાં તારી ભાવના ન પ્રગટી શકે એવું જે જે કંઈ હોય, તેના પરત્વે ઊંડો ઊંડો, ઘણો અણગમો પ્રગટાવ. હે પ્રભો ! અમે જે હેતુ કાજે સદ્‌ગુરુને જીવનમાં મળવાનું કરેલું તે કેવી રીતે ફળી શકે- અમે જ જ્યાં ઊંધું જ જીવતાં હોઈએ ત્યાં ? અમે અમારા રોજિંદા વહેવારવર્તનમાં તો તને સપૂચા જ ભૂલીને, જાણે કે તું હોય જ નહિ એમ માથે અંધારપિછોડો ઓઢીને વર્તતાં હોઈએ છીએ. પછી દોષ તો માત્ર અમારો જ છે. તેવા દોષનું પણ અમને તો પૂરેપૂરું, યોગ્ય પ્રકારનું ભાન જાગતું નથી, એવાં અમે પામર પ્રાણી છીએ. માટે હે પ્રભુ ! કંઈક કરીને અમારી સામે જો, અમને તું જગાડ, જગાડ ને બસ જગાડ. ધિક્કાર છે અમને કે તને પામવાના હેતુ કાજે વળગવાનું તો કરેલું, પણ તે જ અમે, તને ભૂલ્યાં. તને મેળવવાને કાજે તો જીવનમાં તેવી રીતનું જીવવાનું વર્તવાનું થાય. તે કાજેની યોગ્ય સમજણ પ્રગટે તે કાજે તો ગુરુને મેળવ્યા. ગુરુ પરત્વેની સદ્‌ભાવના પણ ન કશામાં ઠેરવવાનું કર્યું કે ન તેના સૂચવ્યા

પ્રમાણે જ્ઞાનભક્તિપૂર્વક જીવવાનું કર્યું. પ્રભો ! અમે તો એવાં છીએ. પછી અમારી પ્રાર્થનામાં પણ બળ ક્યાંથી હોય ? ક્યાંથી, કેવી રીતે, પ્રગટે ? કારણ કે હાલ જીવી રહેલાં જીવનનું હજી ઊંડું ઊંડું લાગતું દર્દ તો અમને થતું નથી ! તો પછી અમે એવા જીવનથી કેમ કરીને જુદી રીતે જીવી શકવાનાં છીએ ! તો પ્રભુ ! અમને હાલના તેવા જીવવાપણામાં, તું ઊંડું વેદનાભર્યું દર્દ પ્રગટાવજે. હે પ્રભુ ! અમે તો સાવ જૂઠાં નીવડેલાં છીએ, તો હે પ્રભુ ! અમે તો જેવાં છીએ તેવાં છીએ, છતાં તું જ અમારો તારણહાર છે. તું જ અમારો મદદગાર છે. તું જ અમારો સાચો રક્ષક છે. તો હે પ્રભો !

*'અમે જૂઠાં જગદીશ ! લજ્જા મારી રાખ્યેથી રહેશે.'*

આવી આવી પ્રાર્થના આજે તો સવારથી જ કર્યા કરું છું. પ્રભુને તો કંઈ કહેવાય છે થોડું ? એને તો જ્યારે સાંભળવું હોય ત્યારે ભલે તે સાંભળે, પણ સ્વજનોનાં દિલમાં મારો જે પ્રભુ પડેલો છે, તે જો કૃપા કરીને સાંભળે તો કહું કે,

'હે વહાલાં સ્વજનો ! તમે તો દયા કરજો, કૃપા કરજો અને જાગજો. જે હેતુ કાજે મળેલાં તે હેતુને વિચારજો, અને તે હેતુને યોગ્ય જીવવાનું કરશો તો મોટો ઉપકાર. આ એક, દિલની, પ્રેમયુક્ત, દર્દભરી વિનંતી છે.' પોકાર ૩૦૯-૩૧૧

માટે વહાલાં સ્વજનો ! હજી ચેતાય તો ચેતજો. જીવનના બીજા બધા મોહ, રાગ વગેરે બધું ન છૂટી શકતું હોય તો મિથ્યા મોહ આ માર્ગે જવાનો મૂકી દેજો, એમાં ડહાપણ છે. જીવનની ભાવનામાં જો રાગ લગાડવાનું કરવું હોય, તો બીજાં બધાંમાંના રાગને સમજી સમજીને એમાંથી પરાઙ્મુખ બનીને જીવનના સર્વ રાગમોહ જીવનવિકાસની ભાવનામાં લગાડી દેવા પડશે. લગાર પણ ખચકાયા વિનાની, જ્ઞાનભક્તિપૂર્વકની, ઊલટભેર ઉલ્લાસવાળી તૈયારી અને તેવું બધું કરવાની પૂરેપૂરી તત્પરતા હોય તો જ આ માર્ગે વળવાનું કરશોજી. પૂરેપૂરી વધેરાવાની અને તે પણ હૃદયના ઉમળકાથી વધેરાવાની તૈયારી હોય તો જ શ્રીપ્રભુનાં ચરણકમળમાં શિર ઝુકાવશોજી અને

પોકાર ૧૫૭ ઝંપલાવશોજી. આ માર્ગ તો ફના થઈ જવા કાજેનો છે અને ઝંપલાવવાપણાનો છે, તે જાણશોજી.

સંસારવહેવારવર્તનમાં તો આપણે જેની સાથે જે કામ પડ્યું હોય છે, તે કામની રીતે તેની સાથે ભાવનામાં રહ્યા કરીએ છીએ અને તેની સાથે મળીને તે કામ પાર ઉતારવાનું કરીએ છીએ, પરંતુ અમારી સાથે તો તેવું પણ, તેવી રીતે, તેવા ભાવથી કોઈ સ્વજન પૂરું વર્તતાં નથી. પ્રભુ સર્વને સદ્‌બુદ્ધિ પ્રગટાવો ! અમારા હૃદયની અંતરની વરાળને તેમના દિલમાં આગની પેઠે પ્રગટાવો ! અને તે બધાં તેમના જીવનવિકાસની ભાવના પરત્વે પ્રમાણિક, વફાદાર, નેકદિલ બન્યા કરે, એ જ તેમને તેમને હૃદયની પ્રાર્થના છે.

મારે તો જે તે બધો આધાર એ વહાલાની પર છે. એણે જ આ જીવનું જે તે બધું સંભાળ્યા કરેલું છે. જીવનમાં કેટલીયે અનેક પ્રકારની ભીડ પડ્યા કરેલી તે વેળા તો અંતરનું કોઈ સ્વજન એવું ન હતું કે જે એની મેળે ઉમળકાથી આ જીવની વહારે ચડી શકે. તેવી વેળાએ પણ શ્રીપ્રભુએ એની પરમ કૃપાથી આ જીવની પ્રેમસંભાળ રાખેલી છે, એવા કંઈ રડ્યાખડ્યા, માત્ર એકબે દાખલા નથી, પણ એની તો પરંપરા છે. તે કારણથી તો એના પર જેમાં ને તેમાં હૃદયથી હૃદયમાં આત્મવિશ્વાસ અને નિષ્ઠા પાકાં પૂરેપૂરાં પ્રગટી ગયેલાં હતાં.

માટે કહું છું કે 'તમારું કશું પણ અટકી પડવાનું નથી. જે તે કરવાનું હશે કે થવાનું હશે, તે તે બધું એની કૃપાથી થયા કરશે, બન્યા કરશે, જો આપણે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક એનાં પૂરેપૂરાં સાચાં બની ગયેલાં હોઈશું તો.' માટે જેમ તેમ કરીને આપણે હવે એનાં જ બની જવામાં સર્વ પ્રકારનું જ્ઞાનભાન પ્રગટાવી પ્રગટાવી એને જ સકળ મહત્ત્વ આપ્યા કરી, એને જ
પોકાર ૧૭૮-૧૭૯ વિચાર્યા કરીને, આપણો વહેવાર એની ભાવનાની ઉત્કટતા પ્રમાણે પ્રગટાવ્યા કરીએ તો તેવું જીવવામાં હવે સાર છે.

૭

લાકડાના ઠૂંઠાને અડકીશું તો દાઝવાનાં નથી, પણ સળગતા લાકડાને અડકીશું અને તેને પાસે જઈને અડકીશું એટલે કે સળગતું હશે ત્યાં અડકીશું તો તો દાઝવાનાં જ. તેવી જ રીતે સંસારી જીવકક્ષાના જીવને છેતરવાનું બન્યું, તેના કરતાં ચેતનમાં જાગેલા જીવાત્માને છેતરવાનું બન્યું, તો તેવાં કર્મનો બદલો કેવો મળશે તે આપણે વિચારવાનું છે. એ કશું જતું કરી દઈ શકે તેવો નથી, કારણ કે કર્મના અટલ કાયદાને એ ટોલ્લે મૂકી શકતો નથી તે નિશ્ચય કરીને પ્રમાણવું. માટે, પ્રભુકૃપાથી કરી અમારો સંગ કરીને અમને છેતરવાનું બન્યું, અમને બેવફા નીવડવાનું બન્યું, અમારી સાથે પ્રમાણિકપણે વર્તવાનું ન બન્યું, અમારી સાથે નેક દાનત ન રખાઈ, અમારી સાથે જ્ઞાનભાવ ન રખાયો, તો એવાં કર્મનું કશું પરિણામ નથી જ આવવાનું એમ માનવાનું નથી. પ્રત્યેક કર્મનું જેમ પરિણામ છે તેમ આનું પણ પરિણામ છે. આ જીવ કોઈપણ જીવને કહેવા ગયો ન હતો, કે તમે આ જીવને ગુરુ માનો. તે તે જીવોએ પોતાની મેળે તેમ કર્યું છે. અને તેમ કર્યું હોય તો પછી તેમનો તે પ્રમાણે વર્તવાનો ધર્મ પણ છે.

કોઈ જીવ સંસારી હોય, પણ જો કોઈ બીજો જીવ તેની મા હોય, તો તે જીવ પેલા બીજા જીવ સાથે મા જેવો જ વર્તાવ કરશેને ? કોઈ ત્રીજો જીવ પેલા સંસારી જીવની પત્નીભાવે હશે તો તેની જોડે તે કંઈ પોતાની દીકરી હોય તેવો વર્તાવ શું કંઈ થોડો કરવાનો છે ? તે પ્રમાણે સાધક સંસારી જીવ છે એ કંઈ તેનો ગુરુ સાથેના વર્તાવ માટેનો બચાવ નથી. સંસારી જીવે સદ્‌ગુરુ કર્યા તે સંસારી મટવા કાજે. એણે જો સદ્‌ગુરુ કર્યા તો એણે સદ્‌ગુરુની ભાવના પ્રમાણે વર્તવાનું, જીવવાનું જાગતું રહીને કરવું ઘટે જ. જીવે સદ્‌ગુરુને હૃદયમાં હૃદયથી વફાદાર, પ્રમાણિક અને નેક દિલવાળા રહેવું ઘટે, નહિતર એ બિચારો કયે દિવસે આપણને કહેવા ગયો હતો કે

'ભાઈ ! અમને ગુરુ કરો !' રોજ એની આગળ ધૂપ, દીવા, અગરબત્તી પ્રગટાવવાં અને એને કશામાં તો ગણકારવો નહિ એનો ભલા શું અર્થ ? શું આપણે બધાં એમ માનીએ છીએ કે એવું બધું આપણું વર્તેલું મિથ્યા થઈ શકવાનું છે ? જો આપણે જીવ થઈને બીજા કોઈ સામા જીવથી આપણી અવગણના થતી હોય, તેનાથી આપણું પાછું પડવાપણું બને, તેનાથી કરી આપણી અવહેલના થવાપણું બનવું, તેનાથી કશું પણ આપણને ન ગણકારવાપણું બનવું-તે શું આપણાથી સહન થઈ શકતું હોય છે કે ? આપણને છોકરો હોય, દીકરી હોય તે જો આપણને વફાદાર ન હોય, પ્રમાણિક ન રહેતાં હોય, આપણી સાથે સ્વચ્છંદી રીતે વર્તતાં હોય, તો શું આપણે તેના પર વારી જતાં હોઈએ છીએ કે ? આ બધું સમજવાની ઘણી જરૂર છે.

જીવનની સાથે ખેલ કે રમત કર્યે ચાલી શકનાર નથી. તેવી જ રીતે સદ્‌ગુરુ સાથે ખાલી ખાલી ખેલ કે ડોળ કે રમત કરવાનું જીવે મૂકી દેવું પડશે. સદ્‌ગુરુ કરવા હોય તો એના જીવનની ભાવના પરમાણવી પડશે. તે શું શું માગે છે, તે પ્રમાણે વર્તવાનું જ્ઞાનભાન જગાડી જગાડી તે પ્રમાણે યોગ્યતાથી અને ભાવનાથી વર્તવાનું કર્યા કરવું પડશે. જો તેમ ન બની શકતું હોય, તો પછી એને કૃપા કરી નેવે મૂકવો તે વધારે શ્રેયસ્કર છે. 'ગુરુ', 'ગુરુ' ગણવા અને ગુરુ તો કશામાં લેખે જ ગણાતા ન હોય એવી તો આપણી રહેણીકરણી હોય, એ તો એના જેવું થયું કે મહેમાનને નોતરું આપી જમવાને નોતર્યા અને એને ઘેર બોલાવીને જમાડીએ નહિ અને આપણે તો ભર્યે ભાણે જમીએ, જો એવું થાય તો પેલા બિચારા નોતરેલા જીવને કેવું લાગે ! તેવું જ આપણે સદ્‌ગુરુની બાબતમાં કરતાં અને વર્તતાં હોઈએ છીએ. આપણી આ પ્રકારની વર્તણૂક તે બેવફાપણાની છે. એને છેતરપિંડી કરવાથી આપણને જ ગેરલાભ છે એનું આપણને સાચું જ્ઞાન નથી, નહિતર આપણે તે પ્રમાણે વર્તતાં ન હોત. ગુરુ ન કરવા તે બહેતર છે, પણ જો કર્યા હોય

તો તેને જીવનવિકાસની ભાવનાના હેતુ અર્થે યથાયોગ્યપણે સંભાળવાની જરૂર છે. પોકાર ૮૯-૯૧

શ્રીભગવાનને માની જેમ રાજીપાની મનોદશામાં રહેવાપણું કે ન રહેવાપણું તો કશું જ નથી, પરંતુ આપણી એને સાદ પાડવામાં ઘણી ઘણી કચાશ હોય છે. આપણાં કરણોમાં એટલો બધો મેલ-કચરો ભર્યો પડ્યો હોય છે, કે તેવા આધારનાં કરણોમાં એને પ્રગટાવવાની એવી પ્રમાણિક તાકાત ક્યાંથી હોય ? વળી, આપણને જ્યારે આપણી તેવી સ્થિતિ ઘણી ઘણી સાલતી હોય, ડંખ્યા જ કરતી હોય, તેવી દશામાં રહેવાયા કરવામાં ક્યાંયે જરા પણ ચેન ન પડ્યા કરતું હોય, તેવું જો સાચેસાચ આપણું થયા કરતું હોય, તેવી વેળા આપણે જો એને પ્રાર્થના હ્દયથી કરતાં હોઈએ, તો એ પોતે હાજરાહજૂર છે.

આ જીવની તેવી તેવી દશા કેટલીયે વાર પ્રગટ્યા કરેલી અને ઉપર જણાવેલી તેવી દશા થતાં તેણે હ્દયમાં હ્દયથી તેની પ્રાર્થનાઓ કરેલી છે. તે વેળા તેની કૃપામદદ મળેલી તેણે અનુભવેલી છે. તેથી કરી આજે પ્રભુકૃપામદદથી તમને, બધાં મળેલાં સ્વજનોને તથા જગતને, ખુલ્લો જાહેર પડકાર કરી જણાવું છું કે, અળસિયાંની પેઠે જીવવાનું છોડીને મરદની જેમ જીવવાનું કરી જોઈ, જીવનવિકાસની સાધનાના ભાવમાં બેધડકપણે પ્રભુકૃપાથી બસ ઝંપલાવો. સાધનાનાં કર્મમાં એવાં તો એકાગ્ર અને કેંદ્રિત બની જાઓ, કે તે પછી ઉપર જણાવી છે તેવી દશા થતાં એને પોકારી જુઓ. એ તો પોતે હાજર બેઠેલો જ છે. માત્ર આપણે હાજર થઈને બેઠાં થવાનું છે. આપણને હજી કશાની પડેલી જ નથી. સાધનાના ભાવમાં પ્રબળપણું પ્રગટ્યા વિના અંતરનાં કરણોની શુદ્ધિ કેમ કરીને થઈ શકવાની ? જીવનમાં જે બાબતનું સાચેસાચું ઘણું મહત્ત્વ પોકાર
પ્રગટી જાય છે, તે તરફનું મોં થઈ જતું આપણે જાણેલું છે. ૯૯-૧૦૦

ભગવાનનું નામસ્મરણ એ તો એક સરળ સહજ નાનકડું સાધન છે. તે પણ હજી સુધી કોઈથી યોગ્ય રીતે બની શકતું નથી, અને આપણે નીકળ્યાં છીએ હિમાલયનો પહાડ ચડવા !

આપણે બાથ ભરવી છે તો આકાશને અને એક નાનકડી બે ફૂટની જગાને તો બાથ ભરી શકાતી નથી ! મને તો આપણાં બધાંના ફતવા જોઈને દિલમાં એક પ્રકારની ઘણી ઘણી દિલગીરી થાય છે. માણસોને કંઈ કશું કરવું નથી, અને ખાલી ખાલી કશીક મહત્તા મેળવવાના ફાંફાં મારવાં છે ! તે છતાં પાછું પોતાને હોશિયાર ગણવાની તુમાખી રાખવી છે, અનેક પ્રકારના ફાંકા રાખવા છે અને અહમ્‌ને તો હિમાલયના કરતાંયે મોટું રાખ્યા કરવું છે ! આવી બધી હકીકત હું સ્વજનના દિલમાં જોઉં છું. કોઈને જીવનની ખરેખરી પડેલી હું અનુભવી શકતો નથી. 'જીવન', 'જીવન'ની ખાલી બૂમો પાડવાથી તે કદી પણ પામી શકાવાનું નથી. જીવન પામવાને માટે તો ભારે આંતરિક તપશ્ચર્યાની જરૂર છે. અને તેવો તપ કરવાનો ઉમળકો કોઈ સ્વજનના દિલમાં હું નિહાળી શકતો નથી.

ત્યારે ભલાં ! તમે બધાં નીકળ્યાં હતાં શું કરવા ? કોણે તમને બોલાવ્યાં હતાં ? અને જો તમે તમારી મેળે આવ્યાં છો, તો જે કામ કરવાને માટે આવ્યા હોવ, તેને માટે સાવધ થાઓ. જીવનવિકાસ તો માગી લે છે આકરામાં આકરો, ઊંચામાં ઊંચી કોટિનો પ્રચંડ પુરુષાર્થ. જીવનવિકાસ એ કંઈ રસ્તામાં પડેલું, અથડાતું અફળાતું, એવું કોઈ ફૂલબૂલ નથી કે જે નીચા વળીને લઈ લઈએ. એ તો મળતાં જેવું લાગે ત્યારે પણ પાછું ઊડીને આઘું જઈને કેવી ભભકદાર રીતે આકર્ષણ પમાડી પમાડીને આપણને આકર્ષ્યા કરતું હોય છે. અને દૂર ને દૂર દેખાય છે ! આવા પ્રકારનો જીવનવિકાસ પામવાને માટે વણનોતર્યાં તમે બધાં મારી પાસે આવ્યાં છો. અને જીવનનો ઘાટ ઘડવાનો અધિકાર તમે બધાંએ પ્રેમથી મને સોંપ્યો છે. ઘાટ કેમ કરીને યોગ્ય રીતે ઘડી શકાય તેનો નિર્ણય તો પ્રભુકૃપાથી મારે કરવાનો હોય. અનેક વેળા મેં જાતે ખાતરી કરી કરીને અનુભવ્યું છે કે જીવનવિકાસને માટે આમ કરવાની કે તેમ કરવાની કોઈક જીવને સૂચના કરી હોય, તેમાં પણ તેવા કોઈ જીવે પ્રેમભક્તિથી અને દિલના ઉમળકાથી આમ કે તેમ, કોઈ

જાતનાં વલણો જન્માવ્યાં દીધા વિના તેને ઉમળકાથી સ્વીકારી લીધું હોય, એવું હજી સુધી અનુભવવામાં આવ્યું નથી. આવી હકીકત એ જરૂર જીવનની કમનસીબી છે.

આપણી ખરેખરી તૈયારી પ્રગટેલી નહિ હોવા છતાં મનની તુમાખી અને તેના તરંગોના જુદા જુદા ઘોડાઓ નિહાળતાં નિહાળતાં આપણો જીવ કેવો પામર છે ! પોતાને થવું છે કંઈક, પણ કરવું નથી કંઈ જ, એવી આપણી દશા છે એમ જોઈને ઘણો ખેદ થાય છે. માનવી પોતાને અમુક અમુક કરવું છે એમ કહે છે ખરો, પરંતુ તેમ કરવામાં પણ તેનું દિલ પ્રગટેલું પ્રભુકૃપાથી હું જોઈ શકતો નથી. પોતાને થવું છે તો સંપૂર્ણપણે સ્વચ્છ. તેમ છતાં વારંવાર દુર્ગંધથી ભરેલા એવા કાદવકીચડમાં અવારનવાર માનવી રગદોળાયા કરે છે અને વળી પાછું તે પોતે સ્વચ્છ હોવાનું ગુમાન ધરાવે છે. આ બધું જ્યારે પ્રભુકૃપાથી નીરખાય છે, ત્યારે મને મારા ગુરુમહારાજ યાદ આવે છે. તેમણે મને કૃપા કરીને દંડો આપવાનું કર્યું હતું, પરંતુ મેં મૂર્ખાએ તે સ્વીકાર્યો નહિ. પોતે જરૂર સાચા હતા અને હું પોતે તે ન સ્વીકારવામાં ખોટો હતો. તે દંડો પ્રભુકૃપાથી જો મારી પાસે હોત તો મળેલાંની તુમાખીને દંડા મારી મારીને વિખેરી શકાત, પરંતુ આવા પ્રકારની જુદા જુદા પ્રકારની તુમાખીને તોડવાને માટે દંડો એકલો પણ બસ નથી. નકામા નકામા મારી પાસે કોઈ ન આવત, તે પણ ઉત્તમ થાત. આ તો લોક આવ્યા છે પોતાની મેળે, અને કરવું કારવવું તો કશું નથી ! પોતાનાં મનાદિકરણોને પાંશરાં કરવાનું તો નેવે મૂકવું છે ! તેના કરતાંયે તેમનાથી કરી વિશેષમાં વિશેષ જે ત્રાસ મને થાય છે, તે તો તે બધાં સ્વજન વિશેષમાં વિશેષ તેમનાં મનાદિકરણોને બગાડતાં રહે છે તેથી, અનેક પ્રકારનાં મળ, વિક્ષેપ અને આવરણને હઠાવવાનાં છે, ત્યાં તેઓ તેમાં ઉમેરો જ કરતાં રહે છે ! કોઈકનામાં કોઈક સમજણ, માન્યતા, મતાગ્રહ વગેરે વગેરે કંઈક મોળું પડવાનું થાય, ત્યાં તેને ઠેકાણે કોઈક બીજા પ્રકારનું એવું પ્રગટે છે કે તેની તેની પકડ પાછી

જામતી જાય છે. જૂનું જાય અને નવું આવે અને તે પણ ઘર કરી ન બેસે, તેની પણ ઘણી ઘણી કાળજી રાખવાની હોય છે.

સ્વજનનાં મનાદિકરણોની રમત પ્રભુકૃપાથી જ્યારે જ્યારે નજર સમક્ષ પ્રવર્તે છે, ત્યારે તેમાં નથી જોઈ શકતો દિલનો થનગનતો પ્રેમભાવ કે નથી જોઈ શકતો કોઈ પ્રકારની નિર્ણય શક્તિ કે નથી પરખાતી જીવનને ઉન્નયન કરવાની સાચી ધગશ. આવું બધું મારાથી સહેવાતું નથી. આ તો જાણે કે તમે મને સુખ આપવાને બદલે ભારે ત્રાસ આપી રહ્યા છો અને પાછું તેનું પણ તમને ભાન હોતું નથી કે થતું નથી. આપણે પોતાની મેળે થઈને કોઈકને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા, તો તે સદ્‌ગુરુને આપણાં વર્તનથી કરી, આપણી ભાવનાથી કરી તેને પૂર્ણ સંતોષ આપવાનો આપણો ધર્મ છે, પણ તે તો બધું ક્યાંય ઊડી જતું હોય છે. હજી તો જીવનને ઊંચે માર્ગે લઈ જવું છે, એમ આપણે બોલીએ છીએ, પણ એવા લોકના રાગદ્વેષ હજી તો પૂરેપૂરા મોળા પડેલા હું અનુભવી શકતો નથી. ત્યાં મારે કરવું શું ? જડ જેવા પથ્થરની સાથે માથું અફાળતાં આપણને પોતાને જ માથામાં વાગવાનું છે, તેના જેવી આ હકીકત છે. માનવીના દિલને જે લાગે છે, તે લાગે છે. જે જાતનું લાગે છે, તે જાતનું લાગે છે. માનવીનું દિલ જડ પથ્થર જેવું નથી તે હકીકત છે. છતાં તેનું બદલાવું, એક સ્થિતિમાંથી બીજીમાં પલટાવી જવાની ક્રિયામાં પલટાવું, અને એવી રીતે પલટાવાના સાધનમાં મંડ્યા રહેવું, એ તો માગી લે છે દૃઢ, મક્કમ નિર્ધાર. વીજળીની સારડી કઠણમાં કઠણ વસ્તુઓમાં સાર પાડવામાં કામયાબ નીવડે છે. એવી રીતે સર્વ કંઈ બનવાને શક્યતા છે, પરંતુ માનવી તે પ્રકારનું દિલ કરીને તેમ કરવા માંડે ત્યારેને ? ખાલી ખાલી ઉધામા કર્યા કર્યેથી અને નહિ જેવો પ્રયત્ન કર્યે કરવાથી કશું ન વળે.

દર્શન
૧૪૮-૧૫૧

ખાલી ખાલી તુક્કા કર્યા કરવાથી જીવનને કદી પામી શકાતું નથી એટલું જ નહિ, પરંતુ એનાથી તો જીવન વેડફાઈ જતું હોય છે. ઉચ્ચ આદર્શ રાખીને તે પરત્વેના એક ડગલા

માટે પણ જો ઉમળકાથી આપણા દિલમાં ન્યોછાવર થઈ જવાની ભાવનાનું થનગનાટ કરતું નૃત્ય પ્રગટે, તો જ આપણાથી કંઈક થઈ શકવાનું છે તેવું મને જરૂર લાગે છે. સૂર્ય ઊગવાનો થાય છે, ત્યારે સૂર્યની પ્રભાનાં દર્શન થયાં વિના રહેતાં નથી. તેવી રીતે મહાભિનિષ્ક્રમણ કરવાનું હોય કે થવાનું હોય, તો તેની પૂર્વતૈયારીરૂપે આપણાથી જે કંઈ પગરણ મંડાતાં હોય તેમાં તેનું વ્યક્તવ્ય પ્રગટેલું જો અનુભવી શકાય તો જ સમજવું કે આપણા મનની સાચી ધગશ જીવનને ઉન્નયન કરવામાં પ્રગટેલી છે. આપણાથી ભરાતાં નાનાંમાં નાનાં ડગલાંમાંથી આપણને પરખાઈ આવવું ઘટે કે તે ડગલું ભરવામાં આપણાં મનાદિકરણોની સ્થિતિ કેવી કેવી પ્રગટેલી રહે છે. તેવી તેવી તે તે પળે પ્રગટેલી મનાદિકરણોની સ્થિતિ પરથી આપણે આપણું તે તે પળનું માપ કાઢવાનું શીખીએ. જો આમ આપણે નહિ કરતાં રહીએ, તો આપણે પૂરો ભવાડો કરીશું. આ માર્ગ કંઈ હાંસીખેલ નથી. અને આપણે હજી કેવી કેવી રમત રમીએ છીએ, તેનું પણ જો પૂરેપૂરું ભાન ન જાગી શકતું હોય તો આપણે આપણને પોતાને જ છેતરી રહેલાં છીએ, તે નક્કી પ્રમાણવું. આપણે તો સુગંધીદાર ફૂલોની સુવાસ પળેપળ લેવાનું કરવું છે અને અનેક પ્રકારની દુર્ગંધ પ્રગટે એવાં મનાદિકરણોના ખેલોમાં હજી તો આપણે અટવાઈ પડીએ છીએ !

પ્રભુકૃપાથી તમે જો મારાં ખરેખરાં સાચાં સ્વજન હોવ તો મારા આવા દિલના બળતાઝળતા બળાપાને કૃપા કરીને નીરખવાનું કરો. અને તેથી કરીને પણ જો તમે ચેતવાનું કરી શકો, તો તે ભારે પ્રભુકૃપા થશે. આપણે જ્યાં જેમ જવું છે, ત્યાં તેમ જવાની તૈયારી ન કરી શકીએ, તૈયારી કરવાને બદલે આપણાથી નીચું જવાતું હોય અને તેવું નીચું જવામાં પણ આપણને તેવી રીતે નીચે ગયા કરવાની સભાનતા પણ ન પ્રગટતી હોય અને ત્યાં યુદ્ધ આપવાનું આપણાથી ન બનતું હોય, ત્યારે મારે આપણી જીવન પરત્વેની ભાવનાને કેવી રીતે સમજવી તે મને સમજાતું નથી. પ્રત્યક્ષ લક્ષણ વિના કંઈ પણ

કશું મારાથી માની શકાતું નથી. માટે, કૃપા કરીને ઊઠો ! જાગ્રત બનો ! અને જાગીને ટટાર થાઓ ! અને ટટાર થઈને કટિબદ્ધ થઈ વિચાર, વૃત્તિ અને વલણની સામે ભારેમાં ભારે સંગ્રામ પ્રગટાવો. જીવનસાધનાના સંગ્રામ એ તો ખાંડાની ધારે ખેલવાના છે. અને એ તો માગી લે છે ભારેમાં ભારે પુરુષાતન. એ પુરુષાતનનો ઉત્સાહ અનંત પ્રકારનો અને અનંત બળ-શક્તિનો છે. એમાં હવાતિયાં માર્યે કશું પ્રગટી શકે તેવું નથી. મારે તમને બધાંને ગભરાવવાં નથી, પરંતુ જે સાચું છે, તે જ કહેવું છે. આપણે જે કરવાને માટે પ્રભુકપાથી ભેગાં મળેલાં છીએ, તે કરવામાં જો તમે સભાનતા ન જગાડી શકતાં હોવ અને તેમાં તમારાં હિંમત, ઉત્સાહ, ખંત, કાળજી અને ચીવટાઈ ન દાખવી શકતાં હોવ અને એવી તમારા દિલની ખેવના તમારામાં હોય જ નહિ તો આપણે તે મૂકી દેવું તેમાં સાચી પ્રમાણિકતા છે. અને આપણે તે માર્ગના સ્વજન તરીકે નહિ, પરંતુ જેમ સામાન્ય પ્રકારના બીજા માનવીઓ પ્રભુકૃપાથી મને મળે છે કરે છે, તેમ તેના એક સામાન્ય માનવી તરીકે રહીએ, તે આપણે માટે તેવી સ્થિતિમાં વધારે યોગ્ય છે.

મારે તો પ્રભુકૃપાથી જે હેતુ માટે જે જે મળેલાં છે, તેમને તેમને અનેક રીતે આમ અને તેમ ઊલટાંસૂલટાં ફેરવાવી ફેરવાવીને પણ હલાવતાં કરવાનાં છે. ઊલટપાલટ થયા વિના જમીનમાં બી કદી પણ વાવી શકાતું નથી. સદ્‌ગુરુ પરત્વેની દિલમાં દિલથી દિલની પ્રેમભક્તિ પ્રગટ્યા વિના અને તેવી પ્રેમભક્તિની તાદાત્મ્ય પ્રગટ્યા વિના સદ્‌ગુરુ પણ આપણામાં જીવનવિકાસની ભાવનાનું બીજ વાવી શકતો નથી. સદ્‌ગુરુની તો આપવાની અને બી રોપવાની સદાય સહજ તત્પરતાયુક્ત તાલાવેલી જ હોય છે, તેવી તાલાવેલીમાં નિરંતરતા પણ પ્રગટેલી જ હોય છે, પણ તે શું કરે બિચારો ! એની પણ કેવી કેવી લાચારી છે, તે કોણ સમજી શકે ? હું તો પ્રભુકૃપાથી અને એની કૃપાથી પ્રગટેલા આત્મનિર્ધારથી જરૂર કહી શકું છું કે કોઈપણ સ્વજન જીવનવિકાસ પરત્વેની ખરેખરી જ્વાળા-

મુખીના જેવી ધગધગતી તમન્ના પ્રગટાવીને પોતાના આધારને પ્રપત્તિયોગને યોગ્ય શરણાગતિની સ્થિતિમાં પ્રગટાવી જુએ અને તે પછીથી તેને સદ્‌ગુરુની કેટલી અને કેવી કેવી મદદ મળે છે, તે જાતે પોતે જ અનુભવી લે. હજી આપણે તો સાધનાની ભાવનાના પ્રકારનું કંઈ કશું મંડાણ તો કર્યું નથી, અને ઉપરથી સદ્‌ગુરુને ગોદા માર્યા કરવા છે,તે ક્યાંની વળી વાત ! સંસારવહેવારમાં પણ આપણને મળેલાં કોઈને પણ જો આપણે અમથા નકામા ગોદા મારીશું તો તે સહન કરશે કે ? અને શું તેવા પ્રકારના વર્તનનું પરિણામ નહિ પ્રગટે કે ? દર્શન ૧૫૩-૧૫૫

૮

શ્રીભગવાન કૃપા કરીને જીવનમાં શીખવવાને આપણને અનોખા અનોખા પ્રસંગ પ્રેરે છે. પ્રત્યેક પ્રસંગ, પરિસ્થિતિ, સંજોગ એ ભગવાનની કૃપાપ્રસાદી છે, શિક્ષણ મેળવવા માટેની અને આગળ ધપવા માટેની તે ઉત્તમ તક છે, એવી દૃષ્ટિ આપણી કેળવાઈ જવી ઘટે. તે ત્યારે જ બની શકે કે જ્યારે આવી મળતા સર્વ પ્રસંગોમાં આપણે પ્રેમભક્તિપૂર્વકની ભાવનામાં સમજી સમજીને ચેતનવંતા થઈને પરોવાતાં રહીએ અને તે સાથે સાથે પ્રભુપ્રીત્યર્થની ભાવના દૃઢાવતાં દૃઢાવતાં છતાં તે તે સાથે તટસ્થ રહેવાયા કરાય એવી કેળવણી, તે તે પ્રસંગ, સંજોગ વગેરેના કર્તવ્યપથમાં આપણે પોતે ગુરુ થઈને, આપણને પોતાને પ્રાપ્ત કરાવી શકીએ. આમ થાય તો આપણે પોતે વિશેષ ને વિશેષ જાગરૂક અને ચેતનવંતા બની શકીએ. આ સાધનામાર્ગમાં ખરેખરી ખૂબી તો એ છે કે જેમ જેમ જાગ્રતિ વિશેષ ને વિશેષ ચેતનવંતી અને સતેજ બન્યા કરે છે, તેમ તેમ એવા પ્રકારની ભાવાત્મક ચેતનવંતી જાગ્રતિ આપણો સદ્‌ગુરુ બની જતી હોય છે.

તેવી જાગ્રતિ આપણને એટલું બધું તો નવું નવું શિક્ષણ પ્રેરાવ્યા કરે છે, તે નવી નવી સૂઝ પ્રગટાવ્યા કરે છે અને સાધનાના ભાવની એક પછી એક ઉચ્ચતર ભૂમિકાના ક્યાં

ક્યાં, કેવી કેવી રીતે પગલાં ભરવાં, તે પણ તે બતાવે છે. ખરી રીતે તો આવી જાતની નિરંતર જીવતીજાગતી રહેતી જાગ્રતિ તે જ સાચો પ્રત્યક્ષ જીવંત ગુરુ છે. એવા સદ્‌ગુરુનું શરણું પ્રેમભક્તિજ્ઞાનની ભાવના પ્રગટાવતાં પ્રગટાવતાં જે જીવને મળેલું છે, તે જીવના સર્વ પ્રકારે પોબાર છે. જો આપણે સાધનાના હાર્દનો ખરેખરો મર્મ સમજ્યાં હોઈએ તો ક્યાંય કશાથી ભાગવાનું આપણને દિલ થવાનું જ નથી, તે નક્કી જાણજો. એકવાર આવી જો જાગ્રતિ પ્રગટી ગઈ, તો આપણે સર્વ પ્રકારે નિશ્ચિંત થઈ ગયાં છીએ એવો અનુભવ જીવનમાં પ્રગટ્યા વિના રહી શકવાનો નથી. એવા પ્રકારની જાગ્રતિ જો પ્રગટેલી હશે, તો મન કે બુદ્ધિ કે વૃત્તિ ગમે તેમ જરા સરખું પણ આડુંઅવળું જવાનું કરતાં કે તેમનું તેવું તેવું થવાતાં આપણી જાગ્રતિ ચોકીદાર બનીને આપણને એકદમ પોકાર પાડે છે, જગાડે છે, એટલું જ નહિ, પરંતુ આપણને યોગ્ય પ્રકારે અને યોગ્ય ભાવનાથી યોગ્ય ઠામઠેકાણે પણ પાછા પ્રગટાવી દે છે. એટલે એવી જાગ્રતિ એ તો આપણું ત્રીજું ખૂલેલું નયન છે. એવી જાગ્રતિમાંથી જ જીવનને ઉન્નયન કરવાની અનંત શક્તિ પ્રગટતી હોય છે. આવી જાગ્રતિને હું સદ્‌ગુરુ કહું છું, તે માત્ર કલ્પનાની હકીકત નથી, પરંતુ તે હકીકત જીવનમાંથી પ્રગટેલા અનુભવની હકીકત છે.

એવી જાગ્રતિનું નામનિશાન પણ હું આપણામાંથી કોઈમાં પણ અનુભવી શકતો નથી અને આપણે નીકળ્યાં તો છીએ ચેતનનો અનુભવ કરવાને. માટે જ મારે તમને બધાંને ચેતાવવાં પડે છે કે 'કૃપા કરજો. અને જે કરવાને માટે મહાભિનિષ્ક્રમણ જો કર્યું હોય, તો તેવી ભાવના પણ આપણે દાખવવી જ રહી. નહિ તો પેલું મહાભિનિષ્ક્રમણ તે તો બાળકોનાં પત્તાંના મહેલના જેવું બની જવાનું છે. જગત આપણી હાંસી કરશે, તેનું તો મને કશું નથી, પરંતુ આપણે પોતે આપણા પોતાને યોગ્ય ન ઠરી શકીએ અને યોગ્ય ન ઠેરવી શકીએ, તેનું મને ઘણું ઘણું લાગી આવે છે. સતત એકધારું જો મથ્યા કરીને તેમાં ને તેમાં મચેલા

રહેવાતું હોય તોપણ મને જંપ વળે. આ તો જરાતરા કંઈ કર્યું અને વળી પાછો પૂરેપૂરો ધબડકો. બીજે બધે શું થતું હશે, તેની સાથે મારે કશી પણ નિસબત નથી. હું તો મારે આપણે કેમ હોવું જોઈએ અને કેમ વર્તવું જોઈએ અને કર્મમાં ભાવનાનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું પરિશીલન અને અનુશીલન કેવી રીતે આપણામાં પ્રગટ્યા કરે, તેને જ હું મહત્ત્વનું ગણું છું. તેવું તમને બધાંને પ્રેરાવવાને કાજે, તે મારો ધર્મ છે એમ જાણીને વારંવાર તમને બધાંને સંબોધતો હોઉં છું.' દર્શન ૨૫૬-૨૫૮

૯

મારે તમને બધાંને નાસીપાસ તો કરવાં નથી, પરંતુ મારે તમને આપણે બધાં કેવાં છીએ, તેનું ભાન તો પ્રભુકૃપાથી કરાવવું જ જોઈએ. આપણે જે કામ હાથમાં લીધું છે, તે કરવાની ખરેખરી દાનત, ખંત, ઉદ્યોગ, તે પરત્વેનો ઉત્સાહ વગેરે વગેરે દાખવતાં આપણને હું ન જોઉં, ત્યારે શું મારે હાથ જોડીને બેસી રહેવું ? જે રસ્તે જવાનું છે, તેનું જ ભાન તમને બધાંને ભૂલી જતાં જોઈને મારું ચાલે તો તમારે ગળે ટૂંપો દઈને પણ તમને તે ભાન પ્રગટાવું. ખરી રીતે તો તમારે બધાંએ પોતે જાતે થઈને આવી બાબતમાં જાગ્રત થવું ઘટે અને ચાનક પ્રગટાવવી જોઈએ. તે તે બધું ન થતું હોય, ત્યારે જો હું તમારાં બધાં પર લાલચોળ આંખ કરું, ત્યારે તમે તો ઊલટું મારા પર દોષ ઢોળો છો. અરે, જો ખરેખર મારું ચાલે તો ધગધગતો લોઢાનો લાલચોળ રસ તમારાં બધાં પર ઢોળું, કારણ કે આપણે બધાં આપણી જાતને છેતરી રહેલાં છીએ, તે મારાથી કદી પણ સહ્યું જતું નથી. પ્રભુકૃપાથી મેં મારી જાતને પુરવાર કરી આપીને તમારાં બધાં આગળ ખુલ્લી મૂકેલી છે. કોઈકને ત્યાં આપણે નોકરી રહ્યા હોઈએ અને જો તે કામ બરાબર ન કરીએ, તો શું તે આપણને એમ ને એમ બેસાડી રાખશે કે ? તે તો તરત જ વિદાય કરી દેશે. ત્યાં તે કંઈ તમારી ભૂલો અને દોષો સહન કરી લેશે નહિ. અમે તો સાફસાફ ચોખ્ખેચોખ્ખું

કહીએ છીએ કે કર્મની બાબતમાં અમે કંઈ કશું આડુંઅવળું કોઈનું સહી લઈશું નહિ. જો તમને ખરેખરી મારા પરત્વે ભાવના કે પ્રીતિ પ્રગટેલી હશે, તો તેનાથી પ્રેરાઈને પણ તમે યોગ્ય થવાને મથી શકશો. ઊલટું મને પોતાને તો તેનાથી કરીને તમારી મારા પર પ્રીતિ અને ભાવના કેવી અને કેટલીક છે તે પણ મને પ્રભુકૃપાથી સમજાઈ જવાનું છે. તમે બધાં જે કામને માટે આવ્યાં છો, તે કામ જ જો કરી ન શકતાં હોવ, તો પછી ખાલી ખાલી વેશ કાઢવાનો અર્થ શો ? અને ખાલી ખાલી બકરીનાં આંચળની પેઠે વળગવાનો પણ શો અર્થ ? માટે, હવે તો કૃપા કરો.

જો આ માર્ગે વળવાનું કરવું હોય, તો તમારાં રોજિંદાં કર્મવહેવારમાં, વર્તનમાં, સંબંધમાં, સંપર્કમાં, વાતચીતમાં જે તે બધાંમાં આ માર્ગ પરત્વે વળવાની દાનતની ભાવના પરખાઈ આવવી જોઈશે. અરે, માણસને ટ્રેન પકડવાની હોય છે, તો તે પણ તૈયારી કરે છે. એટલે આપણાં બધાંની આ માર્ગ પરત્વેની તૈયારી થતી જો હું નીરખી શકું તો તો હું જરૂર રાજી થાઉં. તમે જો તમારા ખરેખરા દિલથી, તેવી ભાવનાથી અને તેવા વર્તનથી મને પૂરેપૂરો સંતોષ આપશો, તો તો હું તમારી પર ન્યોછાવર થઈ જઈશ. જે કોઈ જીવ પોતાના સદ્‌ગુરુને પોતાના જીવનથી કરીને દિલમાં દિલથી સંતોષ આપે છે, તેનો બદલો તેને પૂરેપૂરી રીતે બેવડો, તેવડો, ચોવડો મળી રહે છે. આ મારો પોતાનો જાતઅનુભવ છે. અને આગળ કરાંચીના પ્રસંગમાં તે વર્ણવ્યો પણ છે. આ માર્ગે જેવા તેવા અધકચરા અને અધવચલા, કંઈ પ્રાણ વિનાના પ્રયત્નથી કશું વળી શકવાનું નથી. મારા પર એટલી તો તમે બધાં કૃપા કરો, કે તમારાં પ્રકૃતિ અને સ્વભાવનાં યદ્વાતદ્વાપણાથી મને ત્રાસ ન આપો. એક તો આપણે હજારગણા દોષ કરીએ અને આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ બિલકુલ ઠેકાણાં વગરનાં હોય અને તેના કારણે સદ્‌ગુરુનાં કર્મને તેથી આપણે યદ્વાતદ્વાપણે કરતાં હોઈએ અને તે બગડે ત્યારે તે આપણને સારી પેઠે ઠબકારે, ત્યારે

આપણું મન 'તે આપણને અન્યાય કરે છે,' એવું વિચારાવે છે. આપણાં પોતાનાં પ્રકૃતિ અને સ્વભાવ અને તેના યદ્વાતદ્વાપણાને, તેનાથી પ્રગટતી ગેરવ્યવસ્થાને અને તેનાથી થતાં કર્મના નુકસાનને તો આપણે વિચારવાનું નેવે જ મૂકી દઈએ છીએ, અને દોષનો ટોપલો તો પેલાને માથે જ નાખી દઈએ છીએ.

અરે, અમે તો પ્રભુકૃપાથી કહીએ છીએ અને તે સાફ સાફ કહીએ છીએ કે નરક ઢોળશો, તો તેનાથીયે વધારે નરક મળવાનું છે, અને જે જે જેવું આરોપણ કરશો તે બધું દ્વિગુણિત, ત્રિગુણિત થઈને આપણને જ પાછું મળ્યા કરવાનું છે. એટલે તમે પોતે જ વિચારજો કે શું આપવું અને શું ન આપવું. આ કંઈ ડર બતાવવાને લખેલું નથી, પરંતુ જેમ જે સાચી હકીકત છે, તેમ તે સ્પષ્ટ જણાવવાને લખેલું છે. માટે ચેતવું હોય તો હજી પણ ચેતજો. હું જે પ્રેમભક્તિ માગું છું, તે તમારા પોતાના હિતને ખાતર. મારે પોતાને તેની જરા પણ પરવા નથી. પડી પણ નથી અને જરૂર પણ નથી. કૃપા કરીને મારી સાથે રહેવાનું જો કરવું હોય, તો આપણે બધાંએ પળેપળ ચેતતું રહેવું જોઈશે. આવા પ્રકારની જાગ્રતિ જ્યારે હું સાધનાનું કામ કરવાને નીકળેલા જીવોમાં જોતો નથી, અને તેમ છતાં તે લોક 'સાધનાને પંથે છીએ' એમ માને છે, ત્યારે તેમના એવા દંભને ફિટકારવાને મારા સર્વ પ્રકારના જોમથી હું પ્રયત્નવંત થતો હોઉં તો તેને હું ભગવાનની કૃપા સમજું છું. સાચો ભાવનાવાળો અને પ્રેમી તો એનું નામ કે સામો આપણા પરત્વે આમ જે વર્તે છે, તેનું મૂળ કારણ તો આપણામાં જ હોવું જોઈએ એમ જુએ. તે જો તપાસવાનું રાખીશું અને વિચારવાનું કરીશું તો તે આપોઆપ જડી આવશે. કૃપા કરીને જુઓ કે આપણે બધાં મળેલાં છીએ તે હવે બહુ ઘોર્યાં. એલારમ (એલાર્મ) વાગે છે તોયે જાગી શકતાં નથી. એટલે ઢંઢોળીને ઉઠાડવાં પડે છે, ત્યારે પેલા ઉઠાડનારનો દોષ તમે કાઢો છો. અરે, ભાઈસાહેબ ! આ ક્યાંનો ન્યાય ? જે કામ આપણે માથે લીધું હોય તે કામ પરત્વેની ખરેખરી દાનત, પ્રમાણિકતા અને વફાદારીની પરીક્ષા

થતી રહેવાની જ. આ માર્ગમાં માથે હાથ મૂકી બેસી રહ્યે ચાલવાનું નથી. ઝટ દઈને એમ પોકારી નાખ્યેથી નહિ ચાલે કે 'ના, અમારાથી તો સુધરી નહિ શકાય.' ભલેને તે ક્ષણિક આવેશથી બોલાયું હોય, પરંતુ અમને તેવું બોલવાપણામાંથી તે તે જીવના સત્ત્વની અને તેના આધારની તૈયારી સમજાઈ જાય છે. જેમ કોઈ વેપારીને ત્યાં જમા થયેલી રકમ પણ અને ઉધાર રકમ પણ કોઈને માત્ર 'જવા દો' એમ કહ્યે છૂટી જઈ શકતી નથી તેમ. જે કોઈ જીવ સદ્‌ગુરુ કને ગયો હોય અને તેવા જીવે તેને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા હોય, તો તેવો જીવ તેવું માત્ર બકી નાખવાથી કંઈ સદ્‌ગુરુની ભાવનામાંથી અને તેના દિલમાંથી છૂટો થઈ જઈ શકતો નથી.

દર્શન
૨૩૫-૨૩૯

આપણે જે કામ કરવા નીકળ્યાં છીએ અને જે કામ કરવાનું છે, તેને માટે શી શી સામગ્રી જોઈશે, તે વિશે આપણે બધાં બુદ્ધિથી તડાકા તો ઠોકીએ છીએ, પરંતુ તે માટેની તૈયારી અને તે એકઠી કરવાની શક્તિ આપણામાં કેટલી છે, તે વિશે કૃપા કરીને વિચાર કરો. આપણી પાસે જે અણમોલ વસ્તુ હોવી જોઈએ એ તો પ્રેમ છે, અને એ પ્રેમના તો ફાકા પડે છે, તેમ જ આ માર્ગે જવાની જે જે બીજી સામગ્રી જોઈએ, તે તો આપણી પાસે છે નહિ અને તેની તૈયારી કરીને એકઠી કરવાની ખરેખરી ઝંખના હું કોઈનામાં જોતો નથી. ત્યારે ભલાં! તમે આ માર્ગે નીકળવાનું કઈ રીતે કર્યું ? અને ધારો કે એમ ને એમ કર્યું અને કોઈ એમ કહે કે 'ત્યારે તો કશો વિચાર કર્યો ન હતો,' તો હવે તો વિચાર કરો ! જો આ માર્ગે જવું હોય, તો તે કંઈ એમ ને એમ નહિ જઈ શકાય. કેટકેટલા પ્રકારની તૈયારી કરવી પડે છે અને કેટકેટલી જાતની વસ્તુઓ સાથે હોવાની પણ જરૂર પડે છે ! તો કૃપા કરીને હવે તો જાગો, અને આ બધું એકઠું કરો, અને તમારા બધા લબાચા જે બધા વેરવિખેર પડેલા છે, તે ક્યાંના ક્યાંય ફગાવી દો. હજી તો તે બધા લબાચા, જે તદ્દન નકામા છે, તેને છાતીએ ચાંપી રાખવાનું કરો છો ! અરે, આપણી મૂર્ખામીની તે કંઈ હદ છે ?

ધારો કે એક જીવે સાધનાના ક્ષેત્રમાં પડવાનું કર્યું અને તે પછી તેને પોતાને પોતાનું અસલ સાચું પોત પરખાયું. તો તેવી વેળા પેલો જીવ કહે કે 'ભાઈ, હવે તો રામરામ. આ માર્ગે આવવામાં મારી તો ભારે ભૂલ થઈ, મારી તેવી શક્તિ જ નથી.' તોપણ હવે તેનું કશું ચાલવાનું નથી, કારણ કે કોઈ, કોઈના દિલમાંથી ક્યાં જતો રહેવાનો છે ? ધારો કે એક સામાન્ય પ્રકારના જ આપણે જીવ છીએ અને આપણા દિલમાં કોઈ જીવને માટે રાગ, મોહ, લાગણી, મમતા વગેરે પ્રગટ્યાં છે, અને પછી તેવો જીવ આપણા સ્થૂળ સંબંધ, સંપર્ક વગેરેમાંથી નીકળી ગયો છે. તો શું તેનું અસ્તિત્વ આપણા દિલમાંથી નીકળી ગયું હશે કે ? તે આપણે બધાંએ વિચારવાનું છે. મારી તમને બધાંને હૃદયની પ્રાર્થના છે કે તમે બધાં મને પ્રભુકૃપાથી જો મળ્યાં છો તો મને હવે ખરેખરો સહકાર આપો. મારું જીવનનું સ્વીકારાયેલું જે કર્મ છે, તે કર્મને ગૌરવવંતું પ્રગટાવવાને માટે તમે બધાં ઉત્સાહ, ખંત, કાળજી વગેરે બધું નદીનાં પૂરની પેઠે દાખવો. તો તમે મારી સાચી સેવા કરી ગણાશે. તે સેવા પણ આપણા પોતપોતાના જીવનવિકાસના હેતુથી પોતાની ખાતર જ કરવાની છે, તે પણ નક્કી જાણજો.

હું તો કોઈનું પણ કશું ઋણ ભગવાનની કૃપાથી માથા પર રહેવા દેતો નથી. અત્યાર સુધીના આટલા બધા સમય દરમિયાન તમે બધાંએ અનુભવ્યું છે કે કોઈનાંયે લાગણી, ભાવના, ઉત્સાહ અને મને કરેલી મદદનો મેં પ્રભુકૃપાથી તેવા જ ઉત્સાહથી પ્રતિઉત્તર વાળ્યા કરેલો છે. મારો હજાર હાથવાળો સમર્થ ધણી મને કોઈનાયે ઋણમાં રહેવા દેતો નથી. કોઈનીયે કરેલી મદદથી કે સેવાથી આ જીવ કદી પણ લદાઈ જતો નથી. અથવા તો કોઈના પણ કરેલા ઉપકારથી તે આભાર વિવશ પણ થઈ જતો નથી. લેવું અને દેવું બન્ને પ્રક્રિયા સતત ચાલી રહેલી જ હોય છે. આજે તમને બધાં સ્વજનને છડેચોક કહું છું કે 'પ્રભુકૃપાથી અમે જે લઈએ છીએ તેના બદલા તરીકે તો નહિ જ, પરંતુ ભાવનાના સામા પ્રતિભાવ તરીકે

અમારો ભગવાન અમને તેમ તેમ કૃપાથી કરીને વર્તાવી શકવાને પૂરેપૂરો જીવતોજાગતો સમર્થ બેઠેલો છે. તમે ધારો કે સેવા ન કરી શકો, તોયે વાંધો નથી, પરંતુ તમે જે પ્રકારનું અન્યથાપણું પ્રગટાવો છો અને મનમાં ને મનમાં દોષારોપણ કર્યા કરો છો, તેથી કરીને તમારું પોતાનું જ પતન થતું હોય છે, અને તે મને વિશેષ ને વિશેષ એટલું બધું વેદના ભર્યું સાલે છે ! અને તેથી તમને જાગ્રત કરવાને, ચેતાવવાને અને ફરીથી ભાવનામાં સજીવન થવાને પ્રભુકૃપાથી ઠબકારતો હોઉં છું.' વારંવાર હું તો તમને બધાંને કહું છું કે 'તમે મારા પર કૃપા કરો, મહેરબાની કરો. જેની ને તેની હું તો મહેરબાની માગું છું. એવી રીતે મારા દિલની વ્યક્ત થવાની કળાના તમે બધાં નજરોનજર સાક્ષી છો. એનું સાચું તારતમ્ય શું છે, તે મેં તમને સમજાવ્યું છે. ધારો કે આપણે કોઈપણ ઠેકાણે નોકરી કરતાં હોઈએ તો નોકરીના કામનું યદ્વાતદ્વાપણું શું આપણો ઉપરી અમલદાર ચલાવી લેશે કે ? અને જો તે ચલાવી લેતો હોય તો તે યોગ્ય અમલદાર નથી.

દર્શન
૨૪૦-૨૪૩

૧૦

આ માર્ગ ગૂઢ છે, તેમ છતાં મારાથી જેટલા થઈ શકાય તેટલા ખુલ્લા થઈને બધું મેં લખ્યું છે. કશું અસ્પષ્ટ રહેવા દીધું નથી.

કંઈ પણ મેળવવું હશે તો તે માટે પ્રયત્ન કરવો પડશે. કશું જ સામે આવીને નહિ મળે, તે આ માર્ગમાં પડનારે ખાસ સમજવું પડશે. ઘણાં લોકો એમ માને છે કે સાધુસંતોની સેવા કરવાથી આપણું બધું થઈ જશે તે પણ એક ભ્રમણા જ છે. અલબત્ત, કોઈ સાચો સાધુ કે સારા સંત હોય અને તે આપણી સેવાથી રાજી થયો હોય તો સાધના વિશે સમજાવે અને રસ્તો બતાવે એવું બને ખરું, પણ સાધના વિશે સાધુસંતો પાસે દોડી જઈને જાણવા જતાં કોઈવાર ફસાઈ જવાનો પણ સંભવ છે. તેવો એક કિસ્સો મારી જાણમાં છે.

એક મારા સ્નેહી મિત્ર હતા. તેમને સાધના કરવાની બહુ તાલાવેલી લાગેલી. એક વખત એક સાધુને તેઓ મળ્યા અને બધી વાત કરી. પેલા સાધુએ તેમના ગુરુ થઈને સાધના કરાવવાની વાત સ્વીકારી, પરંતુ પોતે હિમાલયની પાસે હૃષીકેશમાં રહે છે. માટે, મારી સાથે ત્યાં આવવું પડશે એમ કહ્યું. પેલા સ્નેહી મિત્રે તે કબૂલ કર્યું અને મારી પાસે આવીને બધી વાત કરી. ઘરમાં વાત કરે તો સૌ ભડકી ઊઠે અને જવા ન દે, આથી, છાનામાના જવાનું નક્કી કર્યું અને નક્કી કરેલ દિવસે તેઓ પેલા સાધુની સાથે ઊપડી ગયા અને તેઓ હૃષીકેશ પહોંચ્યા. ત્યાં બેત્રણ દિવસ રહ્યા બાદ બહારથી એક સાધુ આવ્યો તેણે પેલા ગુરુ સાધુને કહ્યું કે અમુક સાધુ બોલાવે છે માટે ચાલો. મારા સ્નેહી મિત્ર આ બધો સંવાદ સાંભળતા હતા.તેમણે વિચારેલું કે ભલે તે બહાર જશે પણ મારી રહેવાની વ્યવસ્થા તો કરતા જશે, પણ તેવું કંઈ જ બન્યું નહિ અને સ્નેહી મિત્ર એકલાઅટૂલા થઈ ગયા. તેમની પ્રકૃતિ નબળા બાંધાની. રહેવાખાવાનું સચવાયું નહિ એટલે ઝાડા થઈ ગયા. કોઈ ગુજરાતીની સાથે રહેવાનું બને તો પોતે સચવાય તે આશયથી ગુજરાતી સાધુની શોધમાં નીકળ્યા અને તેમને રક્ષણ આપે તેવો ગુજરાતી સાધુ છેવટે મળી ગયો. વાતચીત કરતાં આ સાધુ પૂર્વજીવનમાં શિક્ષક હતા ત્યારે એમણે જ આ ભાઈને ભણાવેલા એવું ઓળખાણ નીકળ્યું. એટલે સ્નેહી મિત્રે સાધનાની લાલચમાં સાધુની વાતમાં કેવી રીતે ફસાયા અને ઘરેથી સાધુની સાથે છાનામાના અહીં કેવી રીતે આવ્યા અને સાધુ તેમને કેવી રીતે છોડી ગયો તેની બધી વાત કરી, ત્યારે ગુજરાતી સાધુએ કહ્યું કે સારું થયું કે તમે મારી પાસે આવ્યા, બીજે ફસાયા હોત તો હેરાન, હેરાન થઈ જાત. પછી તો દવા અને સારવાર સારી રીતે થયાં એટલે સ્નેહી મિત્ર સારા થઈ ગયા અને પાછા આવીને મને બધી વાત કરી.

સાધનામાર્ગમાં આવા પ્રસંગો પણ બનતા હોય છે. આથી જ શ્રેયાર્થીએ કોઈ આપણું કરી દેશે એ વાતમાં ન ફસાવું કે

કોઈની કૃપા કે આશીર્વાદથી આપણું બધું થઈ જશે એ વાતમાં ન રાચવું. નહિ તો મેળવવા જતાં નુકસાન થવાનો વધુ સંભવ છે. અત્યારના આ કઠિન કાળમાં કોઈકને ઊર્ધ્વમાર્ગે જવાનું મન થાય છે અને તે માટે કંઈક કરી છૂટવા પણ તે તત્પર છે, તે જોતાં ઉચ્ચ જીવન જીવવાની તેને ભૂખ લાગી છે તે સારી વાત છે, પરંતુ માત્ર ઈચ્છાથી કંઈ મેળવી શકાશે નહિ, કારણ કે આ માર્ગ ત્યાગ અને તપશ્ચર્યાનો છે અને તેમાં ધીરજ, સહનશીલતા, સાહસ, હિંમત આદિ ગુણો જે રીતે કેળવાવા જોઈએ તે રીતે ન કેળવાય ત્યાં સુધી તેનું પરિણામ પામવું મુશ્કેલ છે. ગણિત અને બીજગણિતમાં જેમ તેના સિદ્ધાંતો હોય છે અને તે પ્રમાણે દાખલા ગણાય તો જ સાચો જવાબ મળે તેમ સાધનામાં પણ એની ક્રિયાપ્રક્રિયાઓનું ગણિત હોય છે. તે પ્રમાણે તે થાય તો જ તેનું યોગ્ય પરિણામ આવે, તે શ્રેયાર્થીએ ખાસ લક્ષમાં લેવું ઘટે છે. સંસારવહેવારમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે એવું બને, પણ અધ્યાત્મ-માર્ગમાં ધારણા અને ગણતરી પ્રમાણે કામ પાર પડે પણ ખરાં અને ન પણ પડે. આ બાબતમાં શ્રેયાર્થીને ચોક્કસ ખાતરી આપી શકાતી નથી.

પ્રભાત
૧૮-૧૯

જીવન પરત્વેનું સત્ય યથાયોગ્ય રીતે અને તેના યથાયોગ્ય-પણામાં જ્યારે કથવાનું આવે ત્યારે આખાબોલા થયા વિના ચાલી શકતું નથી. તે સત્ય જીવનના શ્રેયાર્થીને ગળે ઊતરતાં વાર તો ન લાગવી જોઈએ અને જો ગળે જ ન ઊતરે તો તે શ્રેયાર્થી નથી. અનેક મળેલા જીવો કંઈ કંઈ પ્રકારની આશા, અપેક્ષાઓ ‘મોટા’ દ્વારા ફળીભૂત થાય એમ ઈચ્છે. હું તો કેટલીયે વેળા તેમના તેમના કથનમાં તાદાત્મ્યભાવે સહાનુભૂતિ દઢાવીને, તેવું તેવું બોલતો પણ હોઉં, તેમ છતાં તેવું થવું કે ના થવું તે કંઈ મારા હાથની વાત નથી. જીવનમાં કંઈ કશામાંથી છટકી જવાનું કદી પણ દિલ કર્યું નથી. ભાગી છૂટવાનું તો જાણ્યું જ નથી. તેથી, તે તે સ્વજનોને માટે તેવી તેવી આશા, અપેક્ષાઓ, માગણી વગેરેને માટે શ્રીહરિકૃપાથી

પ્રાર્થના કરવાનું આ જીવ ચૂક્યો નથી. આના પણ પ્રત્યક્ષ જીવતાજાગતા સાક્ષી છે. તેવી તેવી પ્રાર્થના કરતી વેળાએ કોઈક જીવ હાજર હોય તો તે જીવ 'મોટા' આવા પ્રકારની પ્રાર્થના કરે છે, તે તેને પ્રત્યક્ષપણે પ્રભુકૃપાથી બતાવાયું છે. કેટલીક પ્રાર્થના ફળેલી પણ છે, પરંતુ તેમાં ખરું મહત્ત્વ તો શ્રીહરિના સામર્થ્યનું છે, કૃપાબળનું છે. આ જીવનું કશું નથી.

કેટલાંક મળેલાં મને કહે 'મોટા, તમારી સાથે આટલાં બધાં વર્ષો ગાળ્યાં છતાં અમારું તો કંઈ કશું ન વળ્યું.' ત્યારે મારે તેમને કહેવાનું થાય છે કે દિવસના ચોવીસ કલાકમાં તમારાં મનાદિકરણોમાં અને હૃદયમાં 'મોટા'ને તમે કેટલા કલાક જીવતો રાખ્યો છે ? તેનો પ્રત્યક્ષપણે બધાં સ્વજનો વિચાર કરી જુએ, તો તેમને તેવું બોલવાપણામાં કેટલી વાસ્તવિકતા છે, તે તેમને સમજાઈ જશે. વર્ષના ગાળામાં પાંચદસ વાર આપણે મળ્યાં કે એકાદ દિવસ સાથે રહ્યાં, તેથી કશું વળી ના શકે. તે તો દિલમાં દિલથી તે પરત્વેની ઉત્કટ તીવ્રમાં તીવ્ર લગની લાગી ગયેલી હોવી જોઈશે. તે વિના તો કંઈ કશો પત્તો ખાવાનો જ નથી. આહ્લાદ ૧૯-૨૧

૧૧

પ્રભુભાવ જ એવો છે કે એક વખત જો તે આપણા જીવન-આધારમાં કામ કરવા લાગી ગયો હશે અને આપણા આધારનો તેણે જો પ્રેમથી કબજો લઈ લીધેલો હશે, તો તે આપણને જંપીને બેસવા પણ નહિ દે, નિરાંતે ઊંઘવા નહિ દે. 'ચાલો ! હા...શ! હવે જરા નિરાંતે આરામ લઈએ,' એમ આપણે કરવા જઈશું, તોપણ તે આપણને તેવી રીતે ઠરવા દેશે નહિ. એ તો કંઈક કંઈક અણધાર્યા, અણકલ્પ્યા ઉત્પાત પ્રગટાવશે. તે આપણા આધારનો પૂરેપૂરો કબજો ત્યારે લઈ શકે છે, કે જ્યારે આપણે તેનો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક દિલમાં દિલથી સંપૂર્ણ સ્વીકાર કરી શકેલાં હોઈએ ત્યારે. તેમ જો થયું તો તે પછી સુખ મળવાનું તો ક્યાંય દૂર રહ્યું, પરંતુ તેને બદલે નવા નવા

પ્રચંડ રણસંગ્રામમાં ઝુકાવ્યા કરાવશે, ચેન તો પડવા જ દેશે નહિ. જીવનના રચાયેલા બધા મનોરથોનો ભાંગીને ભૂકો કરી દેશે. સુખનાં જે સ્વપ્નાં સેવ્યાં હોય, તે તોડીફોડી નાખશે. જેમાં જેમાં દિલ, મન ચોંટ્યાં હોય એટલે કે જ્યાં જ્યાં રાગમોહાદિક વૃત્તિઓ હશે, તથા ધનદોલતમાં, સારાં સારાં લૂગડાંઘરેણાંમાં, લોકોમાં વાહવાહ કહેવડાવવામાં, પ્રતિષ્ઠામાં, આબરૂમાં, બીજા પર શિરજોરી કરવામાં - એવી અનેક પ્રકારની વૃત્તિમાં આપણાં મનાદિકરણોને ઝાટકો મરાવી મરાવીને, તેનું તેનું તેને પ્રત્યક્ષ દર્શન કરાવીને તેમાંથી મુક્ત કરાવશે. જીવદશાનાં અનેક પ્રકારનાં મૂલ્યાંકનો કરવાની આપણી દૃષ્ટિમાં પૂરું પરિવર્તન પ્રગટાવશે. આપણા પર કોઈએ કરેલી થોડીઘણી મદદનો અનેકગણો બદલો અપાવવાની દિશામાં આપણને તે પ્રવૃત્તિ કરાવશે. સમજણો, આગ્રહો, ટેવો વગેરે વગેરેમાંથી, આપણને તેનું તેનું વાસ્તવિકતાભર્યું અજ્ઞાનમૂલક દર્શન કરાવી કરાવીને તેનો પૂરો પલટો કરાવશે. અનેક પ્રકારની જીવદશાની પરિસ્થિતિઓમાંથી મનાદિકરણોને ઉચ્ચ ભાવનામાં પ્રગટાવી પ્રગટાવીને તેવી જીવદશાવાળાં કળણમાં અને વલણમાં દેખીતી રીતે ફસાયેલાં હોવા છતાં અને તે તે પળે પાછાં મનાદિકરણો ઉચ્ચ ભાવનાના પ્રદેશમાં પ્રગટેલાં હોવાથી તે તે મનાદિ-કરણોનાં તે તે સ્થૂળ પ્રકારનાં વર્તનની તે પળની અસર પડવા દેશે નહિ. ગમાઅણગમાની પરિસ્થિતિ, માનેલી વ્યવસ્થાઓ, ગણતરીઓ અને કલ્પનાનો તો ભાંગીને ભૂકો જ કરી નખાવશે. જીવનને અનેક પ્રકારની તપની ભઠ્ઠીમાં તપાવ્યા કરીને સોનું જેમ ભઠ્ઠીમાં ગળાઈને શુદ્ધ થાય છે, તેમ જીવનને તાવણીમાં નાખી નાખીને સારી પેઠે તવાવીને તેને શુદ્ધ કરવાની પ્રક્રિયા તે ચાલુ રખાવ્યા જ કરશે અને જો પરમ કૃપાથી એણે આપણા આધારને કબજામાં લીધો હશે તો આપણે તે બધું પ્રેમભક્તિપૂર્વક હૃદયના ઉમળકાથી સ્વીકારીને તેમાં તેમાંથી પસાર થયા કરીશું, અને આપણે તે પરમ કૃપાળુ ભગવાનના કે ચેતનના એટલે કે સચ્ચિદાનંદના યંત્ર બની જઈશું.

૧૨

પ્રભુકૃપાથી આ જીવના સદ્‌ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત, તો તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઈશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત, પરંતુ તેમણે તેમ ન કર્યું. તેમણે કૃપા કરીને આ જીવને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવી વધાવી તેમાં યથાયોગ્ય વર્તી વર્તી તેમના હેતુને ફળાવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું, ત્યારે જ આજે જે છું તે છું. તેથી જ તમને બધાંને મારી પ્રાર્થના છે કે તમે બધાં જીવનને સ્વીકારીને જે જે કંઈ મળે તેનો સહર્ષ સ્વીકાર કરી તેને જ્ઞાનભાવે સહકાર આપી જીવનને ફળાવવાનું જ્ઞાનભાન પ્રગટાવવાનું કરી કરી, ચેતનાને પ્રગટવા માટેની યોગ્ય ભૂમિકા સરળ કરી આપવાનું કર્યા કરશો, ત્યારે જ સદ્‌ગુરુની કૃપા ફળી શકવાની છે. બાકી, મિથ્યાડંબરમાં પડ્યા રહેવાથી તો દંભ વધવાનો છે. આપણે સદ્‌ગુરુના ભાવને સાનુકૂળ વર્તવાનું જ્ઞાનભાન પણ રાખવું નથી, સદ્‌ગુરુની ખાતર સર્વભાવે અને સર્વરીતે પ્રેમ-ઉમળકાથી પ્રેમ-ભક્તિજ્ઞાનપૂર્વક ન્યોછાવર થઈ જવાનું દિલ પ્રગટેલું નથી, ત્યાં સદ્‌ગુરુ જે તે બધું કરી દેશે, તેવી માન્યતામાં નર્યું અજ્ઞાન અને દંભ છે, તે નક્કી જાણશોજી. સદ્‌ગુરુનું ચેતન આપણા આધારમાં કદીક એવા અણધાર્યા પ્રસંગોએ કામ કરતું ચોક્કસપણે અનુભવાય છે, તે હકીકત સાચી છે, જેમ કે કાંતાબહેનને 'પ્રેમકુંજ'માં એકવીસ દિવસના સતત અખંડ ઉજાગરા કરાવવાનું બન્યું હતું. તેવી રીતે બીજા જીવોના જીવનમાં કોઈક ને કોઈક રીતનું તેવું સદ્‌ગુરુનું વ્યક્તત્વ પ્રગટેલું આપણે જાણેલું છે, પરંતુ તેથી આપણી યોગ્ય લાયકાત પ્રગટ્યા વિના આપણા સમગ્ર આધારને તે માત્ર આપણા તે પરત્વેના કશા પ્રયત્ન વિના ચેતનમય કરી દેશે એમ માનવું તે મિથ્યા છે. દર્શન ૩૭૨-૩૭૫

હવે, જ્યારે સ્વજન મિત્રોનાં સ્મરણ પ્રગટતાં તેમનાં સ્મરણને પ્રાર્થનાભક્તિભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં સમર્પણ યજ્ઞની ભાવનાથી મૂકવાનું કરું છું, તો તેમને કાજે કરેલો તેવો પ્રાર્થનાભાવ જ્યારે ફળવાનો હોય ત્યારે ભલે ફળો, એમાં તે સ્વજન મિત્રો તરફના હૃદયના તેવા પ્રકારના પ્રગટ જીવતા ભાવના સાથની તેટલી જ જરૂર રહે છે. તેવો તેમનામાં હૃદયનો ભાવ જાગેલો અને ટકેલો ન હોવાથી તેને (પ્રાર્થનાભાવને) ફળવાનું બનતું નથી. બાકી, શુદ્ધ, પ્રમાણિક, વફાદાર અને નેક દાનતના દિલના આર્દ્ર અને આર્ત ભાવથી પોકારેલો પ્રાર્થનાનાદ મિથ્યા કેમ થઈ શકે ? જીવનવિકાસના શુદ્ધ પરિણામનો હેતુ સાચો હોય, એનું સાધન જ્યાં પ્રાર્થનાભાવ હોય, એટલે એમાં ભાવ પવિત્ર જ હોય, અને તેમાં હૃદયની આર્દ્રતા અને આર્તતા હોય, અને ત્રણેનો જ્યાં તાદાત્મ્યયુક્ત ચેતનપણે સુમેળ પ્રગટેલો હોય તો તે કેમ ન ફળી શકે ? જો ન ફળી શકતું હોય, તો જરૂર સમજી લેવું કે આપણામાં ક્યાંક કવાણું છે.

જ્યારે જ્યારે આ જીવને કોઈ સ્વાર્થ પ્રકારની નહિ, પણ જીવનવિકાસના માર્ગ પરત્વેની ગાંઠ પડેલી અનુભવાતી, અને તે જ્યારે ઘણી ઘણી સાલતી, અને એને ઉકેલ્યા વિના ચેન કે જરા પણ જંપ ન વળે એવી ઉત્કટ દશા રહેતી, તેવી વેળા હૃદયમાં હૃદયથી જે પ્રાર્થના થતી, તેમ છતાં તે ન ફળતી તો આ જીવ પોતાની જાત-મનને, પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહમ્‌ને તેનાં અનેક પાસાંઓમાં વળી વળીને તપાસી લેતો. ક્યાંક કવાણું હોવું જ ઘટે, કાં તો પ્રાર્થનાના ભાવમાં તે તે (મનાદિકરણો) પૂરેપૂરાં યોગ્ય રીતે ભળેલાં ન હોય અથવા એવી એકાગ્રતા અને કેંદ્રિતતા ન જામી હોય, એવું અનેક પ્રકારથી જાતનું બધી બાજુનું ઊંડું ઊંડું પૃથક્કરણ કરી કરી, પ્રભુના ભાવમાં એકાગ્ર અને કેંદ્રિત થવાને એની કૃપાથી મથ્યા

કરવાનું બન્યા જતું. તેમ થતાં હૃદયનો ઊંડો તેવો પ્રાર્થનાભાવ પણ ફળેલો અનુભવાતો.

એમ જ્યારે ને ત્યારે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરતો. પછીથી તો પ્રાર્થનાથી પરિણામ નીપજવાની ઝંખનાને પણ ટાળી દીધેલી. તેવું હોવું તે પણ યોગ્ય ન હતું. આપણે આપણા ભાગનું આવેલું કર્તવ્ય યોગ્ય રીતે પૂરા ભાવથી એના સંપૂર્ણ યથાયોગ્યપણામાં કર્યા કરવામાં જો પ્રભુકૃપાથી રત રહ્યા કર્યા હોઈશું, તો તે તેના ભાગનું જરૂર કરવાનો જ છે, એવાં આત્મ- પોકાર
વિશ્વાસ અને જ્ઞાનમૂલક શ્રદ્ધા આ જીવમાં પ્રગટી ગયાં હતાં. ૧૧૪-૧૧૫

હું તો મારા વહાલા પ્રભુને ઘણી વેળા પ્રાર્થના કરું છું કે ‘આ બધાં સ્વજનો જે અર્થે મળેલાં છે, તેમને તેમને કૃપા કરીને તેમનું તેમનું સાચું ભાન પ્રગટાવ કે જેથી તેમને તેમના યથાર્થપણાનું સાચું નગ્ન જ્ઞાન પ્રગટે અને તે પ્રમાણે એમનાથી તે અંતઃકરણથી સાચી રીતે અને પૂરી રીતે સ્વીકારાય. તો જ તેઓ પોતે પોતાના યોગ્ય જીવનમાં પ્રગટી શકે.’

એક કાળ એવો પણ આવશે કે જે વેળા આવાં બધાં સ્વજનો પસ્તાશે કે ‘મળેલા પુરુષને આપણે અવગણ્યો. એનો યોગ્ય સાથ ન રાખી શક્યાં. આપણે જે અર્થે એને સ્વીકારવાનું કરેલું, તે અર્થે યોગ્ય ઉપયોગ કરવાનું આપણને સૂઝ્યું જ નહિ ! હાય ! હાય ! કેવાં હતભાગી ! એને પૂરું આપણે સમજી પણ શક્યાં નહિ ! એ હતો તો પાસે ને પાસે પણ એને સાચો અને પૂરો જોયો પણ નહિ, તો અનુભવી તો ક્યાંથી જ શકાય ?’ આવું કંઈક કંઈક સ્વજનોને જરૂર થવાનું છે, તે નક્કી માનજો. તે વેળા જે પસ્તાવો થશે તેનાથી કશું જ વળવાનું નથી. જે કોઈ જીવતાને માનતાં નથી કે માની શકેલાં નથી, તે તેના ગયા પછી તેને શું માની શકવાનાં છે ? રામરામ કરો. માટે, જેને માનવાનું આપણે કરેલું હોય, તેને તેની જીવતી હયાતી સુધીમાં યોગ્યપણે સમજી લેવાય, અને તે પણ તેના પૂરેપૂરા યથાર્થપણામાં સાચી રીતે સમજાય, પાછું સમજીને તેનો જીવનવિકાસના સાધન તરીકે જ્ઞાનભક્તિપૂર્વક જેટલો ઉપયોગ પોકાર
કરી લેવાય તેટલો ઉત્તમ છે. ૧૩૫

હું તો એમ કહું છું કે હે વહાલાં સ્વજનો ! તમે બધાં પ્રેમ પ્રેમની વાત કરો છો તો તમારો તે પ્રેમ ગયો ક્યાં ? શું તે ઊડી ગયો ? જો જીવનનું જ્ઞાનભાન રાખી શકવાનું ન જ કરવાનું હોય, તેમાં મંડાણ ન જ માંડવાનું હોય, તો આ જીવને ખાલી ખાલી બકરીના ગળાનાં આંચળની પેઠે વળગવાથી શું વળવાનું છે ? મારે તો પ્રભુકૃપાથી કોઈનાય આશ્રયની જરૂર નથી. એકલો, સમર્થમાં સમર્થ સાચા ધણીનો આશ્રય બસ છે. એ જ જેમાં ને તેમાં પૂરતો છે.

આપણે બધાં નીકળ્યાં છીએ જીવનવિકાસ કરવાની સાધના કરવા. પણ શી આહાહા, આપણી ખૂબી છે ! ગુરુએ સાધનને તો ઘણું ઘણું સમજાવ્યું, એનો કેમ ઉપયોગ કર્યા કરાય તે નજર સમક્ષ દોરવ્યા કરી પ્રેરવ્યા કર્યું, પ્રાર્થનાનો ઉપયોગ કરવાનું સૂચવ્યા કર્યું, પણ ખરેખરી હૃદયની ભાવનાથી કેટલાં એનો સાચો પૂરો ઉપયોગ કરી શકે છે ? અરે, ભાઈ ! ખરી અણીની વેળા પ્રગટતાં, પ્રાર્થનાનો ઉપયોગ તો કરી જુઓ ! પ્રાર્થના કરવાથી જે બાબતમાં પ્રાર્થના કરતાં હોઈએ તે ફળે કે ન ફળે તે ઘણા મહત્ત્વની હકીકત નથી, પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે. હૃદયમાં હૃદયથી પ્રાર્થનાનો ભાવ જગવી જગવીને આપણે કોઈ અદૃશ્ય એવા એને પોકારતાં હોઈએ છીએ. એ રીતે હૃદયની ભાવનાનો એની સાથે સંબંધ સંધાતો રહ્યા કરે છે, એવું અનુભવનું જ્ઞાન આ જીવને પ્રાર્થનાના ઉપયોગમાં લેવાતા સાધનમાંથી, એની કૃપાથી પ્રગટી ગયેલું છે. તેવા અનુભવની ભેટ સ્વજન, પ્રભુને ચરણ-કમળે અંતઃકરણના ભાવથી મૂકું છું. એને જે કોઈ ઉપયોગના યોગ્ય ભાવે સ્વીકારીને એનો સાધન તરીકે વપરાશ કરશે, તેવા જીવને પ્રાર્થનાનાં મહત્ત્વ, રહસ્ય, ખૂબી સમજાઈ જવાનાં છે. અનેક સંતભક્તજ્ઞાની આત્માઓએ જીવનવિકાસની સાધનામાં પ્રાર્થનાનો સહારો લીધા જ કરેલો છે. તેઓએ તો

કંઈક થતાં શ્રીભગવાનને પોકાર પાડ્યા જ કરેલા છે. તેમને તેમનો પોકાર ફળે કે ન ફળે તેના તરફ તો ધ્યાન હોતું જ નથી. એવા પોકારથી આપણે કેવાં કેવાં હળવાં, શાંતિવાળાં બની જતાં હોઈએ છીએ ! સાધનાના માર્ગમાં પોતાના તેવા જ્ઞાનયુક્ત ભાવનાથી થતા રહેતા પ્રચંડ પ્રકારના પુરુષાર્થથી અને હૃદયની પ્રાર્થનાની એવી પ્રેરણાત્મક, ચેતનાત્મક મદદથી, આપણે કલ્પી પણ ન શક્યાં હોઈએ, ધારી ન શક્યાં હોઈએ એવી આધ્યાત્મિક પ્રગતિ તેનાથી પામી શકતાં હોઈએ છીએ. આવી એક ને એક બે જેવી ખરેખરા સાચા અનુભવની હકીકત સ્વજનનાં ચરણમાં પ્રત્યક્ષ મૂકવા છતાં એને તેવી રીતે અને તેવા ભાવથી કેટલાં સ્વીકારે છે ? હૃદયના જ્ઞાનપૂર્વકના હેતુના ઉપયોગીપણાના સાધન તરીકે વપરાતા પ્રાર્થનાના ભાવથી શ્રીભગવાન કે ચેતન પરત્વેની આપણા હૃદયમાં ખરી ભક્તિ પ્રગટતી જતી હોય, એવા પણ અનુભવ આપણને જીવનમાં આગળ જતાં થયા કરતા હોય છે. પોકાર ૧૩૮-૧૪૦

૧૪

જે કોઈને જે કંઈ કહેવાનું હતું તે બધુંયે કહેવાઈ ચૂક્યું છે. તેથી, સર્વ સ્વજનને પ્રાર્થના છે કે એમનાથી જે જે થાય તે ખંત રાખી રાખીને કરે. તેમ છતાં જીવને ઊંધે પાટે લઈ જવાનું કોઈ કરાવે તો નહિ, પરંતુ અજાણતાં એમનો સ્વભાવ તેમને દોરવીને આપણને તેમ કરવા પ્રેરે તો એનું એને દર્શન કરાવીએ. અને તે પણ અત્યંત નમ્ર, પ્રેમઆર્દ્રતાભરી પ્રેમ-ભાવનાએ ક્યાંયે તેમાં કચાશ ન રહે. આપણે ભાગે તો સર્વ કંઈ કરી છૂટવાનું અને કરી ચૂકવાનું રહેશે. જ્યાં સુધી શક્ય હશે તેટલું બધુંએ કરી ચૂકીશું નહિ ત્યાં સુધી આપણો અંતર્નાદ પણ જાગવાનો નથી. જીવનના સાચા ભાવથી અને યોગ્યપણે સાધના કરનાર સાધક કદી હારતો હોય છે, તેમ છતાં તે પાછો પ્રભુને તે તે બધું જ્ઞાનભક્તિપૂર્વક સોંપનારો પણ હોય છે અને અંતે તો જીત મેળવે છે. ભગવાનનો સાચો ભક્ત

આખરે કદી હાર પામતો નથી એવું ભગવાનનું ભક્તને આશ્વાસન છે. કંઈ કશામાં આ જીવની ધીરજ ખૂટતી નથી. 'ભગવાન કરતાં ભક્ત ચડે' એમ કહેવત છે, કારણ કે ભગવાન અવ્યક્ત છે, ભક્ત વ્યક્ત છે.

મંથન ૨૬૭-૨૬૮

તમારાં બધાંનો આટલો બધો પ્રેમભાવ શું કંઈ એમનો એમ જ વહી જવાનો છે ? ના, ના ! એ તો બને જ કેમ ? તમારાં બધાંના આવા પ્રેમભાવ માટે ભગવાનનો ઘણો ઘણો ઋણી છું. એ જ મારે મન તો એની કૃપા છે. બાકી, હું કોણ ? જગતની દૃષ્ટિએ તો એની પાસે કશું નથી. માલ નથી, મિલકત નથી, ધનદોલત નથી, જમીન નથી, જાગીર નથી, એવી કંઈ પ્રતિષ્ઠા પણ નથી. કોઈ ખૂણામાં પડેલા એવા એક માનવીને ભગવાને કેવો આનંદ આપ્યો છે ! કેટલી કૃપા વરસાવી છે ! અને કેટલો એના ખરા અર્થમાં સુખી બનાવ્યો છે ! બધું આંખ સામે તરી આવે છે અને હૃદય એનાં ચરણકમળે ગદ્‌ગદિત બને છે, તમારાં બધાંની પ્રેમભાવનાને જવાબ વાળી શકવાની-એટલે કે જે હેતુસર આપણે બધાંને ભગવાને મેળવ્યાં છે, તે હેતુ ફળાવવામાં નિમિત્ત બનવાની શક્તિ ભગવાન મને આપો ! એના સિવાય તો હું બિચારો શું કરી શકું ? અને ક્રોધમાં કે ગુસ્સામાં કે બીજી રીતે કઠણ થઈને મારાથી કશુંક તમારા પ્રત્યે થાય, ત્યારે મને જતો કરશો અને મનમાં ન લાવશો એટલી જ વિનંતી છે. ફરીથી વારંવાર એ પરમ કૃપાળુ પ્રભુનો અહેસાન માનું છું કે એણે એની કૃપાનાં આવાં પવિત્ર દર્શન કરાવ્યાં. એને હજારો ધન્યવાદ. ભગવાન સૌનું ભલું કરો !

મંથન ૧

❑

■

(ગઝલ)

કઈ રીતે હું સમજાવું 'પ્રભુ પ્રત્યક્ષ પોતે છે',
'જીવનમાં ભાગ લેવાને ઉમળકો એહને શો છે !'

**શ્રીમોટા**

પ્રણામ
૩૮

## ખંડ-૧૦

# જીવમાત્રના કલ્યાણ માટે

■

(ગઝલ)

લહરિ
૧૦

સ્વજનથી ભોગવાયું જે જીવન, આલેખ્યું તેવું છે,
અમારી જાત પર લઈ તે અમે વર્ણન કરેલું છે.

*શ્રીમોટા*

■

■

(ગઝલ)

સ્વજનને યાદ કરવાનો જીવન લહાવો અનેરો છે,
અને એ યાદમાં કેવા પ્રસંગોયે વણાયા છે !

કરી કરી યાદ વહાલાંને રહ્યું શું જીવવું હૈયે,
સ્વજન સામીય ના ફેંકે નજર સરખીય મુજ સામે !

હૃદય ઝૂરતું, હૃદય ઝૂરતું હૃદય ઝંખી મરે તોયે,
સ્વજન પોતે રહે કેવાં અરે ! અતડાં હૃદયમાંહે !

નથી ફરિયાદ કરવાની અમારે કોઈની પાસે,
અમારું એકલું જિગર અહા ! સર્જાયું સહેવાને.

**શ્રીમોટા** સંદેશ ૬૬

કર્મની પાછળ અનેક રીતે બધા વિચારતા હોય છે. એવું અનુભવીને કશું નથી. આપણે તો એક કર્મ કરીએ તે કર્મ કરતી વખતે કેટલા બધા વિચાર થાય, કેટલી બધી વૃત્તિઓ થાય, કેટલા બધા માણસના પરિચયમાં આવીએ. એક કર્મ કરતાં કરતાં અનેક કર્મ આપણે ઉપજાવીએ છીએ અને એક કર્મ ભોગવતાં ભોગવતાં અનેક કર્મો ભોગવવાનો મસાલો આપણે ચિત્તમાં ઉમેરી દઈએ છીએ. એટલે કોઈ દિવસ અંત જ ના આવે. જ્યારે પેલાને એવું કશું હોતું નથી. એ પરિચયમાં હોવા છતાં, સ્પર્શેલો હોવા છતાં, તદ્રૂપ હોવા છતાં 'એ' તદ્દન નોખો છે. એટલે કંઈ કશું એને વળગતું નથી.

એક જણે મને પૂછ્યું કે 'મોટા, તમે આ વાત કરો છો એમાં તો પરસ્પર વિરોધ આવે છે. આમ, અંદર વળગેલો હોવા છતાં એ નોખો હોય છે. તેને કશું વળગણ ના થાય એવું તો કેમ બને ?' મેં કહ્યું, 'ભાઈ, તને દાખલો આપું કે આ વીજળીના તાર સમા કરવા માટે જાય છે તો હાથે રબરના મોજાં પહેરી રાખેલાં હોય છે. તેની કરામત એવી થયેલી છે કે તેની સાથે વળગેલો હોવા છતાં પેલું એની સાથે વળગે નહિ.' તો તે કહે, 'હા મોટા, બરાબર છે.' તો તેવી રીતે આ અનુભવી પુરુષોની સ્થિતિ હોય છે. તદ્દન સંપૂર્ણ રીતે તદ્રૂપ થઈ ગયા હોય, કામ, ક્રોધાદિ, લોભ, મોહાદિ રીતે પણ-તેમ છતાંય તે નોખા છે. તો કહે, 'તમે સાબિતી આપી શકો ?' તો ભાઈ, કેવી રીતે આપું ? એવું નિમિત્ત બને અને એવો
શેષ ૯ પ્રસંગ હોય અને તું હાજર હોય તો તેવું બની શકે. ના બની શકે એવું નહિ. આ પ્રયોગાત્મક છે.

આ અલંકારની વાત નથી. આ હકીકતની વાત છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ અવતારી થઈ ગયા. એને કેન્સર ક્યાંથી ? તો નિમિત્તની વાત આવે છેને ? નિમિત્તની સાથે એકરસ થઈ જાય. મારી વાત તો મારાથી બોલાય જ નહિ.

નંદુભાઈ આ વાત જાણે છે. હજુ પત્રો લખેલા પડ્યા છે. એક બાઈને સુવાવડ થતી હતી અને કષ્ટાતી હતી. અને હુંય કષ્ટાતો હતો. એ બાઈએ તો પહેલાં લખેલું નહિ. કાગળ આવ્યો ત્યારે ખબર પડી. પહેલાં હું આ વાત કહેતો હતો. હવે હું કહેતો નથી, પણ એનું નિમિત્ત હોયને ? અનુભવીને તો નિમિત્ત પ્રમાણે તે તે પ્રકારનું થાય.

આનું બીજું એક કારણ કહું. કેટલાંક નિમિત્ત એવાં હઠીલાં હોય કે એનામાં (નિમિત્તમાં-હઠીલા જીવમાં) ભગવાનનો ભાવ અભિમુખતા જાગે એટલા માટે એને વધારે વખત રાખે. આથી, દયા કરીને, કૃપા કરીને એનું વધારે ભોગવે. પેલો હઠીલો જીવ છે તે હાલતો નથી, હઠતો નથી, પણ અનુભવી છોડે એવો નથી. આવો આ માણસ તેને વધારે વખત રાખીને એનું દુઃખ વધારે ભોગવીને પેલામાં અભિમુખતા જગવે છે. એ તો પરમ પુણ્યનું કામ કરતો હોય છે. આ પણ કોઈને ખબર નથી પડતી. આ અનુભવીની વાત કોઈ સમજી શકતું નથી. તે શરીરથી જે દુઃખ ભોગવે છે તે તો એનામાં અભિમુખતા જાગે માટે ભોગવે છે.

પણ એ ભોગવતાં ભોગવતાં એની મનોવાંછના કે મનનો ભાવ પેલા નિમિત્ત પરત્વેનો હોય છે કે એની ભગવાન પરત્વેની અભિમુખતા જાગે. એનું (અનુભવીનું) અસ્તિત્વ માત્ર એટલા માટે છે કે બધાંમાં ભગવાનની અભિમુખતા જાગે. નિમિત્તો ભોગવતાં ભોગવતાં તે તે નિમિત્તોમાં ભગવાનની અભિમુખતા જાગ્રત થાય એ એનું (અનુભવીનું) મોટામાં મોટું કર્તવ્ય છે, મિશન છે. જીવતા નર ૭૩-૭૪

૨

'જીવન સ્પંદન' પુસ્તકમાં 'જીવદશાના વમળમાં' એ શીર્ષક હેઠળ જે ગીતો લખાયાં છે, તેમાં જે જે હકીકત આવે છે, તે વાંચીને 'મોટા'ના નજીક પરિચયમાં આવેલાંને તો ઘણું ઘણું આશ્ચર્ય ઊપજવાનું છે, કારણ કે એ ગીતોમાં આ મોટાથી

તેમના પૂર્વજીવનમાં જે જે થયું છે, તેની સ્પષ્ટ ખુલ્લેખુલ્લી હકીકત તેમણે સ્વમુખે જાહેર કરી છે, પરંતુ તેમનું જીવન જોવા જઈએ, તો છેક નાનપણથી તે અત્યાર સુધી તેઓ જે રીતે જીવ્યા છે, તે જોતાં તેવાં કર્મનો તેમના જીવનમાં તેવા પ્રકારનો અવકાશ તો મુદ્દલે નથી.

'ભયંકરમાં ભયંકર શા અનાચારો થયેલા છે !' આવા પ્રકારની કેટલીય હકીકત તેવાં ગીતોમાં પ્રગટ થયેલી છે. 'મોટા'ને એમાં મુદ્દલે સંકોચ લાગ્યો નથી, એ તો જાણે ઠીક, પરંતુ એનો યોગ્ય મેળ બેસાડવાનું કામ ઘણું ઘણું મુશ્કેલ થઈ પડે છે.

કોઈકે 'મોટા'ને સ્પષ્ટ પૂછ્યું કે 'મોટા, આનો-એટલે કે તમે 'જીવદશાના વમળમાં'નાં ગીતોમાં જે હકીકત ખુલ્લે ખુલ્લી લખી છે, એનો મેળ કેમ ખવરાવવો ?' ત્યારે તેમનો નીચે મુજબનો જવાબ હતો :-

'પ્રભુકૃપાથી આ જીવનમાં જે સ્વજન સહજમેળે મળેલાં છે તેમણે તેમણે જે રીતે જીવન ભોગવ્યું છે તેને તે રીતે આલેખવાનો મારો તેમાં પ્રયત્ન છે. વળી, બીજું એક ગૂઢ કારણ પણ તેમાં સમાયેલું છે ખરું. પ્રભુકૃપાથી આ ૨૭૬ જેટલાં ગીતો સાતઆઠ દિવસમાં જ લખાયેલાં છે, અને 'જીવદશાના વમળમાં' એ ખંડમાં જે ગીતો પ્રકાશિત થયાં છે તે જ્યારે જ્યારે સ્ફુર્યાં હતાં ત્યારે ત્યારે તેમાંનું કેટલુંક તો નજર સમક્ષ પ્રત્યક્ષ જીવતુંજાગતું દશ્ય તરીકે દશ્યમાન થતું જતું હતું. એવાં કેટલાંય ગીતો એ ખંડમાં ગાયેલાં છે, તે આ જીવનના પૂર્વજીવનમાં તેવી તેવી હકીકતો બની ગયેલી હતી. મોટાને તેની સ્પષ્ટ અનુભવ નીતરતી હકીકત તે ગીત સ્ફુરતી વખતે આબેહૂબ તાદશ્યમાન પ્રગટ્યા કરેલી હતી. શ્રીપ્રભુકૃપાથી કોઈ અગમ્ય એવા નિમિત્તસરને કારણે મોટાનું પૂર્વજીવન તેમની આગળ વ્યક્ત થયેલું છે ખરું. જુદાં જુદાં નિમિત્તના જુદા જુદા તબક્કામાં તે તે પૂર્વજીવન જુદા જુદા પ્રકારનું તે તે નિમિત્તના ગાળામાં મોટાને સ્પષ્ટપણે અનુભવમાં અવતર્યું હતું. તેવી જ રીતે

'જીવદશાના વમળમાં'ની ગઝલો માટે પણ તેવું છે, મોટાને આ અંગેની જે અનુભવ હકીકત મળેલી છે, તે તેમના પૂરતી તો તદ્દન સાચી છે.

પરંતુ આ હકીકત સામાન્ય વાચકને ગળે ઊતરે તેવી નથી. તે તે આ જીવ પણ કબૂલ કરે છે, પરંતુ મારા જીવનની ઉપરની હકીકત બીજી કોઈપણ રીતે પુરવાર કરી આપી શકું એમ નથી. તેમ છતાં આ જીવ જ્યારે જીવનના છેલ્લા આરે બેઠો છે ત્યારે કોઈ માને કે ન માને એ લક્ષમાં લીધા વિના મારે મન જે સોએ સો ટકા સત્ય છે તે હકીકત જગતનાં ચરણ આગળ મૂકવી તેને મારો ધર્મ સમજું છું.

જીવન એક સમગ્ર, સળંગ અને અખંડાકાર છે. અનેક જીવનોની એક અખંડ હારમાળા છે. એવા જીવનને એક અખંડ તાંતણામાં પરોવાયેલું અનુભવવું એ તો સામાન્ય જીવદશાવાળા જીવનું કામ નથી. આત્યંતિક અનુભવની કક્ષામાં અને શ્રીભગવાનની અખંડાકાર ભાવનામાં જે જીવતો શરીરધારી આત્મા છે તેવાને તેવાં તેવાં નિમિત્ત મળતાં તેના જીવનમાં તેનું પૂર્વજીવન નિમિત્તના સંબંધ પ્રમાણેનું તેની આગળ શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયા કરતું હોય છે. 'જીવદશાના વમળમાં' એ ખંડમાંનાં જે ગીતો મને સ્ફુરેલાં છે તેનો હું આ રીતે મેળ બેસાડું છું. બાકી, હાલના આ જીવનમાં તેવા તેવા પ્રકારની કોઈ હકીકતો બનેલી હોય તેવું તો મુદ્દલે નથી.

પ્રત્યેકનું હાલનું જે શરીર છે અને તેનું જે જીવન છે તે કંઈ ઓચિંતું એકદમ અધ્ધરથી ટપકી પડેલું હોતું નથી. તેની આગળની કોઈ પરિસ્થિતિ કે ભૂમિકા હોવી જ જોઈએ. જેમ કે વૃક્ષ જે છે તે મૂળે તો બીમાં જ હતું, તે પછી જ જમીનમાં વવાયું, અને તેમાંથી તે ઊગ્યું, નાનો છોડવો થયો, તેમ કરતાં તેનાં મૂળિયાં પરિપક્વ થઈ ક્યાંનાં ક્યાંય ફાલ્યાં. અને એ જ વૃક્ષ પાછું અનેક બીમાં પોતાના અસ્તિત્વને ગોપવે છે. અને હાલ જે વૃક્ષ છે તેનું અસ્તિત્વ કોઈ ને કોઈ રૂપે ભવિષ્યમાં પ્રગટતું જતું હોય છે, તે હકીકત તો સર્વ કોઈની બુદ્ધિમાં ઊતરે

તેવી છે. તેવી જ રીતે હાલમાં આપણું જે શરીર છે, અને તેનું જે જીવન છે તેનું પણ આવા વૃક્ષના જીવનના જેવું છે. હાલ જે વૃક્ષ છે તેની પહેલાં પણ તેનું કોઈ બીજા રૂપમાં અસ્તિત્વ હતું અને ભવિષ્યમાં જ્યારે તે વૃક્ષનું અસ્તિત્વ નહિ હોય ત્યારે પણ તે જ વૃક્ષનું અસ્તિત્વ કોઈ ને કોઈ જુદા સ્વરૂપમાં પ્રવર્તેલું રહ્યા કરેલું હશે જ. આમ જોતાં પ્રત્યેકની આવી-પોતપોતાની તે તે પ્રકારના જીવનની અનંત હારમાળાઓ છે.

જીવના અનેક પૂર્વજન્મોની, અને તેવા પૂર્વજન્મનાં શરીરોની, અને તેવાં શરીરના તે તે કાળે તેવાં તેવાં જીવનની હકીકતો, તે પણ એક જાતના સંશોધનનો વિષય છે ખરો, પરંતુ એ સંશોધનને માટે અને એ અનુભવવાને માટે 'પ્રજ્ઞા'ની આવશ્યકતા ખરી. જેની બુદ્ધિ સંપૂર્ણપણે પ્રજ્ઞા થયેલી છે, તેવી પ્રજ્ઞાને તેવા તેવા પ્રકારનું નિમિત્ત મળતાં, તે તે નિમિત્ત-પ્રકારનું જ્ઞાન કે હકીકત સહજમેળે હસ્તામલકવત્ હોય છે.

આ 'જીવદશાના વમળમાં' જે ગીતો લખાયાં છે, તેમાં જે કેટલીક હકીકત આવે છે તે આ જીવના હાલના જીવનની નથી. તેના હાલના જીવનના પૂર્વજન્મની હકીકતો પ્રગટેલી છે.

ઉપરાંત, આ પણ એક સાચી હકીકત છે. પ્રભુકૃપાથી આ જીવનમાં નિમિત્ત સંજોગે કરીને જે સ્વજનો મળેલાં છે, તે સ્વજનોને સૂક્ષ્મપણે આડકતરી રીતે, તેમને શરમમાં પણ ન મૂકી દેવાય તેવી રીતે તેમને તેમના જીવનની હકીકત તો, કેટલાંક ગીતોમાં, મેં મારા ઉપર લઈને તેવી તેવી રીતે તે હકીકતને મેં આલેખી છે. આ રીતનાં જે ગીતો લખાયાં છે, તે જુદી જુદી છએક વ્યક્તિઓને વંચાવેલાં પણ ખરાં. અને તે વાંચીને તેમણે મને કહેલું પણ ખરું કે 'મોટા, આ ગીતો તમે અમને અનુલક્ષીને લખ્યાં લાગે છે !'

આ એક તદ્દન નવી રીત છે ખરી. કેટલીક વાર આવી સૂક્ષ્મ રીતે દર્શાવેલી હકીકત કોઈ જીવને પ્રભુકૃપાથી જાગૃત કરી દે એવી હૃદયમાંની હૃદયથી ભાવભરી પ્રાર્થના તે ગીત ગાતી વખતે આ હૃદયમાં હૃદયથી પ્રગટ્યા કરેલી હતી, એ

મારા દિલની સાચી હકીકત છે. પછી પરિણામ તો જે આવવાનું હોય તે ભલે આવે, તેની સાથે પ્રભુકૃપાથી ઝાઝી સ્પૃહા નથી.

પ્રભુકૃપાથી મારા હૃદયમાં જે જે સ્વજનો નિમિત્ત-સંજોગે મળેલાં છે, તેમનાં હૃદયમાં શ્રીપ્રભુ પરત્વેની અભિમુખતા પ્રગટે તેવી મારી હરહંમેશની ભગવાનને પ્રાર્થના તો હોય જ છે, અને તે તે સમયે તેવાં તેવાં સ્વજનોનું નિમિત્ત મળતાં તે તે સ્વજનોનું સ્મરણ પ્રાર્થનાભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં પ્રેમપૂર્વક સમર્પણ કર્યા કરવાનો આ હૃદયનો જ્ઞાનભક્તિપૂર્વકનો હંમેશાં જીવતોજાગતો મહાવરો છે. તે કંઈ કશાને નકામું ગણતો નથી, અને નકામું જવા દેતો પણ નથી. મળેલાં સ્વજનો પરત્વેની ચેતનાત્મક સદ્‌ભાવનાને કારણે મારું દિલ શ્રીપ્રભુકૃપાથી તેમના પરત્વે ઢળતું રહ્યા કરે છે. અને મારા હૃદયના તેવા પ્રકારના અભિગમને કારણે તે તે મળેલાં સ્વજનો ભગવાન પરત્વેની અભિમુખતાની ગતિ-દિશામાં પ્રગટે તો મારા જીવનનો તે એક મોટામાં મોટો લહાવો, અને તેવા પ્રકારનાં કર્મને ઉત્તમમાં ઉત્તમ પ્રકારની સેવા હું ગણું છું. તેનું કારણ પણ એ છે કે ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે ત્યારે રાગદ્વેષ વગેરેની ભૂમિકા હોતી નથી. એવું હોય ત્યારે જ પરસ્પરમાં સુમેળ, સદ્‌ભાવ આપમેળે રહ્યા કરે. ઈર્ષ્યા, અદેખાઈ એ તો આપણા મનમાંની સમજણની મડાગાંઠોને આધારે આપણામાં તે તે બધું પ્રગટતું હોય છે. તેને જ આપણે સાચું માની બેઠાં હોઈએ છીએ. પ્રત્યેક ભૂમિકાની સમજણનું સત્ય પણ જુદું જુદું હોય છે. એટલે એ રીતે વિચારીએ તો જીવદશામાં જ્યાં સુધી છીએ ત્યાં સુધી તેવી દશામાંની સમજણનું સત્ય આખરી સત્ય હોઈ શકતું જ નથી. એવું સત્ય તો કદીક સાપેક્ષ સત્ય ગણી શકાય.

આટલા જ માટે મળેલાં સ્વજનોને મારી તો પ્રાર્થના અને વિનંતી છે કે, આપણે કોઈનો ન્યાય તોળવાનું સંપૂર્ણપણે મૂકી દેવું જોઈએ. અને સમજવું જ હોય તો પોતે પોતાને જ સમજવું જોઈએ. એ જ આપણે માટે હિતાવહ છે. જે કોઈને ભગવાન પરત્વે ગતિ કરવી છે, તેવા તેવા જીવે પોતાનાં મનાદિકરણો

ભગવાન પરત્વેની અભિમુખતામાં કેમ કરીને ગતિ કરતાં સભાનપણે ગળતાં રહ્યા કરે, એ પરત્વેનો તેમનો તેમનો જાગૃતિપૂર્વકનો જીવતોજાગતો પ્રયત્ન હોવો જ ઘટે. આપણે જે કરવું છે, અને તેની જો આપણને ખરેખરી ઝંખના છે, અને જો તે પ્રમાણેની ગતિ ના થતી હોય તો આપણી તે ખ્વાહેશ અને તે પ્રકારની ઝંખના મિથ્યા સમજવી, અથવા તો તદ્દન નીચલા થરની મંદગતિવાળી સમજવી. કોઈક સાંસારિક બાબતમાં આપણને ઈચ્છા થાય છે, તો તે ઈચ્છા ફળાવવાને આપણે ગતિ કરતાં હોઈએ છીએ તે દરેકના અનુભવની હકીકત છે. તો પછી આમાં જો આપણા હૃદયની ખરેખરી ઝંખના પ્રગટેલી હોય, તો તે પરત્વેની આપણી ગતિ પ્રગટેલી હોવી જ જોઈએ.

સ્પંદન
૧૧-૧૭

૩

(અનુષ્ટુપ)

*મરેલું હો પૂરેપૂરું માંહેથી તુંબડું યદિ,*
*પોતાને તારવા શક્તિ પામે છે તે હૃદે નકી.*
*પારો જ્યારે મરેલો હો, શક્તિ રોગ સુધારવા*
*-આપમેળે મળે એને, એવું આપણું જાણવું.*

*મહાત્મા ધન્ય કે જેણે મૃત્યુને ઘોળી પી લીધું,*
*એવી કૃપાની શી શક્તિ આજે તે જાણવા મળ્યું.*
*મૃત્યુને ભેટવામાંયે જેને પ્રેમ રહ્યા કરે,*
*મૃત્યુ ને જીવવું-બેથી એવો નિત્ય વસે પરે.*

ઉપરનું લખાણ એક કાગળિયામાં લખીને રાખી મૂક્યું હતું. હસમુખભાઈ એ વાંચવા જતા હતા ત્યારે મેં ખેંચી લીધું. મહાત્મા ગાંધીજી અંગે રેડિયોમાં બ્રૉડકાસ્ટ થઈ ગયા પછી તે કાગળિયું વાંચવા આપીશ એમ કહ્યું હતું. એકવાર તો જાણે જતું જતું ચેતન અમોને તક આપવાને એણે રહેવા દીધું. એ પ્રસંગના સ્મરણના અનુભવ ઉપર ઉપલું લખાણ લખ્યું હતું.

કવિવર ટાગોરના શરીરના મૃત્યુ વિશે પહેલેથી જાણવાનું બની શકેલું. હું અને હેમંતભાઈ ખારમાં બજારમાં ફરવા નીકળેલા તે વખતે કંઈ પણ છાપાંના સમાચાર જાણ્યા કર્યા વિના તેમને તે હકીકત કહેવાપણું બનેલું. આવા કેટલાય પ્રસંગો બનેલા છે. આ બધું લખવામાં આ જીવનું મહત્ત્વ બધાંમાં પ્રગટાવવાનો હેતુ નથી, પરંતુ સાધનામાર્ગમાં આગળ જતાં જતાં આવી શક્યતાઓ પણ છે, તે સમજાવવાને કારણે ઉપરની હકીકતો કહેવી પડેલી છે, તો તે અંગે મને માફ કરશોજી.

ગાંધીજીને પેશાબમાં ઝેરી જંતુઓ ઘણાં જણાતાં હતાં, તે અંગે ‘આજે હવે નહિ હોય’ તેનું તા. ૨૩-૩-૧૯૪૩ને રોજ તે અંગેનું બ્રૉડકાસ્ટમાં જાહેર થયું તે પહેલાં, પેશાબ લઈને વહેલી સવારમાં હસમુખભાઈને તાત્કાલિક તપાસ કરાવી લાવવાને સુધરાઈના દવાખાનામાં મોકલ્યા હતા. આ હકીકત તમને પ્રેમભાવે જણાવી છે. ગાંધીજી સાથેનો હૃદયની સરળતા-ભર્યો ભાવ, અત્યંત સ્નિગ્ધ માર્દવતાયુક્ત આદરભાવ, ઓગણીસ વર્ષ તે ક્ષેત્રમાં કામ કરેલું હોવાથી તેવો હૃદયનો પ્રેમભાવ રહેલો હોય, તે તે બધું એટલે કે તેવા તેવા ભાવ તેમની સાથે તટસ્થતાયુક્ત તાદાત્મ્ય પ્રગટતાં તેમનું આપણામાં તેવું તેવું પ્રગટાવે છે. જે સંસ્મરણની પાછળ રાગ-આસક્તિ રહેલાં હોય, તેવાં સંસ્મરણ ભૂલેચૂકે પણ જો ઊગે, તો તેમાં જરાકે રસ ન લેવાઈ જાય તે પરત્વે સંપૂર્ણ પૂરેપૂરી જાગૃતિ કરવી ઘટે છે. જે કંઈ કશામાં આપણાથી રાગ, આસક્તિ, મોહ, મમતા કે એવી દ્વંદ્વ વૃત્તિમાં પડાય તેવું કશું આપણાથી થવા દેવાય જ નહિ, તેવું થાય તે જીવનનું મરણ કહેવાય. સાધકે એવા એના જીવનના થતાં મૃત્યુમાંથી વારંવાર ઊગરી જવાની જ્ઞાનપૂર્વક આદત કેળવવી રહે છે. કર્મ સાથે સાથે જો જીવનવિકાસની ભાવનાના હેતુનું જ્ઞાન અને તેનું બળ જીવતુંજાગતું રાખી શકાય તો તેવું કર્મ જીવનમાં પ્રેરણાત્મક શક્તિ અર્પ્યા કરે છે.

મંથન
૩૨૧-૩૨૪

આ જીવને એકીસાથે કેટકેટલા રોગ પ્રવર્તતા હોય છે ! અને કેટકેટલું શરીરને થતું હોય છે ! તેમ છતાં તેનું શરીર તેના ખોડંગાતાપણામાં હોવા છતાં-પ્રસંગ પડ્યે હિમાલય પણ ચડી શકે છે. હિમાલય જવાનું હતું તે પહેલાં એના શરીરના ડાબા પગે વાગેલું. હાડકામાં પણ ખાડો પડેલો હતો. તે પગ ઘણો દુઃખતો હતો. તેનો કરાંચીમાં ઍક્સ-રે ફોટો લેવરાવેલ. હજી પણ ત્યાં આગળ માત્ર જરાક ગાંઠ બાઝી ગયા જેવું રહેલું છે. તેવા પગે તરત જ હિમાલય ચડવાનો હતો. વાગ્યું હતું સાબરમતીમાં અને કરાંચી તરત જવાનું થયેલું. વળી, તે વેળા સાથે સાથે આ જીવના શરીરને ઝાડાનો રોગ લાગુ પડેલો. સાથે ચાલનાર એક બહેનને તે વિશેની શંકા પણ ઉત્પન્ન થયેલી. તેથી, તેને તેવું તેવું બતાવવાની જરૂર પડેલી. તેમ છતાં એની કૃપાથી ત્યાં ચાલી શકાયેલું. મતલબ કે સામાન્ય સંજોગોમાં અને આ જીવના શરીરની જેવી સ્થિતિ હતી તેવી દશામાં, બીજા જીવનું શરીર તેમ ન કરી શકે.

તેવાના શરીરમાંથી કેટકેટલું પ્રગટીને સહજમેળે પસાર થઈ જતું હોય છે, એની તો કોને ગતાગમ હોય છે ?

'Vicarious Suffering'(પરાર્થે આત્મભોગ)ની હકીકત તો જાણીતી છે. એવી રીતે આત્મનિષ્ઠની ઉચ્ચતમ કક્ષા થતાં બીજા જીવોમાં થતાં રોગો કે બીજી કોઈ પ્રક્રિયાઓ પેલા આત્મનિષ્ઠમાં તાદાત્મ્યભાવને કારણે પ્રગટે છે. તેવું તેની સાથેના નિકટના પરિચયમાં આવેલા અને પેલા આત્મનિષ્ઠના આંતરજીવનના સાચેસાચા અભ્યાસી જો હોય તો પેલા આત્મનિષ્ઠમાં જે જે એવું પ્રગટતું હોય તો તેઓ પરખી શકે છે. બાકીનાંને તો એવા વિશેની કશી ગતાગમ પડતી હોતી નથી. તે પછીથી તેની દશા તેનાથી પણ ઉચ્ચતમ કક્ષાની બનતાં તેનામાં તેવું નથી પણ હોતું. કેટલીક વાર પ્રગટીને પસાર થઈ જાય અને કેટલીક વાર

બારોબાર અદૃશ્ય રીતે પસાર થઈ જતું હોય છે. તેની સામા જીવને તો કશી ગતાગમ પડી શકે જ નહિ.

શરીરની એનાથી પણ ઊંચી જુદા જુદા પ્રકારની દિવ્ય કક્ષાઓ છે. જેમ બુદ્ધિમાં યોગ પ્રગટે છે તેમ મનમાં, ચિત્તમાં, પ્રાણમાં અને અહમ્‌માં પણ બનતું હોય છે. જેમણે જેમણે શ્રીભગવાનનો અનુભવ કર્યો છે, તેવા તેવા બધા જ જીવાત્માનાં મન, પ્રાણ, બુદ્ધિ, અહમ્ આદિ સંપૂર્ણ દિવ્ય રૂપાંતર પામી જ ગયેલાં હોય છે, એવું કશું નથી. તેથી, તે પાછાં મારા તારા જેવા સામાન્ય જીવકક્ષાનાં માનવીના જેવાં તો તે કરણો તો હોતાં જ નથી, તે તો નક્કી પ્રમાણવું.

જે જીવને ચેતનનો અનુભવ થયો હોય, અને ગમે તે કરણ દ્વારા તેની સાધના થયેલી હોય, તોપણ જ્યારે તે સિદ્ધિના વિજયને પામે છે, ત્યારે તે કરણ એકલું જ તેનાથી રંગાયેલું રહે છે અને બીજાં કરણો સાવ કોરાં જ રહે છે, એવું માનવાની જરૂર નથી. જેમ ગીતાજીના બીજા અધ્યાયમાં લખ્યું છે કે ‘કામ થાય તો ક્રોધ થાય, ક્રોધ થાય તો સ્મૃતિભ્રંશ થાય, સ્મૃતિભ્રંશ થાય એનો બુદ્ધિનાશ થાય, અને બુદ્ધિનાશ થાય તેનો સમૂળગોયે નાશ થયો સમજવો.’ આ સમજણને જો વિચારવા બેસીએ, તો પ્રાણના ક્ષેત્રની અસર એટલે પ્રાણમાં જે થયું તેની અસર, જેમ જીવની પ્રકૃતિની દશામાં બુદ્ધિના ક્ષેત્રને પણ પહોંચે છે, તેમ ચેતનના અનુભવવાળી દશામાં શું એક કરણ દ્વારા જે અનુભવ સધાયો, તો તે સાધનાની ભાવના બીજાં કરણોમાં ઓછાવત્તા પ્રમાણમાં પ્રસરેલી શું નહિ હોય ? શું આપણી લાગણીઓ અને તેવાની લાગણીઓની કક્ષામાં ફરક નહિ હોય ?

જે જે આત્મનિષ્ઠ થયા છે, તેમના તેમનામાં કંઈક કંઈક અમુક પ્રકારની વિચિત્રતાઓ જોવામાં આવેલી છે, તો તેવી વિચિત્રતાઓ શેને કાજે એમ કોઈ પૂછે ખરું, તો એનો જવાબ એ હોય, ‘સામાન્ય માનવીમાં અને આત્મનિષ્ઠ બન્નેમાં વિચિત્રતાઓ હોઈ શકે, કિંતુ સામાન્ય માનવી પ્રકૃતિવશ હોઈ

વિચિત્રતાઓનો દાસ હોય છે, જ્યારે આત્મનિષ્ઠ તેનો સ્વામી હોય છે.' જો જોવા જઈએ તો દરેકનામાં કંઈક ને કંઈક વિચિત્ર-પણું પ્રવર્તેલું જણાયા વિના રહી શકતું નથી, પરંતુ પેલાની વિચિત્રતાઓની પાછળ હેતુ હોય છે, અમુક પ્રકારની સમજણ પડેલી હોય છે. એને કોણ સમજવા જાય ! દાખલા તરીકે આ જીવ તેવા મહાન આત્માઓનાં ચરણરજની કણનીયે કણ નથી, અને કંઈ જ કશી સરખામણીમાં તો હોઈ જ કેવી રીતે શકે ? કારણ કે કોઈ કોઈની સરખામણી જ થવી શક્ય ન હોય. આ જીવને માથામાં એક પ્રકારનો ભારે એવો તો રોગ થયેલો છે કે થોડોક પવન એને અડતાં જાણે ચપ્પુની ધાર વાગેલી હોય એમ થયા કરી, ભારે સણકા માર્યા કરે છે, તેથી માથે ટોપી, ફાળિયું કે એવું વીંટાળી જ રાખ્યા કરવું પડે છે. હવે દરેકને કંઈ એની સમજણ પાડવા થોડું જ જવાય છે ? દરેકને તે વિચિત્ર લાગે તે સ્વાભાવિક છે. જેમ આ વિચિત્રતા પાછળ કારણ છે, તેમ તેમને તેમને પણ હોવા સંભવ છે.

પોકાર
૩૫૫-૩૫૮

૫

અમારે એક જીવાત્મા (શ્રીમોટા) સાથે ઘણો જ નિકટનો પરિચય હતો અને છે. અમુક અમુક જીવના શરીરને જે કંઈક થતું તે, તે જીવાત્માના શરીરને થતું તે અમે જાતોજાત અનુભવ્યું છે. તે કંઈ એકબે વખત બન્યું નથી. નહિતર વળી 'કાગનું બેસવું અને ડાળનું પડવું' એની જેમ પણ લોક તો ગણી કાઢે, પણ આ તો તેવા પ્રસંગોની પરંપરા બનેલી કે બનતી અનુભવી છે. અમારાં મનનાં વળાંકો અને વલણોને તે પારખી જતા તે નક્કર હકીકત છે. તે અમને બધાંને સંસારવહેવારક્ષેત્રની બાબતમાં પણ ઊંચા પ્રકારની સમજણ પ્રેરવતા. શક્ય તેટલી ઊંચી ભાવનાથી જીવનમાં વર્તવાની સદ્‌ભાવપૂર્વકની પ્રેરણા તો આપ્યા જ કરતા, પણ અમે બધાં તેટલી હદ સુધી પહોંચી શકતાં ન હતાં એવા એમના કંઈક કંઈક અનુભવો છે.

હેમંતભાઈ જ્યારે તે જીવાત્માને માત્ર મિત્ર તરીકે ઓળખતા

હતા, તે વેળા જ્યારે તે શિરોહીમાં માંદા થઈને રહેલા, ત્યારે તેમને નવસારીથી મળવા જવાનું તે જીવે કરેલું. માત્ર તે ત્યાં ત્રણ દિવસ રહેલા. એ ત્રણ જ દિવસમાં એમના (હેમંતભાઈના) શરીરનું વજન દોઢ શેર વધેલું. (અને એમના જેવા માટે દોઢ શેર વધવું તે જેવું તેવું નથી) બીજા એક પ્રસંગે તેમનું શરીર માંદું હતું. તેઓ દવા લઈને તેમની સાથે આવેલા. પછીથી તો દવા લેવાનું જ ન કર્યું અને તેમની કને માત્ર રહેવાની જ દવાથી તેમના શરીરનું વજન દસ શેર વધ્યું હતું. તેમના શરીરની સ્થિતિ કેટલી બધી ખરાબ હતી, અને કેટકેટલી નબળાઈ રહ્યા કરતી, તે તો પોતે જાણે છે. આજે તેમનું શરીર પહેલાંના પ્રમાણમાં તો ઘણું સારું ગણાય. એ આજે પાંચછ માઈલ તો સહેજે ચાલી શકે છે. પહેલાં તો બે ફર્લાંગ ચાલવું શક્ય ન હતું. ૧૯૩૮ની સાલ કે તે પહેલાં તેમને આખે શરીરે ઘણી જ ખંજવાળ આવ્યા કરતી. જ્યારે જુઓ ત્યારે એમને ખંજવાળતા જ જોયા કરીએ. તેમના આ જીવનવિકાસના માર્ગ પરત્વેના વલણ પછી તેમના શરીરની તે ખંજવાળ ત્યારથી ગઈ છે તે ગઈ છે અને તેમના પેલા જીવાત્માના શરીરે તે ચડેલી છે, તે કેવો મોટો નક્કર અનુભવ છે ! એક વેળા તે પોતે બનારસમાં હતા અને હેમંતભાઈને ખરજવાની પીડા વિશેષ હતી, એટલે તેમણે પોતે હેમંતભાઈ માટે બે તાર કર્યા. એક ડૉક્ટરને અને બીજો બીજે. ડૉક્ટરે તેમની સેવા તો કરી પણ પૂજ્ય મોટીબાએ હેમંતભાઈની દવા કરી તેમને મટાડ્યું, પણ તે વેળા તે જીવાત્માના શરીરે તે પીડા ત્યાં ઉદ્‌ભવેલી, અને તેનું બાકી રહેલું ચિહ્‌ન આજે પણ તેમના ડાબા હાથની કોણી આગળ રહેલું છે. આવા બનાવોની હારમાળા છે. તેમણે પોતે પ્રભુકૃપાથી પોતાની જાતને જે પ્રમાણે વર્તવાપણું હતું તે પ્રેમભાવથી વર્તી જ બતાવ્યું છે. બીજા જીવોના સંબંધમાં પણ તેવા તેવા અનુભવો છે જ.

એકવાર તેઓ ત્રિચિ નજીક કેરાપટ્ટીમાં હતા. તેમના પેટમાં ઘણો દુખાવો શરૂ થયો અને તે ત્રણ દિવસ રહેલો. તે વેળા

અમારા મિત્ર...નાં પત્ની અ.સૌ...બહેનને પ્રસવની પીડા પ્રગટેલી, અને તે ત્રણ દિવસ પછી ઠીક ઠીક બનેલું. તારીખો પણ મળતી જ આવેલી.

જે જે જીવો એમના નજીકના સંબંધમાં આવ્યા છે, અને જેમની સાથેનો કંઈક હૃદયના સ્વજનના જેવો સંબંધ થયો છે, તે તે દરેક જીવનાં તેમનાં તેમનાં શરીરની માંદગી અને રોગ તે જીવાત્માના શરીરે પ્રેમભાવે ભોગવ્યાં કરેલાં છે. તેવા ખરા અને સાચેસાચા અનુભવ તેમનાં ઘણાં સ્વજનોને થયેલા છે. કોઈ તેની ના પાડી શકે એવું નથી. દરેકની સાથે હૃદયની સહાનુભૂતિપૂર્વકની તાદાત્મ્ય-એકતાનો ભાવ સહજપણે પ્રગટતાં તેમનામાં તેમ બની જતું હોય છે. એના શરીરમાં તો એવું કેટલુંય બન્યા કરતું હોય છે ! કેટલીક વાર તો આવીને પસાર થઈ જતું હોય છે, કોઈક વાર શરીરના આધારમાં થોડોક સમય તે ટકે પણ ખરું.

એકવાર...બાને ત્યાં તે રહેતા હતા. પેઢીએ પૂજ્ય મામા અને મોટા ભાઈ વગેરે રહેતા હતા. ઘરમાં એક નાની દીકરી, તે વેળા તો નાની, પણ રસોઈ વગેરેનું કામ શિખવાડવું જોઈએ તેટલી ઉંમરની તો ખરી. તેથી, તેને રોજ વહેલી તે ઉઠાડે. ચૂલોબૂલો કેમ સળગાવવો તે બતાવે. રસોઈ તેની કને જ કરાવવાનું બનતું. સવારમાં તે તો વહેલી રસોઈ કરીને થોડુંક ખાઈ કરી મિશનની કૉન્વેન્ટની શાળામાં જતી રહેતી. એટલે ખાવાનું તો લગભગ ૮-૩૦ વાગ્યા સોરું વહેલુ થઈ જતું અને ૮-૪૫ પછીથી તો તે બસની રાહ જોતી, ઓટલા પાસે ઊભી ઊભી કે બેઠી બેઠી વાંચે. તે છોકરીના પિતા રોજ બપોરે ૧-૧૫ વાગ્યે પેઢીએથી ઘેર આવે. તે દીકરીનાં બા હાજર હોય તો તેના પિતાને રોજ ઊનું જ જમાડેને ? અને ૮-૩૦ વાગ્યામાં ખાવાનું થયેલું હોય તે કંઈ ૧-૧૫ કે ૧-૩૦ સુધી ઊનું થોડું જ રહી શકે ? એટલે બપોરના પોણાએક વાગતાં ચૂલામાં કોલસાબોલસા નાખી તે સળગાવીને બધી રસોઈ ગરમ કરી લે કે જેથી તેમને જમવાનું ગરમાગરમ મળી શકે. તેઓ તો પેલા

જીવાત્માને એમ જ કહે છે કે '...! એવી તકલીફ તમે લો છો, તે તો મુદ્દલે ગમતું નથી. મારે તો જે તે બધું જ જરૂર ચાલશે.' પરંતુ પેલા જીવાત્માને તો કામ કરવાનું હતું, ભાવનાની ખાતર, એથી કરીને જે તે જીવને ઊગવાપણું હોય તો ઊગે કે તેમના હૃદયનો પ્રેમભાવ બધાં પર કેવો છે ! બધાંને માટે તેઓ તો મથતા જ હોય છે. બીજાં વહાલાં અને અમુક અળખામણાં એવું તેમનામાં તો કશું જ નથી. તેથી, તેમને એ કહેતા, 'ભાઈ, ક્યાં કોઈની ખાતર કરવાનું બને છે ? જે તે બધું ભાવના ખાતર જ હોય છે. હૃદયની ભાવના જો સાચી હોય તો બધુંએ એની મેળે બન્યા કરે.'

હવે, એક દિવસ એવું બન્યું કે પૂજ્ય મામા અને મોટા ભાઈ ૧૧-૩૦ વાગ્યાના સુમારે...બાને ત્યાં ઘેર આવ્યા અને વાતોમાં ને વાતોમાં ૧-૦૦ થવા આવ્યો અને ૧-૧૫ વાગ્યે તો પેલા ભાઈ પેઢીએથી ઘેર આવી ચડ્યા અને અમે જમવા બેઠાં. પણ કોઈ માનશે ? રસોઈ તો એવી ને એવી જ ઊની હતી. દાળ વગેરે પણ ઊનાં ને ઊનાં જ હતાં, અને તે પણ ઘણી સારી પેઠે ઊનાં જ હતાં. રસોઈ થઈ ગયેલી તો ૮-૩૦ વાગ્યા સોરી. જમવા બેઠાં તો લગભગ દોઢેક વાગ્યે. ચૂલાબૂલા તો ટાઢાટપ-તદ્દન સપૂચા ટાઢાટપ કરીને પેલી નિશાળમાં જતી છોકરી જતી રહેતી. એટલા બધા કલાક રસોઈ એમની એમ વગર ગરમીએ રહેવા છતાં ઘણી સારી પેઠે ઊની રહેલી, તે અમારા બન્નેની પ્રત્યક્ષ અનુભવની હકીકત છે.

માટે, ભાવનાનું બળ પ્રચંડ હોય છે. તેથી, દરેક સમયે તેવું જ બની શકે, તેવો કંઈ તેનો કાયદો હોતો નથી. આ તો કંઈ કંઈ, કેવી કેવી શક્યતાઓ આવા આધ્યાત્મિક જીવનમાં પડેલી છે, તે સમજવા પૂરતું જણાવેલું છે. આવી હકીકત માત્ર કલ્પના હોતી નથી એટલું તો નક્કી. ભાવનાના ઉત્કટપણાને લીધે આવી હકીકત સંપૂર્ણ વાસ્તવિકપણે એની નક્કરતામાં ખરેખરી બનતી હોય છે.

એક ઠેકાણે કોઈ એક જીવનું મૌનએકાંત ચાલતું હતું, એક દિવસે સાંજના ટાણા પછી ભાઈ કુમારને ત્યાં મૌનના ઓરડા આગળ, તેમણે જપ કરવાનું સૂચવ્યું. તે પછી તે ભાઈનું, તે ઓરડા આગળ, દસેક મિનિટ જપ બોલવાનું બન્યું. તે પછી તો એમને એવો ભાવ જાગેલો કે રસ્તામાં ઘેર જતાં જતાં જપ બોલતાં બોલતાં તેઓ ગયા. ઘેર ગયા પછી પણ અડધા પોણા કલાક સુધી એકતાનતાની મંત્રમુગ્ધ દશામાં તે રહ્યા કરેલા હતા. આ જીવ પણ તેમની પાછળ પાછળ તેમને ઘેર જઈને તેમની સ્થિતિ જોઈ આવેલો, પણ તેમને તે હકીકતની ખબર ન હતી.

એકવાર એક પૂજ્ય વડીલને એક એવા પ્રકારની દશા પ્રગટેલી રહ્યા કરેલી કે એક વિચાર સરખો પણ મનમાં ફરકી ન શકે.

આમ, જે જે જીવો તેમના સંબંધમાં આવેલા છે, તેમને તેમને કોઈક રીતે એવા અનુભવો થયેલા છે, કે જેથી તેમને પોતાની જીવદશાથી કોઈ ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકાઓ છે જ, એવું નક્કી ખાતરીથી તેમના દિલમાં દૃઢપણે વસી જાય. જો એવા જીવો પ્રેમભક્તિજ્ઞાનયુક્ત ભાવથી જીવનવિકાસની ભાવનાના સાધનમાં જાગ્રતપણે તેમના રોજિંદા વહેવારવર્તનમાં જીવતા રહી શક્યા હોત તો તેમને આ માર્ગની કંઈ વધારે ગતાગમ પડતી બની ગઈ હોત.

પોકાર
૨૪૪-૨૪૯

૬

અમે બધાં હિમાલયની યાત્રાએ જતાં હતાં.... બહેન હંમેશાં મારી સાથે વહેલી સવારથી પગપાળા મુસાફરીમાં નીકળી પડતી. ભાઈ બધો સામાન ઠીકઠાક કરી પછીથી મોડા નીકળતા. અમે બન્ને તો વહેલાં વહેલાં નીકળી જતાં. રસ્તામાં સાથે એક મહાત્મા (શ્રીમોટા) હતા. કેટકેટલી વાર માથે વરસાદ પડતો હોય અને તે મહાત્મા, મોટેથી આપણાથી સાંભળી શકાય એવી રીતે અને એવા સાદે, અમે સ્થળે પહોંચીએ ત્યાં સુધી

વરસાદ અટકી જવાની પ્રાર્થના કરતા હતા. કાનોકાન પ્રત્યક્ષ સાંભળેલી આ હકીકત છે. આવું કંઈ એકબે વાર થયું નથી. એકબે વાર થાય તો તો આપણા લોક એને 'કાગનું બેસવું અને ડાળનું પડવું' એવો પ્રસંગ પણ ગણી કાઢે. આ તો કેટકેટલી વાર તે બનેલું હતું. આશરે છસાત વાર તો ખરું. તેમની તેવી પ્રાર્થનાથી વરસાદ પડતો અટકી જતો અમે જાતે અનુભવ્યો છે. આ હકીકત...બહેન કનેથી પૂછીને ખાતરી કરી શકાય એમ છે.

એ જ મહાત્મા (શ્રીમોટા) અમારી સાથે હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં ....બહેનને શરીરમાં ચૂંક આવતી હશે અને ચૂંક તે કેવી ! તે તો જરા પાછળ હતી અને આ જીવ આગળ ચાલતો હતો. મોઢેથી તેણે તે હકીકત જણાવેલી નહિ. એને શેકની ઘણી જરૂર હતી. અમારી સાથે રસોઈયો હતો. તેણે અને આ જીવે થઈને સળગી શકે એવાં લાકડાં એકઠાં કર્યાં. તેની કને દીવાસળી હતી, તે બધી તેણે પેટાવી જોઈ, પરંતુ કર્મસંજોગે બધી જ ખલાસ થઈ ગઈ. દેવતા ન સળગ્યો તે ન જ સળગ્યો. હવે, દીવાસળી તો રહી જ નહિ, દેવતા સળગાવવાની તો ઘણી ઘણી જરૂર હતી. ત્યાં ઘાસ અને એવું એવું જે બધું એકઠું કરેલું હતું અને તેના પર નાનાં નાનાં ઝટ સળગી શકે એવાં સળેકડાં ગોઠવીને મૂક્યાં હતાં, ત્યાં આગળ તે મહાત્મા(શ્રીમોટા) મોંથી ધમણની પેઠે મંડ્યા ફૂંકવા. ઘણી વાર સુધી એમ તેમણે ફૂંક્યા જ કર્યું, અને પ્રભુકૃપાથી દેવતા સળગ્યો. આને ચમત્કાર કહેવો કે શું કહેવું તે તો જાણતો નથી, પણ તે અમારી સગી આંખે જોયેલી હકીકત છે. આમાં મીનમેખ ફરક નથી... બહેનને પૂછી પૂછીને ગમે તે કોઈ એની તપાસ ઊલટપાલટ ફેરવી ફેરવીને તે અંગે જુબાની લઈ ખાતરી કરી શકે છે. આવી બાબતના કંઈ એક બે બનાવ નથી. એવા બનાવની હારમાળા પણ છે. એમ હોવા છતાં તેનાથી ચેતવાપણું કોણ કરી શકે છે ? એવી તો જીવની પારાવાર જડતા હોય છે ! અને પછી આપણે એને આપણને સાથ ન

આપવા કાજે ખાલી ખાલી બૂમો પાડ્યા કરવી છે, તે ક્યાંની વાત ભલા ! કૃપા કરીને પહેલાં તો તે આપણને જગાડે છે. એમ જગાડ્યા કેડે આપણે જો જાગતાં રહેતાં નથી અને ઊંઘવાનું જ કર્યા કરીએ છીએ, તો પછી પેલો બિચારો શું કરે ! આપણે જાગતાં રહ્યા કરીએ તો જ તે પોતાનું કામ આપણામાં કરી શકતો હોય છે, તે નક્કી જાણજે.

અરે, તને શી વાત લખું ! વળી, તે જ સાધુપુરુષ (શ્રીમોટા) અમારી સાથે હિમાલયમાં હતા. જે સ્થળે અમારે પહોંચવાનું હતું તે સ્થળ હજી અઢી માઈલ દૂર હશે. થોડો થોડો વરસાદ પડ્યા જ કરતો હતો. આપણા અહીંના વરસાદમાં અને ત્યાંના હિમાલયમાં પડતા વરસાદના પ્રકારમાં ફરક હોય છે. પડતા વરસાદમાં અમે એટલું ચાલ્યા કર્યું. માથે પડતો વરસાદ અનુભવી રહેલા છીએ, અને ચાલતાં ચાલતાં સ્થળે પહોંચ્યા ત્યાં સુધી માથે તેવો વરસાદ પડ્યા કરતો હતો તેમ છતાં તે સ્થળે અમે પહોંચ્યા ત્યારે અમારાં કપડાં કોરાં હતાં ! પડતા વરસાદમાં એટલું બધું ચાલવાનું થતાં પણ કપડાં પાણીથી તરબોળ ન થઈ ગયાં, એ ભારે નવાઈ નહિ તો બીજું શું ? અમે કંઈ માથે છત્રી જેવું ઓઢ્યું કર્યું ન હતું, તે નક્કી વાત છે. આ હકીકતમાં પણ મીનમેખ ફરક નથી અને ....બહેન અને આ જીવ બન્ને તે હકીકતના જીવતાં સાક્ષીઓ છીએ. આ હકીકત હવે જ્યારે આ કાગળો છપાવવાનું બનશે, ત્યારે છપાવા દેવાનો છું. એટલે બીજા જીવોને પણ સમજણ પડે કે હજી ચમત્કારનો જમાનો ચાલી ગયેલો નથી. જેને જેને ખાતરી કરી લેવી હોય તે તેમને મળીને તેમ કરી લઈ શકે છે, પણ એની એક શરત રાખવાનો છું. નકામા નકામા કોઈ આવીને પૂછ્યા ન કરે તે કાજે એવી શરત આ હકીકત મેળવવાને કાજે છે કે જે કોઈ આપણાં પ્રગટ કરેલાં પુસ્તકોના બે સેટ વેચાતા લે, તેને જ તે હકીકતની માહિતી મળી શકે.

હજી અમારી સાથે તે સાધુપુરુષ (શ્રીમોટા) હિમાલયમાં હતા. એકવાર પૂજ્ય મોટીબાની પાલખી ગબડેલી. તે પોતે

પણ (જોકે તે તો પાલખીના સ્થળેથી ઘણે દૂર દૂર આગળ હતા) ગબડ્યા અને બોલ્યા કે ‘આજે તો બાની પાલખી પડી, અને બા અને બધાં બચી ગયાં.’ તે મહાત્મા(શ્રીમોટા)એ પોતાના પર તેવું લઈ ન લીધું હોત તો કદાચ વધારે મોટો અકસ્માત થયો હોત. આ પ્રસંગના પણ અમે સાક્ષીઓ છીએ.

એકવાર હિમાલયમાં રસ્તે ચડતાં ચડતાં.... બહેનને ભારે થાક લાગ્યો. એવી તો ભારે તરસ લાગી ! અને તે તરસ તે કેવી ! કંઠમાં જાણે કાંટા ભોંકાતા હોય તેવું લાગ્યા કરે. હવે તો એક ડગલું પણ આગળ ચાલી શકાય એવી સ્થિતિ ન રહી. તરસ તો કહે મારું કામ ! એક ઠેકાણે ભેખડની છેક નીચે ઊંડે પાણીનો મોટો વેકળો વહેતો હતો. ઊતરવું ઘણું ઘણું કઠણ અને જોખમકારક હતું ખરું, પણ હવે કરવું શું ? તરસ છીપ્યા વિના તેનાથી તો ચલાય એવું હતું જ નહિ. તે સાધુપુરુષે (શ્રીમોટાએ) તો શ્રીભગવાનની તે વેળા અંતઃકરણથી પ્રાર્થના કરી. અંતે પોતે પાણી લેવા કાજે નીચે ઊતરવાની તૈયારી કરી. જેવા પોતે ડગલાં ભરવા માંડતા હતા, ત્યાં અચાનક એક છોકરો એકદમ બહુ જ પાસે પાણી લઈને ઊભેલો દેખાયો અને.... બહેનને આપ્યું. તે બહેને પેટ ભરીને પાણી પીધું, પોતે તૃષાથી તૃપ્ત થઈને પાછું વળીને જુએ છે તો તે છોકરો દેખાયો જ નહિ ! રસ્તો સીધો હતો. દૂર સુધી જતાં પણ દેખી શકાય એવો રસ્તો હતો. નીચે ખીણમાં ઊતરે કરે તો તે પણ જોઈ શકાય તેવું હતું. ગમે તેમ થયું, પણ પાણી પ્રભુકૃપાથી મળ્યું તે હકીકત કંઈ જેવી તેવી હકીકત નથી. છોકરો કદાચ ઝપાટાભેર ક્યાંક જતો રહ્યો હોય અને દેખ્યામાં ન આવ્યો હોય એમ પણ બને. આ બધું ગમે તેમ હોય, પણ એ સાધુ-પુરુષે (શ્રીમોટાએ) પોતે અંતઃકરણથી પ્રાર્થના કરી અને પોતે પાણી લેવા ઘણી જોખમકારક જગામાં નીચે ઊંડી ખીણમાં-પાણી લેવાને કાજે ઊતરવા તૈયાર થયેલા તે તો હકીકત છે. એના પરિણામે તે બહેનને પ્રત્યક્ષ કોઈએ આવીને પાણી આપ્યું, તે પણ હકીકત છે.

'....બહેન જો આટલા બાકીના માઈલ રુદ્રપ્રયાગ સુધી ચાલીને બીજે દિવસે વહેલી સવારમાં ત્યાં પહોંચી જાય તો તો તે ઘણો મોટો ચમત્કાર થયો ગણાય.'

અમારા છેલ્લા ઉતારાની રાત રહેવાની જગા ઘણી જ રળિયામણી હતી અને ત્યાં મોટી વેલ વગેરે ચડેલી હતી. તેથી, તે યાદ રહી જાય તેવી હતી. રાત્રે સામાન વગેરે પૅક કરીને દસેક વાગ્યે પરવાર્યા હોઈશું અને મધરાતે બે અઢી વાગ્યે તો ત્યાંથી નીકળ્યાં હોઈશું અને રુદ્રપ્રયાગ આઠેક વાગ્યે પહોંચી ગયેલાં, કે કદાચ તે પહેલાં પહોંચ્યા હોઈએ. અમને શરીરે કોઈને થાક કશો જ લાગેલો નહિ અને બહેનને તો રસોઈ વગેરે કરવાનું પણ ત્યાં કામ હતું. ઘી વગેરે ન હતું, એટલે તે બહેનને ભિક્ષા માગી લાવીને લઈ આવવાનું સૂચવેલું. આટલા બધા માઈલ એકધારું ચાલવું અને તે પણ રાતે માત્ર થોડાક કલાક સૂવાનું મળ્યું હોય તેવી સ્થિતિમાં ચાલવાનું બનવું. અને તે પાછો શરીરે થાક ન લાગવો અને તેટલું ચાલીને આવીને પાછું કામે વળગી જવાનું બનવું-અને તે વળી જેને જીવનમાં ચાલવાનો જરા પણ મહાવરો ન હોય તેવા માટે-આ બધી ઘટના મારા તારા જેવા સામાન્ય માનવીથી બની શકે તેવી નથી. સામાન્ય સ્થિતિમાં માનવી જરૂર આટલું ચાલી ન શકે, ખાસ કરીને જે કોઈ જીવને ચાલવાની મુદ્દલે ટેવ નથી અને આજે પણ તે જીવ બે માઈલ તો ભાગ્યે જ ચાલી શકે-મતલબ કે ચાલી જ ન શકે, તેવો જીવ આટલા બધા માઈલ ચાલે અને શરીરે અવક્રિયાનાં કોઈપણ લક્ષણ વિના તેવું પણ બની શકે એ ઘણી અજાયબ ઘટના છે. ૨૮ કલાકમાં અમે લગભગ ૩૨ માઈલ ચાલ્યા હોઈશું. ત્રણ કટકે તેટલો પંથ કપાયો હતો. ૧૩ કલાક ચાલવામાં ગયેલા. ભાઈ તેમની હિમાલયની નોંધમાં લખે છે કે '૨૮ કલાકમાં (જેમાં ચાલવાના કલાક તો ૧૩ હતા) અમે સૌ ૩૨ માઈલ ચાલ્યા. આ એક હેરત પમાડે એવી ઘટના મને લાગી. અને જ્યારે ચમોલીમાં તો શરીર-દુઃખથી થાકીને હારી ગયેલો જ્ઞાનસિંગ પણ (જે

માંદો હતો અને જેને ચમોલીથી છૂટો જ કરી દેવાનો હતો અને કરી પણ દીધો હતો, તેને બદલે બીજો માણસ પણ રાખી લીધેલો અને તેને પાલખી ઊંચકનારા માણસ સાથે રાતે સુવાડેલો, પણ વહેલી સવારે પેલો નક્કી કરેલો માણસ ક્યાંય ભાગી ગયો હતો. જ્ઞાનસિંગે ચાલતી તો પકડેલી, પણ તેને બીજો માણસ દોડતો જઈને આઘેથી પાછો બોલાવી લાવ્યો ત્યારે માંદગીને કારણે અને તે હવે પાલખી નહિ ઊંચકી શકે તેવું ખાસ લાગવાથી તેને ન છૂટકે છૂટો કરવો પડેલો, એવો જ્ઞાનસિંગ પણ) ૨૮ કલાકમાં ૩૨ માઈલ પાલખી સાથે ચાલ્યો. આ જ્ઞાનસિંગની ચાલવાની ઘટના, અમારાં બધાંની ચાલવાની ઘટના, સિદ્ધુભૈયાની અને....બહેનની ચાલવાની ઘટના-એ બધું આશ્ચર્યકારક ગણાય.'

હિમાલયની યાત્રાએ નીકળ્યા ત્યારે અમે હૃષીકેશ સીધા જઈને શ્રીકાળીકમળીવાળા બાવાની ધર્મશાળામાં ઉતારો કરેલો. ત્યાંથી અમે હરદ્વાર આવેલા. હરદ્વારમાં ભાઈ સિદ્ધાર્થનું શરીર સારું ન હોવાથી ત્યાં ડૉક્ટરને પણ બતાવેલું અને દવા લીધેલી. તેના શરીરને ઘણા ઝાડા થયા કરતા. અમદાવાદ હતો ત્યારથી દવા તો શરૂ કરેલી અને નીકળતી વખતે પણ ઝાડા હતા. હરદ્વારમાં હૃષીકેશથી આવીને પણ દવા તો શરૂ કરેલી, પણ કંઈ મટતા ન હતા. અમે તેની દવા લઈને સાંજે પાછા હૃષીકેશ જતાં હતાં, ત્યારે આપોઆપ એમ ઉચ્ચારાયું કે 'આવતી કાલે તો આપણી હિમાલયની પગપાળા યાત્રા શરૂ થવાની અને સિદ્ધાર્થને હજી ઝાડા બંધ થયા નહિ ! તેનું શરીર સાજું હોત તો ઘણો આનંદ પડત.' ત્યારે ભાઈએ કહ્યું કે 'ત્યારે એને સાજો કરી દોને ?' કોણ જાણે શી ઘટના બની તે તો એકલો શ્રીપ્રભુ જાણે. તે જ વખતથી તેના શરીરને સારું થયું, પરંતુ તેને જે પીડા હતી અને રોગ હતો તે તો કોઈક ભોગવતું હતું. ઉપર જણાવેલા સાધુપુરુષ(શ્રીમોટા) અમારી સાથે હતા. રસ્તામાં તેમને ઘણી વાર ઝાડા થાય. વારે ઘડીએ લેંઘો છોડવો ન પડે એટલા માટે તે લેંઘાની સિલાઈ એવી રીતે કરાવેલી કે પાછળથી

બટન છોડી દે એટલે તે ભાગ ખુલ્લો થઈ જાય. એમ કેટલીયે વાર તેમનું દિશાએ જવાનું થતું અને તેઓને તે કામથી પરવારતાં બિલકુલ વાર લાગતી નહિ. તેથી...બહેનને વહેમ ગયો કે કદાચ આ ખાલી ખાલી તો ન હોય ! પણ તે બોલેલાં નહિ, મનમાં ને મનમાં એવી વૃત્તિ તેમને થયેલી. તેથી તેમણે બહેનને બોલાવીને તેમનો મળ બતાવ્યો. આટલું શરીરે ભોગવતા હોવા છતાં તેની અશક્તિ શરીરને ન હતી અને હિમાલયમાં તેમનાથી ચડવાનું નિરાંતે બની શકતું.

આવું બધું લખવાની પાછળ બીજો એક એવો પણ હેતુ છે કે જેથી સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રગટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે, તે પોતે સમજે અને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે. પ્રાર્થના જેવું ચેતનવંતું અને બળવાળું બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી, આર્તનાદ અને આર્દ્રભાવે, જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કિંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી ! કોઈક જીવ કરે છે, તો તે પણ કેવી લૂલી લૂલી ! કંઈ પણ કશા પ્રાણ વિનાની. જ્યારે કંઈક સાચી પૂરી ગરજ જાગે, કંઈક ઊંડું ઊંડું દર્દ થાય અને ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે, તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે, એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે, તેવી પ્રાર્થનાનો ભાવ કંઈ ઑર હોય છે. માટે, આપણે તો જેમાં ને તેમાં એ વહાલાને હૃદયમાં પ્રાર્થનાથી પોકાર્યા જ કરવાનો છે. પ્રાર્થનાથી જેને જે બળ પ્રગટે છે, જે આત્મ-વિશ્વાસ પ્રગટે છે અને જીવનના સાચા આધારની જે ખબર પડે છે, તે પ્રાર્થનાનું સાચું શરણું સાચી રીતે સમજી શકે છે. આ જીવે તો પ્રાર્થના કરી કરી જીવનમાં રચનાત્મકપણું એની

કૃપાથી પ્રગટાવવાનું કરેલું છે. માટે, કદી પણ લાચાર બનવું નહિ. સંસારી જીવ આગળ કદી પણ લાચારી દર્શાવવી નહિ. લાચારી દર્શાવવાની હોય તો તે એકલા આપણા વહાલા પ્રભુ પાસે જ હોય. કંઈક કશું થતાં પ્રાર્થના કરવી. પ્રાર્થના તો કામ કરતાં કરતાં પણ થઈ શકે છે. મનને કદી પણ ગ્લાનિમાં ગરકાવ થઈ જવા ન દેવું. મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ વગેરે તો જેમાં અખંડ જીવતી રહે તેમ પ્રભુકૃપાથી મથવાનું છે. પોકાર ૬૫-૭૩

૭

એક સાધુપુરુષ (શ્રીમોટા) હતા. એક આશ્રમમાં રહેતા. મહેમાન આવવાના હોવાથી એક બહેનને રસોઈ કરવાને તેમણે કહ્યું. તેની શરીરની સ્થિતિ તે કર્મ કરવાને ત્યારે યોગ્ય ન હતી. વૈષ્ણવ આચારવિચારને કારણે તેને તે દશામાં રસોઈ વગેરે કરવાનું ન ગોઠે તે સૌ કોઈ સમજી શકે એમ છે, પરંતુ પ્રભુકૃપાથી તરત તેની શરીરની સ્થિતિ પહેલાંના જેવી યથાવત્ સંપૂર્ણ શુદ્ધ બની ગઈ. તે હકીકત બનતાં તેને આશ્ચર્ય થાય તે પણ સ્વાભાવિક છે. કેટલીક વેળા ભાવનાની ઉત્કટતાને અંગે એવું બની પણ જાય. જો હૃદયમાં પ્રેમભક્તિ પ્રગટી હોય છે, તો અદ્‌ભુત, આશ્ચર્ય પમાડે એવા પ્રસંગમાં શ્રીભગવાનનો સૂક્ષ્મ કૃપાહાથ પ્રત્યક્ષ તે જોઈ શકે છે.

આવા કંઈ એકલદોકલ પ્રસંગ નથી. હિમાલયની યાત્રામાં શ્રીબદરીનાથનાં દર્શને જવાનું હતું અને...બહેન તો માસિકમાં હતાં. હવે દર્શને કેમ કરી જવાય ? વૈષ્ણવ આચારવિચારવાળાં મોટીબા સાથે હતાં અને આટલે સુધી આવ્યાં અને દર્શન ન કરી શકાય તે પણ ઠીક લાગતું ન હતું. શ્રીભગવાને કૃપા કરીને બહેનની એવી દશા ટાળી દીધેલી, તે સાવ સ્વચ્છ તથા શુદ્ધ બનેલી અને દર્શન કરી શકેલી, તેવા જ બીજા બે પ્રસંગ તે હિમાલયની યાત્રામાં બનેલા. આવી હકીકત તે માત્ર કંઈ કલ્પના છે એમ તો કંઈ થોડું જ કહી શકાય એમ છે ? પોકાર ૧-૨

ગઈ કાલે તા. ૩-૪-૧૯૫૧ના રોજ એક બનેલો પ્રસંગ લખું. અમસ્તો જાગતો પડેલો ત્યાં શરીરે ઓચિંતો ધક્કો લાગ્યો. સૂવાની જગાથી ચારસો ફૂટ દૂર અહીં આશ્રમનો દરવાજો ચણાતો હતો. ત્યાં એક કડિયો કામ કરતો હતો. એક નાનકડી બેંચ, તેના ઉપર દેવદારનું ખોખું અને તે ખોખા ઉપર તે ઊભો ઊભો સિમેન્ટનું પ્લાસ્ટરિંગ કરતો હતો. તેના શરીરના વજનથી દેવદારનું ખોખું નમ્યું અને શરીર ધડાક દેતાંને નીચે પડ્યું. તે પછી હું ઊઠીને ત્યાં ગયો અને...ભાઈને બૂમ મારી... ભાઈ, કડિયા કામ કરતા હતા ત્યાં જ બેઠા હતા. ...ભાઈને પૂછ્યું, 'એને બહુ તો વાગ્યું નથીને ?' પ્રભુકૃપાથી તેને કશી ઊની આંચ આવી નહિ અને કામ પણ કરી શકતો હતો. થોડા દિવસ ઉપર એક ઝાડનું મોટું થડ ચાર મજૂરો આશ્રમમાં ઊંચકતા હતા. તેમાંથી થડ લથડ્યું. તે એક જણના ખભા ઉપર પડ્યું. ખભાથી સાથળ ઉપર, સાથળથી ઢીંચણ ઉપર, ઢીંચણથી નળા ઉપર, અને નળા ઉપરથી પગની પાનીના ઉપલા ભાગ ઉપર પડ્યું. દોઢેક કલાક એને શેક વગેરે કરવો પડ્યો, પણ પ્રભુકૃપાથી વીસ મણ ઉપરાંતનો બોજો પડવા છતાં તેને કશી ઈજા થઈ નહિ. અહીં આશ્રમમાં કામ ચાલતું હતું તે વેળાએ કેટલાક બનાવો બનેલા, જેમાં જાતે સહન કરીને પણ બીજા જીવોને આ કામ નિમિત્તે ઊની આંચ ના આવે તેમ પ્રભુકૃપાએ થયેલું. એવા તો કેટલાયે બનાવો હશે અને છે કે જે બનતા હોય અથવા બનવાના હોય તેની ખબર પડ્યા કરે, પરંતુ એમાં ખૂબી કશી અમારી નથી. એ બધી કરામત જો હોય તો તે શ્રીભગવાનની કૃપાની છે.

મંડાણ
૧૪૬-૧૪૭

❑

■

(ગઝલ)

સ્વજનના દુઃખમાં દુઃખ સ્વજનના પ્રેમમાં પ્રેમ,
હૃદય કેવો પડાવે છે પૂરેપૂરો તહીં ભાગ !

છતાં ન્યારું રહે પોતે અને જો ભોગવે તોયે
નથી એમાં લપેટાતું અરે ! એમાંય મન ક્યાંયે !

**શ્રીમોટા**

સંદેશ
૮૩

## ખંડ-૧૧

# અંધારે અજવાળાં

શ્રીપ્રભુકૃપાથી આ જીવનો વૈશ્વાનર
જે તે પચાવવાને તત્પર છે,
પણ તે માને કોણ અને સમજે કોણ ?

પ્રવેશ
૨૩૦

***શ્રીમોટા***

■

(અનુષ્ટુપ)

કોઈક ગૂઢ યોગીઓ, યોગ જે જાણતા નથી
-એવા માનવીઓ લેઈ, પોતાને વશ ચિત્તથી,

ઇચ્છા પોતાની કૈં એની પ્રમાણે, ચિત્તના ઊંડા
-સંસ્કારોને કરાવે છે પૂરા જાગૃત ત્યાં ખરા.

તે વેળાનો ખરો લાભ જે કોઈ ઉગ્ર સાધક,
લઈ લેશે હૃદે ચેતી પામે લાભ પૂરો ઉર.

**શ્રીમોટા**

કર્મગાથા
૧૩૭

મારે વળી આશ્રમ કેવો ? તમે બધાં જ ધારો તો જીવતો આશ્રમ થઈ શકો. જે કોઈ જીવ હૃદયમાંનું હૃદયથી બની જાય, તો શા કાજે કોને વળગેલું છે, તેનું તેને સાચું જ્ઞાન પ્રગટે અને તે પોતાની માનસિક ભૂમિકા જરૂર ઊંચે લાવી શકે. જો તે સાચેસાચું આકાશભૂમિકાનું બની જાય તો તેની દ્વારા પ્રકાશ ફેલાવવાનું પ્રભુનિર્મિત કાર્ય કેટકેટલું થઈ શકે ! કેટકેટલું થવાની શક્યતાઓ પડેલી છે અને ભરેલી છે ! શ્રીપ્રભુકૃપાથી જે સ્વજન એવી ભૂમિકાવાળાં બને છે, તે જ મારે મન તો સાચો આશ્રમ છે.

સૌ કોઈની પાસે એવી શક્તિ છે. તેથી, પોતાની પાસે જે કોઈ આવે કરે, જેનો સંબંધ થાય એમને એમને ઊંચી સમજણમાં લાવવાનું નમ્રતા ધારણ કરી કરીને કરે, એમને ધર્મ-ભાવનામાં રસ લેવાનું અને સંસારી રાગદ્વેષ અને અદેખાઈના ઝઘડા ટાળવાનું સમજાવવાનું કર્યા કરે, શ્રીભગવાનના નામ-સ્મરણથી એની ભક્તિમાં મન પરોવ્યા કરવાનું કરે, જે જે કંઈ થયા કરે તે એ વહાલાને કાજે જ, અને એને જ જે જે કંઈ થતું હોય તે પ્રેમભક્તિજ્ઞાનભાવે સર્મપણ થયા કરે તો એના જેવો બીજો કોઈ ઉત્તમ આશ્રમ ન હોઈ શકે.

મારે આશ્રમ કાઢવો હોય તો કશી વાર નથી. હવે, મને શ્રીપ્રભુકૃપાથી પૈસાની તો ચિંતા જ નથી. પૈસા તો જરૂર પડતાં એ વહાલો આપ્યા જ કરે છે, એ તો નિત્યનો અનુભવ છે, કિંતુ મારે ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી. જ્યાંથી ભગવાનની ચેતનાશક્તિ, ભાવના જેમ વીજળીના મૂળ કારખાનામાંથી જ્યાં ત્યાં બધે વીજળી પ્રસરતી હોય છે,તેમ તેનું આપોઆપ પ્રસરવાનું બને અને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવ્યા કરે એવી અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે તેમ કરવું યોગ્ય છે. એની પ્રેરણા હજી તેવી મળી શકી નથી. જેટલાં પ્રભુપ્રસાદીરૂપે મળેલાં છે, એવાંનું જીવન ભગવદીય થતું અનુભવી શકાય, ત્યારે જ તો એની કૃપાથી શોભે.

આ જીવને ખાલી ખાલી પૂજાવું નથી, તેમાં તો જીવનનું મૃત્યુ છે. મારે તો તમારાં બધાંમાંનું સર્વ કંઈ ખાવું છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવનો વૈશ્વાનર જે તે પચાવવાને તત્પર છે, પણ તે માને કોણ અને સમજે કોણ ! પ્રવેશ ૨૨૯-૨૩૦

૨

શ્રીસદ્‌ગુરુનું બહુ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સ્મરણ થાય છે. એમનો આભાર હું શબ્દોથી માનું તે કોઈ રીતે યોગ્ય નથી. એમણે જે દીવો મારામાં પેટાવ્યો, એવો સદ્‌ભાવ કોઈ જીવમાં પેટાવી શકાય તો એવા સદ્‌ગુરુનું ઋણ ત્યારે જ ફીટે. એવું ઋણ વાળવાને માટે આ આશ્રમમાં મેં મૌનમંદિરો કાઢેલાં છે. અમારે ત્યાં કોઈ ભાષણ, કોઈ પ્રવચન, કંઈ ન મળે. ભલે બીજે શાસ્ત્રો-બાસ્ત્રો વંચાતાં હોય, પણ જાતે ગડમથલ કર્યા સિવાય, જાતે સંગ્રામ માંડ્યા સિવાય આ જ્ઞાન કોઈ કાળે મળી શકવાનું નથી. એ મારા મનમાં એક નિર્વિવાદ થયેલી હકીકત છે. જાતે જ મથવું જોઈએ. ઘણા મહાત્માઓની પાસે હું સત્સંગના હેતુથી ગયેલો છું, પણ જાતે મથવાને માટે બહુ ઓછાએ મહત્ત્વ આપ્યું છે. આશીર્વાદ અને કૃપા ઉપર બહુ ભાર. આજે પણ આપણો સમાજ આશીર્વાદ અને કૃપા માગી માગીને લૂલો થઈ ગયો. વાણી-૧ ૧

જગતમાં લેણ અને દેણ બે વસ્તુ રહેલી છે. મારી પાસે એકમાત્ર લેવાની શક્તિ છે, દેવાની શક્તિ નથી. મેં ભગવાન પાસે એવું કંઈ માગ્યું નથી. આશ્રમ શરૂ કરવાનો હુકમ મળ્યો ત્યારે મેં ના પાડી દીધી હતી કે હું નહિ કરું. મારે માત્ર પૈસા જ લેવાના અને જો બદલો વાળી નહિ શકું તો એ મને ફાવશે નહિ. જગતમાં લેવું અને દેવું બે રહેલું છે. એટલે હું લઉં અને કંઈ આપી ન શકું એ બને નહિ. એટલે ગુરુમહારાજે કહ્યું કે ‘દીકરા, તું ચિંતા ન કર. તું તારે આશ્રમો શરૂ કર. તારે ઘણાં કામ હજુ કરવાનાં છે. આશ્રમોને લીધે તે થશે. માટે, તું આશ્રમો શરૂ કર. અને જે કોઈ મદદ કરશે એને કોઈ

ને કોઈ રીતે હું બદલો વાળી આપીશ. બદલો આપવાનું કામ મારું છે.' ત્યાર પછી આશ્રમો શરૂ કર્યા અને બદલો તો મારો હજાર હાથવાળો ભગવાન આપે છે. બદલો આપવાની તાકાત મારી પાસે નથી. જે કોઈ પૈસાથી-લક્ષ્મીથી-મદદ કરે તેને લક્ષ્મી જ મળે એવું કશું નથી. ભગવાનની બદલો આપવાની રીત અનોખી છે-નિરાળા પ્રકારની છે.

પણ અત્યાર સુધીના જીવનમાં એ મેં અનુભવ્યું છે કે જેણે જેણે મને મદદ કરી છે તે બધાંને કોઈ ને કોઈ બદલો મળ્યા સિવાય રહ્યો નથી. એ વાત સોએ સો ટકા સાચી છે, એમાં એક અક્ષરની પણ અતિશયોક્તિ નથી.

એટલે જે કોઈ મને મદદ કરે છે તેને માટે હું તો નિશ્ચિંત રહું છું. ભગવાન બદલો આપશે તેની પણ મને ખાતરી છે. તેમ છતાં મારો પોતાનો ધર્મ છે કે જ્યારે એક જુદું અસ્તિત્વ શરીરનું આ જીવને મળેલું છે ત્યારે એનો ધર્મ પણ એણે અદા કરવો એ પણ એક સમજવા જેવી વાત છે. એટલે હંમેશાં જે કોઈ મારા આશ્રમને કે મારાં પરમાર્થનાં કામોમાં મને મદદ કરે છે, તેમને માટે મારું દિલ બહુ કૂણું-કુમળું રહે છે, એટલું જ નહિ પણ એને માટે મારા ભગવાનને પ્રાર્થના કર્યા સિવાય રહી શકતો નથી. હું જગતને સત્ય તરીકે સ્વીકારું છું. Reality તરીકે, વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું. એટલે જે કંઈ બન્યા કરે છે, એ પણ વાસ્તવિક છે, એટલે મને જે કોઈ મદદ કરે છે, તેને માટે પ્રાર્થના કર્યા સિવાય રહેતો નથી. ભગવાનની રીત ન્યારી છે. ભગવાન અમુક જ રીતે મદદ કરે છે એવું પણ નથી.

પુષ્પ
૧૬-૧૭

૩

અનુભવી પુરુષો આપણને મળે ત્યારે એની વાસ્તવિકતા આપણાથી સ્વીકારાય નહિ. નડિયાદના આશ્રમમાં બેઠેલો ત્યારે મને એમણે કહેલું, 'ભાઈ, અહીં તારો આશ્રમ થશે !' એ હું નહિ સ્વીકારી શકેલો. ત્યારે હું તો ગરીબ માણસ. મારાથી

આશ્રમ થાય નહિ. અહીં કેવી રીતે આશ્રમ થાય ? આ શક્ય નથી, પણ મારી ભૂમિકા જ એ જાતની નહિ. હું કેવી રીતે સ્વીકારી શકું ? પણ વાત સાચી હતી. કેટલાં બધાં વર્ષો સુધી હું ભૂલી જ ગયેલો. કારણ કે એ તો મેં ફેંકી દીધેલું, કેમ કે અશક્ય વસ્તુ છે ! પછી, ૧૯૫૩-૧૯૫૪ની સાલમાં મને મારા ભાઈ મૂળજીએ કાગળ લખેલો કે 'મારે કામ છે અને તમે આવો.' કામમાં કશુંય ના રહ્યું. મને ફાવે નહિ. મેં કહ્યું, 'ચાલો દખ્ખણિયે ઓવારે જઈએ. એક લારી ભાડે કરીને એમાં સૂવા માટે શેતરંજીઓ નાખી, ઓશીકાં નાખ્યાં, સ્ટવ લીધો, ખાવા કરવાનું કંઈ લીધું. બે દિવસ રહેવાનો મારો વિચાર હતો. તે રાત્રે મને યાદ આવ્યું કે 'ઓહોહો, ગુરુમહારાજે મને કહેલું કે અહીં તારો આશ્રમ થશે.' એટલે મેં કહ્યું, 'આપણે પ્રગતિ કરો.' મેં કંઈ કોઈની પાસે પૈસાબૈસા માગ્યા નથી. મારા મિત્રો નંદુભાઈ કે હેમંતભાઈને પણ કહ્યું નહિ કે, મારે આશ્રમ કરવો છે તો લાવો પૈસા. મારી નાતના એક મિત્ર મળી ગયા અને તે કહે 'ચાલ.' તે ત્યાંથી અમે આવ્યા, તો કહે, 'ચાલોને મોટા, આપણે ચા પીતા જઈએ.' મેં કહ્યું, 'ચાલો.' કુબેરદાસ મને ઓળખે, હું એમને ઓળખું. જતાં આવતાં એ મને સલામ ભરે, હું એમને રામરામ કરું. તે સિવાય બિલકુલ પરિચય નહિ. તે મને કહે, 'કેમ ભગત, ઘણા વખતે આવ્યા !' તો મેં કહ્યું, 'આ જરા કામ હતું તે આવ્યો હતો.' 'મારે લાયક કંઈ કામકાજ હોય તો કહેજો.'-એમ મને કહ્યું. 'અહીં આશ્રમ કરવો છે-દખ્ખણિયે ઓવારે.' તો કહે, 'જાઓ, હું તમને પૈસા આપીશ.' 'વર્ષ દોઢ વર્ષમાં હું તમને પાછા આપી દઈશ.' એમણે મને બારતેર હજાર આપેલા અને આશ્રમ શરૂ કર્યો. પૈસા પણ મને મળી ગયા.

પહેલવહેલા મને પૈસા આપનાર સી. ડી. મહેતા. સુરતના આશ્રમમાંય આપેલા અને આમાંય આપેલા. વર્ષમાં મને મળી ગયા. જેટલાના લીધા હતા તે બધાના ત્યારે હું સ્વીકારી નહિ શકેલો. આવા લોકો કોઈ હકીકત કહે અને આપણાથી

સ્વીકારાય નહિ તો એમાં મને જરાકે આશ્ચર્ય લાગે નહિ. ઘણાંની બાબતમાં-ઘણાંને જોઉં છું અને ઘણાંના સંપર્કમાં આવું છું. મને બરોબર અનુભવ થાય છે કે હું સ્વીકારી શક્યો ન હતો તો બીજા કેવી રીતે સ્વીકારી શકે ? તો દરેકની જેવી ભૂમિકા હશે તે પ્રમાણે જ સમજવાનું. આ તો સોએ સો ટકા સાચું હોય, પણ એને સમજવાની પોતપોતાની ભૂમિકા હોય.
જન્મ કોઈપણ જીવ પેલાના સત્યને સત્ય તરીકે સ્વીકારી નહિ શકે.
૫૪-૫૬ એટલું બધું અનુભવથી ઠસી ગયેલું છે.

૪

દક્ષિણ ભારતમાં મારો એક આશ્રમ છે. કાવેરી નદીને કાંઠે છે. સુંદર રમણીય, નૈસર્ગિક વાતાવરણ છે. ગામનું નામ છે કુંભકોણમ્.

કુંભકોણમ્ એ દક્ષિણનું કાશી છે અને જેમ આપણા દેશમાં ઉત્તર પ્રદેશમાં બારબાર વર્ષે કુંભમેળો ભરાય છે એવો કુંભમેળો પણ એ કુંભકોણમ્માંય ભરાય છે, એટલે એ રીતે પ્રખ્યાત છે. ત્યાં કાવેરી નદીને કાંઠે સુંદર રમણીય વાતાવરણમાં એક આશ્રમ છે. જેમ સુરતમાં આશ્રમ છે તેવી રીતે જ. પણ બહુ રમણીય, બહુ સુંદર જગા છે. પાસે જ કાવેરીમૈયા છે. આશ્રમનો આખો કિનારો ઈંટોથી ચણી લીધેલો છે. આશ્રમનો સ્વતંત્ર ઓવારો છે, અને ઓવારાની પાસે એક નાનકડો પુલ બંધાવ્યો છે અને એના પર બેસીને રોજ અમે ભોજન લઈએ છીએ. એટલું સુંદર નૈસર્ગિક દૃશ્ય છે કે જે જોતાં જ આપણું મન આહ્લાદ પામી
પુષ્પ જાય છે.
૯ મને આ દેશ મારું ઘર હોય એવો લાગેલો છે. ત્યારે મેં ભાઈ નંદલાલને કહ્યું કે ‘આ દેશમાં ઘણી ભાવના છે.’ ત્યારે એમને ગળે વાત નહિ ઊતરેલી. પછી જ્યારે એમને સમજણમાં આવ્યું ત્યારે એમને લાગેલું કે મોટાની વાત સાચી છે કે આ દક્ષિણના લોકો ઉત્તર હિંદુસ્તાન કરતાં, આપણા ગુજરાત કરતાં વિશેષ ભાવનાવાળાં છે અને જેને ધર્મ કહીએ એ ધર્મનું બીજ અહીંયાં વિશેષ છે.

આપણા સમાજમાં ધર્મનો ઉદય જ્યારે થવાનો હશે ત્યારે પણ દક્ષિણમાંથી જ થવાનો છે. હિંદુસ્તાનના એકેએક સંપ્રદાય, ધર્મના સંપ્રદાયો, એ સંપ્રદાયોના આચાર્યો દક્ષિણમાંથી જ પાકેલા છે. ઈતિહાસની આ વાત છે.

આ પ્રદેશ એક તો રળિયામણો, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, નદીઓથી ભરપૂર, ખેતીવાડી પણ ઘણી સારી થઈ શકે. દક્ષિણ ભારતમાં જેટલા ચોખા પાકે છે એટલા બીજે ક્યાંય પાકતા નથી. આમ તો બીજે છે, બંગાળ વગેરે પ્રદેશોમાં પણ વધારે પાકે છે. પણ દક્ષિણ ભારત જેટલા ક્યાંય નહિ. એટલે 'શશ્ય શ્યામલામ્ માતરમ્' એ જે અસલના કવિએ ગાયું છે તે દક્ષિણ ભારતને વિશેષ લાગુ પડે છે. બંગાળમાં જોકે હરિયાળી દેખાય પણ તેના કરતાંય વધારે રળિયામણો દેશ દક્ષિણ ભારત છે.

ભગવાનની કૃપાથી આ દેશમાં મારે આવવાનું બન્યું એમાં પણ કોઈ ને કોઈ હેતુ જ રહેલો છે. કોઈ હેતુ વિનાનું કોઈપણ કશું કાર્ય હોઈ શકતું નથી. અહીં જ્યારે આવવાનું બન્યું ત્યારે મને બહુ ગમ્યું. ત્યારથી મને વિચાર થયો કે એક આશ્રમ હોય તો સાધનાને માટે અનુકૂળતા થઈ શકે. ભગવાનની કૃપાથી એ થાય તો સારું, પણ મારી પાસે તો પૈસા ન હતા.

પણ પછીથી ભગવાનની કૃપાથી આશ્રમને માટે ઠીક ઠીક રકમ એકઠી થઈ. લગભગ નેવું હજાર સુધી કહી શકાય એટલી રકમ ભેગી થઈ, પણ મને ત્યારે લાગ્યું કે મને મારા ભગવાનનો હુકમ મળ્યો નથી. એટલે તે બધી રકમ પાછી આપી દીધી. પછી જ્યારે ૧૯૪૯ની સાલમાં હું અહીંયાં હતો ત્યારે મેં કહ્યું કે 'મારે આ બાજુ એક આશ્રમ કાઢવો છે, તે માટે આપણે કોઈ સારી જગા ખોળીએ.' બહુ મહેનત કરેલી. અમે ઠેકાણે ઠેકાણે આગળપાછળ ઘણું રખડેલા અને ઘણી જગાઓ જોઈ. છેવટે હાલ જ્યાં આશ્રમ છે એ જગા મને ગમી ગઈ.

હવે એક વાત કહું, જે આપણી કલ્પનામાં કે માન્યામાં પણ ન આવે. હાલ જે સમાધિ છે. એ સમાધિવાળા સંતની

ચેતનાનો મને અનુભવ થયેલો. ચેતનાનો સંપૂર્ણ અનુભવ એમને નહિ થયેલો. એની પણ જાણ પડેલી. આ જગા બહુ ઉત્તમ છે. આ જગા આપણે લેવી એમ મેં કહ્યું. એ જગા લેવાને માટે થોડા વધારે પૈસા પણ આપવા પડેલા.

વાણી-૩
૧-૪

૫

નરોડામાં એક સામાન્ય કરિયાણાની દુકાનનો માલિક આશ્રમ ચલાવે છે. હું ના પાડું છું પણ તેને અનંત વિશ્વાસ છે અને તે એકલો ચલાવે છે. તો તમને પણ વિનંતી છે કે તમે ઘેર ખાઓ છો તો ચપટી ચપટી ખાવાનું અહીં પણ આપજો. આશ્રમમાં ઘી, દૂધ તો ખાતા નથી. આ કામ ભગવાનનું છે એમ માનજો. ઘી ફક્ત મોણમાં નાખવા જેટલું વાપરીએ છીએ. તેલ તો ખાવું પડે. ગોળ, ઘી, તેલ, ખાંડ, મરીમસાલો વગેરે જોઈએ. હું ક્યાં બધાંને ઓળખવા જઈ શકું ? હું તો બધાંને કહું છું કે તમારી પાસે બે પૈસા છે, તમે જેટલી મદદ કરશો તેટલો નિકટનો સંબંધ થશે. બીજા સાથે ન થાય એવું નથી. સુરતના મિત્રોને કહું છું કે પ્રયોગ કરી જુઓ. આશ્રમનું કામ કરશો તો એળે નહિ જાય. મારા મિત્ર નંદલાલના મામા એલએલ.બી. ફર્સ્ટ ક્લાસમાં આવેલા. તેમને કુંભકોણમ્‌નો આશ્રમ બાંધતી વખતે આશ્રમનાં કામમાં લેવા પડેલા. તેમને સગડગ હતી કે વેપારનું શું થાય ? મેં તેમને લખી આપેલું કે 'તમારા વેચાણમાં ફેર પડે નહિ.' અને એ પાંચ મહિનાનું વેચાણ સરેરાશ વેચાણથી ઓછું થયું ન હતું. ત્યાર પછી તેમના દીકરા હસમુખભાઈએ ત્રણ મહિને પૂરું કરાવ્યું. તે તો એટલા બધા હોશિયાર કે ઘરાક એમના સિવાય માલ લે નહિ. હીરાની બાબતમાં કેવું હોય છે. છતાં એમની ગેરહાજરીમાં પણ પૂરતું વેચાણ થયું હતું. આ તો coincident (યોગાનુયોગ) છે. હું તેથી તમને ભ્રમણામાં નાખવા નથી માગતો. પણ તમે આશ્રમને અંગે કામ કરશો તો તમારું કામ બાકી નહિ રહે.

નડિયાદમાં કુબેરદાસભાઈ એકલા દેખભાળ રાખતા. અઠવાડિયામાં બે વાર આવે. જાતે કોઠારમાં જોઈ જાય. અને બાકીની વસ્તુ પહોંચાડે. દુકાનમાં બહુ ઓછું ધ્યાન આપી શકતા. છતાં એમનો વેપાર ચાલ્યા કરતો. હું તમને આ લલચાવવા નથી કહેતો, પણ આ કામમાં મદદ નહિ કરો તો નહિ ચાલે, ભગવાને મોડું કરાવ્યું તે પણ સારું થયું. આટલી ઓળખાણો થઈ છે. નહિ તો પહેલાં શરૂ થાત તો આશ્રમ ચલાવવો કેવી રીતે એ પણ પ્રશ્ન રહેત ! સામાન્ય રીતે હું કોઈને કહેતો નથી. મૌનના પ્રવચન વખતે જ બોલું છું. આ વખતે ગુરુપૂર્ણિમા વખતે સાબરમતી આશ્રમમાં રહેલો. બધા આશ્રમોમાં માલપૂડા અને દૂધપાકની ઉજાણી થતી. વધ્યા તે ભિખારીઓને વહેંચ્યા પણ આ છોકરીઓને (આશ્રમની) ખવડાવવા કોઈ તૈયાર નહિ. મેં મારી જાતે એંશી રૂપિયા ખર્ચીને દૂધપાક ખવડાવ્યો છે. માલપૂડા ખવડાવવાનું મારું ગજું નહિ. અમે તો પૂરેપૂરી કરકસર કરીશું. અમે કશું નકામું જવા દેતા નથી. વૈકુંઠભાઈને ત્યાંથી ભાત આવેલો તે ચાર ટંક સુધી ચલાવેલો. ખાખરા ભાખરી વધી જાય તો વધવા દેવું. મારી માએ વસ્તુનો કેવી રીતે ઉપયોગ કરવો તે બરાબર શીખવ્યું હતું. કરકસરથી કેમ જીવવું તે હું મહાત્મા ગાંધી પાસે શીખ્યો છું. મૌ.કેડીએ ૪૧-૪૨

૬

જીવનમાં જે કંઈ મળેલું છે, તે આપણા બાપનું નથી. ભગવાનનું છે. સંસારમાં લોકો એકબીજાના ખપમાં આવે છે તો આપણે પણ આવવું જોઈએ, એ સ્વીકારીને સમાજનું ઋણ અદા કરવું જોઈએ. પિતૃઓનું ઋણ એમનાં અધૂરાં રહેલાં કાર્યો પૂરાં કરીને, તેમ જ દેવોનું ઋણ શુદ્ધ ભાવના સેવીને પૂરું કરી શકાય.

એક વખત ગુરુમહારાજ કહે, 'અલ્યા ચૂનિયા, તારે માથે દેવું છે.' હું ગરીબ ખરો પણ મારે માથે ખાસ દેવું નહિ અને પગાર પણ મારો જૂજ. છતાં કહે, 'તારે માથે દેવું છે.' મેં તો

ખૂબ વિચાર કર્યો અને ના પાડી. તો કહે, 'બે દિવસ વિચાર કરીને કહેજે.' ખૂબ વિચાર્યું. કોઈનું દેવું રહી ગયું હોય તે પણ વિચાર્યું, પણ કશી સમજ પડે નહિ. મેં કહ્યું, 'કોઈના પૈસા બાકી નથી. હવે તમે કહો...' પછી મને કહે કે 'તું ખાય છે કે નહિ ?' તો રાંધવાને માટે લાકડાં કેટલાં જોઈએ ? તો કેટલાં ઝાડ તેં બાળી નાખ્યાં ? માટે એટલાં ઝાડ ઉગાડ.' અને ત્યારથી મેં ઘણાં ઝાડ ઉગાડ્યાં છે. એ પણ ઋણ હતું. અને ફળાઉ ઝાડ પણ ઉછેર્યાં. એટલે જેટલા આશ્રમ છે ત્યાં એમ કર્યું. કેટલાં ફળ ખાઈએ છીએ ! એટલે જે ફળ ખાઈએ છીએ તે બીજાએ આપણા માટે ઉછેર્યાં છે, એટલે એવા અનેક પ્રકારનાં માથે દેવાં છે.

એ જ હેતુથી મેં તમને સ્વજન માનેલાં છે અને આ રીતે સમાજનું ઋણ ચૂકવાય. 'મોટા' આપણને ચાહે છે અને એની પાસે પૈસા નથી એટલે તમારી પાસે માગે છે. તેમ જ આ પૈસા જે મળે છે તેમાંથી હું કંઈ વાપરતો નથી, નંદુભાઈ કે ભીખુભાઈને પૂછી જોજો. વળી, મને મળેલા પૈસામાંથી, મારો ભાઈ ખૂબ ગરીબ છે તેને એક પૈસો આપ્યો નથી. વળી, મારાં લખેલાં પુસ્તકોના વેચાણમાંથીયે એક પૈસો એને આપ્યો નથી.
પ્રતિષ્ઠા ૭૪-૭૫ તેમ જ તે વેચાણમાંનો તો એક પૈસોયે રાખ્યો નથી.

૭

વળી, સુરતમાં જે ઓવારો છે તે લાખ-બે લાખ રૂપિયા ખર્ચ કરતાં પણ નવો થાય નહિ એવો છે. એ ઘણો જૂનો છે, પણ અમે એવો સંકલ્પ કર્યો કે એને સુધરાવવો, એટલે એનું કામ શરૂ કર્યું છે અને એનું કામ ચાલે છે. ગામડાંમાંથી પૈસો લેવાની વાત જ નથી કરતા. કારણ, બધાં ગામડાંઓને ચૂસે છે. પૈસા માગવા નથી ગયો છતાં પૈસા મળ્યા જ કરે છે.

મારી સાથે એક બી.એ. થયેલાં બહેન સંબંધમાં આવ્યાં છે અને એનામાં ભજન કરવાની શક્તિ જાગી અને એણે જે ભજનો લખ્યાં તે એના બાપુજીએ છપાવી આપ્યાં. એને મફત

વહેંચવા વિચાર કરેલો, પણ મને થયું કે એનું જો કંઈ મળે અને પૈસા ઉપજાવાય તો સારું. એ રીતે કરવાથી રૂપિયા ૧૨૫૦ ઉપરાંત રકમ આવી. નાની સરખી ચોપડીથી અત્યાર સુધીમાં આટલા મળ્યા છે અને હજુ મળશે. આ તો નધણિયાતું કામ છે. અને આવાં કામો કરવાં એ પુણ્યનું કામ છે. જૂના વખતમાં કૂવા-ઓવારા બંધાવાતા, પણ હવે એમ થતું નથી. કુરુક્ષેત્ર બહુ મોટું તીર્થ છે અને આ ઓવારો જબરજસ્ત છે. આ ઓવારો જે રિપૅર થયો છે તેથી એની આવરદા પચાસસાઠ વર્ષ વધી ગઈ છે. હજુ એને રેલિંગ કરાવવી છે. મારી પાસે પૈસો નથી. સહુ જાણે છે. છતાં ભગવાન કૃપા કરીને બધું આપે છે.

બીજું, મારા ગુરુમહારાજે એક હકીકત કહેલી કે 'કોઈને ભ્રમણામાં ન રાખતો. દરેકને સાચી પ્રયોગાત્મક હકીકત કહેવી.' કોઈ ડૉક્ટર કે હેલ્થ ઑફિસરને પૂછતાં તે એમ જ કહેશે કે આ જાતનું એકાંત પચાવવું બહુ અઘરું છે. તો આ મૌનમંદિરની અંદર ભગવાનની કૃપાથી અને ગુરુમહારાજના આશીર્વાદથી અંદર એવી ચેતનાશક્તિ રહેલી છે જેથી અંદર રહેલો માણસ આનંદથી દિવસો પસાર કરી શકે છે. અંદર રહેલી ચેતનાશક્તિને પરિણામે એ બને છે. જેલમાં આકરી સજા તે solitary cell (એકાંત કોટડી) અને તે ત્રણ જ દિવસ. તે બહુ આકરી સજા કહેવાય. મોટા ડૉક્ટર, આરોગ્ય અધિકારી વગેરેનો એવો મત કે માણસને આ રીતે પૂરવામાં આવે તો માણસ ગાંડો થઈ જાય. આવા કેદીને ડૉક્ટરો જ તપાસી જાય અને ગાંડો થઈ જાય તો એને તરત બહાર કાઢતા. અમે એ ભોગવેલું છે. એમાં તો જાળીઓ પણ હોય છે તેમ છતાં એ એકાંતથી ગાંડપણ થઈ જાય છે.

આ પ્રયોગ તા.૧૬-૮-૧૯૫૯થી ચાલુ છે. નડિયાદમાં પાંચ વર્ષથી એ ચાલે છે. કુંભકોણમ્‌માં આઠ વર્ષથી ચાલે છે. નરોડા અને નવા ડીસામાં પણ ચાલે છે, પણ કશે કોઈ ગાંડો થઈ ગયો નથી. એટલે અમે અમારા ગુરુમહારાજના આશીર્વાદથી કહીએ છીએ કે આવીને તપાસો. અંદર જે ચેતના-

શક્તિની મદદ છે એ મદદ તમને ખબર ન પડે એવી રીતે મળે છે. અરે, ખુલ્લા જંગલમાં એકાંતમાં રહેવું એ પણ (એને પચાવવું) બહુ અઘરું છે. પણ અહીં તો એ જાતની પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે. જેમ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વગર પૂજા નથી થતી તેમ અહીં પણ પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે.

મૌ.કેડીએ ૯૮-૧૦૦

૮

'આવા મૌનએકાંતના અનુષ્ઠાનથી જીવ એકદમ કંઈ શિવ થઈ શકતો નથી, પણ એમાંથી શિવ થવાની શક્યતા તો સાંપડે છે.' અને તે હકીકત મારા અંગત મિત્રો જાણે છે. અનુષ્ઠાન એ મારે મન એક પ્રકારની તપશ્ચર્યા છે. સતત નામસ્મરણ અથવા તો કોઈ ને કોઈ રીતે પ્રભુભાવનાને સતત એકધારી જ્ઞાનભક્તિયોગભાવે રાખી શકાવાના પ્રયત્નમાંથી પ્રભુકૃપાથી જીવને 'લાગી' જવાનું છે. એકવાર જો જેને લાગ્યું તેને જ લાગે છે. તેથી, પ્રભુકૃપાથી જે સ્વજનો આ હેતુ કાજે મળ્યાં છે, તેમને એક પછી એક એવા પ્રત્યેક અનુષ્ઠાનમાં આકરી રીતે તે કર્યા કરવાનું હોય છે, અને સમય પણ લંબાવાતો હોય છે. આવાં અનુષ્ઠાનોથી જીવ કદી શિવ એકદમ થઈ શકતો નથી, એ તો હકીકતની વાત છે.

પ્રવેશ ૧૫૫-૧૫૬

કર્મયજ્ઞ તો મોટામાં મોટો યજ્ઞ કહેવાયો છે. સંસારમાં સ્વાર્થ રહેલો છે. તેમાં પણ નિરહંકારપણે, નિર્મમત્વપણે, પ્રભુપ્રીત્યર્થે કર્મ થયા કરે, તો તે કર્મ યજ્ઞરૂપ છે. મનની દ્વિધાવૃત્તિ ન રહે એ રીતે કર્મ કરવાં જોઈએ. લાખો રૂપિયા ખર્ચીને યજ્ઞ કરશો એ ઉપયોગમાં નહિ આવે. જે ઉપયોગમાં આવે એ જ ખરો યજ્ઞ. ધન એ પણ મોટામાં મોટી શક્તિ છે, ગુણ એ પણ શક્તિ છે. ગુણશક્તિ માટે ભગવાનનું સ્મરણ કરવું એ મોટામાં મોટો યજ્ઞ છે. અમે અહીં એ યજ્ઞ આદરેલો છે. કેટલાય માણસોને અંદર શાંતિ મળે છે, સાચું સૂઝે છે. જીવનમાં સંઘર્ષણ પામેલા હોય અને કર્મમાં જેને ભાવના પ્રગટતી ન હોય તેવાને અહીં ભાવના પ્રગટે છે એ સોએ સો

ટકા સાચી વાત છે. સેવાના ક્ષેત્રમાં રચેલાંપચેલાં બેચાર દિવસ બેસી જુએ. આ એવું જ્ઞાન છે કે જેને અનુભવ્યા સિવાય સમજાય નહિ.

આ પ્રકારનો પ્રયોગ હિંદુસ્તાનમાં કોઈ ઠેકાણે ચાલતો નથી. મારા ગુરુમહારાજે મને આ અવનવો પ્રયોગ બતાવ્યો છે. પ્રયોગ કરીને જુઓ. મારા કેટલાક જૂના સાથીઓ કહે છે કે તમે તો લપસી પડ્યા ! હું તેમને પણ સાચી વાત કહું છું કે પ્રયોગ કરવા બેચાર દિવસ બેસી જુઓ તો સમજાશે.



ભાવનામાં જાગૃત થઈ જવાય તો બીજા જન્મે આ જ માર્ગે જલદી જવાય. આવું થાય તો શરીરનો જન્મ પણ તરત થાય. નહિ તો જીવને જન્મ લેતાં ઘણો સમય જાય છે, એ અનુભવથી કહું છું. પુરાણોની વાત સાચી માનશો નહિ. સાત્ત્વિક પુરુષનો જન્મ જલદી થઈ જાય છે. જ્ઞાનચેતનની દશામાં નિષ્ઠા પામેલા કોઈ આપણા ઉપર કૃપા કરે અને સૂક્ષ્મમાં સંસ્કાર રેડે તો, અથવા ભગવાનના સ્મરણમાં નિરંતરતા પ્રગટે અને ભાવના જાગે અને તેના કારણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંસ્કાર પડે તો જન્મ જલદી થાય. આનું પણ ગણિત છે. શ્રીમદ્ રાજચંદ્રે લખેલું છે કે 'સારી રીતે કરે એને એકવીસ જન્મ, ઉત્કટતાવાળાંને માટે સાત જન્મ અને એનાથી પણ પ્રબળ હોય તો ત્રણ જન્મ.' મને મારા મિત્રે એમના કાગળમાં આ વંચાવેલું. તેઓ તો મહાન યોગી હતા. આ પણ વિજ્ઞાનની માફક જ પ્રયોગથી સાબિત કરી શકાય એવું છે, પણ તેવો પ્રયોગ કરે ત્યારેને ? જ્યાં સુધી યાહોમ કરીને ઝંપલાવવાનું દિલ જાગ્યું નથી, ત્યાં સુધી કંઈ વળવાનું નથી.

હું તો જોઉં છું કે કેટલાક પંડિતો જાણકાર નથી હોતા તોપણ ડહાપણ કરતા હોય છે. આઈન્સ્ટાઇને રીલેટિવિટી થીઅરી (સાપેક્ષવાદ)નો સિદ્ધાંત શોધ્યો, પણ એના જાણકાર પૃથ્વીમાં દસપંદર જણ જ હોઈ શકે. એમાં કોઈ સલાહ આપવા જાય નહિ-જઈ શકે નહિ. આપણાથી ડૉક્ટરને સલાહ આપવા જવાય છે ખરું ? જેમાં આપણો ચંચુપ્રવેશ પણ નહિ હોય એમાં ડહાપણ

ડહોળવું નહિ. નહિ તો જે કંઈ પોતાની જાતનું હશે તે પણ ગુમાવી બેસીશું. જ્યાં સુધી સૂક્ષ્મમાં ચેતનાત્મક સંસ્કારનો પ્રવેશ ન થાય ત્યાં સુધી જીવનો ઉદ્ધાર શક્ય નથી. શરીરનાં સૂક્ષ્મ તત્ત્વો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્-એમાં સંસ્કાર પડવા જોઈએ. આવું બન્યા વિના યોગવિદ્યા કહી શકાય નહિ. હા, નામ લઈ શકાય, માટે જ્ઞાનીપુરુષોએ નામસ્મરણને પણ મોટામાં મોટો યોગ ગણાવ્યો છે, કેમ કે પરિણામ એકસરખું જ લાવે.

આજકાલ લોકો લાખો રૂપિયા ખર્ચીને યજ્ઞ કરે છે. તેમને પણ હું કહું છું કે કાળ બદલાયો છે. શા માટે નકામા પૈસા ખર્ચો છો ? એવું કરો કે જેથી સમાજનું કલ્યાણ થાય. પણ કોઈ માને નહિ. જપયજ્ઞમાં તો પૈસાનો ખર્ચ નહિ. ભગવાનના નામનો જપયજ્ઞ કરવાથી તો સંસ્કારોનો પ્રવેશ કરાવી શકાય છે. ઉચ્ચારની પણ અસર હોય છે, પણ એમાં નિરંતરતા પ્રગટવી જોઈએ. આમ બને તો કામ, ક્રોધ, લોભ, મત્સર ઘટે. એ બધા મરે પછી સહજ પ્રયત્નથી આગળ વધી જવાય. મોટું લાકડું જલદીથી ઊંચકાય નહિ, પણ નીચે પથ્થર મૂકીને ગબડાવીએ તો તરત ગબડે. તેમ ભાવનામાં નિરંતરતા પ્રગટે તો જલદી નિકાલ આવે.

સૂક્ષ્મમાં સંસ્કારનો પ્રવેશ થયા વિના ઉદ્ધાર નથી. કોઈ મહાત્માથી સંસ્કારનો પ્રવેશ થાય, પણ આપણે જીવદશાવાળાં હોવાથી ખાતરી થાય નહિ, એટલા માટે ભગવાનનું નામ લેવામાં નિરંતરતા પ્રગટાવે. આમ કરવાથી બીજો જન્મ તો સાનુકૂળતાવાળો પ્રગટવાનો. તમે ચિંતામુક્ત દિલથી ભગવાનનું નામ લઈ શકો એટલા માટે આ હરિઃૐ આશ્રમ છે. આ પદ્ધતિ-ટેક્નિક ગુરુમહારાજની કૃપાથી થઈ છે અને એમની કૃપાથી જ ચલાવીએ છીએ.

હરિદ્વાર
૨૬-૨૭

અમે વહેવારમાં મદદ નહિ કરી શકીએ. ગૂંચ લઈને આવો તો કદાચ સૂઝે તે રસ્તો બતાવી શકાય. મારો ઈશ્વર માથા ઉપર કોઈનું દેવું નહિ રહેવા દે. નંદલાલ તો યુરોપથી આવેલા. તેમણે મને ઘણી મદદ કરી હતી. મને એમ હતું કે એણે

ભાવથી મદદ કરી તેમાં શું ? પણ ગુરુમહારાજે મને કહ્યું કે માન્યતા બરાબર નથી. કોઈ પાંચ રૂપિયા આપે તો તેનું કામ કરી આપવું જોઈએ. ભાવનાના ક્ષેત્રમાં એમ નહિ ચાલે. જે આધ્યાત્મિક ક્ષેત્રમાં ઊંચો ગયો તેની તો વધારે જવાબદારી છે. હું વેપાર અંગેનું કશું જાણું નહિ, પણ તેનું ઋણ ફેડવાની સતત ઝંખના-ભાવના ખરી. આપમેળે ઈશ્વરકૃપાથી સ્ફુરણા થઈ. મેં તેમને સલાહ આપી કે બને તેટલો પારો ખરીદો. લાખો રૂપિયાનો-મળે તો એટલો. એ લોકોને વધુ મળ્યો નહિ. ચાળીસ હજારથી વધારે મળ્યો નહિ. તેમાં રૂપિયા વીસહજારનો નફો થયો. તેમણે મને મદદ કરી હતી, પણ કુલે એટલી રકમ આપી ન હતી, એટલે ઋણ અદા થયા વગર રહેવાનું નથી. એ પૈસાથી જ અદા થાય એવું નથી. માનસિક શાંતિ અથવા એવા જ એક યા બીજા માર્ગ દ્વારા પણ અદા થાય. મૌ.કેડીએ ૫૧

૯

સાધુ, મહાત્મા, ભક્ત લોકોના સંકલ્પ કદી મિથ્યા થઈ શકતા નથી. ભણેલાંગણેલાં લોકોને ગળે આ વાત ઊતરતી નથી. જૂના જમાનાના ભક્તો કે મહાત્માઓની વાત જવા દઈએ, પણ મહાત્મા ગાંધીની જીવનકથામાં છે કે કોઈ એક શુદ્ધ આત્માનો સંકલ્પ હોય કે સ્વરાજ મળી જાય તો એ સફળ થાય. એમણે પોતે ૧૯૪૨માં quite Inida (હિંદ છોડો)નો સંકલ્પ કરેલો તો પૂરો થયો. એમના આત્મીયજનોએ એમને એમ કહેલું કે આ બનશે કે કેમ ? પણ એમના પોતાના દિલમાં જે ઊગ્યું, તે એમણે સફળ કરી બતાવ્યું. એવી જ રીતે આવા મહાત્માઓએ કોઈ જીવ વિશે સંકલ્પ કર્યો હોય તો તે (જીવ)ની ભૂમિકાને સાનુકૂળ થઈ જાય એવો એ સંકલ્પ થઈ જાય. ગાંધીજીએ જે સંકલ્પ કરેલો તેને યોગ્ય ભૂમિકા સાંપડી નહિ. એટલે સ્વરાજ્ય મળ્યું પણ પૂરેપૂરું નહિ. એટલે જે જાતનું સ્વરાજ્ય મળવું જોઈતું હતું તેવું નહિ થયું. દરેકને કર્મપ્રારબ્ધ પણ ભોગવવું પડે. મહાત્મા, સંત, ભક્તો વગેરે બધાંને પ્રારબ્ધ

ભોગવવું પડે. રામને ચૌદ વર્ષ વનવાસ, કૃષ્ણને પારધીથી મૃત્યુનો યોગ ભોગવવો પડ્યો.

મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે 'તારે અનેક જીવો સાથે કર્મપ્રારબ્ધ ભોગવવાનું છે, તે સારું, નરસું અને બધી રીતનું હોય, પણ જે જીવો તને મળે તેની સાથે એવી રીતે એ પ્રારબ્ધ ભોગવવું કે એ જીવોનું પણ સાથે કલ્યાણ થાય.' પણ ત્યારે મને આ વાતની ગમ નહિ. આજે પણ નથી. એટલે મેં મારા ગુરુમહારાજને પૂછેલું કે 'કેવી રીતે એ ભોગવવું ?' ત્યારે એમણે મને આ જાતના ઓરડા બનાવવા કહેલું. એટલે એ બધા જીવો જે મળે તે બધા સાથે આ રીતે પ્રારબ્ધ ભોગવાય કે જેથી એ બધાની ઊંચે ગતિ થાય. બધા સાથે સુમેળ, પ્રેમ, સદ્‌ભાવનો ગુણ કેળવતા થાય અને આમ અંદર પુરાઈને અંતર્મુખતા કેળવે તો એનું કલ્યાણ થાય. આવી રીતે કોઈ જીવ એકવીસ દિવસ એકવીસ વખત બેસે તો એવા જીવોનું કલ્યાણ થાય. એ નિશ્ચિત હકીકત છે. હું એ અંગે લખાણ આપવા તૈયાર છું. એકાંતમાં જીવ પોતે કેવો છે, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે એનામાં જે ભર્યા પડ્યા છે તે જાગ્રત થાય છે. બાકી, કોઈ નવા જીવોનું outlook (દૃષ્ટિબિંદુ) પણ બદલાય છે. એને નવી નવી સમજણ પડે છે. અને એવાં ઘણાંને ઘણી જાતના અનુભવ થયા છે. આ પ્રયોગ હું એકવીસ વર્ષથી કરતો આવ્યો છું.

ભાગવતી જીવન કપરું છે, પણ તે ઊંચે ચડવાનો રસ્તો છે. જીવદશા એ પતનની દશા છે. એમાં દ્વંદ્વની દશામાં હોવાથી સારુંનરસું, પાપપુણ્ય વગેરે કરતા હોઈએ છીએ. એટલે સંસાર-વહેવારમાં રહેલા આપણને પોતાને આપણું ભાન જાગતું નથી અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેને આ જાતનો વિચાર કરવાનો પણ અવકાશ મળતો નથી. તેને માટે આ જગા છે. અહીં જીવ પોતાને વિશે તટસ્થતાપૂર્વક વિચારી શકે છે. તમે હજારો રૂપિયા ખરચીને તીર્થ કરવા જાઓ પણ તે મારી દૃષ્ટિએ નકામા પૈસા ખર્ચો છો, કારણ તમને તે જાતની ભાવના નથી પ્રગટેલી.

મૌ.કેડીએ
૯૫-૯૬

ચારે પાસાંથી માનવી ઓળખી શકાય નહિ. એક માણસ કોઈને લુચ્ચો લાગે, બીજાને ભલો લાગે, કોઈને દયાળુ લાગે. એક માણસને સમગ્ર રીતે ઓળખવા આપણે લાયક નથી, તો પછી મહાત્મા કેવી રીતે ઓળખાય ? માટે એ મૂકી દો, જાતને ઓળખી લો, બીજાને ઓળખવાનું તારું ગજું નથી. લાકડી મૂકવાથી તાવ ન મપાય ! થરમૉમિટર જ જોઈએ. એટલે પહેલાં જાતને ઓળખ, બીજાને ઓળખવાનું છોડી દે. બીજા સાથે પ્રેમ કરવાનું શીખ, તું પ્રેમ કર. પ્રેમથી ભેદ ઘટશે અને તે તેનું લક્ષણ છે, તું કેવો છે તે જો. બીજાની વાત કરે છે ત્યારે એક ડાંગ ફેંકું એવું થાય છે. ગુરુમહારાજે દંડો આપ્યો હતો અને કહ્યું હતું કે 'જે કહે તેને બે મૂકવી.' પણ મેં લીધો નહિ. આજે લાગે છે કે લીધો હોત તો સારું થાત, ભલે મારી પાસે તે નહિ આવે. બૈરાંને પણ એમ કહેતાં દેખું છું. તેમને પણ કહું છું કે તું તારી જાતને વિચારજે. મારી પાસે આવે તેને કહું છું કે તમે બહિર્મુખ થઈ ગયા છો, અંતરમાં કામ કરતા મટી ગયા છો, આંખે જે દેખ્યું તેમાં મોહ પામી ગયા છો. કુદરતનું સૌંદર્ય ઊંચી ભાવનામાં લઈ જાય અને સૌંદર્ય વિકાર પણ પેદા કરે-બન્ને વસ્તુ કુદરતે બક્ષેલી છે. આથી, આપણું વિશેષ પતન થાય. જેમ જેમ તે (વિકાર) વધારે તેમ તેમ તે વધારે દુ:ખી. સુધારી દેવાનું પણ શક્ય નથી. ૧૯૧૯થી સુધારાનો ઝંડો લઈને નીકળ્યો હતો પણ લોક કેટલા સુધર્યા ? ઊલટું વધારે થયું છે. ગુરુમહારાજે દંડો લઈને કહ્યું, 'ગાંધીજી સાથે વીસ વર્ષ સેવા કરી તેનું શું પરિણામ આવ્યું ?' જ્યારે દંડો ઠોક્યો ત્યારે ચેતી ગયો. બાહ્ય સેવામાં રાગદ્વેષ હોય છે. જ્યાં સુધી પોતાનામાં ઊંડા ન ઊતરીએ, પોતાની જાતને ઓળખવા પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી શુક્કરવાર વળશે નહિ. મૌ.કેડીએ ૧૨૨

બહાર જે હકીકત કોઈ દિવસ પ્રગટે નહિ તે અહીં સાત દિવસમાં પ્રગટી છે. તે જે રીતે પ્રગટી છે તેવી ક્યારેય પ્રગટી નથી. આપણે મળેલાં કર્મને પણ ઉત્તમ રીતે કરવાં હોય તોપણ મૌનએકાંતની જરૂર છે, એ ફક્ત પ્રયોગ કરવાથી સમજાશે.

પરમ દિવસે એક કૉલેજિયન આવેલો. તેણે બેસવા માટે કૉલેજના દિવસ પાડવાની તૈયારી પણ બતાવેલી. મેં તેને કહ્યું, 'તું કૉલેજિયન છે. કૉલેજના દિવસો પાડે તે નહિ ચાલે. કર્મને અવગણે તે નહિ બની શકે. અમે તારા માટે સરળતા કરીશું. તને પહેલો યોગ કરી આપીશું.' ત્યારે તેણે કહ્યું, 'હું માંદો પડું તો શું કરું ?' અહીં મૌનમાં બેસી જનાર એક ભાઈના ફળિયામાં આ વિદ્યાર્થી રહેતો હતો. આવું મન એકબીજાનું જોઈને થાય છે. હું તો કોઈને કશી વાત કરતો નથી, પણ આ સમાજની સેવા છે.

માણસ અંદર બેસે છે, એકલું જ પુરાવું પડે એટલે આપોઆપ ખબર પડે. ગુલાબની સુવાસ આપોઆપ જ પ્રગટે છે. એને પ્રચારની જરૂર પડતી નથી. કુતૂહલતા થાય છે. ભાવનાવાળો વિચાર કરે છે અને આપોઆપ બેસવા આવે છે. આપોઆપ પ્રગટે એ જ ખરો પ્રચાર. મૌનમંદિરમાં તો મનુષ્યની ભાવના ઊંચી જ પ્રગટે.

હરિદ્વાર
૯

મારા ઘણા મિત્રો મને કહે છે કે 'ભગત, અહીં અંધારું શું કરવા રાખો છો ?' ત્યારે હું કહું છું કે 'કોઈ ઑપરેશન કરવાનું હોય તો તમે કોઈ ડૉક્ટરને કહેશો કે આમ કરો કે તેમ કરો ?' તો અમે ગુરુમહારાજની કૃપાથી આ ટેક્નિકના કંઈક જાણકાર છીએ. અને જે આપણને બીક લાગે છે તે અંધારાથી નહિ, પણ ડરના સંસ્કારો ચિત્તમાં પડેલા હોય છે તે ઉદય થાય છે, એટલે બીક લાગે છે. અંધારાને જ કારણે બીક લાગે છે એવું નથી, કેમ કે એની અંદર અડધા કલાક પછી તો અજવાળું લાગે છે. મારું ચાલે તો સંપૂર્ણ અંધારું રાખું. કુંભકોણમ્ (દક્ષિણ ભારત)માં તો ખૂબ નાનાં બાકોરાં છે અને ફક્ત ત્રણ આંગળી જેટલાં જ પહોળાં છે. અંધારું આપણા જ્ઞાનતંતુને પોષક, ચિત્તશુદ્ધિને પોષક છે. આ પ્રયોગને સિદ્ધ કરવાને જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં પણ અંધારું નથી રાખ્યું. આ તો અહીં જે બધા મારા મિત્રો આવે છે તેમની સમજણ ખાતર કહું છું.

પ્રભુ
૧૯-૨૦

શરીરમાં ઍપેન્ડીસાઈટીસ ક્યાં હોય એ ડૉક્ટર જાણે. ડૉક્ટર જ્યારે ઑપરેશન કરે ત્યારે એની છરી ત્યાં જ ફરે, કહોવાણ થયું હોય એ ભાગ કાપી નાખે. આપણા આધારમાં પણ એવાં સ્થાનો છે-જ્યાં વિચારના, લાગણીના સંસ્કાર પડે છે અને ઘર કરે છે. આપણી ભાષામાં આ સમજાવી શકાય એવું નથી. એને માટે તો યોગ્ય વિદ્યા જોઈએ. જે કરવા બેસે એનાથી થાય. અને એ રીતે એ પોતાનું કલ્યાણ પણ કરી શકે. શરીરમાં છ ચક્રો છે, પણ એ સૂક્ષ્મ છે. ડૉક્ટરો કે વિજ્ઞાનીઓ એને પામી શક્યા નથી. એ એટલાં સૂક્ષ્મ છે કે વાઢકાપ કરવાથી એ હાથમાં નહિ આવે. જ્ઞાનતંતુ એ વાળથીયે કેટલામા ભાગથી નાના હોય છે, પાણીમાં પણ દેખી શકાતાં નથી. પણ સૂક્ષ્મદર્શકયંત્ર વડે દેખી શકાય. આ તો જ્ઞાનતંતુ વિશે વાત થઈ. તે આટલાં ઝીણાં છે. તો આ જે છ ચક્રો છે- જે કરોડરજ્જુમાં આવેલાં છે અને આ જ્ઞાનતંતુનો એ આધાર છે. જ્યારે ભગવાનના નામસ્મરણમાં અખંડિતતા પ્રગટે છે, પરિણામે જ્ઞાનતંતુમાં ગતિ થાય છે, ત્યારે આ છ ચક્રોમાં પણ ગતિ થવા માંડે છે. જીવનમાં ભગવાનની ભાવનામાં જેની નિરંતરતા પ્રગટી છે, તેનામાં આ છ ચક્રો જીવતાં થાય છે. આ છ ચક્રો જ્યારે ગતિમાન થાય છે ત્યારે શરીરની શક્તિ જુદા પ્રકારની બને છે. મંત્રયોગી, જ્ઞાનયોગી, કર્મયોગી, ભક્તિયોગી-કોઈપણ માર્ગના આધારે તેની ભાવનામાં નિરંતરતા પ્રગટાવવી જોઈએ, ત્યારે જ આ છ ચક્રો ગતિમાન થાય.

કેટલાંકને અમુક ચક્ર પહેલું તો કેટલાંકને બીજું ચક્ર પહેલું ગતિમાન થાય છે, તે તો તેની સ્થિતિ પર આધાર રાખે છે. શરીર ત્રણ પ્રકારનાં છે. સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. પાપપુણ્ય થાય છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે અને એ પ્રમાણે ગતિ થાય છે. માત્ર શરીર છોડવાના સમયે જ ભગવાનની ભાવનામાં સ્થિતિ રહે, તો તેની અસર બીજા

જીવનમાં રહે. આ અંગે ઘણું સંશોધન થયું છે અને મીસ્ટીક-ગૂઢશક્તિ-ગુહ્યશક્તિ શોધાઈ છે.

આપણામાં પુરુષ અને પ્રકૃતિ એવાં બે તત્ત્વો છે. પુરુષ સુષુપ્ત દશામાં છે. એને જાગતો કરવો પડે છે. એ જાગતો થાય ત્યારે જ ભગવાનની ભાવનામાં નિરંતરતા પ્રગટે. પછી એ પ્રકૃતિને ચલાવે. જેમાં એ ભાગ ન લે એનું એને બંધન ન લાગે. અને શેમાં ભાગ લેવો અને શેમાં ભાગ ન લેવો એ પુરુષતત્ત્વ નક્કી કરે છે. એમાં પ્રકૃતિનું કંઈ ચાલતું નથી. જે ગુહ્ય અને ગૂઢ વિધિના સંસ્કાર નાખી દીધા છે તે જાગૃત થાય છે. બીજા જન્મમાં એ ખૂબ આગળ વધે છે. આ જન્મમાં એનાથી કશું થયું ન હોય તોપણ એ આગળનું પુણ્ય ભોગવે છે. અનુભવીઓએ જોયું કે બીજો જન્મ લે ત્યારે આગળ કેવી રીતે જવાય ? આ માટે ગૂઢ વિદ્યા શોધી કાઢી. એ વિદ્યા શિખવાડી શીખવાય એવી નથી. સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવાથી બતાવી શકાતી નથી. ગુહ્ય વિદ્યાના જાણકાર આજે પણ છે, પણ તમે કે હું તેને ન સમજી શકીએ. આપણી તેમને સમજવાની ભૂમિકા નથી.

એવા લોકો જાગે ત્યારે રાજા બની જાય છે. એ બધા જ પુરુષતત્ત્વને વશ છે. તેને ભગવાનની ભાવનામાં રમમાણ રહેવાનું જ ગમે છે. એને જન્મતાં જ એવી સરળતા પ્રગટી જાય છે જે સામાન્ય રીતે પ્રગટવાની શક્યતા નથી. એવા લોકો કાળને ટૂંકાવી દે છે. ભગવાનની ભાવનાને સૂક્ષ્મમાં પ્રગટાવવાની બીજી કોઈ શક્તિ નથી. માટે, આપણા સૂક્ષ્મમાં જો આવી ભાવના ઊતરે તો બીજા જન્મમાં આપણને મદદ મળે. એને માટેનું નિર્દોષ નિર્મળ સાધન ભગવાનનું સ્મરણ છે. એનાથી કરીને ભાવના જીવતી થાય છે. જ્યારે તમન્ના હોય ત્યારે જ તે જાગતી રહે, પણ જ્યાં સુધી તેને તેમ ન બને ત્યાં સુધી તો પ્રયત્ન કરવો પડે. ધીમે ધીમે અભ્યાસ વધારીને અજપાજપની (૨૪ કલાક) સ્થિતિએ પહોંચવું જોઈએ. એમ થાય તો હૃદયની-અંતરની ભાવના પ્રગટવા માંડે છે. એ ખરી સાધના છે. અને એ રીતે આત્માના પ્રકાશને અનુભવવાની

ખરી સાધના થાય છે. હળદર કે સૂંઠને ગાંગડે ગાંધી થઈ બેસનારા મારા જેવા બહુ પડ્યા છે, પણ જેનું દિલ જાગ્યું છે, તેને માટે એ સરળ છે, તમન્ના જાગે તેને માટે એ સરળ છે. હરિદ્વાર ૨૩-૨૫

૧૧

સાધના દરમિયાન મારા ગુરુમહારાજે કહ્યું હતું કે 'ભાવનાથી કરીને લોકોના જીવનને ઊંચે આણવું એ પણ મોટામાં મોટી સેવા છે. સમાજની સાથે તારે એ રીતે વર્તવું.' આ વાતની પાકી ખાતરી થયા પછી ક્યારેય કૉંગ્રેસ કે હરિજન સેવક સંઘનો સભાસદ થયો નથી. હું જેલમાં પણ ગયો છું. મેં લાઠીમાર પણ ખાધો છે. મેં જે કંઈ કર્યું છે તે હિમાલયની ગુફામાં નથી કર્યું. એ વાતના પ્રત્યક્ષ સાક્ષી-મારા મિત્રો-સાથે કામ કરનારા-આજેય હાજર છે. આવેલું કર્મ હંમેશાં કર્યું છે, ભોગવ્યું છે. ક્યારેય અવગણ્યું નથી. જ્યારે મારે આ (મૌનએકાંતનું) કર્મ કરવાનું થયું ત્યારથી આ કહું છું. હું તો આને sound proof (અવાજ રહિત) બનાવવા માગું છું. ભગવાનની કૃપા હશે અને તેવી સરળતા થશે ત્યારે તેમ કરાવીશ. મૌ.કેડીએ ૩૯-૪૦

મારા ગુરુમહારાજની કૃપાથી આ રસ્તો મેં લીધો છે. તેમણે મૌનમાં બેસાડવાનું મને કહ્યું. તમે નામ લો. નામસ્મરણની ભાવનામાં દિવસનો મોટો ભાગ પસાર થાય. એટલે એમ કરતાં કરતાં અભિરુચિ થાય. મેં ૧૯૨૨થી સાધનાની શરૂઆત કરેલી. ત્યાર પહેલાં મને આ વાત રુચતી ન હતી. મને ગુરુ સામેથી મળેલા.

તેમણે મને કહ્યું હતું કે 'લોકોને ભાવનાથી ઊંચે લાવવા એ પણ બહુ મોટી સેવા છે. રચનાત્મક કાર્યથી થતી સેવા કરતાં પણ મોટી છે.' ત્યારે મને સમજાતું નહિ, પણ હવે પંદરવીસ વર્ષથી સમજાય છે. સંપર્કમાં આવેલા જીવોની સાથે સારી રીતે વર્તી શકાય એ પણ સૂક્ષ્મ સેવા છે. આ જ્યારથી લાગ્યું ત્યારથી હરિજન સેવક સંઘનું મંત્રીપદ છોડ્યું, ત્યાં સુધી

એ મૂક્યું નથી. મિત્રો પૂછતા કે શરીરથી ન થઈ શકે ? મેં સમજાવ્યું : 'મને તો અનુભવથી થયું છે.' ગુરુમહારાજે મને કહ્યું છે કે 'તારે ઉપદેશ કરવો નહિ.' આમાં આવીને બેસે તો સંસ્કાર પડશે અને જ્યારે તે સંસ્કારનો ઉદય થશે ત્યારે ત્યાંથી આગળ વધી શકશે.

મારા ગુરુમહારાજે કહ્યું છે કે 'અનેક જન્મો છે. પુનર્જન્મ પણ છે. આગળ અને પાછળ પણ છે.' એટલે પ્રારબ્ધ ભોગવવાનું હોય છે. અને મળેલાંની ગતિ ઊંચે થાય તે માટે આ મૌનયજ્ઞ શરૂ કરવાનું કહ્યું. હું તો ગરીબ હતો. તેમણે કહ્યું હતું કે પાંચ આશ્રમ થશે તે થઈ ગયા. મને બીજી વૃત્તિ પણ ઊઠતી નથી. મારી સાથે કામ કરનારા હરિવદન ઠાકોર જેવા મિત્રો પણ આશ્ચર્ય પામે છે અને કહે છે કે અમારાથી પણ આવી રીતે રકમ થઈ શકતી નથી. જ્યારે મારા જેવા ગરીબથી પાંચ આશ્રમો થયા એ ઈશ્વરની કૃપા છે. એની કૃપા હોય તો માણસને રંકમાંથી પણ રાય બનાવે. ભગવાન હજાર હાથવાળો છે, એ વાત બિલકુલ સાચી છે. ચોમાસામાં ખાડા-જાજરૂમાં હાજતે જવાની પંચાત હોય છે. અમને તો તેવી ટેવ પડેલી છે. અમે તો ચોખ્ખાં રાખીએ છીએ, પણ શહેરી લોકોને તો ફાવે નહિ. કોઈકે સારા પાકા જાજરૂ માટે સલાહ આપી અને જાજરૂ માટે પૈસા પણ આપી દીધા. અને જવાબદારી સ્વીકારી લીધી. અમને તો ભગવાનની કૃપાથી જેની જરૂર પડે તે મળતું જ જાય છે. ખાવાપીવામાં વાંધો આવે તો તેને પણ અમે ઉત્તમ જ માનીએ. અમે દાણોયે નકામો નથી જવા દેતા. અમે કોઈને આપી નથી દેતા. વધે તો બે ટંક પણ ચલાવીએ છીએ. જેઓ કહે છે તેમને કહીએ છીએ કે તમે સલાહ આપો છો તો બે પૈસા આપોને ? પરસેવો પાડેલા પૈસા આપી શકાય. આમાંથી આપવાનો અમને અધિકાર નથી. કણ માત્ર પણ નહિ. ભાત વધે છે તો કલાકે કલાકે ઠંડાં પાણીમાં રાખીએ છીએ. ઓચિંતા માણસો આવી પડે તો જે રાંધ્યું હોય તેનાથી ઓછું ઓછું ખાઈને ચલાવી લઈએ છીએ. એને પણ સારું જ

માનીએ છીએ કે પેટમાં ભાર ઓછો થાય. અહીં આવીને જોઈ શકે છે. અમારામાં ઊણપ હશે. અમે પણ મનુષ્ય છીએ. સંપૂર્ણ હોવાનો દાવો નથી કરતા. ગુણઅવગુણ અમારા હોય તો તે પ્રેમથી સ્વીકારી લો. તમે દિલનો સહકાર આપો. દોસ્તી કેળવો. મૌ.કેડીએ ૪૮-૫૦

સમાજની મેં ઘણી સેવા કરી છે. હું ભીખ માગીને ખાતો નથી. મને અધિકાર છે. હું કમાઈ શક્યો હોત છતાં પણ પ્રેમપૂર્વકની સેવા કરી છે એટલે અધિકાર છે. લશ્કરમાં સૈનિકને પણ વીસ વર્ષે પેન્શન મળે છે. મેં પણ સમાજની વીસ વર્ષ તે રીતે સેવા કરી છે. એટલે સમાજ પાસે લેવાનો અધિકાર છે. કોઈ ઉપકાર કરતું નથી. મારા ગુરુમહારાજે મને કહ્યું છે કે 'તારે સાચી વાત કરવી. ઉચ્ચ વાતો કરવી નહિ. કારણ, લોકોની-સમાજની તેવી ભૂમિકા નથી. તું બ્રહ્મની વાતો કરે, પણ તે માટેની લાયકાત નથી. તે અંગે નથી વૈરાગ્ય પ્રવર્તતો કે નથી અભ્યાસ. વૈરાગ્ય એટલે નિર્લોભ, નિરહંકાર, નિર્મમત્વ, નિરભિમાનીપણું એ બધાંનું 'સમટોટલ'-(કુલ સરવાળો). જ્ઞાનની વાતો ખોટી છે. સમાજ આચરણથી ઊંચો આવે. આપણે મિત્રો સમાજમાં ઘસડાતાં ચાલીએ છીએ. રેલમાં જેવી રીતે લાકડાં ઘસડાય છે તેવી રીતે સંસારરૂપી સમુદ્રમાં લાકડાંરૂપે ઘસડાઈએ છીએ. સમાજમાં જીવવું એ શું સેવા નથી ? ન્યોછાવર-ફનાગીરીથી સહન કરવાનું કરો. જ્યાં સુધી રાગદ્વેષ મોળા નથી પડ્યા ત્યાં સુધી એકબીજા પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ, ત્યાગ, ઉમળકો પ્રગટાવો એ પણ સેવા છે.

આમ કરતાં કરતાં સ્મરણ કરીએ તો એવો ઉઠાવ થાય તે અનુભવી સમજી શકે. એકલું બોલવાથી-ઉચ્ચારણથી લાભ થાય એ કબૂલ. મૌનએકાંતમાં અંદર સંસ્કારો ઊભરે છે. માણસ પોતાને સમજતો થાય છે. પોતાના વિશે વિચારતો અને આચરતો થઈ જાય છે, તે માટે મેં ઊભું કર્યું. મારાથી બની શક્યું. પહેલાંનો યુગ care culture (સંસ્કૃતિરક્ષક)નો હતો, જેમાં આપણે બેસી શકવાનાં નથી. અંદર વીજળીનો દીવો છે

પણ સળગાવવો નહિ. જેટલો અંધકાર વધુ હશે તેટલા જ્ઞાનતંતુઓ મજબૂત થશે. અંધકારથી નુકસાન થાય એમ ડૉક્ટરો વગેરે કહે છે તે બરાબર નથી. અનુભવ હોતો નથી. એની કૃપાએ સને ૧૯૪૧થી આ પ્રયોગ ચલાવું છું. માંદાઓને પણ બેસાડું છું. એક વખત એક દર્દી આવ્યો. તે કહે, 'પાશેર પણ આશરે ૧૦૦ ગ્રામ પણ વજન વધતું નથી. વજન વધે તેવું કરો તો બેસું.' મેં કહ્યું, 'આપણો પ્રેમનો નાતો છે. હું તો પ્રયોગવીર છું.' મેં આમાં બેસાડ્યો. એના પોતાના મેડામાં બેસવાનું બનેલું. આવી જગા પણ ન હતી. ઈશ્વરકૃપાએ તેમનું ત્રણ શેર (દોઢ કિલો) વજન વધ્યું. એમાં આશ્ચર્ય નથી. દરેકનું તેમ વધે એમ કહી ન શકાય. એનું વધ્યું એ વાત ચોક્કસ છે.

અંદર બેસવાથી કરીને મનની એક પ્રકારની સ્થિતિ રહે છે જે સંસારવહેવારમાં હોતી નથી. હિંદુ સમાજમાં ભાવના છે, પણ તે સુષુપ્ત સ્થિતિમાં રહી છે. એ પ્રગટે તો સારું.

મૌ. કેડીએ ૯૨-૯૩

૧૨

આનો પ્રચાર ન કરવો. કેટલાક મિત્રો અતિશયોક્તિ કરે છે. તેઓ મારા પ્રત્યેની લાગણીથી તેમ કરે છે, પણ તેઓ મને મુશ્કેલીમાં મૂકે છે. આ માર્ગમાં તો નગદનાણું જોઈએ. જેવી રીતે રૂપિયો લઈને જઈએ તો ભૂસું આપે. જે કરવાનું છે તે આપણે કરવાનું છે. આ દેખાય છે કે તે દેખાય છે તેનો વિચાર ન કરવો. નડિયાદમાં જુદા જુદા અનુભવો થયા છે, એ ખોટા નથી. ભગવાન અનંત છે. બાઈબલમાં કહ્યું છે, હું અને મારા પરમ પિતા એક છીએ, I and my Father are one. બ્રહ્મનાં ગુણધર્મ-શક્તિ પ્રગટ થાય તો સાક્ષાત્કાર થાય. મહાત્મા કશું કરતો નથી. ઍંજિનની પ્રચંડ શક્તિ તેના દ્વારા વ્યક્ત થાય. અસાધારણ શક્તિ-(Abnormal power). દિલ પ્રગટેલું હશે તો અનુભવાશે. તમને શંકરાચાર્ય ભગવાને કહ્યું છે, 'સાગર અને એક બિંદુ સરખું છે.' સાગરની પ્રચંડ શક્તિ બિંદુમાં ના આવે તેવી રીતે શરીરમાં મહાત્મા આવેલા છે.

કાંકરો લોઢું નથી થતો અને લોઢું સોનું નથી થતું, છતાં પ્રારબ્ધ નિમિત્ત પ્રગટે ત્યારે એ પાર જઈ શકે છે. એ મર્યાદાને પણ ઓળંગી શકે છે. એવો અનુભવ થાય છે. અંદર બેઠેલાંને અનુભવ થાય છે. આપણે નથી સમજી શકતાં એટલે ચમત્કાર કહીએ છીએ. રેડિયો ઉપર ભજન ગવાય પણ બધે સાંભળી શકાય છે. એ એક જ વખતે. ચેતન વિસ્તાર પામે છે. ભાવના એકાગ્ર બને અને તેને કેંદ્રિત કરવામાં આવે અને ઉચ્ચ કોટીએ જાય. પછી ગાઢતા પ્રગટે, તે સિવાય નહિ.

સાત દિવસ કે એકવીસ દિવસ બેસે તે સંપૂર્ણ નથી થઈ મૌ.કેડીએ
જતો. એ બધાં પણ તમારાં જેવાં છે. ૬૦-૬૧

અહીં તો બ્રાહ્મણ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી બધા બેસી શકે. હમણાં નડિયાદમાં એક ૭૫ વર્ષના ડોસા બેઠા હતા. તેમની આંખે પણ દેખાય નહિ. મેં તેમને ભય પણ બતાવ્યો હતો કે અંદર બહુ મુશ્કેલી પડશે. છતાં ડગ્યા નહિ. અને મક્કમ નિર્ધાર કરીને બેઠા. મેં બેસતી વખતે કહ્યું હતું કે 'તમારી સાથે અંદર કોઈ હશે એ નક્કી માનજો.' અમે મૌનમાં બેસનારનું પૂર્ણાહુતિના આગલા દિવસે નિવેદન લઈએ છીએ. તેમણે એવા નિવેદનમાં લખ્યું છે, 'કોઈ દિવસ એકલાપણું મૌ.કેડીએ
લાગ્યું નથી.' ૬૮

એ ભાવનાને સળંગ રાખવા માટે સામાન્ય રીતે દરેક જીવને એની પોતાની પસંદગીની રીત માટે આવા એકાંતની જરૂર ખરી. આ કારણે આવા આશ્રમોની જરૂર છે. અને તેથી આવા આશ્રમો બનાવેલા. આમાં કોઈ પંથ કે સંપ્રદાયનું બંધન નથી. શ્રીમાતાજી, શ્રીકબીર કે બીજો કોઈ ફોટો મૂકવામાં પણ વાંધો ન હોય. નડિયાદ આશ્રમમાં જૈન ભાઈઓ પણ બેઠા મૌ.કેડીએ
છે. પારસીભાઈ પણ આવ્યા છે. ૭૫

લોકો કહે છે કે આ તો અઘરું છે. અમારાથી ન થાય. એકલા ભગવાનના નામથી કંઈ ન થાય. ખાલી જપ લખવાથી કંઈ ન થાય. જપ લખવાનું ખોટું નથી, પણ રાગદ્વેષ, અહમ્ વગેરે મોળા પાડો. તેમ કરવાથી ભગવાનના નામમાં ઉઠાવ

આવશે અને તો જ એનો લાભ મળશે. એટલે જોવા જઈએ તો ભગવાનની શક્તિ તો જ્યાં જોઈએ ત્યાં નજરે પડશે, પણ એવી દૃષ્ટિ ખૂલવી જોઈએ.

કોઈ સાધના કે ભક્તિ ન કરે તોપણ એને જેમાં ને તેમાં ભગવાનનું મહત્ત્વ લાગે, સમજાય તો એમ માનવું કે એના દિલમાં ભક્તિ પાંગરવા માંડી છે. બીજાં કારણો આપે તોપણ એ ભક્તિમાં પાંગર્યાં નથી એમ કહેવાય. કોઈ કહે કે એનો દાખલો કે પ્રયોગ આપી શકો ? મારો એક જુવાન મિત્ર સાત દિવસ મૌનમાં બેઠો હતો. તે ભાગ્યે જ ચૌદ કલાક ઊંઘ્યો હશે. હું બાજુમાં જ ઓરડામાં સૂઈ જઉં છું. તે રાત્રે મને એનો અવાજ આવ્યા કરતો, કારણ કે મને અને એને ઊંઘ આવતી ન હતી. એણે એટલાં તો પુસ્તકો વાંચ્યાં અને એમાંથી ઉતારા કરીને મને વાંચવા મોકલ્યા. એટલે સાત દિવસમાં ચૌદ કલાક ઊંઘ્યો તો સરેરાશ બે કલાકની ઊંઘ થઈ. તોય તબિયત બગડી નથી. વળી, ખોરાક પણ ખૂબ ઓછો લીધેલો. એક ટંક જમતો હતો. કૉફી પણ પીતો નહિ, પણ કોઈ કહે કે એ તો દિલનો ઉત્સાહ. તો કોઈ બીજો બેસે અને જો ચાલે છે કે કેમ ? તે ખબર પડે. એટલે હજુ ભક્તિ પાંગરી નથી તે મુખ્ય કારણ છે. એટલે જેનામાં ભૂમિકા કે તાકાત હોય ત્યાં જ ચેતનનો સ્પર્શ થાય છે.

તમે બધા મારા મિત્રો છો અને તમારાં નિમિત્તે મારો આશ્રમ ચાલે છે. હું તમને મહત્ત્વ નથી આપતો, પણ ભગવાનને મહત્ત્વ આપું છું અને એનો જ ઉપકાર માનું છું. અને એ મારો હજાર હાથવાળો છે, કારણ કે સુરતમાં મારું કોઈ ઓળખાણવાળું ન હતું, પણ મારું ઘણું કામ એણે કરી દીધું છે. એટલે એ મારો હજાર હાથવાળો છે અને હજાર આંખવાળો છે, કારણ કે કેટલાંયે ભાઈબહેનો મારી સંભાળ રાખે છે. અહમ્ જ્યારે સમૂળગું ઓગળી જાય છે ત્યારે જ તે ભગવાનને મહત્ત્વ આપે છે. એવા બહુ ઓછા જીવ મેં જોયા છે. ઘણા સાધકો વગેરેને મારે મળવાનું થયું છે, પણ એવા

કોઈ જીવનું મને દર્શન નથી થયું કે જે ફક્ત ભગવાનને જ મોખરે રાખીને વર્તે.

જીવનમાં ઘણા પ્રસંગો બને છે. એવા પ્રસંગની વાસ્તવિકતા સ્વીકાર્યા છતાં એ ભગવાનને મહત્ત્વ આપ્યા કરતો નથી. એટલે ત્યાં સુધી એ સાધક કે ભક્ત નથી. એનામાં ભક્તિ પાંગરી નથી એમ કહેવાય. એટલે આપણા પોતાના વિકાસ ખાતર રાગદ્વેષ મોળા પાડો, પૂર્વગ્રહ છોડો, સદ્‌ભાવ, સહાનુભૂતિ કેળવો, બીજાનો વિચાર છોડો. માત્ર તમારો જ વિચાર કરવાનો છે. બીજાની વાત તદ્દન છોડો. બીજા કોઈ આપણી કૂથલી કે નિંદા કરે તોપણ આપણને કંઈ ન થાય એવી રીતે વર્તો. ભગવાનના સ્મરણનો તો જ ઉઠાવ થશે. જો આ બધું તમે કરશો તો તેનાથી તમને ઓથ, હૂંફ, બળ, ઉઠાવ વગેરે મળશે અને ત્યારે જ અણીને વખતે સ્મરણ ખપ લાગશે. અને તો જ અણીને વખતે ટકી રહેવાશે. માટે, ભગવાનનું સ્મરણ લીધેલું કામનું. પ્રભુ ૭૦-૭૧

કોઈ કહે તો તેને કહું છું કે મૌનમંદિરમાં પુરાશે તો શાંતિ થશે. અંદર બેસનારથી નામ લેવાય છે, એ હકીકત છે. મારો નાનો ભાઈ મારો વિરોધ કરતો. આ તૂત છે એમ કહેતો. એ મારી સાથે રહે પણ નહિ. અમે ભાઈઓ-એક મા જણ્યાં-હોવા છતાં જુદી જુદી પ્રવૃત્તિને કારણે સાથે રહ્યા નથી. આ વખતે આફ્રિકાથી આવ્યો. ત્રણચાર મહિના મારી સાથે રહ્યો. કોઈ દિવસ તે બેસે તેવી કલ્પના પણ થાય નહિ. તેને મરજી થઈ. તેણે કહ્યું, 'હું બેસું, પણ કરું શું ? બાળ કેળવણીનાં ગીતો લખું ? લેખો લખું ?' મેં તો બધાંની 'હા' પાડી. તારે જે કરવું હોય તે કર, પણ અંદર રહે તો ખરો, અને જે દિવસે એકવીસ દિવસ બેસવાનું નક્કી કર્યું તે દિવસે મને જે આનંદ થયો તેવો આજે ભાઈએ કૃપા કરવાથી થયો. સતત નામસ્મરણ થયું. સત્તરઅઢાર કલાક બોલાયું હતું. ગાંધી આશ્રમનાં એક બહેનથી બાવીસ કલાક થયું હતું. કાઠિયાવાડના ભરવાડ પણ બાવીસ કલાક બોલતા છતાં ઊંઘનો ત્રાસ નહિ. સ્ફૂર્તિ પણ ઓછી

નથી થઈ. બે કલાક પણ પૂરી ઊંઘ નહિ. ત્યારે પણ વચ્ચે વચ્ચે બોલાતું, છતાં શરીરને નુકસાન થયું નથી. કોઈ નામસ્મરણ લેવા ના પાડે તેને બીજી પ્રવૃત્તિ માટે પણ રજા આપું છું, પણ જ્યારે અંદર જઈને નોખા થવાનું બને છે ત્યારે વિચાર્યા વિના તે રહી શકે નહિ. નોખા થવાથી જ એકાગ્રતા આવે અને શાંતિ પ્રગટે, તે અનુભવની હકીકત છે. આ માનવા

મૌ.કેડીએ ૩૧ ન માનવાનો સવાલ નથી. આ એક જુદા પ્રકારનો અનુભવ છે. લેવા જેવો છે અને સમજી શકાય તેવો છે.

અહીં મૌનઓરડામાં બેસવાનું મળે, અને જે નામસ્મરણ અહીં લેવાય તેના સંસ્કાર એટલા જ ઊંડા પડે છે. એના બે દાખલા આપું :

બાબુભાઈ તમાકુવાળા ચૌદ દિવસ બેભાન રહ્યા તે દશામાં પણ એ સ્મરણ કરતા. વળી, પદ્માસન વાળીને બેસતા એટલે એમને જીવવાની મુશ્કેલી છતાં ખૂબ મદદરૂપ નીવડ્યું છે.

બીજું, અહીં બારડોલીવાળા ઉત્તમચંદભાઈની નાની દીકરી નિરંજના સાત દિવસ મૌનમાં બેઠેલી. તે બારડોલી ગયા પછી એના બાપ પાસે સૂતેલી અને ઊંઘમાં હરિઃૐ બોલતી. એના બાપને થયું કે 'આ છોકરી જાગે છે કે ઊંઘે છે ?' એટલે એમણે જોયું તો ઊંઘતી હતી.પછી એમણે પણ હરિઃૐ બોલવાનું શરૂ કર્યું. એટલે પેલી છોકરી પણ બોલી અને પછી તો એમણે એને જગાડીને પૂછ્યું કે 'તું જાગે છે કે ઊંઘે છે ?' તો કહે કે 'ઊંઘતી હતી.' એટલે ઊંઘમાં પણ એનાથી ભગવાનનું નામ લેવાતું હતું. આ ઉપરથી અહીં મૌનમાં બેસનારના સંસ્કાર કેટલા ઊંડા પડે છે તે સમજાય છે. એટલે સંસારવહેવારમાં આપણું મન ઘણી દિશામાં વહેંચાયેલું હોવાથી મૌનમાં સ્મરણ જેટલું ઊંડું જઈ શકે તેટલું ઊંડું બહાર રહીને લેવાથી જઈ શકશે નહિ. એટલે આવા એકાંતમાં કોઈપણ જાતની પ્રવૃત્તિ વિના રહીએ ત્યારે ભગવાનની ધારણા એટલી ઊંચે જ લઈ

પ્રભુ ૫૦-૫૧ જાય છે અને એ કારણે રોગ, દુઃખ, મુશ્કેલી વગેરેમાં એ ખૂબ મદદરૂપ નીવડે છે.

ભાઈ...ને જે હકીકત મૌનએકાંતમાં શ્રી...ની દીકરી વિશે જણાવેલી તે રજે રજ ખરી પડી છે. એવા અનુભવોથી માનવીનું દિલ જાણેઅજાણે મરતું મરતું હોવા છતાં પણ આ બાજુ જરા તરા સળવળતું રહ્યા કરે છે, એને એનો મોટામાં મોટો લાભ છે. અને આ બધું ધતિંગ નથી, પણ એમાં જરૂર કંઈ હકીકત છે. એવું જીવને સમજાયા વિના રહેતું નથી. એવું તો બીજું પણ કેટલુંક મૌનએકાંતમાં ....ને જણાયેલું જે પાછળથી ખરું માલૂમ પડેલું છે, તથા આ મૌન વખતે ભાઈ...ને તેમનું કોઈ સગું ગુજરી ગયું, અને ત્યારે પાસે એમના ભાઈ બેઠા છે અને તેમને જ હાથે અગ્નિસંસ્કાર થયા તે બધું જણાયેલું. અને મૌનએકાંતમાંથી બહાર નીકળ્યા પછી માલૂમ પડ્યું કે એમને મૌનમાં દેખાયેલું સાચું હતું. એમના તે પહેલાંના મૌન દરમિયાન પણ પેરિસ જર્મનીએ કબજે કર્યાનું પણ તેમને મનમાં થયેલું. બીજાઓનાં મૌનમાં બીજા પણ એવા દાખલા બનેલા છે. ઉપરના બન્ને વખતે મૌનમાં ઊગેલાની અને બહારથી બનેલા પ્રસંગની તારીખો સરખી જ હતી. મૌનએકાંતનો સમય મારે મન તો આ જીવ સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું ન થયું હોત તો તમારામાંનું કોઈપણ મારી સાથે રહી શક્યું ન હોત. પાથેય ૧૨૮

૧૩

ગયા મંગળવારે (તા. ૪-૭-૧૯૬૧) આ આશ્રમ ઉપર અને મારા પર કાળું કલંક લાગે એવી ઘટના બની ગઈ. એમ.બી.; બી.એસ. તથા આંખના રોગના નિષ્ણાત ઉપરાંત, પરદેશની ડિગ્રીવાળા એક ભાઈ મૌનમાં બેઠેલા. મૌનરૂમમાં મારો ફોટો જોઈને એમના મનમાં ગડમથલ થઈ. એમના ગુરુ કોઈક બીજા હતા. વળી, પાઠપૂજા કરવાનો એમનો નિયમ હતો. એમને થયું કે મારા ગુરુ સિવાય બીજાને કેવી રીતે પગે લગાય ? આવી ગડમથલમાં એમને તુલસીદાસનો પ્રસંગ યાદ આવ્યો. તુલસીદાસે વૃંદાવનમાં શ્રીકૃષ્ણની મૂર્તિ જોઈ. તેઓ તો રામના

ભક્ત હતા. ભગવાન કૃષ્ણની મૂર્તિને કહે કે 'ભગવાન તમને નહિ નમું, પણ તમે જ રામ છો, એક જ ઈષ્ટદેવ છો એની મને ખાતરી થાય તો જ હું તમને નમું. માટે, તમે ધનુષ્યબાણ હાથમાં લો.' ભગવાન કૃષ્ણની મૂર્તિએ ધનુષ્યબાણ હાથમાં લીધાં. આ પ્રસંગ આ ડૉક્ટરને યાદ આવ્યો. એમણે એવી પ્રાર્થના કરી કે 'મોટામાં એવી શક્તિ હોય તો મને મારા ગુરુમહારાજનાં દર્શન થાય, અને એમને એવું થયું.' છતાં આ કલ્પનાના તરંગો તો નથીને ? માટે, એમણે અનેક રીતે ચકાસણી કરી. જ્યારે ખાતરી થઈ કે આ ગુરુમહારાજ છે ત્યારે એમને ઘણો આનંદ થયો. આ અનુભવ તેમને બહુ ઉપયોગી નીવડ્યો.

ચારપાંચ દિવસ એમને બહુ સારું લાગ્યું, પછી એમને ભાવાવેશ આવ્યો. ગાંડપણ જેવું લાગ્યું. એમણે ખોરાક લીધેલો નહિ એ એમની ભૂલ હતી એમ એમણે કબૂલ પણ કર્યું. પણ એ લશ્કરી માણસ હતા આથી, ઝનૂન ઘણું હતું. એમણે એમ કહ્યું કે ભાવાવસ્થામાં પણ એમણે મારી ચિઠ્ઠી વાંચેલી. પણ એમને મૌનરૂમમાંથી બહાર કાઢવામાં આવ્યા એ એમને બળાત્કાર જેવું લાગ્યું. તેથી, ઓચ્છવભાઈની ફેંટ પકડીને પોતે એમને મારવા ગયેલા. બહાર નીકળીને તાપી નદીમાં નાહીને મૌનરૂમમાં બેસવાની એમની ઈચ્છા હતી. આથી, બધાં પ્રાર્થનામાં બેઠાં એટલે એ તો નદીમાં પડ્યા.

મેં કહ્યું, 'મને પૂછવું તો હતું, એવું કેમ કર્યું ?'

એમણે કહ્યું, 'બીજાઓ મને એમ ન કરવા દેત.'

મેં કહ્યું, 'હું જરૂર તમને માનત.'

-પણ એમને વિશ્વાસ ન પ્રગટવાથી તાપી માતામાં સ્નાન કરવા એમણે નદીમાં ભૂસકો માર્યો.

એ વાત એમના જ શબ્દોમાં હું તમને સંભળાવું છું.

'નદીમાં મેં ભૂસકો માર્યો પણ જમીન ઉપર મારા પગ અડે જ નહિ, હું અંદર ઘસડાયો. મને તરતાં આવડતું નહિ, એમ છતાં તણાયાનું મને ભાન રહેતું હતું. વચ્ચે વચ્ચે પાણી ઉપર આવી જતો હતો. દસબાર ઠેકાણે ઊંડું પાણી આવેલું. રાંદેરના

કિનારે ઊંડું પાણી હતું. ત્યાં દોરડું નાખીને મને બહાર કાઢ્યો. મેં લશ્કરમાં કામ કરેલું એટલે મારી ઇચ્છા વિરુદ્ધ કોઈ કંઈ કરે તો હું ગુસ્સે થઈને એક સ્લૅપ-તમાચો મારી દઉં. મને પાણીની બહાર કાઢ્યા પછી હું એમાં ફરી પડવા જતો હતો, કેમ કે મારે સ્નાન કરવું હતું અને લોકો એનો વિરોધ કરતા હતા.

'આ બધું બન્યું એ ભગવાનની કૃપાનો ચમત્કાર છે એની મને ખાતરી થઈ છે. ટીપું પણ પાણી પિવાયું નથી.જમીનને પગ અડકતા ત્યારે બહાર નીકળવાની બુદ્ધિ સૂઝી નહિ. બહાર નીકળતો-અંદર ડૂબતો-એમ કરતાં કરતાં રાંદેરના કિનારે પહોંચ્યો. મને મારી રીતે વર્તવા દેવાનો વિરોધ થયો ત્યારે મેં તોફાન કરેલું.'

પછી ડૉક્ટર અમદાવાદ પહોંચ્યા. ત્યાં પણ તોફાનના બે-ચાર બનાવ બનેલા. એટલે એમને દોરડાથી બાંધવામાં આવેલા. ત્યારે એમણે એમનાં પત્નીને જણાવ્યું કે 'હું મોટેથી હરિસ્મરણ કરું છું, એ આવેગને લીધે કરું છું. હું ગાંડો થયો નથી.'

પણ એ લોકો માન્યા નહિ. એમના કહેવાથી એક સંબંધીને એમને ઘેર બોલાવ્યા. ડૉક્ટરને આધ્યાત્મિક બાબતના પ્રશ્નો પૂછ્યા. ડૉક્ટરે જવાબ દીધા ત્યારે ખાતરી થઈ. આથી, એ સંબંધીના જામીન ઉપર એમને બાંધેલા તે છોડ્યા.

'એ પછી મારાં પત્નીએ કોઈક સારા વૈદને બતાવીને દવા કરાવવાનું કહ્યું. નડિયાદમાં એક સારા વૈદ મારાં સગાં હતાં. આથી, મેં મારાં પત્નીને કહ્યું કે 'દવા કરાવવી હોય તો નડિયાદવાળા વૈદને બતાવીએ.' મારી તીવ્ર ઇચ્છા તો નડિયાદ જઈને 'મોટા'ને મળવાની હતી. એમ ને એમ મને કોઈ નડિયાદ જવા ન દે એટલે મેં આમ કહ્યું. અમે નડિયાદ આવ્યાં અને ઘોડાગાડીમાં બેઠાં એટલે મેં ઘોડાગાડીવાળાને કહ્યું, 'હરિઃૐ આશ્રમ લઈ લે.' આથી, મારી પત્નીને વળી પાછો ધ્રાસકો પડ્યો.'

આ રીતે એ મારી પાસે નડિયાદ આવ્યા અને પોતાને જે કંઈ થયેલું એનું બધું વર્ણન કર્યું. એ પરથી મેં તમને ઉપરની

હકીકત જણાવી. ડૉક્ટરે મને કહ્યું કે 'મોટા, આંતરિક રીતે હું સંપૂર્ણ સજાગ હતો. બધા બહારથી બૂમ પાડે એ મને ગમે નહિ. મેં બે દિવસ ખાધું નહિ એ મેં મોટી ભૂલ કરી, પણ તાપીમાં નાહવા જતાં મને જબરજસ્ત અનુભવ થયો છે, ભગવાનની શક્તિને કારણે બચ્યો છું, નહિતર બચું નહિ, કેમ કે મને તરતાં તો બિલકુલ આવડતું જ ન હતું. આખરે ભગવાને લાજ રાખી.'

'મોટા' પ્રત્યે જે આદરભાવ ભક્તિભાવ રાખો છો એનું આ પરિણામ છે. આશ્રમ તો એક સંસ્થા છે, એ જડ ગણાય, પણ ચેતન પરત્વે જેટલો ભાવ વધારશો તેટલું વધુ સારું પરિણામ આવશે.

સંસારમાં સ્વાર્થની રીતે ભગવાનને ભજીશું તો એનો પણ બદલો મળશે, પણ સવારથી ઊઠીને ભગવાનનો ખ્યાલ રાખીને કામકાજ કર્યા કરીશું તો મન હળવું રહેશે, મુસીબતો ટળશે અને શાંતિ મળશે.

આપણો કોઈ મિત્ર હોય, બહુ સારી સ્થિતિ હોય, ઘનાઢ્ય હોય, અને આપણે આપણી જરૂરની પળે એની પાસે જઈએ તો એ મદદ આપતાં અચકાય નહિ. જો પ્રેમભાવભર્યો સંબંધ હોય તો, બે પૈસાની જરૂર હોય તો એ જરૂર મદદ આપે, પણ જો એવો સંબંધ ન રાખ્યો હોય તો કામ બને નહિ. આપણે આવો સંબંધ રાખતાં નથી. માટે કહું છું કે 'ભગવાન સાથે દિલમાં પ્રેમથી સંબંધ રાખ્યા કરો.'

આપણે ભલે સંસારના રગડામાં પડેલાં હોઈએ, પણ એને સંસારવહેવારનાં કામમાં પણ જીવતો રાખીએ તોય એની મદદ મળે જ છે. ડૉક્ટર તાપીનાં ઊંડાં પાણીમાં જવા છતાં ડૂબી ન ગયા એ તો ભગવાનની કૃપાનો ચમત્કાર છે. મને એમ કહેવામાં આવેલું કે 'એ ભગવાનનું નામ લેવાવાળા છે.' પુનિત મહારાજે પણ મને કહેલું કે 'એ મોટો ભક્ત છે.' એટલે મેં એમની બહુ દરકાર કરેલી નહિ. એમને આવા હુમલા આવે છે એનો મને ખ્યાલ નહિ, નહિતર પહેલેથી લક્ષ રાખત.

એક બહેન મૌનમાં બેઠેલાં. એમણે મને એમની સ્થિતિ વિશે પહેલેથી વાત કરેલી. એટલે મેં પહેલેથી કાળજી રાખેલી. ભાઈ, અમારી પાસે તો કંઈ નથી, અમારા ભગવાન સમર્થ છે. 'કર્તું અકર્તું અન્યથા કર્તું સમર્થઃ'-કરવા ન કરવા અને ઊંધું કરવા એ સમર્થ છે, એ બધી દરકાર રાખશે. એમ છતાં એવું કંઈ હોય અને હું હાજર હોઉં તો પહેલેથી મને વાત કરી દેવી. હરિદ્વાર ૧૦૭-૧૧૨

મૂળ વાત-એટલે ધ્યેય પ્રાપ્ત કરવા ભગવાનનું સ્મરણ કરો. પ્રાર્થના કરો, નિવેદન કરો. પ્રાર્થના, નિવેદન વગેરેથી ધ્યેય સન્મુખ થશે. ગુરુમહારાજે આ રસ્તો બતાવ્યો કે માનવીને એકલો મૂકી દેવાથી એને પોતાનું દર્શન થશે અને એટલે આપમેળે વિચારશે. પ્રત્યક્ષ સિનેમાની ફિલ્મ જેમ, અનુભવો થયેલા છે અને નિવેદન કરેલાં છે એનું એવું પ્રત્યક્ષ દર્શન થાય.

મારા એક વડીલ, જેનું મારા પર બહુ ઋણ તેને એવું તો દર્શન થયેલું કે તે કહે, 'અલ્યા ચૂનિયા, તારો જાદુ બંધ કર.' તો એ બધું આમ પ્રત્યક્ષ થતાં એમાંથી એ નીકળી જાય, પ્રાયશ્ચિત્ત કરીને-ભગવાનને ચરણે નિવેદન કરીને. તો એનું કલ્યાણ થાય છે અને આવા સાધન સિવાય માનવીમાં જે જે પડેલું છે તે ઊગી શકવાનું નથી.

માનવીના જીવનમાં એવી ફુરસદ એને નથી. અરે, જરાયે ગતિ એની થાય એવી શક્તિ જ એનામાં નથી. એટલે મારા ગુરુમહારાજે ખરું સાધન મને બતાવેલું. તે વખતે બિલકુલ પૈસા નહિ અને આ કેમ બને ? તો કહે, 'મારું તને વચન છે કે જે કોઈ તને મદદ કરે તેનું તારા માથા પર ઋણ ન રહે.' પણ મને એમ કે જે મને મદદ કરે તેનું શું ? તો કહે કે 'નિશ્ચિંત થા. તને જે કોઈ મળશે અને મદદ કરશે તેનું કલ્યાણ થશે.' એવું કહ્યું ત્યારે મને નિરાંત થઈ.

અને એક વખત આવો પ્રસંગ સાંપડેલો. મારા મિત્રોએ મને આશ્રમ કાઢવા પૈસા ભેગા કરી આપેલા તે પાછા આપી દીધેલા, પણ પછી સ્પષ્ટ હુકમ થયો ત્યારે આ શરૂ કર્યું, પણ માનવી અંદરથી બહાર આવીને બધું વીસરી જાય છે, એટલે

મર્મ ૮૧-૮૨ અટકી જાય છે. જો અભ્યાસ ચાલુ રાખશો તો ઉત્તમ પ્રકારની ગતિ થશે.

૧૪

'મોટા'ના સંબંધમાં આવ્યા છો તો વિચારો. કોરા ને કોરા ન રહેશો. મારી તો ઉત્કટતાવાળી તત્પરતાવાળી તૈયારી છે. બુદ્ધિથી વિચારીને નહિ પણ ભગવાનની પ્રાર્થના કરીને મદદમાં આવવા પ્રયત્ન કરું છું. મારા દિલમાં તો તમને ઉપયોગમાં
મર્મ ૧૮ આવવા માટેની ખરેખરી ઝંખના છે, પણ એ સાથે ભાવનાથી કરીને ઊંચે આવવાની તમારી પણ તૈયારી જોઈએ.

મારો તમારી સાથે કોઈ પરિચય ન હતો, કોઈ લાગણી પણ પહેલાં ન હતી, પણ આશ્રમ થયા પછી મેં તો બધાંને ચાહ્યાં છે અને દિલનો સંબંધ રાખ્યો છે. તમને ચાહીને મેં તો ભગવાનનો જ સંબંધ બાંધ્યો છે. અને કોઈક વખતે તમારી પાસે માગું છું તો એમાં ભગવાનની સેવા છે અને એમ કરીને તમારી સેવા કરું છું.

બાકી, મારામાં કશી લાયકાત નથી. ભિખારી છું, પણ એની પાછળ હેતુ છે. એવાં કોઈક કર્મથી મળેલાંની ગતિ ઊંચી થાય એ હેતુ છે. અને ગુરુમહારાજનો હુકમ છે કે 'જે જે મળે તેની ગતિ ઊંચી થાય એવી રીતે તારે વર્તવાનું છે.'

એ ગતિ ઊંચી ક્યારે થશે તે જાણતો નથી, પણ થશે તો ખરી જ. હું કંઈ ભવિષ્ય જાણતો નથી, પણ તમે પોતાના મનને અંતરમાં બાંધીને દિલમાં લક્ષ કરો તો લાગશે કે મોટા તો તમને ચાહ્યા કરે છે. મારું કામ તમને ચાહવાનું છે. જોકે એટલાથી મારું કામ પતતું નથી, કારણ, જીવનના દરેક ક્ષેત્રમાં લોકોનું જીવન છે. તેમાંથી ગતિ ઊંચી થાય ત્યારે મારું કામ ફલિત થાય, કૃતાર્થ થાય. એટલે મળેલાંની સાથે એવો સંબંધ બાંધવો
પ્રતિષ્ઠા ૭૦-૭૧ કે એ લોકોનું 'મોટા' પરત્વે દિલ પ્રગટે. એ કેવી રીતે થશે એની મને ખબર નથી.

હું સાધુસંતો સાથે બહુ ફર્યો છું. તેઓ ચેતનને અનિર્વચનીય

કહે. હું એમને પ્રયોગનું પૂછું, તો કહે, 'અલ્યા પ્રયોગ શેનો ?' મારે ગળે એ વાત ઊતરે નહિ. ચેતનમાં નિષ્ઠા પામીએ એનાં પણ લક્ષણો તો હોવાં જ જોઈએ. આપણામાં ચેતના પ્રગટતી હોય તો ખબર કેમ ન પડે ? ચેતન પ્રગટવાથી તો અનેકગણું કામ કરવાની શક્તિ પ્રગટે. ચેતનથી તેજ પ્રગટે, નમ્રતા પણ પ્રગટે, પણ એ નમ્રતા ઘેટાં જેવી નહિ, એમાં તો સિંહના જેવું તેજ પ્રગટે. નમ્રતા સાથે નિઃસ્પૃહા હોય છે. ચેતનમાં નિષ્ઠા પામેલા જીવ નિઃસ્પૃહ અને સ્પૃહાવાળા પણ હોય છે. એ વહાલ પણ કરે અને ગુસ્સોય કરે. એ કોઈની પરવા ન કરે. એને તો ભગવાનની ઓથ હંમેશાં હોય છે. એ સદાસર્વદા નિશ્ચિંત હોય છે. જ્યારે કહેવાનું હોય ત્યારે સાફસાફ કહી દે છે. એ પોતાના વહેવાર પ્રયોગથી સાબિત કરી બતાવે છે કે એને ધનનો લોભ નથી, કે કોઈપણ પ્રકારની ચિંતા નથી, પણ આપણું દિલ જો પ્રેમભક્તિવાળું ન પ્રગટ્યું હોય તો એ બધું ઉપરથી ચાલ્યું જાય છે. મર્મ ૪૫-૪૬

નડિયાદમાં એક ડૉક્ટર દંપતી છે. રોજ નિયમિત સાડા છ વાગ્યે આશ્રમમાં આવે છે. એમણે પ્રશ્ન કર્યો કે 'ચેતનને ખોળવાની શી જરૂર છે ? આ બધું ચેતન જ છેને ? બોલીએ છીએ, સ્વાદ કરીએ છીએ, કામ કરીએ છીએ એ બધું ચેતનને લીધે જ છેને ? તો પછી આ ખોળવાની અને બીજી બધી ધમાલ શી ?'

મેં એમને પૂછ્યું, 'સંસારવહેવારમાં ઘર્ષણ, સંતાપ, વેદના, દુઃખ, અથડામણ થાય છે કે નહિ ? છતાં સુખ જ ગમે છેને ? સુખ અનંતકાળ રહે એવું મળે તો ગમે કે નહિ ? માટે, અનંત સુખનો અનુભવ થાય, ગમે તેટલું દુઃખ હોવા છતાં એવી સ્થિતિ પ્રગટે કે સુખનો અનુભવ જાય જ નહિ, એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઉપાય શોધવા. અસ્ખલિત સુખના અનુભવ માટે મહાત્માઓને કાળ નડ્યો. એ કાળ ટૂંકો કરવા સાધનોની ખોજ કરી. આજે પણ એ પ્રકારની સાધના છે પણ એવી સાધના કરવાની કોઈની તૈયારી નથી, કેમ કે એ પૂર્વે એકદમ ચિત્તશુદ્ધિ થવી જોઈએ.

આપણામાં કામક્રોધાદિ અનંતકાળથી છે. એનો Impact (એની અસર) છે એ જવો જોઈએ. અનંતકાળ લગી શાંતિ અને સુખ ટકે એ માટે ચેતનનો વિચાર આવ્યો. આમ, મેં ડૉક્ટર દંપતીને સમજાવ્યું. આ અનુભવનો વિચાર છે, તુક્કો નથી. જેને પોતાનું જીવન ફના કરવાની તૈયારી હોય એ જ
મર્મ એ પામી શકે. મેં એમને પૂછ્યું, 'બધાં એવું કરી શકશે ?'
૪૯ અને મને અનુભવથી લાગ્યું એટલે આ આશ્રમ કર્યો.

મારા ગુરુમહારાજે આ બધું શિખવાડેલું. તેઓ તો કહેતા હતા કે 'આ આયુષ્ય તો ફટકિયાં મોતી જેવું છે, પણ લોકોને એ સૂઝતું નથી. લોકો તો અંધારામાં છે. માટે, આવું કંઈક કર.' આ મૌનમંદિરો એટલા માટે બંધાવ્યાં કે લોકો અંદર અઢાર કલાક સળંગ સ્મરણ કરે, મથે. એના સંસ્કારો ઘણા ઊંડા પડશે. અંદર રહેશો તેટલો વખત બહારની પ્રવૃત્તિ પણ બંધ પડશે. મારા ગુરુમહારાજે કહેલું કે 'તારી આ પ્રવૃત્તિ તારી હયાતી દરમિયાન નહિ સમજે, પણ તારું શરીર નહિ હોય ત્યારે એની
મર્મ કિંમત સમજાશે.' હું આખું હિંદુસ્તાન ફર્યો છું, પણ ક્યાંય
૪૪ એકતાન થવાની સરળતા પ્રગટે એવું જોયું નથી.

૧૫

ગમે તેટલા ભક્ત થયા હોય બહાર બધે પંકાય. પોતાના કુટુંબમાં નહિ. મને મારા બધા માણસોએ ના પાડેલી કે 'અલ્યા, તું નડિયાદમાં ના કર.' મેં કહ્યું, 'ગામમાં જ જવું સારું. આપણું ચારિત્ર્ય કેવું હતું ? કેમ વર્ત્યા હતા ? કેમ નહિ ? કોઈ ચાર લોકોને જાણવું હોય તો જાણવાનું મળેને ? ગામમાં સારું. પણ પાંચહજાર માઈલ દૂર બેઠાં હોઈએ તો આપણે કોણ છીએ ? કેવાં છીએ ? એની શી ખબર પડે ?'

આજે નડિયાદમાં જઈને હું બેઠો છું. ત્યાં સારી રીતે માન-આદર થાય છે. બધાં ભક્તોનો તેમના જ્ઞાતિજનોએ હંમેશાં તિરસ્કાર કર્યો, અવગણના કરી. મારે ત્યાં એવું કંઈ નથી.

આ એક એવો ઐતિહાસિક બનાવ છે. નરસિંહ મહેતા

જુઓ, તુકારામ જુઓ, જ્ઞાનદેવ જુઓ, એ બધા થઈ ગયા. એમના સમાજે, એમનાં કુટુંબે એમને કંઈ ગણ્યા નથી. તમે તો મને ગણ્યો છે. એવું સમજું છું. તમે મને મદદ કરી છે. હું બોલી શકતો નથી. તમારાં બધાંના દિલમાં આ ભાવનાનું બીજ રોપાશે. હું કંઈ છોડવાનો નથી. મારું શરીર પડી જશે, પણ એ કંઈ જીવનનો અંત નથી.

હું તો ઘણા વખતથી કહું છું કે હું ફરીથી જન્મ લેવાનો છું અને તે સ્ત્રીનો લેવાનો છું એમ પણ કહું છું. એટલે તમારી સાથેનો મારો સંબંધ જે મેં કાયમ રાખ્યો છે, એનાથી તમે મારી પાસે આવવાના છો, આવવાના છો ને આવવાના છો એની મને આજે અત્યારે પણ એટલી જ ખાતરી છે, પણ એ ખાતરી પેલા કાળની વાત છે.

મારું શરીર છૂટતાં પહેલાં બધાંનાંમાં આટલું થોડુંક ભાવનાનું બીજ જો રોપાઈ જાય તો મને બહુ સંતોષ થાય. વાણી-૩ ૪૯-૫૦

મૌનએકાંત મંદિરમાં આપણે ચેતનનો સાક્ષાત્કાર પામીએ એ પ્રમાણે વિચારીને બેસીએ તો ખરાં, પણ એ પ્રમાણેનું આપણું વર્તન ન હોય તો કશું વળે નહિ. દરેક માણસે પોતે શાંત રહી શકે એ માટે જાગૃતિપૂર્વક, પ્રમાણિક, વફાદાર અને જીવતો-જાગતો એકધારો પ્રયત્ન કરવો જોઈએ. એમ થાય તો જ આપમેળે આગળ વધાય. આ પગલું નાનું ભલે ગણીએ છતાં પણ બહુ મોટું પગલું છે. એકધારી શાંતિ અને પ્રસન્નતા પ્રગટે એટલું જ ધ્યેય રાખીએ. હરિદ્વાર ૧૦૪

❑

ખંડ-૧૨

# વેદના સાથે આનંદ

■

(ગઝલ)

શરીરની કેવી મર્યાદા ઉપરવટ તો જવા મળિયાં-
-દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં ?

તપ
૧૫

*શ્રીમોટા*

■

■

(ગઝલ)

જીવનના સૂક્ષ્મતમ ક્ષેત્રો બધાં જે યુદ્ધક્ષેત્રો છે,
થતી તેની અસર સઘળી શરીર પર શી નિરાળી તે !
પચવવાને અસર તેવી શરીર લાયક થયું ના છે,
બધી તેની વીતક, જુદી જુદી રીતે થતી ર્‌હે છે.
છતાં પોતે સહી લે છે અસહ્ય વેદનાને તે,
છતાં તોયે કશી તેની નિશાની મુખ પરે ના છે !
તટસ્થ, નિસ્પૃહી રહીને કૃપાથી સહી સહુ લે છે,
પરંતુ કોઈના જાણ્યા વિશે તે તો ન આવે છે.

**શ્રીમોટા** પ્રભાત
૨૧૧

ગુરુની પ્રથા એમ ને એમ ખાલી ખાલી mechanically-ઘરેડની માફક-કરવાનો કશો અર્થ નહિ. ગુરુ હંમેશાં વફાદાર છે. એની વફાદારીની તોલે કોઈ સંસારી માણસ આવી શકે એવી તાકાત નથી. મેં 'સદ્‌ગુરુ'માં લખ્યું છે કે એ વફાદાર છે. 'ચેતનમાં નિષ્ઠા પામ્યા છો એવો તમને અનુભવ થયો છે ? તમે એવા છો એની ખાતરી શી ?' અલ્યા, અત્યારે હું જીવતો છું. ખાતરી કરી જો. મારા આટલા રોગો છે, એ પુરવાર થઈ શકે. પાંચ હજાર રૂપિયા આપીને ક્લિનિકમાં મારા શરીરને તપાસે-તો મગજમાં ઝામર છે, આંખોમાં ખીલ છે, ગળામાં ઈન્ફેક્શનથી સોજો છે. રોજ બળે છે. સૂતી વખતે અને બપોરે બળે છે. વિચારી જુઓ, ગળાનું દર્દ. પછી આ દમ તો દેખીતો છે. આ અનિયમિત લોહીનું દબાણ, અનિયમિત નાડી. એ.ડી. ડૉક્ટર સાહેબે તપાસીને કહ્યું, 'મોટા, તમારી નાડી સો છે.' ત્રણ ઠેકાણે સ્પોન્ડીલાઈટીસ છે. આથી, કમરમાં, બરડામાં અને ગળામાં સખત દુખાવો છે. હરસ-મસા છે. પ્રોસ્ટેટગ્લેન્ડઝ છે. રાત્રે અને દિવસે હેરાનગતિ થાય, પણ કોને કહેવાનું ? ઑપરેશનેય થાય એવાં ઘણાં દર્દો છે. કેટલાંક ગણાવું ? પેટમાં પણ છે. આ ઍસિડિટીને વર્ષ થઈ ગયું. આ મારા આશ્રમમાંથી મુંબઈ જવા નીકળ્યો, ત્યારથી વળગેલી, પણ જાહેર હમણાં થઈ. એનેય રહેવા દો, પણ એટલા બધા રોગની વચ્ચેય હું હરું છું, ફરું છું, વાતો કરું છું. કાલે બસોને વીસ માઈલની મુસાફરી કરી. મને વેદના થતી હશે તે મારું મન જાણે છે. કોઈની તાકાત નથી કે કોઈ શરીરનાં આટલાં દર્દો સાથે આમ કરી શકે. આજે તો આવાં દર્દોની વચ્ચે સર્જન થાય છે.

આ 'કુંભકોણમ્ આશ્રમ'માં હું ખાલી રહેતો નથી. 'જિજ્ઞાસા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મ-ઉપાસના', એવાં પુસ્તકો લખ્યાં હતાં. સુરતના ભટ્ટના

દવાખાનાની અંદર બાર દિવસ ડૉક્ટર આર. કે. દેસાઈએ મને રાખ્યો. ત્યાં મેં આ 'સ્વાર્થ' ઉપર આખુંય શાસ્ત્ર લખી નાખ્યું. જેને વાંચવું હોય તે વાંચજો. જો જો તમે, મારું લખાણ બધાંને સમજાય એવું બહુ સરળ હોય છે. વાણી-૨ ૩૨-૩૩

૨

અનુભવી આકાશતત્ત્વવાળા હોવાથી એ શરીરને ગમે ત્યાં લઈ જઈ શકે છે. પોતે હાજર કરી શકે છે. અને એવા કેટલાય મહાત્માઓ ગુજરી ગયેલા અને પછી હાજર થયેલા છે. એવા કેટલાયના અનુભવ છે. એ 'અશરીરી' છે. એને હું 'અશરીરી' કહું છું. શરીર હોવા છતાં જેનો દેહાધ્યાસ બિલકુલ ચાલ્યો ગયો છે. શરીરને પણ સુખદુઃખાદિ હોય પણ સુખદુઃખાદિમાં લેપાય પણ નહિ.

દા.ત., મારા જેવો માણસ. હું તો પહેલેથી દવા કરાવવામાં માનું. દેખીતી રીતે તો પ્રવૃત્તિ તો શરીરથી જ થાય છે. મારા આત્માને અને મનને કોણ કાકો જાણે છે ? ભગવાનની કૃપાથી તો તેરેક લાખનાં કામ થયાં. કોઈક આપણને કામને લીધે જાણે છે. કામને લીધે નામ છે. અનુભવીનું શરીર છે. શરીરની પ્રકૃતિ fully transform-રૂપાંતરિત-થઈ નથી. એ ક્યારે થશે ? જળ અને પૃથ્વીતત્ત્વમાં ચેતનનું અવતરણ સંપૂર્ણપણે થશે ત્યારે રોગ પણ નહિ હોય.

અનુભવીને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ આદિ બધું જ છે. પેલા જીવથી અને આ જીવથી કંઈ જુદો પાડી શકાય નહિ. સરખાવી ના શકાય પણ દરેકને ભોગવવાની રીતમાં ફરક છે. સંસારી માણસ સુખદુઃખાદિ ભોગવે છે અને અનુભવી મનબુદ્ધિ, ચિત્ત દ્વારા જ ભોગવે છે, પણ પેલા સંસારી માણસનાં મનબુદ્ધિ ભગવાનમાં લય પામ્યાં નથી, જ્યારે અનુભવીનાં મનબુદ્ધિ લય પામ્યાં છે. ભગવાનની સાથે-બ્રહ્મની સાથે તદ્રૂપ થયાં છે. જે શબ્દ કહેવો હોય તે કહો. પોતાનો અંતરાત્મા કહો, આત્મા કહો, તે આત્માની સાથે સંલગ્ન છે, અને સંલગ્ન થઈને ભોગવે છે.

હું કરોડાધિપતિ હોઉં અને પાંચ પચાસ લાખનું દેવું થયું તો મને કંઈ હિસાબ નહિ અને સામાન્ય માણસ હોય અને પચાસ લાખનું દેવું થાય તો ખલાસ ! તેવી રીતે સામાન્ય માણસ ભોગવે અને એક અનુભવી ભોગવે, બન્નેની ભોગવવાની રીતમાં આસમાન જમીનનો ફરક છે. એ જો ખ્યાલમાં ના રાખીએ તો, આપણે અનુભવીને બિલકુલ નહિ સમજી શકીએ.

બીજી એક સમજવા જેવી વાત છે કે જીવદશાવાળો માણસ શરીરથી ભોગવે છે. એની અંદર આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા, અનેક પ્રકારની ઝંખનાઓ, કામક્રોધાદિક એનાં મૂળમાં છે. જ્યારે અનુભવી પાસે એવું નથી. અનુભવીને તે ભોગવવાની પાછળ એના હેતુની સમજણ છે.

ત્યારે શું કરવા ભોગવે છે ? અનુભવી મન કે ચિત્તનો ગુલામ નથી. આપણે ગુલામ છીએ. સંસારી માણસ ભોગવે છે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ વડે કરીને ગુલામ તરીકે-દાસ તરીકે ભોગવે છે. જ્યારે પેલો અનુભવી છે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ એનામાંથી જતાં રહ્યાં નથી પણ ઊર્ધ્વ થયાં છે. એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણનો પણ એ ગુલામ નથી. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ વગેરે એવી જે કોઈ સ્થિતિ છે, એમાં બધાં સમજે નહિ, કોઈક વખતે હું તમને કહીશ કે એવી સ્થિતિ છે કે મન, બુદ્ધિ, ચિત્ત,પ્રાણ સિવાય પણ કર્મ થઈ શકે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણનો બિલકુલ આશ્રય નહિ, પણ આજે અનુભવી એ તો આશ્રય લે છે. અને પેલો (જીવદશાવાળો) પણ આશ્રય લે છે, પણ પેલો ગુલામ તરીકે, આ અનુભવી એક સ્વામી તરીકે.

ઍંજિન ડ્રાઈવર હોય તે ઍંજિનને ૪૦ માઈલ, ૫૦ માઈલ, ૬૦ માઈલ, ૭૦ માઈલની સ્પીડે હાંકવાની બધી કળ જાણતો હોય છે. એ એનો master (સ્વામી) છે. એવી રીતે આ માસ્ટર તરીકે વાપરે છે. 'વાપરે છે' એમ હું કહું છું. પેલો જીવદશાવાળો તો વપરાઈ જાય છે. જ્યાં સુધી પ્રકૃતિ છે અને શરીર છે ત્યાં સુધી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ખરાં ને

ખરાં, પણ સંસારીનું માનસ અખંડકાળ સંસારમાં અને અનુભવીનું માનસ અખંડકાળ ભગવાનમાં.

અનુભવી પોતે પણ લય પામી જાય છે. આખા બ્રહ્માંડની અંદર એનો જે લેયર(થર) છે, એની અંદર લય થઈ જાય છે, પણ તેમ છતાં તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. શાથી રહે છે ? કે જે એના આગળપાછળનાં બધાં ભક્ત લોકો હોય એને ચિંતવતા હોય, એને લીધે એનું સ્વતંત્ર અસ્તિત્વ છે. બાકી સ્વતંત્ર નથી.

એવી રીતે આ જે પુરુષો થાય તે લય પામવા છતાં સ્વતંત્ર અસ્તિત્વ હોય એવું લાગે છે, પણ એ ભક્તોને લીધે હાજર પણ થયેલા છે એવા દાખલા છે. શરીર મરી ગયા પછી રામકૃષ્ણ પરમહંસ દેખાયા છે. રમણ મહર્ષિ દેખાયા છે. મારા ગુરુમહારાજનો મને પ્રત્યક્ષ અનુભવ એટલો બધો કે કહ્યે કસર નહિ.

એટલે એવા લોકો અશરીરી છે તે સાચી વાત. આ તો શરીર સાથે હોવા છતાં અશરીરી. છતાં કેટલીક વાર મેં મારી સાધનાની મુશ્કેલીમાં જોયેલા છે. જાતોજાત મળેલા છે. એ શરીર લઈને આવે છે તેમાં એને સ્પર્શમાત્રા નહિ. સ્પર્શની માત્રા એને નહિ. શરીર પણ અલૌકિક. આપણા જેવું દેખાય પણ તેજથી પ્રકાશિત. સૂક્ષ્મદર્શક, આરપારદર્શક અને ઑર પ્રકારનું શરીર. પેલું શરીર ત્યાં પડ્યું હોય અને એ બીજા શરીરે આવે. એ જે શરીર લાવે તે દૈવી શરીર. વાણી-૬
૯-૧૪

૩

શરીરની બાબતમાં તો હવે વધારે કશું કરવાનું રાખ્યું નથી. જ્યાં જવાનું બને છે, ત્યાં ત્યાં સ્વજનો, વડીલો, પ્રેમભાવે આપમેળે જે કહે તેની ના તો નથી પાડતો. તે કરું છું પણ ખરો. એવાં દુઃખ કહો કે રોગ કહો, એ પણ જીવનમાં હેતુરૂપ પ્રગટેલાં છે. એની દવા કે ઉપચાર ન જ કરવાં એમ માનતો તો નથી, પરંતુ જો મારી પોતાની ઉપર જ એ બધું છોડી દેવાનું

પ્રભુકૃપાથી બને તો તે બાબતમાં તદ્દન તટસ્થ રહ્યા કરાય છે. આ જીવ શરીર પ્રત્યે બેપરવાપણું રાખ્યા કરે છે એમ પણ ઘણાં માનતાં હોય છે. તેમ માનવામાં એમનો કોઈ દોષ છે એમ કહેવાનું તાત્પર્ય નથી. ઊલટું ઘણી વાર તેમનું કથન સાચું હોય છે, અને તે કથન પાછળનો હેતુ તો નર્યા પ્રેમનો છે, પરંતુ શરીરની બાબતમાં કોઈને તેને (શરીરને) જે જે કંઈ થયા કરતું હોય, તે સ્પષ્ટ યોગ્ય રીતે સમજાવવાનું શક્ય નથી બનતું અને એ જ યોગ્ય છે. તેમ છતાં એની કૃપાથી શરીરથી
પ્રવેશ કામ થયે જાય છે. શરીરની અવગણના પણ ન કરવી જોઈએ
૧૭૯ એમ તો અંતઃકરણથી માનું છું.

ગયા શનિવારથી તાવ છે અને આજે પણ છે. શનિવારે આખી રાત બધાંને ઉજાગરો થયેલ. રવિવાર પણ તેવી રીતે ગયો. વિગતથી લખવાનો સમય નથી અને શરીરની દશા પણ નથી.

શરીરને કંઈક થયું છે. ચિંતા કરવાની કંઈ જરૂર ન હોય. એવી ચિંતા કરીને જો ખરેખરો હૃદયમાં એના પરત્વે સાચેસાચો પ્રેમભાવ હોય, અને એને વિશે કંઈ લાગતું હોય, અને એની એવી દશા જાણીને જો કંઈ લાગણી થાય, તો એ લાગણીથી જાગૃતિ રાખીને નામસ્મરણ થઈ શકે તો ઉત્તમ. બાકી તો બળેલાંજળેલાં રહેવાથી શું વળી શકવાનું છે ?

જત, આ જીવનું શરીર પણ ઠીક નથી. અહીં ડૉક્ટરને શરીર બતાવવા બુધવારે સાંજે આવેલો હતો. શરીરની કાળજી પૂરતી રાખવી. શરીરની ચિંતા તો ન જ કરીએ, પણ એની પૂરેપૂરી સંભાળ રાખવાનો તો ધર્મ છે. એના પરત્વે કોઈપણ રીતે બેદરકાર રહી ન શકાય. એ તો આપણું મોટામાં મોટું સાધન છે. માનવના શરીરની કિંમત કશાથીય આંકી શકાય તેવું નથી. એનું તો પ્રેમથી જતન કરવાનું હોય. સાથે સાથે ઝાઝી એની આળપંપાળ પણ કરવાની ન હોય.

આ જીવને પણ લોહી પડ્યા કરેલું હતું. મસા હતા કે હરસ તેની પાકી તપાસ કરાવેલી ન હતી, પણ વધારે છોલાતું

નથી તેમ લાગવાથી પેઢીએથી વૅસેલાઇન મંગાવેલું હતું. હજી પણ મસાની અસર થોડી નહિ જેવી હશે ખરી.

શરીરે ચિંતા કરવા જેવું કશું પણ નથી. આ જીવના શરીરને કંઈ કશું થવાપણાથી, જો તમને બધાંને કંઈક હૃદયમાં ચિંતવન-ભાવના જાગી શકે, તો જ તે અર્થવાળું ગણાય. માટે, સચેત રહી પ્રભુભાવનામાં સમય વીતી શકે એમ જિવાય, તો જ ધન્યતા છે. પોકાર ૩૨૩-૩૨૫

૪

અહીં પગે તોડ ઘણી જબરી પ્રગટેલી છે. રોજ રાતે પગે કપડાં બાંધું છું. તોય તોડ તો ચાલુ જ છે. ત્યારે સ્વજન ઘણું ઘણું યાદ આવ્યા કરે કે તેને તે કેવું થતું હશે ! મને તો પ્રભુકૃપાથી કોઈ ને કોઈ સેવા કરનાર મળી રહેતું હોય છે, પણ તેને ત્યાં તેમ થતાં કોણ શું કરી શકે? અને તોડ તો કેવી ! બામ પણ લગાડેલો, પણ પાંચ મિનિટ ઠીક, પછી પાછું એવું ને એવું. પોકાર ૨૮૧

આ જીવના શરીરને બતાવવા અહીં આવવાનું થયું છે. આ સદ્ભાવી ડૉક્ટરની સાથેનો આ જીવનો સંબંધ જાણવા જેવો છે અને રસિક છે.

એકવાર હેમંતભાઈ અને આ જીવ બન્ને ચોરવાડ ગયેલા. ચોરવાડ કાઠિયાવાડમાં (સૌરાષ્ટ્રમાં) આવેલું છે. તે તો તું જાણતી હશે. ત્યાં એક સદ્ભાવી સજ્જન શ્રી હરખચંદભાઈ કરીને છે. તેઓ શ્રી જીવણલાલ ઍલ્યુમિનિયમવાળાના સગાં ભાઈ થાય. ઘણા સેવાભાવી અને ગાંધીજીની આદર્શ ભાવનાથી જીવનમાં રંગાયેલા છે. પૂજ્ય શ્રી ઠક્કરબાપાને માટે તેમને ઘણો ઘણો પ્રેમભાવ અને ભક્તિ હતાં. સ્વર્ગસ્થ શ્રી અમૃતલાલ પઢિયાર, જેમણે 'સ્વર્ગની સીડી' વગેરે પ્રકારનાં ઘણાં પુસ્તકો લખેલાં છે, (તેમનાં બધાં પુસ્તકોનાં નામ પહેલાં 'સ્વર્ગ' શબ્દથી શરૂ થતાં જેમ આ જીવને 'જીવન' દરેક પુસ્તકનાં નામમાં પ્રથમ મૂકવું ગમે છે તેમ) તે શ્રી અમૃતલાલ પઢિયારને અને તેમને ઘણો

નિકટનો સમાગમ હતો. તેમને રહેવા કરવા માટે તેમણે એક ઘર પણ બાંધી દીધેલું. હજી તે તેમના નામથી જાણીતું છે. જે કોઈએ જપાદિ સાધન વગેરે કરવું હોય તો ત્યાં બેસીને તે નિરાંતે કરી શકે તે કાજે જે સરળતા જોઈએ, તે તે સગવડ અને સરળતા ત્યાં મળી શકે છે.

તે શ્રી હરખચંદભાઈએ આ જીવને તાર કરીને અમને ત્યાં રહેવાને આમંત્રણ આપેલું. ત્યાં બેત્રણ દિવસ રહ્યા હોઈશું. એમને ચોરવાડમાં જમીન-જાગીર પણ ઘણી. વાડી-બગીચાના ભારે રસવાળા. ખેડૂતો અને એમનો સંબંધ પણ કોઈ હૃદયના અનોખા ભાવનો. એમનાં પત્ની જાતે, આવેલા ખેડૂતો માટે રોટલા-શાક આદિ બનાવે. શ્રી હરખચંદભાઈ તેમને જાતે પોતે જ પ્રેમથી પીરસે. એક દિવસ તો ઓચિંતા બારચૌદ ખેડૂતો આવી ચડેલા. તે વેળા આ જીવે પણ પીરસવાનું કામ તેમની સાથે કરેલું. શ્રી હરખચંદભાઈનો તે લોકોને જમાડવામાં જે પ્રેમભાવ હૈયામાં પ્રગટેલો નીરખ્યો છે, તે જીવનમાં યાદ રહી જાય તેવો હતો.

ત્યાં આ જીવને કમળો થયો અને તેમાંથી સખત કમળી થઈ. અમે ત્યાં હતા ત્યારે જૂનાગઢના નવાબ સાહેબ વગેરે પણ ત્યાં હતા. તેમના ડૉક્ટર પણ ત્યાં હતા. તેમની કને યોગ્ય સારવાર આદિ કરાવવાનું તેમણે પણ ઘણું ઘણું કહ્યું, પરંતુ આ જીવનો તો જે જીવ બસ ઊઠ્યો તે ઊઠ્યો જ. એમણે તો ઘણોય આગ્રહ કર્યો કે 'આવી દશામાં જવું, અને તે પણ છેક ત્રિચિ સુધી ૧૫૦૦ માઈલ દૂર જવું, અને તે પણ ક્યાંય આરામ લીધા વિના-એકધારું આટલા બધા માઈલો આગગાડીમાં જવું, અને તે પણ આવા શરીરે-ઘણું જોખમકારક છે. કોઈ તેવું કરી પણ ન શકે. આવી રીતે જવું તે મુદ્દલે સલાહ ભરેલું નથી.'

પણ આ મૂર્ખાનંદ કંઈ માને તેવા થોડા જ હતા ! એ તો નીકળ્યા તે નીકળ્યા. વીરમગામ તો આવી પહોંચ્યા. તે જમાનામાં (૧૯૪૪) બીજા વર્ગની ટિકિટ ઓચિંતી મળવી તે તો અશક્ય ઘટના હતી. બલ્કે મળી જ ન શકે ! વીરમગામ

પર એક ટિકિટ ઇન્સ્પેકટર મળી ગયા. તેમણે જ આ જીવને ઓળખ્યો. તેઓ નડિયાદના હતા. તેમને આ જીવના શરીરની દશા અને છેક ત્રિચિ સુધી જવાના નિર્ણયની હકીકત વગેરે બધી વાત કરી. તેમણે બીજા વર્ગની ટિકિટ લઈ આપી અને એવી સગવડ થઈ ગઈ. પ્રભુની કૃપા થતાં સર્વ કંઈ સુતરું સુતરું વહે છે. અને મુંબઈ પહોંચી, તે જ દિવસે બપોરે દોઢ વાગ્યે ઊપડતી ગાડીમાં મદ્રાસ. બીજા વર્ગની ટિકિટ તો ન જ મળી. ઇન્ટરની મળી, તે પણ મહા મુશ્કેલીથી. મુંબઈથી મદ્રાસ પહોંચી, મદ્રાસમાં ક્યાંયે ઊતર્યા વિના, ત્યાંથી તે ને તે રાત્રે ત્રિચિ જવાની ગાડી પકડેલી. વહેલી સવારે ત્રિચિનાપલ્લી જંક્શને પહોંચીને બળદગાડી કરાવીને કેરાપટ્ટી (ત્રિચિ શહેર પાસેનું નાનકડું ખ્રિસ્તી લોકનું પરું) પહોંચેલો. શરીરની કમળીની દશામાં આવી રીતે છેક ચોરવાડથી ત્રિચિ આવી  શકવાનું બનવું, તે હકીકત શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપા જ હતી.

તે વેળા શરીરની દવા વગેરે કરાવવાનું પૂજ્ય મામાએ અને ભાઈએ ઘણું જ આગ્રહપૂર્વક કહેલું. તેમને જણાવેલું, ‘હમણાં નહિ. આ રોગ એની મેળે મટી જશે, ત્યાર પછી આ શરીરમાં જે જે બધું થાય છે, તે બધું જ લખાવીશ. તે પછીથી દવા કરાવવાનું રાખીશું.’ થોડાક દિવસો બાદ તે રોગ તો  મટી ગયો. પછીથી ભાઈ કને આ શરીરમાં જે જે બધું થતું હતું, તે લખાવેલું. બેચાર પાનાં ભરીને તે લખાણ થયેલું.કદાચ તે લખાણ હજી ભાઈ કને હોય તો હોય પણ ખરું. ભાઈએ તો આ શરીરમાં જે જે થતું હતું, તે બાબતનું લખેલું કાગળિયું તેમના (ડૉક્ટરના) હાથમાં મૂકી દીધેલું. તે વાંચી તેઓ તો કદાચ આભા જ બની ગયા હશે ! પછી તેમણે કહ્યું, ‘આ કાગળિયું હું મારી કને રાખું છું, આનો હું બરાબર અભ્યાસ કરીશ. તે પછી જે કંઈ કરવા જેવું લાગશે, તો તે કરીશ. તમે કાલે આવજો. એટલે દવાબવા કરવાનું શરૂ કરીશું.’ બીજે દિવસે શરીર જોયું અને દવા શરૂ કરી. ભાઈએ ડૉક્ટરને ત્યાં જવા કાજે એક બળદગાડી મારે માટે રાખેલી. એમ રોજ ત્યાં

જતો. દરેક ચારપાંચ દિવસે તો કોઈક વેળા ત્રણચાર દિવસે શરીરમાં જુદાં જુદાં લક્ષણો પ્રવર્તતાં હતાં તેમ તેમ તે દવામાં પણ ફેરફાર કર્યા કરે.

એક દિવસ દવાખાને અડધા કલાક ઉપરાંત મારે ખોટી થવું પડ્યું. જવાનો વારો આવતાં ડૉક્ટરને મેં કહ્યું, 'Well, Doctor saheb ! I am not in the habit of waiting.' (ડૉક્ટર સાહેબ, મને રાહ જોયા કરવાની આદત નથી.) ડૉક્ટરે તરત જ મારી સામે જોઈને કહ્યું કે 'હા ! હા ! હા ! તે હકીકત જાણું છું. તેથી, હવેથી જ્યારે તમે આવો ત્યારે તરત જ જરા પણ સંકોચ પામ્યા વિના મારી કને તમારે આવી પહોંચવું. તુરતાતુરત તમારું શરીર જોઈ લઈશ, અને તમને જવાને માટે સવેળા જ મુક્ત કરી દઈશું.'

પછી ડોક્ટરે કહ્યું, 'સામિયાર ! (દક્ષિણમાં સ્વામી, સાધુસંત માટે વપરાતો શબ્દ.) તમારે દવા લેવાની જરૂર જ નથી. દવા શેની કરું ? આજ અમુક હોય તો કાલે વળી બીજું અને અમુક વેળાએ ત્રીજું હોય.' તે પછી ખાસ ગંભીર વદને એમણે કહ્યું, 'મારે તમારી આગળ આવીને મારા જીવનની સઘળી આડી, અવળી, ઊભી કથની કહી સંભળાવીને મને ખાલી થઈ જવાનું દિલ આ બેત્રણ દિવસથી થયા જ કરે છે. જો તેવી ને તેવી લાગણી-ભાવના રહ્યા કરશે, અને તે પ્રેરણા અદમ્ય નીવડશે, તો કોઈક દિવસે તમારી પાસે આવીને બધુંએ કહી દઈને શાંત બનીશ. આવું કદી મને થયું નથી. તમારી કને જ હૃદય ઠાલવવાનું દિલ થયા કરે છે.' તે હકીકત ભાઈને જણાવેલી.

તે પછી તે બારેક વાગ્યા પછી એક દિવસે તેમની મોટરમાં ભાઈ રહેતા હતા, તે જગાએ આવી પહોંચ્યા અને કહેવા લાગ્યા, 'તમારી કને આવ્યા વિના આખરે તો રહેવાઈ જ શકાયું નથી, તેથી આવ્યો છું.' અને પોતાના જીવનની બધી હકીકત ઉઘાડી રીતે જણાવી. તે વેળા ભાઈએ જણાવ્યું કે

'અમે બન્ને (એક બીજા ભાઈ, કાંતિભાઈ નામે ત્યારે ત્યાં હતા) જતા રહીએ.' ત્યારે તેઓ કહે, 'જ્યારે આજે જીવનની ચોપડી ઉઘાડવા જ બેઠો છું, ત્યારે આજે મને કોઈ જાતનોય સંકોચ નથી થતો. તમે પણ ભલે સાંભળો. એ હકીકત કંઈ સીધીસાદી તો હતી જ નહિ. એમના જીવનની કથનીમાં કંઈક કંઈક અવનવી જાતભાતો હતી, અવનવું આડાઅવળાપણું પણ હતું જ. તે બધું જ એકધારું મુદ્દલે ખચકાયા વિના તેઓ બસ કહ્યે જ ગયા. તે કહી રહ્યા બાદ તેમને શાંતિ થઈ હોય એમ તેમને જરૂર લાગેલું.

તે સંબંધ ત્યારથી જે જીવતો થયેલો છે, તે સંબંધ આજે પણ કાયમ છે. મારા શરીરની દવાબવાના પૈસા હજી તે લેતા કરતા નથી. હમણાં અહીં દવા કરાવવા આવ્યો છું. લોહી વગેરે તપાસવાનું છે. ઇંજેક્ષન વગેરે વગેરે આપવાનાં હોય અને દવા પણ. તો તે બધાંના પણ તે પૈસા આગ્રહપૂર્વક નથી જ લેતા.

જીવનની તેવી બધી હકીકત તેમના દિલમાં કંઈક ભારે વેદના પ્રગટાવતી હોવી જોઈએ. જો તેમ ન હોત તો આ જીવ પરત્વેનું આકર્ષણ પ્રગટ્યા વિના એટલા નજીવા પરિચયે અને તે પણ ડૉક્ટર અને દર્દીના ઉપરછલ્લા પરિચયે, તેમનાથી કંઈ એવી રીતે જીવનનું તેવું તેવું બધું બોલી શકાયું ન હોત. એમનું નિવેદન બિલકુલ ખચકાયા વિનાનું હતું અને આરપારદર્શક હતું. પૂરેપૂરી તેમાં સ્પષ્ટતા હતી. કંઈ પણ તેમણે સંતાડેલું ન હતું. જ્યારે તે કહેવા બેઠેલા, ત્યારે તેમણે બસ બધું જ ઠાલવી દીધેલું. તે તે કહેવામાં તેમનું હૃદય ઠલવાતું હતું. એવું હૈયાથી કરેલ અને ખચકાયા વિના કરેલ સાફ, પૂરું ઠલવાયેલ હૈયું (આત્મનિવેદન)-એ અમને ઘણું ઘણું વહાલું લાગે છે. એવો જીવ તે કાળથી પછી અમારું સ્વજન થઈ ચૂકે છે. એવાને પછી ભલેને મળવા જવાનું બનો કે ન બનો, ભલેને તેવો જીવ પોતાની ઘટમાળમાં અમને ભૂલી ગયો હોય, પરંતુ તે અમારામાંથી ભુલાઈ શકાતો નથી. પોકાર ૩૧૨-૩૧૭

૫

અજપાજપ વિશે હું કહી શકું કે અજપાજપ થાય છે ત્યારે શ્વાસ આ જે છે તે જીવદશામાં આપણી શ્વાસની જે પ્રક્રિયા હોય છે તેના કરતાં ઊલટી પ્રક્રિયા. યમુનાની ગતિ ઊલટી થાય છે. તેવી રીતે શ્વાસની ગતિ ઊલટી થાય છે અને એ શ્વાસ જે ચાલે છે તે પ્રાણના આધારે ચાલે છે એમ કહેવાય. આપણને પણ પ્રાણ છે. સાક્ષાત્કાર પછી જીવદશાનો પ્રાણ રહેતો નથી. ચેતનનો પ્રાણ થાય છે. એટલે શ્વાસોશ્વાસની પ્રક્રિયા આ જીવદશા જેવી એમની નથી હોતી.

દા.ત., મારું શરીર છે કે અનું શરીર છે, એમ કહોને ભાઈ. 'મારું' કહેવું નકામું છે. એ અનેક રોગોથી પીડિત હોય તોપણ એના શ્વાસની જે પ્રક્રિયા છે એ જુદા પ્રકારની છે. ડૉક્ટર એને તપાસે તોપણ એમને એનું અનિયમિતપણું લાગે.

આજે મારી નાડી અનિયમિત છે, ગમે તે તપાસી લે. હવે અમુક સ્થિતિમાં અમુક પ્રકારની હોય. કારણ શું ? એને અનેક પ્રકારનાં નિમિત્ત હોય. અનેક પ્રકારનાં નિમિત્તો મળે. તે તે પ્રકારે શરીરની પ્રક્રિયા બને. એ બુદ્ધિમાં સમજાય એવી વાત છે. એમાં અતિશયોક્તિ છે નહિ. ત્યારે જે જુદા જુદા પ્રકારનાં નિમિત્તો મળે તે તે પ્રકારની એની શરીરની સ્થિતિ થાય અને શરીરની સ્થિતિ પ્રમાણે શ્વાસ-પ્રશ્વાસ થાય. તે પ્રકારે તે પ્રમાણે નાડી flucuating (અનિયમિત) થાય, પછીથી નિશ્ચિતપણું કંઈ જ કશું નહિ. આવા જ પ્રકારનું શરીર, આવા જ પ્રકારનો શ્વાસોશ્વાસ રહેવો જોઈએ. એવું બની શકે જ નહિ, પણ ક્યારે કે નિરંતર અજપાજપ થાય ત્યારે અને એ ભગવાનમય થઈ જાય ત્યારે આવું શક્ય બને.

જીવતા નર
૬૨

૬

ભાવમાળાનાં ચાર પુસ્તકો-'ભાવકણિકા', 'ભાવરેણુ', 'ભાવપુષ્પ' અને ચોથું 'ભાવજ્યોતિ' પૂરાં કર્યાં અને પછી

રોગોના સતત હુમલાના કારણે મારે વડોદરા શ્રી ભાઈલાલ અમીન હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું.

હૉસ્પિટલના સંચાલકોએ તાબડતોબ પ્લાસ્ટર, વીજળી, વૉટર કનેક્શન વગેરે કરાવીને રહેવા લાયક રૂમ બનાવી દીધો અને બધી સુવિધા કરી આપી. ડૉક્ટરોએ મારી જે જે શારીરિક ચિકિત્સા કરાવવી ઘટે તે કરાવી અને નિદાન અનુસારનાં દવા-સારવાર શરૂ થયાં. હૉસ્પિટલની નર્સ બહેનો અને બીજા સેવકોએ રાત દિવસ ખડે પગે મારી શુશ્રૂષા કરી. એ રીતે પાંત્રીસેક દિવસ ગાળ્યા બાદ મેં હૉસ્પિટલ છોડી. દમની રાહત માટે ઑક્સિજન ચાલુ હતો. દિવસમાં ચારપાંચ વાર ઑક્સિજન લેવો પડતો હતો. નડિયાદ, સુરત, ફાજલપુર વગેરે જુદે જુદે સ્થળે રહેવાનું બને છે, છતાં બધે બધી સગવડ મળી રહે છે, તેને હું ઈશ્વરની કૃપાપ્રસાદી જ સમજું છું અને મારો વહાલો કેવો હાજરાહજૂર છે, તે જાણીને ગદ્ગદિત થાઉં છું. જે ભગવાનનો થાય છે તેની ભગવાન કેટલી બધી સંભાળ રાખે છે, તેનો પ્રત્યક્ષ પુરાવો આનાથી બીજો વધુ કયો હોઈ શકે ? હર્ષા ૧૦

આ શરીરની સ્થિતિ એવી ભયંકર અને દર્દવાળી છે કે હરિનું ભજન, હરિનો ભાવ એ જ મારે મોટામાં મોટી દવારૂપ થઈ પડેલાં છે. અત્યારે તો એવા શરીરને સ્પોન્ડીલાઈટીસ-એટલે કરોડરજ્જુના મણકાનું દર્દ ત્રણ ઠેકાણે થયું છે. કમરમાં, બરડામાં અને ગળામાં. ત્રણે ઠેકાણે આ દર્દ છે. અને એ તો વધતું જ ચાલ્યું, કારણ મેં એના કોઈ ઉપાય ન કર્યા. એમાં દર્દનો કોઈ વાંક નથી. એટલે દર્દ તો સતત એકધારું ચાલ્યા જ કરે છે, પણ એની ગતિ જ્યારે તીવ્રતમ થાય છે, એ દર્દનો જ્યારે ભયંકર હુમલો થાય છે, ત્યારે સહેવાવું લગભગ તદ્દન અશક્ય હોય છે. ત્યારે આ ભજન જ મને મદદકર્તા થઈ પડે છે. દેખીતી રીતે દવા લઉં છું ખરો, પણ આ ભજનનો આશરો ત્યારે મને ઘણો મોટો હોય છે, અને આજે પણ હું હંમેશાં ભજન જ કર્યા કરું છું, લખ્યા કરું છું. અત્યાર સુધી તો હું લખ્યા જ કરતો હતો પણ એમાં મારા જીવનમાં મેં જે સાધના

કરેલી એ જીવન-Autobiography of my Sadhna-મારી સાધનાનો આત્મવૃત્તાંત-અને તેમાં જે જે રીતે વર્તવાનું બનેલું, જે જે સાધનો કરેલાં, જીવનમાં મારી કેવી કેવી મૂળ પ્રકૃતિ

પુષ્પ
૧૩-૧૪ હતી, એનો સ્વભાવ કેવો હતો, આ બધું મેં લખેલું છે.

*'શરીરની કેવી મર્યાદા ઉપરવટ તો જવા મળિયાં-*
*-દર્દ તો કીમિયો શો છે ! મળ્યાં કેવાં પ્રસાદીનાં ?'*

વાચકને આ કડીની સાર્થકતા, એની યોગ્ય વાસ્તવિકતા, સમજાય એટલા ખાતર લખવું પડે છે. આટલાં બધાં દર્દો હોવા છતાં શ્રીપ્રભુકૃપાથી શ્રીપ્રભુપ્રીત્યર્થના કર્મયજ્ઞમાં પ્રેમભક્તિભાવે સતત હોમાયા જવાનું થયા કરે છે. એ એની

તપ
૧૫ કૃપાપ્રસાદી છે, અને એટલાં દર્દો મળ્યાં છે, તેથી આવો અનુભવ મળી શક્યો છે.

૭

આ બધાં દર્દ કેવી રીતે સહન થતાં રહ્યાં છે, તથા કેવી રીતે ભાવનામાં સહજપણે જીવતાજાગતા રહેવાઈને તે રોગને સહેવાનું જે ચાલ્યા કરે છે તેને બહુ જુદી જુદી રીતે શ્રીપ્રભુકૃપાથી મેં ગાયું છે. આટલા બધા પીડાકારી અને વેદનાકારી રોગ હોવા છતાં રોજ ને રોજ કેટલા બધા માણસો સાથે આનંદથી વાર્તાલાપમાં રહી શકાય છે, તેટલું જ નહિ, પરંતુ તે તે વખતે પણ આ 'મોટા' તો ભજન લખવાની પ્રક્રિયામાં જ પડ્યા કરેલા હોય છે. એવું દર્શન અને તેવો પ્રત્યક્ષ અનુભવ આશ્રમમાં આવતાં દરેક ભાઈબહેનનો છે. આટલાં બધાં રોગ અને દર્દ હોવા છતાં એકબાજુથી બધાંની સાથે વાર્તાલાપમાં રોકાવું અને તેય કોઈપણ જાતની જરા સરખી ઉદાસીનતા, ઉદ્વેગ કે રોગથી પ્રગટતી વેદનાનાં કોઈપણ લક્ષણ વિના, આનંદથી વિભોર થઈ બધાંની સાથે ટોળટપ્પા કરવા અને ગમ્મત કરવી એ પણ 'મોટા'નું એક અનોખા પ્રકારનું દર્શન છે. વળી તે સાથે સાથે જ ભજનના સર્જનમાં જ પરોવાયેલા રહ્યા કરવું. આવી 'મોટા'ના જીવનની જે

વાસ્તવિકતા છે અને તે રીતે પણ તેમની પાસે આવનારા માત્ર આટલી હકીકતનું પણ ધ્યાન રાખે તો તેમને 'મોટા' વિશે કંઈક યોગ્ય પ્રકારની સમજણ ભગવાનની કૃપાથી પ્રગટવાની હોય તો પ્રગટી શકે ખરી. કેટલાક સ્નેહીઓ અને મારા ઉપર લાગણી રાખનારા તથા કેટલાક પ્રતિષ્ઠિત ડૉક્ટરો પણ જે રોગ નસ્તરથી મટી શકે એવા છે, તેનું નસ્તર મુકાવડાવીને તે રોગની વેદનાથી મુક્ત થવાની સલાહ આપે છે, પરંતુ મારા દિલની જે એક એવા પ્રકારની સમજણ છે કે આટલાં બધાં પીડાકારી દર્દો હોવા છતાં શ્રીભગવાનની કૃપાથી, એની જીવતીજાગતી ચેતનાત્મક ભાવનાની સભાનતામાં પ્રત્યક્ષપણે રહી શકાયાનો આ તો જીવતોજાગતો એક દાખલો છે, અને બીજાં બધાંથી પણ સ્પષ્ટપણે તે હકીકત સ્વીકારાય તેવી છે અને રોજ ને રોજ કેટલાયે માનવીઓને મળવાનું થતું હોય છે અને કેટલીયે વાર દૂર દૂરનાં સ્થળે મોટરમાં, પણ સૂતાં સૂતાં જવાનું થતું હોય છે, ત્યારે તે 'મોટા'ના શરીરને જે વેદના થાય છે તે હકીકત વાસ્તવિક હકીકત હોવા છતાં તેવી પ્રત્યક્ષ વેદનાથી તે આવરાઈ ગયેલો નથી. અને જ્યાં જવાનું છે ત્યાં પહોંચતાંની સાથે જ ત્યાં જે બધાં એકઠાં થયેલાં હોય છે તેમની સાથે વાતોચીતોમાં તરત જ રોકાઈ જવાનું બનતું હોય છે. સતત ઘણા રોગોની વેદનામાં શરીર હોવા છતાં જે સહજપણે આ 'મોટા' વર્તે છે, તેવી રીતે સામાન્ય માનવીનું શરીર નહિ વર્તી શકે. આ બધા રોગો હોવા છતાં અને તેની એટલે કે રોગોની અને વેદનાની સભાનતા હોવા છતાં પણ, તેમાં તે સંપૂર્ણ સાક્ષિત્વ ધરાવી રહેલો છે એ શ્રીપ્રભુકૃપાથી 'મોટા'ના જીવનનો જીવતોજાગતો એક ચેતનાત્મક પ્રયોગ છે અને જ્યારે આત્માની શક્તિનો આવા માધ્યમ દ્વારા અનુભવ થતો હોય ત્યારે તેને તો શ્રીભગવાનનો કૃપાપ્રસાદ જ લેખાય. એવા પરમ કૃપાળુ, કરુણાળુ શ્રીભગવાનના પ્રસાદનો જ્યાં પ્રત્યક્ષ હકીકતની પૂર્ણતાવાળો અને યોગ્યતાવાળો પ્રત્યક્ષ અનુભવ મળ્યા કરતો હોય તે તો ભગવાનની કેટલી મોટી કૃપા ? એવાં

કૃપાદર્શનનો અનુભવ તો પળેપળ થઈ રહેલો છે જ. તે વિના શરીરનું ટકવું અશક્ય. એટલે જ મેં ગાયું છે કે :-

*'ભયંકર તે બધાં દર્દો મનાદિ સર્વ હોવાં તે*
*-પૂરાં સાબૂત ને સ્વસ્થ, હરિની મહેરબાની તે.*
*સહેવું જે મળે તેને જીવનને ઊર્ધ્વ શિખર પર*
*-મળી ચડવાની નિસરણી ! સહેલું સહેવું તે રીત.'*

વળી, આ બધાં દર્દો અને રોગો સહેવાતાં સહેવાતાં જીવનમાં જે ગુણો વિકસેલા છે, તે ગુણોનું સંગીન નક્કરપણું કેટલું અને કેવું છે તે આપમેળે જણાઈ આવે છે, જીવનનું ખમીર પણ પરખાય છે.

*'સહેવાતાં જિગરનું તે ખમીર કેવું જણાયે છે !*
*સહેવાતાં ઉમળકે દિલ ખમીર તેજ થતું રહે છે.'*

શરીરનાં આવાં પીડાકારી દર્દો સહેવાતાં સહેવાતાં ધીરજ આદિ ગુણોની પાકી કસોટી થતી હોય છે. મનાદિમાં પ્રગટેલી શાંતિ, સ્વસ્થતા, શાતા, પ્રસન્નતા આ બધું પણ કેટકેટલા પ્રમાણમાં ચેતનાત્મક અને જીવંત હોય છે તેની પણ સમજણ પડી જાય છે. આવાં બધાં રોગો અને દર્દો મળ્યાં છે તેથી તો 'માંહેલા'ની સાચી ખબર પડે છે અને એટલે જ આને હું શ્રીભગવાનની કૃપાપ્રસાદી હૃદયથી લેખું છું.

*'સહેવામાંય પ્રગટે છે ભૂમિકા એક એવી જે,*
*સહેવાતાં જતાં હૈયે હરિ શો થાબડે પીઠ તે !'*

ખાસ કરીને રાત્રે આ શરીરને અનિદ્રાનો રોગ હોવાથી આવા રોગોનો ઉપદ્રવ વિશેષ ને વિશેષ વેદનાકારી પ્રગટતો હોય છે, ત્યારે શ્રીપ્રભુકૃપાથી આ જીવ શ્રીહરિના ભાવની ધારણામાં જ એકધારો પ્રવર્તેલો એની કૃપાથી રહ્યા કરે છે. કોઈક કોઈક વાર ભજન પણ લખતો હોય છે.

*'સહેવાનું થતાં દિલમાં ન કંટાળો પ્રવર્ત્યો છે,*
*સહેવાનું થતાં મનને હરિ ભાવે પરોવ્યું છે.'*

વળી આ ઉપરાંત આ બધા જે રોગો મળ્યા છે તેમાં જીવનમાંના ગુણોને પડકાર પણ છે. તે બધું મને પ્રત્યક્ષ આ

જીવનમાં પ્રયોગાત્મક રીતે જાણવાનું મળે છે, તે કંઈ નાનીસૂની વાત નથી. અને આ સંસારવહેવારમાં આવા બધા રોગોવાળા શરીરથી જે રીતથી આ શરીરથી જિવાય છે, તે હકીકત ઘણા બધાં જાતોજાત પ્રત્યક્ષપણે જુએ છે, છતાં કોઈને હજી તેનું સાચું મૂલ્યાંકન તેમના દિલમાં ઊગી શક્યું નથી. પ્રભુકૃપાથી તેનો કશો અફસોસ નથી, પરંતુ આ શરીર જીવે છે ત્યાં સુધી આ શરીરની બધી હકીકત સ્પષ્ટપણે એની વાસ્તવિકતાના યોગ્ય પ્રમાણમાં અને તે પણ તેની યથાર્થતામાં બધાં આગળ મૂકવાનો ધર્મ સમજું છું. જેથી ભવિષ્યમાં પણ કોઈને 'મોટા'ના સાહિત્યનું મૂલ્યાંકન કરવું હોય તો તેને સાચી તક સાંપડી શકે.

*'સહન કરવું નીચી મૂડીએ ઘણું તે ત્રાસદાયક છે,*  
*સહન ઉન્નત શા મસ્તકથી કર્યા કરવું, શું જીવન તે !*  
*સહન કરતાં જ થાકીને જીવન જે હારી જાયે છે,*  
*ન તેને ઊઠવાવારો કદી જીવનમાં આવે છે.*  
*જહીં સહેવાનું આવ્યું છે, સહેવું જો થવાનું છે,* તપ  
*બધું જો સહેવું પડવાનું, સહેવું કાં ઉમળકે ના ?'* ૧૮-૨૧

૮

અમારા બધા સાધુ સંન્યાસીઓ કહે છે કે 'અનુભવને વળી પ્રયોગ કેવો ?' પણ એ વાત મનાય નહિ. એ વાત પ્રયોગાત્મક છે, સાબિત કરી શકાય એવું છે. હું ગમે ત્યારે કોઈ શાસ્ત્ર પણ લખી શકું. કોઈ ભજન પણ લખી શકું, ગમે તે કરી શકું, ગમે તેમાં તદ્રૂપ થઈ ગયેલો હોવા છતાં પણ આ બધું થઈ શકે છે. અને વેદના વખતે તો ઘણીવાર થતું. પેલા ઑપરેશન વખતે લઈ ગયેલા ત્યારે કાંટાવાળાને કહેલું, 'લખો આ'. એમણે એમના 'બે બોલ'માં પણ આ અંગે લખેલું છે કે 'આવી સ્થિતિ, આવી વેદના મોટાને થતી હતી તોપણ મને એમણે આવું લખાવેલું.' એ તો બધું બધાંના દેખતાં મેં કરેલું છે. સોએ સો ટકા આ પણ થઈ શકે. એ જ બતાવે છે કે આવા અનુભવી પુરુષ તદ્રૂપ થયેલા હોવા છતાં નોખા છે.

એટલું જ નહિ પણ એ મેં જાતે જોયેલું છે. મારા વિશે તો મારાથી કહેવાય નહિ પણ મેં મારા ગુરુમહારાજને જોયેલા છે કે એક ઠેકાણે હોવા છતાં, વાતોમાં અને એમાં વળગેલા હોવા છતાં બીજી જગાએ એની હાજરી હોય છે. બીજે ઠેકાણે એ બીજાની સાથે વાતોમાં વળગેલા હોય છે. મારા પોતાના જીવનમાં થયેલું. જ્યારે એક વખતે જંગલમાં સિંહ સાથે સૂતેલો-ગિરનારમાં-ત્યાં તેઓશ્રી હાજર થયેલા. એવા અનુભવ થયેલા. નડિયાદના સ્મશાનમાં સૂતો હતો ત્યારે પાંચસાત વાર પધારેલા અને બીજા એવા ઠેકાણેના પ્રસંગો મને યાદ છે કે ગુરુમહારાજની હાજરી હતી. મારી સાથે વાતચીત કરતા હતા ત્યારે પણ ત્યાં આગળ બીજે ઠેકાણે પણ હાજર હતા. એ જ્યારે એમનું શરીર જીવતું તે દરમિયાનમાં બનેલું. મને એમના એવા અનુભવો થયેલા. નડિયાદના સ્મશાનમાં મારી સાથે જે વાત કરે એ જ
શેષ હકીકત જ્યાં પોતે હતા ત્યાં બોલતા હોય. તે મારા મિત્રે પોતાની
૯-૧૦ નોંધમાં બધું લખી રાખેલું.

મારા ગુરુમહારાજ પૂજ્ય બાળયોગીજી એલિસબ્રિજથી ટાઉન હૉલ તરફ જતાં જમણા હાથે રહેતા હતા. એમની સાથળમાં કીડા પડેલા. એ કીડા જો બહાર પડી જાય તો એને પકડીને પાછા સાથળના ઘામાં મૂકી દેતા. તે વખતે મને આ બાબતનો કશો અનુભવ નહિ, પણ ભગવાનની કૃપાથી એમણે મને બોલાવી મંગાવ્યો. એમની આવી સ્થિતિ જોઈને મને અચરજ થયેલું. દુઃખ હોવા છતાં દુઃખ નથી એવું થાય એ વિશે મને ઘણા દિવસ લગી વિચાર આવેલો કે આવી સ્થિતિ થઈ શકે ખરી ?

ચેતનનો સ્વભાવ, એનું લક્ષણ આનંદ છે. ગમે તે સ્થિતિમાં હોઈએ, એકમાત્ર સુખનો અનુભવ થયા કરે એ જાતની સમજણ આ દ્વંદ્વની રચનાથી જ પ્રગટી શકે અને તે
મર્મ મનુષ્યયોનિમાં જ શક્ય છે. તા. ૧૨-૧૨-૧૯૬૧
૩૧

૯

વેદના કે દુઃખ એના મૂળમાં કશાકની યાદ તાજી કરાવે છે. એટલે ભક્ત માણસ કે જ્ઞાની કે યોગી કે ધ્યાની કે એવા જે માણસો છે, એને વેદના છે તે એને ભગવાનની યાદ જીવતી રખાવે છે. ક્ષણવાર પણ ભૂલવા ના દે. વેદના ના હોય તો એ માત્ર આનંદમાં-આહ્‌લાદમાં મસ્ત રહ્યા કરે. અને જેમ દારૂ પીધો હોય અને નશો ચડે, તે જેમ નશામાં ને નશામાં માણસ આનંદમાં રહે તેમ તે આનંદના આહ્‌લાદમાં પડ્યો રહે છે, પણ મૂળમાં ભગવાનને લીધે છે. તે ભગવાન ભલે એને અનુભવમાં આવી ગયો હોય, પણ ભગવાન પ્રત્યેક પળે એની કોન્શ્યશનેસમાં છે, એવું નથી હોતું. જ્યારે વેદનાને લીધે એની કોન્શ્યશનેસ પ્રત્યેક પળે જીવતી રહે છે. એવો આ કાળમાં વેદનાને લીધે મારો અનુભવ છે.

તો પછી બીજો તર્ક એની સામે એમ ઊભો થાય છે કે તો પછી વેદના લાગે કેમ ? ઈશ્વરનું, ભગવાનનું અસ્તિત્વ જો રહે છે તો ભગવાનના અસ્તિત્વમાં તો માત્ર આનંદ જ છે. બીજું કંઈ તો છે નહિ. જો આનંદ જ એટલો બધો હોય, તો પછી દુઃખ કે વેદના હોતાં નથી, એમ સમજણમાં આવે. પણ તેમ નથી. ભગવાનના અસ્તિત્વમાં બધું જ છે. સુખદુઃખ બન્ને છે, કારણ કે આખરે તો આપણે પ્રકૃતિમાં છીએ. પ્રકૃતિમાં હોવાથી અને પ્રકૃતિમાં ભગવાનનો અનુભવ થતો હોવા છતાં, પ્રકૃતિ જતી રહેતી નથી. પ્રકૃતિ, પ્રકૃતિ તરીકે રહે છે. એટલે એને વેદના થાય ખરી. વેદનાનો અનુભવ થાય, પણ વેદનાથી એ લેવાઈ ના જાય.

અત્યારે મને પાંસળાંમાં એટલું બધું દર્દ થાય છે. સ્પોન્ડીલાઈટીસનું દર્દ પણ વધે છે. હજી ગળાનું પણ થશે. ત્યારે વધુ ત્રાસ થશે એટલે એક ગોળી આપી. હમણાં બીજી એક ગોળી લીધી પણ હજી અસર થઈ નથી !

આમાં આનંદ છે. દાખલો આપીને સમજાવું. નાનું બાળક છે, તે રેતીમાં રમતું હોય, રેતી ભીની હોય. તેમાં આકાર

કંઈક બનાવે અને પાછું ભૂંસી નાખે. અને બીજું નવું બનાવે. નવું તે આનંદ માટે જ છે. પેલું ભૂંસી નાખે છે, તેને બગાડી નાખે છે તે પણ આનંદ માટે છે. નવો આનંદ કરવાને માટે નવું બનાવે છે. એ જેમ તમને સમજાય છે તેમ આ કલ્પનાની વાત નથી, હકીકતની વાત છે. બાળકને જુઓ તો એ પ્રમાણે કરતું હોય છે.

એકીકરણ
૩૮-૩૯

આપણે શરીર છોડીને જઈએ છીએ-મરણની સ્થિતિ અનુભવીએ છીએ, એમાંથી નવો પાછો બીજો આનંદ મેળવવાને માટે બીજું સ્વરૂપ ધારણ કરીએ છીએ.

આ પોતાપણું, આ મમતા, આ બધી આસક્તિ, રાગ, મોહ, કામક્રોધાદિ પણ જળ અને પૃથ્વીતત્ત્વને લીધે વિશેષપણે છે. રજસના ગુણ પણ છે એ જળ અને પૃથ્વીતત્ત્વને લીધે જ. અને બધાં જ કરણો અથવા ભોગવવાને માટે બધી જ સેન્સીસ-ઇંદ્રિયો છે. આત્મામાં શરીર સાથેની કોઈક એવી અવસ્થા છે કે ત્યાં વેદના સાથે આનંદ છે. આત્માનો આનંદ છે. વેદનાનો હું સાક્ષી છું. પણ તેમ છતાં વેદના છે. પણ કોઈક એવી ભૂમિકા છે ખરી કે જેમાં વેદનાનો પણ આનંદ છે, એ હું નથી અનુભવી શકતો.

આપણને માનસિક રીતે, આપણને બૌદ્ધિક રીતે પરસ્પર વિરોધી લાગે છે. તેમ છતાં વેદનાનો પણ એક પ્રકારનો આનંદ છે. એનું કારણ શું ? કે વેદના જે જે ભાગમાં થઈ, એ તે ભાગમાં રોમેરોમમાં સ્પર્શે છે. તેના ઊંડાણના ભાગમાં પણ સ્પર્શે છે. આનંદ, હર્ષ કે સુખની લાગણી થઈ, તો તે એટલી ઊંડાણમાં નથી જતી, વેદના જાય છે. વેદના ખૂબ ઊંડામાં ઊંડે જાય છે અને રોમેરોમમાં પ્રસરે છે. અને હાર્દને પણ પકડે છે અને પાછા એમાં જે એના શરીરના ગુણધર્મને પણ એ વેદના ભુલાવે છે. વેદના એને નબળાં બનાવી દે છે.

વેદનાની પાછળનો હેતુ તો વિસંવાદિતા દેખાડવા પૂરતો હોઈ શકે, પણ વિસંવાદિતા સાથે સંવાદિતા છે એવો અનુભવ

પેલા અનુભવીને સાથે સાથે થાય છે ખરો, પણ વેદનામાં જે આનંદ છે, તે હું નથી અનુભવી શકતો.વેદનાની સાથે આનંદ છે ખરો, પણ વેદનાનો આનંદ હું નથી અનુભવી શકતો. છતાં એવી ભૂમિકા છે ખરી. અન્વય ૬૬-૬૭

મને એક જણે કહેલું, 'મોટા, ભગવાન તમને આટલાં બધાં વેદના-દર્દ શું કરવાને આપે છે ?' મેં કહ્યું, 'મારા ભલાને માટે એ વેદના થાય છે. પોકારું છું ખરો. બહુ વેદના થાય છે, હવે નથી રહેવાતું.' અને નંદલાલને કહું છું કે 'તમે કહેશો તો આ શરીર છોડી દઈશ. એમ બધું કહું છું ખરો, પણ આખરે તો એ મારા ભલાને માટે જ છે. અને તેનું કારણ પણ મને સમજાય છે. હું કોઈને કહેતો નથી, કારણ કે સમજણમાં આવે એવું નથી. જે સમજણમાં ન આવે તે વસ્તુ કહેવામાં કોઈ સાર નહિ. કોઈ ગપાટા સમજે ! પણ જે વસ્તુ રૅશનલી-બરાબર આપણા મગજમાં બુદ્ધિપૂર્વક ઊતરી શકે તેવી વાત હોય તો જ કરવી, એવું પહેલેથી જ મારા મનમાં ઠસી ગયેલું. એટલે હું કહેતો નથી. બાકી, મારા ભલાને માટે જ છે. શંકા વગરની વાત છે. આટલી બધી અસહ્ય વેદના રોમેરોમ પ્રગટે છે અને શરીરની મર્યાદા વટાવી ગયેલી છે. આ વેદના પણ મારા ભલાને માટે છે એમાં મારા મનમાં બે મત નથી. એ સોએ સો ટકા સાચી વાત છે. એકીકરણ ૪૦-૪૧

શ્રીપ્રભુકૃપાથી આ જીવને એવાં અભ્યાસ, ટેવ અને સમજણ છે કે જે કંઈ કરવાનું દિલ થાય, તેને બની શકે એટલી ત્વરાથી આટોપી લેવાય તે ઉત્તમ, કારણ કે મૃત્યુની નિશ્ચિતતા તો નથી જ. તેથી, મૃત્યુના વિચારથી નહિ, પણ તે તો છે જ, તેથી, જે સંકલ્પ હોય તે શ્રીપ્રભુકૃપાથી જેટલો સવેળા સ્વસ્થતાપૂર્વક, શાંતિ અને ભાવથી પૂરો થઈ જાય તે ઉત્તમોત્તમ.

વળી, મને એમ પણ છે કે હવે આ શરીરને ઘણા રોગ છે, અને તે ખવાતું જાય છે. તે હાલ વેદનાગ્રસ્ત તો છે જ, પરંતુ હવે તેવી વેદનાનો હુમલો સહન કરવાની શરીરની પણ મર્યાદા છે. શરીર ઉંમરને કારણે ઘરડું થતું જાય છે અને તેથી તેની

સહન કરવાની તાકાત ઘટે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત, હવે આ શરીરને થાક પણ લાગે છે, જે પહેલાં મુદ્દલે લાગતો જ ન હતો. આ ઉપરાંત, આમેય શરીરનો ભરોસો ન ગણાય. તેથી પણ જેટલું જલદી આટોપાય તેટલું ઉત્તમ. બાકી, મને પોતાને તો જીવવાની કે મરવાની તે બેમાંથી એક પણ મરજી નથી. બન્ને આવકાર્ય અને સ્વીકાર્ય છે.

શ્રદ્ધા
૨૯-૩૦

❑

■

(ગઝલ)

હવે હરિ ના મુકાતો છે, હરિ કેમે ન છૂટતો છે,
ગળે વળગેલ ના માત્ર, હૃદયમાં શો બિરાજે છે !

હવે પધરામણી કરવાની ન માથાકૂટ કશી કૈં છે,
હવે તો શો હરિ નિજનું બિછાનું પાથરી લે છે !

હરિને ભેટવાનું તો થયેલું સાવ અદૃશ્ય,
હરિ જુદો ન નિજનાથી ઠરેલો છેક શો અંતર !

હરિની સાથ ભીતરમાં રમત રમવાની ચાલુ છે,
હરિ સાથેનો આનંદ અદ્વિતીય, અલૌકિક છે.

પ્રભાત
૨૦૦

**શ્રીમોટા**

ખંડ-૧૩

# હરિની કલમ

(ગઝલ)

રંગત ૭૪

કલમ હું ખાલી માત્ર જ છું, કશું ડહાપણ ન મુજમાં છે,
કશુંક નીતરતું લાગે જો, બધું તે તે હરિનું છે.

*શ્રીમોટા*

■

(ગઝલ)

હૃદય શો 'ઢ' પૂરેપૂરો, છતાં નવતરની સમજણને-
હૃદય ઉગાડીને કેવાં જીવનસર્જન કરાવ્યાં છે !
ન મુજથી આ લખાયે જે, કૃપાથી તેં લખાવ્યું છે,
લખાવીને શરણજનની, જીવનગાથા દીપાવી છે !

**શ્રીમોટા**

અનુભવ ગીત
૩૨૬

આપણાં બહાર પડેલાં પુસ્તકો અક્કેક લઈને વારાફરતી વાંચતાં રહેવું. એક પૂરું થાય કે બીજું લેવું. અનુક્રમે એમ બધાં જ પુસ્તકો વાંચી લેવાં અને તે બધાં પૂરાં થયેથી ફરી તે શરૂ કરવું. એ કાર્યક્રમ રોજનો રાખવો. એમ કરતાં કરતાં બીજું આધ્યાત્મિક સાહિત્ય પણ સમજાવા માંડશે, મારાં લખાણમાં (કારણ કે મને આધ્યાત્મિક સાહિત્યના શાસ્ત્રીય શબ્દોની જાણ
સોપાન ન હતી અને નથી) સીધું સાદું લખાણ છે. જેનો જરાતરા પણ
૫૨-૫૩ આ માર્ગમાં પ્રવેશ હોય તેને તે સમજણ પડે તેવું છે.

એક કાળ એવો હતો કે જ્યારે મેં નવલકથા લખી હતી, પણ નવલકથા ગુમ થઈ ગઈ. એટલે આપણે સમજી લીધું કે આપણે હવે બીજું કશું લખવાનું નથી. આ પણ લખવાનું બહુ જ ઓચિંતું બન્યું. મને કવિતા લખતાં પહેલાં આવડતી પણ નહિ. મારા ત્રણે ભાઈઓ, મારા મોટા ભાઈ જમનાદાસભાઈ, મૂળજીભાઈ ભક્ત, સોમાભાઈ ભાવસાર બધા કવિઓ. હું એકલો જ નહિ. એટલે મને લાગે હું એકલો નમારમૂંડો બાકી રહ્યો, મને જ કવિતા કરતાં આવડતું નથી. કૉલેજમાં ભણતો ત્યારે પ્રયત્ન કરેલો પણ કંઈ ફાવી શકેલો નહિ. ત્યાર પછી તો ઘણાં વર્ષો વીતી ગયાં અને ભક્તિના માર્ગમાં ભગવાનની કૃપાથી કંઈક પ્રવેશ મળ્યો. અને તે વખતે જે કંઈ ભાવના જાગી એમાંથી આ દ્વાર ખુલ્લું થયું અને પહેલવહેલું ભજન મેં લખેલું કે 'નાથ વ્હારે આવે તો વ્હેલો આવજે રે' એ ગીત મેં લખ્યું. એ આમ તો સામાન્ય ગીત, ગામડિયા લોક ગાય એવું ગીત છે, પણ એ ગીત લખ્યાથી મને પોતાને સંતોષ થયો કે આવાં ગીતો લખાય તો સામાન્ય સરળ માણસો પણ સમજી શકે. એ તો જાણે કે મારા ગુરુમહારાજનો મને આદેશ હતો કે 'દીકરા એવું લખવું કે સામાન્ય માણસ પણ સમજી શકે. તમારે પાંડિત્ય બતાવવાની જરૂર નથી. તમારી વિદ્વત્તાને તમે ભૂંસી નાખો. વિદ્વત્તાને ખોઈ નાખો. તમારામાં જે ડહાપણ

છે, તે ડહાપણને જવા દો. પણ સીધું સાદું, અહંકાર વિનાનું ગામડિયા માણસો સમજી શકે એવું તમે લખો.' એ વાત મારે ગળે ઊતરી ગઈ અને એ પ્રમાણે લખવાનું મેં શરૂ કર્યું. એને સાહિત્ય કોઈ કહે કે ના કહે, તેને માટે હું કશો વિચાર કરતો નથી. સાહિત્ય હોય કે ના હોય, પણ એવું એક લખાણ હોય કે જે સમાજનો ઘણો મોટો ભાગ સમજી શકે. એવું હોય તેને સાહિત્ય કહેવું કે ન કહેવું તે સાહિત્યકારો સમજે. મારા મનથી તો આ પણ સાહિત્ય જ છે. એક કાળ એવો આવશે કે જ્યારે આ પણ સાહિત્યની એક પદ્ધતિ કે લક્ષણ ગણાશે. એવો કાળ આવે કે ન આવે, એને કોઈ સાહિત્ય ગણે કે ન ગણે, તે વિશે મારા મનમાં હું તદ્દન નિઃસ્પૃહ છું. તેમ છતાં આ રીતે લખ્યા કરું છું ખરો. અનુષ્ટુપ છંદમાં અને ગઝલમાં પણ મને વધારેમાં વધારે ફાવે છે, પરંતુ અનુષ્ટુપમાં હું બહુ સરળતાથી લખી શકું છું. અને લખવાનું હોય છે તે તો તૈયાર જ હોય છે. એને વિશે મારે કંઈ વિચારવાનું હોતું નથી કે હું કશું વિચારીને લખતો પણ નથી. વિચારીને જો કંઈ લખાય તો હું તે ફાડી જ નાખું. અને એ સ્થિતિ જ અત્યારે નથી કે હું કંઈ વિચારીને લખી શકું. એટલે જ્યાં સુધી, જ્યારે એમ નક્કી થાય કે આ પુસ્તક છપાવવાના પૈસા અમુક જણ આપી દેવાના છે, એવું જ્યારે નક્કી થાય છે ત્યારે ઝડપભેર લખાઈ જાય છે. અરે, આખું પુસ્તક બે કે ત્રણ દિવસમાં હું પૂરું કરી નાખું. એવા કેટલાય દાખલા બનેલા છે.

જોકે શરીરની માંદગી એ કારણ ખરું, પણ શરીરની માંદગી એ કંઈ બહુ મોટી વાત મને લાગતી ન હતી. એક દિવસ સવારમાં અમારા સુરતના પ્રખ્યાત પ્રતિષ્ઠિત ડૉક્ટર શ્રી આર. કે. દેસાઈ સાહેબ મને જોવા આશ્રમમાં કૃપા કરીને પધાર્યા હતા, ત્યારે જરા કંઈક વાર હતી, અને કંઈક ભૂલ હતી તે સુધારવાની હતી કે 'મોટા, આ બે ગીત તમારે બરાબર કરવાનાં છે.' તેમાં ફરીથી મેં એક તો લખી આપ્યું. એટલામાં એ પધાર્યા. મેં હાથ જોડ્યા, નમસ્કાર કર્યા. એ વિધિ થઈ પછી

કહ્યું કે 'સાહેબ, આટલું ભજન લખવાનું બાકી છે તે આપ રજા આપો તો લખી લઉં.' તો કહે, 'લખી લો, લખી લો.' એટલે મેં તરત જ એ બીજું ગીત લખીને પેલા ભાઈને આપી દીધું. તો મને કહે, 'મોટા, તમારું મન તો બહુ સ્વસ્થ છે અને હમણાં પેલી ગોળી કામપોઝ, બે ગોળી લો છો તેનાથી તમારું મન સ્વસ્થ ના રહે.' મેં કહ્યું કે 'રહે કે ના રહે તે હું જાણતો નથી પણ અત્યારેય દસ ભજન હું લખી શકું,-જો મને નિમિત્ત મળે તો.' આ શરીર ત્યારે અને અત્યારે પણ માંદલું છે. અને અત્યારે તો પહેલાં કરતાં વિશેષ માંદલું છે, અને હાલીચાલી પણ શકાતું નથી, ઊઠીબેસી શકાતું નથી, ચાલી શકાતું નથી, પણ સાત્ત્વિક મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ માંદાં પડ્યાં નથી, એ તૈયારીવાળાં છે.

જ્યોતિ
૧૨-૧૫

૨

આ જે જીવદશાનું જીવન છે તેને તે જ પ્રકારનું જો માનવીનાં મનાદિકરણ વિચારવાનું કર્યા કરે તો તેવો માનવી તે જ પ્રકારના જીવનમાં રહ્યા કરે. પોતાને જે પ્રકારનું જીવન જીવવું છે, જે ઊર્ધ્વતમ, અનુપમ, ભવ્ય અને દિવ્ય ચેતનાના પ્રદેશની તેને જે ઉત્કટમાં ઉત્કટ લગની છે, તેને હાલ ને હાલ તો તે અનુભવી શકતો નથી, પરંતુ તે ઊર્ધ્વ પ્રકારના જીવનનો તાદૃશ ખ્યાલ આવી શકે તેવા પ્રકારનું પ્રતીક તે પોતાની સામે સતત એકધારું રાખી શકે છે. અને એમ થતું હોય તો જ અખંડ, સહજ અને મૌલિક આનંદની પ્રાપ્તિ થવા માટેની વાસ્તવિકતા સાંપડી શકે. આવા ઊર્ધ્વ, ભવ્ય અને દિવ્ય પ્રકારના જીવનને માટે આદિકાળથી માનવીએ શોધ કર્યા જ કરી છે અને આજે પણ એ શોધખોળ ચાલુ જ છે.

એવું જીવન જીવવાને માટે શ્રીહરિકૃપાથી આ જીવને કોઈ અણધાર્યો, ઓચિંતો ધક્કો વાગ્યો. એ ધક્કાએ મને જીવદશાના જીવનમાંથી ચેતનાના પ્રદેશનું જીવન જીવવા માટે પ્રેરાવ્યા કર્યો તેની પણ રસિક કથની છે. તેથી, તો મેં મારાં પુસ્તકોનાં નામ **'જીવન'**થી શરૂ કરેલાં છે.

રંગત
૨૪-૨૫

મેં સાહિત્યનો કદી વિચાર કર્યો નથી. મારી પાસે સાહિત્યની કોઈ વાત નથી. મારે તો સીધે સીધું સમાજને સમજાઈ શકે એવી ભાષામાં જે તે કંઈ મૂકવું છે. એવો મારા ગુરુમહારાજનો હુકમ છે. આમ તો ભણેલો છું. બી.એ.માં મારો વિષય ગુજરાતી હતો અને બી.એ.માં તો મેં ગુજરાતી ઑનર્સ લીધું હતું. અને ઇન્ટર સુધી સંસ્કૃતના વિષયમાં ઘણા ઊંચા એંસીથી ઉપર માર્ક્સ મને મળ્યા હતા. એ ઉપરથી તમે સમજી શકશો કે હું સારું ગુજરાતી લખી શકું એવી સ્થિતિમાં તો છું, પણ ૧૯૨૦ની સાલમાં જ્યારે ગુજરાતમાં સાહિત્ય પરિષદ ભરાઈ, ત્યારે એ સાહિત્ય પરિષદમાં આપણા ગુજરાતના મોટામાં મોટા નામાંકિત એવા કવિઓ હતા. એવા કવિઓની આગળ, અને શ્રીયુત ટાગોર સાહેબ પધાર્યા હતા તે વખતે, મહાત્મા ગાંધીએ બિલકુલ શરમ કે સંકોચ રાખ્યા વગર આ બધાંની શેહમાં તણાઈ ગયા વગર, જે ઉચ્ચારો કર્યા હતા તે ઉચ્ચારો હજુ મારા મનમાં રણકે છે કે 'આપણું સાહિત્ય તો એવું હોવું જોઈએ કે ખેતરમાં કોશિયો કોશ ખેંચતો ખેંચતો  એ ગાય અથવા તો એ સમજી શકે. ગામડાનો માણસ પણ એ સમજી શકે, એવી સરળ ભાષામાં આપણે બધાંએ લખવું જોઈએ.' એ વાત કહી અને એ બોલતા હતા ત્યારે શ્રી નરસિંહરાવભાઈ બોલેલા કે 'Impossibe, Impossible'. અશક્ય, અશક્ય ! એમ એ શબ્દો બોલેલા તે હજુ પણ મારા કાનમાં રણકે છે. ત્યારથી મારા દિલમાં એમ પણ લાગેલું કે હવે લખવું તો આ જ જાતનું લખવું. ગાંધીજીની વાત તદ્દન સાચી છે. તે ઉપરાંત, મારા ગુરુમહારાજનો પણ મને હુકમ છે કે દીકરા, તું લખે તો એવું લખજે કે અભણ માણસ પણ સમજી શકે.

પહેલાં તો જેલમાંથી હું ગીતા લખી લાવ્યો, ત્યારે મારી બાને કહ્યું કે 'મારા એક ભાઈબંધે, સંબંધીએ આ (ગીતા) જેલમાં લખી છે. અને એણે કહ્યું છે કે તારી બાને વંચાવજે અને એને જો સમજણ પડે તો મને કાગળથી જણાવજે તો હું

રાજી થઈશ.' એટલે મારી બા કહે કે 'વાંચ ભાઈ.' એટલે મેં પહેલો અને બારમો અધ્યાય વાંચી સંભળાવ્યો અને એ બરાબર સમજી. 'ભાઈ મને બરાબર સમજણ પડે છે, અને તારા ભાઈબંધને લખી જણાવજે કે ચૂનિયાએ મને ગીતા વાંચી સંભળાવી છે, પહેલો અને બારમો અધ્યાય, અને મને બરાબર સમજણ પડી છે. અને તમે બહુ સારી અને સરળ ભાષામાં લખી છે તે જાણીને રાજી થઈ છું.' મારી બા પાસે આવું કહેવાનું કારણ એટલું જ કે જો મેં મારી બાને કહ્યું હોત કે 'બા, આ મેં લખી છે અને મારે તને વાંચી સંભળાવવી છે.' તો મારી બા મને એમ જ કહેત કે 'મેર મારા રડ્યા, તું શું લખતો હતો ? તને કશું આવડે નહિને !' વળી, એ વાંચવાની કે સાંભળવાની તૈયારી મારી બા બતાવત જ નહિ. તો એવી સ્થિતિમાં વાંચી સંભળાવું તો એનો કોઈ અર્થ નહિ. એટલે મેં મારી બાને આ રીતે વાત કરેલી.

ગીતા પણ એટલી જ સરળ ભાષામાં પ્રભુકૃપાથી લખાઈ છે. અને આ બધાં ભજનો પણ, જેને હું જોડકણાં કહું છું. તેને કાવ્ય કહેતો નથી. અને જે કહું છું તે સાચેસાચ કહું છું, અને બને તેટલી સરળ ભાષામાં મેં લખેલાં છે અને અભણ માણસ પણ તે સમજી શકે એવી ભાષામાં લખેલાં છે. એને હું સાહિત્યમાં, સાહિત્યની કક્ષામાં છે, એવું પણ સમજતો નથી. જેને જે સમજવું હોય તે સમજે, પણ મારું લખાણ એટલું સરળ છે કે કોઈ સાધકને ભવિષ્યમાં પણ એમાંથી કંઈક જીવનમાં આચરવાનું થાય તો એને હું ભગવાનની પરમ કૃપા ગણીશ. મેં જે આચર્યું છે તે મેં લખ્યું છે. માત્ર લખવા ખાતર લખ્યું નથી, પણ મારા મનમાં એક વિચાર થયેલો કે ઘણાં બધાં પોતાનાં જીવનવૃત્તાંતો લખે છે, મારે કોઈ જીવનવૃત્તાંત તો લખવું ન હતું, જોકે લખી શકાય એવું છે. મારા જીવનમાં ફેરફાર થયા. કેવી સ્થિતિ હતી, એ સ્થિતિમાં કેવા સંગ્રામો થયા એ બધું હું લખી શકું એમ છું. લખવાની તાકાત પણ છે, પણ અંગત જીવન મારે લખવું નથી, પણ મારી સાધનાની

Autobiography એટલે કે જીવનચરિત્ર-સાધનાનું, મારે લખવું હતું. અને એ મને લખતાં આ નાનાં સરખાં જોડકણાંમાં સારી રીતે ફાવે છે.

ગઝલ અને અનુષ્ટુપ છંદ એ મારા શરીરના બે મૂળભૂત અંગ છે એમ પણ કહું તો ચાલે. એ મારા દિલમાં એવા તો બેસી ગયા છે કે ગમે ત્યારે પણ હું અનુષ્ટુપમાં લખી શકું. મારે કોઈ વિચાર કરવાની પણ જરૂર પડે નહિ એવી મારા પર ભગવાનની પરમ કૃપા છે.

જે કેટલાંકના આજના બહુ ભણેલાં લોકોને-ગળે પણ કદાચ નહિ ઊતરે, પણ મેં તેની-બીજાના અભિપ્રાયની-પરવા નથી કરી. મારે કોઈના પ્રમાણપત્ર પર આ જીવનમાં જીવવું નથી. મારે તો મારા ભગવાનનું પ્રમાણપત્ર મને મળી ચૂકેલું છે. તેથી, ગમે તેવી દશામાં હોઉં, લોકોના ગમે તેવા અભિપ્રાય હોય તેની મને કોઈપણ જાતની હવે પરવા નથી. તેમ છતાં હું તેમની અવગણના નથી કરી શકતો, કારણ કે ભગવાનનું સ્વરૂપ-આ સર્વ સૃષ્ટિ, સર્વ બ્રહ્માંડ, સર્વ સ્વરૂપ એ ભગવાનનો અંશ છે તેને હું કેવી રીતે અવગણી શકું ? પરંતુ તેમનો અભિપ્રાય એ કંઈ ભગવાનનો અભિપ્રાય નથી, કારણ કે ભગવાન એમના દિલમાં જાગેલો નથી. એટલા માટે હું એમના અભિપ્રાયને સ્વીકારવાને તૈયાર નથી. એમના અભિપ્રાયને હું અવગણતો પણ નથી, પરંતુ એના પર હવે મારે કંઈ જીવવું નથી. મારે એના વિશે કંઈ વિચારવાપણું પણ નથી. ઘડતર ૧૭–૧૧

હવે, દિવસે દિવસે શરીર બગડતું જાય છે, અને અર્થ સરે એમ નથી. એ તો પ્રેમભક્તિભાવે ભોગવવાનું છે અને તે મસ્તીથી ભોગવું છું, બૂમાબૂમ તો કંઈ કરતો નથી, એ ભગવાનની કૃપા છે. એને માટે ભગવાનની શી મહેર માનું ! કે આ બધા રોગો આપ્યા છે, તેમ છતાં હું ભજનો લખ્યા કરું છું, એ કંઈ નાનીસૂની હકીકત નથી. બહુ મોટી હકીકત છે. આ જીવતો છું-શરીર જીવે છે-ત્યાં સુધી લોકોને એ નહિ સમજાય, પણ શરીર મરી ગયા પછી લોકોને એમ થશે કે

'મોટો' આવો હતો કે આટલી બધી વેદના ભોગવતો હતો અને તેમ છતાં ભજન લખ્યા કરતો હતો. અને સતત ભજન લખ્યા કરતો હતો, એ હકીકતની કદર શરીર મરી ગયા પછી લોકો કરશે. પણ લોકો કદર કરે કે ન કરે પણ ભગવાનની મારા ઉપર એટલી મોટી કૃપા છે કે આ જે પ્રસાદી એણે મને આપી, કે આવાં દર્દની વચ્ચે પણ, આવાં ભયંકર સહન ન થઈ શકે એવાં દર્દોની વચ્ચે પણ, જીવી શકાય એવો જે મને ભાવ આપ્યો છે, અને એણે જે મારા પર કૃપા વરસાવી અને આ ભજનો કરવાની જે તાકાત, જે શક્તિ, જે પ્રેરણા અને જે ભાવ એણે આપ્યાં એ એની કૃપા. એ કૃપા અપરંપાર છે. જેને કશાની સાથે સરખાવી શકાય નહિ, એવો મારા ભગવાને મને પ્રસાદ આપ્યો છે. એ પ્રસાદ મારા ભગવાને મારા પર રાજી થઈને મને આપ્યો છે. રોગની ઘણી ભયંકર વેદનાની વચ્ચે આ ભજનો લખાયાં અને તે કંઈ પણ વિચાર્યા વિના, સરળપણે આપમેળે હું લખાવ્યે જઉં છું. આ એક મોટામાં મોટી ભગવાનની કૃપાપ્રસાદી છે. અને આવા વિરોધાત્મક સંજોગોમાં અત્યંત ઉત્કટમાં ઉત્કટ એવી વેદનાની વચ્ચે આવાં ભજનો લખાયાં એ કંઈ નાનીસૂની વાત નથી, એ બુદ્ધિથી બધા જીવો કબૂલ કરશે. આનાથી વધુ કંઈ મારે લખવાનું છે નહિ.

ઘડતર
૨૧-૨૨

૩

શ્રીહરિની કૃપાથી આ જીવનમાં અનેક પ્રકારના પ્રયોગો થયા છે. રોગ અને દર્દની વેદનામાં ઉત્તમ પ્રકારનું મૌલિક સર્જન થાય, તો એ પણ શ્રીહરિની કૃપાનું પ્રત્યક્ષ પરિણામ જીવનમાં અનુભવવાનું મળે, એટલે તો રોજ ને રોજ ભજન લલકારું છું અને તેનું સર્જન થયા કરે છે, પરંતુ આ ભજનોમાં તો મારા જીવનમાં થઈ ગયેલાં સાધનાભ્યાસનાં અનેક પ્રકારનાં પાસાં ઉકેલાતાં જતાં હોય છે. એ પાસાંની હકીકતનો હું એકલો જ સાક્ષી છું.

અભય, નમ્રતા, મૌન અને એકાંત તે મારા શરૂઆતના સાધનાના ગાળાનાં મુખ્ય સાધનો. સને ૧૯૩૦ની સત્યાગ્રહની લડતમાં અભય કેટલો કેળવાયેલો છે, તે નાણી જોવાની શ્રીહરિ-કૃપાથી ભાગ લેવાનું બનેલું. લાઠીઓના માર ખાતાં ખાતાં એક ઈંચ પણ ખસવાનું બની શક્યું નથી. સતત મોટેથી 'હરિઃૐ'ના જપ પોકારાયા જ જતા હતા. એવા જે પ્રસંગો શ્રીપ્રભુકૃપાથી મળ્યા, અને તે રીતે શ્રીહરિકૃપાથી કંઈક અભય કેળવાયો છે, તેની ખાતરી થઈ. એવી જ રીતે તે કાળમાં જેલમાં જવાનું પણ સહેતુક અને અમુક મુદ્દાસર જ્ઞાનપૂર્વક વિચારીને જવાનું થયું હતું. કેટકેટલા જુદા જુદા વિચિત્ર પ્રકારના સ્વભાવવાળા માનવીઓની સાથે રહેવું, અને અનેક પ્રકારની જ્યાં ધમાચકડી ચાલતી હોય, અનેક પ્રકારનું જ્યાં 'તીકડમ્' ચાલતું હોય, જ્યાં ચર્ચાનો તો કોઈ પાર જ ના હોય, જરા જેટલી દાળ માટે કે રોટલાના ટુકડા માટે ઝપાઝપી ચાલતી હોય અને જ્યાં માણસના સ્વભાવ એટલા બધા તો છીછરા થઈ ગયા હોય અને અનેક પ્રકારના પ્રપંચની જ્યાં ધમાલ હોય, એવા વાતાવરણમાં આપણા પોતાના સાધનમાં એકાગ્રતા કેટલી જામેલી અને જીવતી થયેલી છે તે અનુભવવાની નેમની ખાતર જેલમાં જવાનું થયું હતું. ત્યાં પણ સતત મૌન જ પાળતો. ભજન, પ્રાર્થના, ધ્યાન વગેરે સાધનમાં જ બધો સમય ગાળતો. અને એકવાર વીસાપુરની જેલમાં તો ગીતાજીનું સર્જન પણ શ્રીભગવાનની કૃપાથી થયું. સૌરભ ૧૪-૧૫

૪

પ્રભુકૃપાથી જ્ઞાનપૂર્વકનું મારું તો એક એવું આચરણ છે કે જ્યારે જ્યારે કોઈને પત્ર લખું છું, ત્યારે ત્યારે તે વ્યક્તિ સાથે એકભાવથી પ્રગટીને કાગળ લખું છું. તેવી જ રીતે જ્યારે જ્યારે કોઈનું સ્મરણ પ્રગટે, ત્યારે ત્યારે તે સ્મરણમાં પણ તેવું પ્રગટીને તે સ્મરણને પ્રાર્થનાભાવે પ્રભુનાં ચરણકમળમાં પ્રેમથી સમર્પણ કરી દઉં છું. સંશોધન ૩૯૫-૩૯૬

પ્રભુની કેવી કૃપાકળા છે ! કોઈકના પરનું લખેલું લખાણ તે વળી કોઈકને પિગળાવી શકે છે ! એ ઉપરથી એટલી તો ખાતરી થશે જ કે આ જીવે જે લખ્યું છે, તે બીજા સદ્‌ભાવી હૈયાંને પણ સ્પર્શ કરી શકે એવું છે. મને તો દૃઢ આત્મવિશ્વાસ છે કે મેં મારાં સ્વજનોને દિલ રેડીને લખ્યું છે, આમ જે
પોકાર ૪૦૩ લખાણો છપાયાં છે, તેમાંથી જો કોઈક જીવને સ્પર્શ થયો, તો પ્રભુકૃપાએ લેવરાવેલ સકળ શ્રમ સફળ થઈ કૃતકૃત્ય થઈ શકવાનો છે.

આ જીવના કાગળો દિલ પિગળાવી દે એવા છે, તે જો સાચેસાચી હકીકત હોય, તો તો તે પણ ઉત્તમ છે. તેથી જો કોઈપણ જીવનું દિલ પીગળી શક્યું, તો તે તો, તે જીવની
પોકાર ૨૩૬ ઉત્તમ સેવાભક્તિ છે. અમારે તો જ્યાં ત્યાંથી સ્વજનોને ઊંઘી જવા દેવાં નથી.

અમારા કાગળોમાં જે તે બધું લખવાનું બને છે, તે કંઈ કોઈ એક જ જીવને સંબોધીને તો હોતું નથી. પ્રભુકૃપાથી અમને જીવનવિકાસની સાધના કરતાં કરતાં જે સમજણ પ્રગટેલી છે, તે સમજણ અમે તો બધાંને કાજે કાગળમાં મૂકતા હોઈએ છીએ. તેમાંથી જે જીવને સમજવું હોય, તે સમજ્યા કરે. અમારી મનીષા તો એવી ખરી કે દરેક સ્વજન, તેમાંથી પોતપોતાનું દિલ વલોવી વલોવીને સમજવાનું કરી, તે પ્રમાણેનું વર્તન આચરવાનું કરી, પૂરેપૂરાં દિલ અને અંતરનો ભાવ જીવનવિકાસને
પોકાર ૨૩૪ યોગ્ય એવા વર્તનમાં તે રેડ્યા કરે, તો જ તેવા લખાયેલા કાગળનું યથાર્થપણું પ્રગટ્યું ગણાય.

૫

મને સમજાવતાં કશું આવડતું નથી. ઘણીવાર ગૂંચવાડો ઊભો થાય એવું પણ બને છે. લખાણમાં આરપાર ઊતરી જાય અને એનો મર્મ સ્પષ્ટપણે કળી શકાય એવું વેધકપણું નથી. સર્વ પરિસ્થિતિમાં ચેતનાયુક્ત જ્ઞાનપૂર્વકની તટસ્થતા રાખ્યા કરવાની જે આવશ્યકતા છે, તે મારામાં વાસ્તવિકપણે

હોય તો આનંદ જ છે. વળી, ચર્ચામાં કદી રસ મને પડ્યો નથી. પ્રવેશ ૧૭૭

૬

મારા આ પ્રકારના સાહિત્યમાં કેટલુંક તો એવું છે જ અને તે પણ fundamental-આખી જીવનસાધનાના પાયારૂપ કે ચાવીરૂપ કે બીજાઓનાં લખાણોથી નિરાળું પણ છે. આધ્યાત્મિક ભૂમિકાઓ માટેનાં સ્પષ્ટ લક્ષણોની હકીકત અને તે રીતે મનને કરાવતું ભાનનું લખાણ બહુ જ ઓછું પ્રગટ થયેલું છે. અનુભવ થયો હોય અને તેમ છતાં તેની તેની રીતે તેટલા જ પ્રમાણમાં વ્યક્ત થવાની કળા એ પણ એક જુદી કળાના અભ્યાસનું પરિણામ છે. પ્રત્યેકના દૃષ્ટિકોણ જુદા જુદા હોય છે, તેમ પાછું તેમની તેમની એ ગિરિની ટોચ ઉપર આરોહણ કરવાની અથવા એને અનુભવવાની રીત પણ અલગ અલગ હોય છે. એટલે સત્પુરુષોનાં લખાણોમાં વિસંવાદ પણ હોય ખરો. તેવે વખતે આપણે ખાસ સચેત રહેવાનું છે. બીજાઓ પરત્વે હૃદયનાં પૂરેપૂરાં આદર, સદ્‌ભાવ અને ભક્તિયુક્ત ઉદારતા રાખ્યાં છતાં પોતાના અનુભવ ઉપર જ આધાર રાખવાનો તેમ જ હૃદયમાંથી મળતી પ્રેરણાને જ સ્વીકારવાનો માર્ગ વિશેષ કલ્યાણ કરનારો થઈ પડે છે, એવું મને મારા પોતાના અનુભવમાં દર્શન
લાગ્યું છે. ૨૧૪

કોઈપણ જીવનના અનુભવી અને ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માનાં વચનોને મારાથી લખાયેલાં વચનોની સાથે સરખાવવાનું કરવું નહિ, જોકે એથીયે તમને વિશ્વાસ વધ્યો તો ખરો, એ કંઈક ઠીક થયું ભલે ગણાય. પ્રભુકૃપાથી આ જીવ તો જે અનુભવે છે, તે જ લખે છે. પછી બીજા કોઈ સમર્થ કે સત્પુરુષની વાણી સાથે તેનું સામ્ય હોય કે ન હોય. તમે પોતે તો પાકી ખાતરીથી જાણો છો કે આ જીવે કંઈ કશું વાંચ્યું કર્યું નથી. મહાત્મા પુરુષનાં તેવાં તેવાં વચનોની સાથે આ જીવનાં લખાણોનું સામ્ય ઘણે ઠેકાણે પ્રગટેલું હોય છે, પરંતુ તેથી

કરીને તમે તો એમ નહિ જ માની શકો કે તે તે બધું મારું પોતાનું નથી. જીવનવિકાસની સાધનામાંથી જે જે સમજણ પ્રગટી છે, તે તે પ્રમાણે હું તો બધાંને લખું છું, એટલે તે રીતે તેની યથાર્થતા કૃપા કરીને સ્વીકારશો. પ્રત્યેકના અનુભવ જુદા જુદા હોઈ શકે છે. સત્યરૂપી હીરાનાં પાસાં અનંત છે. અને પ્રત્યેક પોતપોતાને અનુભવ થયેલાં પાસાંને અનુસાર તે વિશે લખતા હોય છે.

દર્શન
૨૧૩

૭

જે કંઈ પદ્ય લખાય છે એને કવિતા તો ગણતો નથી, માત્ર જોડકણાં ગણું છું. એમ લખવામાં તો મજા પડે છે. જે કહેવાનું હોય છે તે બધું ઠીક રીતે લખવામાં એમાં મહાવરો પડતો ગયો છે. જે કહેવાનું હોય છે તે પૂરું સ્પષ્ટતાથી લખવાનું તેમાં મુદ્દાસર બની શકે છે અને વ્યક્ત પણ સચોટપણે થતું હોય છે. ગદ્યમાં તેવું પૂરું નથી બનતું. ગદ્યમાં પણ તેવું તેવું વ્યક્ત તો થઈ શકે. અહીં તો શ્રીપ્રભુકૃપાથી જે જે કાળે જે જે સાધન મળે, તેમાં જ્ઞાનભાવે ઉપયોગની દૃષ્ટિ પ્રવર્તે એટલું જ આ જીવે તો જોવાનું રહે છે.

પ્રવેશ
૧૭૯-૧૮૦

કવિતાની દૃષ્ટિએ મારી કવિતામાં કંઈ દમ ભલે ન હોય. પહેલાં તો એને કાવ્ય જ ન કહી શકાય, પરંતુ મારે જ્યારે ટૂંકામાં પતાવવું હોય છે અને પાછું કંઈક સચોટ અર્થવાળું કહેવાનું હોય છે, ત્યારે ભાવને એકાગ્ર કરવામાં અને સચોટપણે વ્યક્ત કરવામાં કાવ્યમાં લખવાનું મને વિશેષ ફાવે છે. પિંગળશાસ્ત્રની મને ખાસ કશી ગતાગમ નથી.

મંથન
૧૧૯

૮

'હુકમ' વિશે મેં ઘણું લખેલું છે. આજના આવા સ્વચ્છંદી અને પ્રપંચકાળમાં ભણેલાંગણેલાં, કહેવાતા સુધરેલા વર્ગને આ હુકમનું તત્ત્વજ્ઞાન ગળે ઊતરવું મુશ્કેલ છે, પરંતુ જેને ગરજ લાગી હોય છે, અને જેના જેના તરફથી આપણી ગરજ સફળ

થનાર છે, એવું જે જીવને અંતરમાં અંતરથી જીવતુંજાગતું લાગી ગયેલું હોય છે, તેનું કહ્યું માનવાને આપણે પૂરેપૂરાં તત્પર થઈ જતાં હોઈએ છીએ. તે તો ઘણાખરાના અનુભવની હકીકત છે. તેવી રીતે હુકમની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. તે સ્થૂળ છે, સૂક્ષ્મ છે અને કારણ સ્વરૂપે પણ છે. ઉચ્ચતમ ભૂમિકાઓમાં પ્રેરણાના સ્વરૂપમાં પણ હુકમ પ્રગટતો હોય છે. એ 'હુકમ'નાં પણ જુદાં જુદાં પાસાંઓને અને તેની જુદી જુદી ભૂમિકાઓનાં રહસ્યોને,-'હુકમ'ને-મેં કેવા ભાવથી અને જીવનના ધ્યેયની, હેતુની જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતાથી મેં ઉઠાવેલા છે ! અને જીવનની ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં મુદ્દલે સંકલ્પ વિકલ્પ વિના પ્રેમભક્તિપૂર્વક હુકમનું પાલન કરેલું છે. હુકમના પ્રેમભક્તિ-પૂર્વકના પાલનથી અને હેતુના જ્ઞાનભક્તિપૂર્વકપણે પાલન કરવામાં આવે છે ત્યારે-જીવનની અનેક પ્રકારની મર્યાદાઓને ઓળંગી દેવાને માટે 'હુકમ' એ સમર્થમાં સમર્થ સાધન છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવે તેવું તારવેલું છે. 'હુકમ'ને જુદી જુદી ચોપડીઓમાં મારા હૃદયના સચોટ ભાવથી એને મેં ગાયો છે. સ્પંદન ૨૦-૨૧

૯

અમે મુંબઈ ગયેલા. દર વર્ષે મુંબઈમાં આઠદસ દિવસ રહેવું પડે. લોકો આમંત્રણ આપે, હરિદક્ષિણા આપે. તે પ્રમાણે એક ભાઈને ત્યાં ગયેલા. એમણે મારા ઘણા બધા ફોટા ત્યાં પાડ્યા, અને એમણે ભીંત ઉપર લાકડાની પેટીઓ કે ફ્રેમમાં બાર ફોટા મૂક્યા, બહુ કલાત્મક, સુંદર રીતે. પછી કહે, 'મોટા, મને દરેક ફોટાનું એક સૂત્ર લખી આપો.' એટલે મેં એમને બાર ફોટાનાં બાર સૂત્રો લખી આપ્યાં. હરિસ્તવનનાં એમ કહોને. બધાંને બહુ ગમ્યાં.

જે પેલા ભાઈને બાર મુક્તકો મેં લખી આપેલાં, તે એણે તો એના ફોટા પડાવ્યા પાછા, મારા હસ્તાક્ષરમાં જ. મેં કહ્યું, 'ભાઈ, તું ફોટા પડાવે તો બે નકલ કરાવજે અને મને પણ એક આપજે. જોકે તે હું તો કોઈકને વેચીશ અને મને બે પૈસા

મળશે.' તો કહે, 'મોટા, તમારે તો જેમાં ને તેમાં પૈસાનો જ વેપાર.' મેં કહ્યું, 'ભાઈ, મારે તો પૈસા જ જોઈએને ! હું તો બે પૈસા મળે તોયે લઉં. આ કામને માટે અને વેચુંયે ખરો.' પછી એણે મને ફોટોસ્ટેટ મૌક્તિકો આપ્યાં.

એક સ્તોત્ર મેં એમાં ખાસ સંસાર ઉપર લખ્યું છે કે 'ભાઈ, આ સંસાર મિથ્યા નથી. જે લોકો એને મિથ્યા કહે છે એ વાત ખોટી છે. એવું જે મિથ્યા બોલનારા છે તે કદી મિથ્યા સમજતા નથી અને સાચું જ માનીને બધો વહેવાર કરે છે. જો એ મિથ્યા જ માનતા હોય તો એમને જીવવાનો ક્ષણવાર પણ અધિકાર નથી, કારણ કે એ પત્નીને પત્ની જ ગણે છે, બીજું કંઈ ગણતા નથી. પૈસાને પૈસા જ ગણે છે, મિથ્યા ગણતા નથી, વહેવારને મિથ્યા ગણતા નથી. બોલવા ખાતર બોલે છે કે આ સંસાર મિથ્યા છે, ત્યારે એ તો ઊલટો દંભ કહેવાય. એટલે એના ઉપર-સંસાર ઉપર મેં ખાસ લખ્યું છે.

આ પુષ્પ-મૌક્તિકો એવા પ્રકારનાં છે જે વાંચવાથી આપણને શ્રીહરિ ઉપર કંઈક ભાવ જાગે, પ્રેમ જાગે, વહાલ પણ જાગે. આપણા જીવનનું મુખ્ય કર્તવ્ય શું છે એનું પણ થોડું ઘણું યત્કિંચિત્ ભાન થાય. આ બધાં મૌક્તિકો લખવાની પાછળ મારો ઉદ્દેશ તો એટલો જ છે કે આપણે આ સંસારમાં જીવવાનું તો છે, એમાં તો કંઈ ફરક નથી, તો પછી જીવતાં જીવતાં આપણે થોડું ઘણું ભગવાનનું ભજન કરીએ, સ્મરણ
પુષ્પ કરીએ. ભજન કરતાં કરતાં પણ જે ગુણ અને ભાવ કેળવાય
૯-૧૨ છે તે ભગવાનની ભક્તિ કર્યા સિવાય નહિ કેળવાય.

આ સ્તોત્રો પણ જુદી જાતનાં છે. આ મૌક્તિકો જે રીતે લખાયાં છે, તે હું જે રીતે જીવન જીવ્યો, અને એમાંથી જે મને સાર લાગ્યો, અને જે મને સાચી રીતે સમજાયું કે હરિ કેવો છે ? હરિ કેવા ઉપયોગમાં આવે છે ? હરિ માત્ર કોઈ કલ્પના નથી, માત્ર કોઈ ધારણા નથી, હરિ માત્ર કોઈ ભાવના નથી, પણ પ્રત્યક્ષ એ આપણને ખપમાં લાગે છે. તેવી રીતે

હરિ આપણને વહેવારમાં સકળ કર્મમાં ખપમાં લાગે એવો એક નિરાકાર હોવા છતાં સાકારરૂપે પોતે છે. આ હકીકત કોઈ કલ્પના નથી, પણ મારા જીવનમાં મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે. અને બધાંને ખાતરીથી કહી શકું છું કે આવાં ભયંકર દર્દોની વચ્ચે જે જિવાય છે તે ભગવાનની કૃપા છે. મારા જેવો-તરણા જેવો-માણસ, મારી એવી કોઈ પ્રખ્યાતિ નથી, કે મારી પાસે એવી ચમત્કારિક કોઈકને આંજી નાખે એવી કોઈ શક્તિ નથી, કે છટાભર્યું ભાષણ કરી કોઈને મુગ્ધ કરી દઈ શકે એવી કોઈ વાક્છટા પણ મારામાં છે નહિ, તેમ છતાં એવાનાં કેટલાંય વર્ષોથી લાખોનાં પરમાર્થ કાર્યોના જે સંકલ્પો થાય છે તે ભગવાનની કૃપાથી જ પૂરા થાય છે. બાકી, કોણ આપે એવાને ?



આ **'ભાવજ્યોતિ'** પુસ્તક એવા પ્રકારનું છે કે એમાં ચાર ચાર કડીઓ છે. કોઈકમાં છ છે. અપવાદરૂપે કોઈકમાં આઠ છે, પણ એક ભાવ ચાર લીટીમાં સમાઈ જાય છે અને એ ભાવને એક જ ઠેકાણે એવી રીતે કેંદ્રિત કરેલો છે કે જેથી ભગવાનની ભાવનાનો આપણા મનમાં ઉઠાવ આવે, ઉઠાવ પ્રગટે અને ભગવાન વિશે આપણું મન વધારે ખેંચાય, એ એનો ઉદ્દેશ છે. ભગવાન પરત્વે આપણે દોરાઈએ, ભગવાન પરત્વે આપણે ખેંચાઈએ, ભગવાન પરત્વે કે એનાં ચરણકમળ વિશે આપણું આકર્ષણ જીવતુંજાગતું થાય, એ આનો ઉદ્દેશ છે. એ થાય કે ન થાય તેનો પણ વાંધો નથી. કોઈ સદ્ભાગી જીવ હોય તેને આમાંથી લાભ મળશે, તોપણ ઘણું છે અને નહિ મળે તો ભવિષ્યમાં કોઈક જીવ-આવી જેની ભૂમિકા હશે અને એવો જીવ-આમાંથી જો વાંચીને કંઈક એને આગળ વધવાની તક પ્રાપ્ત થશે તો મારા મનથી મોટામાં મોટી એ ભગવાનની કૃપા છે.

મારા ગુરુમહારાજનો હુકમ હતો કે 'મારે જીવનના પ્રત્યેક ક્ષેત્રે કશુંક ને કશુંક મૌલિક, એની કૃપાથી સર્જતા રહેવું જ. જીવનના આધ્યાત્મિક વિકાસના પંથે મૂળમાં એના પરત્વેની જિજ્ઞાસા એ જ એક સાચો મૂળ ગુરુ છે. અને તેના સ્વરૂપને જિજ્ઞાસાએ આ જીવને કૃપા કરી અનેકવિધ અને અનેક રીતે દર્શાવ્યાં છે, અને તેથી કરી જે શીખવાનું મળ્યું છે, અને તે તે બધાંથીયે નોખું થતું જવાનું જિજ્ઞાસાએ મને શિખવાડ્યું છે, તેની તેવી કૃપા-બલિહારીથી આ જીવ ભાવના ઉદ્રેકથી અને તેવા તેના પ્રતાપ અને પ્રભાવથી આ જીવને જે વાણી વ્યક્ત થઈ, તેથી કરી આ **'જિજ્ઞાસા'**નું સર્જન થયું છે.

આટલું બધું લખાણ અને તે પણ જિજ્ઞાસાનું વિજ્ઞાનશાસ્ત્ર જે રીતે જે ભાવે આ બધું તટસ્થતાથી જે પૃથક્કરણ થયું છે, તે બધું આપોઆપ એની મેળે વિચાર્યા વિના લખાયે જ ગયું છે અને તે પણ થોડાક જ દિવસોમાં.

જિજ્ઞાસા
૩૪-૩૫

જે રીતે જીવનમાં આ આધ્યાત્મિક વિજ્ઞાનને પંથે જિજ્ઞાસાના બળે, ભાવે ધપાયું છે, તેનો પ્રત્યક્ષ ઇતિહાસ થોડો ઘણો પણ લખાયો, તેથી શ્રીપ્રભુએ એ રીતે મને જે જે જીવો મળેલા છે, તેમને તેમને એટલું તો જરૂર થશે જ કે આ જીવે જે ઊંડાણથી જિજ્ઞાસાનાં જુદાં જુદાં થરો, પાસાં અને એનાં અનેક સ્વરૂપોને જે રીતે દર્શાવ્યાં છે, તે તેમના તેવા અનુભવના નિચોડનું જ દર્શન છે. તેમને તેવું થાઓ કે ન થાઓ, પરંતુ મને તો આ જિજ્ઞાસાનું લખાણ વ્યક્ત થતાં થતાં જે આત્મસંતોષ થયો છે, એ જ એની પ્રસાદી છે.

જિજ્ઞાસા આટલી વિશદતાથી અને આટલા વિસ્તૃત સ્વરૂપમાં ભાગ્યે જ વ્યક્ત થયેલ હશે એમ માનું છું. જિજ્ઞાસાને કેળવાતી રહેવાવાને કાજે અને જિજ્ઞાસાને ચેતનવંતી પરિણામમાં ફળવતી થયા કરવા કાજે હેતુના જ્ઞાનની સભાનતાથી ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું જે થયું તેને હું શ્રીભગવાનની પરમ

કૃપાપ્રસાદી લેખું છું. ભાવ વિનાનું બધું જ શુષ્ક છે. ભાવ એ જ જિજ્ઞાસાની પાંગરતી જતી પ્રાણશક્તિ છે.

આધ્યાત્મિક વિજ્ઞાનશાસ્ત્રમાં જિજ્ઞાસાનું મહત્ત્વ પ્રથમ સ્થાને છે. જિજ્ઞાસા પરત્વેનું ગુજરાતી ભાષામાં એનાં સર્વ પાસાંને લગતું એવું ખાસ કોઈ લખાણ જ નથી. સંસ્કૃત ભાષામાં જિજ્ઞાસા પરનું પૃથક્કરણાત્મક લખાણ હશે કે કેમ તે તો જાણતો નથી, પરંતુ ગુજરાતી સાહિત્યમાં તો નથી જ.



૧૧

અનુભવીને દેહ રહે છે પણ તેના દેહની લીલા ન્યારી છે. તેને દેહ છે પણ અનંતમાં વિહરે છે. નિમિત્ત જ્યાં હોય ત્યાં અનુભવી હાજર હોય પણ નિમિત્ત એને સમજી શકે નહિ, કારણ કે ભક્તિ ન હોય. જો ભક્તિ હોય તો સમજાય. અનુભવી નિમિત્તની જોડે હાજર જ હોય. એ આકાશ સાથે એક હોવાથી એકીપળે અનેક સાથે જુદી જુદી ભૂમિકામાં પ્રવર્તતો હોય છે. અને એથી જ અનુભવીને દરેક વિજ્ઞાન (Branch of knowledge)નું જ્ઞાન ન હોય, પરંતુ જો કોઈ વિજ્ઞાની નિમિત્ત બને તો તેને અનુભવી સ્પર્શી શકે, પરિણામે નિમિત્તવાળા વિજ્ઞાનીથી આશ્ચર્યકારક શોધ થાય. આવી બધી હકીકતો જે બને છે તે આકાશતત્ત્વના મહત્ત્વના મોખરાપણાને લીધે હોય છે.

જ્યારે શ્રીસદ્‌ગુરુ ઉપર લખવાનું મારે સહજમેળે થયું, ત્યારે મારે સાચેસાચી હકીકત લખવી જોઈએ. કોઈ માને કે ન માને તે તરફ બિલકુલ દૃષ્ટિ રાખી નથી. કેટલીક હકીકતો એવી હોય છે કે પ્રકૃતિના ક્ષેત્રમાં જેની બહુ ભારે પ્રતિભા હોય એવી પ્રખર અને પ્રચંડ બુદ્ધિ પણ ઊર્ધ્વમાં ઊર્ધ્વ આધ્યાત્મિક કક્ષાનાં સત્યોને નહિ સ્વીકારી શકે અને સમજી પણ નહિ શકે. જેમ કે, આઇન્સ્ટાઇનની Theory of Relativityનો જે સિદ્ધાંત છે, તેને આખી દુનિયામાં થઈને માંડમાંડ થોડા માણસો જ વિગતવાર સમજતા હશે. બીજા બધા તો

એમ માને કે આવી એક થીઅરી છે એટલું જ, પરંતુ તે થીઅરીનું સત્ય તો તેમનાથી બરાબર સમજાય નહિ. તેવી જ રીતે ઊર્ધ્વમાં ઊર્ધ્વની ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાનાં રહસ્યો અને તેની સાચી હકીકતો પ્રકૃતિના ક્ષેત્રની બુદ્ધિ સમજી નહિ શકે.

પરંતુ આ શરીર જ્યારે તેના અંતના છેલ્લા આરે બેઠું છે, ત્યારે શરીર જતાં જતાં સાચેસાચી હકીકત ખુલ્લી કરતા જવું, અને વિશેષ કરીને જ્યારે શ્રીસદ્‌ગુરુ પર લખવાનું નિમિત્ત મળ્યું ત્યારે તો એના પરત્વેનું સ્ફુરતું ગયું, એમ લખતો ગયો છું અને લખવાનો ધર્મ પણ સ્વીકાર્યો છે. આ બધું જ લખાણ માત્ર થોડા જ દિવસોમાં લખાઈ ગયું છે. બધાંની સાથે ગામ-પરગામ ગયો હોઉં, બધાંની સાથે હળવામળવાનું થતું હોય, તેવી દશામાં પણ શ્રીભગવાનની કૃપાથી આ લખાણ લખાયે જતું હતું. છંદ રચનાનો લાભ એ છે કે વિચારોને સ્મૃતિમાં સંઘરવાને માટે તે સરળ અને સહેલું છે. લયમાં બોલાતું હોવાથી ગદ્ય કરતાં વિશેષ ભાવ પ્રગટતો હોય છે. વળી, શાસ્ત્રના જેવી કોઈ હકીકત હોય, તો તેવી હકીકતોને અનુષ્ટુપમાં લખવાનો એક પ્રકારનો રિવાજ પડી ગયો છે. ગીતાજી શાસ્ત્ર છે, અને એવી જે બીજી સૂક્ષ્મ હકીકત હોય, તે પણ અનુષ્ટુપમાં ગવાઈ છે. એટલે આ સદ્‌ગુરુના જીવનની આવી હકીકત અનુષ્ટુપમાં લખાઈ છે, તેને અંગે કેટલાક મિત્રોએ કહ્યું કે 'મોટા, તમે આ યથાયોગ્ય કર્યું છે અને આપણી પ્રણાલિકાને સાનુકૂળ છે.' આ મત સંસ્કૃત ભાષાના કોઈ પ્રખર અભ્યાસીનો
ગુરુ ૩૭-૩૮ પણ છે. નામ ન આપવા બદલ વાચકો મને ક્ષમા કરે.

મારા જીવનવિકાસની સાધનાનો કેટલાય પ્રકારનો ગૂઢ ઈતિહાસ છે, આ શરીર જ્યારે નહિ હોય ત્યારે કોઈક ખરેખરો શ્રેયાર્થી આ વાંચશે તો તેને તેમાંથી ઘણું સમજવાનું મળશે. વળી, આ ભજનો મોઢે બોલ્યે જતો હતો અને તે લખાતાં જતાં હતાં એ તો કોઈના માન્યામાં ન આવે એવી હકીકત સોએ સો ટકા સાચી છે.

વળી, આ જીવના શરીરમાં જે જુદા જુદા પ્રકારના ઉત્કટ વેદના પેદા કરાવે એવા રોગોની હયાતી છે, તેવી વેદનાની ઉત્કટ, પ્રખર, ઉન્મત્ત અવસ્થામાં પણ આ ભજનો લખાતાં હતાં, તે શ્રીભગવાનની પ્રત્યક્ષ લીલાકૃપા છે. એમાં આ જીવે કશી મોથ મારી નથી. શ્રીભગવાનની કૃપા જ્યારે જગજાહેર પ્રત્યક્ષ થાય છે, ત્યારે તે કેવું ચમત્કારિક પરિણામ લાવી બતાવે છે, તેનો આ જીવતોજાગતો પ્રત્યક્ષ દાખલો છે. શરીરની આવી પીડાકારક દર્દની વેદનામાં એકધારાં ભજન મોઢેથી બોલાતાં જાય, તે હકીકત કોઈ ન્યારા પ્રકારની છે. કેવા પ્રકારના જીવથી તે થઈ શકે તે સમજવાનું કામ શ્રેયાર્થીનું છે. એટલું જ નહિ પણ આ શરીરને દમનો ભારે વ્યાધિ છે અને દમનો જ્યારે જ્યારે હુમલો હોય ત્યારે ફેફસાંમાં પૂરતી હવા ન મળવાના કારણે એક પ્રકારની એવી ભારે મૂંઝવણ પ્રગટે છે, તે અમૂંઝણની દશામાં પણ શ્રીભગવાનની કૃપા શરીરના સાવ સંપૂર્ણ લૂલાપણામાં પણ પોતે વ્યક્ત રીતે ડોકિયાં કરી શકે છે, તેનો તે પ્રત્યક્ષ જીવતોજાગતો ચેતનાત્મક પુરાવો છે. દમના ભયંકર હુમલાથી જ્યારે ફેફસાંમાં અમૂંઝણ જાગે છે, તેવી અમૂંઝણની વેળાએ આવું સર્જન થવું એ કંઈ નાનીસૂની વાત નથી. એ તો શ્રીભગવાનની કૃપાશક્તિનું પ્રત્યક્ષ વ્યક્ત દર્શન છે. એવા ભયંકર દમના હુમલાથી જે અમૂંઝણ થઈ, તેમાં પણ આ જીવથી ભજન થયું, તેથી કરીને મારા વહાલા હરિ પર જે અપરંપાર હેત ઊપજ્યું છે, તે તો આ જીવ એકલો જ જાણી શકે. પગદંડી ૧૩-૧૪

૧૨

જ્યારે **'જીવન ઘડતર'** લખ્યું ત્યારે કેવા કેવા સ્વભાવના સંજોગોમાંથી, કેવી કુટેવોમાંથી આ જીવન હાલ જે છે તે થયું એ બધું દર્શાવવું જ જોઈએ, અને તે ખુલ્લી રીતે ન દર્શાવાય તો આ ચોપડીના નામને એ યથાર્થ થવા યોગ્ય ના ગણાય. કેટલાંયે ભજનો એવાં છે કે જે વાંચીને લોકોને એમ થશે કે

'અરર, આવા મોટા, આવા મોટા !' એમ થાય ખરું ! તો જેને થવું હોય તે ભલે થાય, પણ મારી જાતનું જીવનઘડતર કેવી દશામાંથી થયું, જીવનની ત્યારે કેવી સ્થિતિ હતી, જીવદશામાં જ્યારે આ જીવ હતો, ત્યારે કેવા પ્રકારનો હતો, તે બધી સમજણ સમાજનાં-અત્યારે તો મારા ભગવાનનાં-ચરણ-કમળમાં તેને સમર્પણ થવાને માટે ત્યારે ત્યારે મેં તેને બધું મૂકી દીધેલું જ હતું અને એમાંનું તો અત્યારે કોઈ નામનિશાન નથી, પણ તેમ છતાંય કેવી કેવી સ્થિતિમાંથી આ જીવનનું ઘડતર થયેલું છે એનું પૂરેપૂરું સ્પષ્ટ નિવેદન મારે એમાં 'જીવન ઘડતર'માં ખુલ્લા દિલથી મૂકવું જ જોઈએ, કારણ કે આ બધાંય મારાં ભજનો **'જીવન અનુભવ ગીત'**થી તે અત્યાર સુધી જે લખાયાં છે તે બધાં ભજનો એક રીતે તો 'Autobiography of my Sadhana'-મારી સાધનાનો આ એક જીવંત, સળંગ, એકધારો વૃત્તાંત છે.

ઘડતર
૧૪-૧૫

આ જીવનને શ્રીહરિ પરત્વેની સભાનતામાં પ્રગટાવવાને માટે જે પ્રકારની ઉત્કટ આવશ્યકતા જોઈએ, તે જાગે તે હેતુથી જુદાં જુદાં સાધનો શ્રીપ્રભુકૃપાથી આદરાયાં અને જેમ જેમ ચાલવાનું-વર્તવાનું થયું, તેના તેના સીમાચિહ્ન (Mile Stones) તરીકે જે જે બન્યું તે તે પગલાંનો આમાં ઈતિહાસ છે. જે પગલાં શ્રીપ્રભુકૃપાથી ભરાયાં, જે રીતે ગડમથલ થઈ, જે જે રીતે સ્પષ્ટ આરપારદર્શક સ્વભાવનું દર્શન થયું, અને એ સ્વભાવનું કેવી કેવી રીતે જીવનના વિકાસપંથમાં અવરોધ કરનારું જીવદશાનું બળ હતું, અને તે સ્વભાવની સર્વ પ્રકારની ટેવો, કુટેવો, સમજણો, મડાગાંઠો, પૂર્વગ્રહો રીતરસમો વગેરેથી શ્રીહરિકૃપાથી મુક્ત થવાવાને જે પ્રકારની જીવતીજાગતી ચેતનાત્મક ઝુંબેશ આ જીવથી ઉઠાવવાનું બન્યું હતું તેનો પણ તેમાં જીવંત ઈતિહાસ આવે છે. આધ્યાત્મિક વિકાસની પરિપૂર્ણતાએ પહોંચ્યા પછી, શ્રીહરિકૃપાથી જીવનમાં જે પાછળનું વિહંગાવલોકન થાય છે, ત્યારના તે જીવનની હકીકતો આદર્શને અનુભવ્યા પછીના જીવનના અનુભવથી તદ્દન નિરાળા પ્રકારની

હોય છે, તે શ્રેયાર્થીને આમાંથી સમજાશે ખરું. આધ્યાત્મિક
વિકાસને પંથે જતાં જતાં જીવદશાની પ્રકૃતિનો પડેલો જે સ્વભાવ
તે પણ અવરોધકર્તા છે અને કેટલેક અંશે મદદકર્તા પણ છે. તે
બધું વર્ણન અને તેની હકીકત આ બધાં ભજનોમાં તાદશપણે કેડી
શ્રીહરિકૃપાથી ચીતરાઈ છે. ૨૧-૨૨

આ મારાં ભજનો, એ મારા સાધનાના કાળમાં મારા
જીવનમાં ભગવાનને અનુભવવાને મારાથી જે રીતની મથામણ
અને સાધના થઈ છે તેના ઈતિહાસનો આમાં ઉલ્લેખ છે અને
તેની ખૂબી એ છે કે તે છેક નીચેથી લઈને છેક ઉપર જાય છે.
climaxમાં આવે છે. એટલે કે દા.ત., હું એમ કહું કે હું
આવો હતો, જીવદશામાં આવો હતો, આવો હતો, એમ
જણાવીને આખરે પછી ઊંચામાં ઊંચી સ્થિતિ થઈ હોય તેનું પ્રવાહ
વર્ણન આવે છે. ૧૨

શ્રેયાર્થીને મારાં પુસ્તકોમાંથી ઘણું સમજવાનું મળશે. બીજું
કોઈ ભગવાનને અનુભવવાને માટે હૃદયથી ખરેખરી જહેમત
ઉઠાવતું હશે તેને આમાંથી સમજવાનું તો ઘણું મળશે, એટલું જ
નહિ, આ બધી સાધનાની રીતરસમો જે છે તે મેં લખેલી છે.
કેટલાંક ગૂઢ સાધનો છે એના વિશે મેં ઉલ્લેખ કર્યો નથી. એ ગૂઢ વાણી-૭
સાધનો મેં કરેલાં છે ખરાં, પણ એના વિશે લખવું નકામું છે. ૬૨

મારા વહાલાએ મારા જીવનમાં મને એટલી બધી મદદ કરેલી છે કે તેનાં ગુણગાન ગાતાં મને ધરવ થતો નથી. ભગવાનનું નામ એક નહિ અને અનેક રીતે ગાતાં મને એટલો બધો આનંદ આવે છે કે મારું રોમેરોમ તેથી પુલકિત થાય છે અને મારા શ્વાસોશ્વાસમાં તેનો રણકાર ગુંજ્યા કરે છે. ઘણીવાર હરિના નામનું ગુંજન મારી ઊંઘ પણ હરી લે છે, પણ તેથી કદી મને નુકસાન થયું નથી, પણ મારા દિલમાં મસ્તી જ પ્રવર્તી છે, અને ખરું કહું તો ભગવાનના નામને લીધે જ આજે હું જીવી રહ્યો છું.

ઘણા લોકો ઘણીવાર મને કહે છે કે ‘મોટા, તમારાં લખાણોમાં એક ને એક વાત ઘણી વાર બેવડાતી હોય છે.’

તેમને મારો જવાબ છે કે 'ભાઈ, ભગવાનનું નામ પણ એક જ હોય છે અને અનેક રીતે એને લઈએ છીએ તેથી શું તે બેવડાય છે એમ કહેશો ? અથવા અયોગ્ય છે એમ કહેશો ?' જેમને આત્મોન્નતિમાં રસ છે એવા જે જે જીવો મારી સાથે સંકળાયેલા છે તેમને માટે હું લખું છું. મારી શૈલી સીધી, સાદી અને ગામઠી છે કે જેથી સાધારણ માણસ તે સમજી શકે.

આજે જ્યારે જીવનને આરે બેઠો છું ત્યારે મારાં લખાણો વિશે આટલી સ્પષ્ટતા એટલા માટે કરું છું કે ભવિષ્યમાં મારાં લખાણો વિશે કોઈને સગડગ ન રહે.

હર્ષા ૧૦-૧૧

કાવ્યના લયમાં ગાતાં ગાતાં હૃદયમાં એક પ્રકારની ઝલક પ્રગટે છે અને તે રીતે વ્યક્ત થવાતાં જતાં ભાવનો જુસ્સો પણ કદીક તેમાં વ્યક્ત થાય છે.વિચારની સરળતા પણ બહુ સારી રીતે પ્રગટે છે. ગદ્યમાં જો લખવાનું હોય તો જે ઘણું બધું લખવું પડે તે આવાં જોડકણાં દ્વારા બહુ થોડામાં પતી જાય છે. એટલે મને ગદ્ય કરતાં પદ્ય વધારે ફાવે છે. સાનુકૂળ પણ છે. મારા લખેલા ગદ્ય કરતાં પદ્ય વધારે સરળ છે.

આહ્‌લાદ ૨૧

આ બધાં મારાં જે ગીતો લખું છું તે આ Autobiography of my Sadhana છે. એ આજે નહિ સમજણ પડે, પણ સો વર્ષ પછી કોઈ માણસ અભ્યાસી નીકળશે, તેને સમજણ પડશે. મેં લખ્યું છે એટલા માટે નહિ, પણ માનવીય હેતુથી લખું છું અને મને આ ગદ્ય કરતાં પદ્ય મને સહેલું અને સરળ લાગે છે. એ એક આઠ લીટીમાં એક ભાવ ટકાવી દેવો. બીજી આઠ લીટીમાં બીજો ભાવ-એ પેલામાં (ગદ્યમાં) મારાથી થતું નથી.

વાણી-૫ ૮-૯

૧૩

**'મનને'**માં જે બધું લખ્યું છે, એમાં કલ્પનાનો એક અક્ષર પણ નથી, કે બુદ્ધિને દોડાવીને 'આમ હોય કે તેમ હશે' એમ સમજીને પણ નથી લખ્યું. તેવા પ્રકારની ઊર્મિલતા પ્રગટી અને તે પ્રકારનાં જોશ અને લાગણીથી લખાયું હોય તેમ પણ

નથી. એ તો મારી પોતાની અને મારા મનની વચ્ચેના યુદ્ધની વિગતવાર અનુભવની હકીકત છે. સંશોધન ૪૭૦

વળી, મારે જે ધ્યેયને પ્રાપ્ત કરવું હતું, તે ધ્યેયની ભાવના આઠે પહોર સન્મુખ રહી શકે તો ઉત્તમ, તેવી ભાવના પ્રગટેલી રહેતી. પ્રાર્થના પણ થઈ શકે, કયાં કયાં સાધનો વડે કરીને તે તત્ત્વ પ્રાપ્ત થઈ શકે, અને તે કેવું કેવું હોઈ શકે તેની પણ ભાવના દિલમાં પ્રગટ્યા કરે, અને તેની પાછી પ્રાર્થના થયા કરે, અને તે પ્રાર્થનામાં મારે શું માગવાનું છે તે પણ આવી જાય, એવા પ્રકારની એક સળંગ જીવંત ભાવના રોજ પ્રગટ્યા કરે એવી મારા હૃદયની ભાવનાના અરીસા જેવી ધારણા **'તુજ ચરણે'**માં પ્રભુકૃપાથી વ્યક્ત થયેલી છે. એમાં એની પ્રાર્થનાનો ભાવ છે. એ કયાં કયાં અને કેવાં કેવાં સાધનોથી પ્રાપ્ત થઈ શકે તેનું તેનું પણ બ્યાન છે. ચેતનમાં નિષ્ઠા પામેલું, વિકાસ પામતું જતું અને એના પ્રસાદને પામેલું જીવન કેવું હોઈ શકે તેની પણ હકીકતો તેમાં છે અને અંતે મારે એની કને શું માગવાનું છે, તેની પણ પ્રાર્થના છે. એ પ્રાર્થના એવા પ્રકારની પ્રભુકૃપાથી પ્રગટી છે કે તેથી કરીને ધ્યેયની સન્મુખતા સદાકાળ મને ટક્યા કરતી. વળી, તે પ્રાર્થનાએ મારા જીવનનું એક મોટું કાર્ય પણ સાધેલું છે. ઘણા નાનપણના કાળમાં મને હિમાલયનાં બહુ સ્વપ્નાં આવ્યાં કરતાં. હિમાલયમાં જવાની વારંવાર પ્રેરણા ત્યારે જાગ્યા કરતી. એટલું જ નહિ પણ સાધનાકાળમાં પણ એવું થયા કરતું હતું. ગુરુમહારાજે સદ્‌ભાવના પ્રગટાવી કે તે 'તુજ ચરણે'ની પ્રાર્થનાને મારે છપાવવી અને તેમાંથી જે રકમ મળે તે વડે હિમાલયની યાત્રા કરવી. ૧૯૨૩ની સાલમાં તે છપાવવાને માટે માત્ર નાનકડી રકમ જ જોઈતી હતી, પરંતુ તેટલી રકમ પણ મેળવવી મારે માટે બહુ દોહ્યલી હતી. તે પ્રથમ છાપવાની રકમ મારી આધ્યાત્મિક માએ મને આપી હતી. પ્રભુકૃપાથી તે 'તુજ ચરણે' વેચવાની ઝુંબેશ તો કરી ન હતી. તેમાંથી મને રૂ. ૪૩૭-૧૪-૦ની રકમ મળી શકી, અને સંજોગ મળતાં તેથી હિમાલયની યાત્રા પણ પ્રભુકૃપાથી કરી શક્યો હતો. દર્શન ૧૮૨-૧૮૩

શ્રીપ્રભુકૃપાથી નર્મદામાં ભૂસકો માર્યા પછી શરીરનું ઊગરી જવાનું થતાં આ જીવના જીવનમાં પ્રથમ વાર પ્રાર્થનાનો ભાવ પ્રગટ્યો, અને સર્વથી પ્રથમ ત્યારે આપોઆપ શ્રીનર્મદામૈયાનું પ્રાર્થનાભાવે સ્તવન થયું. સદ્‌ગત પૂજ્યપાદ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજે એક વેળા વડોદરાથી ચાણોદ સુધીનો પગપાળા યાત્રાનો કાર્યક્રમ ગોઠવેલો. આ પદયાત્રામાં તેમની પોતાની સૂચનાથી આ 'નર્મદાગીત' છપાવવાનું બનેલું. રોજ સાંજે તેમના પ્રવચન પછી એ 'નર્મદાગીત' વંચાતું. આ પુસ્તિકાની ત્યારે બે આના કિંમત રાખી હતી. તે ચાણોદ પહોંચતાં પહેલાં તો ક્યારનીયે ખપી ગયેલી. તેની બધી જ રકમ સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજે પ્રેમથી મને આપી દીધી હતી. તે 'નર્મદાગીત'ને વસંતતિલકાના છંદ-ઢાળમાં ફરી વાર ગોઠવ્યું છે, અને તે આ રીતે નવા સ્વરૂપે **'નર્મદાપદે'** બહાર પડી છે.

નર્મદા
૧૨-૧૩

મારાં લખાણોમાં **'હૃદય પોકાર'** જેવું નમૂનાનું પુસ્તક છે. ઘણી બધી મારી પ્રાર્થનાઓ બીજાં પુસ્તકોમાં છપાયેલી છે. પ્રાર્થના એ મારા જીવનનું આધારભૂત સાધન છે. એ હું કર્યા જ કરું છું. અને મારો ભગવાન-જેમાં ને તેમાં પ્રસરેલો છે-જીવંત છે-ચેતનાત્મક છે-એ ક્યારે ફળ આપે છે એ વિચારવાનું નહિ. મુશ્કેલીમાં જ્યારે નવા નવા વિચાર સ્ફુરે ત્યારે સમજી લેવું કે મુશ્કેલીથી આપણે દબાઈ નથી ગયાં. મુશ્કેલી ભલે જતી ના રહી હોય, પણ એના ઉપાયના વિચારો જો આપણને આવે-પણ એ વિચારો શેખચલ્લી જેવા ન હોય-પણ બરોબર અમલમાં આવી શકે એવા હોય-પણ એ અમલ કરવાનું બીજાના હાથમાં હોવાથી કેટલા પ્રમાણમાં અમલ થાય છે એ જુદી હકીકત છે, પણ એ વિચારો વર્કેબલ (આચરણમાં મૂકી શકાય તેવા) છે, એવું હોય તો આપણે સમજી લેવું કે મુશ્કેલીમાં આપણે તરતાં છીએ-લેવાઈ નથી ગયાં-દબાઈ નથી ગયાં. એ નક્કર હકીકત છે.

આપણા માનસમાં કેટલીક એવી મુશ્કેલી રહેલી હોવાથી સબકોન્શ્યસ માઈન્ડમાંથી એના અંગેના ઉકેલ સ્ફુર્યા કરે છે.

એકીકરણ
૬૧

આ જીવના સાધનાકાળમાં એક ગાળો એવો મહામુશ્કેલી-ભર્યો આવેલો કે જ્યારે તેનાથી થતા રહેતા સકળ પુરુષાર્થથી પણ કંઈ કશું બની શકતું ન હતું અને ઊંચે પ્રગટી શકાતું ન હતું. તેવી વેળાએ તેણે જ્ઞાનભક્તિપૂર્વકનો શ્રીસદ્‌ગુરુનો આશરો લઈને પોકાર પાડેલો. તેવી પ્રાર્થનાઓ તે ગાળામાં મેં અનેક કરી છે. **(કેશવચરણ કમળે)** દરેક લીટીને છેડે મારા સદ્‌ગુરુનું નામ 'કેશવ' આવ્યા કરતું. એવી પ્રાર્થનાઓથી જીવનમાં સંશોધન
રચનાત્મક લાભ થયો છે, એ મારો પ્રત્યક્ષ અનુભવ છે. ૨૭૦

**'જીવન પગલે'**માંની 'દુઃખ' ઉપરની બધી કવિતાઓ ફરી-ફરીને મનન કરવા જેવી છે. એવાં દુઃખોની પરંપરાઓમાંથી આ જીવનું જીવન પસાર થયેલું છે. એ દુઃખને કેવા સ્વરૂપે આ જીવે સ્વીકાર્યું હતું અને ઝીલ્યું હતું તેનું આબેહૂબ હકીકતભર્યું મંડાણ
વર્ણન તેમાં છે. ૧૪૮

**'ભાવ'** પર નાની પુસ્તિકા લખી છે. ગુજરાતી ભાષામાં ભાવનો સામાન્ય અર્થ કરીએ કે જેમાં સંસારનો, વહેવારનો, બીજી કોઈપણ પ્રવૃત્તિનો-કામ, ક્રોધ, લોભ, મોહ, રાગદ્વેષ, ચિંતા-ફિકર કંઈ કશું નથી. માત્ર ભગવાન પ્રત્યેનું આકર્ષણ છે. અને એને લીધે એની સાથે જોડાયેલાં, સંકળાયેલાં રહ્યા કરીએ છીએ. એવી ઊર્ધ્વ પ્રકારની લાગણીને ભાવ કહી શકાય.

ઊર્ધ્વ પ્રકારની એટલે ચેતન પરત્વે સંકળાવનારી લાગણી એકીકરણ
તે ભાવ. ૭૦

આધ્યાત્મિક વિજ્ઞાનમય જીવનમાં સૌથી મહત્ત્વનું કશું હોય તો તે ભાવ છે. શ્રીહરિકૃપાથી કોઈકના બેત્રણ વાર 'ભાવ એટલે શું ?' 'ભાવ એટલે શું ?' એમ પ્રેમપૂર્વકનું મને પૂછવાનું થતાં 'ભાવ' ઉપર એક નાનકડી પુસ્તિકા પણ મેં છપાવી છે, જે વાચકને વાંચી જવા ભલામણ છે. જેથી, 'ભાવ'ની વાસ્ત-વિકતાનો સાચો ખ્યાલ વાચકને પ્રગટી શકે. જેમ યોગ્ય અને શ્રેષ્ઠ ઉપાયથી રોગ મટે, તેવી જ રીતે જીવદશા ટાળવાનું ઉત્તમમાં ઉત્તમ અને જીવતું સાધન 'ભાવ' છે. 'ભાવ'ની નિરંતરતા અને ગાઢતા થતાં મનાદિકરણોનું સહજમેળે રૂપાંતર

રસાયણ ૨૪-૨૫ થાય છે અને જે કંઈ સાધનનો અભ્યાસ કરીએ તેમાં પણ જો 'દિલ' ન હોય તો 'ભાવ' તો જાગે જ ક્યાંથી ?

નિમિત્ત મળતાં તદ્દન મૌલિક પ્રકારનાં સર્જન થયાં. 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મઉપાસના' આ બધું એની કૃપાથી જ સર્જાયું અને શરીરની આવી વેદનાકારી ઢંગધડા વગરની અવસ્થામાં, તે હરિની કૃપાની વિશિષ્ટતા.

આ બધાં પુસ્તકો એટલે કે શાસ્ત્ર ગુજરાતી ભાષામાં તો નથી જ. તે કેટલાં ઉત્તમપણે લખાયાં છે, એ તો તે પ્રકારના જે અભ્યાસી છે, તે વાંચીને તેનો ન્યાય આપે ત્યારે ખરું. 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ' કે 'નિમિત્ત' વગેરે ઉપર સંસ્કૃતમાં આમતેમ વેરવિખેરપણે ક્યાંક ક્યાંક જરૂર કંઈક લખાયેલું તો હશે, પરંતુ તે તે વિષયનાં સર્વ પાસાં પર આમૂલાગ્રપણે વિસ્તારપૂર્વક યથાયોગ્યપણે લખાયું હોય, તેવું જાણવામાં આવ્યું નથી. શરીરની આવી હાલતમાં આવું બધું જે મૌલિક સર્જન થયું, તેથી જીવનની એક પ્રકારની કૃતકૃત્ય થયાપણાની, ધન્યતાની અને શ્રીહરિની કૃપાપ્રસાદીના અનુભવની જે ટકોરાબંધ, ચેતનાત્મક જીવનમાં સાબિતી મળી, તે તો એક મારા જીવનની ધબકતા રણકારની સત્ય હકીકત છે. કેટલાક
સૌરભ ૧૮ વિદ્વાનોએ તે તે સર્જનની સારી કદર પણ કરી છે. શાસ્ત્ર તો હું ભણેલો છું જ નહિ.

સવારથી ઊઠીએ કે આપણા શરીરનાં અને વહેવારનાં પ્રત્યેક કર્મ વખતે કરવાની પ્રાર્થનાના શ્લોકો પણ લખેલા છે. **'ગુણવિમર્શ'** પુસ્તકમાં ઊઠતી વખતે, પેશાબ કરતી વખતે, મળવિસર્જન વખતે એવા દરેક પ્રસંગે કરવાની બધી પ્રાર્થનાઓ છે. તો એ પ્રાર્થનાઓ દરેક પ્રસંગે કર્યા કરવી અને કંઈ પણ પ્રૉબ્લેમ આવે-સાંસારિક હોય, કુટુંબનો હોય, આ જાહેર સમાજસેવાનો હોય, મારાં પોતાનાં કર્મ-જે મળેલું પ્રાપ્ત કર્મ છે તેમાંથી ઊપજેલાં એવાં કર્મ હોય ત્યારે પ્રાર્થનાનો ઉપયોગ મેં રિયાલિસ્ટીક (વાસ્તવિક) રીતે કરેલો છે. આ રીતે મને

ઉપાય સૂઝી ગયો છે, જડી ગયો છે. નહિતર તો જડ્યો હોત નહિ. માટે પ્રાર્થના કરવાનું આપણું નિશ્ચયાત્મક વલણ જોઈએ. અન્વય ૫૩

લગ્ન, જનોઈ, ખાતમુહૂર્ત, વાસ્તુ, ગૃહપ્રવેશ વગેરે વિધિઓ માટે જે સાહિત્ય લખ્યું છે, એ એક બળવાખોર ક્રાંતિ છે, કારણ કે આ બધા પ્રસંગે બ્રાહ્મણો અથવા આચાર્યો સંસ્કૃતમાં બોલે. લોકો કંઈ સમજે કરે નહિ. એ સંસ્કારોનું ગાંભીર્ય, મહત્ત્વ પણ જળવાય નહિ. વિધિ અંગે કોઈના મનમાં કશું ઠસે નહિ. એટલે આ અંગેનું બધું સાહિત્ય વાંચીને ગુજરાતીમાં મૂક્યું.

આખી વિધિનો ક્રમ પણ બદલ્યો અને પોતાની આગવી રીતે ગુજરાતી ભાષામાં એ વિધિઓનું હાર્દ અને મર્મ પૂરેપૂરા ઉતારીને સરળ રીતે સુંદર રીતે આ બધું લખ્યું છે. વાણી-૧૧ ૪૨

આ પ્રકૃતિ ભગવાનનું અંગ છે, તો પ્રકૃતિ એનો વિરોધ કેમ કરે ? 'તમે તો ઊંધું સમજાવો છો' એમ કોઈક કહે. બાપ અને દીકરો એક જ અંગ છે, તો દીકરો બાપનો કેટલો વિરોધ કરે છે ! દુનિયામાં આ જોઈએ છીએ. એવી રીતે જેમ જેમ ઈશ્વરીતત્ત્વ આપણામાં વધારે ખીલતું જાય છે તેમ તેમ પ્રકૃતિનો વિરોધ વધતો જાય છે. એ વિરોધનું વર્ણન મેં કોઈક ઠેકાણે લખ્યું છે. હજી મને વખત મળે અને તબિયત સારી થાય તો મારે આવું બધું લખવું છે. ખાસ કરીને સાધનાકાળમાં પ્રકૃતિ ભગવાનના માર્ગ વચ્ચે આડખીલીરૂપ હોય છે-તેનું વર્ણન કરવું છે. લોકો પોતાની મેળે ભલે સાધના કરે પણ સમજે તો ખરા કે આવું આવું છે. ભગવાનની કૃપાથી આ માંદગીમાંથી નીકળાય તો લખવાનું બને. તા. ૨૦-૯-૧૯૭૪ અન્વય ૪૦

❑

# ખંડ-૧૪

## સમાજોત્થાન

■

(ગઝલ)

અમારે જે સંબંધો છે, કશા અંગત ન તે તે છે,
પ્રભુપ્રીત્યર્થના કર્મે અમારે હોમવે ખપ તે-
કૃપાથી કર્મનો યજ્ઞ અમે શો આદરેલો છે,
અને આહુતિ દેવાને બધાં જે તે મળેલાં છે.

અનુભવગીત
૪૭૬

*શ્રીમોટા*

■

મારા મનમાં 'સમાજ' શબ્દને સ્થાને તો
'ભગવાન' જ બિરાજેલો છે.

**શ્રીમોટા** વાણી-૧
૧૫

**૧**

ગુરુમહારાજે કહ્યું હતું કે 'સંસ્થાનો, કૉંગ્રેસનો સભ્ય થઈશ નહિ.' હરિજન સેવક સંઘમાં વ્રત લેવાનું હોય છે. ત્રણ વર્ષ હરિજન સેવા કરવી. મેં સભ્ય થવા ના પાડી. એટલું જ નહિ વ્રત લેવા પણ ના પાડી. હું તો હરિનું મનનચિંતવન કરીશ. રાખવો હોય તો રાખો, નહિ તો નહિ. મને તો ગુરુમહારાજે

મૌ.કેડીએ ૨૫ આવું શીખવ્યું છે. સમાજને લક્ષમાં રાખીએ તો સમાજ આવે.

તા. ૧૬-૮-૧૯૫૯

...ભગવાન તો રૂપ વગરનો છે. એની સેવા કેમ થાય ? તો ભગવાન આખા સમાજમાં, સકળ બ્રહ્માંડમાં અણુએ અણુમાં પ્રસરેલો છે. આજના વાતાવરણમાં 'સમાજ' શબ્દ પ્રચલિત છે એટલે સમાજ વાપરું છું. બાકી, મારા મગજમાં કોઈ કાળે સમાજ નથી. મારા મગજમાં તો મારો ભગવાન જ બિરાજેલો છે. હું મારા ભગવાનની જ સેવા કરી રહ્યો છું. મારા મનથી એ સો ટકાની હકીકત છે. હું ભગવાનને માટે જ આ કામ કરું છું. અત્યારે પણ જે કામ કરી રહ્યો છું તે ભગવાનને માટે-

વાણી-૧ ૧૫ પ્રભુપ્રીત્યર્થ સિવાય બીજો કોઈ મારા મનમાં સંકલ્પ નથી.

જ્યારે આ સમાજોત્થાનની પ્રવૃત્તિ શરૂ કરવાની આવી ત્યારે મેં ગુરુમહારાજને કહ્યું, 'હું માગણી તો ન કરું. બીજા માણસો પાસેથી લઉં તો કેટલું ઋણ ચડે ?' તેમણે કહ્યું, 'બધું ઋણ તારા માથે નહિ, મારે શિરે છે, કારણ કે તું આ પ્રવૃત્તિ મારા

મર્મ ૬૩ વતી કરે છે.' મેં કહ્યું, 'તમારા વચનમાં મને વિશ્વાસ છે.'

**૨**

પંચોતેર હજાર રૂપિયાની મારાં અંગત પુસ્તકોની વેચાણની પાઈએ પાઈ આપી દઈને પરમાર્થની વાત કરું છું. મારા ગુરુમહારાજે મને કહ્યું કે 'બેટા, એવી કોઈ વાત ન કરતો કે જેનું તેં આચરણ ન કર્યું હોય.' અને હજુય જે પુસ્તકો વેચાય છે એ બધી જ રકમ આશ્રમને ચોપડે જમા છે. જેને જોવું હોય

વાણી-૧૨ ૬ તેને જોવાની છૂટ છે.

સાહિત્યના ક્ષેત્રે મારાથી જે થાય છે તે કર્યું છે. મૌલિક સર્જન થયાં છે. હું કૉલેજમાં બી.એ.માં હતો ત્યારે Book of knowledge-વાંચતો. ત્યારનો મને સંકલ્પ કે આવી જાતની શ્રેણી-'જ્ઞાનગંગોત્રી' ગુજરાતમાં થવી જ જોઈએ. ત્યારે મારી પાસે પૈસા નહિ. હવે એક લાખ રૂપિયાથી શરૂ કર્યું. અને બીજા પૈસા પણ આપી દેવાના. આજે એ વખણાય છે. એવી રીતે 'કિશોરભારતી' પણ છે. ભલે આજે કોઈને ન જણાય પણ કાળ આવશે ત્યારે કહેશે. વાણી-૭ ૩૯

૩

તમારા સંસાર અને ગૃહસ્થાશ્રમ કરતાં દેશ પહેલો છે. આજે ભલે તમારા ખ્યાલમાં ન આવે, પણ એ હકીકત છે. આ દેશ ના હોત તો આપણે ક્યાંથી હોત ? આપણા અણુએ અણુમાં આપણો દેશ છે. આપણા દેશની ભાવના છે.

કાળ એવો આવે છે કે સંસારનું-તમારા સ્વાર્થનું-વિચાર્યાથી હવે નહિ ચાલે. 'નહિ વિચારીએ તો શું થશે ?' એમ કોઈ પૂછે તો એ મારે કહેવું નથી. મારો ધર્મ બિવડાવવાનો નથી-ડરાવવાનો નથી.

બહુ જૂના કાળની વાત કહું... હું સાયલામાં હતો. રાજદરબારમાં મારા મિત્રની સાથે જમવાનું હતું. ચાંદીના થાળમાં રોટલા આવે. એક બટકું લઈએ ત્યાં તો રોટલો ઉપાડીને પેલો માણસ લઈ જાય. મેં કહ્યું, 'ખાવા તો દે.' તો કહે, 'નહિ, આ તો લઈ જવાના. તમોને તાજો તાજો જ આપવાનો.' બાજરીના રોટલાની અંદર ખાડો હોય તે ઘીથી ભરી દે. 'અલ્યા, આટલું બધું ?' તો કહે, 'એ તો ખાવું જ પડે.' એક બટકું ખાધું હોય તોપણ તે લઈ જાય. 'આટલા બધાને શું કરશો ભઈ ?' 'આ બધા માણસો છેને તે ખાશે.'

ત્યારે મેં કહ્યું, 'ભઈ, આટલો બધો ખરચો થાય છે તે બધું જ જશે.' 'શું કહો છો મોટા, તમે ?' મેં કહ્યું, 'હા સાહેબ, સાચું કહું છું.' આ તો ૧૯૪૩ કે ૧૯૪૪ની સાલની

વાત છે. ત્યારથી કહેતો આવ્યો છું કે આ પૈસો કલમને ગોદે જશે, તે તમે સહન કરશો. તેના કરતાં આ પરમાર્થ કરો, થાય તો કરજો. આ બધાં ઘણાં બેઠેલાં છે. આજે પણ આ પરબીડિયાં પર બધાં નામ, બધું લખજો. આ બધાં પડીકાં અમારે સાચવીને રાખવાં પડશે. નહિ તો ઈન્કમટૅક્સવાળો પાંસઠ ટકા લઈ લે. મારો તો પ્રાણ જતો રહે. મારાથી આ પ્રજાના પૈસા, મારા ભગવાનના પૈસા સરકારને આપી ના દેવાય.

વાણી-૭
૪૩-૪૪

૪

આ કાળ વિજ્ઞાનનો છે. હું તમને સાચી વાત કહું છું. કોઈક પૂછે 'ભગવાનમાં વિજ્ઞાન ?' 'જરૂર. એ ભગવાન છે. હું તમને સાચી વાત કહું છું કે આ કુદરત પોતાની બક્ષિસ આપવા આજે મોકળા હાથે તૈયાર છે. કુદરત પોતાનું રહસ્ય ખોલવાને માટે તત્પરતાવાળી છે, તૈયારીવાળી છે. આપણી પાસે સ્વીકારાત્મકપણું નથી. આપણી ભૂમિકા જાગેલી નથી. વિજ્ઞાનની શોધખોળો કેટકેટલી થઈ છે ? આ વિશ્વવિગ્રહ પછી કેવી શોધખોળો થઈ છે. આ કુદરતનું રહસ્ય આ વિજ્ઞાનીઓ પામતા જાય છે.

આ વાત માત્ર વિજ્ઞાનને માટે જ નહિ, પણ આ ભગવાન કહે છે કે 'ભાઈ, હું ખુલ્લો થવાને-તમારી પાસે આવવાને તૈયાર છું. તમે મને બાથમાં લઈ લો.' પણ આપણે ક્યાં હાથ પહોળા કર્યા છે ? આપણે તો ધન-દોલત, માલ-મિલકત, પ્રતિષ્ઠા, આબરૂ, કુટુંબ-પરિવાર, જમીન-જાગીર, ઘર-બાર વગેરેને બાથ ભીડી છે.

આ વિજ્ઞાનનાં રહસ્યો ખુલ્લાં થાય એવો કાળ છે. એટલે આપણા દેશમાં વિજ્ઞાન ખૂલે, એનાં સંશોધનો થાય. એને માટે તો મારે વીસ-પચીસ-પચાસ લાખ રૂપિયા મળે તોય કરું. પણ મને મળે ક્યાંથી ?

ઘણા કરવા જેવા મુદ્દા મને લાગે છે. મારા ભગવાનને પગે લાગીને, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહું છું કે 'પ્રભુ, મને તારું સાધન બનાવ્યું ખરું પણ હું કમજોર છું. મને માફ કરજે. કે હું તારું બધું ચલાવીને કરી શકતો નથી... માણસ છું.'

એટલે જેટલું થાય છે એટલું કરું છું. આ વિજ્ઞાનનું સંશોધન થાય એટલા માટે આઠ લાખ રૂપિયા જોઈએ.

વિજ્ઞાનનાં આવાં રહસ્યો ખોળાય, માત્ર એક બાબતમાં નહિ પણ ફીઝિક્સ, કૅમિસ્ટ્રી, બાયોલોજી, બૉટેની, મૅથેમૅટિક્સ વાણી-૧૨
વગેરે એવા બધા દસબાર વિષયો લીધા છે. ૩૮-૪૦

ફોર્ડ ફાઉન્ડેશન તો કરોડો રૂપિયાનું છે. આ તો એકનું નામ દીધું પણ બીજાં ઘણાં છે. સ્વીઝર્લેન્ડમાં ઘણાં છે. અહીં આપણા દેશમાં એ મદદ કરે છે. અમારા જુગતરામકાકાને-વેડછી (તા. વાલોડ, જિ. સુરત) પણ સ્વીઝર્લેન્ડની મદદ મળી છે. સમોડા (જિ. મહેસાણા)માં પણ મદદ મળી છે. કેટલેય ઠેકાણે મદદ મળી છે ! મને તો શરમ આવે છે. કાળો સાલ્લો પહેરું-એટલી બધી મને શરમ લાગે છે ! આપણે ત્યાં ઘણું બધું હોવા છતાં પરદેશના લોકો આવીને મદદ કરે એ આપણે માટે શરમની હકીકત છે.

આપણે ત્યાં ભરપૂર પડ્યું હોય અને આપણે બીજાની મદદ લઈએ, એ બિલકુલ છાજે નહિ. આ સંસ્કૃતિને પણ છાજતું નથી. મારે પણ એવું ફાઉન્ડેશન કરવું છે. વીસપચીસ લાખ જોઈએ. પણ ત્યાં સુધી આ શરીર જીવે કે ના જીવે. પણ આ જે સારો સંકલ્પ થયો તેને પૂરો કરવો. કોઈ કોઈ એકાદ વ્યક્તિ-કરોડોમાંથી એક કહું તો ચાલે-બિંદુ-સમુદ્રનું બિંદુ-એવી મને મદદ કરે છે, દિલથી મદદ કરે એવા મને ભગવાન વાણી-૧૨
ભેટાડી દે છે. ૪૬

સમાજમાં ગુણ અને ભાવના પ્રગટે તેમ જ એવા ગુણ અને ભાવનાના ઉદ્દીપન દ્વારા સમાજ બેઠો થાય, એવા તલના કરોડમાં ભાગ જેટલાં પણ કલ્યાણકારી કામો આવા શરીરથી

થાય છે એ તો મારા હજારો હાથવાળા ભગવાનના સ્વરૂપનું ચેતનવંતું ભાવવાહી પ્રત્યક્ષ દર્શન છે. નહિતર સમાજના છેક તળિયાના સ્તરનું આ શરીર આવાં મોટાં કામો કેવી રીતે પાર પાડી શકે ?

રેણુ ૭

૫

આમાંથી એક પૈસો પણ મારા આશ્રમમાં જવાનો નથી. ભવિષ્યમાં કોઈ વિચારક મારા વિશે લખશે ત્યારે લખશે કે 'મોટા'એ ઘણું સરસ કામ કર્યું.

એકેએક પૈસો કાયમ રહે, વ્યાજ જ વપરાય. પ્રજાનો એક પૈસો બગડે નહિ. ગુજરાતમાંથી આવા કોઈ હોય તો બતાવજો. મારે જાણવું છે, એની પાસેથી શીખવું છે. સમુદ્ર તરવાની હરીફાઈના સવા લાખ ગુજરાત સરકારને આપ્યા. એ કાયમ રહેવાના. એનું વ્યાજ બધાંને આપી દેવાનું. એનું વહીવટી ખર્ચ સરકાર ભોગવે. એક પૈસો એમાંથી જાય નહિ. આટલો બધો વિચાર કરી કરીને આ પૈસાનો ઉપયોગ-વહીવટ કરું છું.

આ મારાં વખાણ કરવાં માટે નથી કહેતો. વખાણ તો મારે જોઈતાં નથી. લોકો તો નિંદા ભરપૂર કરે છે, એની મને ખબર છે. પાસેના પણ કરે છે, પણ એની મને પડી નથી. પણ આ હકીકત છે. આ તો તમે જાણો અને પૈસા આપી શકો માટે કહું છું. મોટા, સારો વહીવટ કરશે. આપણો એક પૈસો પણ બગડશે નહિ. યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન , ઈન્ડિયન મેડિકલ કાઉન્સીલ, એગ્રીકલ્ચરલ રીસર્ચ કાઉન્સીલ એ બધા કહે, 'પૈસા લઈએ પણ વહીવટી ખર્ચ તમારે આપવો પડશે.' અમે કહ્યું કે 'તમારે લેવા હોય તો લો અને ના લેવા હોય તો નહિ. એક પૈસો વહીવટી ખર્ચમાં નહિ મળે.' તેઓ કહે કે 'આ અમારો કાયદો છે.' 'તમારો કાયદો તમારી પાસે રહ્યો. અમારી શરતે લો, નહિ તો નહિ.' આ સંસ્થાઓ કેંદ્ર સરકારે સ્થાપેલી છે. બધાએ પૈસા લીધા. એક પૈસો એમાંથી વહીવટી ખર્ચનો જવાનો નહિ અને વ્યાજ આવી રીતે વપરાઈ જવાનું.

વાણી-૭ ૪૧-૪૨

મેં નિશ્ચય કરેલો કે મારે ફરવા જવું નથી. મારું શરીર ચાલતું નથી. શરીરમાં હેરાનગતિ થાય છે. તેમ છતાં છેલ્લે આબુથી આવતાં આવતાં જ્યાં જવાનું બનેલું, ત્યાં ગુજરાતની સ્ટેટ બૅંકના ઑફિસર્સ ભેગા થયેલા. એમણે કૉલોની બનાવેલી. એ કૉલોનીનો પાયો મારી પાસે નંખાવેલો. એ પૂરી થઈ એનું ઉદ્‌ઘાટન મારે હાથે કરાવવું હતું, કારણ કે એના મૂળ કામ કરનાર બેચાર માણસો હતા એ મારા પરિચિત હતા. એટલે વિચાર્યું કે 'ચાલો ભાઈ, રસ્તા ભેગો રસ્તો છે. તે કલાક કામ કરતા જઈશું. જરા વધારે તકલીફ પડશે.'

એ વખતે ત્યાં હું બોલ્યો કે 'તમે બૅંકના માણસો છો. બીજા બધા સામાન્ય માણસો કરતાં તમને સારો પગાર મળે છે. દેશ તમને જો સારો પગાર આપે છે તો બીજા કરતાં તમારે વધારે સારું કામ કરવું જોઈએ. તમે તો ભણેલાગણેલા લોકો છો, તમને એ લાગવું જોઈએ કે આપણે આ દેશને માટે કામ કરવાનું છે. અમે દેશને માટે ઝઝૂમ્યા છીએ. જેલમાં ગયા છીએ, લાઠીઓ ખાધી છે. એ લાઠીઓ અમને દેશનું જ્ઞાન પહેલું પ્રેરાવે છે. માટે કહું છું કે દેશ જો તમને આટલી બધી રકમ આપે છે તો દેશને માટે કામ કરવાનું તમને ન સૂઝે તે ઠીક નહિ. તમે ચાલુ અવર્સ (કામકાજના સમય)માં કામ ન કરો એટલું પછીના અવર્સમાં કામ કરો છો. એ મારા દેશની કમનસીબી છે. આવું કરો તો સમૃદ્ધિ શી રીતે આવવાની ? સમૃદ્ધિ નહિ આવે. સમૃદ્ધિની વાત કરીને આ નેતાઓ કે જે કોઈ હોય તે-છેતરે છે. આપણું આચરણ જુઓ. દેશની સમૃદ્ધિ માટે આપણું આચરણ કેટલો ભાગ ભજવે છે ?'

આ સાંભળીને તો લોકો હબકી જ ગયા. એમને થયું કે 'આપણે મોટાને અઢીસો રૂપિયા આપવાનાં છીએ, અને આ તો આવું બોલ્યા !' મેં તો કહ્યું કે 'તમે રૂપિયા આપો છો તે મોટાને કંઈ અંગત આપતા નથી. એ સારાં કામ માટે આપો છો.'

આ ઓવર ટાઈમમાં કામ કરવાનું બધે જ પ્રસરી ગયું છે. ખેતરોમાં મજૂરો કામ કરે છે ત્યાંય પ્રસર્યું છે. ઓછું કામ કરવું-કામચોરી એટલી બધી પેસી ગઈ છે કે વાત ન પૂછો. કામચોરી
ગ્રહ હોય ત્યાં દેશની સમૃદ્ધિ ન થાય. ખરું કરવા જેવું કામ તો આ
૨૭-૨૮ કામચોરી કાઢવાનું છે.

૭

એક ભાઈ કહે, 'મોટા, તમને લાખ રૂપિયા કરી આપવા.' મેં કહ્યું, 'બહુ સારું ભઈ સાહેબ. મારે બહુ જરૂર છે.' 'પણ તમારે યજ્ઞ કરાવવો.' મેં કહ્યું, 'રહેવા દો.' 'બધી વ્યવસ્થા મારે કરવાની. એક પૈસો તમારે ખર્ચવાનો નહિ. તમારે નામે બધું હું છપાવીશ. બધી વ્યવસ્થા અમારી અને લાખ રૂપિયા રોકડા મારે આ યજ્ઞમાંથી તમને અપાવી દેવા.' મેં કહ્યું, 'મારે આ જાતના પૈસા નથી મેળવવા. એ માણસ ખરેખર નિષ્ઠાપૂર્વક
વાણી-૭ કહેતો હતો. પણ મેં કહ્યું, 'મારે નથી જોઈતા. લાખ શું પાંચ
૧૬ લાખ તું આપે તોયે મારે એ રીતે પૈસા જોઈતા નથી.'

અમારા સુરતના આશ્રમમાં બેચાર દિવસથી બેત્રણ માણસો આવતા. એ નંદુભાઈની પાસે જઈને કહે કે 'આ રકમ દાનમાં લેશો ?' મેં કહ્યું, 'જરૂર લઈશું ભઈ.'-તે એ ભાઈઓ છાના-માના અગિયાર હજાર રૂપિયા આપી ગયા. પરિચયમાં પણ આવ્યા ન હતા. એકવાર મૌનમાં બેઠેલા. માત્ર ચારેક દિવસથી જ આશ્રમમાં આવતા હતા. મને કેટલાય અનુભવ છે કે આકાશમાંથી પડ્યા હોય એમ પૈસા મળી જાય. ઘણે ઠેકાણે ત્રણચાર હજાર લેવાના હોય તો બાર હજાર થઈ જાય, એવા તો ઘણા દાખલા છે.

એવું ખરું કે આ સાધુ સંન્યાસીઓ જેમ પૈસા વાપરે એમ હું નહિ વાપરું. પૈસા એ ભગવાનની શક્તિ છે. ભગવાનની શક્તિ વેડફી ન દેવાય. આપણા પોતાના જ વૈભવ વિલાસમાં એ ન વાપરી શકાય. કેટલાક લોકોની સમજણ એવી કે ભગવાન અનંત ઐશ્વર્યવાળો છે. અનંત ઐશ્વર્યવાળો છે એ

તો ભગવાન છે, પણ આપણે પોતે કંઈ ભગવાન નથી. ભગવાન પાસે બધું જ છે. શરીરધારી માણસ ભગવાન થઈ બેસે છે ત્યારે અનર્થ થાય છે. ઘણા લોકો હાથી પર ફરે. કુંભમેળામાં તમે જુઓ તો એટલો વૈભવ. મહંતો, મહામંડલેશ્વરો હાથીને શણગારે અને એના પર બેસે. મને એ બધું બરોબર ન લાગે. આ વૈભવથી તમે લોકોને આંજી દો છો, પણ બધા લોકો અંજાઈ જવાના નથી. થોડાક લોકો ભલે અંજાય, પણ ખરો સમજનાર છે, એ તો કહે કે 'આ બધું બરોબર નથી.' એટલો બધો ઉડાઉ ખર્ચ થાય ? ત્યાં જમવાનું થયા કરે. તે રોજ જુદાં જુદાં મિષ્ટાન્ન-કળીના લાડુ, માલપૂડા, જલેબી હોય. અને વહેંચાતા જ રહ્યા કરે. અને સુમાર વગરનો બગાડ થાય. મને આ બરોબર ન લાગે. મારી બુદ્ધિમાં આ જાતનું બેસતું નથી. એ લોકો પાછા આપણને દાખલા આપે કે આ પૃથ્વીમાં કેટલે ઠેકાણે ધરતીકંપ થાય છે કે બીજું થાય તે બગાડ નથી થતો ? પણ પૃથ્વી પર થાય છે અને આપણે કરીએ-એમાં ફેર છે. પૃથ્વી પર ધરતીકંપ થાય છે એનાં કારણો છે, પણ આપણે કરીએ છીએ એ તો આપણી બુદ્ધિના બેફામપણાને કારણે કરીએ છીએ.

'જે તે સૌ ભગવાન કરે છે'-એ માન્યતા ખોટી છે. જેમ આ દિવસ અને રાત્રિ થાય છે, એ કંઈ સૂર્ય કરાવતો નથી. પૃથ્વીની અમુક જાતની ગતિને લીધે એ થાય છે. એ વાત જેમ સાચી છે, તેવી રીતે જે તે કંઈ થાય છે તે આપણા પોતાનાથી થાય છે, પણ લોકો કહે કે 'જે તે કંઈ કરાવે છે તે ભગવાન કરાવે છે.' ભગવાન જીવતોજાગતો જો આપણી પાસે હોત, તો લાફા ઠોકી દે અને કહે કે 'સાલા, કરે છે તું અને મારું નામ લે છે ?' એકીકરણ ૫૨-૫૩

આ કાળાબજારિયા દાણચોરીવાળા પકડાયા. તે બધા ભેગા મળીને મને પચીસ હજાર રૂપિયા આપવાના છે. પેલા માણસને મેં કહ્યું કે 'મને જલદી આપજે. મારે કામ છે એનું. પછી પંચાત પડશે.' મેં એમને ના કહ્યું કે 'તમને પંચાત પડશે.' પણ

'પંચાત પડશે માટે જેમ બને તેમ જલદી પૈસા આપી દો, તો ખપમાં લાગે.' પચીસ હજાર રૂપિયા આપવાના હતા. પછી એકવીસ હજાર આપ્યા. ભલેને એકવીસ હજાર, તો એકવીસ હજાર. બાકીના હવે નહિ મળી શકે.

બધા દાણચોરો સભામાં એકઠા થયેલા. પોલીસોય હતી. પણ પોલીસો શું કરે ? પોલીસો કોઈ દિવસ મારો જવાબ લેવા આવશે ખરી. મને પૂછશે કે 'તમે આ પૈસા કેમ લીધા ?' મારે એક વખત કિસ્સો બનેલો ખરો. હું સુરતની હૉસ્પિટલમાં હતો. મને કશુંક થયેલું. ત્યાં ચા પીતો હતો. એવામાં એક માણસ આવ્યો. અમે એને ચા આપી. ચા પીતી વખતે બીજું કોઈ આવે તો ચા આપવી, એવો અમારો નિયમ. ગમે તેમ આડીઅવળી વાત કરી. મને થયું, માણસ આવી વાત શું કરવા કરે ? મારા મનમાં સ્ફુરેલું. મેં કહ્યું, 'ભઈ, તારું કામ નહિ સરે. તું જે કામ માટે અહીંયાં આવેલો છો, એ બને એવું છે નહિ અને તમે અહીંથી ચાલ્યા જાવ. અને તમારે આવવું હોય તો સરકારી વૉરંટ લઈને આવજો.' વળી મેં કહ્યું, 'તમને પેસવા નહિ દઉં. તમારે જવું હોય તો જાવ. તમારાથી આ કામ સરશે નહિ.' પછી ગયો તે ગયો. પછી કોઈ વૉરંટ લઈને આવ્યું નહિ. પણ મેં જ સભામાં કહેલું કે 'ભઈ, તમે આ જે પૈસા લાવો છો તે ઠીક નથી. યોગ્ય રસ્તો નથી. હવે તમને એમાં બોધ આપવાનો નથી. પણ તમે મને જે પૈસા આપો છો એ પૈસા કોઈ દહાડો અભડાતા નથી. લક્ષ્મી પાવન છે. લક્ષ્મી કોઈ દિવસ અભડાતી નથી. અમે તો એ લક્ષ્મીનો સદુપયોગ જ કરીએ છીએ. અમારા આશ્રમમાં અમારા માટે વાપરતા નથી. એટલે અમારે માટે લક્ષ્મી પાવન છે. જે કોઈ આવે, અને ગમે તેની લક્ષ્મી હોય તો લક્ષ્મી અમે લઈએ છીએ. તો લક્ષ્મી માતા પાવન છે. કોના માટે પાવન નથી ? જે મેળવે છે, એનાં મનાદિકરણોમાં જે ભાવ થાય છે, તે ખરાબ છે. બાકી લક્ષ્મી પોતે ખરાબ નથી.' એટલે બધા રાજી થયા.

તે વખતે સુરતમાં મારો ઉત્સવ ઊજવાયેલો. ત્યારે તેમાં દાણચોરોએ રૂપિયા આપેલા. અમે તો નામ સાથે લખીએ. અનામી કંઈ લખીએ નહિ. ત્રણચાર જણાનાં નામ હતાં. હું દવાખાનામાં હતો. એક ભાઈએ આવીને મને રિપોર્ટ બતાવ્યો અને પૂછ્યું, 'આ ચાર માણસોના પૈસા તમે કેમ લીધા છે ?' તો મેં કહ્યું, 'શું વાંધો છે, ભાઈ ? તમારી દૃષ્ટિએ ચાર માણસો સ્મગલર (દાણચોર) છે. આ તો કૉમન બુદ્ધિથી કહું છું. તમારા મનથી આ સ્મગલર છે. એટલે સ્મગલરના પૈસા કેમ લીધા ? તમને એમ લાગતું હોય કે આ દોષિત છે. તો મારા પર કેસ ચલાવો. જાવ. હું કોર્ટમાં જવાબ આપીશ. અમે તો જાહેર અપીલ કરી છે. આવાં કામ કરવાનાં છે એને માટે પૈસા જોઈએ. પૈસા તો ગમે તે આપી શકે. મહાત્મા ગાંધીએ વેશ્યાના પૈસા લીધેલા છે. એ ઇતિહાસની વાત છે. શું આ દાણચોરી કરે છે, એટલે ભારત દેશના માણસ મટી જાય છે ? અને દેશને માટે કર્તવ્ય કરવું તે દરેકનું કામ છે. પછી ભલે, ગમે તે લોકો હોય. આ તો તમારું પણ કામ છે. તમે મને પાંચદસ રૂપિયા આપતા જાવ.' પછી બધા હસી પડ્યા. પછી તેમણે મારા ઉપર કેસ કર્યો નહિ. ગયા તે ગયા. તદ્રૂપ ૭૫-૭૮

૮

આ જીવથી આશ્રમો સ્થપાયા બાદ જે જે કર્મના સંકલ્પ થયા છે, તેવાં તેવાં કર્મો પણ શ્રદ્ધાના રણકાર દેતા બળ વડે જ તેણે લીધેલાં છે, અને તે શ્રદ્ધામાતાએ જ તે તે સંકલ્પ ફળાવ્યા છે, એટલું જ નહિ પરંતુ શ્રદ્ધા જ્યારે એવી ઉત્કટમાં ઉત્કટ ભભૂકતા અગ્નિના જેવી પ્રગટેલી હોય છે, ભડકા જેવી જલતી થયેલી હોય ત્યારે, તેવી શ્રદ્ધા પોતે જ તે તે સંકલ્પ ફળાવવાને સામર્થ્યવાન હોય છે. તે હકીકત પ્રયોગ દ્વારા મારા જેવા અડબોથનું જીવન પુરવાર કરી આપે છે.

વળી એવાં કર્મો દ્વારા કેટલાંય નિમિત્ત પ્રકારના જીવોનો સંબંધ શ્રીપ્રભુકૃપાથી મને જે મળી ગયેલો છે અને શ્રદ્ધામાતાએ

તેવો કાળ જે ટૂંકાવી દીધો છે, એનો, એવો વિજ્ઞાનનો ઇતિહાસ તો કંઈ ન્યારો જ છે. આ હકીકત કદાચ બધાંને ન
૫ ણ
સમજાય, છતાં આધ્યાત્મિક જીવનમાં પ્રવર્તતા તેવા વિજ્ઞાનની તે આવી યોગ્ય સાચી હકીકત છે. હવે શરીર જ્યારે તેના સાવ છેલ્લા તબક્કામાં છે, ત્યારે સ્પષ્ટ ચોખ્ખા શબ્દોમાં લખતો જઉં તો વાચકો તે માટે મને સમજવાને પ્રેમભાવે તસ્દી લે, એવી મારી સર્વને પ્રાર્થના છે. શ્રદ્ધાથી પ્રગટેલ અને અનુભવમાં પ્રતિષ્ઠિત થયેલ ચેતના સ્થળ અને કાળ ટૂંકાવી દે છે, તેવો અનુભવ એવા કેટલાય અનુભવીઓનો છે.

શ્રીપ્રભુકૃપાથી મળેલાં-થયેલાં-નિમિત્ત સંબંધોના જીવોમાં શ્રીપ્રભુ પરત્વેની અભિમુખતા કંઈક પ્રગટાવી શકાય તો જીવ્યું સાર્થક-એવી જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના આ જીવની છે, પરંતુ તેમાં સામે પક્ષેથી એટલા જ જીવંત સહકારની અપેક્ષા રહેલી હોય છે, જે મુશ્કેલીની હકીકત અનુભવે જણાયેલી છે. તોપણ આ જીવ તેમના તેમના પરત્વે તેમનું તેમનું સ્મરણ થતાં, તેવા સ્મરણના નિમિત્તે ત્યારે ત્યારે સહૃદયતાભરી પ્રાર્થના કર્યા કરવાનું કદી ચૂકતો નથી. એવી પ્રાર્થના પણ સંસ્કાર છે.

જે વિચાર જીવંત એકાગ્રપણે કેંદ્રિતતાથી જેના પરત્વેનો પ્રગટેલો હોય, તેવા વિચારનાં મોજાં તેવા જીવ પરત્વે જ વહેતાં જતાં હોય છે. અને તે સૂક્ષ્મમાં પકડાઈ જતાં હોય છે. આ પણ આધ્યાત્મિક જીવનના વિજ્ઞાનની એક ન સમજાઈ શકાય તેવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ હકીકત છે.

*'એ વાતો છે ઝીણિયું.'*

શ્રદ્ધા ૩૩-૩૫

આ બધી હકીકતો પણ શ્રદ્ધાના પ્રયોગાત્મક થયેલા અનુભવમાંથી પ્રગટેલી છે.

❑

■

(ગઝલ)

હરિ વ્હાલો અમારો શો ! છૂપો કેવો રહેલો છે !
અમોનેયે જીવન જીવવાતણી શી રીત શીખવી છે !

બધાં સાથે અમે જીવીએ, બધાં સાથે મળી ભળીએ,
અમારો જીવવાનો શો ન કોઈ હેતુ જાણે છે !

પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનાંમાં વસેલો છે !
છુપાયેલા પ્રભુને તે છતો કરવા હૃદય જીવીએ !

જીવનમાં શી શી રીતોએ રમત માંડી પ્રભુએ છે !
અમારે રીતરસમથી તે રમ્યા કરવાનું જીવન છે.

**શ્રીમોટા** અનુભવ ગીત
૪૩૬

## ખંડ-૧૫

# संभवामि

■

(અનુષ્ટુપ)

તારા મારા ખરે જન્મ થયા છે કેટકેટલા !
તે તે અર્જુન ! જાણું હું, તને યાદ નથી રહ્યા !
જીવ-અજીવનો સ્વામી, મારે જન્મ ન મૃત્યુ છે,
આધારે પ્રકૃતિના હું આત્મમાયાથી જન્મું તે.

ગીતા
૯૨

*શ્રીમોટા*

■

■

(ગઝલ)

હવેના તે જીવન વિશે શરીર આ ઊર્ધ્વજીવનને
-થવાને યોગ્ય સાનુકૂળ, અમે સંગ્રામ માંડ્યો છે.

કદી નબળી શરીરની જે હરિ શક્તિ વહેવાને,
કૃપા આ જીવન વિશે મથાતું મઠારવાને છે.

બધી આ સૂક્ષ્મમાં સૂક્ષ્મ, ગહન, ગૂઢ હકીકત છે,
ન માન્યામાં કદી આવે છતાં પાછી શી સાચી છે !

અણુઅણુમાં જ ખેલાતો ભયંકર ઉગ્ર સંગ્રામ,
ન હજી દેખાય જયવારો, નડે શા તીવ્ર અવરોધ !

અણુ, પરમાણુ સઘળાંને શું સંપૂર્ણ યથાયોગ્ય,
-હરિ કાજે થવા માટે જીવનનો હેતુ ધાર્યો છે !

ચણતર
**શ્રીમોટા** ૨૫૮

આપણા આખાય આધ્યાત્મિક ઈતિહાસમાં આ સંગ્રામ વિશે કોઈ ઠેકાણે લખાયું છે ખરું. મને ખબર નથી. પણ આ બહુ મોટી હકીકત છે. એટલે કોઈક ઠેકાણે જરૂર લખાયું હશે. શ્રીઅરવિંદે તો લખ્યું છે. મેં વાંચ્યું નથી. આ તત્ત્વ એવું મોટું છે કે એ લખાયા વિના રહે જ નહિ. અને અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈપણ મનુષ્ય આ પાંચેય તત્ત્વની અંદર પ્રવેશીને સંપૂર્ણ થયો હોય એવો દાખલો હજુ આપણને મળ્યો નથી.

આ ત્રણ તત્ત્વ જીત્યાં તો ભગવાનના એ સ્વરૂપને સંપૂર્ણ-પણે આપણે પામ્યાં એવું નહિ ગણાય. જોકે એની પછી જીવદશા નથી રહેતી. એ ત્રણ તત્ત્વોમાં ભળેલો છે. આકાશ, તેજ અને વામાં ભળેલો છે, પણ પછી જીવદશાવાળો નથી રહેતો. એ પણ એટલું જ ચોખ્ખું. એ જીવદશાવાળો નહિ પણ કોઈક ઊર્ધ્વજીવ અને માનવની ઉપરની કક્ષાવાળો માણસ-પણ જીવદશાવાળો તો બિલકુલ નહિ. પછી એ ત્રણ તત્ત્વ હોવા છતાં એ પાપપુણ્યથી પર થઈ જાય. તેનું મહત્ત્વ ઘણું છે. એની લડત ચાલુ છે. લડત કદી અટકતી નથી. લડત હંમેશાં ચાલુ છે. આટલી મને સમજણ છે. એનાથી વધારે સમજણ મને નથી.

આખરે તો જાણે પેલું તત્ત્વ જીતશે, પણ ક્યારે જીતશે એ આપણાથી કંઈ નક્કી કહી ના શકાય, પણ અત્યારે તો આ સંગ્રામ ચાલી રહ્યો છે. કેમ કે આખરે તો આપણે પેલા ડિવાઇન (દિવ્ય) તત્ત્વને મેળવવું છે-અનુભવવું છે. તો તેના વિરોધમાં જઈશું તો કેમ પત્તો ખાય ? તે નહિ ચાલે. તેમાં સંગ્રામ અનિવાર્ય છે. તમે ડિવાઇન પાર્ટમાં હોવકે અનડિવાઇન(આસુરી) પાર્ટમાં હોવ, તો તમારે લડવું તો પડશે. પણ જો તમારે ડિવાઇન પાર્ટમાં જવું જ હોય અને એ તરફ જવાનો તમારો નિશ્ચય હોય તો તમે સામાવાળા પ્રત્યે સદ્ભાવ રાખીને લડો-ના લડો એમ નહિ. બાયલા ના થઈ જાવ. લડો. જ્યાં સુધી જવાય

તેવું હોય ત્યાં સુધી જાવ. એની સામે નમતા નહિ. ભગવાન કૃષ્ણ સમાધાન કરવા ગયા. તો માગતાં માગતાં પાંચ ગામ માગ્યા. એ આપણા જેવાને માટે દૃષ્ટાંત છે કે સામાવાળો આપણી સાથે લડતો હોય, તો એની સાથે સમાધાન કરવાને માટે તમારાથી પ્રેમથી જેટલું નમાય એટલું નમો. કોઈ કહેશે, 'આ તો મૂર્ખાઈ છે. પેલો તો તમારી મૂર્ખાઈનો લાભ લઈ જશે.' જગતવહેવારવાળા બધા જ લોક આમ કહેવાના, કારણ કે તેને પેલા દિવ્ય તત્ત્વનો ખ્યાલ નથી. આપણે જવું છે પેલા દિવ્ય તત્ત્વમાં, તો સંસારવહેવારમાં પણ એને લાયક આપણું વર્તન સમજી વિચારીને હોવું જોઈએ. પણ એવું બહુ ઓછા કરે છે. મેં સમાજમાં જોયું છે. મારી આજે છોંતેર વર્ષની ઉંમર થઈ, પણ મેં એવું જ જોયું છે. સદ્ભાવ કાયમ રહેવો જોઈએ. ગમે તેટલી દુશ્મનાવટ હોય, પણ સદ્ભાવથી તમે ગમે તેટલું કરવું હોય તેટલું કરો. તો આજ કે કાલ તે તમારી સાથે મિત્રતા બાંધવા આવશે એ વાત નક્કી. તદ્રૂપ ૧૭૭-૧૭૯

એનો કોઈ ખરેખરો ભક્ત હોય તો એને એવો અનુભવ થાય છે. જ્યાં ગયો હોય ત્યાં એને એના સદ્ગુરુનાં દર્શન થાય. અથવા તો કામ હોય ત્યારે એના તરફથી એવી પ્રેરણા મળે. એટલે એની હાજરી શરીર ગયા પછી પણ વધારે ઘણી સ્પષ્ટ હોય. પેલા શરીરની હાજરી કરતાંય આ પ્રકારની હાજરી બહુ કામયાબ નીવડે છે. એનો સ્પર્શ, અવાજ, એની સાથેનો એક થોડોક કાળનો પણ સંબંધ એટલો બધો આપણને જીવનમાં એક સ્ફુરણા અને તેજ આપી દે, એવી હિંમત અને ટકવાની શક્તિ આપે, અશક્યમાં અશક્ય કામ આપણે ત્યારે કરી શકીએ. જીવતા નર ૧૦૮

૨

આ શરીર એ સ્થૂળ છે. સ્થૂળ વર્તવાનું બને છે. એનું મૂળ તો અંતરમાં છે. સમજાય એવી વાત છે. જે કંઈ બને છે એ અંતરમાંથી બને છે. અંતર અદૃશ્ય છે. એ આપણી બુદ્ધિ

કબૂલ કરે છે. એવી રીતે જે એસ્ટ્રોલ ફીનોમીનામાંથી આ બધું સ્થૂળ બને છે. કેવી રીતે બને છે ? એ પ્રશ્ન રહે.

આપણામાં જે અંતરનું જગત છે એ કેવી રીતે બન્યું ? આપણે કહી દઈએ છીએ કે એને આદિ નથી અને અંત નથી. જન્મોજન્મના સંસ્કારોના વલણની સમગ્રતા થઈ-ક્યારે શરૂ થઈ એ જાણતો નથી. અને એને અંતેય નથી. ભગવાનનો અનુભવ થાય તોય એને અંત નથી. બધા સંસ્કારો ભસ્મીભૂત થઈ જાય. તોય ભસ્મીભૂત થયેલા સંસ્કારો છે તે રહેલા છે એને લીધે નિમિત્ત છે.

તેવી રીતે એસ્ટ્રોલ ફીનોમીના છે. તે સૂક્ષ્મતમ ડિવિનિટી (દિવ્યતા) કહીએ તો ચાલે-એ 'કારણ'માંથી જન્મેલ છે. 'કારણ' મોસ્ટ એબ્સ્ટ્રેક્ટ છે. નિરાકાર છે. એમાંથી કંઈ કશા ક્ષોભને કારણે સૂક્ષ્મ થયું. એ સૂક્ષ્મમાં એસ્ટ્રોલ ફીનોમીના થયું. કારણ કે ગર્ભમાં હતું જ. એમાંથી આ સૂક્ષ્મમાં આવ્યું. એસ્ટ્રોલ ફીનોમીના તો કાયમ જ છે. બંધ થઈ જવાની છે એવું કંઈ છે નહિ. કોઈ ને કોઈ પ્રકારની એસ્ટ્રોલ ફીનોમીના આમાં છે. વાતાવરણમાં-આખા બ્રહ્માંડમાં એ ફરી વળેલું છે. પણ જે જે ઠેકાણે એ સ્પર્શતું હોય ત્યાં જુદું. જેમ ચેતન છે તે કૂતરાને સ્પર્શે તો કૂતરાના જેવું. ગધેડાને સ્પર્શે તો ગધેડા જેવું, વૃક્ષને સ્પર્શે તો વૃક્ષના જેવું. તેવી રીતે આ એસ્ટ્રોલ ફીનોમીના છે. એ મંગળને સ્પર્શે તો મંગળ જેવું. પૃથ્વીને સ્પર્શે તો પૃથ્વીના જેવું. સૂર્યને સ્પર્શે તો સૂર્યના જેવું.

દરેક પર એસ્ટ્રોલ ફીનોમીના સ્થૂળ રીતે વ્યક્ત થયા કરે. સૂક્ષ્મમાં એ એક જ પ્રકારે ફરી વળેલું છે. એ ફીનોમીનાનો આરંભ નથી અને અંત નથી. એ 'કારણ'માંથી ઉદ્‌ભવેલું છે. આ તો સમજવા ખાતર 'કારણ' મૂક્યું. 'કારણ' જો બોલાય તો સાકાર કર્યું કહેવાય. આ તો સમજવા ખાતર 'કારણ' કહેલું છે.

અનુભવીનું સ્થૂળ રીતે એક્ઝીસ્ટન્સ (અસ્તિત્વ) છે. એ પણ નિમિત્તને કારણે જ. એનો જન્મ થાય છે એ પણ નિમિત્તને

કારણે જ. એ જન્મ લે પણ ખરો અને ન પણ લે, કારણ કે જન્મ લીધા વગર કામ કરી શકે છે. એમ ને એમ થતું હોય તો સ્થૂળ રીતે જન્મ લેવાની એને શી જરૂર ? એમ ને એમ થતું હોય તો ! દા.ત., કૃષ્ણભગવાન અવતર્યા. તો મનુષ્યો બધા એમને જોઈ શકે. એનો આધાર લઈ શકે. એના અવતારનું રહસ્ય સમજી શકે. સ્થૂળને લીધે એની અસર વધારે પડે. સૂક્ષ્મની અસર નહિ પડે. દા.ત., આ વાતાવરણમાંથી કેટલાંય આંદોલનો આપણને સ્પર્શતાં હોય છે. અનેક પ્રકારના વિચારનાં મોજાંઓ બહારથી સ્પર્શતાં હોય છે. આપણે જાણતાં નથી. એટલે સૂક્ષ્મ રીતે હોય તેની અસર માણસો સમજશે નહિ. જોકે કેટલીક વખત એ સમજવાની જરૂર પણ હોય છે. સ્થૂળ રીતે અવતરે તો વધારે અસર પડે, કારણ કે જે 'જીવ' છે એ સ્થૂળમાં વધારે છે. અને સૂક્ષ્મમાં ઓછો છે. તેવી રીતે અનુભવીને જ્યારે જરૂર પડે ત્યારે સ્થૂળ રીતે પણ અવતરે છે.

સ્થૂળ રીતે અવતરે તોપણ પાછું ચેતનને અનુભવવા માટે સામાન્ય માણસ જે સાધના કરે છે તેવી તેણે પણ સાધના કરવી પડે છે, કેમ કે સ્થૂળ ધારણ કર્યું એટલે સ્થૂળાતીત થવા માટે સાધના કરવી પડે છે. આપણા જેટલી આંતરિક મથામણ ન થાય, પણ એક પ્રોસેસ (પ્રક્રિયા) તરીકે કરવું પડે. દા.ત., કૃષ્ણભગવાન પણ સાંદિપની ઋષિના આશ્રમમાં ગયેલા. ત્યાં કંઈક સાધના જેવું શીખ્યા હશે ખરા, પણ સામાન્ય જીવની જેમ સ્ટ્રગલ (મંથન) નહિ. શ્રીરામ બહુ નાની ઉંમરથી ધનુર્વિદ્યા શીખી ગયેલા. દશરથ જાણતા ન હતા, પણ વિશ્વામિત્ર, વશિષ્ઠ જાણતા હતા. તાડકા જોઈને બી ગયા ન હતા. આપણે તો બી મરીએ. અનુભવીને નવો જન્મ લેવાની સ્વતંત્રતા છે. જીવદશા-વાળાને એવી સ્વતંત્રતા નથી. અનુભવી પુરુષ કોઈક જ જન્મ નહિ લેતા હોય. નહિતર સામાન્યપણે લેતા હોય છે.

અનુભવી પુરુષો જન્મ લીધા જ કરે, કારણ કે પૃથ્વી ઉપર કોઈ ને કોઈ કામ રહ્યા કરે, માણસો સાથે 'એવા' સંબંધો હોય. એ તો જન્મ લીધા સિવાય પણ મળી શકે ખરા, પણ

પ્રત્યક્ષનું જે પરિણામ છે એ જુદું છે અને વધારે છે. ઝટ બીજાના ખ્યાલમાં પણ આવી શકે. એટલે ઘણાખરા અનુભવી જન્મ લેતા જ હોય છે. જીવ જન્મ લે છે પણ કયા હેતુથી જન્મ લીધો છે એની એને ખબર હોતી નથી. જ્યારે અનુભવી જન્મ લે છે એને એ જન્મના હેતુની સભાનતા રહે છે.

સાંઈબાબાનાં પ્રત્યક્ષ દર્શન કરેલાં, એમાં એમનું આહ્વાન નહિ કરેલું અને એમ ને એમ આવેલા. હું તો નામ જ જાણતો ન હતો. ઉપાસની મહારાજનું પણ નામ મેં નહિ સાંભળેલું. કરાંચીમાં હું તો ઘેર આવીને વાત કરું કે 'આવો કોઈ ઑલિયો મને મળેલો ! 'ઑલિયો' એટલા માટે કહું કે એ મુસલમાન હતો. ત્યાં અનુભવીને 'ઑલિયા' કહે.

દુનિયામાં આવા પુરુષોનું જે અસ્તિત્વ છે એ ચેતન પરત્વેની જે ભાવના છે-એ ભાવના જીવતી રાખવા માટે એ લોકો જીવતા હોય છે. એ લોકોને લીધે ભાવના જીવતી રહે છે.

શિરડીવાળા સાંઈબાબાના શરીરનું મૃત્યુ થયું ત્યારે હિંદુ-મુસલમાન વચ્ચે તકરાર થયેલી. મુસલમાનો કહે કે 'અમે દાટીએ' પછી કલેકટર વચ્ચે પડેલા. આ તો હમણાં બનેલી વાત છે. બેત્રણ દિવસ સુધી એમનું મડદું રહ્યું. પછીથી કંઈ સમાધાન કર્યું. 'કબરમાં દાટવા અને મંદિર બનાવવું.' એમની પૂજા થાય-વૈષ્ણવોની થાય છે એમ. મુસલમાનોને કંઈ ભોગબોગ ધરાવવાના હોય નહિ. કલેકટરે આવો રસ્તો કાઢ્યો.

મને પરિચય થયેલો તે સાંઈબાબા તરીકે થયેલો. એમના વિશે લોકવાયકા એવી છે કે હિંદુ બ્રાહ્મણના છોકરા હતા. એ ફકીરના હાથે ચડી જાય છે અને જ્ઞાન મળે છે. આ હકીકત પુરવાર થાય એવી નથી. હિંદુ-મુસલમાન એ બન્ને સંસ્કૃતિનો એનામાં મેળ ખાય છે. એટલે એ એવી રીતે જ વર્તતા હતા.

શિરડી જવાનું મને ક્યારેય થયેલું નહિ. પછી આપોઆપ થયેલું. સિંધિયા સ્ટીમ નૅવિગેશનના મૅનેજરને ત્યાં હું રહ્યો. તે એમણે મને કહ્યું, 'મોટા, તમારી આ મૌનએકાંતની પદ્ધતિ મને બહુ ગમે છે. મેં કહ્યું, 'અહીં તમારો રૂમ એકાંતવાળો

છે. એમાં બાથરૂમ જાજરૂ પણ સાથે જ છે. ત્યાં બેસો.' 'ના, મારે તો સાંઈબાબાને ત્યાં જઈને બેસવું છે.' મેં કહ્યું, 'ત્યાં આપણને આવી સગવડ ક્યાંથી મળે ? ત્યાં નહિ ફાવે.' 'પૈસા આપતાં બધું ફાવશે.' ત્યાં જઈને રૂપિયા ૧૫૦૦/- આપ્યા. ત્યાંની ધર્મશાળાનો આખો ભાગ આપી દીધો. બીજી વ્યવસ્થા કરી દીધી. રસોઈયો લઈ ગયેલા. ત્યાં અમે ૨૬ દિવસ રહેલા. ત્યાં બધી તપાસ મેં કરેલી. સાંઈબાબા એ વખતમાં કેટલાકને પૈસા આપતા. વેપારીઓને ચોપડે પણ લખેલા. કોઈને ૯૮ આપે, કોઈને ૯૬ આપે. રોજ આપે. બસ એમ ને એમ જ ઈચ્છા થાય એટલે આપે. કારણ તો હોય, કારણ વિના કાર્ય બનતું નથી. પૈસા આવી રીતે કેમ આપે એ રામ જાણે ! સરકાર તરફથી સી.આઈ.ડી. રખાયેલા કે પૈસા ક્યાંથી લાવે છે ? શી રીતે આપે છે ? પણ કંઈ પત્તો નહિ ખાધેલો. કફની પહેરતા. ગજવામાંથી પૈસા કાઢે અને આપે. મૂળ વેપારીઓના વારસદારોએ જૂના ચોપડા કાઢીને મને બતાવેલા કે સાંઈબાબાએ પૈસા આપેલા.

વેપારીઓ તો એમ માનતા કે એમના લીધે જ આ અમારી જાહોજલાલી છે. જો૬ ૯૫-૧૦૦

૩

વેદોએ કહ્યું છે કે સ્ત્રીઓને શાસ્ત્ર ભણવાનો અધિકાર નથી, એ બિલકુલ ખોટી વાત છે. એ તો જ્યારે ભાવનાનું પતન થયું ત્યારે કહેવા લાગ્યા કે સ્ત્રીઓને વેદ ભણવાનો અધિકાર નથી.

માતાના પેટમાં આપણે નવ મહિના રહેવાનાં. જો તેમનામાં જ્ઞાન નહિ હશે, સંસ્કાર નહિ હશે તો આપણામાં ક્યાંથી આવવાના ? કયા મૂર્ખાઓએ આ લખ્યું છે તે સમજાતું નથી. આ ઉતારી પાડવા ગુસ્સાથી કહેતો નથી. હું એક વખત બનારસ ગયો હતો. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની દીકરીની દીકરીને હિંદુ યુનિવર્સિટીમાં લઈને ગયો હતો. ત્યાં બંગલો

ભાડે રાખીને રહ્યાં હતાં. તેમની બી.એ.ની પરીક્ષામાં ઋગ્વેદનો અભ્યાસ કરવાનો હતો, તેમાં જુદા જુદા છંદ વિશે એક વિષય હતો. ગાયત્રી છંદ, શાર્દૂલવિક્રીડિત છંદ જેવો. તેમાં માત્રાની રચના, શબ્દોની રચના કેવા પ્રકારની ? આરોહઅવરોહ કેવી રીતે આવે ? એ તે કેવી રીતે બોલતા ? તે પદ્ધતિ જાણવા વિદ્વાન પાસે જવું પડે. કાશી કરતાં દક્ષિણમાં તેવા વિદ્વાન વધારે છે, પણ છોકરીઓને ભણાવવા બનારસમાં કોઈ તૈયાર થાય નહિ, સો બસો રૂપિયા આપતાં પણ કોઈ તૈયાર થાય નહિ. તે લોકો કહે કે 'બહેનો આગળ ઋચા બોલાય નહિ' અને પરીક્ષામાં પચીસ માર્ક્સનો એ સવાલ આવે. એ બરાબર લખી શકે તો ગણિતની માફક માર્ક મળે. હું હિંદુ યુનિવર્સિટીના આ વિષયના અધ્યાપકને મળ્યો. તેમની પાસે પણ અસલ પદ્ધતિનું જ્ઞાન નહિ. તેઓ પણ કહે, 'અમે તો કૉલેજમાં શીખેલા. અમે તો એ પ્રશ્નના માર્ક ઉડાવી દઈએ.' આખરે માલવિયાજીને મળ્યો. તેમને મેં કહ્યું કે 'વિષય રાખ્યો છે પણ શીખવનાર કોઈ નહિ.' વિદ્વાનો આ સાચી હકીકત સમજવા તૈયાર નથી. તેમણે કહ્યું કે 'બેચાર મારા જાણીતા મિત્રો છે અને સારા સાત્ત્વિક છે, તેમના ઉપર ચિઠ્ઠી લખી આપું.' તેમની ચિઠ્ઠી લઈને ગયો તોપણ કોઈ તૈયાર થયું નહિ. પછી ભગવાનને પ્રાર્થના કરી. માનવીએ બધા પ્રયત્નો કરવા જોઈએ, પછી જ પોકાર પાડી શકાય. લોકો કહે છે કે 'નિર્બલ કે બલ રામ' પણ તે ખોટી વાત છે. રામ તો સબળતા-પુરુષાર્થીના હતા. એટલે બધી બાજુએથી નિષ્ફળતા મળવાથી ભગવાનને પોકાર કર્યો. મને એક વિદ્વાન મળી ગયા, તેમને પગે લાગ્યો. ગુરુમહારાજનો હુકમ હશે. મેં મારી મુશ્કેલી સમજાવી. તેઓ સમજાવવા તૈયાર થયા એટલું જ નહિ પણ અઠવાડિયા સુધી બોલાવી સંપૂર્ણ સમજાવ્યું. આટલી સહેલી વાત પણ વિદ્વાનો સમજવા તૈયાર નથી, હું તો તેમને વિદ્વાન નહિ કહું, પણ પોથાંને માથે લઈને ફરનારા, ભાર લઈને ફરનાર જેવા ગણું. એવા વિદ્વાન સમાજનો ઉદ્ધાર નહિ કરી

શકે. તેમને તો ભાર ઊંચકીને ફરનાર મજૂર જેવા ગણું. તેઓ ભલે ચર્ચામાં હરાવે, પણ ખરું જ્ઞાન ચોપડી વાંચવાથી નહિ આવે. અંતરનું જ્ઞાન એ તો જુદું હોય છે. માણસને કામ કરવાની અભીપ્સા જાગવી જોઈએ. મૌ.કેડીએ ૧૨૮-૧૩૦

૪

મેં મારા મનથી દૃઢ કર્યું કે મારે સ્ત્રીનો જ અવતાર લેવો છે. હવે એમાં મારી પાસે એક કારણ છે. અમારા દેશનો ઉદ્ધાર કરવો છે. હું ભણતો હતો ત્યારથી મારામાં ઘણી તમન્ના કે સમૃદ્ધ થયા વગર આપણા દેશને કોઈ ગણકારશે નહિ. ત્યારે અને અત્યારે પણ સમૃદ્ધ થઈ શકે એવું કોઈ વાતાવરણ નથી, તોપણ જેના વડે કરીને દેશની સમૃદ્ધિ થાય એવાં કામ કરું છું. અને મને બુદ્ધિથી એટલું બધું સાચું સમજાયું છે કે જો દેશને સમૃદ્ધ કરવો હોય તો જ્યારે દેશની સ્ત્રીઓ બહાદુર, પરાક્રમી, શૌર્યવાળી, ધીરજવાળી, સાહસવાળી, હિંમતવાળી, મર્દાનગીવાળી થશે ત્યારે અમારી પ્રજા એવી થશે. એવી સ્થિતિ સર્જવા માટે મારે સ્ત્રી થવું છે કે જેથી એમની સાથે હળીમળી શકું. બધું કરી શકું. કોઈક અનુભવીને આ જન્મમાં સંસારમાં રહેતાં રહેતાં કશુંક એવું સ્ફુરી જાય તો એ એ જાતનો જન્મ લે છે. પછી સામાન્યતઃ જે અનુભવીને આવું કંઈ બિલકુલ થતું હોતું નથી કે આ થવું છે કે જન્મ લેવો છે તો એ પણ હોતું નથી.

ભગવાન અવતરે અને કહે છે કે હું મારા ભક્તના રક્ષણ કરવાને માટે અવતરું છું. ધર્મનું રક્ષણ કરવાને માટે અવતરું છું. ત્યારે એ કારણમાં કોઈ મનાદિકરણ નથી. કોઈ હૃદય નથી. કોઈ વિચાર નહિ. કોઈ પ્રક્રિયા નહિ. એક સ્વયંસ્ફુલિંગ છે. તે રીતે અનુભવીને પણ એમ થાય છે કે આમ કરવાનું છે. આ કરવું છે. એવો એમાં કોઈ જાતનો સાંસારિક, વ્યાવહારિક, મનાદિકરણનો કોઈ વિષય એને ત્યાં સ્પર્શતો નથી. જેમ ભગવાન અવતાર લેવાનું કરતો હોય છે, એમાં

કોઈ જાતનું એને એના મનમાં કે એના મનાદિકરણમાં કે અથવા તો એના અંતરના ભાગમાં કે અંતઃકરણમાં અથવા તો એના આત્માના અત્યંત સૂક્ષ્મ ભાગમાં પણ કોઈ જાતનો વિચાર સરખો હોતો નથી.

મારે સ્ત્રીનો જન્મ લેવો છે પણ છોકરાં જણે એવી નહિ. હું છોકરાં જણે એવી સ્ત્રી નહિ થાઉં. એ જન્મમાં મને વૈભવ વિલાસનો પાર નહિ હોય. મારે પૈસા કંઈ માગવા જવા પડશે નહિ. રૂપ પણ બહુ સુંદર હશે. 'એક લટકું બસ થાય.' સૌને વશ કરી દેવામાં એક જ લટકું બસ થાય. ભગવાન મને એવું રૂપ આપશે કે આ બધા પુરુષોને ત્યારે એ સ્થિતિમાં સાચી રીતે સમજાવી શકાશે. એ માન્યા વગર રહેશે નહિ. જેટલા જેટલા સંબંધમાં આવશે એનો છૂટકો નહિ થાય.

તે વખતે હું જે કહીશ તે બોલની પાછળ વીજળી નીકળતી હશે. એને બોલવાને Force (ફોર્સ) કરતી હશે. તે કોઈ જુદા પ્રકારની હશે. ત્યારે આજના જેવું નહિ હોય. મેં સંસારમાં આ બધું જોયું કે સમૃદ્ધ થવાને માટે જ્યાં સુધી બહેનોનું જીવન આવું નહિ થાય ત્યાં સુધી સમૃદ્ધિ થવાની નથી. સમૃદ્ધિ કંઈ લક્ષ્મી વડે થાય છે એ હું માનતો નથી. એ બહુ નજીવો ભાગ ભજવે છે, પણ માણસોને લીધે-એનાં ખુમારી અને ખમીર, એના ગુણ એ બધાં વડે કરીને-સંસ્કૃતિ સમૃદ્ધ થાય છે. એ મને બહુ ચોક્કસ લાગેલું છે.

પુરુષોને કંઈક એવા પ્રસંગોને લીધે એમનામાં આપમેળે નક્કી થઈ જાય છે, પણ બધાય નથી લેતા હોતા. એ બધા અવકાશમાં છે ખરા. એટલે લય પામી ગયા છે, કંઈ કશું છે નહિ એમ નહિ. આ પૃથ્વી પર-આખા બ્રહ્માંડમાં એ બધા પોતપોતાને સ્થળે, પોતપોતાની મેળે છે. અમુક રીતે ત્યાં જ રહેતા હોય છે. એ ચેતનમાં લય પામી ગયા છે.

ચેતન સકળ બ્રહ્માંડમાં પ્રવર્તેલું છે. કોઈ એક જ ઠેકાણે છે એવું નથી. એ જેમ બધે છે તેવી રીતે જેને જન્મ લેવાનો છે જ નહિ, એવા અનુભવી લોકો અદશ્ય નથી પણ ચેતનની સાથે

લય પામી ગયેલા હોય છે. એટલે ચેતન જેમ સર્વત્ર છે તેમ આ લોકો-અનુભવીઓ પણ સર્વત્ર છે. જીવતા નર ૧૦૪-૧૦૭

૫

હું ફરી જન્મવાનો પણ તેની વાર લાગશે. ત્યાં સુધી બધો વહેવાર કરવાનો. છોકરાં જન્માવાનો વહેવાર નહિ ! કારણ કે જે જે જીવોનો સમાગમ મારે જોઈએ તે બધા જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ. ત્યાં સુધી I shall have to wait. (મારે થોભવું પડશે.)

ત્યાં સુધી ફર્યા કરીશું. કોઈ ઠેકાણે જઈશું. કોઈની સાથે સમાગમ કરીશું. પેલો જાણશે નહિ, પણ મને તો મળ્યાનો આનંદ થાયને, અને એક વાત એવી છે કે આ અત્યારે શરીર સાથે જ આત્મા જેટલો બળવાન છે એના કરતાં શરીર વગરનો જે આત્મા છે તે વધારે બળવાન છે. અત્યારે હું કંઈ તમારામાં પ્રવેશી ના શકું. માનસિકપણે પ્રવેશું, પણ તમારામાં હું વિચાર કરું, ધારણા કરું, પ્રાર્થના કરું, છતાંય પણ તમારામાં પ્રવેશાય નહિ અને પેલું અનુભવી પુરુષનું સૂક્ષ્મ શરીર અથવા તો એની સૂક્ષ્મતા-એનું એબ્સ્ટ્રેક્ટ બીઈંગ (અમૂર્ત અસ્તિત્વ) તે તમારી મરજી હોય કે ના હોય તે તમારામાં પ્રવેશી શકે છે. અને એ પ્રવેશીને તે કામ તો કરે, પણ એની ભૂમિકા તૈયાર ના થઈ હોય એટલે એ ચિત્તના સંસ્કારમાં મોટો ભાગ ભજવે. ત્યારે ચિત્તની અંદર એની સભાનતા જગાડવામાં એ મોટી મદદ કરે છે.

આ જ પૃથ્વી ઉપર આ બધું બને છે. પહેલાં મને લાગતું હતું કે હું દક્ષિણમાં જન્મ લઈશ. હવે એમ નથી લાગતું. મને સ્થળનું નક્કી નથી લાગતું. મને દક્ષિણનો દેશ ગમે તો બહુ, પણ આવી રીતનું નક્કી નથી લાગતું. But I shall have to wait (પણ મારે થોભવું પડશે) એમ લાગે છે. અન્વય ૬૪-૬૫

હું તો આજે છેલ્લી વાત કરી દઉં છું. એમ તો ભગવાનની કૃપાથી મળીશું. પણ મારામાં દિલ રાખવું. તો કહે કે 'તમે જ

રાખોને !' તો હું તો મારી રીતે રાખું છું, સૌ કોઈ પોતપોતાની રીતે રાખતું હશે, પણ મને સંતોષ થાય ત્યારે મને આનંદ થાય. આજ સુધી હું કહેતો ન હતો. પણ હવે જેમ લાગવું હોય તેમ ભલે લાગે. એટલે હું કહી દઉં-સમજાવું.

'અ' સામાન્ય સંસારી છે. 'બ' રિયલાઈઝડ્(સાક્ષાત્કારી) આત્મા છે. 'અ' અને 'બ'ની વચ્ચે દિલ મળેલું છે. વેગળા રહે છે. કોઈ નિમિત્તને કારણે 'બ'ને 'અ'ની યાદ આવે તો 'બ'નાં આંદોલનો 'અ' પાસે જાય. ત્યારે 'અ' અને 'બ'નું દિલ મળેલું હોવાથી પેલાં આંદોલનો પકડે છે. કેટલી બધી વાર આ પ્રક્રિયા ચાલતી હોય છે. એટલે રિસેપ્ટીવ-સ્વીકારાત્મક છે. રિસ્પોન્સીવ-પ્રતિભાવાત્મક બોથ-બન્ને થાય છે. દિલ મળેલું
અન્વય હોય તો બન્ને થાય છે. એટલે આ બધું સરળ છે એમ બુદ્ધિ
૯૨ કબૂલે છતાં એ પ્રમાણે કોઈ વર્તી ના શકે.

❑

જગના તમે લોક રાખજો, જો રખાય તો હેત,
અમે તો આવીશું ભીખ માગતાં, પુકારી અહાલેક.

■

(ગઝલ)
જગના તમે લોક રાખજો, જો રખાય તો હેત,
અમે તો આવીશું ભીખ માગતાં, પુકારી અહાલેક.

**શ્રીમોટા** પગથી ૧૨૯

ખંડ-અખંડ

# આનંદોત્સવ

■

(ગઝલ)

શરીરમાં છેક અવતરવા તને દિલ પ્રાર્થના મુજ છે,
પ્રગટ ત્યાં અવતરી પૂર્ણ શરીરને સાબદું કરજે.

સૌરભ
૧૯૦

*શ્રીમોટા*

■

*ભગતમાં ભગવાન : ૫૨૫*

■

(ગઝલ)

જીવનને કોઈપણ ક્યાંયે કશું વયનું ન લફરું છે,
અનંતાનંત શાશ્વત ને અખંડ ભવ્ય જીવન છે.

શરીરને માત્ર આયુષ્ય, જીવન લીધે શરીર આ છે,
બધું પ્રત્યક્ષ સાકાર થતું જે તે શરીર લીધે.

જીવન જે પ્રકૃતિનું તે બધી વૃત્તિ-રમતનું છે,
જીવનમાં ચેતનાનો જે નર્યો આનંદ ભરપૂર છે.

જીવન ખંડિત નથી ક્યાંયે, જીવનમાં ભાગલા ના છે,
અસ્ખલિત શી જીવનગંગા સદાકાળ વહેતી છે !

અવ્યક્ત ભાવ હરિનાનું જીવન તો વ્યક્ત લક્ષણ છે,
જીવનમાંથી જીવનમૂળ અનુભવવાનું મળતું છે.

**શ્રીમોટા**

ઘડતર
૨૮૭

**જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-**

**હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા, રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડદેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.**

**મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુ સ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.**

**મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.**

**મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.**

**ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'**
**-મોટા**

**તા. ૧૯-૭-૧૯૭૬**

પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડવાનો નિર્ણય તો તા. ૧૯મી જુલાઈએ લઈ લીધેલો અને એ હકીકતની જાણ માત્ર શ્રી નંદુભાઈને જ કરેલી. તા. ૨૨મીએ સવારે ફાજલપુર જતાં કારમાં નંદુભાઈને જણાવ્યું કે શ્રી રમણભાઈ અમીનને આ અંગે વાત કરીને સંમતિ મેળવી લેવાની અને જો કદાચ તેઓને ખચકાટ હોય તો સુરત આશ્રમ જઈને દેહ છોડવો. (સુરત આશ્રમ, શહેરથી છ માઈલ દૂર છે.) ફાજલપુર પહોંચીને શ્રી નંદુભાઈએ શ્રી રમણભાઈને પૂજ્ય શ્રીમોટાએ સૂચવ્યા પ્રમાણે વાત કરી. આ હકીકત સાંભળતા જ પ્રથમ તો શ્રી અમીન સ્તબ્ધ બની ગયા.

પણ એમણે તરજ જ જણાવ્યું કે 'ઘર પૂજ્ય શ્રીમોટાનું છે. તેમની ઇચ્છાનુસાર તેઓશ્રી કરી શકે છે.'

વહેલી સવારે જ પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં ચશ્માં, ઘડિયાળ અને કંઠી શ્રી રામભાઈ પટેલ મારફત શ્રી નંદુભાઈના ટેબલ પર પહોંચાડ્યાં ! સામાન્ય રીતે તેઓશ્રી આ વસ્તુઓ તેમની પાસે રહેલ વ્યક્તિને સાચવવા આપે. કદી પણ શ્રી નંદુભાઈના ટેબલ પર આ વસ્તુઓ આવેલી નહિ. આથી, શ્રી નંદુભાઈને કંઈક નવીન તો ભાસ્યું જ. શ્રી નંદુભાઈ પૂજ્ય શ્રીમોટા પાસે ગયા.

પૂજ્ય શ્રીમોટાએ પોતાનો નિર્ણય જણાવ્યો કે આજે ચાર વાગ્યા પછી દેહ છોડવાની વિધિ શરૂ કરાશે. મને કોઈએ બોલાવવો નહિ, સ્પર્શ કરવો નહિ.

શ્રી નંદુભાઈએ કહ્યું, 'મોટા, થોડોક વધુ સમય પસાર કરો. વરસાદ ઘણો છે. દેહનો અગ્નિસંસ્કાર કરવો ફાવે નહિ.'

પૂજ્ય શ્રીમોટાએ કહી દીધું કે 'અગ્નિસંસ્કાર કરવાનું ન ફાવે તો દેહને નદીમાં નાખી દેજો.' અને અંગ્રેજીમાં ભારપૂર્વક બોલ્યા કે 'This is not a matter of discussion.' (આ હવે ચર્ચાનો વિષય નથી.)

પૂજ્ય શ્રીમોટાનો તથા આશ્રમવાસીઓનો સવારે દસ વાગ્યે જમવાનો નિયમ... પૂજ્ય શ્રીમોટા એ દિવસે તે સમયે જમ્યા નહિ. બાકીનાં સૌએ જમી લીધું. શ્રી રમણભાઈ જમીને ઑફિસે ગયા. બપોરે ત્રણ વાગ્યે શ્રી રમણભાઈ અમીન ફાજલપુર આવ્યા. ત્યારે તેમનાં સંતાનો ફાજલપુર હતાં. પૂજ્ય શ્રીમોટાએ તેઓ સાથે વાતો કરી. ખબર અંતર પૂછ્યા. ફાજલપુરમાં પૂજ્ય શ્રીમોટા હોય ત્યારે પરિવારના સભ્યો આવે અને મળી જાય. સંતાનો વિદાય થયાં. કોઈને કશું જ જણાવવામાં આવેલું નહિ. પૂજ્ય શ્રીમોટા વરંડામાં સૂતેલા. ફાજલપુરના ફાર્મ હાઉસને 'हरिस्मृति' તરીકે વ્યક્ત કરતી આરસની પ્લેટને પૂજ્ય શ્રીમોટાએ હૃદય પાસે અડાડી પ્રણામ કર્યા. પછી બરાબર ચાર વાગ્યે તેઓશ્રીએ કહ્યું, 'મને હવે અંદર લઈ જાઓ.'

સૂવાના ઓરડામાં પૂજ્ય શ્રીમોટાને સુવાડ્યા પછી તેઓશ્રીએ એકલા શ્રી નંદુભાઈને બોલાવ્યા અને પોતાની પાસેનાં લખેલાં પાનાં આપ્યાં. તેઓશ્રીએ આ પાનાં પરનું લખાણ બપોરના ત્રણ વાગતાં પહેલાં લખેલું. એ લખાણ તેઓશ્રીએ સૂતાં સૂતાં પડખું ફેરવીને લખેલું હતું. ઉપરાંત, બીજી કેટલીક લખેલી ચિઠ્ઠીઓ આપી. પાંચસાત મિનિટ શ્રી નંદુભાઈ સાથે વાતો કરી. એ પછી બીજાં પાંચેય જણને બોલાવ્યાં-(૧) શ્રી રમણભાઈ અમીન (૨) શ્રીમતી ધીરજબહેન અમીન (૩) શ્રી રામભાઈ પટેલ (૪) શ્રીમતી ડૉ. કાંતાબહેન પટેલ (૫) શ્રી રાજુભાઈ પટેલ. એ વખતે શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાને પૂછ્યું, ‘મોટા, તમને પેશાબ માટે આ કૅથેટર મૂકી છે અને પ્લાસ્ટિકની કોથળી બાંધી છે તે કાઢી લઈએ ?’

પૂજ્ય શ્રીમોટાએ ‘ના’ કહીને જણાવ્યું કે ‘એને ન કાઢશો. એ તો મારી ‘જીવનસંગિની’ છે !’ પછી છેલ્લે માત્ર એટલું જ કહ્યું, ‘હવે મને બોલાવશો નહિ અને અડશો નહિ, તમારે બહાર જવું હોય તો બહાર જઈ શકો છો.’ આમ કહી બરાબર ૪-૨૦ મિનિટે તેઓશ્રીએ આંખ મીચી. શ્રી નંદુભાઈ પૂજ્ય શ્રીમોટાના માથા પાસે એક સ્ટૂલ પર બેસી આંખો બંધ કરી ‘હરિઃૐ’નો જપ કરવા લાગ્યા. આઠ કલાક પસાર થયા ત્યારે શ્રી નંદુભાઈને સહજ પ્રેરણા થઈ કે પૂજ્ય શ્રીમોટા ૧-૩૦ વાગ્યે શરીર ત્યજી દેશે.

રાતના સાડા બાર વાગ્યે ડૉ. કાંતાબહેને પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યાં હતાં. ૩૦-૩૫ સુધીના નાડીના ધબકારા હતા. બરાબર ૧-૨૫ વાગ્યે નાડીનો ધબકાર બંધ થયો એમ નોંધાયું. તરત જ સ્ટેથસ્કોપથી હૃદય ધબકાર જોયા તો હૃદય બંધ પડી ગયેલું. પૂજ્ય શ્રીમોટાના હોઠ સહેજ ખુલ્લા થઈ ગયેલા. જે સંદેશાઓ અને પત્રો મોકલવાના હતા તે શ્રી નંદુભાઈએ લખવાની શરૂઆત કરી.

શ્રી રમણભાઈનું ફાર્મ હાઉસ મહી નદીની ઊંચી ભેખડ પર છે. એ ભેખડ ઉપર બાંધેલો ઓવારો ગયા વર્ષે તૂટી ગયેલો.

આ વખતે નદીએ જવાની કેડી ૧૯૭૬ના મે મહિનામાં જ અઢી ફૂટ જેટલી પહોળી કરાવેલી. પહેલાં આ જગાએથી નદીના કિનારે આવવા ઊતરવા માટેની સાંકડી કેડીનો માર્ગ હતો. આ માર્ગ પહોળો બનાવાતાં પૂજ્ય શ્રીમોટાના શરીરને ઊંચકીને બે બે માણસો સરળ રીતે ઉતારી શક્યા હતા. એ પહેલાં શરીરને માત્ર 'સ્પંજ' કરવામાં આવેલું. ઘીનો દીવો કે અગરબત્તી પણ કરાયેલાં નહિ કે સુખડનું કાષ્ઠ પણ ન હતું.

લાકડાં એકઠાં કરીને, નદી કિનારાના ભાગનું લેવલિંગ કરીને, ચિતા ગોઠવવાનું કામ ફાર્મના વ્યવસ્થાપકે ઘણી જ કુનેહ-કુશળતાથી કરેલું. સવારે ૬-૧૦ મિનિટે (તા. ૨૩મી જુલાઈ, ૧૯૭૬) પૂજ્ય શ્રીમોટાના શરીરને ચિતા પર સુવાડ્યું. ત્યારે શ્રી રામભાઈએ કહ્યું કે 'મોટા તો નાગાબાવાની જમાતના હતા. એમણે તો સંસારીનો વેશ ધારણ કરેલો : માટે, આટલી લુંગીની પણ શી જરૂર ?' રામભાઈની આ વાત સ્વીકારાઈ અને પૂજ્ય શ્રીમોટાને વીંટાળેલી લુંગી લઈ લેવાઈ. અંતિમ અગ્નિસંસ્કાર શ્રી રમણભાઈના હસ્તે થયા ! બે કલાક અને દસ મિનિટમાં પૂજ્ય શ્રીમોટાનો દેહ સંપૂર્ણપણે માટીમાં ભળી ગયો ! ફરમાન મુજબ અસ્થિ-રાખ વગેરે પાવડાથી ખેંચીને નદીમાં 'પૂરેપૂરાં' પધરાવી દીધાં ! પદ૨૪ ૨૫-૨૯

*(તા. ૨૨-૭-૧૯૭૬ના રોજ*
*પૂજ્ય શ્રીમોટાએ લખેલા છેલ્લા પત્રો)*

(૧)

**'જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે. તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશ-કલ્યાણ કરો.'**

(૨)

**અમારાનું અમે છાનું રાખ્યું છે ના,**
**બધું ખુલ્લે ખુલ્લું સરળ સરળ રીતે લખેલું.**
**ન લખાયેલું, ન વિદ્વાનોએ ન કવિઓએ**
**કદી પણ ન લખેલું છે.**

**અમે અમારી મેળે તો કદી ના લખેલું છે.**
**કદી કોઈના કહેવાથી-ને પૈસા તેના દેવાથી**
**અમે એનું એમ લખેલું.**
**કદી પણ ગુજરાતી સાહિત્યમાં ન લખાયેલું લખેલું.**
**('નિમિત્ત', 'શ્રદ્ધા', 'શ્રીસદ્‌ગુરુ', 'ભાવ', 'રાગદ્વેષ', 'સ્વાર્થ')**
**એવું એવું કોઈને સૂઝેલું ને લખેલું.**
**તેનો જશ મારા પ્રભુને ફાળે જાય.**
**કદી વિચારીને લખ્યું નથી.**
**દરેક કાવ્ય થોડાક વખતમાં લખેલું,**
પદરજ ૪૮-૪૯ **ને તે પણ લખાણના પૈસા મળેલા છે ત્યારે.**

(૩)

**'ઉમળકાથી અમે કરેલું છે,**
**નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે,**
**આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે,**
**ગુરુમહારાજ હુકમને આનંદથી પાળ્યો.'**

પૂજ્ય શ્રીમોટાએ પોતાના પાર્થિવદેહ દ્વારા જે અક્ષરદેહ અવતાર્યો એના છેલ્લા શબ્દો ગુરુમહારાજની મહત્તા અને મહિમા વર્ણવે છે. એ શબ્દો આ પ્રમાણે છે.

(૪)

**'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે. ખરે વખતે ખરા વખતના ભક્તનું ન અટકી રાખે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે.' - મોટા**

ગુરુમહારાજ એ 'ચેતન'નો પર્યાય છે. એમની કળા ન્યારી છે. 'આપણું ગમે તે' ગુરુ કરી આપશે એવી વેવલી માન્યતાને દૂર કરીને, પૂજ્ય શ્રીમોટાએ સ્પષ્ટ કર્યું છે કે જ્યારે એમને એટલે કે ગુરુમહારાજને ખપ પડે કે આપણને એમનો ખપ પડે (જો આર્તભાવે અને આર્દ્રભાવે આપણે દિલથી પોકાર પાડીએ તો) ત્યારે માણસ જેવા થઈ, આપણી આગળ થઈને તેઓશ્રી આપણું ઉકેલી આપે છે.

ગુરુમહારાજ અનુભવમૂલક ચેતનનું વ્યક્ત રૂપ છે. માત્ર કોઈ જીવતા માનવીનું ગજું નથી. આ પંક્તિઓ દ્વારા પૂજ્ય શ્રીમોટાએ સૌને પોતાના તરફથી અભયવચન લખી આપ્યું છે.

છેલ્લી બે પંક્તિમાં તો પૂજ્ય શ્રીમોટાના ટકોરાબંધ શબ્દો જાણે પરમ આનંદના અનુભવના ટંકારરૂપે આપણા કાનમાં રણકી રહે છે. ગુરુમહારાજના આવા ભક્ત થવું એ તો દોહ્યલું છે. જીવનની એ તો સર્વોચ્ચ અવસ્થા છે-આધ્યાત્મિક જીવનનું એ તો ગૌરીશિખર છે.

આમ છતાં આવા ચેતનાનિષ્ઠ આત્માને દિલથી પાડેલો પોકાર એળે જતો નથી, પરંતુ એમની 'જે તે ઉકેલી' આપવાની કળા એમની કૃપા વિના કળાય નહિ !

આ અંત નથી, પણ અનંત છે, જે પૂર્ણ હોય એની પૂર્ણાહુતિ કેવી ? પદરજ ૫૩-૫૪

(૫)

**જેમણે આ મારું કેટકેટલું કામ કર્યું છે, તેમનો આભાર કયા શબ્દોમાં માનું ! હૃદયની એવી આ ભાવના તો શ્રીગુરુમહારાજની જ હોય. તેમ તેમનો ભેટો ગુરુએ જ કરાવી આપ્યો છે. મારા ઊંડા હૃદયથી તેમનું ક્ષેમકલ્યાણ થશે. ભગવાન ભલું કરજો.**

તા. ૨૭-૭-૨૦૧૮ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ,
સં. ૨૦૭૪ સુરત

॥ હરિઃૐ ॥

❑

॥ हरिःॐ ॥

## અનુક્રમ


ગ્રંથસંદર્ભસૂચિ ૫૩૪

વિશેષનામસૂચિ ૫૩૬

સ્થળનામસૂચિ ૫૩૯

પૂજ્ય શ્રીમોટાના જીવનની
મહત્ત્વની ઘટનાઓ ૫૪૧

સાધનામર્મ ૫૪૩

આરતી ૫૪૬

# ગ્રંથસંદર્ભસૂચિ

| ક્રમ | પુસ્તકનું નામ | આવૃત્તિ | ટૂંકું નામ |
|---|---|---|---|
| ૧. | જીવન પાથેય | ચોથી | પાથેય |
| ૨. | જીવન પ્રેરણા | ચોથી | પ્રેરણા |
| ૩. | જીવન પગરણ | પાંચમી | પગરણ |
| ૪. | જીવન પગથી | પાંચમી | પગથી |
| ૫. | જીવન મંડાણ | ચોથી | મંડાણ |
| ૬. | જીવન સોપાન | ત્રીજી | સોપાન |
| ૭. | જીવન પ્રવેશ | ત્રીજી | પ્રવેશ |
| ૮. | જીવન ગીતા | સાતમી | ગીતા |
| ૯. | જીવન પોકાર | પાંચમી | પોકાર |
| ૧૦. | જીવન મંથન | ચોથી | મંથન |
| ૧૧. | જીવન સંશોધન | ત્રીજી | સંશોધન |
| ૧૨. | પુનિતપ્રેમગાથા | ત્રીજી | પ્રેમગાથા |
| ૧૩. | જીવન પગલે | બીજી | પગલે |
| ૧૪. | જીવન સંદેશ | છઠ્ઠી | સંદેશ |
| ૧૫. | પ્રણામ પ્રલાપ | ત્રીજી | પ્રણામ |
| ૧૬. | નર્મદાપદે | પાંચમી | નર્મદા |
| ૧૭. | જીવન દર્શન | નવમી | દર્શન |
| ૧૮. | જિજ્ઞાસા | બીજી | જિજ્ઞાસા |
| ૧૯. | જીવન અનુભવ ગીત | બીજી | અનુભવ ગીત |
| ૨૦. | જીવન ઝલક | પ્રથમ | ઝલક |
| ૨૧. | જીવન લહરિ | પ્રથમ | લહરિ |
| ૨૨. | જીવન સ્મરણ | પ્રથમ | સ્મરણ |
| ૨૩. | શ્રદ્ધા | બીજી | શ્રદ્ધા |
| ૨૪. | જીવન રસાયણ | પ્રથમ | રસાયણ |
| ૨૫. | રાગદ્વેષ | બીજી | રાગદ્વેષ |
| ૨૬. | જીવન આહ્લાદ | પ્રથમ | આહ્લાદ |
| ૨૭. | જીવન તપ | પ્રથમ | તપ |
| ૨૮. | જીવન સૌરભ | પ્રથમ | સૌરભ |
| ૨૯. | જીવન સ્મરણ સાધના | બીજી | સ્મરણ સાધના |
| ૩૦. | જીવન રંગત | પ્રથમ | રંગત |
| ૩૧. | કૃપા | પ્રથમ | કૃપા |
| ૩૨. | સ્વાર્થ | પ્રથમ | સ્વાર્થ |
| ૩૩. | શ્રીસદ્ગુરુ | પ્રથમ | ગુરુ |
| ૩૪. | જીવન કથની | પ્રથમ | કથની |

| ક્રમ | પુસ્તકનું નામ | આવૃત્તિ | ટૂંકું નામ |
|---|---|---|---|
| ૩૫. | જીવન સ્પંદન | પ્રથમ | સ્પંદન |
| ૩૬. | જીવન પગદંડી | પ્રથમ | પગદંડી |
| ૩૭. | જીવન કેડી | બીજી | કેડી |
| ૩૮. | જીવન ચણતર | પ્રથમ | ચણતર |
| ૩૯. | જીવન ઘડતર | પ્રથમ | ઘડતર |
| ૪૦. | ભાવરેણુ | પ્રથમ | રેણુ |
| ૪૧. | ભાવજ્યોતિ | પ્રથમ | જ્યોતિ |
| ૪૨. | ભાવપુષ્પ | પ્રથમ | પુષ્પ |
| ૪૩. | ભાવહર્ષા | પ્રથમ | હર્ષા |
| ૪૪. | જીવન પ્રવાહ | પ્રથમ | પ્રવાહ |
| ૪૫. | જીવન પ્રભાત | પ્રથમ | પ્રભાત |
| ૪૬. | મૌનએકાંતની કેડીએ | ચોથી | મૌ.કેડીએ |
| ૪૭. | મૌનમંદિરનું હરિદ્વાર | ચોથી | હરિદ્વાર |
| ૪૮. | મૌનમંદિરનો મર્મ | બીજી | મર્મ |
| ૪૯. | મૌનમંદિરમાં પ્રભુ | ચોથી | પ્રભુ |
| ૫૦. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ત્રીજી | પ્રતિષ્ઠા |
| ૫૧. | શેષ વિશેષ | પ્રથમ | શેષ |
| ૫૨. | જન્મ પુનર્જન્મ | બીજી | જન્મ |
| ૫૩. | તદ્રૂપ સર્વરૂપ | પ્રથમ | તદ્રૂપ |
| ૫૪. | અગ્રતા એકાગ્રતા | પ્રથમ | અગ્રતા |
| ૫૫. | જોડા જોડ | પ્રથમ | જોડ |
| ૫૬. | અન્વય સમન્વય | પ્રથમ | અન્વય |
| ૫૭. | ગ્રહ ગ્રહણ | પ્રથમ | ગ્રહ |
| ૫૮. | એકીકરણ સમીકરણ | પ્રથમ | એકીકરણ |
| ૫૯. થી૭૦ | શ્રીમોટાવાણી- ૧ થી ૧૨ | પ્રથમ | વાણી- (૧થી૧૨) |
| ૭૧. | જીવતા નર સેવીએ | પ્રથમ | જીવતા નર |
| ૭૨. | પૂજ્ય શ્રીમોટા જીવન અને કાર્ય | પ્રથમ | જી.કાર્ય |
| ૭૩. | જીવન સ્ફુલિંગ | — | સ્ફુલિંગ |
| ૭૪. | પદરજનો પ્રતાપ | પ્રથમ | પદરજ |
| ૭૫. | તરણામાંથી મેરુ | પ્રથમ | મેરુ |
| ૭૬. | કર્મગાથા | બીજી | કર્મગાથા |
| ૭૭. | આર્તપોકાર | બીજી | આર્તપોકાર |
| ૭૮. | તુજ ચરણે | તેરમી | તુજ ચરણે |

# વિશેષનામ સૂચિ


**અ**ક્કલકોટના સ્વામી-૧૦૦
અઘોરી બાવા-૨૦૧, ૨૦૨, ૨૦૩
અતિસુખશંકર ત્રિવેદી-૩૧
'અમૃતબિંદુ'-૧૫૦
અમૃતભાઈ (વહેપારી)-૧૫૦, ૧૫૧
અમૃતલાલ પઢિયાર-૪૫૨, ૪૫૩
આધ્યાત્મિક મા (પ્રભાવતીબહેન)-૪૬, ૪૯૨
આનંદશંકર (ધ્રુવ)-૩૧
આર. કે. દેસાઈ (ડોક્ટર)-૧૦૩, ૪૪૮, ૪૭૨
આશારામ-૧
**ઇ**ચ્છાબહેન (માસીબા)-૧૦૮
ઇંદુલાલ યાજ્ઞિક-૪૦, ૪૧, ૬૧, ૭૯, ૧૦૫, ૧૫૫, ૧૫૬,૧૬૫
ઇંદોરના મહારાજા-૭૩
ઇરવીન-ગાંધી કરાર-૧૧૬
**ઈ**શ્વરભાઈ પટેલ-૨૧
**ઉ**ત્તમચંદ (બારડોલીવાળા)-૪૩૫
ઉપાસની મહારાજ-૮૦, ૯૩, ૯૫, ૯૮, ૯૯, ૧૦૦, ૧૬૦, ૧૮૭, ૫૧૭
**ક**બીર સાહેબ-૧૭૧
ક્લાર્ક સાહેબ-૩૧
કાજી સાહેબ-૧૧૮
કાંટાવાળા-૪૬૨
કાંતાબહેન પટેલ (ડૉ.)-૩૭૪, ૫૨૯
કાંતિભાઈ-૪૫૬
કાસમ સાહેબ (હાજી કાસમ મિયાં)-૬૦
કાળી કમળીવાળા (સાધુ)-૪૦૨
કુંતીમાતા-૨૭
કુબેરદાસ-૩૩૭, ૪૧૨, ૪૧૬
કુમારભાઈ-૩૯૭
કુરેશી સાહેબ-૨૨૩, ૨૫૯
કેશવાનંદજી-૬૨, ૮૧
કૃષ્ણ ભગવાન-૫૧૬
**ખં**ઢેરિયા-૨૨૮, ૨૮૯
**ગાં**ધીજી-૩૨, ૩૪, ૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૭૯, ૧૧૫, ૧૧૬, ૧૩૭, ૧૪૬, ૨૧૭, ૨૨૨, ૨૩૨, ૨૩૭, ૨૯૩, ૩૮૯, ૩૯૦, ૪૨૨, ૪૪૭, ૪૫૨, ૫૦૮
ગિડવાણીજી-૩૯, ૪૦
ગોકુળદાસ તલાટી (બાપુ)-૧૩૭
ગોદડિયા મહારાજ-૪૯, ૧૩૭, ૨૨૮, ૨૨૯, ૩૩૩
ગોદાવરી માતા-૯૮
ગોપાલદાસ (મામા)-૧૯૩
ગંગેશ્વરાનંદ મહારાજ-૪૯
**ઘ**નશ્યામરાય નટવરરાય મહેતા (ઘનુભાઈ)-૧૮, ૨૧
**ચા**ગલા સાહેબ (કરાંચીના માજી મેયર)-૨૧૮
ચૂનીલાલ-૧, ૨૬, ૩૧, ૫૬, ૧૪૦, ૧૪૧
ચૂનીલાલ આશારામ ભગત-૨૮૭, ૫૨૭
ચૂનીલાલ વ્યાસ-૭૧, ૧૬૫
ચૂનીભાઈ-૮૪, ૧૩૩
ચૂનીભાઈ ભગત-૧૫૩, ૧૫૪, ૧૮૬
**જ**મશેદજી (ટાટા)-૨૧૮
જાનકીદાસ-૨૩
જાનકીદાસજી મહારાજ-૧૯, ૨૦, ૨૧, ૨૨, ૪૯
જીવણલાલ મોતીચંદ ઍલ્યુમિનિયમવાળા-૨૯૩, ૨૯૪, ૨૯૫, ૪૫૨
જુગતરામકાકા-૫૦૨

**ટા**ગોર કવિવર-૩૯૦, ૪૭૪
**ઠ**ક્કરબાપા-૬૪, ૭૪, ૭૯, ૧૪૫, ૧૪૬, ૧૫૩, ૧૭૨, ૧૮૧, ૧૮૭, ૨૧૭, ૨૧૮, ૨૮૬, ૨૮૭, ૨૯૨, ૨૯૩, ૪૫૨
ઠાકોર (દેવાણના)-૧૨૩
**ડા**હ્યાભાઈ ઈજ્જતરામ-૩૭
**તા**જુદ્દીનબાબા-૧૦૦
તુકારામ-૪૪૪
તુલસીદાસ-૪૩૬
**દ**યારામભાઈ-૯૪
દશરથ-૫૧૬
દીવાન સાહેબ-૨૦
દુર્યોધન-૨૬
**ધી**રજબહેન અમીન-૫૨૯
ધૂણીવાળા દાદા-૬૯, ૭૦, ૭૭
ધૃતરાષ્ટ્ર-૨૬
**ન**રસિંહકાકા-૧૧૪, ૧૧૫, ૧૧૬
નરસિંહરાવ દિવેટિયા-૪૭૪, ૫૧૮
નરસિંહ મહેતા-૧૩૪, ૧૪૧, ૧૭૧, ૨૦૭, ૪૪૩
નરહરિભાઈ પરીખ-૧૫૩
નવાબ સાહેબ (જૂનાગઢ)-૪૫૩
નાનુભાઈ કંથારિયા-૫૬
નાનુભાઈ ભટ્ટ-૨૧૯
નારણભાઈ શેઠ-૨૪
નિરંજના-૪૩૫
નંદલાલ-૧૯૩, ૨૫૯, ૨૬૯, ૨૭૬, ૨૮૫, ૩૩૬, ૩૩૭, ૪૧૩, ૪૧૫, ૪૨૧, ૪૬૬,
નંદુભાઈ-૩૧૦, ૩૧૧, ૩૮૪, ૪૧૨, ૫૦૫, ૫૨૭, ૫૨૮, ૫૨૯
**પ**રસદભાઈ (બાપુ)-૨૨૪, ૨૨૮
પરીક્ષિતલાલ (મજમુદાર)-૬૯, ૭૪, ૭૭, ૧૦૫, ૧૧૦, ૧૩૩, ૧૩૮, ૧૫૩, ૧૭૧, ૧૭૫, ૨૦૧, ૨૯૨, ૨૯૩, ૩૦૧
પાઠક સાહેબ-૨૩૫
પાંડુરંગ વળામે (રંગઅવધૂત)-૩૫
**ફૂ**લચંદ બાપુજી (શાહ)-૧૩૭
ફોર્ડ ફાઉન્ડેશન-૫૦૨
**બ**ચુભાઈ નાગર (ડી.એસ.પી.)-૨૦૦
બાપુ (પરસદરાય મહેતા)-૧૭૨
બાબર-૨૩૬
બાબુભાઈ તમાકુવાળા-૪૩૫
બાળયોગી (મહારાજ)-૫૫, ૫૭, ૬૯, ૭૦, ૧૮૧, ૪૬૩
બૂચ (નાગર સદ્‌ગૃહસ્થ)-૧૯૯
**ભ**ગવત પ્રસાદ પંડ્યા-૭૪, ૭૫
ભાનુપ્રસાદ પંડ્યા-૪૪
ભીમ-૨૬
ભીમજીભાઈ (ડ્રાઇવર)-૨૨૩, ૨૨૪
ભીષ્મ-૨૭
ભીક્ષુ અખંડઆનંદ-૧૫૧
**મ**કનભાઈ-૧૮૮
મગરમચ્છ-૬૬
મણિભાઈ જશભાઈ દીવાન-૧૦૯
મણિલાલ નભુભાઈ-૩૦
મનુભાઈ (રાવ સાહેબ)-૧૫
મફતલાલ ગગલભાઈ-૨૮૮
મહાભારત-૪૩
મહેશભાઈ મહેતા-૪૪
મામા (નંદલાલના મામા, ગોપાળદાસ)-૪૧૫
મામા સાહેબ-૭૯, ૧૫૩
માલવિયાજી-૫૧૯
મીરાં-૧૭૧
મૂળજીભાઈ-૯, ૨૬૮, ૨૬૯, ૨૭૪, ૨૭૫
મોટા ભાઈ (જમનાદાસ)-૮, ૯, ૪૧, ૧૦૩,૧૫૫
મોરારભાઈ - ૧૮૮
**યુ**નાની હકીમ સાહેબ - ૮૬
**ર**ઘા ભગત-૨૪
રમણ મહર્ષિ-૪૫૦

રમણભાઈ અમીન-૫૨૭, ૫૨૮, ૫૨૯, ૫૩૦
રમણલાલ વસંતલાલ દેસાઈ-૧૮૩, ૨૧૫
રાજુભાઈ પટેલ-૫૨૯
રામકૃષ્ણ પરમહંસ-૪૫૦
રામભાઈ પટેલ-૫૨૮, ૫૨૯, ૫૩૦
રામાયણ-૪૩
રાવબહાદુર(મનુભાઈ)-૮
રંગવાળા શેઠ-૧૯
**વ**જુભાઈ જાની-૩૩૭
વલ્લભાચાર્યજી-૧૯૨
વશિષ્ઠ-૫૧૬
વિઠ્ઠલદાસ કોઠારી-૧૫૨, ૧૫૩
વિદ્યાનંદજી મહારાજ-૪૯૩
વિશ્વામિત્ર-૫૧૬
વીલિયમ પીટ-૪૧
વૈકુંઠભાઈ(શાસ્ત્રી) સુરતના માજી મેયર)-૪૧૬
**શ**ર્મા-૨૩૦
શાંતિભાઈ-૨૬૮
શિવાભાઈ પટેલ-૧૫૨, ૧૫૩
શુભલક્ષ્મી-૧૯૩, ૧૯૪
શંકરાચાર્ય-૪૩૧
**શ્રી**અરવિંદ-૫૧૩
શ્રીકબીર-૪૩૨
શ્રી કાંત શેઠ-૧૪૬
શ્રીકૃષ્ણ-૪૩૬, ૪૩૭
શ્રીમદ્ રાજચંદ્ર-૪૨૦
શ્રીમાતાજી-૪૩૨
શ્રીરામ-૫૧૬
**સ**રદાર (વલ્લભભાઈ)-૭૯, ૧૪૬
સરયૂદાસ મહારાજ-૨૨
સાગર (કવિ)-૧૭૪
સાંઈબાબા-૮૦, ૧૦૦, ૧૬૦, ૨૨૩, ૨૨૫, ૨૨૬, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૫૧૭, ૫૧૮
સાંદીપની ઋષિ-૫૧૬
સિદ્ધાર્થ-૪૦૨
સી.ડી.મહેતા (સુરત)-૪૧૨
સીમુભાઈ-૧૮૮
સુરેન્દ્રજી-૧૫૨
સૂરજબા-૧, ૧૪૫
સોમલો (સોમાભાઈ ભાવસાર)-૨૬૭
સોમાભાઈ-૯, ૮૩, ૧૬૯, ૨૬૮
સંતરામ મહારાજ-૧૭૦
**હ**કીમ સાહેબ-૮૮, ૮૯, ૯૨
હરખચંદભાઈ-૪૫૨, ૪૫૩
હરિવદનભાઈ-૧૩૩, ૧૩૮, ૧૭૫, ૧૮૮
હસમુખભાઈ-૨૧૯, ૩૮૯, ૩૯૦, ૪૧૫
હુમાયુ-૨૩૬
હેમંતકુમાર (નીલકંઠ)-૧૩૪, ૨૬૯, ૩૯૦, ૩૯૩, ૪૧૨
**જ્ઞા**નદેવ-૧૭૧, ૪૪૪
જ્ઞાનસિંગ (બોજી)-૪૦૨

# સ્થળનામ સૂચિ


**અ**મદાવાદ-૨૨, ૨૩, ૫૫, ૫૬, ૨૧૯, ૨૫૯
આણંદ-૪૧, ૬૭, ૧૦૭, ૧૧૫, ૧૧૬, ૧૪૭
આફ્રિકા-૪૩૪
આયર્લેન્ડ-૧૫૬
આસોદર (તા. બોરસદ)-૧૪૭
**ઇ**જિપ્ત-૧૫૬
ઇંગ્લૅંડ-૪૧
**ઉ**જ્જૈન-૮૩
**ક**ચ્છનું રણ-૨૩૦
કરાંચી-૧૬૯, ૨૧૭, ૨૨૧, ૨૨૨, ૨૨૭, ૨૨૮, ૨૩૪, ૨૫૮, ૨૬૯, ૨૮૫, ૩૯૧
કલ્યાણપુર-૨૨૩, ૨૨૪
કાઠિયાવાડ(સૌરાષ્ટ્ર)-૪૩૪
કાનપુર-૨૩૨, ૨૩૯
કાલોલ-૧, ૧૦, ૧૩, ૧૪, ૧૬, ૧૭
કાવેરી મૈયા-૪૧૩
કાશી-૨૩૫, ૫૧૯
કેદારનાથ-૨૦૦, ૨૦૧
કેરાપટ્ટી (ત્રિચિ નજીક)-૩૯૪,૪૫૪
કુરુક્ષેત્ર (સુરત)-૪૧૮
કુંભકોણમ્ (દક્ષિણભારત)-૪૧૩, ૪૧૫, ૪૧૮, ૪૨૫, ૪૪૭
કોચરબ-૩૭
**ખં**ભાત-૬૭
**ગ**રુડેશ્વર-૪૫
ગિરનાર-૪૬૩
ગુજરાત-૪૧૩
ગુજરાત વિદ્યાપીઠ-૩૩, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૭૯, ૧૦૫, ૧૮૮
ગોધરા-૧૦, ૪૦
ગંગોત્રી-૨૦૦, ૨૦૧
**ચ**મોલી (હિમાલય)-૪૦૨
ચાણોદ-૪૯૩
ચિત્રકૂટ-૧૬૭
ચોરવાડ-૪૫૨, ૪૫૪
**જ**બલપુર-૧૯૧
જન્મોત્રી-૨૦૦
જર્મની-૪૩૬
**ડ**ભાણ-૬૧, ૧૦૫
ડાકોર-૬૭
ડીસા (નવા)-૪૧૮
**તા**મીલનાડુ-૧૧૧
તુંગનાથ-૨૦૦
ત્રિચિનાપલ્લી-૧૯૩, ૨૮૫, ૨૮૯, ૪૫૩, ૪૫૪
**દ**ખ્ખણિયો ઓવારો(શેઢી નદી)-૪૧૨
દાહોદ-૫૮, ૧૫૫
દેવાણના ઠાકોર-૧૨૩
**ધ**રમપુર-૧૮૮
ધારાસણા-૧૫૭
ધુંવાધાર ધોધ-૧૯૦, ૧૯૧
**ન**ડિયાદ-૪૦, ૪૧, ૪૩, ૫૬, ૫૯, ૬૮, ૬૯, ૭૭, ૮૪, ૯૯, ૧૦૫, ૧૦૬, ૧૧૪, ૧૨૦, ૧૨૧, ૧૩૨, ૧૩૪, ૧૩૬, ૧૩૮, ૧૪૩, ૧૪૬, ૧૫૦, ૧૬૫, ૧૭૩, ૧૭૪, ૧૭૭, ૨૬૯, ૨૭૦, ૨૭૪, ૨૭૫, ૪૧૮, ૪૩૧, ૪૩૨, ૪૩૮, ૪૪૨, ૪૪૩, ૪૫૪, ૪૫૮, ૪૬૩, ૫૨૭
નડિયાદ આશ્રમ-૩૩૭
નર્મદા તટે-૪૫
નરોડા-૪૧૫, ૪૧૮
નવજીવન-૩૬, ૩૭
નવસારી-૬૯, ૭૪, ૧૧૦, ૧૭૩, ૧૭૫, ૧૭૭, ૧૮૭, ૧૮૮, ૩૯૪
નવાબગંજ-૨૩૯
**પા**કિસ્તાન-૨૩૦
પાલણપુર-૧૬૮

પેટલાદ-૧૮, ૧૯, ૨૦, ૨૮, ૧૦૯
પેરિસ-૪૩૬
પંજાબ-૩૮
પ્રયાગ-૨૩૨
**ફા**જલપુર-૪૫૮, ૫૨૭, ૫૨૮
ફ્રાંસ-૧૫૬
**બ**દરીનાથ-૨૦૦, ૪૦૪
બનારસ-૨૭૦, ૨૭૬, ૨૭૮, ૫૧૮, ૫૧૯
બનારસ યુનિવર્સિટી-૨૩૫, ૨૭૯
બનારસ હિંદુ યુનિવર્સિટી-૨૬૦, ૨૬૨
બરોડા કૉલેજ-૩૫
બારડોલી-૯૪, ૯૫, ૪૩૫
બાલારામ-૧૬૮, ૧૬૯, ૨૭૧
બોકડની બાવળી-૧૨૦
બોદાલ-૧૪૬, ૧૪૭
બોરસદ-૧૧૬, ૧૨૩
બોરીઆવી-૧૫૨
**ભ**રૂચ-૩૯
**મ**ણિકર્ણિકાનો ઘાટ (બનારસ)-૨૩૩
મથુરા-૧૯૨, ૧૯૩
મરીડા ભાગોળ-૬૧, ૮૪, ૮૬, ૯૪, ૧૧૭
મલબાર-૨૨૩
મલાવ-૯
મારબાવડી પોલીસ ચોકી-૨૯૨
મીરાખેડી-૫૮
મુંબઈ-૬૭, ૧૭૨, ૨૮૫, ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૪૪૭, ૪૮૨
મોખડી ઘાટ-૪૪
**ય**મુના નદી-૧૯૨
યરવડા જેલ-૧૫૨
**રા**જકોટ-૨૮૯
રામ તલાવડી-૧૦૫
રાંદેર-૪૩૮
રુદ્રપ્રયાગ-૪૦૧
**વ**ડોદરા-૧૯, ૨૮, ૩૬, ૪૬, ૬૭, ૭૪,
વલસાડ-૧૦૮, ૧૦૯, ૧૮૮
વાગરા (તાલુકો)-૩૯
વાંદરા (મુંબઈ)-૧૭૨
વિદ્યાપીઠ-૮૬
વિરમગામ-૪૫૪
વીસાપુર-૧૯૮
વેડછી (તા. વાલોડ, જિ. સુરત)-૫૦૨
વૃંદાવન-૪૩૬
**શિ**રોહી-૨૩૯, ૩૯૪
શિરડી-૫૧૭
શેઢી નદી (દખ્ખણિયો ઓવારો)-૧૭૭
**સ**મોડા (જિ.મહેસાણા)-૫૦૨
સરખેજ-૧૭૪
સાકુરી-૯૩, ૯૪, ૯૫
સાબરમતી આશ્રમ-૧૩૨, ૨૫૮
સાબરમતી જેલ-૨૩૯
સાયલા-૫૦૦
સાવલી-૧
સાંઈખેડા-૬૯, ૭૦
સુરત-૪૧૩, ૪૫૮, ૫૦૫, ૫૦૭, ૫૦૮
સુરત આશ્રમ-૫૨૭
સૂપા ગુરુકૂળ-૧૮૨
સોજીત્રા-૨૧
સંતરામ મંદિર-૯૫
સ્વીઝર્લેન્ડ-૫૦૨
**હ**રદ્વાર-૪૦૨
हरिस्मृति-૫૨૮
હિંદુ યુનિવર્સિટી-૫૧૮, ૫૧૯
હિંદુ વિશ્વવિદ્યાલય-૨૬૯
હિંદુસ્તાન-૨૯૪, ૪૨૦
હિમાલય-૧૧૧, ૩૭૦, ૩૯૧, ૩૯૭, ૩૯૯, ૪૦૪, ૪૨૮, ૪૯૨
હૃષીકેશ-૩૭૦, ૪૦૨
ક્ષિપ્રાનદી-૮૩

હરિ:ૐ

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની ઘટનાઓ

**(૧૮૯૮ થી ૧૯૭૬)**

- ૧૮૯૮ - જન્મ તા.૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સં. ૧૯૫૪ સ્થળ : સાવલી (જિ. વડોદરા) નામ : ચૂનીલાલ, માતા : સૂરજબા, પિતા : આશારામ, અટક : ભગત, જ્ઞાતિ : ભાવસાર.
- ૧૯૦૩ - કાલોલમાં સ્થળાંતર અને ગરીબીનો આરંભ
- ૧૯૦૬ - મજૂરીનાં કામો
- ૧૯૧૫ - તોલાટ તરીકે નોકરી
- ૧૯૧૬ - પિતાને પોલીસનો માર-મોટા થવાનો સંકલ્પ
- ૧૯૧૯ - મૅટ્રિક પાસ
- ૧૯૧૯ અને ૧૯૨૦ - વડોદરા કૉલેજ
- ૧૯૨૦ - કૉલેજત્યાગ - ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ
- ૧૯૨૧ - ગુજરાત વિદ્યાપીઠ છોડી હરિજન સેવાનો આરંભ
- ૧૯૨૨ - નર્મદા નદીમાં પડતું મૂકવું - નવેમ્બર-ડિસેમ્બરમાં અમદાવાદમાં શ્રીબાળયોગીજીની પ્રથમ મુલાકાત
- ૧૯૨૩ - તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૨૩, વસંતપંચમી સં. ૧૯૭૯ હાજી મંજિલમાં દીક્ષા પ્રસંગ.
- ૧૯૨૪ - ડાકોરમાં મગરમચ્છનું દર્શન - હિમાલયની પ્રથમ યાત્રા
- ૧૯૨૬ - લગ્ન : સમાધિનો અનુભવ
- ૧૯૨૭ - ઉપાસનીબાબાનું આગમન અને સાકુરીનો અનુભવ
- ૧૯૨૮ - બોદાલમાં સર્પદંશ - છાણાંની ૬૩ ધૂણી પાસે ૨૧ દિવસની તપશ્ચર્યા - કુંભમેળામાં ગુરુમહારાજ પાસે - નર્મદા પરિક્રમા
- ૧૯૩૦ - મનની નીરવતા - જેલ નિવાસ (યરવડા)
- ૧૯૩૨ - જેલ નિવાસ (વીસાપુર)
- ૧૯૩૪ - મળ-મૂત્રના આહાર સાથે ૨૫ દિવસની સાધના -

હિમાલયની બીજી યાત્રા - સગુણનો સાક્ષાત્કાર

- ❦ ૧૯૩૮ - હિમાલયની ત્રીજી યાત્રા-કરાંચીમાં કાળી ચૌદશની રાત્રે સમુદ્રમાં શિલાપર ધ્યાન.-કરાંચીમાં ચાળીસ દિવસના રોજા-કરાંચીમાં સમુદ્રમાં ચાલ્યા જવાનો તથા નગ્ન થઈને ઘેર પહોંચવાનો હુકમ
- ❦ ૧૯૩૯ - નિર્ગુણનો સાક્ષાત્કાર (રામનવમી સં. ૧૯૯૫) (તા. ૨૯-૩-૧૯૩૯)
  - 'હું સર્વત્ર વિદ્યમાન છું.'
  - સાધના માટે વ્યક્તિગત માર્ગદર્શન
- ❦ ૧૯૪૧ - હરિજન આશ્રમમાં મીરાં કુટિરમાં મૌનએકાંતના પ્રયોગનો આરંભ.
- ❦ ૧૯૪૨ અને ૧૯૪૫ - હરિજન સેવક સંઘ માટે ફાળો ઉઘરાવવાના મુંબઈના અનુભવો
- ❦ ૧૯૪૭ - હરિઃૐ આશ્રમ સ્થાપવાનો વિચાર
- ❦ ૧૯૫૦ - હરિઃૐ આશ્રમ, કુંભકોણમ્ (દક્ષિણ ભારત)
- ❦ ૧૯૫૫ - હરિઃૐ આશ્રમ, નડિયાદ (જિ. ખેડા)
- ❦ ૧૯૫૬ - હરિઃૐ આશ્રમ, સુરત - સ્થાપના.
- ❦ ૧૯૫૯ - હરિઃૐ આશ્રમ, સુરત - આરંભ
- ❦ ૧૯૬૨ - હરિઃૐ આશ્રમ, નરોડા (અમદાવાદ)
- ❦ ૧૯૬૧ - સમાજોત્થાનની પ્રવૃત્તિ
  ઉત્સવ ઊજવવા માટેની સંમતિ.
- ❦ ૧૯૭૦ થી ૧૯૭૫ - શરીરમાં પીડાકારી વેદના સાથે સતત પ્રવાસ- વાર્તાલાપો અને સાધનાનો ઈતિહાસ, શાસ્ત્રો વગેરેનું લેખન-પ્રકાશન અને વિતરણ (આશરે ૩૬ પુસ્તકો)
- ❦ ૧૯૭૬ - દેહત્યાગનો સંકલ્પ તા. ૧૯-૭-૧૯૭૬. દેહત્યાગ માટે વિધિનો આરંભ તા. ૨૨-૭-૧૯૭૬
  દેહવિસર્જન તા. ૨૩-૭-૧૯૭૬.

॥ हरिःॐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુ:ખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુ:ખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિ:સ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ

રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | |
|---|---|
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

૩. શ્રીમોટા સાથે
હિમાલયયાત્રા ૧૯૯૪
૪. શ્રીમોટાની મહત્તા ૧૯૯૫
૫. મળાયું પણ ભળાયું નહિ ૧૯૯૫
૬. મળ્યા-ફળ્યાની કેડી ૨૦૦૧
૭. **મોટા** - મારી મા ૨૦૦૩

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૮. ચિદાકાશ | ૨૦૦૦ | ૧૨. શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૯. પ્રાર્થના પોથી | ૨૦૧૦ | ૧૩. બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૦. શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ | ૧૪. સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |
| ૧૧. શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ | | |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. | | | |
|---|---|---|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ | ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| २. | कैंसर का प्रतिकार | २००८ | ९. | विवाह हो मंगलम् | २०१२ |
| ३. | सुख का मार्ग | २००८ | १०. | बालकों के **मोटा** | २०१२ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ | ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| ५. | प्रसादी | २००९ | १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| ६. | नामस्मरण | २०१० | १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० | १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| | | | १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

### English books available at Hariom Ashram Surat.
### January - 2020

| No. | Book | F. E. | | | |
|---|---|---|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 | 14. | Against Cancer | 2008 |
| 2. | To The Mind | 1950 | 15. | Faith | 2010 |
| 3. | Life's Struggle | 1955 | 16. | Shri Sadguru | 2010 |
| 4. | The Fragrance Of A Saint | 1982 | 17. | Human To Divine | 2010 |
| 5. | Vision of Life - Eternal | 1990 | 18. | Prasadi | 2011 |
| 6. | Bhava | 1991 | 19. | Grace | 2012 |
| 7. | Nimitta | 2005 | 20. | I Bow At Thy Feet | 2013 |
| 8. | Self-Interest | 2005 | 21. | Attachment And Aversion | 2015 |
| 9. | Inquisitiveness | 2006 | 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |
| 10. | Shri Mota | 2007 | | | |
| 11. | Rites and Rituals | 2007 | | | |
| 12. | Naamsmaran | 2008 | | | |
| 13. | Mota for Children | 2008 | | | |

●

॥ હરિ:ૐ ॥

‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

— શ્રીમોટા

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ.૪૩૧

કિંમત : રૂ. ૧૦૦/-